1100037

गूजरात विद्यापीठ ग्रंथालय


ग्रंथनाम

अनुक्रमांक किंमत रु.

स्थानांक

दा. ता.

600274
600274
600274
STOCK - 2008



ગિજુભાઈ : જીવન અને કાર્ય

સંપાદકો

મનુભાઈ પંચોલી 'દર્શક'

રસેન્દ્ર પંડ્યા

તખ્તસિંહ પરમાર

શ્રી ગિજુભાઈ બધેકા જન્મશતાબ્દી ઉજવણી સમિતિ

ગાંધીનગર

Gijubhai : Jiwan Ane Karya
a collection of essays
Ed. by Shri Manubhai Pancholi, Takhtasinh Parmar, Rasendra Pandya, in November, 1986

પ્રથમ આવૃત્તિ, નવેમ્બર ૧૯૮૬
પ્રત : ૧૦૦૦

મૂલ્ય : ૩. ૫૫/-

૨૨૩૫૭૯૬૦૨૧૦૨
૬૦૦૨૮ 03

મુદ્રક :
રાકેશ કે. દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી,
મિરઝાપુર રોડ
અમદાવાદ ૩૮૦૦૦૧
ફોન : ૨૦૫૭૮

પ્રકાશક :
ડૉ. હસુ યાજ્ઞિક
સભ્યસચિવ
શ્રી ગિજુભાઈ બધેકા જન્મશતાબ્દી ઉજવણી સમિતિ
ગુજરાત સાહિત્ય અકાદમી
દફ્તર ભંડાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે
સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭

આમુખ

સમગ્ર ગુજરાતમાં તા. ૧૫–૧૧–'૮૪ થી તા. ૧૪–૧૧–'૮૬ના બે વર્ષ ગુજરાતના બાલસાહિત્યના બ્રહ્મા શ્રી ગિજુભાઈ બધેકાના જન્મશતાબ્દી વર્ષ તરીકે ઉજવવામાં આવ્યાં. રાજ્ય સરકારે પણ ગિજુભાઈ બધેકાની જન્મશતાબ્દીની ઉજવણી કરવા માટે સમિતિની રચના કરી. ગુજરાતના ઉત્તમ શિક્ષણશાસ્ત્રીઓ અને સાહિત્યકારોની સહાયથી આ સમિતિએ ગિજુભાઈનાં નામ અને કામ અમર બને, તેમણે પ્રબોધેલી શિક્ષણની ચેતાવના આપણા વર્તમાન અને ભવિષ્ય માટે માર્ગદર્શક બને, તેવી કાર્યપ્રવૃત્તિ કરી. ગુજરાતી ભાષામાં કવિતા અને અન્ય સ્વરૂપના પ્રદાન માટે સાહિત્યકારના નામ સાથે સંકળાયેલાં અન્ય સુવર્ણચન્દ્રકો છે. પરંતુ બાળકો માટે સાહિત્યની સેવા કરતા સાહિત્યકારો માટે કોઈ ચન્દ્રક ન હતો. અથી ગિજુભાઈની બાલસાહિત્ય સર્જન–સંપાદનની પ્રવૃત્તિ અને તેમનાં નામને ચિરસ્થાયી કરવા માટે સમિતિએ બાલસાહિત્ય માટે સ્વ. શ્રી ગિજુભાઈ બધેકા સુવર્ણચન્દ્રક શરૂ કર્યો અને તેમનાં જીવનકાર્યને તથા સાહિત્યને પ્રકાશિત કરવાનું પણ બીજું ચિરમૂલ્યનું પગલું ઉઠાવી ગિજુભાઈના અને ગિજુભાઈ વિશેનાં પુસ્તકોનાં પ્રકાશનનું પણ વિચાર્યું. તેનું પરિણામ આ "ગિજુભાઈ : જીવન અને કાર્ય" છે. પ્રાથમિક શિક્ષણ વિશેના ગિજુભાઈનાં લખાણોનું એક પુસ્તક આ રીતે હિંદી ભાષામાં પ્રગટ કરવાનું છે. આ કાર્યમાં સહકાર આપનાર સહુ સમિતિ સદસ્યો અને આ ગ્રન્થના લેખકો અને સંપાદકોનો આભાર માનું છું.

હસમુખ પટેલ
પ્રમુખ
શ્રી ગિજુભાઈ બધેકા જન્મશતાબ્દી ઉજવણી સમિતિ
ગાંધીનગર.

પ્રસ્તાવના

માત્ર ગુજરાતમાં નહિ, પણ સંભવતઃ સમગ્ર ભારતમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે નૂતન પ્રસ્થાન કરી, 'બાળકોને બીવરાવશો નહિ', 'બાળકોને મારશો નહિ', 'બાલ દેવો ભવ' એવાં મંત્ર જેવાં સૂત્રો આપી બાળકો પ્રત્યે જોવાની નવી દૃષ્ટિ સંપડાવનાર, બાળક, કિશોરો, પ્રૌઢો તેમ બાળકોના વાલીઓ માટે આજ સુધી જોટો જડે નહિ તેવું સાહિત્ય સર્જી જિંદગીનાં છેલ્લાં ૨૩ વર્ષો પાસેથી સેકંડે સેકંડનો હિસાબ લેનાર, બાલમંદિર, અધ્યાપન-મંદિર, બાળક્રીડાંગણ, બાલ-મેળા, બાલ-સંમેલન, તેમ પ્રૌઢશિક્ષણનું આયોજન કરનાર સ્વાતંત્ર્યસંગ્રામનાં વર્ષોમાં વાનરસેના ખડી કરી, બાળજીવનને વળી એક નવું પરિમાણ બક્ષનાર, આ બધી પ્રવૃત્તિ કરતાં કરતાં માનવ અને પ્રકૃતિના પ્રત્યેક રંગને પૂજી ઈશ્વરનું સતત સ્મરણ કરનાર, માનવ તેમ પ્રકૃતિમાં એની-ઝાંખી કરનાર, બાળ સાહિત્યના બ્રહ્મા', 'બાલ શિક્ષણના આદ્ય દ્રષ્ટા', 'બાળકોના ગાંધી', 'મૂછાળીમા' 'બાળકોના તારણહાર'-આ ગ્રંથમાં 'સ્નેહરશ્મિ'ના લેખનું શીર્ષક-જેવા આદર-સૂચક, અહોભાવ વ્યક્ત કરનાર તેમ લાડભર્યું બિરુદ પ્રાપ્ત કરનાર ગિજુભાઈ-ગિરજાશંકર ભગવાનજી બધેકા (૧૫ નવેમ્બર ૧૮૮૫-૨૩ જૂન ૧૯૩૯) ગુજરાતની એક વિરલ વિભૂતિ હતા. તેમના જીવનકાળ દરમિયાન લોકપ્રિયતામાં મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ પછીનું સ્થાન ધરાવતા હતા તેમ 'ગિજુભાઈની મૌલિકતા' નામે લેખમાં શ્રી મનુભાઈ પંચોલી અને અન્યત્ર તેમના શિક્ષણ-સાહિત્ય કાર્યના સાથીદાર તારાબહેન મોડકે યથાર્થ જ કહ્યું છે.

જીવનના આરંભના વર્ષોમાં શિક્ષક તરીકે, થોડો સમય મુંબઈમાં કામ કર્યું હોવા છતાં, શિક્ષક થવાનું સ્વપ્ન ન સેવનાર, વકીલાત દ્વારા સમૃદ્ધ થયાની ઇચ્છા રાખનાર ગિજુભાઈ કોઈને પણ ધર્મ્યા પ્રેરે તેવા અદ્ભુત શિક્ષક થયા પણ વકીલાત ન છોડી. વકીલાત કરી તેમણે [illegible] કોની, સ્વતંત્ર વિચારસરણીની, માનવ-મૂલ્યોની.

ગિજુભાઈ ભારે ભાગ્યશાળી. પોતાના જીવન-કાર્યની જોને ઝાંખી થાય, એ કાર્ય લોક ચાહના પ્રાપ્ત કરે, આપ્ત કામ હોવાનો સંતોષ

ય એ ભાગ્યશાળી જ કહેવાય ને ! મહદનીશ ગૃહપતિ, વિનયમંદિરના આચાર્ય, બાલમંદિરના સ્થાપક ગિજુભાઈએ જે જે સ્વપ્નાં સેવ્યાં, તે બધાં ફળ્યાં, સિદ્ધ થયાં. એમના જેવો શિષ્ય-પૂજ્ય-ભાવ, સ્નેહ બહુ ઓછા શિક્ષકોને પ્રાપ્ત થયો હશે. ૧૯૭૦માં કાકાસાહેબ કાલેલકરના અધ્યક્ષપદે બાલમંદિરની સુવર્ણજયંતી ઊજવાતી હતી ત્યારે ઉમાશંકર-ભાઈ તેમ જ અન્ય સાહિત્યકારોની ઉપસ્થિતિ સાથે તેમના અનેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત હતાં. તેમના ઉદ્‌ગારોમાં ભારોભાર પ્રેમ અને અહોભાવ જોવા મળતા હતા. ગિજુભાઈને નજર સમક્ષ જોતાં હોય, ભાવવિભોરને ભાવવિહ્વળ થતાં દેખાતા હતાં. ૧૯૮૪ના જુલાઈમાં વડોદરામાં ૧૬ ઑક્ટોબર ૧૯૮૬માં ભાવનગરમાં તેમના સ્વર્ગવાસ પછી ૪૭ વર્ષે તેમના જે વિદ્યાર્થીઓ મળ્યા, તે બધાં ભાઈબહેનો ગિજુભાઈનાં સ્મરણો કહેતાં કહેતાં ભીનાં થઈ જતાં હતાં. ગિજુભાઈ સૌથી વિશેષ પોતાને જ ચાહતા હતા તેવો ભાવ વ્યક્ત કરતાં હતાં. આ ગ્રંથનાં સંપાદનકાર્ય માટે જે જે મુરબ્બીઓને, સમવયસ્કોને મળવાનું બન્યું તે બધાનો આજ ભાવ પત્રોમાં પણ આ જ વાત ! કેવી રીતે ગિજુભાઈએ પોતાનું કાર્ય કર્યું હશે, કેવું ચાહ્યું હશે પોતાનાં કાર્યને, કેવું સ્નેહપૂર્ણ, વાત્સલ્ય સભર વર્તન કર્યું હશે પોતાના વિદ્યાર્થીઓ પ્રત્યે !

થોડા આકરા, અને આકળા પણ હતા. વિદ્યાર્થીની બરાબર કસોટી કરતા, તેને બરાબર જાણતા, અને જાણ્યા પછી સ્વીકારતા. આ સ્વીકારને પરિણામે જે તે ભાઈબહેન જીવન માણતાં થઈ જતાં. આ ગ્રંથના ખંડ ૨ માં તેની ઝાંખી થશે.

આનું રહસ્ય છે ગિજુભાઈની નિષ્ઠા, જીવનકાર્ય સિદ્ધ કરવાની, તેના આરંભથી જ પૂરેપૂરી સૂઝ, તે માટે આવશ્યક કલ્પનાશક્તિ અને ઉપર દર્શાવ્યું તેમ અનર્ગળ સ્નેહ.

૧લી ઑગસ્ટ ૧૯૨૦ના દિવસે, બાલમંદિરના પ્રથમ દિવસે, બાળકોનાં અવ્યવસ્થિત વર્તનથી, કોલાહલથી મૂંઝાઈ ગયેલા ગિજુભાઈ આફ્રિકામાં 'લેજુ વાપર'નો જે બોધપાઠ મળ્યો હતો તેનો ઉપયોગ કરી, માર્ગ શોધી કાઢે છે. તે માર્ગ છે વાર્તા કહેવાનો. એ કામિયાબ માર્ગને તે જિંદગીભર વળગી રહ્યા, લોકસાહિત્યનો, લોકવાર્તાઓ, લોકગીતો, જોડકણાં, વરતો, કહેવત, કથાનકોનો, દેશ-પરદેશનાં સાહિત્યનો પૂરેપૂરો ઉપયોગ કર્યો. મેઘાણીભાઈનું લોકસાહિત્ય સંપાદન કાર્ય અને ગિજુભાઈનું

બાલવાર્તાઓનું સંપાદન સમાંતરે શરૂ થયું. ગિજુભાઈએ સાહિત્યને શિક્ષણનો હેતુ સિદ્ધ કરવા યોજ્યું. ભેજું વાપરીને વાર્તા કર્યાં કર્યાંથી પ્રાપ્ત થાય, કથિતવ્યને વાર્તારૂપ આપવાથી ધાર્યું પરિણામ કઈ રીતે આવે તેનો નકશો છેક ૧૯૨૩માં 'વાર્તાનું શાસ્ત્ર' લખતાં લખતાં તેમણે આંકી લીધો હતો, સંભાવનાઓ તપાસી હતી. એ સંભાવનાઓ શેખચલ્લીનું સ્વપ્ન ન રહે પણ મૂર્તરૂપ ધારણ કરે તેવું ગિજુભાઈ સાધી શક્યા. વિગતો વિસ્તાર ભયે જતી કરવી પડે.[૧]

કેટલું બધું લખ્યું ગિજુભાઈએ! ૧૪૦ જેટલાં બાળ સાહિત્યના-કિશોર સાહિત્યનાં પુસ્તકો, શિક્ષણ વિષયક પુસ્તકો ઉપ જેટલાં, ચિંતન-પરાયણ, જિજ્ઞાનનું કે કવિવર રવીન્દ્રનાથનું સ્મરણ કરાવે તેવા પ્રાસંગિક મનને અને 'શાંત પળોમાં' જેને પોતે સર્જનાત્મક પ્રકારનું લેખન ગણે છે, બાકીનું બધું હેતુ પરાયણ-જેમાં કેટલેક અંશે સ્વૈરવિહાર થયો છે, તે 'હરતાં ફરતાં' અને અનેક પત્રો. તે બધું વાંચવું ગમે એવું. 'ગિજુભાઈ મારા પ્રિય લેખક' એવું લખવા ઉમાશંકરભાઈને પ્રેરે તેવું! સનાતન જીવન પ્રણાલિમાં ઉછેરનાર સવારે કરદર્શનનો મંત્ર બોલે છે તેમાં કરાગ્રે લક્ષ્મી, કરમૂલે સરસ્વતી ને કરમધ્યે ગોવિંદ હોવાનું કહેવાય છે. પણ ગિજુભાઈને ટેરવે સરસ્વતી, કરમૂળમાં પણ સરસ્વતી અને કરમધ્યે પણ જાણે સરસ્વતીનો વાસ ન હોય!

ગમે તેવો સામાન્ય વિષય તેમની કલ્પનાના સ્પર્શે અસામાન્ય રૂપ ધારણ કરે છે. તે અનુકૂળ લાગે ત્યાં પોતાની વાત કરે, પક્ષી વિશે, પશુ વિશે, જંતુ વિશે, વનસ્પતિ વિશે, વાહનો વિશે, માહિતી આપતાં, આસપાસનાં જગતનો પરિચય કરાવતાં ને રાષ્ટ્ર-ભક્તિ પ્રેરે છે.[૨] લેખનને આત્મીય સ્પર્શ આપવા, તેને જીવંત બનાવવા, બાળમંદિરનાં બાળકોના નામનો નિર્દેશ બાળસાહિત્યમાં કે અન્ય સાહિત્યમાં પણ કરે છે. વિનોદનાં છાંટણાં વાચકના હોઠ મટકાવવામાં સફળ થાય છે.

તેના કારણે જ 'ગિજુભાઈની વાર્તાઓ' અને બાળ સાહિત્યબાળાન

---

૧. 'વાર્તાનું શાસ્ત્ર' લેખમાં થોડી વિગતો આપી છે.

૨. સંપાદકોનું કથનઃ કથાનાટ્ય ગ્રંથમાળા પૃ. ૧૬૬-૧૬૭.

(૫) 'પ્રાથમિક શાળામાં શિક્ષક' અને

(૬) 'પ્રાથમિક શાળામાં કલાકારીગરીનું', 'શિક્ષણ વગેરેનો

સમાવેશ થાય–એ બે ગ્રંથો શ્રીકાશિનાથ ત્રિવેદી પાસે હિંદીમાં ભાષાંતર કરાવી, અન્ય રાજ્યોની શિક્ષણ સંસ્થાઓને આ ગ્રંથો ભેટ મોકલવા.'

૧. આ કાર્યક્રમો પૈકી સુવર્ણચંદ્રક પ્રદાનનો કાર્યક્રમ ૧૧ જાન્યુ. ૧૯૮૬ના રોજ સંપન્ન થયો. મા. હસમુખભાઈ પટેલે તે દિવસે વડોદરામાં પ્રથમ 'ગિજુભાઈ સુવર્ણચંદ્રક' શ્રી રમણલાલ સોનીને અર્પણ કર્યો. હવે પછી દર બે વર્ષે આ ચંદ્રક ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અર્પણ થશે.

૨. નીચેના વિષયો પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી.

(૧) શ્રી ગિજુભાઈ બધેકાનું કેળવણીમાં પ્રદાન

(૨) શ્રી ગિજુભાઈ બધેકાનું સાહિત્ય

(૩) શું તરંગ સૃષ્ટિની પરીકથાઓ બાળવાર્તા તરીકે શિક્ષણની દૃષ્ટિએ અનુચિત છે ?

(૪) શાળામાં પ્રવેશ પૂર્વે બાળઘડતરમાં માતાપિતાનો ફાળો

(૫) બાળશિક્ષણમાં વાર્તા–ગીત–ચિત્રસંગીત અને સર્જનાત્મક પ્રવૃત્તિનું મહત્ત્વ.

આ વિષય પર અનુક્રમે ૧૨, ૨, ૪, ૧૪ અને નવ નિબંધો આવ્યા. બીજા નિબંધમાં એક પણ નિબંધ પારિતોષિક પાત્ર ગણવામાં આવ્યો નથી.

(૧) માં ડો. શાસ્ત્રી જયેન્દ્ર દવે–પ્રથમ (એકંદરે પ્રથમ) (૩) માં મહેન્દ્ર ન. પંડ્યા (એકંદરે દ્વિતીય) (૪) માં ડો. હર્ષિદાબેન પંડિત (એકંદરે તૃતીય), અને તુલસીભાઈ પટેલ (એકંદરે ચતુર્થ) અને (૫)માં મનોરમાબહેન ઝાઈન (એકંદરે પાંચમા)ના નિબંધો પારિતોષિક પાત્ર ગણાયા છે. પૂર્ણાહુતિ સમારંભમાં તેમને પારિતોષિક પ્રદાન થશે.

૩. 'ગિજુભાઈ : જીવન અને કાર્ય' : —આ ગ્રંથનું વિમોચન પૂર્ણાહુતિ પ્રસંગે થશે.

૪. પૂર્વ–પ્રાથમિક ક્ષેત્રે ઉત્તમ કાર્ય બજાવવા માટે (૧) શ્રી વિમુબહેન બધેકા (૨) શ્રી અનુતાઈ વાઘ (૩) શ્રી અન્નપૂર્ણાબહેન મહેતા

---

૭. શ્રી કાશિનાથજીએ 'દિવાસ્વપ્ન,, 'પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષણ' 'ગિજુભાઇની બાળવાર્તાઓ' અને 'ગાય'નું ભાષાતર કર્યું છે. શતાબ્દી નિમિત્તે બીજા' ભાષાંતરો હાથ પર લીધાં છે.

ગિજુભાઈની ૧૦૦ મી જન્મતિથિ પહેલાં તેમના શિષ્યોએ પ્રવૃત્તિ આરંભી. વડોદરા, ભાવનગરમાં બેઠકો થઈ. ગુજરાત વ્યાપી સંસ્મૃતિ-નીસવામાં આવી, ૧૫ મી નવેમ્બર ૧૯૮૫ના રોજ શ્રી મનુભાઈ પંચોળી-દર્શકનાં અધ્યક્ષસ્થાને ગિજુભાઈ જન્મ શતાબ્દી મહોત્સવની પ્રવૃત્તિનો પ્રારંભ થયો. વડોદરા, અમદાવાદ, ભરૂચ, રાજકોટ, વિસનગર, ભાવ-નગરમાં કાર્યક્રમો યોજાયા. છબી પ્રદર્શનો, પુસ્તક પ્રદર્શનો, વાર્તા-કથન-કાર્યક્રમો; ગીત-વાર્તા કથન સ્પર્ધાઓ યોજાઈ. 'દિવાસ્વપ્ન' ભજવાયું. ગુજરાતી સાહિત્ય પરિષદે 'પરબ'નો ખાસ અંક કાઢ્યો. 'ગ્રંથ'નો વિશેષાંક બહાર પડ્યો. અન્ય સામયિકોએ લેખો છાપ્યા. મધ્ય-પ્રદેશ, રાજસ્થાનમાં પણ શતાબ્દીની ઊજવણી થઈ.[૬] દિલ્હી, રાજકોટ, અમદાવાદ-વડોદરા, ભૂજ, મુંબઈ આકાશવાણી પરથી વાર્તાલાપો પ્રસા-રિત થયા. દૂરદર્શને પણ પ્રસંગનું ગૌરવ સાચવ્યું. તેમનાં ઘણાં પુસ્તકોની શતાબ્દી આવૃત્તિ પ્રકાશિત થઈ. નવી પેઢીને ગિજુભાઈની ઝાંખી થઈ.

રાજ્ય સરકારે મા. રાજ્ય શિક્ષણમંત્રીશ્રી હસમુખભાઈ પટેલના અધ્યક્ષત્વ નીચે એક સમિતિ નીમી, ગુજરાત સાહિત્ય અકાદમીને રૂપિયા એક લાખ સુપ્રત કર્યા. ગિજુભાઈની વાર્તાઓનું કથન, બાળગીતોની કેસેટ, 'ગિજુભાઈ-સમગ્ર' ગિજુભાઈના સમગ્ર સર્જનનું પ્રકાશન, ગિજુ-ભાઈના જીવન પરની ફિલ્મ ઉતારવા અંગેની પ્રવૃત્તિ; ગિજુભાઈની ટિકિટ બહાર પડાવવાના પ્રયત્ન, બાળસાહિત્ય – બાળમનોવિજ્ઞાન — ગિજુભાઈનું તેમાં પ્રદાન વગેરેનો રાષ્ટ્ર-કક્ષાનો પરિસંવાદ, બાળસાહિત્યનું ઉત્તમ સર્જન માટે પ્રત્યેક બે વર્ષે અર્પણ થાય તેવા 'ગિજુભાઈ = સુવર્ણચંદ્રક'ની સ્થાપના; ગિજુભાઈનાં અધૂરાં સ્વપ્ન–'બાલ જ્ઞાન કોશ' અને 'children's university' – મૂર્તિમંત થાય તેવા પ્રયત્નો, 'ગિજુભાઈ-જીવન અને કાર્ય'નું પ્રકાશન, બાલ-શિક્ષણક્ષેત્રે વિશિષ્ટ કાર્ય કરનાર વ્યક્તિઓનું સન્માન, 'વાર્તાનું શાસ્ત્ર' અને 'ગિજુભાઈની દૃષ્ટિએ પ્રાથમિક શિક્ષણ'–જેમાં ગિજુભાઈનાં પ્રાથમિક શિક્ષણ વિશેનાં

(૧) 'બાલ શિક્ષણ મને સમજાયું તેમ'
(૨) 'પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષણ',
(૩) 'પ્રાથમિક શાળામાં શિક્ષણ પદ્ધતિઓ'
(૪) 'પ્રાથમિક શાળામાં ચિઠ્ઠીવાચન'

---

૬. 'સંદર્ભ-સૂચિ'માં ખાસ અંકોની યાદી જોઇ શકશે.

'સાગર' જેવા વાર્ષિકનાં આયોજન દ્વારા બાળકોની સર્જનશક્તિ,-કાવ્ય, વાર્તા, નાટક, ચિત્ર–સંકોરી, 'બાલ સાહિત્ય માળ'ની એક પુસ્તિકામાં 'બાળકોના લેખો' [પૃ. ૭૬] છાપ્યા. જે બાળકોના લેખો છપાયા હશે તેમને કેટલો આનંદ થયો હશે, પોતાની શક્તિમાં કેટલો વિશ્વાસ પેદા થયો હશે ? તેમ અધ્યાપન મંદિરના અનેક સાથીઓ અને વિદ્યાર્થીઓ – તારાબહેન મોડક, નર્મદાબહેન રાવળ, રામનારાયણ નાગરદાસ પાઠક, મોંઘીબહેન બધેકા, શંકર શાહ, વિષ્ણુભાઈ ભટ્ટ, સોમાલાલ ભાવસાર, સોમાલાલ પટેલ, ચંદ્રશંકર ભટ્ટ, કમળા બહેન, ચંદુલાલ ભટ્ટ; નરેન્દ્ર બધેકા અને અન્યને લખવા પ્રેરી તેમનાં પુસ્તકોને પોતાની સંપાદિત સાહિત્યમાળામાં પ્રકાશિત કર્યા.

તેમ ગિજુભાઈના સાહિત્યથી ગુજરાતી સાહિત્યમાં જે અભૂતપૂર્વ ભરતી આવી, બાલ સાહિત્યનાં સર્જન, વાંચન, વિક્રમ માટે અનુકૂળ વાતાવરણનું નિર્માણ થયું તેથી પ્રેરાઈ અનેક લેખકો–પ્રકાશકોને પ્રેરણા મળી, અલબત્ત, ગિજુભાએ સિદ્ધ કરેલી કક્ષાની ઝાંખી કયાંય થતી નથી. વાર્તામાં ચિત્રો નહિ જોઈએ, શબ્દશક્તિમાં દૃશ્ય શક્તિએ અવરોધરૂપ નહિ થવું જોઈએ તે ગિજુભાઈનો સિદ્ધાંત[૫] વિસરી જવાયો છે. તેમની વાર્તાઓમાં પણ ચિત્રો સાથે પ્રસિદ્ધ થાય છે.

*

શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે આવું ક્રાંતિકારી પ્રદાન કરનાર ગિજુભાઈનું સ્મરણ તેમના સાથીઓ અને વિદ્યાર્થીઓના ચિત્તમાં સતત રહે જ. ટેકરીવાળું બાલમંદિર એમનું સ્મરણ સતત કરાવ્યા કરે છે. તો સાથી–વિદ્યાર્થીઓએ ગિજુભાઈને સતત સંભાર્યા કર્યા છે. 'શિક્ષણ–પત્રિકા'ના ગિજુભાઈના સ્વર્ગવાસ પછીના અંકોમાં નૂતન બાલ શિક્ષણ સંઘના અધિવેશનોમાં ગિજુભાઈને અંજલિ અપાતી રહી. હા, છેલ્લા પચ્ચીસેક વર્ષોથી ૧૯૭૦ના બાલમંદિરના સુવર્ણ મહોત્સવને બાદ કરતાં આ વૃત્તિ થોડી મંદ થઈ હતી. બાળવાર્તાઓ અને બાલ સાહિત્યમાળાની પુસ્તિકાઓ વંચાતી રહી, પુનઃપ્રકાશિત થતી રહી. બાકીનાં જીવનઘડનાર, પ્રેરનાર, શિક્ષક અને વાલીઓની સાચી દિશા સુઝાડનાર સાહિત્યથી ગુજરાતી વાચક–શિક્ષક, અધ્યાપક, વાલી–પ્રમાણમાં વિમુખ રહ્યો. ગિજુભાઈ જન્મ શતાબ્દી પ્રસંગે એ મંદતા વિમુખતા દૂર કરવામાં ઠીક ઠીક સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

---

૫. વાર્તાનું શાસ્ત્ર. ત્રીજી આવૃત્તિ પૃ. ૧૬૭

પુસ્તકો આજ સુધીમાં લાખો વાચકો પાસે પહોંચ્યાં છે.[૩] ને પહોંચતા રહેશે.

આ બાલસાહિત્યમાળા, બાલસાહિત્ય ગુચ્છ કે બાલસાહિત્યવાટિકામાં માત્ર વાર્તાઓ નથી. જીવનને ઘડવામાં ઉપયોગી, બધા વિષયનાં પુસ્તકો છે. આજે પાઠયપોથી ગ્રંથમાળામાં સંકલિત 'શબ્દપોથી', વાકયપોથી', 'ચિઠ્ઠીપોથી' કે 'વ્યાકરણપોથી' વાંચતા, જન્મજાત શિક્ષક ગિજુભાઈની દૂરદષ્ટિનો, હસ્તકળાકાર બનાવવાની તેમની શક્તિનો પરિચય કરાવે છે. ભાષાશિક્ષણમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના હાથમાં આ પુસ્તિકાઓ મૂકવાનું, ખાસ કરીને શિક્ષકોને તેમને અનુસરવાનું સૂચન કરવાનું મન થાય. તેમ 'ચાલો વાંચીએ', 'આગળ વાંચો'ની પહેલી, બીજી, ને 'ત્રીજી ચોપડી' પ્રૌઢ શિક્ષણ માટે ઉપયોગ થાય. ગિજુભાઈએ 'કેમ શીખવવું'માં આપેલું માર્ગદર્શન આજે પણ પ્રસ્તુત છે.

બાલ સાહિત્ય સર્જાતું ગયું તેમ 'દક્ષિણામૂર્તિ' ત્રૈમાસિક અને 'શિક્ષણ પત્રિકા' માસિકમાં સતત લખ્યા કર્યું. બન્નેમાં અનુક્રમે ગિજુભાઈના ૧૨૫ અને ૮૨૦ જેટલા લેખો છપાયા છે. તેમનાં પુસ્તકોની યાદી જોતાં પ્રત્યેક વર્ષે તેમનાં કેટલાં પુસ્તકો છપાતાં તેનો ખ્યાલ મળી રહેશે. ને હજી દસેક પુસ્તકો થાય, પત્રોનાં બે ત્રણ પુસ્તકો થાય એટલી સામગ્રી અગ્રંથસ્થ પડી છે. 'ગિજુભાઈ સમગ્ર' યોજના જલદી અમલમાં આવે ને તેનું પ્રકાશન થાય તેમ ઇચ્છીએ.

ગિજુભાઈમાં પ્રેરક શક્તિ અસાધારણ હતી. તે દૃષ્ટિએ પણ ગાંધીજીનું સ્મરણ થાય.[૪] બાળ અધ્યાપનમંદિરના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ગુજરાતમાં જ સ્થળે સ્થળે નહિ, મુંબઈ-મહારાષ્ટ્રમાં જ નહિ પણ મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં બાલમંદિર પ્રવૃત્તિ અભૂતપૂર્વ ગતિથી વિકસી, બાલસંમેલનો યોજાયાં, ઉત્તરપ્રદેશમાં પણ તે પ્રવૃત્તિ પ્રસરી.

તે જ રીતે બાળકો અને અધ્યાપન મંદિરનાં યુવક યુવતીઓમાં પણ લેખનવૃત્તિ તેમણે પ્રેરી. વિદ્યાર્થીઓની શક્તિ વિકસાવવા હસ્તલિખિત સામયિકો—'બાલમંદિર' દૈનિક, 'બુધવારિયું' સાપ્તાહિક અને

---

૩. બાલ સાહિત્યમાળાનું ૮૦મું પુસ્તક 'સંપાદકોનું કથન'માં (પ્રથમ આવૃત્તિ) દોઢ લાખ નકલોનો નિર્દેશ છે.

૪. માટે જ શ્રી સ્નેહરશ્મિએ 'બાળકોના તારણહાર'માં બાળમંદિરના આરંભને અસહકારના આરંભ સાથે ૧લી ઓગષ્ટ ૧૯૨૦, મૂકી આપી.

અને (૪) શ્રી અનુબહેન ઠક્કરને પૂર્ણાહુતિ સમારંભમાં સન્માનવામાં આવશે.

૫. Children's University'ના ગિજુભાઈના સ્વપ્નને સાકાર કરવાના અંશરૂપ 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાઇલ્ડ એડ્યુકેશન' સ્થાપવાની દરખાસ્ત ભાવનગર યુનિવર્સિટીએ રજૂ કરી છે.[૮]

૬. 'બાલ જ્ઞાનકોશ' અંગેનું કાર્ય ગતિમાં છે.

૭. 'ગિજુભાઈ : સમગ્ર'ના પ્રકાશનનું કાર્ય 'ગુજરાત સાહિત્ય અકાદમી' હાથ પર લે તેવો અનુરોધ સમિતિએ કર્યો છે.

૮. ગિજુભાઈની સ્મૃતિ ગુજરાતની પ્રજાને રહે, ગિજુભાઈને પ્રિય પ્રવૃત્તિઓ ચાલ્યા કરે તે માટે 'ગિજુભાઈ ચિલ્ડ્રન એડ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ' સ્થાપવાની પ્રવૃત્તિ ગતિમાં છે.

૯. કોઈ અનુકૂળ તારીખે 'ન્યૂ પરસ્પેક્ટિવઝ ઇન ચાઈલ્ડ એડ્યુકેશન', 'ચાઈલ્ડ ડેવલપમેન્ટ ઇન લાસ્ટ થ્રી ડિકેઈડસઝ' અને ગિજુભાઈનું 'બાલશિક્ષણમાં પ્રદાન'એ વિશે પરિસંવાદ યોજાશે. અંગ્રેજી પરિસંવાદમાં ભારતના જાણીતા શિક્ષણકારો ભાગ લેશે.

*

થોડું આ ગ્રંથ વિશે. ગ્રંથના ચાર ખંડ છે. પ્રથમ ખંડમાં જીવન-રેખા, બીજામાં સંસ્મરણો, ત્રીજામાં શિક્ષણ-સાહિત્યનું મૂલ્યાંકન [દૃષ્ટિપાત] અને ચોથામાં ગિજુભાઈના અનેક પત્રોમાંથી થોડા પત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સપ્ટેમ્બરના અંતમા સંપાદન-સમિતિ નક્કી કરવામાં આવી. ૧૫મી સપ્ટેમ્બરે લેખકોને વિનંતીપત્રો લખવામાં આવ્યા સમય ઓછો હતો. ઘણા મિત્રોએ લેખો મોકલ્યા. તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

ગિજુભાઈના સ્વર્ગવાસ પછી બે વર્ષે શ્રી નાનાભાઈ ભટ્ટ અને તારાબહેન મોડકનું સંપાદન 'સ્મરણાંજલિ,' પ્રકટ થયું હતું. હવે તે પુસ્તક અપ્રાપ્ય છે. ગિજુભાઈના વ્યક્તિત્વને ઉપસાવતા અનેક લેખો તેમાં છે; તે આમાં લીધા છે. આ લેખકો પૈકી ઘણા આજે હયાત નથી તેમનું પવિત્ર સ્મરણ કરીએ.

કેટલાક મિત્રોએ પોતાના છપાયેલા લેખો મોકલ્યા છે; થોડા લેખો 'શિક્ષણ-પત્રિકા'માંથી લીધા છે.

---

૮. શ્રી શાંતિલાલ શાહે શ્રી દ. મૂ. વિદ્યાર્થીભવનને બે લાખનું દાન 'Gijubhai Community Science Centre' સ્થાપવા માટે આપ્યું છે.

આ ગ્રંથમાં ગિજુભાઈનાં શિક્ષણ-પ્રદાનને સારો એવો ન્યાય મળ્યો છે. સાહિત્ય વિશે જે લેખો પ્રાપ્ત થયા તે મૂલ્યવાન છે. પણ 'ગિજુભાઈની બાલ વાર્તાઓ' અને બાલ સાહિત્યમાળા' સિવાયના બાલ-સાહિત્યનો, 'કળા કારીગરીનું શિક્ષણ' 'માબાપ થવું આકરું છે.' 'આ તે શી માથાફોડ' 'વાર્તાનું શાસ્ત્ર" સિવાયનાં પુસ્તકોનો અભ્યાસ પ્રાપ્ત થતો નથી. એ અભ્યાસ ઉપલબ્ધ થાય તેવું ઇચ્છીએ.

ગુજરાત બહાર ગિજુભાઈ વિશે શી છાપ છે તેનો ખ્યાલ શ્રી બલવાણી, શ્રી રામનરેશ સોની અને વિશેષતઃ શ્રી કાશિનાથજી ત્રિવેદીના લેખો દ્વારા મળશે. શ્રી કાશીનાથજીએ આ ગ્રંથ માટે જ 'હિંદીભારત કે ગિજુભાઈ કી પ્રેરણા' જેવા સાહિતીપ્રદ લેખ પ્રેમપૂર્વક લખી આપ્યો, સમયસર લખી આપ્યો તે માટે આભારી છું.

પોતાની પાસે હતું તે ગિજુભાઈ સાહિત્ય-પુસ્તકો, પત્રો, છબીઓ ઉમંગપૂર્વક આપવા માટે શ્રી વિમુબહેન બધેકાનો, પોતાની પ્રસ્તાવના પત્રો આપવા માટે સર્વ શ્રી રામનારાયણભાઈ ના. પાઠક, શ્રી હેમુભાઈ રાજ્યગોર, શ્રી લાલચંદભાઈ વોરાનો; દક્ષિણામૂર્તિ ત્રૈમાસિકની બે અને શિક્ષણપત્રિકા'ની પાંચ ફાઈલો આપવા માટે શ્રી વિષ્ણુભાઈ ભટ્ટનો; ગિજુભાઈની છબીઓ જલદી કરી આપવા માટે ભરતભાઈ મારળનો આભાર માનું છું.

આ ગ્રંથનો સંપાદિન. સમિતિના સભ્યો સર્વ શ્રી મનુભાઈ પંચોલી અને ભાવનગર યુનિવર્સિટીના કુલપતિશ્રી પા. રસેન્દ્રભાઈ પંડ્યાનો તેમણે આપેલ માર્ગદર્શન અને સાથ માટે આભાર માનું છું.

ગુજરાત સાહિત્ય અકાદમીના ખંતીલા મહામાત્ર ડો. હસુભાઈ યાજ્ઞિક સતત મદદરૂપ થયા છે તેમના પ્રત્યે અને આ પુસ્તકના પ્રકાશન માટે ભાઈ રોહિત કોઠારી પ્રત્યે અને ચંદ્રિકા પ્રિન્ટરીના યુવાન માલિક શ્રી રાકેશભાઈ દેસાઈ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

શ્રી ગિજુભાઈના સંપર્કમાં આવવાનું સદ્‌ભાવ મને પ્રાપ્ત થયું ન હતું. આ સંપાદન કાર્યમાં સંમિલિત થવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું એટલે ગિજુભાઈનો નિકટ પરિચય થયો તેમના અનેક પ્રિય શિર્ષકોનાં સમાગમમાં આવવાનું અને તેમના સ્નેહના ભાજન થવાનો લાભ મળ્યો તે માટે આનંદની લાગણી વ્યક્ત કરું છું.

આભાર

તખ્તસિંહ પરમાર

વિદ્યાનગર, ભાવનગર-૨

અનુક્રમ

ખંડ–૧

જીવન રેખા

૧. ગિજુભાઈ : જીવનરેખા	વિમુબહેન બધેકા	૩

ખંડ–૨

સ્મરણાંજલિ

૧. પ્રિય મિત્ર ગિજુભાઈ	સ્વ કિશોરલાલ ઘ. મશરૂવાલા	૨૩
૨. ગિજુભાઈ	સ્વ. કાકાસાહેબ કાલેલકર	૨૬
૩. ગિજુભાઈનાં સંસ્મરણો	સ્વ. રામનારાયણ વિ. પાઠક	૩૦
૪. ગિજુભાઈ વિષે થોડું એક	નાનાભાઈ ભટ્ટ	૪૩
૫. મારા ગુરુ	તારાબહેન મોડક	૫૨
૬. શ્રી ગિજુભાઈ	મોંઘીબહેન બધેકા	૫૯
૭. સાધના એનો જીવન–મંત્ર હતો	હરભાઈ ત્રિવેદી	૬૨
૮. કેળવણીનો દૃષ્ટા	વિઠ્ઠલરાય ય. આવસત્થી	૬૫
૯. ગિજુભાઈનાં સંસ્મરણો	સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ	૭૧
૧૦. મધુર અને પ્રેરક સંસ્મરણો	રામનારાયણ ના. પાઠક	૭૫
૧૧. સાધક ગિજુભાઈ	ગિરીશભાઈ ભટ્ટ	૮૪
૧૨. અડગ શ્રદ્ધાળુ	પોપટલાલ ચુડગર	૮૭
૧૩. ગિજુભાઈ જેવા જોયા : જાણ્યા : અને પિછાન્યા : એ રીતે	સોમાભાઈ ભાવસાર	૯૨
૧૪. ગિજુ-ભગવાનનું ગિરિપ્રવચન	નટવરલાલ પ્ર. બૂચ	૧૦૦
૧૫. દૈવી પુરુષ	પ્રભુલાલ ધોળકીયા	૧૦૩
૧૬. પ્રથમ સ્વયંસ્ફુરિત સર્જન	નર્મદાબહેન રાવળ	૧૦૯

૧૭. બાલશિક્ષણના મહર્ષિ ગિજુભાઈ	હેમુભાઈ રાજ્યગોર	૧૧૧
૧૮. ઊર્ધ્વબાહુ વિરોમ્યેષ	વીરસુતભાઈ મહેતા	૧૨૦
૧૯. અહિંસાના પુજારી ગિજુભાઈ	વિજયાબહેન પંચોળી	૧૨૩
૨૦, સંસ્કારાત્ દ્વિજ ઉચ્યતે	જયન્તીલાલ ઓઝા	૧૨૬
૨૧. સંકલ્પની સફળતા	પ્રભુભાઈ ઉપાધ્યાય	૧૩૩
૨૨. સ્વપ્નું	ધનુબેન ઉપાધ્યાય	૧૩૬
૨૩. ડાકોરમાં ગિજુભાઈ	નારણભાઈ ઉપાધ્યાય	૧૩૯
૨૪. મારાં સંસ્મરણો	શેષ નામલે	૧૪૨
૨૫. પહેલું અને છેલ્લું દર્શન	ચંદુલાલ વ. ભટ્ટ	૧૪૬
૨૬. છેલ્લાં વર્ષો	શાંતાબહેન પી. મિસ્ત્રી	૧૫૫
૨૭. મીઠાં સ્મરણો	કુ. શાંતાબહેન ચુડગર	૧૬૩
૨૮. કેટલાંક સંસ્મરણો	નલિનીબહેન પાઠક	૧૬૬
૨૯. ગિજુભાઈ	હીરાલાલ. અ. શાહ	૧૭૧
૩૦. પરોક્ષ પ્રેરક પ્રતિભા	ભરત ના. ભટ્ટ	૧૭૫

ખંડ : ૩

દૃષ્ટિપાત

૧. બાલશિક્ષણના બ્રહ્મા શ્રી ગિજુભાઈ	પ્રો. હસમુખ પટેલ	૧૮૩
૨. અદ્વિતીય બાલશિક્ષક ગિજુભાઈ	નાનાભાઈ ભટ્ટ	૧૮૬
૩. બાળકોનાં તારણહાર	સ્નેહરશ્મિ	૧૯૦
૪. ગુજરાતમાં બાળકેળવણીના આદ્યદૃષ્ટા	યશવન્ત શુકલ	૧૯૬
૫. ગિજુભાઈની મૌલિકતા	મનુભાઈ પંચોળી	૨૦૧
૬. બાલશિક્ષણના આર્ષદ્રષ્ટા ગિજુભાઈ	ધીરુભાઈ ઠાકર	૨૦૫
૭. બાલસંસ્થાના પ્રખર પ્રવર્તક અને સંઘસંસ્થાપક સ્વ. ગિજુભાઈ	શેષ નામલે	૨૧૭
૮. ગબ્બરેલનું ગજું	જયેન્દ્ર ત્રિવેદી	૨૨૧
૯. ગિજુભાઈની બહુમુખી પ્રતિભા	યશવંત દોશી	૨૨૭
૧૦. ગિજુભાઈની ધાર્મિક દૃષ્ટિ	નરેન્દ્ર બધેકા	૨૩૧
૧૧. ‘બાલ દેવો ભવ !’ મંત્ર કે દ્રષ્ટા : પુણ્યશ્લોક ગિજુભાઈ બધેકા	કાશિનાથ ત્રિવેદી	૨૩૪

૧૨. બાલ શિક્ષણ કે શલાકા પુરુષ : ગિજુભાઈ — રામનરેશ સોની — ૨૩૯
૧૩. એક અનેડ ને અદ્‌ભુત શિક્ષક — વિષ્ણુભાઈ જ. ભટ્ટ — ૨૫૧
૧૪. કેળવણી ક્ષેત્રે શ્રી ગિજુભાઈનું પ્રદાન — માધવજીભાઈ જે. પટેલ — ૨૫૫
૧૫. શ્રી ગિજુભાઈના પ્રદાનનું મૂલ્ય — ભારતલાલ પાઠક — ૨૬૨
૧૬. યુગપ્રવર્તક ગિજુભાઈ — ડૉ. નટુભાઈ ર. જોષી — ૨૭૨
૧૭. શ્રી ગિજુભાઈ બધેકાનું કેળવણીને પ્રદાન — ડૉ. શાસ્ત્રી જયેન્દ્ર દવે — ૨૭૭
૧૮. ગિજુભાઈ અને બાલઅધ્યાપન પ્રવૃત્તિ — જયંત શુકલ — ૨૯૩
૧૯. આજના શિક્ષણમાં ગિજુભાઈ ક્યાં? — ગુલાબભાઈ જની — ૩૦૧
૨૦. ક્ષિતિજ વિસ્તારની ભૂખ — જ્યોતિભાઈ દેસાઈ — ૩૦૪
૨૧. ગુજરાતી બાલસાહિત્યનો અરુણોદય : ગિજુભાઈ — મૂળશંકર મૌ. ભટ્ટ — ૩૦૮
૨૨. આપણું બાલસાહિત્ય અને ગિજુભાઈ — ગિજુભાઈ શ્રદ્ધા ત્રિવેદી — ૩૧૬
૨૩. બાલસાહિત્યની ભાષા : 'આંખે અચરજ અને કાને કૌતુક' — રમેશ ર. દવે — ૩૨૫
૨૪. ગિજુભાઈનું શિક્ષણ–સાહિત્ય ક્ષેત્રે પ્રદાન — ડૉ. બંળવત જની — ૩૩૪
૨૫. ગિજુભાઈની બાળવાર્તાઓ — જયેન્દ્ર ત્રિવેદી — ૩૩૯
૨૬. બાલોપનિષદ–ગિજુભાઈની બાળવાર્તાઓ — ભારતલાલ પ્રે. પાઠક — ૩૫૩
૨૭. ગિજુભાઈનો વિનોદ — રતિલાલ બોરીસાગર — ૩૬૬
૨૮. બાળકાવ્યનાં લક્ષણો [ગિજુભાઈની બાલકવિતા] — સુન્દરમ્ — ૩૭૩
૨૯. ચાહનાનો ચેતોવિસ્તાર–ચિત્રાત્મક, ચિત્તહારી — યોગેન્દ્ર વિ. ભટ્ટ — ૩૭૭
૩૦. બાલકાવ્ય અને ગિજુભાઈ — ભાનુપ્રસાદ પંડ્યા — ૩૯૯
૩૧. ગિજુભાઈની કવિતા — ચંદ્રકાન્ત શેઠ — ૪૦૮
૩૨. ગિજુભાઈનાં બાળનાટકો — ડૉ. રવીન્દ્ર ઠાકોર — ૪૧૫
૩૩. દિવાસ્વપ્ન કોનું? કોના માટે? — દીપક પ્ર. મહેતા — ૪૨૦
૩૪. કોયડો ઉકેલવાની ચાવી — અનિલ ભટ્ટ — ૪૨૭

૩૫. બાલમંદિર અને ગૃહમંદિરના
માર્ગદર્શક ગિજુભાઈ — અમૃતલાલ યાજ્ઞિક — ૪૩૩
૩૬. 'વાર્તાશાસ્ત્ર' — તખ્તસિંહ પરમાર — ૪૪૦
૩૭. માબાપ થવું આકરું છે ? — યશવંત ત્રિવેદી — ૪૪૯
૩૮. મોતીનાં વાવેતર — દાસભાઈ રામાનુજ — ૪૫૪
૩૯. ભારતીય ભાષાઓમાં ગિજુભાઈ — હુંદરાજ બલવાણી — ૪૬૪
૪૦. હિન્દીભાષી ભારતકો ગિજુભાઈકી પ્રેરણા — કાશિનાથ ત્રિવેદી — ૪૭૧

ખંડ : ૪

સ્વ. ગિજુભાઈના પત્રો

ગિજુભાઈને પત્રો સ. તખ્તસિંહ પરમાર — ૪૮૯
શ્રી રામનારાયણ નાગરદાસ પાઠક પરના પત્રો — ૪૯૧
સુશીલાબહેનને પત્રો — ૫૦૪
બબુબહેન (શ્રીમતી દિવ્યાબહેન ભટ્ટ)ને અંગ્રેજીમાં પત્રો — ૫૦૬

ખંડ : ૫

પરિશિષ્ટો


પરિશિષ્ટ-૧
સ્વ. ગિજુભાઈ : જીવન સમયની પગદંડી — ૫૧૬
પરિશિષ્ટ-૨
ગિજુભાઈનાં પુસ્તકો — ૫૧૭
પરિશિષ્ટ-૩
સંદર્ભસૂચિ — ૫૨૩
પરિશિષ્ટ-૪
લેખકોનો આછો પરિચય — ૫૨૯



વકીલ ગિજુભાઈ



પરિવાર સાથે ગિજુભાઈ



ખંડ : ૧

જીવન દેખા

ગિજુભાઈ : જીવનરેખા

(ગિરજાશંકર ભગવાનજી બધેકા)

વિમુબહેન બધેકા

ભગવાનજી વકીલનો ગિરજો :

ભાવનગરથી વઢવાણ જતી રેલવેગાડીના ઘોળા જંકશન સ્ટેશનેથી ઈશાન ખૂણે પાંચ ગાઉ છેટે આવેલ વળા નામના ઠકરાતી ગામના ભટોપા (ભટ્ટ શેરી)માં છેક છેવાડે ભગવાનજી બધેકાનું ઘર. ત્યાં ધાર્મિક પ્રકૃતિનાં, ઓછાબોલાં તથા સાલસ સ્વભાવનાં કાશીબાઈની કૂખે ગિજુભાઈનો જન્મ ૧૫ નવેમ્બર ૧૮૮૫ ના શુભ દિવસે થયેલો. પિતા ભગવાનજી વકીલનું ઘર વળાના બ્રાહ્મણ સમાજમાં કંઈક ઊંચું ગણાતું. તેમનો સ્વભાવ પણ ખૂબ મીઠો. આ રીતે પિતાજી તરફથી મીઠપ અને માતા તરફથી સાલસતા તેમને વારસામાં મળ્યાં.

ઘરમાંથી શેરીમાં આવતાં જ તેની આસપાસ હરિયો (એચ. સી. ત્રિવેદી), બી. ટી. (ભાઈશંકર ત્રિભુવન ભટ્ટ) અને ગિરધર વગેરેની ટોળી જમી જતી. ઉતાવળમાં નહાવાનું હોય કે આડેધડ ઊગેલી પીલુડીઓમાં આથડવાનું હોય, આ ટોળી પ્રખ્યાત.

વળાથી થોડે દૂર પીલુડીનું એક ઝુંડ. લોકો એ જગાને 'મામાની જળ'ને નામે ઓળખે. લોકવાયકા એવી હતી કે ત્યાં મામાનું ભૂત રહે છે. જે કોઈ ત્યાં જાય તેને તે વળગે. ભૂતબૂતની વાતમાં કિશોર ગિજુભાઈને વિશ્વાસ નહિ. તેથી એ મામાની ખબર લઈ નાખવા રખડુ ટોળી, લાકડીઓ વીંઝતી ચાલી નીકળી. ત્યાં પહોંચી ટોળીના નાયક ગિજુભાઈએ વટથી કહ્યું, 'જોઈ લો છે કોઈ મામો-બામો. તમ તમારે ખાવ પેટ ભરીને પીલુડાં.' આનંદમાં ને આનંદમાં રાત કયારે પડી ગઈ તેની કોઈને ખબર ન પડી. આ બાજુ ગામમાં સૌની ગોતમ ગોત શરૂ થઈ, ત્યાં તો છોકરાને આવતા જોયા ને પૂછવા લાગ્યા, 'કયાં ગયા હતા?' છોકરાઓએ કહ્યું; 'મામાની જળે.' સૌના મોઢામાંથી 'હેં !!' કરતું આશ્ચર્ય નીકળી ગયું. પરંતુ તેમની સાથે હતો ભગવાનજીનો ગિરજો. પછી શી ચિન્તા? 'આ ગિરજો તો ભારે પાજી' કહેતા કહેતા સૌ વિખરાઈ ગયા.

આ કિશોર ગિરજાને વાચન ખૂબ ગમતું. તે ભણવામાં પણ ખૂબ હોશિયાર. તે કદી કોઈ વર્ગમાં નાપાસ થયો ન હતો. બાળપણથી જ તેમનામાં પરોપકારવૃત્તિ હતી. નિશાળીઆ સૌ સાથે વાંચતા. એમાં જે કોઈ નબળો હોય તેને તે પાઠ સમજાવતા.

ભાવનગર ભણી : વળામાં ધૂડી નિશાળનું ભણતર પૂરું કરી ગિજુભાઈ આગળ ભણવા ભાવનગર આવ્યા. અહીં હરગોવિંદમામાના ઘરે રહેતા. તેઓ અહીં સ્ટેશન માસ્તર. પણ પ્રામાણિકતા અને ધાર્મિકતાને કારણે આખા કાઠિયાવાડમાં સાધુ-પુરુષ તરીકે જાણીતા. તેમને સૌ મોટા ભાઈ કહે. હરગોવિંદમામાના છોકરાં વટથી ગાડીમાં ચડી ભાવનગરથી ખોડિયાર કે શિહોર સુધીના આટાંફેરા મારે. ટિકિટની તો ચિન્તા જ નહિ. ગિજુભાઈને પણ ગાડીની મુસાફરી ગમતી. એક વખત મામાને ખબર પડી. મામાએ સૌને પાસે બોલાવ્યા ને સમજાવ્યું કે 'સાંભળો, આ ગાડી આપણી માલિકીની નથી, તેથી જ્યારે બેસવું હોય ત્યારે બેસીને ફરવા નીકળી પડો છો. એમાં બેસતાં પહેલાં ટિકિટ લેવી જોઈએ. હવે જુઓ, ટિકિટ વગર કદી બેસશો નહિ. તમને જ્યારે પણ ફરવાનું મન થાય ત્યારે મને કહેજો હું તમને ટિકિટ લાવી આપીશ.' સમજદારને તો ઇશારો જ પૂરતો હોય ને ? ગિજુભાઈએ તો મનમાં ગાંઠ વાળી, અણ-હકનું ન ખપે.

મેટ્રિકની પરીક્ષા પાસ કરી ગિજુભાઈ શામળદાસ કૉલેજમાં દાખલ થયા. આ દરમ્યાન હરિબહેન સાથે તેમનું લગ્ન સન ૧૯૦૨માં થયું. પરંતુ વિધાતાને આ બંધન મંજૂર ન હતું. હરિબહેનનું અચાનક અવસાન થયું. પ્રથમ પત્નીની પ્રેમ ભરી છબી તે કદી ભૂલી શકયા ન હતા. મોટાભાઈના એક મિત્ર ભાઈશંકર ધનજી દવે. તેઓ અવારનવાર ખીલખામાં શ્રીમાન નથુરામ શર્માના આશ્રમમાં મળે. જ્ઞાતિભાઈઓ ઉપરાંત ગુરુભાઈઓ પણ ખરા. એ દિવસોમાં મોટાભાઈના સથવારે ગિજુભાઈ પણ ખીલખા ગયેલા. જોતાં વેંત ગિજુભાઈ ભાઈશંકર ભાઈને ગમી ગયા. જાણતાં ખબર પડી કે ગિજુભાઈ વિધુર છે. ભાઈશંકરભાઈને પણ જડી નામે એક દીકરી. તેમને ગિજુભાઈ મનમાં વસી ગયા તેથી જ આખરે ગિજુભાઈ અને જડીબહેન પતિ-પત્ની બન્યાં. જડીબહેન ભણેલાં, સ્વભાવે માયાળુ, શરીરે નાજુક અને ઠાવકાઈ ભરેલાં. સ્વચ્છતાના આગ્રહી એવાં જડીબહેને સૌ કુટુંબીઓના દિલ જીતી લીધાં હતાં.

ગિજુભાઈના કુટુમ્બની આર્થિક સ્થિતિ નબળી હોવાથી ગિજુભાઈ આગળ ભણી શકયા નહિ. હવે તેમના માટે નોકરી-ધંધે વળગવું જરૂરી હતું તેથી તેમણે આફ્રિકા જવાનું નક્કી કર્યું.

આફ્રિકા તરફ : આફ્રિકાનાં રોકાણે ગિજુભાઈનાં જીવન ઘડતરમાં ખૂબ ફાળો આપ્યો કારણ કે અહીં જાત જાતની નોકરી કરતાં કરતાં તેમને નતનવા અનુભવો થયા. અહીં તેમણે એક ગોરા સોલિસિટર અને વકીલ મિસ્ટર (શ્રીમાન) જી. પી. સ્ટીવન્સનને ત્યાં નોકરી સ્વીકારી. અહીં કામ નવું હતું તેથી ગિજુભાઈને વારંવાર ગોરા સાહેબને પૂછવું પડતું. પરંતુ ગોરા સાહેબ પણ હતા ભારે વિચિત્ર. તેઓ ગિજુભાઈને સમજાવવા કરતાં દરેક વખતે એમ કહેતા કે 'તારું ભેજું વાપર.' ગિજુભાઈએ આ વાકયને પોતાનો જીવન-મંત્ર ગણ્યો ને કઠણમાં કઠણ પ્રશ્નને ઉકેલવા કમર કસવા લાગ્યા.

ગિજુભાઈએ ધાર્યું હોત તો આફ્રિકામાં સ્થિર થઈ અઢળક રૂપિયા કમાયા હોત. પરંતુ એ તો જુદી જ માટીના માનવી હતા. તેમણે એ દેશ, એ લોક અને એ રહેણીકરણી જોઈ, માણી અને તેનાં સંસ્મરણો રૂપે 'આફ્રિકાની સફરે' અને 'આફ્રિકા સાંભર્યું' એ નામનાં પુસ્તકો લખ્યાં.

વતન ભણી : ગિજુભાઈનું શરીર સૂકલકડી પણ મન મજબૂત. અજાણી ભોમકાને પણ પોતીકી કરી લેવાની આવડતવાળા ગિજુભાઈનાં હૈયામાં વતનનો સાદ સંભળાતાં તેમણે તરત જ ફળદ્રુપ દેશ આફ્રિકાને રામ રામ કર્યા.

વતન પાછા આવ્યા. પણ કમાણીનો પ્રશ્ન તો મોઢું ફાડીને સામે ઊભો હતો. મામા-ભાણેજે ચર્ચા વિચારણા કરી. મુંબઈ વકીલનું ભણવા જવાનું નક્કી કર્યું. ઘર ખર્ચને પહોંચી વળવા તેમણે મુંબઈની એક શાળામાં નોકરી સ્વીકારી લીધી. પટેલ વિસ્તારમાં આવેલ મગનભાગની રૂમ નં. ૬૩માં ગિજુભાઈ રહેતા. ત્યાં જ રામનારાયણ વિ. પાઠક, મહાદેવ દેસાઈ અને કલાગુરુ રવિશંકર રાવળની બેઠકો જામતી. અહીં એક વર્ષમાં ડિસ્ટ્રિકટ પ્લીડરનું ભણતર પૂરું કરી વકીલાતની સનદ મેળવી મુંબઈથી પાછા ફર્યા.

વઢવાણમાં વકીલાત : સન ૧૯૧૧ માં વઢવાણ કેમ્પમાં અમૃતલાલ શેઠ, મોહનલાલ બેરિસ્ટર જેવા પ્રખ્યાત વકીલો વચ્ચે તેમણે

વકીલાત શરૂ કરી. સ્વભાવે મહેનતુ હોવાને કારણે તેમની વકીલાત જામવા લાગી. તેની સાથે સાથ પૈસો અને પ્રતિષ્ઠા પણ વધવા લાગ્યા. પરંતુ આ જીવ પૈસા અને પ્રતિષ્ઠાનો તરસ્યો ન હતો તેથી વકીલાતના કાવા-દાવાથી તેઓ અંદરથી દુઃખી રહ્યા કરતા. તેમનો આત્મા કોચવાતો.

આ ગડમથલના દિવસોમાં જ સન ૧૯૧૩, ૨૭ મી ફેબ્રુઆરીએ તેમને ત્યાં પુત્રજન્મ થયો. તે અને તેમનાં પત્ની જડીબહેન બન્ને શહેરમાં ચાલતી ધૂડી નિશાળોથી પરિચિત હતાં તેથી તેમના મનમાં ઝંખના હતી કે પોતાના આ બાળક માટે કંઈક જુદી શાળા જોઈએ, જુદી પદ્ધતિ જોઈએ. આ માટે તેઓ નવું નવું વાંચતાં ને વિચારતાં. આ વાચન દરમ્યાન તેમને જાણવા મળ્યું કે ઇટાલીમાં મોન્ટેસોરી નામની મહિલાએ ત્રણ થી છ વર્ષનાં બાળકો માટે એવી શાળા ખોલી છે કે જેમાં સોટી વાગે ચમ ચમ ને વિદ્યા આવે રમઝમના સિદ્ધાંતને સ્થાને પ્રેમ-લાડ અને વ્હાલથી પ્રેરણા આપી બાળકને રમતાં રમતાં ભણતાં કરવાનો પ્રયત્ન થયો છે. આ વાતે ગિજુભાઈને મોન્ટેસોરી વિષે વધુ વાંચવા ઉશ્કેર્યા. આની માનસિક સ્થિતિ હતી ત્યારે જ તેમના મિત્ર દરબારશ્રી ગોપાળદાસ દેસાઈએ સૂચવ્યું, "તમારે બાળ સાહિત્ય વાંચવું હોય, નવી બાળશાળા જોવી હોય તો વસો જાવ, ત્યાં તમને મોતીભાઈ અમીન બધું બતાવશે."

ગિજુભાઈ માટે આ સૂચન 'જોઈતું' તું ને વૈદ્યે કીધા જેવું થયું. ગિજુભાઈ વસો જઈ આવ્યા. વસોની મુલાકાતે અને મોન્ટેસોરીના લખાણોનાં પરિણામે હવે તેમનાં જીવન-કાર્યના દરવાજા ઊઘડી ગયા. કાવાદાવાના વકીલે હવે બાળકોના વકીલ બનવાનું નક્કી કર્યું.

દક્ષિણામૂર્તિમાં : ગિજુભાઈ વસો જઈ આવ્યા અને ઘણું બધું ભાથું લઈ આવ્યા. મોતીભાઈએ ચીંધેલાં પુસ્તકો તેઓ જેમ જેમ વાંચતાં ગયા તેમ તેમ તેમના મનમાં પ્રકાશ પથરાતો ગયો. વાચન ઉપરથી જે કંઈ અમલમાં મૂકવા જેવું જણાય તે અમલમાં મૂકવા લાગ્યા. પોતાના પુત્ર (બચુભાઈ) ઉપર અખતરાઓ થવા લાગ્યા. એના પરિણામોથી સંતોષ પામી મિત્રવર્તુળમાં પણ મોન્ટેસોરીનાં વખાણ કરવા લાગ્યા.

આ તરફ વકીલાત ચાલતી હતી પરંતુ તેની સાચી ખોટી પેંતરાબાજીથી તંગ આવેલા ગિજુભાઈએ જ્યારે જોયું કે અસીલ વકીલની ફી ચૂકવવા માટે પોતાના બાળકોનાં મોઢાંમાંથી કોળિયો પણ ઝૂંટવી લેતા હોય છે ત્યારે તેમનું હૈયું પીગળી ગયું. તેમના હૈયામાં એક શૂળ ઊઠતી કે અહીં હું ક્યાં આવી ભરાણો ? આ કમાણી શા કામની ? દિવસે દિવસે વકીલાત ઉપર નફરત વધવા લાગી. કંઈક નવું કરવું જોઈએ તેવી પ્રબળ ઇચ્છા થવા લાગી.

પ્રભુએ તેમના દિલની લાગણી પિછાણી. ભાવનગરમાં ગિજુભાઈના મામા તથા શામળદાસ કૉલેજના પ્રોફેસર શ્રી નૃસિંહપ્રસાદ ભટ્ટ (નાનાભાઈ ભટ્ટ) મળીને 'સ્ટેશન બંગલે' સન ૧૯૧૦ ની ૨૮ મી ડિસેમ્બરે છાત્રાલયની સ્થાપના કરી હતી. છાત્રાલય વિકસવા લાગ્યું ને નાનાભાઈને છાત્રાલયનું જીવનમાં મહત્ત્વ અદકેરું લાગ્યું તેથી કૉલેજની પ્રોફેસરગીરીને તજીને તેઓ પૂરા સમય માટે છાત્રાલયમાં કામ કરવા લાગ્યા. હવે છાત્રાલયને બંધારણસરનું સ્વરૂપ આપવાની જરૂર ઊભી થઈ. આ માટે વકીલની જરૂર પડે. મામાને ભાણિયો સાંભર્યો. હુકમ છૂટ્યો, 'ગિજુભાઈ અમારા છાત્રાલયનું બંધારણ ઘડી આપો.' ગિજુભાઈને ચર્ચા-વિચારણા કરવા ભાવનગર અવારનવાર આવવાનું બનવા લાગ્યું. આ તરફ નાનાભાઈ ઉપર કામનો બોજ વધતો જતો હતો એ સમયે મામાએ કહ્યું, 'અહીં નાનાભાઈને કામકાજમાં મદદ કરે એવા માણસની જરૂર છે. ગિજુ ! તું અહીં આવ તો !' ગિજુભાઈ પળવાર પણ વિચાર કરવા રોકાયા નહિ. વકીલાતને રામ રામ કરી ૧૩-૧૧-૧૯૧૬ થી દક્ષિણામૂર્તિમાં ગૃહપતિના મદદનીશ તરીકે જોડાઈ ગયા.

ગિજુભાઈ પાકા બત્રીશ વર્ષ દક્ષિણામૂર્તિમાં રહ્યા. અહીં જ તેમનામાં સૂતેલો કેળવણીકાર જાગી ઊઠ્યો.

છાત્રાલયમાં કામ કરતાં તેમણે અનુભવ્યું કે અહીં રહેતા છોકરાઓને ભણાવે કોઈક અને ભણે ક્યાંક તો પછી આ છાત્રાલય તો માત્ર લોજ જેવું ગણાય. પરિણામે તેમની ઉપર ચોક્કસ કામ કેવી રીતે થઈ શકે ? તેથી છાત્રાલય સાથે નિશાળ પણ હોવી જોઈએ. ગિજુભાઈના આ વિચાર સાથે સૌ સંચાલકો સહમત થયા. ૧-૬-૧૯૧૮માં કુમાર મંદિર શરૂ થયું. ગિજુભાઈ હેડ માસ્તર થયા ને શાળા ધમધોકાર ચાલવા લાગી.

વર્ષો વર્ષ નવાં નવાં ઘોરણો ખૂલવા લાગ્યાં. ગિજુભાઈ વાંચે ને તેના પ્રયોગો શાળામાં કરે.

પરંતુ ગિજુભાઈના મનમાં અજંપો ઠરે નહિ. તેમને થાયં કે આ દસ–બાર ને પંદર વર્ષનાં છોકરાંને ભણાવીએ પણ ધાર્યાં પરિણામ દેખાડી શકાશે નહિ. તેને બદલે છેક બાળવયનાં બાળકો ઉપર પ્રયોગો કરીએ તો ધાર્યો ઉછેર કરી શકીએ.

એવામાં એક દિવસ તેમણે જોયું કે. એક વેપારી પિતા તેના બાળકને મારતો મારતો નિશાળ તરફ ઘસડી જતો હતો. બાળક પગ પછાડતું ગભરાયેલ હરણાં જેવું રડતું હતું. છેવટે ચાર જણાએ તેને ટીંગાટોળી કરીને નિશાળ ભેગું કર્યું. આ જોઈ તેમનું હૃદય કકળી ઊઠયું. તેમણે મનોમન નક્કી કરી લીધું કે એક એવી નિશાળ બનાવવી જોઈએ કે જ્યાં બાળકો હોંશે હોંશે, નાચતાં કૂદતાં ભણવા આવે. ઉપડ્યા દક્ષિણામૂર્તિના સંચાલકો પાસે. વકીલની અદાથી વાત રજૂ કરી. સૌને ગળે ઊતરી ગઈ ને ૧ લી ઓગસ્ટ ૧૯૨૦ ના રોજ શ્રીમતી રમાબેન પટ્ટણીના શુભ હસ્તે કાળા નાળા પર રતિલાલ મોદીના બંગલામાં બાળ મંદિર ખૂલ્લું મુકાયું.

બાળકોના વકીલ : શરૂઆતમાં ગિજુભાઈએ બાળકો સામે રમકડાંનો ઢગલો કરી દીધો. ગિજુભાઈને એમ કે રમકડાં જોઈ બાળકો નાચી ઉઠશે. પરંતુ પરિણામ જુદું જ આવ્યું. બાળકો આઘાં–પાછાં થવા લાગ્યાં અને રડવા લાગ્યાં, પરંતુ ગિજુભાઈ મૂંઝાયા નહિ. એમણે પ્રશ્નનો વિચાર કર્યો ને યુક્તિ શોધી કાઢી. બીજા દિવસે એ પોતે જ રમકડાંથી રમવા લાગ્યા.' એ જોઈ બાળકો પણ ગિજુભાઈને વીંટળાઈને જોવા લાગ્યાં. ત્યારબાદ ધીરે રહીને ગિજુભાઈએ એક સાધન બાળકને આપ્યું. તે રમવા લાગ્યું. આમ પ્રવૃત્તિ શરૂ થઈ. વાર્તાઓ દ્વારા, રમતો દ્વારા બાળકોને વશ કર્યા : ને બાલમંદિર તો દિવસે ન વધે એટલું રાત વધે એ ગતિએ વિકસવા લાગ્યું. ગિજુભાઈ દિવસ ને રાત બાળકો અને બાલમંદિર વિષે જ વિચારવા લાગ્યા. બાળકોની વિધવિધ પ્રવૃત્તિઓ અને કાર્ય કરવાની શક્તિ જોઈ તેમનો ઉત્સાહ પણ વધવા લાગ્યો. બાળકોમાં રહેલી દિવ્ય શક્તિનાં દર્શન થતાં જ તેમણે બાળસેવાને જીવન–કાર્ય બનાવ્યું.

મોન્ટસોરી પદ્ધતિ બીજી બાળશિક્ષણની પદ્ધતિઓ કરતાં વધુ સારી છે પરંતુ તે સંપૂર્ણ નથી; તેથી ગિજુભાઈ આજીવન તે પદ્ધતિમાં વધુ ને વધુ સંશોધન કરતા રહ્યા. નવાં નવા સાધનો, નવું નવું સાહિત્ય વગેરેની જરૂર પડવા લાગી. ગિજુભાઈની ચકોર આંખો યોગ્ય કાર્યકરો શોધવા લાગી. જુગતરામ દવે મળ્યા ને 'બાલઘર ગાડી'ઓ લખાવા માંડી, હરિહર ભટ્ટ ભેટ્યા અને ગણિત શિક્ષણના અખતરા શરૂ થયા. પરંતુ તારાબહેનનો સાથ થતાં તો ગિજુભાઈની પ્રવૃત્તિઓમાં અજબનો ઓપ આવી ગયો. ખરેખર કુદરતની કળા ન્યારી છે. નહિ તો કયાં ગિજુભાઈ ને કયાં તારાબહેન ? એક મહારાષ્ટ્રના અને બીજા ગુજરાતના કાઠિયાવાડ નિવાસી. એક યુનિયાદી અધ્યાપન મંદિર, રાજકોટના પ્રિન્સિપાલ અને ગિજુભાઈ અદના બાળશિક્ષક ! બન્નેનો મેળાપ થાય અને બાળ કેળવણીના ગિજુભાઈએ આદરેલ યજ્ઞમાં યા હોમ કરવા તારાબહેન કયાંથી આવી પડે ? સાચું છે. જો ગિજુભાઈને તારાબહેન મોડક જેવા અનન્ય સહકાર્યકર ન સાંપડયાં હોત તો ગિજુભાઈના ઘણા મનોરથ સાકાર ન થઈ શકત. ખરેખર સ્વીકારવું રહ્યું કે તારાબેન મોડક જેવા સમર્થ સહકાર્યકર મળતા સોનામાં સુગંધ મળ્યા સમાન થયું.

વાત જાણે એમ બની કે તખ્તેશ્વર મહાદેવની ટેકરીની પાસેની ટેકરી ઉપર લહેરાતા બાલમંદિર કે જેનું ઉદ્‌ઘાટન પ્રાતઃસ્મરણીય પૂ. કસ્તુરબા ગાંધીના વરદ હસ્તે થયેલું તેની ખ્યાતિ ચોતરફ ફેલાવા લાગી હતી. પોતાની પુત્રીનાં યોગ્ય શિક્ષણ માટે સતત ચિંતા કરતાં તારાબહેન મોડક આથી પ્રેરાઈને એક વખત તે જોવા આવ્યાં. ત્યાંનું ઊમંગવાળુ વાતાવરણ જોઈ ખૂબ પ્રભાવિત થયાં. તેમણે તે અનુભવ આ રીતે નોંધ્યો છે; 'મારા જીવનની એક ધન્ય પળે મેં ભાવનગરમાં પગ મૂકયો અને ટેકરી ઉપરનું બાલમંદિર જોવા ગઈ.

'તે વખતે હું પોતાનો વિચાર કરતી ન હતી. હું તો માત્ર મારી દીકરીના શિક્ષણનો વિચાર કરતી હતી. શિક્ષણ પદ્ધતિનો વિચાર કરતી હતી. હવાઈ જેવા સિદ્ધાંતો વ્યવહારમાં કેવી રીતે મૂકી શકાય તેનો વિચાર કરતી હતી. તે વખતે મને ખ્યાલ સરખોયે ન હતો કે આ બાલમંદિરના આચાર્ય મારા જીવનગુરુ થવાના છે, અહીંથી મને જીવનદિશા મળવાની છે ને અહીંથી જ મને જીવન કાર્ય મળવાનું છે.' તેઓ આગળ લખે છે.. "હું ત્યાં રહીને અભ્યાસ કરવા લાગી. નૂતન

બાળ શિક્ષણનાં તમામ સિદ્ધાંતો એકાએક ગળે ઊતરી જાય તેવા નથી ને તેમાંય મારું મહારાષ્ટ્રીય મગજ. ભાવનાથી માની લેવાની કે સ્વીકારી લેવાની મારી તૈયારી ન હતી એટલે રોજ ને રોજ વાચન, મનન અને ચર્ચા ખૂબ ચાલતાં. ડૉ. મૉન્ટેસોરીના શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોના જીવન-વ્યક્તિત્વનું દર્શન મને તે વખતે થયું. શિક્ષણના નવા સિદ્ધાંતોની વિશાળતા દેખાઈ. મારા કેટલાય અસ્પષ્ટ વિચારો સ્પષ્ટ થયા, અધૂરા વિચારો પૂરા થયા, ઉપરછલ્લા વિચારો છોડી હું ઊંડાણથી વિચાર કરતી થઈ. ગિજુભાઈ પોતે જેવા ડૉ. મૉન્ટેસોરીના અનન્ય ભક્ત હતા તેવી તેમણે મને બનાવી."

સોનામાં સુગંધ : પોતાની દીકરીને મૂકવા આવેલા તારાબહેન પોતે જ રોકાઈ ગયા. રાજકોટની પ્રાથમિક શિક્ષક તાલીમી કૉલેજના પ્રિન્સિપાલપદ પરથી રાજીનામું આપી તેઓ ગિજુભાઈના શિષ્યા બની ગયા. બાળ શિક્ષણના પ્રચાર-પ્રસાર પાછળ ગિજુભાઈ ઘેલા બની ગયેલા તેથી જ તેમના સંપર્કમાં જે કોઈ આવતા તેમને પણ ચેપ લાગ્યા વગર ન રહેતો. તારાબહેન મોડક પોતે વિદુષી મહિલા હતા, તેમને માત્ર એક ચિનગારીની જ જરૂર હતી. ગિજુભાઈએ તે ચિનગારી ચાંપી પરિણામે તેઓ પણ એક અદના બાળ કેળવણીકાર બની ગયા. 'એક સે ભલે દો'ના ન્યાયે તારાબહેનનો સાથ મળતાં ગિજુભાઈની મહત્ત્વાકાંક્ષાને પાંખો ફૂટી. માત્ર ભાવનગરનાં બાળકોને નૂતન બાલ શિક્ષણ મળે તે કેમ ચાલે ? તેને બદલે ભારતભરના બાળકોના દયામણા ચહેરા દેખાવા લાગ્યા. આ સૌની વકીલાત કરવાની જરૂર જણાવા લાગી.

સન ૧૯૨૫ના નવેમ્બર મહિનામાં ભાવનગરના બાલમંદિરનાં આંગણે પહેલું મૉન્ટેસોરી શિક્ષણ સંમેલન ભરાયું. શ્રીમતી સરલાદેવી સારાભાઈના પ્રમુખપદ હેઠળ મૉન્ટેસોરી શિક્ષણ સંઘની સ્થાપના થઈ. વળી ગુજરાત ભરમાં બાળશિક્ષણ એકધારી રીતે, વૈજ્ઞાનિક રીતે ચાલે તે માટે મૉન્ટેસોરી શિક્ષણ સંઘના મુખપત્ર તરીકે 'શિક્ષણ પત્રિકા' માસિક શરૂ થયું. જીવતા હતા ત્યાં સુધી ગિજુભાઈ તેના તંત્રી રહેલા અને એના દ્વારા પુષ્કળ વિચારો રજૂ કરેલા. અલબત્ત, આ બધા વિચારોને પ્રકાશિત કરવાની વ્યવસ્થા શ્રી ગોપાળરાવ વિદ્વાંસે સંભાળેલી. ગોપાળ-રાવ અને ભાસ્કરરાવ બંને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનના શિષ્યો અને

ગિજુભાઈના શિષ્ય મિત્રો. ગિજુભાઈના અમૂલ્ય વિચારોને ગુજરાતના ગામે ગામ પહોંચાડવાનું અગત્યનું કાર્ય જોષાળરાવે કરેલું. આ અંગે એક ગમ્મત ભરેલો કિસ્સો નોંધવા જેવો છે. દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓ એકવાર કાઠિયાવડના પગપાળા પ્રવાસે નીકળેલા. મોડી રાત્રે એક ગામમાં પહોંચ્યા. ગામનો પોલીસ પટેલ બાર પંદર જુવાનડાઓની ટોળી જોઈ ભડક્યો. તેણે જણાવી દીધું 'આટલી મોડી રાત્રે હું તમોને મારા ગામમાં ઉતારો કરવા નહીં દઉં.' વિદ્યાર્થીઓએ દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી-ભવનની ઓળખાણ આપી પરંતુ પોલીસ પટેલ એકનો બે ન થયો. એવામાં એક મહેતાજી ત્યાં આવી ચડ્યા. તેમણે પૂછ્યું, 'ત્યાં ભાવનગરમાં એક ગિજુભાઈ છે અને બાળશાળા ચલાવે છે એને ઓળખો છો ? એનું એક છાપું અમારી પાસે આવે છે !' વિદ્યાર્થીઓએ કહ્યું કે 'હા ગિજુભાઈ અમારી સંસ્થા પણ ચલાવે છે.' ત્યારે અડધી રાતે થાકેલા આ નિશાળિયાઓને ઉતારો મળેલો.

અધ્યાપન મંદિર : ગિજુભાઈને એક દિવસ સોલો ઊઠ્યો : આ બાલમંદિરમાં તો પાંચ-પચ્ચાસ બાળકોને જ નૂતન શિક્ષણ મળે છે પણ ગુજરાત ભરનાં બાળકોનું શું ? એ માટે તાલીમી શિક્ષકો તૈયાર કરવા જોઈએ. અલબત્ત, એ સમયે ગામેગામથી શિક્ષકો તાલીમ લેવા આવતા હતા પરન્તુ તેમને માટે કોઈ ચોક્કસ અભ્યાસક્રમ ન હતો કે ન કોઈ ચોક્કસ સમય મર્યાદા. તેથી વિધિસરની તાલીમ અપાતી ન હતી. ગોદડા અધ્યાપન મંદિર તરીકે તે જાણીતું હતું. પરંતુ હવે જો બાલ-અધ્યાપન મંદિર ખોલવામાં આવે તો તેમાં વ્યવસ્થિત, વૈજ્ઞાનિક તાલીમ આપી શકાય. વળી હવે તારાબહેન પણ અહીં હતા. દક્ષિણામૂર્તિના સંચાલકો, નાનાભાઈ વગેરે સાથે મસલત થઈ અને અધ્યાપન મંદિર શરૂ થયું. (૧૯૨૫માં) આ સમયે પ્રાથમિક શિક્ષણ માટેના માત્ર બે અધ્યાપન મંદિરો હતાં. પણ ગિજુભાઈનું આ અધ્યાપન મંદિર તે બીબામાં ગોઠવાય તેવું ન હતું. કારણ : ગિજુભાઈનું બાલશિક્ષણ મોટેભાગે જીવનશિક્ષણ હતું, શિક્ષણ પદ્ધતિ જીવનપદ્ધતિ હતી. ગિજુભાઈએ તેનો અભ્યાસક્રમ પણ જીવનઘડતરની દૃષ્ટિએ ગોઠવેલો. આ અભ્યાસક્રમમાં માત્ર વ્યાખ્યાન, અવલોકન પ્રવૃત્તિ ન હતી પરન્તુ સાથોસાથ જીવન જીવવાનું પણ હતું. તેમાં સંગીત અને ચિત્ર-કલાને અગત્યનું સ્થાન હતું.

ગુજરાતના જુદા જુદા ભાગોમાંથી ૪૦ જેટલા તાલીમાર્થીઓ આવેલા. જેને તેને પ્રવેશ ન મળતો. ગિજુભાઈ પ્રથમ તેની વ્યાવહારિક કસોટી કરી લેતા. ગિજુભાઈ આચાર્ય અને તારાબહેન ઉપાચાર્ય, ગૃહમાતા વગેરે. સવારથી મોડી રાત સુધી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન પ્રવૃતિઓથી ધમધમ્યા કરતું. ગિજુભાઈ માત્ર સારા શિક્ષક જ હતા એવું નહીં, એક-ઉત્તમ વડીલ મુરબ્બી પણ હતા. તેથી જ છાત્રાલયમાં રહેતા તમામ વિદ્યાર્થીની વ્યક્તિગત મુશ્કેલીઓ દૂર કરવા પણ તત્પર રહેતા. ગિજુભાઈનો સ્વભાવ આગ્રહી ખરો. એક વખત અધ્યાપન મંદિરમાં વિદ્યાપીઠના પદવીધારી બે તાલીમાર્થીઓ આવેલા. તેમના મનમાં વિદ્યાપીઠની પદવીનો ફાંકો હતો. ગિજુભાઈની ચકોર નજરમાં એ વર્તન પકડાઈ ગયું. તેમણે તેમનું મિથ્યાઅભિમાન તોડવા ઓરડામાંથી કબૂતરની ચરક સાફ કરવાનું કામ સોંપ્યું. આથી બંને ભાઈઓ કોચવાયા. બેમાંથી એક જણથી બોલાઈ ગયું કે આ તે ભણવાનું કે ગુલામી ! ગિજુભાઈએ આ સાંભળ્યું ને સાફ શબ્દોમાં કહી દીધું, 'તમારે આ કામ ન કરવું હોય તો અહીં મારી પાસે બીજું શીખવાનું નથી. આજે રાતે જ ગાડી પકડો. હું તમને વળાવવા આવીશ.'

ગિજુભાઈ સ્વભાવે જેટલા કડક હતા તેટલા જ માયાળુ પણ હતા. એક વખતની વાત છે. સવારનો પહોર હતો. મહારાષ્ટ્રિયન તાલીમાર્થી નામલે ભાઈ પોતાની રૂમ ગોઠવી જેવા બહાર નીકળતા હતા હતા ત્યાં જ ગિજુભાઈનો અવાજ સંભળાયો, 'गुड मोर्निंग मि. नामंले ! काय बरा आहे ना ?' સહેજ ચિન્તા ભર્યા સ્વરમાં જવાબ મળ્યો, 'गुड मोर्निंग.' ગિજુભાઈ પારખી ગયા કે કંઈક ચિન્તા જેવું છે. તરત જ પૂછ્યું, 'શાની ચિન્તા કરો છો ?'

નામલે ભાઈએ થોથવાતા અવાજે જવાબ આપ્યો, 'ના...ના... ચિન્તા નથી.'

'તમારી સત્ર ફીના પંચાવન રૂપિયા કાલે ભરાઈ જશે. વાંચવા લાગો. નિશ્ચિંત થઈ કામે લાગો.' આશ્ચર્યનો એક આંચકો આપી તેઓ ચાલતા થયા. ખરેખર એ સમયે નામલે ભાઈ આર્થિક ચિન્તામાં ડૂબેલા જ હતા. આ જ નામલે ભાઈ પાછળથી નૂતન બાલ શિક્ષણ સંઘના મહામંત્રી બનેલા.

આમ ગિજુભાઈ જન્મે અને કર્મે શિક્ષક હતા. તેથી જ વિધવા, ત્યક્તા અને અભણ લોકોની મદદ કરવા સદા તત્પર રહેતા. ચિત્રકાર રવિશંકર રાવળનાં બહેન નર્મદાબહેન બાળકોના સહવાસમાં જીવનનો આનંદ શોધવા આવ્યા. એક દિવસ ગિજુભાઈ બાલવિધવા બનેલ પોતાની ભત્રીજી મોંઘીબહેનને ઘેર જઈ ચડ્યા. ત્યાં જઈ તેને સમજાવ્યું કે 'ઘરમાં પડ્યા રહી, સૌથી અપમાનિત થવા કરતાં ચાલ મારા બાળ મંદિરમાં. ત્યાં સ્નેહ તરસ્યાં અનેક બાળકો છે.' સમાજ રુઢિચુસ્ત, વિધવા સ્ત્રી એટલે જાણે મહા પાપ. આ બધા સામે બળવો કરી ગિજુભાઈ મોંઘીબહેનને લઈ આવ્યા બાળમંદિરમાં. એટલું જ નહિ, સંગીત, વાર્તા, બંગાળી, અંગ્રેજી વગેરે વિષયોનું જ્ઞાન આપ્યું. મોંઘીબહેનનું વ્યક્તિત્વ પણ ખીલી ઊઠ્યું. તેઓ બંગાળીનો અનુવાદ પણ કરવા લાગેલાં. ગિજુભાઈએ જે કંઈ બાળ વાર્તાઓ લખી છે તેમાંની ઘણી મોંઘીબહેનના મુખેથી સાંભળેલી છે. આ રીત ગિજુભાઈનો વ્યવહાર માનવતાવાદી હતો. તેથી જ અક્ષરજ્ઞાન વધારવા ગિજુભાઈ રાત્રી શાળાઓ પણ ચલાવતા. તેઓ ખુદ પછાત વિસ્તારોમાં જતા. બીજલ બોર્ડ ઊંચકી પાછળ ચાલતો. આમ સમાજને જાગૃત કરવા કેળવણીના શાસ્ત્રનો ઉપયોગ કરવામાં તેઓ જરાય અચકાતા નહિ.

સાદાઈ એ જ આભૂષણ : ગિજુભાઈ એટલે સાદાઈની મૂર્તિ. પણ સ્વચ્છતા અને શોભાનાં ભારે શોખીન. ફૂલોના જબરા પૂજારી. એમની નાનકડી ઓરડીમાં કે બાલમંદિરની એમની બેઠકમાં ફૂલદાની અવશ્ય શોભતી જ હોય. ધૂપદીપ કરવા એમને ખૂબ ગમે.

વિનય મંદિરના વિદ્યાર્થીઓ સમક્ષ વર્ગમાં એ ખડા થતા ત્યારે એમની સામે વિદ્યાર્થીઓ ઘડીભર નીરખી રહેતા. પેની સુધી પહોંચતું લાંબું ધોતિયું, ઘૂંટણ નીચે ઢળકતો લાંબો કોટ, માથે કાઠિયાવાડી ફેંટો, મોટી મૂછો અને ગોળાકાર ચશ્મા—આ તેમનો પ્રિય પોશાક. વિશેષ પ્રકારના કપડાંનો એમને જરાય શોખ નહિ. એટલું જ નહિ, કપડાં તરફ ધ્યાન પણ ઓછું. જાણે તેઓ શરીરને સજાવવા માટે કપડાં નથી, પરંતુ શરીરને ઢાંકવા માટે કપડાં છે તેમ ન સમજતા હોય ! તેથી જ જ્યારે 'ગિજુભાઈ ! આ ધોતિયું હવે રજા માંગે છે.' એમ કહેવામાં આવે ત્યારે જ એકાદું નવું ધોતિયું મંગાવતા. 'બચુ ! તારા

કાકાએ પહેરણ પહેર્યું છે એને કાંઠલે રૂછડાં નીકળેલા છે. એવું પહેરણ પહેરી બહાર ન જવાય.' એમ જડીબહેન કહે ત્યારે જ ગિજુભાઈ નવાં પહેરણ વિષે વિચારે.

ખાવા–પીવામાં પણ આવી જ વિરક્તિ. જમવા બેસે ને વાતો કરવાનું ચાલે. સંસાર–વ્યવહારની વાતોમાં સાવ સાધુ જેવા; વહેવારની આંટીઘૂંટીમાં પડેલા જ નહિ.

બચુભાઈને જનોઈ દેવાનો પ્રસંગ આવ્યો. આર્થિક તૈયારી કરેલી જ નહિ. એ તો તેમના પત્નીએ કહ્યું, 'સાંભળ્યું ? આ બચુની ડોકમાં આપણે સૂતરનો ત્રાગડો તો નાંખીએ ?' ત્યારે જ ગિજુભાઈને યાદ આવ્યું. છેવટે નવી ઢબે જનોઈ દેવાનું નક્કી થયું. કાકાસાહેબ કાલેલકર ગુરુ બન્યા ને જનોઈ વિધિ થઈ.

ગિજુભાઈ મન–વિચારે સમૃદ્ધ પરંતુ શરીરે દૂબળા. કસરત તરફ ભારે અણગમો. પરિણામે શરીર કસાયું નહિ.

બાલ સાહિત્યના બ્રહ્મા : બાળકો માટે તે વળી શું લખવું ? આ એક પ્રશ્ન હતો. ગિજુભાઈએ તેનો ઉત્તર મબલખ સાહિત્ય રચીને દીધો. આ કાર્યમાં તેમને સાથ મળ્યો જુગતરામ દવેનો. જેમ ગિજુભાઈને તારાબહેને મળીને બાલશિક્ષણનું સુંદર કાર્ય કર્યું તેમ ગિજુભાઈ ને જુગતરામભાઈએ મળીને ગુજરાતનાં બાળકો માટે (વાચનમાળા) ચાલણ-ગાડીની રચના કરી. જેમ ગિજુભાઈ અને તારાબહેન જાણતા ન હતાં તેમ ગિજુભાઈ અને જુગતરામભાઈ પણ એક બીજાને જાણતા ન હતા. અલબત્ત બન્ને કાઠિયાવાડના પણ કાર્યક્ષેત્ર બન્નેના અલગ અલગ. ગિજુભાઈ ભાવનગરમાં ઊજળા વર્ગના લોકોનાં બાળકોને ભણાવતા જ્યારે જુગતરામ દવે બારડોલીના દૂબળા લોકોનાં બાળકોને સંસ્કારતા હતા. બન્નેનાં ક્ષેત્રો જુદા પણ લક્ષ્ય એક.

એક વખત જુગતરામભાઈ ભાવનગર આવેલા ત્યારે તેમણે ગિજુભાઈને બાળકો સાથે નાચતા–કૂદતા, કામ કરતા જોયા. ટેકરી પરના વાતાવરણથી પ્રસન્ન થઈ તેમનું કવિ હૃદય ગાઈ ઊઠ્યું.

'બાલ મંદિરિયું, બાલ મંદિરિયું
અમારું સુન્દર સોહાય
વ્હાલુ મારું બાલમંદિરિયું...'

ગિજુભાઈએ આ ગીત સ્વીકાર્યું, સત્કાર્યું ને બન્ને વચ્ચે દોસ્તી થઈ. જુગતરામભાઈને મન એમ વસ્યું કે આવું સુન્દર બાલમંદિર ગામડામાં કેવી રીતે સર્જાય. બન્નેએ સાથે મળી વાચનમાળા લખવાનો નિર્ણય કર્યો.

ચાલણગાડી : પ્રથમ પુષ્પ લખાયું. (સોનામાં સુગંધ ભળે તેમ કલાકાર રવિશંકર રાવળે તેને શણગાર્યું. નવજીવન પ્રેસે છાપ્યું. ગુજરાતનાં બાળકોનું તે જ્ઞાન રમકડું બની ગયું. તેનો એક એક શબ્દ બાળ માનસના ત્રાજવે તોળી તોળીને વાપર્યો છે. તેની સફળતાથી પ્રેરાઈને 'મોટી બેન', 'સુન્દર પાઠો' 'ભેરુ' વગેરે પુસ્તકો લખ્યાં. આ તરફ બાળકોની વાચન ભૂખ ઉઘડવા લાગી તો બીજી તરફ કલ્પનાની પાંખે ચડી કલમ ઊડવા લાગી, 'બાલ સાહિત્યમાળા,' 'બાલ સાહિત્ય ગુચ્છ' 'બાલ સાહિત્ય વાટિકા', 'બાળ-લોકગીત સંગ્રહ' અને 'કિશોર કથાઓ' એમ ઢગલાબંધ પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં. આમાં તારાબહેનનો પણ અપૂર્વ સાથ મળ્યો.

ગિજુભાઈએ ન માત્ર બાળ સાહિત્ય રચ્યું, પરંતુ બાળ સાહિત્ય રચનાશાળા પણ ચલાવી. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના વિદ્યાર્થીઓએ પણ સાહિત્ય સર્જનનો ચેપ લગાડ્યો. પ્રહલાદ પારેખ, કૃષ્ણલાલ શ્રી ધરાણી વગેરે કાવ્ય રચના કરવા લાગ્યા.

ગિજુભાઈએ બાળ સાહિત્ય કેવું હોવું જોઈએ તેનો આદર્શ પૂરો પાડ્યો. ગિજુભાઈનું બાળ સાહિત્ય વાંચી કાકાસાહેબ કાલેલકરે તેમને 'બાળ સાહિત્યના બ્રહ્મા'નું બિરુદ આપેલું. તેમના સાહિત્યને ગુજરાત સાહિત્ય સભાએ રણજીતરામ સુવર્ણ ચન્દ્રક આપી નવાજેલું.

બાળ સાહિત્ય ઉપરના ગિજુભાઈએ સૈદ્ધાંતિક વિષયો અંગે પણ લેખન કર્યું. માતા-પિતાને બાળ ઉછેર માટે માર્ગદર્શન મળે એ માટે પણ પુસ્તકો લખ્યાં.

ગિજુભાઈ સાહિત્યની સૂઝવાળા સર્જકોને પણ બાળ સાહિત્ય રચવા પ્રેરતા. તેને પરિણામે આપણને કાકાસાહેબ કાલેલકરની 'ઓતરાતી દીવાલો' નામની ચોપડી મળી.

કાકાસાહેબ કાલેલકરે બાલકન-જી-બારીની સ્થાપના કરેલી. ગિજુભાઈ પણ તે સંસ્થાના પ્રમુખ રહી ચૂકેલા.

આઝાદીના લડવૈયા : જન્મભૂમિની જ્યારે લાજ લૂંટાતી હોય, દેશવાસીઓના હાડચામડા ચૂસાતાં હોય ત્યારે મૂંગા બેસી રહે તે સાચો ભડવીર ન ગણાય. ગિજુભાઈએ જ્યારે આ ભોમકાની કારમી ચીસ સાંભળી, ત્યારે તેમણે પણ બાળમંદિરને તાળું માર્યું અને આઝાદીના લડવૈયા થઈ ગાંધીજીની રાહબરી નીચે લડતમાં જોડાયા.

તેમણે જ્યારે બોરસદમાં બહેનોનાં એક મોટાં સરઘસ ઉપર પોલિસોનો નિર્દય લાઠીમાર જોયો અને કેટલીય બહેનો ઘાયલ થઈ ત્યારે તેમનું હૃદય કકળી ઊઠ્યું અને તેમણે 'બોરસદની વીરાંગનાઓ' નામે એક ચોપડી લખી નાખી તેમ 'બારડોલીની હિજરત' નામે ચોપડી લખી.

અલબત્ત આવી ચોપડીઓ લખી ગિજુભાઈ બેસી ન રહ્યા. વડોદરાના નવસારી પ્રાંતમાં છાવણી નાખી આસપાસના ગામડાંઓમાં ફરી ફરી, ભાષણો કરી, લોકસંપર્ક કરી નવચેતના જગાડવા લાગ્યા. આ પ્રવૃત્તિમાં તારાબહેન અને મોંઘીબહેન પણ સાથે જ હતાં. જો કે ગિજુભાઈ જીવનની કોઈ પણ ક્ષણે નાનાં નાનાં ભૂલકાંઓને ભૂલ્યા ન હતા. તેમણે ગામે ગામ ફરી વાનરસેના ઊભી કરી. આ વાનરસેના પ્રભાતફેરી કાઢે, સરઘસો કાઢે. અને ગગનભેદી અવાજથી સૂત્રોચ્ચાર કરે. ગિજુભાઈએ આ વાનરસેના માટે ગીતો લખ્યાં....

'સ્વરાજ માટે લડશે કોણ ?
વાનર સેના... વાનર સેના !
સ્વરાજ માટે મરશે કોણ ?
વાનર સેના વાનર સેના !'

વાનર સેનાની આ પ્રવૃત્તિ એટલી બધી વિકસી હતી કે સુરત મુકામે વાનર સેનાની એક પરિષદ બોલાવવામાં આવેલી. શ્રીમતી હંસાબહેન મહેતાને એ પરિષદના પ્રમુખ ચૂંટવામાં આવેલાં. પરિષદ વાનર સેનાથી ઊભરાઈ ગઈ. બધાને એમ લાગતું હતું કે આ વાનર સેનાને વશ કેમ રાખશું ? કિલકિલાટ, ગણગણાટ વધવા લાગ્યો. નિયંત્રણ કેમ કરવું તે સમસ્યા હતી. ગિજુભાઈ પાસે તેનો ઉકેલ હતો. તેમણે ઊભા થઈ એક વાર્તા માંડી. વાર્તાએ જાદુ કર્યો. સૌ શાન્ત. સૌ ગિજુભાઈ પર ફિદા થઈ ગયા. પછી તો 'ઈન્કલાબ ઝિન્દાબાદ'ના સૂત્રોચ્ચારથી આકાશ ગૂંજી

ઊઠ્યું. ગિજુભાઈની હાજરીને લઈને વાનર સેનાની એ પરિષદ યાદગાર બની ગઈ.

મહાત્મા ગાંધીજીએ આઝાદી કરતાંય કેળવણીને વધુ મહત્ત્વ આપેલું. ગિજુભાઈએ નિરક્ષર (અભણ) લોકોને કેમ ભણાવવું તેનો વિચાર કર્યો અને અક્ષરજ્ઞાન યોજના ઘડી કાઢી. (તેમાં ઘટતાં માણસોનાં નામ, પડોશીઓનાં નામ, રોજિંદા વપરાશની ચીજોનાં નામ, રોજના કામની વાતો તથા અક્ષર શિક્ષણ શાસ્ત્રના સિદ્ધાંતને અનુરૂપ 'ચાલો વાંચીએ' નામની ચોપડી તૈયાર કરી.) પ્રથમ પ્રયોગ બાલમંદિરના પગી બીજલ ઉપર કર્યો. બીજલને વાંચતો કર્યો અને પછી ગિજુભાઈ અક્ષરજ્ઞાનના પ્રચાર માટે નીકળી પડ્યા. ભાવનગર રાજ્યે માંગી મદદ આપી ગામડે. (ગામડે પ્રૌઢ-શિક્ષણનું કામ ચાલ્યું. આ કામથી પ્રભાવિત થઈને જ જ્યારે ૧૯૩૭–૩૮માં મુંબઈમાં પ્રાંતિક સ્વરાજ્ય સ્થપાયું ત્યારે મુખ્ય પ્રધાન બાળા સાહેબ ખેરે ગિજુભાઈને મુંબઈ રાજ્યનું પ્રૌઢ શિક્ષણ ખાતું સંભાળી લેવા કહેણ મોકલેલું. અલબત્ત, ગિજુભાઈ પોતાની ચાલુ પ્રવૃત્તિ છોડવા માંગતા ન હતા તેથી વિનયપૂર્વક ના લખી જણાવેલી.)

બાળકેળવણીની જંગમ વિદ્યાપીઠ : ગિજુભાઈ એટલે બાળ-કેળવણીની જંગમ વિદ્યાપીઠ. ગુજરાત ભરમાં બાળકેળવણીનો ડંકો વાગી ચૂકચો હતો. તેમના શિષ્યો ગુજરાતના ખૂણે ખૂણે બાળ કેળવણીનું કામ કરતા હતા. ગિજુભાઈ સૌના ગુરુ. તેથી સૌ શિષ્યોને થયું : ગિજુભાઈનું સન્માન કરવું જોઈએ. અમદાવાદમાં મળવાનું નક્કી થયું. કોઈ ડભોઈ, કોઈ વડોદરા, કોઈ વઢવાણ તો કોઈ ખેડા, સુરત કે મુંબઈ, ભરૂચથી ત્યાં આવ્યું. જે જે જગ્યાએ નવી ઢબની બાળ શાળા હતી ત્યાં ત્યાંથી લોકો આવ્યા. ગિજુભાઈએ બાળકેળવણીના કામને દીપાવવાનો સંદેશો આપ્યો. આ સમ્મેલનથી મોન્ટેસોરી બાલ શિક્ષણ સંઘ વધુ મજબૂત બન્યો, શિક્ષણ પત્રિકાને પણ વેગ મળ્યો.

હવે ગિજુભાઈને ગામે ગામથી નિમંત્રણ આવવા લાગ્યાં કે અમારી શાળાનું નિરીક્ષણ કરવા આવો. આથી પ્રવાસો વધવા લાગ્યા. ગિજુભાઈ જ્યાં જ્યાં જતાં ત્યાં પ્રવચનો કરી બાળકેળવણી પ્રત્યેની ચેતના જગાવતા

જતા હતા. તેમના આ સેવાયજ્ઞની વાત નહાત્મા ગાંધીજી સુધી પહોંચી હતી.

ઠેર ઠેર રઝળપાટ અને સતત પરિશ્રમને કારણે તેમનું શરીર થાકયું– મન નહિ. તાવ અને દમના વ્યાધિએ પહેલે હલ્લે જ ગિજુભાઈને પથારીવશ બનાવી દીધા. અને તેમને આરામ લેવાની ફરજ પાડી.

પરંતુ આરામ કરે એ ગિજુભાઈ બીજા. તેથી જ એક દિવસ નાનાભાઈ ભટ્ટે આવીને હુકમ કર્યો કે 'તમે જ્યાં સુધી માંદા છો ત્યાં સુધી બાલમંદિરનું કામ ન કરો એવો મારો નિયામક તરીકેનો હુકમ છે.' અદના સાથીની પેઠે નિયામકશ્રીનો હુકમ માથે ચડાવી કહે 'નિયામકના હુકમ મુજબ બાલમંદિરનું કામ નહિ કરું તો બીજી દશ નવી હલ્લામણો ઊભી કરીશ. મારાથી રહેવાશે નહિ માટે ભલા થઈ આવો હુકમ ન કરો. મને કામ કરવા દો તો હું જલદી સાજો થઈશ જે કામમાં મને રસ છે તે કરવામાં મને શ્રમ નહિ લાગે.' સ્પષ્ટ છે કે ગિજુભાઈ સાચા કર્મવીર હતા. વળી ગિજુભાઈની આરામ કરવાની રીત પણ તદ્દન નિરાળી હતી. આરામના સમયમાં પણ ઉપયોગી પત્રો લખ્યા કરતાં. તેમાંથી જ આપણને 'સુશીલાને પત્રો', 'ટકરીની વનસ્પતિ' વગેરે પુસ્તકો મળ્યાં. સ્વસ્થ થતાં જ તેઓ ફરીથી પૂરા વેગથી કામે લાગી ગયેલા.

બૃહદ્ ગુજરાતના બાળ શિક્ષકો માટે ગિજુભાઈ જ્ઞાનના દીપક સમાન હતા. તેમના વાત્સલ્યપૂર્ણ સહવાસમાં સૌને જોઈતી હૂંફ મળી રહેતી તથા સૌને પોતાના જીવન વિકાસ માટે જોઈતું માર્ગદર્શન મળી રહેતું. તેથી જ તેના વિશાળ શિષ્ય સમુદાયમાં કવિઓ, સાહિત્યકારો, ચિત્રકારો અને સંગીતકારો હતા. ખેડૂતો અને કારીગરો, મજૂરો અને દલિતો સૌ તેના પોતીકા શિષ્યો હતા એટલું જ નહિ, હરકોઈ તેની પાસે જ્યારે મૂંઝવણ થાય ત્યારે વગર ખટકે આવી શકતું. ફરતી ફરતી વિદ્યાપીઠ દરેક ક્ષણે સજ્જ જ હોય.

ગિજુભાઈના પ્રવાસો ફરી શરૂ થયા. સન્ ૧૯૩૬માં ગિજુભાઈના પ્રમુખ સ્થાને કરાચીમા બાળ-મેળો ભરાયો. સિંધના પ્રવાસમાં ગિજુભાઈ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં બાળકો અને બાળ પ્રેમીઓ વીંટળાઈ વળતાં. ગિજુભાઈએ નૂતન શિક્ષણનો સંદેશ ત્યાં જઈ સંભળાવ્યો. ગિજુભાઈનું કામકાજ કૂદકે ને ભૂસકે આગળ વધતું હતું પરંતુ હવે તેમની તબિયત

યારી આપતી ન હતી. એક વખત પોરબંદર નજીક છાયા આશ્રમમાં હરિજન બાળમંદિર ખૂલ્લું મૂકવાનું આમંત્રણ મળ્યું. નાદુરસ્ત તબિયત હોવા છતાં ગિજુભાઈ ત્યાં ગયા. ગિજુભાઈ રાજ્યના ગેસ્ટહાઉસના રસોડે જમે અને હરિજનવાસમાં જાય. આની સામે રાજ્યમાં વગ ધરાવતા કેટલાક રુઢિચુસ્તોએ વાંધો ઊઠાવ્યો. દીવાનશ્રી તથા રાજા મક્કમ રહ્યા. પરંતુ ગિજુભાઈના કાને વાત પૂગી કે તરત બોલી ઊઠ્યાં,' અહીંથી ઊઠાવો આપણો લબાચો, ચાલો આશ્રમમાં ધામા નાખો.'

આમ રાષ્ટ્રીય રંગે રંગાયેલા ખાદી ધારી ગિજુભાઈએ બાળ શિક્ષણને રાષ્ટ્રીય રંગે રંગાવા દીધું હતું.

જાહેર સન્માન : ખંતથી કરેલું કામ ઊગી નીકળે છે એ પ્રકૃતિનો નિયમ છે. ગિજુભાઈના ભગીરથ કાર્યને જોઈ ગુજરાતની કદરદાન પ્રજાના મનમાં તેમના સન્માનનો સ્વયંભૂ વિચાર આવ્યો. થેલી અર્પણ કરવાનું નક્કી થયું. અમદાવાદ ખાતે કાર્યક્રમ યોજાયો. સેંકડો પ્રતિષ્ઠિત નગરજનોની હાજરીમાં તેમનું સન્માન થયું તથા રૂ. અગિયાર હજારની થેલી અર્પણ થઈ. ગિજુભાઈએ આભાર દર્શન કરતાં થોડા શબ્દો કહ્યા, 'આ મારું સન્માન નથી, ગુજરાતનાં બાળકોનું સન્માન છે. હું તો નિમિત્ત માત્ર છું એમ સમજું છું તમે પણ એમ સમજજો'. આમ કહી આખી રકમ બાળકોનાં કલ્યાણ અર્થે વાપરવા સન્માન થેલીના સંયોજકોના હાથમાં સુપરત કરી દીધી.

દક્ષિણામૂર્તિમાંથી નિવૃત્તિ : આજીવન સભ્યપદની મુદત પૂરી થતાં જ ગિજુભાઈ દક્ષિણામૂર્તિ સંસ્થામાંથી છૂટા થઈ ગયા. તેઓ (૧૯૧૬માં જોડાયા હતા. ૧૯૩૬માં છૂટા થયા.) લોકોએ ખૂબ સમજાવ્યા પણ તેઓ માન્યા નહિ. સાપ કાંચળી ઊતારે તેમ દક્ષિણામૂર્તિનું ક્ષેત્ર છોડ્યું.

ગિજુભાઈ છૂટા થયેલા જાણી અનેક સંસ્થાઓ તરફથી આમંત્રણ મળવા લાગ્યા. પણ સૌનો સાભાર અસ્વીકાર કરી દીધો. તો પણ જૂના મિત્ર પોપટલાલ ચૂડગરના નિમંત્રણને અસ્વીકારી ન શક્યા. તેમણે રાજકોટમાં એક અધ્યાપન મંદિર કરવાની યોજના મૂકી. ગિજુભાઈએ યોજના સ્વીકારી અને જાહેરાત થઈ. વિદ્યાર્થીઓનો સમુદાય ઊભરાયો.

પરંતુ ગિજુભાઈના મનમાં હજુ અનેક સ્વપ્નાં બાકી હતાં. બાળ વિદ્યાપીઠ (Children's Unievrsity) સ્થાપવાની નેમ હતી. શ્રી શંકરભાઈને ગિજુભાઈએ આ બધી યોજના સમજાવી હતી.

એવું જ બીજું સપનું હતું, બાળ જ્ઞાનકોશનું. એ માટે ગિજુભાઈએ પૂર્વ તૈયારી પણ કરેલી.

એ બધા કરતાં ગિજુભાઈને પ્રબળ ઇચ્છા હતી આત્મદર્શનની. આ અંગે તેઓ હિમાલય જવા ઇચ્છતા હતા.

પરંતુ આ બધા સપનાં સપનાં જ રહ્યાં. રાજકોટનું અધ્યાપન-મંદિર ઊંટની પીઠ ઉપરના છેલ્લા બોજ રૂપ બન્યું. દમના વ્યાધિએ ફરીથી ઊથલો માર્યો, ગિજુભાઈ પથારી વશ બન્યા તો પણ કર્મયજ્ઞ ચાલુ જ હતો.

એ અરસામાં ગાંધીજી રાજકોટ આવવાના હતા. રાજ્યના કે-એજન્સીના વલણની ખબર ન હતી. તેથી જનના જોખમે પણ ગાંધીજીની રક્ષા કરે એવા સ્વયંસેવકોની જરૂર હતી. ગિજુભાઈ પાસે વાત આવી તેમણે ચુનંદા સ્વયંસેવકો મોકલ્યા. આની ખુશીમાં બીમાર હોવા છતાં પ્રાર્થના કરવા ગયા. લોકોએ કહ્યું કે આરામ કરો. ત્યારે ગિજુભાઈએ રમૂજની રીતે કહ્યું, 'આરામ તો મિલેગા કબ્ર મેં!' આ છેલ્લું વાક્ય ક્રૂર રીતે ભાવિની આગાહી સૂચવતું હતું.

ડૉક્ટરોએ બોલવાની મનાઈ ફરમાવી હતી છતાં ગિજુભાઈ કામ કરતા રહ્યા. વર્ષ પૂરું થયું. દીક્ષાન્ત સમારોહનો સમય આવ્યો. તાલીમાર્થીઓના પ્રમાણપત્રો તૈયાર થયાં. આચાર્યની સહી તો જોઈએ જ. ડૉક્ટરોએ સહેજ પણ પરિશ્રમ લેવાની ચોખ્ખી મનાઈ કરી હતી તેથી સિક્કો બનાવી કામ પતાવવાનું ઠરાવ્યું. ગિજુભાઈને જાણ થઈ. તેમણે પ્રમાણપત્રો મંગાવ્યા ને જાતે જ સહી કરી. આથી તેમને ભારે પરિશ્રમ પડ્યો.

દિન પ્રતિદિન તબિયત કથળતી જતી હતી. દામુભાઈ, ચંદુભાઈ વગેરે સેવા કરતા હતા. હવાફેર જવાનું નક્કી થયું. દેવલાલી જવા નીકળ્યા, પણ મુંબઈ પહોંચતાં જ તબિયત વધુ બગડી. ગિજુભાઈ જાણતા હતા કે દેહતત્ત્વ ખૂટયું છે. પ્રાણતત્ત્વને આધારે જ જીવું છું; માટે હવે અલવિદાનો સમય આવી ગયો છે. ગિજુભાઈની આંખમાં આંસુ આવી ગયા કે મારી આત્મ-દર્શનની ઝંખના ફળી નહિ. એ અફસોસ સાથે ગિજુભાઈએ આ ફાની દુનિયાને છેલ્લા રામ રામ કર્યા. ચહેરા ઉપર ન ઉચ્ચાટ, ન બેચેની કે ન ગભરાટ. બસ અવિચળ શાંતિ ॐ शान्ति !

આજીવન જેણે બાળ સેવાને જ પ્રભુ સેવા ગણી તેવા બૂહદ્-ગુજરાતના બાળકોની મૂછાળી માને કોટિ કોટિ પ્રણામ ! અસ્તુ !

ખંડ—૨

સ્મરણાંજલિ

૧. પ્રિય મિત્ર ગિજુભાઈ

સ્વ. કિશોરલાલ ઘ. મશરૂવાળા

ગુજરાત વિદ્યાપીઠની શરૂઆતમાં કાકાસાહેબ સાથે હું ભાવનગર ગયો, ત્યારે ગિજુભાઈને ઘેર ઊતર્યો હતો, અને ત્યારથી અમારી વચ્ચે મિત્રતા બંધાઈ.

મારામાં આજુબાજુનાં લોકો સાથે તદ્દન એકરૂપ થઈ ભળી જવાની શક્તિ બહુ નથી. ઊલટું, એમ કહી શકાય કે ઘણીવાર હું અનેકની વચ્ચે પણ એકલાપણું ભોગવું છું. અમુક જ પ્રકારના સમુદાયમાં એકાત્મતા કે સહાનુભવ ભોગવી શકું છું. શિક્ષક તેમ જ સમાજસેવક માટે આ સ્વભાવ ખામીવાળો ગણાય. આથી, જ્યારે હું એવા સ્વભાવના માણસો જોઉં છું કે જે મોટા સાથે મોટા, બાળક સાથે બાળક, શહેરીઓમાં નાગર, અને ગામડીઆઓમાં ગામઠી બનીને બરાબર ભળી જઈ શકે, ત્યારે મને તેમના સ્વભાવની અદેખાઈ આવે છે.

સદ્‌ગત શ્રી. ગોપાળકૃષ્ણ દેવધરમાં મને સૌથી પહેલો એવા પ્રકારના પુરુષનો અનુભવ થયો હતો. એમની પોતાની આજુબાજુના લોકો સાથે તેમના જેવા થઈ જવાની શક્તિથી હું આશ્ચર્ય પામતો.

ગિજુભાઈ બધા જ પ્રકારના સંજોગોમાં એકરૂપ થઈ શકતા કે કેમ તે હું બરાબર જાણતો નથી. પણ ગિજુભાઈ એક બીજી શક્તિથી બધી જ જાતના લોકોના મનને વેધી લઈ શકતા. જેમ નાનું બાળક પોતાની આજુબાજુનાં સમવયસ્ક બાળકોથી માંડી એંશી વર્ષનાં વૃદ્ધો સુધી સર્વેનાં મન પોતા પ્રત્યે ખેંચી લઈ, બધાંને રમાડે છે, તેમ ગિજુભાઈમાં બાળક બનવાની અદ્‌ભુત શક્તિ હતી.

આનો અર્થ એ નથી કે ગિજુભાઈ મૂછાળા બાળક હતા કે વિદૂષક હતા. પણ ગિજુભાઈ ગંભીર તત્ત્વજ્ઞાનની કે બાળશિક્ષણની શાસ્ત્રીય વાતો કરે કે ગુડાગુડીની વાતો કરે, તમારો વિરોધ કરે કે તમારું સમર્થન કરે, કે પ્રસન્નતા અનુભવતા બાળકની જેમ એ આજુબાજુના સૌ મોટા નાના પર પોતાની પ્રસન્નતાનો ચેપ ફેલાવતા. કદાચ, કલેશ અનુભવતા બાળકની જેમ ગમગીની યે કયારેક ફેલાવતા હશે. પણ મને તેનો અનુભવ નથી.

ગિજુભાઈ તથા મારી વચ્ચેનો સંબંધ હંમેશાં મૈત્રીનો અને વિનોદભરી મીઠાશનો હતો. એ પંચગની ગયા તે પહેલાં મારે અણધાર્યું રાજકોટ જવાનું થયું, અને ત્યારે સહેજે મેળાપ થઈ ગયો. તે વખતે એક મંદવાડમાંથી તે ઊઠેલા હતા, અને મેં ધાર્યું કે હવે તો તે સારા જ થશે એટલે એકબીજાની તબિયત પર શોક પ્રગટ કરવાને બદલે ઠેકડી કરી. ગિજુભાઈનો અવાજ બહુ નબળો પડી ગયો હતો ખરો, પણ એમની વિનોદ કરવા અને ખમવાની શક્તિ ઘટી નહોતી, અને તેને મેં મારી સમજ પ્રમાણે તબિયત સુધરવામાં એક સારું ચિહ્ન ગણી સંતોષ માન્યો. એમના પંચગની ગયાની ખબર તો મને લગભગ પંચગનીથી મુંબઈમાં ખસવાની સાથે જ મળી, અને ત્યાર પછી બેએક દિવસમાં જ અવસાનની.

ગુજરાતના સેંકડો લોકોની જેમ હું પણ મોન્ટીસોરી શિક્ષણપદ્ધતિને ગિજુભાઈ મારફતે જ જાણતો. પણ ગિજુભાઈ પદ્ધતિ અને મોન્ટીસોરી-પદ્ધતિ સાવ એક નથી એ હકીકત પણ મને ગિજુભાઈએ જ કહી હતી. કલ્પનાશક્તિની કેળવણીની બાબતમાં મારી અને ગિજુભાઈ વચ્ચે થોડોક વિચારભેદ હતો, અને કેળવણીના પાયામાં મેં તેનો ઉલ્લેખ કર્યો છે. એમની જોડેની ચર્ચાને પરિણામે અમારા બન્નેના વિચારોમાં થોડો સુધારો થયો હતો, અને કાલ્પનિક વાતોની બાબતમાં મોન્ટીસોરીનો મત ગિજુ-ભાઈને અનુકૂળ નથી એની મને ત્યારે જ ખબર પડી.

પણ શાસ્ત્રીય દૃષ્ટિએ ગમે તે ઠરે, એટલું તો ખરું જ કે ગિજુ-ભાઈની બાળપ્રિયતાનું એક મોટું કારણ એમની વાર્તાશક્તિ પણ હતું જ. બાળવાર્તાનાં પુસ્તકોની જે ગંગા ગુજરાતી સાહિત્યમાં વહેવા માંડી છે, તેની ગંગોત્રી ગિજુભાઈ છે એમ કહી શકાય. જેમ નાનાંમોટાં નાળાં, નદી અને શહેરોની ગટરોનાં પાણી પણ ભળીને મોટી ગંગા બને છે, તેમ આ વાતગંગાનું યે થયું છે.

"એક નદિયા એક નાવ કહાવત,
મૈલો હી નીર ભર્યો;
દુઈ મિલ કર જબ એક વર્ણ ભઈ,
સુરસરી નામ પર્યો."

પણ ગંગાજળની જેમ આ વાતગંગાના પ્રવાહોને છૂટા પાડી ત્યાજ્ય વાતોનો નિષેધ કરવો અશક્ય નથી. એ કોણ કરે, એ જ સવાલ છે.

પણ આ તો વિષયાન્તર થયું. મોન્ટીસોરીની મુખ્ય સેવા મેં એની વિશિષ્ટ શાળાને નથી માની; પણ બાળકો પ્રત્યે વર્તવાની જે નવી દૃષ્ટિ

એણે રજૂ કરી છે તેને માની છે. એ દૃષ્ટિને ગિજુભાઈએ—અથવા, એમ કહી શકાય કે, દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીસમાજ પરત્વે અને તેમાંથી ગિજુભાઈએ બાળસમાજ પરત્વે ફેલાવી; અને ગુજરાતી માબાપને તથા શિક્ષકને નવા સંસ્કાર આપ્યા. ગાંધીજીએ જે વાત પર એમના આશ્રમમાં અહિંસાની દૃષ્ટિએ ભાર મૂકયો, તેને ગિજુભાઈએ માબાપ તથા શિક્ષકના સ્વાભાવિક વાત્સલ્યને જાગ્રત કરી, શિક્ષણશાસ્ત્રથી શુદ્ધ કરી તથા બાળ મંદિરની કળોથી શણગારી લોકપ્રિય કરી. અહિંસક સંસ્કૃતિનો પાયો નાંખવામાં ગિજુભાઈએ આ રીતે એક બહુ મોટો ભાગ ભજવ્યો છે.

ગુણ અને દોષ વચ્ચે એક મોટો ભેદ એ છે કે દોષો તે માણસને તેમ જ સમાજને તેના જીવન દરમિયાન જ નડે છે અને એની સફળતા-નિષ્ફળતામાં ભાગ ભજવે છે; બન્નેના દુઃખનું એ કારણ થાય છે. પણ મરણ બાદ એ દોષ આડે આવવાની શક્તિ ખોઈ બેસે છે, પરંતુ એના ગુણોની સુગંધ અને શક્તિ ચાલુ રહે છે. આથી, જેમની જોડે તમે જીવતાં કામ ન કરી શકો અથવા સહકાર રાખી ન શકો, તેમની તેમના મરણ પછી સાચી કદર કરવામાં મુશ્કેલી આવતી નથી. ગિજુભાઈના જે કાંઈ સ્વભાવ દોષો હશે, તેનો પરિચય કરવાનો પ્રસંગ સદ્‌ભાગ્યે મને કદી આવ્યો જ નહોતો. તેની થોડી ઘણી વાત તે દક્ષિણામૂર્તિમાંથી નિવૃત્ત થયા બાદ ઘણે દિવસે મારે કાને આવી હતી. એને લીધે એમના જીવનના છેલ્લા દિવસોમાં એ કાંઈક અશાંતિ ભોગવતા હતા એમ મને લાગતું હતું. એ કેવા અને કેટલા દોષ હતા તેની શોધખોળમાં હું કદી પડયો નહોતો, અને એના કાજી બનવાનો મારા પર કોઈ રીતે ધર્મ આવી પડેલો ન હોવાથી, ગિજુભાઈ સાથેનો મારો સંબંધ છેવટ સુધી મીઠાશનો જ રહ્યો હતો.

એ દોષો જે કાંઈ હશે તે એમની જોડે ગયા. આપણા દોષ બીજા કરતાં આપણને પોતાને જ અશાંતિ ઉપજાવનારા અને આપણા કાર્યમાં બાધા નાખનારા થાય છે, એટલો જ એનો સાર છે. પણ એમના અનેક ગુણો તો જ્યાં સુધી ગુજરાતમાં બાળમંદિરો ચાલશે ત્યાં સુધી પોતાની ફોરમ ફેલાવતા રહેશે.

---

૨. ગિજુભાઈ

—સ્વ. કાકાસાહેબ કાલેલકર

આફ્રિકામાં વકીલાત કરતા અને સ્વાહિલી ભાષા શીખવાનો પ્રયત્ન કરતા ગિજુભાઈનો ખ્યાલ કોઈને આવી શકશે ? તે વખતે તેઓ ગિરિજાશંકર ભગવાનજી બધેકા હતા. એ જ નામ સાથે પાછા આવી દક્ષિણામૂર્તિમાં જોડાયા. એક વાર તેઓ પ્રોફેસર નૃસિંહપ્રસાદ કાલીદાસ ભટ્ટ સાથે અમદાવાદમાં સત્યાગ્રહ આશ્રમમાં મને મળ્યા હશે. પણ તેમનો પરિચય થયો દક્ષિણામૂર્તિના એક કમિશનના સભ્ય તરીકે હું ભાવનગર ગયો ત્યારે. ત્યાં જઈને મેં પહેલું કામ કર્યું હોય તો તે આ. ગુજરાતના સમર્થ કેળવણીકારોનાં ભારેખમ નામો છીનવી લેવાનું. કેળવણીકાર માતા જેવા હોય. મોટાં મોટાં નામો લઈને તેઓ બાળકોનાં જીવનમાં શી રીતે પ્રવેશ કરી શકે ? અને સમાજનાં અસંખ્ય કુટુંબીઓ એમને પોતીકા શી રીતે ગણી શકે ? જ્યારે નાનાભાઈ 'ભટ્ટ' મટી ગયા અને ગિજુભાઈ 'બધેકા' મટી ગયા, ત્યારે તેઓ આખા ગુજરાતના થયા. કમિશનના રિપોર્ટમાં મેં લખ્યું કે ગિજુભાઈ એક સ્વયંભૂ કેળવણીકાર છે. કેળવણીના પાયામાં તેઓ ઘણું કરી શકશે. ને તેમણે પણ પોતાનું જીવનકાર્ય શોધ્યું અને બાળકેળવણીને તેઓ વર્યા. મારા મિત્ર શ્રી હીરાલાલ શાહે ગિજુભાઈની યોગ્યતાની કદર કરી અને એમને પક્ષીના માળા જેવું એક સુંદર બાળમંદિર તખ્તેશ્વર પાસેની એક ટેકરી ઉપર બાંધી આપ્યું.

ગિજુભાઈનો અને મારો સંબંધ તરત વધ્યો એનું કારણ આજે લોકોને વિચિત્ર લાગશે. બુદ્ધ ભગવાનના જીવન અને એમની શિખામણ પ્રત્યે મારામાં જે પક્ષપાત છે તે જ મેં એમનામાં જોયો. નાનાભાઈ કરતાં તેઓ ઓછા મનાતની લાગ્યા એટલે અમે એકબીજાનો નિકટ આવ્યા. બીજું એક કારણ થયું. બાળવાર્તાઓ દ્વારા કેળવણીનું કામ ઘણું કરી શકાય એમ હું માનતો હતો. લોકવાર્તા રાષ્ટ્રીય કેળવણીનું એક મહત્ત્વનું અંગ છે એમ હું પ્રચાર કરતો હતો. એ જ સૂર ગિજુભાઈમાંથી નીકળતો જોઈ મને ઘણો આનંદ થયો. કઈ કઈ જાતની લોકવાર્તાઓ ભેગી કરવી જોઈએ એની અમે એક યોજના કરી. પછી તો ગિજુભાઈ વાર્તાની એક ચોપડી

તૈયાર કરે અને હું એની પ્રસ્તાવના લખું, એવો ક્રમ લાંબા વખત સુધી ચાલ્યો. અંતે ગિજુભાઈએ વાર્તાનું એક શાસ્ત્ર રચી કાઢયું જેની ગુજરાત આગળ ભલામણ કરવાનું કામ મેં ઉત્સાહપૂર્વક કર્યું.

ગિજુભાઈની પ્રતિભા જોઈ નાનાભાઈએ એમના કોડ કરવાની મણા ન રાખી. બધી જાતની સ્વતંત્રતા અને બધી જાતની સગવડો આપી ગિજુભાઈનો અને એમના બાળમંદિરનો ઝપાટાભેર વિકાસ થાય એને માટે નાનાભાઈ દિવસરાત મથતા હતા. અને ગિજુભાઈ પણ કોઈ શાહજાદાની પેઠે એ બધી સગવડો અત્યંત સ્વાભાવિકપણે ભોગવી આગળ વધતા ચાલ્યા.

ગિજુભાઈની પ્રવૃત્તિ દ્વિવિધ હતી. બાળકો કેળવવા અને બાળસાહિત્ય ખીલવવું. બન્નેમાં એમનો એકાગ્ર યોગ અસાધારણ હતો. આવડા ઊંચા અને મૂછાળા ગિજુભાઈને બાળકો કેમ વળગે છે એ દૃશ્ય જોવાલાયક હતું. ગિજુભાઈ પણ બાળકો વચ્ચે સાવ બાળક થઈ જતા હતા. આખો દિવસ છોકરાઓ જોડે શિક્ષકને છાજે એવી છોકરવાદી કરે અને રાત્રે ઉજાગરા કરી, જાત જાતનું સાહિત્ય વાંચી, એમાં પોતાનો અનુભવ ઉમેરી બાળસાહિત્ય ઉપજાવી કાઢે. બાળકોનો સ્વભાવ ઓળખવો અને એને ખીલવવો એ ગિજુભાઈનું કામ. બાળમાનસ ઉપર એમણે ગમે તેટલી ચોપડીઓ વાંચી હશે પણ ગિજુભાઈની કળા એમની પોતાની સ્વયંભૂ હતી.

અંતે ગિજુભાઈના જીવનમાં એક મોટી ક્રાંતિ થઈ. એમને એક ગુરુ અને અધ્યાપન કાર્યમાં સાથી મળ્યા. મેડમ મોન્ટીસોરીનાં લખાણો વાંચી ગિજુભાઈ દ્વિજ બન્યા અને શ્રીમતી તારાબહેન મોડકની મદદ મેળવી તેઓ સમર્થ બન્યા.

ગિજુભાઈ મોન્ટીસોરીને શરણે ગયા અને અમારી વચ્ચે સહેજસાજ અંતરાય આવ્યો. હું એમને કહેતો કે તમામ દુનિયાના કેળવણીકારો આપણા પૂર્વાચાર્યો છે, આપણે એમનું ઋણ જરૂર સ્વીકારીએ. પણ તમે મોન્ટીસોરીના અનુયાયી બની એમનો સંદેશો હિન્દુસ્તાનને પહોંચાડવાનું કામ કરો એ હું સમજી શકતો નથી. તમે સ્વતંત્ર પ્રયોગો કરો, પોતાની પદ્ધતિઓ ખીલવો, અને કેળવણીના ઋષિ બનો. તમારી

પાસે પોતાનું જ દર્શન હોવું જોઈએ. ગિજુભાઈ કહેતા કે મને પ્રેરણા મળી છે તેનો એકરાર ન કરું તો હું નગુણો કહેવાઉં.

સૌ. સરલાદેવી અંબાલાલે ગિજુભાઈની મૉન્ટીસોરી સોસાયટીને આશીર્વાદ આપ્યા અને ગિજુભાઈનું કામ ધમધોકાર ચાલ્યું. તે વખતના અમારા પત્રવ્યવહારમાં એક જ વાતની ચર્ચા ચાલતી. હું કહેતો : 'મૉન્ટી-સોરી પદ્ધતિમાં પણ રાષ્ટ્રીય દૃષ્ટિએ વિચાર કરવાનો અવકાશ છે. રાષ્ટ્રીયતા એટલે અમુક જાતની સંકુચિતતા એમ માનવાનું કશું કારણ નથી.' ગિજુભાઈની દૃષ્ટિ હવે રાષ્ટ્રીયતા કરતાં શાસ્ત્રીયતા તરફ વધારે વળી હતી. એ જમાનામાં ગિજુભાઈએ અને તારાબહેને જે કામ કર્યું છે તે કોઈ પણ સમાજને મગરૂર બનાવે એવું હતું. બાળકોના ઉદ્ધારકર્તા ગિજુભાઈએ અસંખ્ય માબાપોને બાળસ્વાતંત્ર્યની, બાળભક્તિની અને બાળપૂજનની દીક્ષા આપી. ગુજરાતને બાળભક્તિનું ગાંડપણ લગાડનાર આ બન્ને મિશનરીઓએ મધ્યમ વર્ગનું આખું સ્વરૂપ ફેરવી નાખ્યું છે. અને ગુજરાતભરમાં અસંખ્ય બાળમંદિરો વાવી ઉગાડ્યાં છે. ગિજુભાઈને હું છેલ્લે મળ્યો તે ઐતિહાસિક પ્રસંગ હતો.

તારાબહેને પ્રથમ દક્ષિણામૂર્તિ છોડ્યું. ગિજુભાઈ પણ દક્ષિણામૂર્તિ-માંથી નિવૃત્ત થઈ રાજકોટ જઈને રહ્યા. એવે વખતે બાળકોના સિંધી દાદા સેવકરામ ભોજરાજે મુંબઈમાં એક અખિલ ભારતીય બાળપરિષદ ગોઠવી હતી. હું એનો અધ્યક્ષ હતો. સિંધ અને મુંબઈ, મહારાષ્ટ્ર અને દિલ્હી, પંજાબ અને બંગાલ, મૈસૂર અને ગુજરાત, અનેક પ્રાંતનાં વાછરડા અને કુરકુરિયાં, પંખીઓ અને ફૂલો, રત્નો અને આશાઓ ભેગાં થયાં હતાં. એ પરિષદ માટે ગિજુભાઈ pied piper જેવા દેખાતા હતા. દિવસરાત પ્રવૃત્તિમાં પડ્યા છતાં અમે બન્ને નિવૃત્તિ લીધેલા સાથીઓ, અમે પ્રેમથી ભેટ્યા જિગરની વાતો કરી, ઘણી ગેરસમજૂતીઓ દૂર કરી અને હૃદયથી પાસે પાસે આવ્યા.

ગિજુભાઈના મોઢા પરનું તે વખતનું સમાધાન મને અત્યંત પ્રિય લાગ્યું. લાંબા કાળ સુધી અમે મળ્યા ન હતા. અમારો પત્રવ્યવહાર પણ અટકી પડ્યો હતો એટલે આજુબાજુના લોકો પાસેથી સાંભળેલી અનેક વાતોને લીધે અમે કેટલીક ગેરસમજૂતીઓ સેવતા હતા. અમે જિગરથી

મળ્યા. બધી વાતો એકબીજાને સાફ કહી દીધી, એકરારધન્કાર થયા. અને અમે પહેલાં જેવા દોસ્ત બની ગયા. પણ એમાંથી કંઈ પણ શુભ પરિણામ દોહી કાઢીએ તે પહેલાં જ ગિજુભાઈ અચાનક ચાલ્યા ગયા.

વેદાંતની દૃષ્ટિએ નહિ પણ પ્રત્યક્ષ વહેવારની દૃષ્ટિએ કહું છું કે ગિજુભાઈ ગુજરાતનાં અસંખ્ય કુટુંબોમાં અને એથીય વધારે બાળહૃદયોમાં જીવે છે અને જીવશે. અને પોતાના સાહિત્ય દ્વારા ગુજરાત બહાર પણ ફેલાશે.

જંપ કેમ વળે ?

જ્યાં સુધી બાળકો ઘરમાં માર ખાય, શેરીમાં દુર્ગંધ ખાય અને શાળામાં ગાળ ખાય, ત્યાં સુધી જંપ કેમ વળે ?

જ્યાં સુધી આંધળાં અને લૂલાં, ગાંડાં ને બાંડાં, નાદાન અને ઉખડેલના કોઈ બેલી નથી—ધણી નથી, ત્યાં સુધી જંપ કેમ વળે ?

ત્યાં સુધી જંપ કેમ વળે, જ્યાં સુધી સ્થળે સ્થળે બાળકો માટે શાળા નથી, વાચનાલય નથી, ક્રીડાંગણ નથી, બાગબગીચા નથી, નાટકો નથી, સિનેમા નથી.

ત્યાં સુધી જંપ કેમ વળે, જ્યાં સુધી એક પણ બાળક, સન્માન વિનાનું છે, અસ્પૃશ્ય છે, માંદું છે, ગંદું છે, અવ્યવસ્થિત છે.

હે ભગવાન, બળ આપ કે અમે પોતાનું ધર્મ્ય પ્રાપ્ત કરીએ.

['પ્રાસંગિક મનન' : ૧૯૮૩ની — ગિજુભાઈ આવૃત્તિ : પૃ. ૮૩]

૩. ગિજુભાઇનાં સંસ્મરણો

સ્વ. રામનારાયણ વિ. પાઠક

મારો અને ગિજુભાઈનો સંબંધ ઘણાં વરસો પહેલાંથી શરૂ થયેલો. મારા પિતા સદ્‌ગત વિશ્વનાથ સદારામ પાઠક અને ગિજુભાઈના મામા સદ્‌ગત હરગોવિન્દ અજરામર પંડ્યા બંને ગુરુભાઈઓ અને તેથી પણ વિશેષ ગાઢ મિત્રો. એ બંનેની એકજ ઇષ્ટની શ્રદ્ધા, પરસ્પરની મમતા, એક બીજાની હિતચિન્તા, એનો વિચાર કરું છું ત્યારે જાણે એમ લાગે છે કે એ આખો જમાનો બદલાઈ ગયો, અને એ જાતની મિત્રતા જ અત્યારે શક્ય નથી.

મારા પિતા જેતપુરમાં તાલુકામાસ્તર હતા અને હરગોવિંદભાઈ ભાવનગરના સ્ટેશન માસ્તર હતા. જેતપુરમાં અંગ્રેજી પાંચ જ ધોરણ હતા, જે પૂરાં કર્યાં પછી મને ભાવનગર રાખવાની મારા પિતાની ઇચ્છા હતી. એટલે ઘર બહાર રહેતાં શીખું અને ભાવનગરથી કંઈક પરિચિત થાઉં એટલા માટે હું અંગ્રેજી ચોથું ધોરણ ભણી રહ્યો ત્યારે, બંને મુરબ્બીઓએ નક્કી કર્યા પ્રમાણે, મારા પિતાએ મને ભાવનગર હરગોવિન્દભાઈને ત્યાં દિવાળીની રજાઓ ઉપર થોડા દિવસ રહેવા મોકલ્યો. હરગોવિન્દભાઈ સ્ટેશન માસ્તરના બંગલામા રહેતા. ત્યાં હું મહેમાન તરીકે ગયો. હરગોવિન્દભાઈના મોટા પુત્ર હીરાલાલ (પોપટભાઈ) અને ગિજુભાઈનો મને ત્યાં સૌથી પહેલો પરિચય થયો.

પોપટભાઈ મારાથી થોડા મહિને નાના, અને ગિજુભાઈ કંઈક અગિયારક મહિને મોટા. એ રીતે અમે ત્રણેય લગભગ સરખી ઉંમરના ! અને સરખા તરીકે જ અમે પ્રથમથી મળેલા હતા, અને પછીથી રહેલા હતા છતાં અમારામાં એક વિલક્ષણ તફાવત હતો. હું ઉંમરમાં નાનો છતા, ગિજુભાઈથી એક ધોરણ આગળ હતો. વળામાં ભણવાની પૂરી સગવડ નહિ હોવાથી, અથવા મોડા નિશાળે બેઠેલા હોવાથી એમ થયું હશે. પણ તેમ છતાં હુ તેમને મારા કરતાં યે ઘણા મોટા હોય એ રીતે

જોતો. એનું કારણ, એ વખતે પણ તેમને ભરાવદાર મૂછો હતી, શરીરે મારાથી કંઈક ઊંચા હતા એ તો ખરું જ. પણ તે ઉપરાંત, મારી કલ્પનાને પરણેલા માણસ મારા કરતાં મોટા લાગતા હતા એ પણ હશે ! વળી ભાવનગર મારે માટે પહેલું જ શહેર હતું, અને મારો સ્વભાવ કંઈક વધારે પડતો બાલિશ કુતૂહલવાળો હતો. આ સર્વથી મને ગિજુભાઈ તે વખતે મારાં કરતાં વધારે પીઢ લાગેલા. અત્યારે ગિજુભાઈની જુવાન વિદ્યાર્થીઓ સાથે તેમ જ નાનાં બાળકો સાથે ભળી જવાની વૃત્તિથી કોઈને ગિજુભાઈ ઠેઠ સુધી બાળક જેવા જણાયા હશે, પણ તે વખતે તેમનામાં મને કેટલીક પીઢ જેવી વૃત્તિ જણાઈ હતી. તે એટલી નાની ઉંમરમાં પણ તેમણે પોતાના મનમાં એટલો નિશ્ચય કરી દીધેલો કે હરકોઈ માણસ ઉદ્યોગથી અને ખંતથી મહાન કાર્ય કરી શકે છે, અને મહાન થઈ શકે છે. પોતે મોટા થઈ શું કાર્ય કરવું તેનો તેમને તે વખતે બાસ ખ્યાલ નહોતો. પોતામાં કઈ શક્તિ છે તે પણ તેઓ તે વખતે જાણતા નહોતા. પણ ઉદ્યોગથી મહાન થવું એટલો સંકલ્પ તે વખતે પણ તેમનામાં જ્ઞાનપૂર્વકનો હતો. એ વૃત્તિ તેમનામાં બેન્જામિન ફ્રાંકલીનનાં પુસ્તકો વાંચવાથી જાગી હતી. બેન્જામિન ફ્રાંકલિનનું જીવન-ચરિત્ર (ઘણું કરીને કાઠિયાવાડીકૃત) એ તેમનું પ્રિય પુસ્તક હતું. કોઈ અંગ્રેજી પુસ્તકમાંથી પણ ફ્રાંકલિનના Poor Richard's sayings 'ગરીબ રિચર્ડનાં વચનો' વાંચી તેઓ વારંવાર બોલતા : The used key is always bright. 'વપરાતી કૂંચી હંમેશાં ઊજળી રહે છે.' Dost thou love life ? Then do not squander time for that is the stuff, life is made of. 'તને જીવન વહાલું છે ? તો સમય વેડફી નાંખીશ મા, કારણ કે જીવન સમયનું બનેલું છે.' Sleep not for there will be enough time to sleep in the grave. 'ઊંઘ મા, કારણ કે કબરમાં ઊંઘવાને પુષ્કળ વખત મળશે.' આ વાક્યો તેઓ વારંવાર બોલતા. તેમના બોલવાથી જ તે મને યાદ થઈ ગયેલાં. ગિજુભાઈ ઠેઠ સુધી રમતિયાળ દેખાતા, નાનાં સાથે રમતા, પણ ઉદ્યોગપરાયણતાં તેમના જીવનની સફળતાનું મોટામાં મોટું કારણ છે, તે કોઈએ ભૂલવું નહિ જોઈએ. મોટી ઉંમરે ભાવનગરમાં તેઓ બાળ-મંદિર ચલાવતા, ત્યારે રાતે ઊઠીને ઉજાગરો કરીને પણ ટપાલના જવાબો આપતા, અને લેખો કે પાઠો લખતા મેં તેમને જોયેલા છે.

ઉપર જણાવ્યા પ્રમાણે હું સૌથી પહેલો ભાવનગર ગયો ને પોપટભાઈ તથા ગિજુભાઈની સાથે આઠેક દિવસ રહ્યો ત્યારે ત્યાં મને બરાબર ગમ્યુ નહોતું. તેનું કારણ જરા વિચિત્ર હતું માટે લખું છું. બપોરે પોપટભાઈ અને ગિજુભાઈ રજાઓમાં ઊંઘતા, અને હું બપોરે ઊંઘી શકતો નહિ, તેથી નહોતું ગમ્યું તેમ યાદ છે.

એક વરસ પછી પાંચમી અંગ્રેજી પૂરી કરી હું આગળ ભણવા ભાવનગર ગયો. ભાવનગરમાં હું હરગોવિન્દભાઈને ઘેર તેમ જ મારાં ત્યાં સગાં હતાં તેમને ઘેર રહેતો. વાંચવા કરવાનું બધું હરગોવિંદભાઈને ઘેર જ રાખતો. પણ એકાદ વરસમાં જ હરગોવિન્દભાઈની બદલી ધોળા જંકશન થઈ. ગિજુભાઈ તથા હું શ્રી ચુનીભાઈ ભટ્ટ, જેઓ ભાવનગરમાં સારી પ્રતિષ્ઠાવાળા શિક્ષક હતા, મારા પિતાના તથા હરગોવિન્દભાઈના સ્નેહી હતા તેમને ઘેર ડબગરવાળી શેરીમાં રહેવા ગયા. શ્રી ચુનીભાઈએ અમને એક ઓરડી સ્વતંત્ર કાઢી આપેલી હતી. ઓરડી અમે જ વારાફરતી વાળતા, નજીકને કૂવે નાહતા અને અમારાં કપડાં પણ ત્યાં હાથે ધોતા. હું મારાં સગાને ત્યાં જમતો, અને ગિજુભાઈ હરગોવિન્દભાઈનું ઘરનું ઘર નજીકમાં હતું ત્યાં જમતા.

ગિજુભાઈ વાંચવામાં ઘણા નિયમિત અને મહેનતુ હતા. સાહિત્યનો શોખ અમને બંનેને સારો હતો. શ્રી. ચુનીભાઈ પણ સાહિત્યના શોખીન હતા. તે અમારી સાથે કલાપી વારંવાર વાચતા. પ્રેમાનન્દ, કલાપી, શ્રી અંજરિયાનું 'કાવ્યમાધુર્ય' વગેરે અમે અહીં ખૂબ વાંચેલું. અમને આવડે એવા રાગડા તાણી અમે લાંબે રાગે સંસ્કૃત શ્લોકો, ગુજરાતી વૃત્તબંધ કવિતાઓ અને ગઝલો પણ ખૂબ આરડતા, અને અમારી ઓરડીમાં રાગડા તાણી ન ધરાયા હોઈએ ત્યારે ગમે ત્યાં અને ખાસ કરીને શ્રી ચુનીભાઈના પાણિયારાની નાની ઓરડીમાં લાંબે રાગે ગાતા. અમે બે ભેગા રહેતા તેનો એક લાભ તે હતો કે એકની ચોપડી બીજો વાંચતો, અને તે પ્રમાણે વાંચ્યું ન હોય ત્યારે પણ એકના વાંચ્યાનો લાભ બીજાને મળતો.

એ વખતે પણ ગિજુભાઈ ગણિત અને અક્ષરગણિત બન્નેમાં કાચા હતા. મને આ બન્ને વિષયોનો ઘણો શોખ હતો, જે ઇન્ટર

આર્ટ્સમાં લૉજિક અને ફિઝિકસના વિષયોમાં પ્રવેશ મળતાં તદ્દન ઘટી ગયો. ગિજુભાઈ ગણિતના દાખલા ઘણીવાર મારી પાસેથી શીખતા અને સંસ્કૃત પણ ઘણીવાર પૂછતા. પૂછવાની એમની પદ્ધતિ વિચિત્ર હતી. હું નાની ઉંમરથી કંઈક ધ્યાન બહેરો છું. હું કંઈક વાંચતો હોઉં, અને એ પૂછે, ત્યારે હું તેમના પ્રશ્ન તરફ ધ્યાન આપ્યા વિના મોઢું બંધ રાખીને 'હું અં' 'હું અં' કર્યા કરું. એ વખતે પોતાના પ્રશ્ન તરફ પૂરતું ધ્યાન ખેંચવા તે મારા કાન પર આંગળીથી ટકોરો મારતા. 'ગુલીવર કોઈ એક તરતા બેટ પર જઈ ચડે છે. જ્યાં બધા ગણિતશાસ્ત્રીઓ જ રહેતા. અને એ બધા પોતાના કોયડામાં એટલા બધા ધ્યાનમગ્ન રહેતા કે જમાડવા માટે પણ તેમના નોકરોને તેમને ટકોરા મારી ઉઠાડવા પડતા, તે ઉપરથી એ મશ્કરીમાં મને ટકોરા મારતા, પણ એ ટકોરા ઘણીવાર તો ઠીક ઠીક જોરવાળા વાગતા. એ ગણિતનો અણુગમો તેમને ઠેઠ સુધી રહ્યો. એ પોતે એ જાણતા પણ ખરા. ભાવનગરમાં મૉન્ટીસોરી વર્ગો એમણે શરૂ કર્યા ત્યારે પોતાના ગણિતના અણુગમાને લીધે એની અપૂર્ણતા શિક્ષણમાં ન રહી જાય માટે તેમણે ખાસ કરીને ગણિત માટે શ્રી હરિહર પ્રા. ભટ્ટની મદદ લીધેલી.

શ્રી ચુનીભાઈને ઘેર રહ્યા તે દરમિયાન રજાઓમાં અમે ધોળા જંકશન હરગોવિન્દભાઈને ઘેર થોડું રહેતા. ત્યાં ગાતા, કોઈ વાર નાટક ભજવતા, ખેતરોમાં ફરી ચીભડાં, કોઠીંબાં વગેરે લઈને ખાતા. સાંજે ઓઝતના પૂલ સુધી ફરવા જતા, કોઈ વાર નીચે ઊતરી નદીમાં નાહતા, અને વગડામાં ફરતા. યાદ છે કે એક વાર પૂલ પર ફરતાં ગિજુભાઈ એમના પ્રિય આદર્શ પુરુષ બેન્જમિન ફ્રાંકલિનના વીજળીના પ્રયોગોનું અનુકરણ કરી ત્યાંના તારના થાંભલા પરના વીજળીના તારને પોતે અડેલા અને અમે પણ તેમના વાદે અડેલા. આ સમયમાં અમે ગુજરાતી કાવ્યો, વાર્તાઓ, સંસ્કૃતમાં મેઘદૂત વગેરે, કંઈક વેદાન્ત અને થિયોસોફી જેવું ધર્મસાહિત્ય અને અંગ્રેજી વાંચતા.

મૅટ્રિકનો અભ્યાસ મેં શ્રી ચુનીભાઈને ઘેર પૂરો કર્યો. એટલે કે ગિજુભાઈએ છઠ્ઠું અંગ્રેજી ધોરણ ત્યાં પૂરું કર્યું. તે પછીના વરસમાં હરગોવિન્દભાઈની બદલી પાછી ભાવનગર થઈ અને ફરી સ્ટેશનને બંગલે રહેવા ગયા.

હું માનું છું આ અરસામાં ગિજુભાઈનાં પ્રથમ પત્ની ગુજરી ગયાં. મેં તેમને જોયેલાં પણ નહિ. પણ મારા મન પર એવી છાપ છે કે ગિજુભાઈને તેમની સાથે સારો સ્નેહ હતો. એમના મૃત્યુના આઘાતની ગિજુભાઈના જીવનમાં ઊંડી અસર રહેલી છે.

સ્ટેશનના આ બંગલાની પાસે જ સ્ટેટની ધર્મશાળા આવેલી છે. પાલીતાણાના દરબાર ગુજરી ગયા અને સ્ટેટ ઉપર એજન્સીની જમી બેઠી, તેથી તે સ્ટેટના આશ્રયે રહેલી ગાયકા બાઈ ચન્દ્રપ્રભાએ ભાવનગરનો આશ્રય લીધો. તે બાઈને એ સ્ટેશનના બંગલા સામેની ધર્મશાળાનો ઉપરનો ભાગ રહેવા આપેલો. એ બાઈનો અવાજ સાધારણ મોટો હતો. બહુ સુંદર ગાતી. એ ગાતી ત્યારે અમે બન્ને બહાર રવેશમાં બેસી બહુ ધ્યાનપૂર્વક સાંભળતા. એ બાઈ ભજનો બહુ સારાં ગાતી, અને આચરણની પણ એટલી શુદ્ધ હતી કે પ્રતિષ્ઠિત અને ધાર્મિક માણસો પણ તેને ઘેર જઈ સાંભળવામાં સંકોચ ન રાખતા. અમો બન્ને પર એ બાઈના સંગીતના સંસ્કારો ઘણા ઊંડા પડેલા.

અમે ભણવામાં દુર્લક્ષ કરનારા તો ન ગણાઈએ, પણ છતાં અમને બન્નેને બધું જોવાનો ઘણો શોખ હતો. ભાવનગરમાં જે કાંઈ જોવાનું હતું તે બધું અમે ફરીફરીને જોયું છે. ખાસ તો મને એ યાદ છે કે અમે નવરાત્રમાં બધી ગરબીઓએ ફરતા, બધા વેશો જોતા, ગરબી ગરબા બધે સાંભળતા. અમારા વખતમાં યુનિવર્સિટીની પરીક્ષાઓ નવરાત્રની નજીક થતી, છતાં નોરતાંમાં રાતના એક બે સુધી અમે બહાર ફરતા. શહેરમાં બધાં ભાષણો સાંભળતા. તેની બહુ જ સખત રીતે ટીકા કરતા. ચર્ચામાં અમારી વચ્ચે વારંવાર મતભેદ થતો. અને લાંબા વાગ્યુદ્ધો અમે ચલાવતા. અમારી વચ્ચે વારંવાર અંગત ટપાટપી પણ થતી. હું તેમને 'વળાના ટીંબા'[1]નું મહેણું મારતો અને તેઓ વારંવાર પ્રશ્નોરા નાતનો ઉપહાસ કરી મને ખીજવતા. એકવાર મને કહે કે પ્રશ્નોરા તો વાઘરી જેવા છો, ત્યારે મેં મારા સંસ્કૃત જ્ઞાનનું પ્રદર્શન કરીને કહેલું કે હા અમે વાગ્ઘરિ, એટલે વાણીના સિંહો છીએ. 'વાણીનો સિંહ' એ કાંઈ

---

૧. વળા વિશે એવી દંતકથા છે કે એ ગામ હાલ જ્યાં છે તે ટીંબા પરથી પસાર થતાં શ્રવણ પોતાનાં માબાપને કાવડમાં લઈ જતો હતો તેણે પણ માબાપ પાસેથી મહેનતનો બદલો માગેલો. તેનાં માબાપ સમજી ગયાં એટલે તેમણે કહ્યું કે આટલી જગા પસાર કર્યા પછી આપીશું.

સાચી પ્રશસ્તિ નથી. પણ એ દોષ તે વખતે અમે કોઈ જોઈ શકયા નહોતા.

પ્રીવિયસની પરીક્ષા પૂરી કર્યા પછી મને મુંબઈમાં ગોકળદાસ તેજપાળ બોર્ડિંગમાં જગા મળી, એટલે હુ મુંબઈ આવ્યો અને અમે બે છૂટા પડચા. અમારી વચ્ચે પત્રવ્યવહાર ચાલ્યા કરતો મને યાદ છે. તેમાં ઘણા લાગણીવેડા, અને કવિત્વ પ્રદર્શનો થતાં. જોકે કાવ્યો લખવાનો ગુનો મારો વધારે હતો. એ વરસ દરમિયાન જ હું ધારું છું તેમનાં બીજાં લગ્ન થયાં. તેમના સસરા શ્રી ભાઈશંકરભાઈ પણ હરગોવિન્દભાઈ અને મારા પિતાના ગુરુભાઈ. એ સંબંધનું કારણ પણ એમનો ગુરુભાઈઓનો સંબંધ. હું તેમનાં લગ્નમાં ગયો નહોતો. અને પરણીને થોડા જ માસમાં, તેઓ આફ્રિકા કમાવા ગયા. તેમના પિતા વૃદ્ધ થતા જતા હતા, અને તેમને માથે કમાવાની ફરજ આવી. હું ધારું છું કે પ્રીવિયસમાં પાસ થવા પણ તે રોકાયા નહોતા. આફ્રિકામાં પહેલાં કયાં નોકરી લીધી તે ખબર નથી. પણ થોડા માસ પછી એક સોલીસીટરને ત્યાં તેઓ કલાર્ક તરીકે રહ્યા. અમારી વચ્ચે પત્રવ્યવહાર ચાલતો પણ બહુ નહિ. એ વળી અંગ્રેજીમાં પત્રો લખતા. તેમના પત્રોમાં આફ્રિકાની જંગલી જાતો, ત્યાંના રળિયામણા પ્રદેશો, તેમની લાબી સાઈકલ ઉપરની મુસાફરીઓ વગેરેની વાતો આવતી. તેઓ પાછા આવ્યા ત્યારે હું ફર્સ્ટ એલ. એલ. બી.નો અભ્યાસ કરતો હતો. એટલે તેઓ ચારેક વર્ષ આફ્રિકામાં રહ્યા. તે વખતે હું મુંબઈમાં કુટુંબ સાથે રહેતો હતો. ગિજુભાઈ તેમના એક બે મિત્રો સાથે એક આખો દિવસ મારે ઘેર રહ્યા હતા. આખો દિવસ અમે વાતો કરી હતી. મને આફ્રિકાની જંગલી જાતોના રીતરિવાજો સાંભળવામાં બહુ રસ પડતો. મારા 'કાવ્યની શક્તિ'ના લેખમાં મેં 'વાનૂબી કૂલા માબા'નું ગીત ઉતાર્યું છે તે તે વખતે તેમની પાસેથી સાંભળેલું. તેઓ પોતાની સાથે આફ્રિકાની કેટલીક નવાઈની ચીજો પણ લાવેલા. ત્યાંના દાણાના નમૂના, શાહમૃગનું ઈંડું, હિપ્પોપોટેમસની ચામડીની સોટી જોને તેઓ કિબોકો કહેતા, અને એક અજગરનું ચામડું એટલું યાદ છે. અજગરનું ચામડું સુંદર હતું, ઉપર ચટાપટા સુંદર હતા, અને વધારે આશ્ચર્યકારક તેના ઉપર રૂપેરી ચામડું કમાવવા તેમણે મને સોંપેલું, તે હું મુંબઈના જી. આઈ. પી.ના દૂરના કોઈ સ્ટેશને કોઈ અંગ્રેજ પેઢી (ઘણે ભાગે મુરે બ્રધર્સ) ને ત્યાં લઈ ગયો હતો. તેના

અંગ્રેજ સાથે અજગરની વાતો નીકળતાં તેણે મને આણુમાંથી મારેલા એક અજગરના ચામડાનું લગભગ ચાળીશેક ફૂટનું ફીંડલું ઉકેલી બતાવ્યું હતું !

ગિજુભાઈ મિત્રો એકદમ કરી શકતા. તેમનું મિત્રમંડળ મોટું હતું. આફ્રિકામાં પણ તેમણે પુષ્કળ મિત્રો કરેલા. વળાના નાનપણના સાથીઓ જોડે પણ તેમણે ઠેઠ સુધી સંબંધ રાખેલો. પોતાથી હલકી ગણાતી સ્થિતિના મિત્રો સાથે વ્યવહાર રાખતાં તે કદી શરમાતા નહિ, તેમ જ વધારે ઊંચી સ્થિતિના માણસોથી તેઓ કદી ડઘાતા નહિ. પોતાની વાત કરતાં સંકોચ ન રાખવો, કોઈનાથી ડઘાવું નહિ, મુશ્કેલીનાં મૂંઝાવું નહિ, 'કોઈના ભાર શા છે !' એ મનોવૃત્તિ તેમને સ્વાભાવિક હતી. તેમના જીવનની સફળતામાં આ વૃત્તિનો મોટો ફાળો છે. આ વૃત્તિને લીધે તેઓ સહેલાઈથી નેતા થઈ શકતા.

આફ્રિકામાં તેમને પગાર કેટલો મળતો તે તો હું જાણતો નહોતો—અથવા અત્યારે યાદ નથી. પણ તેઓ દોઢ બે હજારથી વધારે બચત કરી લાવ્યા નહિ હોય. તેમના સ્વભાવને, કમાવા કરતા બચાવવું કદાચ વધારે અઘરું હતું. આટલી નાની રકમ કુટુંબના વરામાં તરત ખરચાઈ ગઈ હશે એમ માનું છું. ગિજુભાઈને તરત શો ધંધો કરવો તેની મુશ્કેલી ઊભી થઈ. આફ્રિકામાં સોલીસીટરને ત્યાં રહેલા અને મેટ્રિક થયા હતા એટલે તેમણે હાઈકોર્ટ પ્લીડર થવાનું નક્કી કર્યું. અને મુંબઈમાં રહી ધારપૂરેના ખાનગી કાયદાશિક્ષણના વર્ગોમાં તેમણે હાજરી આપવા માંડી. હું પણ તે વખતે એલ. એલ. બી. એટલે કાયદાનો જ અભ્યાસ કરતો હતો. અમે બન્નેએ લોઅર પરેલમાં નવી જ બંધાયેલી મગનબાગની લાબી ચાલોમાં પાસે પાસે ઓરડીઓ લીધી. ગિજુભાઈનાં પત્ની જડીબહેન, જેમને હું તે વખતે જયાબહેન કહેતો, તે મારા પિતાના ગુરુભાઈ ભાઈશંકરભાઈનાં પુત્રી, અને મારી પત્નીનું પિયર પછેગામ જે ગિજુભાઈના ગામ વળાની તદ્દન નજીક, અને અમારો જમાનો હજી આવા સંબંધોને સ્વીકારનારો એટલે અમે અત્યંત ગાઢ સંબંધથી સાથે રહેવાનું શરૂ કર્યું. થોડાં વરસો ઉપર અમે બે સાથે અભ્યાસ કરતા, ત્યારે આદર્શ મૈત્રી તો માત્ર પુરુષોના સંબંધની નહિ, પણ બે દંપતીઓની ગણાય એવી ચર્ચા ઘણી વાર કરતા, તે સાચું પાડવાનો વખત

આવ્યો જણાયો. અને છતાં એક બનાવ બની ગયો. અમારી વચ્ચે અણબનાવ થયો. અમે સહકુટુંબ પરસ્પર અબોલા લીધા. એકબીજાની હાજરીમાં પણ અમે સંકોચ અનુભવવા લાગ્યા. અમે એકબીજાને ટાળીને ચાલવા લાગ્યા. અમારા જ પડોશમાં, મગનબાગમાં રહેતા મહાદેવભાઈ, તથા રાજકોટના જેબનપુત્રા જેમની આશાસ્પદ કારકીર્દિ અકાલ મૃત્યુથી કદી પાંગરવા ન પામી; તે બન્ને અમારા સમાન મિત્રો, છતાં અમે પાછા ભેગા થઈ શકયા નહિ ! એવું વૈમનસ્ય ઠીક ઠીક ચાલ્યું. એમાંથી અમારો મેળ કરાવી આપનાર અમારા મુરબ્બી હરગોવિન્દભાઈ ! હું અમદાવાદમાં વકીલાત કરવા નવો નવો ગયેલો. હરગોવિન્દભાઈ ગાડીમાં પસાર થતા હતા ત્યા હું તેમને મળવા ગયો. ગિજુભાઈ તે વખતે તેમની સાથે હતા. અમે અમારા અણબનાવની વાત બધા મુરબ્બીઓથી છાની રાખેલી છતાં એમણે કયાંકથી એ જાણેલી. તેમણે અમને બન્નેને ભેગા કર્યા અને 'બન્ને ભેટો' એમ કહીને અમને પરસ્પર ખરેખર ભેટાવ્યા ! અમે મિત્રો હતા ત્યારે પણ કદી અમે ભેટેલા નહિ, એટલે આમ ભેટતાં અમને બન્નેને બહુ કકૈડું લાગેલું પણ તેમણે તો બે ત્રણ વાર ભેટાડચા. ગિજુભાઈએ કહ્યું : "પણ અમારા મનમાં કાંઈ નહોતું, અમને મોટાભાઈ !" [અમે હરગોવિન્દભાઈને મોટાભાઈ કહેતા.] ત્યારે એમણે કહેલું : "મોટા યોગી ખરા ના !"

અને ખરેખર અમારો જૂનો મૈત્રીસંબંધ પાછો શરૂ થયો. લોકો કહે છે દોરી તૂટે તેને ફરી સાંધીએ તો વચમાં ગાંઠ પણ રહી તો જાય, પણ અમારી વચ્ચે ગાંઠ પણ રહી નહોતી. એક દુઃસ્વપ્નની પેઠે અમે તેને ભૂલી ગયા. તે પછી હું મહીકાંઠામાં પ્રેકટિસ માટે ગયો. ગિજુભાઇ વઢવાણ કાંપમાં વકીલાત કરવા સ્થિર થયા. એક કેસને અંગે મારે વઢવાણ કાંપ જવાનું થયું હતુ ત્યારે મારો અસીલ ઠાકોર સાથે હતો એટલે હું ઊતર્યો તો હતો તેની સાથે પણ વખત મળતાં હું તરત ગિજુભાઈનું ઘર શોધી મળવા ગયો. ગિજુભાઈ કેસને અંગે બહારગામ ગયા હતા તે બીજે દિવસે આવ્યા. જયાબહેનની સાથે મેં ઘણા કલાકો વાતો કરી સાંજે તેમના છોકરા ચિ. નરહરિએ વાર્તા માગતાં—"બહીઉ ટાઢા ટબૂકલાથી" ની વાર્તા મેં કહી.

બીજે દિવસે ગિજુભાઈ બહારગામથી આવ્યા. અમે બન્ને પૂર્વના સ્નેહથી જ મળ્યા. અનેક વિષયોની વાતચીત ચાલતી દરમિયાન જ્યાબહેને ગિજુભાઈને કહ્યું : "બટુભાઈ [કુટુંબ અને બાનગી મિત્રમંડળમાં મારું નામ] એ નરહરિને નવી જ વારતા કહી." ત્યારે મેં સૌથી પહેલું જાણ્યું કે ગિજુભાઈએ પોતાનાં બાળકોની કેળવણીને નિમિત્તે બાળસાહિત્ય અને બાળશિક્ષણમાં રસ લેવા માંડ્યો છે. તે સિવાય એ વિષયોમાં એમણે ધીમે ધીમે રસ વધારતાં વધારતાં છેવટે એને જ જીવનનું મુખ્ય ધ્યેય કરી મૂક્યું. એ આખું માનસપરિવર્તન મને પરોક્ષ જ રહ્યું છે. ગિજુભાઈના આ મહત્ત્વના માનસિક ફેરફારનો હું સાક્ષી થઈ શક્યો નથી.

કેટલેક વરસે હું મારી પત્ની સાથે ભાવનગર ગયો ત્યારે તેમને ઘેર તેમને મળવા ગયો હતો. અમે ચારેય જણાં જૂના સ્નેહથી મળ્યાં હતાં. એ પછી હું વિધુર થયો, વિદ્યાપીઠમાં જોડાયો અને જ્યારે જ્યારે ભાવનગર ગયો છું ત્યારે ત્યારે તેમને ઘેર જ ઊતર્યો છું. આ ઊતરવાની બાબતમાં પણ એક નાની વાત નોંધું. મને ગિજુભાઈ એકવાર કહે કે હું તેમને ઘેર ઊતરતો તેનું કારણ મારા પરિણીત જીવનનાં સંસ્મરણો મને એમને ઘેર મળે છે એ ખરું કે નહિ ? મેં હા કહેલી.

સાધારણ રીતે સંસ્મરણોમાં કોઈ પોતાનો અણબનાવ ભાગ્યે જ લખે. મેં લખ્યો છે તેનું કારણ, એ નિમિત્તે મારે એક બે બાબત કહેવી છે એ છે. મારે કહેવાનું છે કે મૈત્રી તૂટી હોય તોપણ પાછી સાંધી શકાય છે. એમ અમારા સંબંધમાં ન બન્યું હોત તો કદાચ એ બાબત મેં કહી પણ ન હોત. અને બીજું એ કે અમારી વચ્ચે જે અણબનાવ થયો હતો તેનું નિમિત્ત તો હું ભૂલી ગયો છું, પણ તેનું તાત્ત્વિક કારણ અત્યારે મને મૈત્રીનો અતિ ઉત્સાહ જણાય છે. મૈત્રીના અતિ ઉત્સાહમાં અમે જોઈએ તે કરતાં એકબીજાની વધારે નિકટ ગયા, અને એ નિકટતાથી જ અમે કંટાળ્યા, તેના પ્રત્યાઘાતથી જ અણબનાવ થયો. બાસ ભીડ કે કોઈ મહાન ભાવનાથી આવશ્યક થયેલી જરૂરતને લીધે ભેગાં રહેવું પડે એ જુદો સવાલ છે, નહિતર મિત્રોએ પણ ધીમે ધીમે જ નિકટ જવું જોઈએ. મૈત્રી વિશે બીજું ગમે તે કહીએ, પણ તે કાલસાધ્ય છે. આગ્રહથી તેનો વેગ કે ઘનતા વધારી શકાતી નથી.

ભાવનગરમાં હું તેમને ઘેર ઊતરતો ત્યારે મેં જોયેલું કે અમુક પ્રકારના વિષયોની તેમને ખૂબ ધૂન લાગેલી. અલબત્ત બાળકેળવણી–મૉન્ટી-

સોરીપદ્ધતિના તો તેઓ ખરા ભક્ત અને ગુજરાતમાં તેને મૂર્ત્તરૂપ આપવાનું સંપૂર્ણ માન તેમને જ છે. પણ એ કેળવણીના પ્રશ્નોને અંગે તેમણે અનેક બીજા વિષયોમાં પણ રસ લીધો જેમાંનો મુખ્ય માનસ-પૃથક્કરણ છે. અત્યારે એ વિષય ગુજરાત આખામાં વધારે ને વધારે લોકપ્રિય થતો જાય છે, જોકે હું માનું છું કે તેનો શાસ્ત્રીય અભ્યાસ તેની લોકપ્રિયતાના પ્રમાણમાં નહિ જેવો જ થાય છે. ગિજુભાઈએ એ વિષય ઉપર પુષ્કળ વાંચેલું અને અમુક વરસો તો મેં તેમને તેનો પુષ્કળ ઉપયોગ કરતા જોયેલા. બાળકોની ચેષ્ટા, માણસોનાં સ્વપ્નો, તેમનાં આકસ્મિક નીકળી ગયેલાં વાક્યો અને આકસ્મિક થઈ ગયેલાં વર્તનો એ સર્વનો અર્થ કર્યા કરવામાં તેમને બહુ આનંદ આવતો. મને કશા ઉપર એમ એકદમ સો ટકા આસ્થા બેસે જ નહિ એવો મારો સ્વભાવ એટલે અમે વારંવાર અનેક બાબત ઉપર ચર્ચા કરતા. આ સાથે અમુક વખત તેમને સામુદ્રિક કે હાથ જોવાની વિદ્યા, ફલજ્યોતિષ, સંખ્યા વિદ્યા (numerology) એ સર્વ ઉપર પણ શ્રદ્ધા ખરી. તેઓ રોગિષ્ટ માનસવાળાના કેસો ઉપર પણ વિચાર કરતા અને એવા માણસોને કંઈક સલાહ પણ આપતા. એક વિચિત્ર કેસ તેમણે ખાસ કહેલો યાદ છે. એક જુવાન માણસે તેમને કહેલું કે તેને કોઈ કોઈ વાર કોઈનું ખૂન કરવાની ઇચ્છા થઈ આવે છે. ગિજુભાઈએ તેનો હાથ જોયો, તેની જન્મોત્રી જોવરાવી અને તેના માનસનું પૃથક્કરણ કરી તેને કોદાળીથી જમીન ખોદવી પડે તેવું કંઈક ઝાડ ઉછેરનું કે બગીચાનું કામ કરવાની સલાહ આપી હતી! હાથ જોવાનો તો તેમને ઘણા વખતથી શોખ હતો. મને યાદ છે કે આફ્રિકાથી આવ્યા ત્યારે તેઓ હાથ જોતા. પણ પાછળના ભાગમાં તેમણે હાથ જોવા છોડી દીધા હતા. જોકે તેના ઉપરની શ્રદ્ધા તો તેમને ઠેઠ સુધી હતી એમ માનું છું.

ગિજુભાઈમાં પ્રચારશક્તિ સારી હતી એમ કહી શકાય. પણ એમ કહેતાં એક વિવેક કરવાની જરૂર છે. કેટલાક માણસો માત્ર પોતાની મોટાઈ કે કીર્તિ અર્થે પ્રચારશક્તિનો ઉપયોગ કરે છે. તે હલકો પ્રચાર છે—છેવટ પ્રચારશક્તિનો દુષ્પ્રયોગ, તેનો ખોટો વિનિયોગ તો છે જ. પણ જ્યારે કોઈ માણસ પોતાની શ્રદ્ધાનું ધ્યેય લોકગમ્ય કરવા પ્રચારશક્તિનો ઉપયોગ કરે ત્યારે તેમાં કશો દોષ નથી. તેમાં પણ ગિજુભાઈના ધ્યેયની સફળતા લોકસ્વીકાર ઉપર જ આધાર રાખતી હતી. બાળકો ઉપરનો

કેળવણીને નામે થતો અત્યાચાર ત્યારે જ બંધ થાય કે જ્યારે માબાપો તે તત્ત્વ સમજે. અને ગિજુભાઈએ એમ કરવામાં પ્રયત્નની કચાંય પણ ખામી રહેવા દીધી નથી. તેમણે બાળકેળવણી હાથમાં લીધી ત્યાં સુધી એ પ્રશ્ન ઉપર થોડા કેળવણીકારો સિવાય કોઈ વિચાર નહોતું કરતું અને તેમણે એ વિષયમાં પ્રવેશ કર્યા પછી ગુજરાતનો લગભગ દરેક વિચાર કરી શકે તેવો માણસ તેને વિશે વિચાર કરતો થઈ ગયો છે. એ સફળતાની પાછળ ગિજુભાઈની અથાગ અને અથાક (જો કહી શકાય તો) મહેનત રહેલી છે. મેં તેમને જાગૃતિના બધા કલાકો કામ–તેમના ધ્યેય પાછળ કામ કરતા જ જોયા છે. તેમણે નવરાશને ઓળખી નથી. બે ઘડી માટે બેઠા હોય, પાસે તેમનું એકાદું બાળક હોય તેને પંપાળતા જતા હોય, તેનું મન રાખતા જતા હોય (તેમનાં બાળકો તેમને વધારે હળેલાં હતાં) અને આસપાસના સહાયક શિક્ષકો, વિદ્યાર્થીઓ, કાર્યકર્તાઓ સાથે વાતો કર્યા કરતા હોય, કે કાગળોના જવાબો આપતા હોય. આ જ ઘગશથી તેઓ મારા જેવા આવી ચડેલા મહેમાનો પાસે પણ વિદ્યાર્થીઓને ભાષણો અપાવતા અને નહિ રસ લેતા આગન્તુકોને પોતાની બાબતમાં રસ લેવડાવતા.

ગિજુભાઈને મહાત્માજી ઉપર ઘણી જ શ્રદ્ધા હતી–જો કે મહાત્માજીના કેળવણી સંબંધી વિચારોથી તેઓ ઘણા જ વિરુદ્ધ હતા. મહાત્માજીની દેખરેખ નીચે તૈયાર થયેલી પહેલી ચોપડીને તેમણે સખત શબ્દોમાં વખોડી કાઢી હતી. ૧૯૩૦ની સત્યાગ્રહની લડતમાં તેઓ નવસારી થાણામાં રહેતા હતા. મારે ત્યાં જવાનું થયું ત્યારે તેમણે મને બધે ગામેગામ ફેરવ્યો હતો. ખેડૂતોની સાથે તેઓ બહુ સહેલાઈથી ભળી જતા હતા, અને અનેક ખેડૂતો, પુરુષો સ્ત્રીઓ, બાળકો, ડોસીડોસાઓ સાથે તેમણે અંગત પરિચય કેળવ્યો હતો. એ લોકો લડત વિશે શું માને છે, તે બાબત મારી રૂબરૂ ઘણાંની સાથે વાતચીત કરી તેમણે બતાવી હતી.

આ સાથે એક બાબત યાદ આવે છે તે લખું છું. તેઓ રહેતા હતા તેનો રસોડાનો ઉપાડ અમુક માણસની મારફત થતો હતો. તે માણસે કેટલોય ગોળ ગિજુભાઈના રસોડાને હિસાબે ચડાવી દીધો હતો. હું જાણું છું કે ગિજુભાઈ જમવામાં ઘણા સાદા હતા. હું એક બે દિવસ તેમને રસોડે જમ્યો પણ હતો. છતા આવા રાષ્ટ્રીય પ્રસંગોનો ઉપયોગ કેટલાક હીન માણસો કેવા હલકા સ્વાર્થમાં કરે છે તેનો આ

દાખલો હતો. મને યાદ છે કે એ માણસને તરત એ જગાએથી ખસેડ્યો હતો, પણ હું વારંવાર ગિજુભાઈની મશ્કરી કરતો કે તેમણે હંમેશનો દોઢ શેર બશેર જોળ એ વખત દરમિયાન ખાધો હતો !

ગિજુભાઈમાં પૈસાની હિસાબી બુદ્ધિ ઘણી થોડી હતી. તેમને પગાર તો કંઈ ઝાઝો મળતો હતો એમ ન કહેવાય પણ મળતો હતો તેના પ્રમાણમાં તેમને વારંવાર ઘણી ભીડ ભોગવવી પડતી હતી. કુટુંબમાં એ મોટા એટલે કદાચ તેમને માથે આર્થિક જવાબદારી પણ વધારે હશે. પણ મુખ્ય મુશ્કેલી તો એ કે પોતાનાં ધ્યેય માટે ખરચ કરતાં તેમને ગણતરી આડી આવી શકતી નહિ. એથી કુટુંબને માટે તેઓ કશું જ મૂકી ગયા નહિ હોય એમ હું માનું છું. અહીં એક પ્રસંગ યાદ આવે છે તે નોંધું છું. અમદાવાદમાં મોન્ટીસોરી સંમેલન કે એવો કોઈ પ્રસંગ હતો તેમાં તેમને નિમન્ત્રેલા હતા. ઘણે ભાગે ૧૯૨૮માં. ત્યારે પહેલી જ વાર તેમણે પોતાના કુટુંબને સાથે લઈ જવાનો વિચાર કર્યો. પણ તે વખતે તેમની પાસે પૈસા નહોતા એટલે ઘરનો એક દાગીનો વેચી તેમણે પૈસા ઊભા કર્યા હતા. આ વૃત્તિ પણ તેમના સ્વભાવનો મુખ્ય અંશ હતી. અને તેમની સફળતા જેટલે અંશે તેમની ખંત, ઉદ્યોગ, અથાગ મહેનત, ધૂન, ધ્યેયનિષ્ઠાને આભારી છે તેટલે જ અંશે આ ત્યાગ અથવા બિનગણતરીપણાને આભારી છે. એ સ્વભાવથી માણસને ઘણું સોસવું પડે છે, પણ એના વિના જગતનું કોઈ પણ મોટું કામ થઈ શકતું નથી.

મેં તેમને છેલ્લા તેમની છેલ્લી માંદગીમાં જોયા. મેં સાભળ્યું હતું કે ખરાબ તબિયતને લીધે તેઓ દેવલાલી ગયા છે. હું ત્યાં જઈ આવવાનો વિચાર કરતો હતો ત્યાં સાંભળ્યું કે તેઓ હરકિસનદાસ હોસ્પિટલમાં આવ્યા છે. હું તેમને જોવા ગયો. તેઓ સૂતેલા હતા. મને જોઈને પહેલાં તો તેઓ ચોધારઆંસુએ રડી પડ્યા. તેઓ બોલી શકતા નહોતા. મને લખીને કહ્યું: "હવે વધારે ટકી શકવાનો નથી." મેં કહ્યું: "હજી તો ઘણું કરવાનું છે. આટલાં વરસ જંપ્યા વિના કામ કર્યું છે એટલે થોડો ફરજિયાત આરામ લેવાનો આવ્યો. એ આરામનો વખત શાન્તિથી પસાર કરો." તેમની પાસે જ માળા પડેલી હતી. તે તેમણે થોડી વાર ફેરવી. ગિજુભાઈ આસ્તિક હતા. નવસારીમાં અમે ભેગા થયા ત્યારે વહેલાં ઊઠી તેમણે ગીત સાથે પ્રાર્થના કરી હતી.

ઊઠીને તેમના ઉપર દેખરેખ રાખનાર ડૉક્ટરને મેં ખાનગીમાં પૂછ્યું કે આ કેસના સુધરવા વિશે તમે શું માનો છો ? ડૉક્ટરે તે વખતે નિરાશા બતાવી હતી.

તે પછી મારે મુંબઈ તરત છોડવું પડ્યું. ફરી વાર હું મળી શક્યો નહિ અને મારી એ મુલાકાત છેલ્લી જ નીવડી. અલબત્ત તેમણે ઘણું નવું કામ કરવાનું શરૂ કર્યું હતું તે અધૂરું રહી ગયું. છતાં હું માનું છું કે દુનિયામાં કરવા ધારેલું કામ કરીને ગયાનો—અને તે નહિ તો તેને માટે પોતાની સર્વ શક્તિઓથી કામ કર્યાનો પૂરો સંતોષ લઈ તેમણે આ દુનિયા છોડી છે. માણસ માટે એ ધન્યતા ઓછી નથી.

---

૪. ગિજુભાઈ વિષે થોડું એક

નાનાભાઈ ભટ્ટ

'ગિજુભાઈ,' મેં પૂછ્યું, 'દરબાર સાહેબ જેવા રાજવીએ તમને વસો બોલાવ્યા છતાં તમે ત્યાં ન ગયા અને અહીં આવ્યા તેનું શું કારણ ?'

અમે બન્ને તખ્તેશ્વર મહાદેવની સડક પર ટહલતા હતા. ગિજુભાઈને દક્ષિણામૂર્તિમાં જોડાયાં દસેક મહિના થયા હશે. દક્ષિણામૂર્તિની ઉંમર આ વખતે છસાત વર્ષની હતી.

'લ્યો, એમાં પૂછો છો શું ?' ગિજુભાઈએ મારી સામે વળીને કહ્યું. 'દક્ષિણામૂર્તિમાં તમે છો એ જ મોટું કારણ.'

'ના, ના, એમ નહિ.' મેં કહ્યું, 'મારે તો તમારા દિલની વાત જાણવી છે !'

'આ હું દિલની જ વાત કરું છું, વકીલની વાત નથી કરતો. દક્ષિણામૂર્તિમાં નાનાભાઈ છે એ મોટું કારણ. પણ એથીયે વધારે મોટું કારણ જોઈતું હોય તો મુરબ્બી મોટાભાઈની આ સંસ્થા છે તે. મારે મન દક્ષિણામૂર્તિ એ મોસાળ સંસ્થા છે. હું મોટાભાઈનો ભાણેજ. મોટાભાઈના બંગલાની છાયામાં હું મોટો થયો, ભણ્યો, ગણ્યો, રમ્યો, કૂદ્યો. આજે હું છું તે બધું મોટાભાઈને લઈને. એટલે જ્યારે દુનિયામાં કંઈક કરવા નીકળ્યો છું ત્યારે મારા મામાની સંસ્થામાં જ આવું ના ?'

'ત્યારે તો તમે દક્ષિણામૂર્તિના ભાણેજ કાં ?'

'ભાણેજ નહિ, પણ દીકરો.' ગિજુભાઈએ તરત જ જવાબ વાળ્યો. 'આ પોપટભાઈ, મસ્તરામ, નાનાસાહેબ એ જેવા મોટાભાઈના દીકરા એવો જ હું પણ એમનો દીકરો. એ સૌ મોટાભાઈની તમામ મિલકતના વારસો, જ્યારે હું તેમની આધ્યાત્મિક મિલકતનો વારસ થવાની ઉમેદ સેવું છે. નાનાભાઈ, મારે મન મોટાભાઈ ફક્ત મામા નથી, મારે મન તો એ એક આધ્યાત્મિક મૂડી છે. હું બંગલે રહ્યો ત્યારે મેં મોટાભાઈના જીવનમાં જે કાંઈ અનુભવ્યું છે તે તમને જણાવવાની જરૂર

નથી. એ મોટાભાઈના જીવનમાંથી હું જે કાંઈ શીખ્યો છું તે મોટાભાઈની સંસ્થાને ચરણે ધરવાની મને હોંશ છે માટે અહીં આવ્યો છું.'

'તો તો મોટાભાઈ તરફનું તમારું ઋણ અદા કરવા આવ્યા છો એમ જ ના ?' મેં જણાવ્યું.

'હા એમ જ. હું માનું છું કે મારા અહીં આવવાથી જો કોઈના જીવને વધારે શાંતિ ને આનંદ થયાં હશે તો તે મોટાભાઈના જીવને. મોટાભાઈના આધ્યાત્મિક વારસાને હું પચાવી શકું તો હું મારી જાતને ધન્ય માનું.'

'સમજ્યો,' મેં પાછા ફરતાં ફરતાં જણાવ્યું. 'તમને મોટાભાઈના જીવનમાંથી આટલી પ્રેરણા મળી એ જ મારે મન હર્ષની વાત છે. મોટાભાઈ હવે એક વ્યક્તિ નથી પણ આપણી સંસ્થા માટે એક Idea (આદર્શ) છે. દક્ષિણામૂર્તિની આશાઓ, મહેચ્છાઓ, સ્વપ્નાંઓ એ બધાંય કેમ જાણે મોટાભાઈમાંથી જ જન્મતાં હોય એવું લાગ્યા કરે છે.'

'નાનાભાઈ, એ વળી તમારા મનના ઘોડા.' ગિજુભાઈ બોલ્યા, 'મોટાભાઈનાં સગાંઓ બધાં એમને મહાપુરુષ જાણે છે. પણ તમે તો એ મોટાભાઈનીયે પાછળ કયાંય સુધી જોઈ શકો છો. એટલે તમારે મન મોટાભાઈ ધીમે ધીમે Idea થતા જાય છે એ હું જોઈ શકું છું.'

આ પ્રમાણે અમે વાતો કરતા કરતા ટહલતા હતા એવામાં દૂર દક્ષિણામૂર્તિનો ઘંટ વાગ્યો અને અમે સડક પરથી નીચે ઊતર્યા.

દક્ષિણામૂર્તિના એક સાદા ઓરડામાં આજે વિદ્યાસભાની બેઠક મળી હતી. સ્વ. મોટાભાઈ ચશ્માં તેમની યોગઢબે ટટ્ટાર બેઠા હતા; ઓધવજીભાઈ એમની વ્યવહારદક્ષ આંખો માંડીને આગળિયાં જોતા હતા. એક બાજુ હું, ગિજુભાઈ અને હરભાઈ ગોઠવાયા હતા.

મોટાભાઈએ સમાધિમાંથી જાગતા હોય એમ ઊંચું જોઈને મને પૂછ્યું :

'નાનાભાઈ, તમે બાળમંદિર કાઢવાની વાત લાવ્યા છો પણ આપણે તે ચલાવી શકશું ?'

'મારે તો એ પૂછવું છે,' ઓધવજીભાઈએ કહ્યું, 'કે આપણે બાળ-મંદિર કાઢવું જ શા માટે? જે ચાલે છે તેટલું જ સંભાળોને? આપણે ત્યાં એક નાનાભાઈ ગ્રેજ્યુએટ છે. ગિજુભાઈ વિનયમંદિર ચલાવે છે ને સારું ચલાવે છે. ને આપણા હરભાઈ તો હજી સાવ નવા છે.'

'મોટાભાઈ, ઓધવજીભાઈ;' મેં જણાવ્યું, 'આપણે આજે બાળમંદિર બોલવું જ જોઈએ. આપણે ગૃહથી શરૂઆત કરીને પછી પ્રયોગવર્ગ શરૂ કર્યો. એ પ્રયોગ આપણને સારો લાગ્યો એટલે આપણે વિનયમંદિર શરૂ કર્યું. આજે ગિજુભાઈએ વિનયમંદિરને સુંદર સ્થિતિમાં આણી મૂક્યું છે. આપણા વિનયમંદિરનો અનુભવ કહે છે કે આપણે ઠેઠ પાયાથી કેળવણી લેવી જોઈએ. એટલે આપણે આજે બાળમંદિરનો વિચાર કરવા બેઠા છીએ.'

'પણ પૈસા કયાંથી લાવશો, પૈસા!' ઓધવજીભાઈએ પોતાની લાક્ષણિક રીતે જણાવ્યું.

'દક્ષિણામૂર્તિ શરૂ કરી ત્યારે કયાંથી લાવ્યા હતા?'

'પણ નાનાભાઈ, પૈસાની વાત આપણે બાજુ પર મૂકીએ : આ બાળમંદિર ગિજુભાઈ ચલાવી શકશે? તમે બાળમંદિર ચલાવવાના હોત તો મને વાંધો ન હતો, પણ ગિજુભાઈ બાળમંદિર ચલાવી શકશે? અને પછી વિનયમંદિરનું શું?'

'મોટાભાઈ,' મેં જણાવ્યું, 'આપની વાત યથાર્થ છે. આપણું વિનય-મંદિર જે રીતે ચાલ્યું છે તે પરથી આપને ગિજુભાઈની શક્તિનો તો પરિચય થઈ ગયો છે. આપ ગિજુભાઈના મામા છો એટલે આ પ્રમાણે પૂછો તે પણ હું સમજી શકું છું. પણ મોટાભાઈ, હું તો માત્ર આ સંસ્થાનો સ્થૂલ સ્થાપક છું એમ સમજો. મારો ફાળો તો આ સંસ્થાનો સ્થૂળ દેહ ઘડવામાં છે. આ સંસ્થાનો સૂક્ષ્મ દેહ ઘડવામાં સૌથી મોટો ફાળો ગિજુભાઈનો આવવાનો છે એની ખાતરી રાખજો. એક વાક્ય કહું : 'I baptize with water, he will baptize with life.' મેં સંસ્થાનું બોખું ઊભું કરવામાં ભાગ ભજવ્યો, ગિજુભાઈ સંસ્થામાં પ્રાણપ્રતિષ્ઠા કરશે.

'તો પછી મારે બીજું કશું કહેવાનું નથી. ઓધવજીભાઈના કહેવાનો પણ એ જ અર્થ હતો. હવે તમે જો આ રીતે વિચારતા હો તો આપણે બાળમંદિર કાઢવું એ ચોક્કસ. હવે એની વિગતો તમે વિચારી જોજો.

હરભાઈ ગિજુભાઈ પાસેથી વિનયમંદિર ચલાવાની કૂંચીઓ જાણી લે.' મોટાભાઈએ પોતાના આશીર્વાદ આપ્યા અને અમે સૌ સભા પૂરી કરી ઊભા થયા.

* * *

રાતના આઠેક વાગ્યા હશે. અમે ત્રણ જણા હું, ગિજુભાઈને હરભાઈ, દાદર પરથી નીચે ઊતર્યા. શિહોરમાં ભાઇચંદ મહેતા કરીને પ્રસિદ્ધ શેઠ હતા એ ગુજરી ગયા હતા, એટલે તેનો ખરખરો કરવા અમે ત્રણેય જણા મોટાભાઈની સાથે શિહોર આવ્યા હતા. ખરખરો કરી રહ્યા પછી અમે સૌ વાળુ કરવા માટે નીચે ઊતરતા હતા.

'પણ ગિજુભાઈ, તમે ભલે democracyની વાતો કરો પણ તમારા જેવો કોઈ autocrat મેં જોયો નહિ.' હરભાઈએ ચલાવ્યું.

'હરભાઈ, હું આચાર્ય છું ને તમને હુકમો કરું છું માટે આવું બોલો છો ના ?'

'ના, ના.' હરભાઈએ આગળ ચલાવ્યું, 'એમ તો કાંઈ નહિ. પણ એવો નકામો રોફ શા કામનો ?'

'તમને લોકોને સાદો શિષ્ટાચાર પણ ન આવડે ને વળી મારા ઉપરી હો એવી સલાહ શા માટે આપવા આવતા હશો ? જુઓ, તમે ઘણી વાર મારા ટેબલ પરથી હોલ્ડર લખવા માટે લ્યો છો પણ તમને તે પાછું બરાબર મૂકતાં નથી આવડતું, એટલે મેં જણાવ્યું કે કોઈએ મારા ટેબલ પરથી હોલ્ડર લેવું નહિ.'

'પણ એમાં ઑફિસ ઑર્ડર શા માટે ?' હરભાઈ બોલ્યા.

'ઑફિસ ઑર્ડર વિના તમે કોઈ સમજતા નથી માટે.' ગિજુભાઈએ ચીડાઈને કહ્યું.

'નાનાભાઈ, સાભળજો હો,' હરભાઈ બોલ્યા, 'એમને હું કહું છું કે તમે મોટા autocrat છો.'

'તે તમે કેવા democrat છો તે હું જોઈશ. કામ ન કરવું હોય તેને democracyની વાતો કરવી વધારે ફાવે છે.' ગિજુભાઈએ પગ ધોવા માંડ્યા.

'હવે ભલા માણસો, આપણે કોઇકને ઘેર ખરખરો કરવા આવ્યા છીએ એટલી વાર તો મૂંગા રહો. ગાડીમાં બેસશું ત્યારે પછી લડી લેશું.' મેં જણાવ્યું.

'આ નાનાભાઈ, બડા પક્કા છે. એ નથી democrat કે નથી autocrat. એની પાસે એની પોતાની જ સ્વતંત્ર cracy છે.'

'પણ તમે તો autocrat છો જ.' હરભાઈ બોલ્યા.

'હા, હું તો autocrat, autocrat, autocrat, સાડી સીત્તેર વાર autocrat. તમારે મને જેટલો ફજેત કરવો હોય તેટલો કરજો. હું કહું છું કે હું નથી autocrat, નથી democrat પણ હું તો work-crat છું. જે cracy મને કામમાં આવે તેનો હું ઉપયોગ કરું તમે તમારે democracyનો ઢાંડો લઈને ફરજો ને બીજાને autocrat કહીને ભાંડજો, એટલે બહુ રૂપાળા દેખાશો!' આ પ્રમાણે ચાલતું હતું એવામાં મોટાભાઈએ રોકચા એટલે વાતો બંધ કરી અમે પાટલા પર બેઠાં.

* * *

'ગિજુભાઈ,' હું પહેલો બોલ્યો, 'તમે કોઈ દિવસ ન રડો એટલું કાલે રડચા એમ મેં સાંભળ્યું છે.'

હું શબ્દ પાડું એટલી જ કેમ જાણે વાર હોય એમ ગિજુભાઈની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં અને તે રોતા અવાજથી બોલ્યા, 'નાનાભાઈ, તમે કાલે ન હતા એ વાત મારાથી ભૂલાશે નહિ. નાનાભાઈ, તમને તો યાદ હશે જ. મારો શરતુ ગયો ત્યારે તેના પોઢચાના સમાચાર મેં પોતે ઘેર આવીને તમને આપ્યા હતા અને મારા દિલમાં કારી ઘા વાગ્યો હતો છતાં ન રોવાનો મેં નિશ્ચય કર્યો હતો તેને હું વળગી રહ્યો હતો.'

'એ તો મને બરાબર યાદ છે.' મેં કહ્યું, 'એ વખતે તો તમે આને જ્યાં આપણું નવું રસોડું છે ત્યાં રહેતા.'

'નાનાભાઈ,' ગિજુભાઇએ ચલાવ્યું. 'એવો હું ગિજુભાઈ કાલે કમળાબેન ગયાં ત્યારે ઢઢળી પડચો.'

'પણ કમળાબેને તમને પૂછ્યા વિના જ આપઘાત કર્યો? તમને પૂછચા વિના એ તો પગલું માંડે નહિ.' મે પૂછ્યું :

'છેલ્લા થોડા દિવસથી એ મૃત્યુની જ વાતો કરતાં હતાં, એ કેમ બનશે મોતને શોધતાં ફરતાં હોય એવું મને લાગતું હતું પણ આમ કરશે એની મને કલ્પના જ નહિ ?'

'જેવી પ્રભુની ઇચ્છા.' મેં જણાવ્યું, 'હવે તમારે ધીરજ રાખવી રહી.'

'નાનાભાઈ,' ગિજુભાઈ થંડકતે અવાજે બોલ્યા, 'તમે પુત્રો ને ગુમાવ્યા છે ને શિષ્યો ને ગુમાવ્યા છે. પેલો આપણો વિદ્યાર્થી પાવર હાઉસના હોજમાં કૂખી મૂઓ ત્યારે તમે બેભાન થઈ ગયા હતા અને દિવસો સુધી ગાંડા જેવા ફરતા હતા એ સાંભરે છે ? તે દિવસે તમે તમારા એક ભાષણમાં કહેલું, 'આ કરતાં તો મારો બાબુ ગયો હત તો મને આટલું ઓછું ન આવત.' આજે મારી એવી જ દશા છે. જેને આપણે પાસે રાખીને ભણાવ્યાં, ગણાવ્યાં, હૈયાંની અનેક વાતો કરી અને જીવનનાં સુખદુઃખના સાથી જેવાં થયાં તેવાં ખુદ આપણાં બાળકો જેવાં આવાં લોકો હાથમાં તાળી દેઈને ચાલ્યાં જાય ત્યારે જે લાગે તેનો અનુભવ હોય તેને જ ખબર પડે. કમળાબહેન ગયાં તો ગયાં પણ મને મારતાં ગયાં એમ આજે લાગે છે. આનાં કરતાં તો પ્રભુ કોઈ વિદ્યાર્થીની સાથે આવો સંબંધ ન બાંધવાની તક ન આપે તેને સદ્‌ભાગ્ય માનું.'

'ગિજુભાઈ' હું બોલ્યો, 'તમને થયેલો આઘાત હું સમજું છું. આજે તો આપણે એમ જ માનીએ કે પરમાત્માએ કમળાબહેનને પોતાના કોઈ ગૂઢ સંકેતને અનુસરીને ખેંચી લીધાં. હું અને તમે તો આપણી મમતા પૂરતું રોઈએ પણ જેને આખા વિશ્વનો વિચાર કરવાનો હોય તેની દૃષ્ટિમાં જે યોગ્ય લાગ્યું તે આપણા માટે પણ યોગ્ય જ જાણવું જોઈએ ના ?'

'નાનાભાઈ,' ગિજુભાઈએ કહ્યું. 'હું આજ વાત તમને આગળ કહેતો હતો ના ? પણ આજે મારે પ્રસંગ પડ્યો ત્યારે હૈયું એ વાતને ઝીલી શકતું નથી.'

આમ વાર્તા કરતા કરતા અમે બેઠા હતા ત્યાં બચુની બાએ આવીને ગિજુભાઈને ચા ધરી ને અમે ચાપાણી કરીને છૂટા પડ્યા.

'ગિજુભાઈ !' ગિજુભાઈના ખાટલા પાસે બેઠો બેઠો હું બોલ્યો, 'તમે જોઈએ તેટલો આરામ નથી લેતા ને માંદા માંદા પણ બેંચ્યે રાખો છો તે બરાબર નથી.'

'નાનાભાઈ !' ગિજુભાઈ પથારીમાં ઊભા થઈ ગયા. 'કામ એ જ મારો આરામ છે, એમ મેં તમને ઘણી વાર કહ્યું છે ને આજે ફરીથી કહું છું.'

'પણ ઘોડાને થાક લાગ્યો હોય ત્યારે થોડી વાર તો ખીલે બાંધવો કે નહિ ?' હું બોલ્યો.

'પ્રભુની કૃપાથી હું તમને એવો ઘોડો મળ્યો છું કે તમે મને ખીલે બાંધો તોય ખીલો ઉપાડીને ભાગું.'

'એ જ મારી ફરિયાદ છે.' મેં ચલાવ્યું, 'મારે તમને આરામ આપવો છે ને તમારે આરામ લેવો નથી.'

'નાનાભાઈ', ગિજુભાઈ જોસમાં આવીને બોલવા લાગ્યા. 'જે લોકો વધારે લાંબી આવરદા માગે છે તેના જેવા બીજા કોઈ મને મૂર્ખા નથી લાગતા. સો વર્ષની આવરદા માગવી ને પછી સો વર્ષમાં દસ વર્ષનુંય કામ ન કરવું એના કરતાં પચાસ વર્ષની આવરદામાં સો વર્ષનું કામ કરી છૂટવું એ મને વધારે ગમે. જીવનમાં રગશિયાં ગાડાં જેવા લોકો પર મને ભારે ચીડ ચડે છે. ખાવું ને પીવું, સૂવું ને બેસવું, કામ કરવું ને આરામ લેવો આ બધાં તૂત મને ગમતાં નથી. કામ કરવું ત્યાં સુધી આડું અવળું જોયા વિના કામ કરવું અને જે દિવસે છોડવું તે દિવસે એના સામે નજર ન કરવી એ મારી ફિલસૂફી છે !'

'આપણા જેવા લોકોને આજે આરામ લીધો પરવડે શી રીતે ? નાનાભાઈ, આપણે બન્નેએ તો આપણી દિશામાં તૂટી મરવું એ જ વધારે છે. જેને આરામ લેવો હોય એ ભલે આરામ લીધા કરે.'

ગિજુભાઈને વધારે શ્રમ પડે એમ ધારી હું બોલ્યો નહિ એટલે વળી તેમણે ઉપાડ્યું, 'હું અને હરભાઈ ભારે લવલવિયા. તાવમાં પણ સુખે સૂઈ ન રહીએ. તમે રહ્યા ઋષિ એટલે માંદા પડો ત્યારે પ્રભુસ્મરણ કરો ને ધ્યાનસ્થ બનો.'

વાત વધારે લંબાવવી એ ગિજુભાઈને વધારે શ્રમમાં ઉતારવા જેવું હતું એટલે હું ત્યાંથી ઊઠ્યો ને ઘેર ચાલ્યો ગયો.

'નાનાભાઈ, આવજો.'

'હો.'

'પણ ગિજુભાઈ,' મેં મૌન છોડ્યું, 'માંદા છો ત્યાં સુધી બાળ-

મંદિરનું કામ ન કરો એવો મારો નિયામક તરીકે હુકમ છે?'

'સાહેબ, હુકમ માથે ચઢાવું છું.' ગિજુભાઈએ આગળ ચલાવ્યું. 'બાળમંદિરનું કામ નહિ કરું તો બીજી દશ નવી હલ્લામણો ઊભી કરીશ. મારાથી રહેવાય જ નહિ. માટે જ મને એવો હુકમ ન કરો અને હું કામ કરું તે કરવા દો તો જલદી સાજો થવાનો છું. જે કામમાં મને રસ છે એ કામ કરતાં શ્રમ લાગે નહિ.'

'તમે લોકો કેમ સમજતા નથી?'

'અમે શી રીતે સમજીએ? તમે ભણેલા, અભણ, સમજુ, અણસમજુ સૌને એકઠાં કરીને ભણાવો અને પછી બધાંયને દ્વારકાની છાપ મારો એથી આપણી પ્રતિષ્ઠાને કેવો ધક્કો લાગે છે તેની બબર છે?' એક મિત્રે કહ્યું.

'મારી અને તમારી નજરમાં ફેર છે. તમે વાત વાતમાં પ્રતિષ્ઠાનો વિચાર કરો છો. પ્રતિષ્ઠા એટલે કહેવાતા કેળવાયેલા લોકોનો અભિપ્રાય એમ જ ના? હું આપણાં લાખો બાળકોનો વિચાર કરું છું. આપણી આંખ આગળ લાખો બાળકો રેંસાતાં હોય અને આપણે તે ઊભા ઊભા જોયા કરીએ એ કેમ બને? પ્રતિષ્ઠા આગળ ઉપર જોઈ લેશું? અત્યારે તો એક વાત. આ બાળકોના ખૂન થતાં અટકે તે માટે શંખ ફૂંકો ને જેઓના કાન બહેરા થઈ ગયા છે તેમના કાનને પણ ફોડી નાખે એવો અવાજ કરો. હું આજે એવો શંખ ફૂંકું છું.'

'પણ એથી પેલા બહેરા ચીડાશે ને?' મિત્રે જણાવ્યું.

'છો ચીડાય. એની ચીડનું ઓસડ થશે, પણ એ ચીડાય એ બીકે આજે બાળકોનું ખૂન થવા દેવાય? હું તો આપણાં બાળકોને જોઉં છું ત્યારે મનમાં કંઈ કંઈ થઈ જાય છે. આપણા સમાજના આ દેવોને આપણે ઓળખીએ એટલું આજે બસ છે. પછી વધારે શું કરવું તે જોયું જશે.'

'પણ આ તમારા ચેલા બધા તમારી ફિલસૂફી સમજે છે બરા?' મિત્રે પૂછ્યું.

'હા, સમજે છે, અને ન સમજે તો ય શું? એ ચેલાઓ મારફત બોલું છું તો હું ના? જ્યાં સુધી હું બરાબર સમજું છું ત્યાં સુધી મને ચેલાઓની પણ ચિંતા નથી.'

'પણ એ લોકો તમારી વાતોને વિકૃતરૂપે ફેલાવશે તો ? મિત્રે પૂછ્યું.

'પણ હું જીવતો જાગતો બેઠો છું તે ? એમના માટે દર વર્ષે મારો ધોકો લઈને હું એ બધાની પાસે ફરું છું ને મારી વાત સમાજ પાસે યથાર્થરૂપમાં જ મૂકાય એની સાવધાનતા રાખું છું.'

'પણ તમે નહિ હો તે દિવસે ?'

'તે દિવસે ઈશ્વર જાણે ! હું તમારી ચાપચીપમાં આજે પડવાનો નથી. આજે તો બાળકેળવણીનું એક મોટું મોજું ઊભું થઈ જાય એટલું થાય તો મારે બસ છે, પછી આગળ શું થાય છે તે જોઈ લેશું.'

'તો હું તમારી વાતને સ્વીકારી શકતો નથી, હું માત્ર ઇચ્છું છું કે ભલે થોડું કામ કરો પણ સંગીન કરો.' મિત્રે જણાવ્યું.

'પણ આજે મારો કામનો દાવો જ કયાં છે ? હું તો ફક્ત હવા ઊભી કરું છું. કામ કરનારા ને સંગીન કામ કરનારા તો મારી પાછળ ચાલ્યા આવતા હું દેખું છું.'

'તો મારે વાંધો નથી. મને આટલું સ્પષ્ટ કહો છો એ સમાજને જણાવો એટલે બધા વાંધા પતી જશે.' મિત્રે પૂરું કર્યું.

હું માનું છું કે સ્વ. ગિજુભાઈ માટે આપણે કશું જ કર્યું નથી. એમના કમનસીબે કદાચ એ ગુજરાતમાં જન્મ્યા. ગુજરાત બહાર જન્મ્યા હોત તો આજે જેમ આપણે ડૉ. મોન્ટેસોરીની પૂજા કરીએ છીએ તેમ અને તેટલા જ ઉત્સાહથી એમની પૂજા કરત. બાળશિક્ષણ પદ્ધતિ, તળ ગુજરાતને, તેમજ આપણા દેશને સૌથી વધારે માફક આવે એવી એમની હતી, એ સત્ય એમના જીવતા તો આપણે નથી શીખ્યા; હવે શીખીએ તો યે ગનીમત.

૧૫-૭-૩૯ —ચન્દ્રવદન ચી. મહેતા

૫. મારા ગુરુ

—તારાબેન મોડક

મારા જીવનની એક ધન્ય પળે મેં ભાવનગરમાં પગ મૂકયો અને ટેકરી ઉપરનું બાળમંદિર જોવા ગઈ.

તે વખતે હું પોતાનો વિચાર કરતી ન હતી. હું તો માત્ર મારી દીકરીના શિક્ષણનો વિચાર કરતી હતી, શિક્ષણપદ્ધતિનો વિચાર કરતી હતી. હવાઈ જેવા લાગતા સિદ્ધાંતો વ્યવહારમાં કેવી રીતે મૂકી શકાય તેનો વિચાર કરતી હતી. તે વખતે મને તો ખ્યાલ સરખો યે ન હતો કે આ બાળમંદિરના આચાર્ય મારા જીવનગુરુ થવાના છે; અહીંથી મને જીવનદિશા મળવાની છે ને અહીંથી જ મને જીવનકાર્ય મળવાનું છે !

હું ભાવનગર ગઈ. મારી દીકરીને એક સારી શાળા મળી એ જ આનંદમાં હું હતી. મને શિક્ષણનો અભ્યાસ કરવાની તક મળી તેથી પણ હું ખુશ થઈ હતી. પૂજ્ય નાનાભાઈ અને ગિજુભાઈ જેવાનો સત્સંગ મળવો તે પણ મારા હર્ષનું કારણ હતું.

હું ત્યાં રહીને અભ્યાસ કરવા લાગી. શિક્ષણના સિદ્ધાંતોની ચર્ચામાં ઊંડી ઊતરવા લાગી. નૂતન બાળશિક્ષણના તમામ સિદ્ધાન્તો એકાએક ગળે ઊતરે તેવા નથી ને તેમાં ય મારું મહારાષ્ટ્રીય મગજ. ભાવનાથી સાની લેવાની કે સ્વીકારી લેવાની મારી તૈયારી ન હતી, એટલે રોજ ને રોજ વાચન, મનન અને ચર્ચા ખૂબ ચાલતાં.

ડૉ. મોન્ટીસોરીના શિક્ષણસિદ્ધાન્તના જીવનવ્યાપિત્વનું દર્શન મને તે વખતે થયું. શિક્ષણના નવા સિદ્ધાન્તોની વિશાળતા દેખાઈ. મારા કેટલાયે અસ્પષ્ટ વિચારો સ્પષ્ટ થયા, અધૂરા વિચારો પૂરા થયા. ઉપરછલ્લા વિચારો છોડી હું ઊંડાણથી વિચાર કરતી થઈ.

પૂ. ગિજુભાઈ માનતા કે ડૉ. મોન્ટીસોરીના સિદ્ધાન્તો જ એવા છે કે તેને બરાબર સમજીએ તો મનુષ્ય બદલાઈ જ જાય. ગિજુભાઈ પોતે જેવા ડૉ. મોન્ટીસોરીના અનન્ય ભક્ત હતા તેવી તેમણે મને બનાવી.

અને અમો બાળમંદિરનાં કાર્યો જોસબંધ વધારવા લાગ્યાં, વિસ્તારવા લાગ્યાં, ઘેલાં થઈને તેમની પાછળ મંડી પંડ્યાં. ગિજુભાઈ પોતે ઘેલા બનેલા ને તેઓ તેમની પાસે જે કોઈ આવે તેમને પોતાની જેમ ઘેલા બનાવી દેતા. મને પણ તેમણે ચેપ લગાડ્યો તેમાં નવાઈ ન હતી.

પણ તેમણે તો મને એક કાયમી–કદી ન મટે એવો રોગ લગાડ્યો હતો. તેમણે જીવનહેતુ આપ્યો, મને જીવનકાર્ય આપ્યું કે જે મારી સાથે નિરંતર રહ્યું છે.

આઠ નવ વર્ષ ઉપર મેં ભાવનગર છોડ્યું.* આ કાર્યપ્રદેશ જ છોડવાનો પ્રયત્ન કર્યો. અનેક વલખાં મારીને પાછી શિશુવિહારમાં આવી પડી. મરાઠી શિક્ષણ પત્રિકા જ લઈને બેઠી. મેં હરિજન કાર્ય લીધું, સ્ત્રીઉન્નતિનું કાર્ય ઉપાડ્યું, અને પરિસ્થિતિને કારણે દ્રવ્યોપાર્જનને માર્ગે પણ ચડી. કયાંયે મનની શાંતિ ન મળી. આખરે નૂતન બાળશિક્ષણમાં આવી પડી ને તેમાં સ્થિર થઈ. તે ઘડીએ ખાતરી થઈ કે ગિજુભાઈએ પાકી દીક્ષા આપી હતી.

પૂ. ગિજુભાઈની મારફત મેં જેમ ડો. મોન્ટીસોરીના સિદ્ધાન્તોનું રહસ્ય જાણ્યું અને પરિણામે એક જીવનવ્યાપી દૃષ્ટિ મેળવી તેમ જ બીજું રહસ્ય જાણ્યું પૂજ્ય મહાત્માજીના સિદ્ધાન્તોનું.

તે વખતે નવજીવન ચાલતું. દર અઠવાડિયે બાપુજી કોઈ કોઈ પ્રશ્ન ઉપર કંઈક કંઈક વિચારો પ્રગટ કરતા, અને અમારે ત્યાં એના ઉપર ચર્ચા થતી.

બાપુજીનો વિચારોની અને કાર્યની મહત્તા મને ગિજુભાઈએ દેખાડી. ન દેખાય ત્યાં સુધી કોઈ જાણે કેમ મારી શ્રદ્ધા બેસતી જ નથી. તે બાબતમાં પણ મારું મગજ અસલ મહારાષ્ટ્રી. પૂરેપૂરું અશ્રદ્ધાવાન. ખાદી શું કે અપરિગ્રહવાદ શું ? અહિંસાવાદ પણ પહેલાં તો સો ટકા ગળે ઊતરેલો નહિ. સંયમ આદિ અનેક વાતોનું બરાબર રહસ્ય ન સમજાય. દેશાભિમાન હતું, પણ બાપુજીની વાતો મોન્ટીસોરીની જેમ જ તદ્દન જુદી જ લાગે. જો કે ૧૯૨૦ ની સાલની નાગપુર કોંગ્રેસના વખતથી જ મહાત્માજીનું રાજકીય નેતૃત્વ મેં સ્વીકારેલું અને તેમનાં ભાષણો ને લખાણ ઉપર મુગ્ધ બની ગયેલી હતી, પણ અંદરથી બરેબરની રંગાયેલી નહિ. તે રંગ ગિજુભાઈએ લગાડ્યો.

---

* ૧૯૩૨–૩૩ માં સં.

આ રીતે આજની એ મહાન વિભૂતિઓની ફિલસૂફી–તત્વજ્ઞાનનું રહસ્ય સમજાવી, તેની દીક્ષા દેનાર ગુરુ ગિજુભાઈ હતા. તેથી જ તેમને હું જીવનગુરુ કહું છું.

હું વિલાયત ગઈ હોત, શિક્ષણની ડિગ્રી લઈને આવી હોત, ગમે તેટલું શિક્ષણનું કાર્ય કર્યું હોત, કદાચ શિક્ષણકાર્યની ખાતર અમુક હદે સ્વાર્થ ત્યાગ પણ કર્યો હોત તો પણ આ ગુરુના મંત્ર વગર વિચાર આચારની સ્થિરતા અને સમતોલપણું ન મેળવી શકી હોત એટલું નક્કી છે. કારણ ગિજુભાઈએ જ્ઞાન આપ્યું તે માત્ર ચર્ચા કે વ્યાખ્યાનથી નહિ પણ તેમના જીવનથી. અમે કેટલીયે વાર ચર્ચા કરી કરીને થાકી જતાં. મને બરાબર ન સમજાય ત્યાં સુધી હું 'હા' કહું નહિ. ગિજુભાઈ સખેદ વાત છોડી દેતા. હું પણ દુઃખી થતી કે મને વાત કેમ સમજાતી નથી. અથવા મારું સાચું હોય તો હું ગિજુભાઈને કેમ સમજાવી શકતી નથી ! આખરે અમે વાત છોડી દેતાં ને કોઈવાર તેમના કોઈ આચરણથી, કોઈ કૃતિથી, કોઈ પ્રસંગથી મને વાત આપોઆપ સમજાઈ જતી.

આમ ગિજુભાઈનો નિકટ સહવાસ અને સહકાર્યનો જે મને અમૂલ્ય લાભ મળ્યો તે મારે માટે તો જીવનપલટો કરાવનાર અને જીવનહેતુ આપનાર નીવડ્યો છે.

જેમ કોઈ જીવનમંત્રો તરીકે કોઈ શ્લોકો અથવા ગીતો રાખે છે તેમ ગિજુભાઈની પાસે કેટલીએક વાર્તાઓ રહેતી.એક બે મને ખાસ યાદ છે.

'એક જ લક્ષ્ય' એ વાર્તા તેમને બહુ જ ગમતી ને હમેશ ફરી ફરીથી ખૂબ લડાવી લડાવીને તેઓ દરેક વર્ષે વિદ્યાર્થીઓ આગળ કહેતા.

ખરેખર તેમના જીવનકાર્યનું રહસ્ય એ વાર્તામાં છે. અર્જુનને જેમ ડાળ નહિ, પાંદડાં નહિ, પોપટ નહિ, પોપટની પાંખ કે ગળું કે કંઈ નહિ, પણ બાણથી ઉડાડવાની એક આંખ માત્ર દેખાતી હતી તેમ જ ગિજુભાઈને પોતે સ્વીકારેલ કાર્ય સિવાય કંઈજ દેખાતું નહિ. તેમની દરેક કૃતિ, દરેક કાગળ કે વાત એમના કાર્યની આસપાસ જ ગૂંથાયેલી રહેતી.

તેમની બીજી અત્યંત પ્રિય વાર્તા તે જનકરાજાની. અષ્ટાવક્ર ઋષિએ ઉત્પન્ન કરેલી માયાને પરિણામે લાગેલી આગમાંથી બીજા ઋષિઓ પોતાની ક્ષુદ્ર મિલકત બચાવવા કેમ દોડ્યા ને આખા રાજનો ધણી જનક

શાંત ચિત્તે અષ્ટાવક્રનો શાસ્ત્રાર્થ કેમ સાંભળતો રહ્યો વગેરે વાતો એટલી ખીલવી ખીલવીને ગિજુભાઈ કહેતા કે કોઈવાર તેમની જ આંખે આંસુ આવી જતાં અથવા ગળું રૂંધાઈ જતું.

"નાડું પકડયું તે પકડયું" એ વાર્તા પણ તેમને ખૂબ ગમતી. એ વાર્તા તેમના જીવનઆદર્શને દેખાડનારી છે.

ભગવાન બુદ્ધની વાતો કહેતાં તો તેઓ અત્યંત રંગાઈ જતા. એક વાર કહે :"બસ, બુદ્ધનું નાટક હું એકલો જ કરીશ.' જાણે વાર્તા કહી કહીને સંતોષ ન મળ્યો એટલે આખું ચરિત્ર પોતે એકલા જ ભજવી બતાવ્યું. અમે જોનારા તો મંત્રમુગ્ધ થઈને જોઈ જ રહ્યાં હતાં. તેમની અભિનયકુશળતા કે ભાષા ઉપરના અસાધારણ કાબૂથી નાટક હૃદયંગમ થયું હતું. એના કરતાં એની સાથે જે અંતરનો ઉમંગ હતો, એકતાનતા હતી, જે બુદ્ધ જેવા થવાનો તેમના મનનો તડફડાટ હતો તે બધું તેમના નાટકમાં દેખાતું હતું.

બીજા સાધુસંતોની વાતો પણ તેમની પાસે ઘણી જ હતી. તેઓ ઘણી વાર કહેતા : "હું અમેરિકન બાસ્સિયતવાળો છું ને નાનાભાઈ આર્યકાલીન છે." પણ મને તો તેઓ પણ અસલ આર્યકાલીન જ લાગતા. કામની ઝડપ એ એક જ નવા જમાનાની વાત તેમણે અમેરિકનો પાસેથી લીધી હોય તો. બાકી તો બધું પુરાતન ઋષિની જેમ જ તેઓ ચલાવતા હતા. તેમના શિષ્યોએ જે સ્મરણો લખ્યાં છે તેમાં આ વાત પ્રતીત થાય છે. તેઓ પોતે આર્યકાલીન ગુરુ જેવા હતા એમ કહેવા કરતાં તેઓ પોતે આર્યકાલીન ગુરુના શિષ્ય હતા. જે અનેક વાર્તાઓ તેમની પાસે હતી તે કહી તે બતાવતા. તે બધાની મારફત તેઓ પોતે શિક્ષામણ લેતા હતા ને તે ઢબે જાતને ઘડતા હતા. છતાં એ પણ ખરું જ કે જૂનાને જ વળગી રહેવાની જડતા એમનામાં જરા પણ ન હતી તેથી જ તેઓ ઘણી વાર આચારવિચારમાં યાવની ઢબના લાગતા.

"I am fired with Dr. Montessori's principles."

એ અર્થનું કંઈક વાક્ય તેમનો જે પહેલો પત્ર મારા પર રાજકોટ આવ્યો તેમાં હતું. ૧૯૨૨ માં તેમણે જે શબ્દ લખ્યો તે જ આખર ૧૯૩૯ સુધી મને તો તેમનામાં દેખાયા કર્યો છે. તેઓ Fired હતા, જ્વલંત

હતા. કોઈ કોઈ વાર હું એકાદ નાની એવી કલ્પના કાઢતી; ગિજુભાઈ આંગળ મૂકતી ને પછી ગિજુભાઈ તેને જે રીતે ઉપાડતા તે જોઈ ને તો કોઈ કોઈ વાર હું ઊંધી જતી. ગિજુભાઈના હાથમાં તે વાત જુદું જ રૂપ પકડતી. મારી કલ્પનાની બહારનું એનું વિરાટ રૂપ જોઈને હું છક્ક થઈ જતી. અક્ષરજ્ઞાન યોજનાનું એમ જ બન્યું. "આપણે લડતમાં જવું જોઈએ કે નહિ?" એ પ્રશ્ન ૧૯૩૦ માં ચર્ચાતો હતો. મેં કહ્યું: "અપણે હિંદી છીએ એટલે જોડાવું તો જોઈએ જ. પણ શિક્ષક તરીકે આપણા ક્ષેત્રમાં રહીને લડી શકાતું હોય ત્યાં સુધી તેમ કરવું જોઈએ. કેમ કે જેલમાં જવાનું તો સૌ કોઈ કરી શકે. પણ બારો કે નિરક્ષરતા દૂર કરવી હોય તો તેનો રસ્તો શિક્ષક વગર કોણ બતાવી શકે?"

બસ ગિજુભાઈએ વાત પકડી ને ઉપાડી. રાતોરાત પુસ્તક તૈયાર કર્યું. ચાલતે બાલમંદિરે અખતરા. અધ્યાપન વર્ગને આખાને નાખ્યો એમાં જ. વાડીઓમાં જાવ, વર્ગ ચલાવો. અનેક રીતે તેમણે તો સળગાવી મૂકયું ને ચાલ્યું.

આમ ગિજુભાઈ તો આગના ગોળા જેવા હતા. તેથી જ તેઓ જે કોઈ પાસે આવે તેમને પણ સળગાવતા. તેથી જ આટલા થોડા વખતમાં તેઓ આટલું બધું કરી શકયા. તેઓ જબરા પ્રચારક હતા. તેનું રહસ્ય પણ તેમની અંદર પ્રકટેલા આ મહાઅગ્નિમાં જ છે, મહાજ્યોતિમાં છે. જ્યોતથી જ્યોત પ્રગટે તેમ તેઓ જ્યાં જતા ત્યાં પાંચપચીસને પોતાના વિચારોનો ચેપ લગાડી જ આવતા.

છેલ્લે છેલ્લે એટલે લગભગ ૧૯૨૫ થી ૧૯૩૯ સુધી તેમણે પ્રચારનું જ કામ મુખ્યતઃ કર્યું છે. તેમનું લેખન અને તેમનું અધ્યાપનમંદિર એ બે તેમના પ્રચારનાં મુખ્ય સાધનો હતાં. છેલ્લે છેલ્લે તેઓ ખૂબ ફરતા અને જાતે વ્યાખ્યાનો આપીને પણ પ્રચારકાર્ય કરતા.

આમ તેમણે ખૂબ જોસબંધ પ્રચારકામ કર્યું તેનું કારણ પણ આ અંદરનો સળગેલો અગ્નિ. કેટલાકોક બહિર્મુખ જ હોય છે, પ્રચાર જેવું કામકાજ તેમને વધારે ફાવે છે, તેવું ગિજુભાઈનું ન હતું. તેમને તો શાંતિથી એક ખૂણામાં બેસી પ્રયોગો કરવાનું ને અધ્યયન, ચિંતન કરવાનું કામ પણ ફાવત. કદાચ તે વધારે પણ ફાવત, પણ તેઓએ જોયું કે બાળકોને ચાલુ શાળાઓ, શિક્ષકો અને બાબાપો ખૂબ જ અન્યાય કરતાં

હતાં; બાળકો એટલાં બધાં કચરાયેલાં હતાં કે તે અકળામણ, તે અન્યાય બંધ કરવાને માટે ખૂબ પ્રયત્નો તેમણે શરૂ કર્યા. પહેલાં તો તેમની ભાષા એટલી બધી આકરી હતી કે તેઓ પ્રચારક થઈ શકતા ન હતા. તે વખતે તો તેઓ બળવો ને લડત વગેરેમાં જ માનતા. આકરા શબ્દમાં, સ્પષ્ટ શબ્દમાં ન કહીએ ત્યાં સુધી કોઈ માનવાનું નથી, સાંભળવાનું નથી એમ જ તેઓ માનતા. એનું કારણ તેમના અંદરની દાઝ. તેઓ અંદરથી બળતા હતા અને તે બળતરા સહન કરી શકતા ન હતા તેથી આકરી ભાષામાં તે વ્યક્ત કરતા. પાછળથી તેઓ ઓછા બળતા હતા એમ નહિ પણ તેઓ સમજ્યા હતા કે આ શિક્ષકો ને આ માબાપોને મેળવીને જ કામ થશે. તેમને ગાળો દઈને આકરું બોલીને તેઓ બિલકુલ જ સાંભળશે નહિ. એટલે તેમની વાત કરવાની ને લખવાની ઢબ બદલતી ગઈ ને તેમનું પ્રચારકામ જોસબંધ આગળ વધ્યું. તેમની મીઠી વાણીથી તેમણે માબાપોને પણ આકર્ષી લીધાં ને શિક્ષકોનાં મન પણ જીત્યાં.

તેઓ જાણતા હતા કે અત્યાર સુધી કર્યું છે તે માત્ર પ્રાસ્તાવિક કામ છે.

મુંબઈમાં છેલ્લી માંદગીમાં તેઓ પથારીવશ હતા ત્યારે હું મળવા ગઈ.

તે વખતે તેઓ કોઈ પણ જૂના મિત્રને મળતા ત્યારે એકદમ ભાવનાવશ થઈને રડવા લાગતા. તેમ જ હું ગઈ ત્યારે પણ થયું. થોડો વખત તો અમે કોઈ જ કાંઈ બોલી શક્યાં નહિ. પણ પછી વાતો ચાલી ત્યારે ગિજુભાઈએ હાથથી બતાવ્યું કે હવે તેમનું જીવન પૂરું થયું છે. મેં કહ્યું: "એમ કેમ ચાલે? આટલું બધું અધૂરું મૂકીને કંઈ જવાય? હજી તો ઘણું જ બાકી છે."

ગિજુભાઈએ તરત પેન્સિલ ને પેડ માગી લીધું ને લખવા લાગ્યા. બરાબર લખાતું ન હતું. અક્ષરો ને શબ્દો અસ્પષ્ટ હતા .પણ કાંઈક આ અર્થનું લખ્યું એમ લાગ્યું:

"If you desire, I shall continue the work. Providence granting life."

ઈશ્વરી ઇચ્છા જુદી હતી. તેમનું ભાંગી ગયેલું શરીર તેમના આત્માને માટે પૂરતું સાધન ન હતું. તેઓ ઇચ્છતા તેટલું તે ચાલી શકતું ન હતું. છતાં ગિજુભાઈ તો તેની પાસેથી ધાર્યું કામ જ લેતા.

તે કેમ ચાલે ?

આખરે તેઓ બંધનમુક્ત થયા. પણ પાછળ રહેનારા મિત્રોના ઉપર તો વજ્રઘાત થયો.

ગિજુભાઈ ગયા. પણ તેઓ અનેકોને દૃષ્ટિ આપતા ગયા છે, અનેકોને સળગાવતા ગયા છે. અનેકોને કાર્ય આપતા ગયા છે.

બાળકોનો બેલી ગયો, બાળકોનો વકીલ ગયો, બાળકોનો મિત્ર ગયો, બાળકોને વાર્તા કહેનાર ગયો, છતાં તેમનું કાર્ય રહ્યું છે. તે હવે અટકશે

ગુજરાતના ઉછરતા બાળકનૈયાઓની સ્નેહલ માતા જેવા પ્રસિદ્ધિ પામેલા ગિજુભાઈનું અકાળ અવસાન જાણે ગુજરાતને માતાવિહોણું કીધું હોય તેવું સાલે છે. પંદર વર્ષ પર ભાવનગરમાં દક્ષિણામૂર્તિ ભવન જોવા જવાની મને તક મળી હતી,* ત્યારે મને ગિજુભાઈનો પ્રથમ પ્રસંગ સાંપડ્યો હતો અને ગિજુભાઈની નિશાળ નહીં પણ બાલવાટિકા જોઈને હું પ્રસન્ન થયો હતો. ગુજરાતને નવીન બાલશિક્ષણનો શુદ્ધ ખ્યાલ આપનાર પ્રથમ ગિજુભાઈ જ હતા, અને પ્રભુએ જ જાણે એમને બાળકોના પયગમ્બર કરીને પૃથ્વી પર મોકલ્યા હતા. નવું ગુજરાત જ્યારે ઘડાવા માંડ્યું છે ત્યારે ગિજુભાઈ જેવા સાચા ને પયગમ્બરી શિક્ષકની ખોટ આપણને સૌને સાલે તેવી છે; એમના સ્મરણ યજ્ઞમાં ચંદનની બે સળી હોમવા અહીં બિછાનામાં પડેલો હું આ પાઠવું છું અને એટલી ફરજ બજાવીને સંતોષ લઉં છું. ગિજુભાઈની મહોરેલી બાળવાડી સદા ફાલેલીફૂલી રહે તેમજ તેમાં જ તેમનો અમર આત્મા પ્રફુલ્લિત રહેશે.

—અરદેશર ફરામજી ખબરદાર

* સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રસંગે–સં. ૧૫-૭-૩૯ની શોકસભામાં પાઠવેલ સંદેશ.

૬. શ્રી ગિજુભાઈ

મોંઘીબેન બધેકા

પૂ. ગિજુભાઈની ટૂંકી સ્મરણાંજલિ લખવાનું જ્યારે મને કહેવામાં આવ્યું ત્યારે મને થયું કે શું લખું અને શું ન લખું ? હું તો એમની સાથે નાનપણથી રહેલી એમ કહું તો ચાલે અને છેલ્લા ૧૫ વર્ષથી તો સાથે જ હતી. એટલે એમની સાથેના પ્રસંગો લખવા બેસું તો પાર ન આવે. છતાં અહીં તો મર્યાદામાં જ લખવાનું હોઈ થોડા જ પ્રસંગો લખીશ.

બાળમંદિરની ટેકરી ચડે એટલે ગિજુભાઈ બાળમંદિર સિવાય આખી દુનિયા જાણે વિસરી જતા. એ વખતે કોઈ સગાંવહાલાં કે અન્ય ઓળખીતાને એમ લાગે કે જાણે ગિજુભાઈ આપણને ઓળખે છે કે ઓળખતા જ નથી. એ જ માણસો ઘેર ગયા હોય ત્યારે એમનું આતિથ્ય કરવા તે ચૂકતા નહિ.

આજથી ૧૭ વર્ષ પહેલાં જ્યારે હું બાળમંદિરમાં જોડાઈ ત્યારે પહેલે જ દિવસે એમણે મને કહેલું : 'જો મોંઘી, બાળમંદિરનું પગથિયું ચડ્યા પછી આપણે કાકાભત્રીજી છીએ એ વાત તદ્દન ભૂલી જવી. બાળમંદિરમાં તો આપણે કામ કરવાનું છે.'

બાળદુનિયામાં મહાન ફેરફાર કરનાર અને બાળકેળવણીના પિતા હોવા છતાં એમનું અંતિમ ધ્યેય જુદું જ હતું, અને તે આત્મદર્શન કરવાનું. એકવાર અમે વિક્ટોરિયા પાર્કમાં ફરવા ગયાં હતાં, ત્યારે તેમણે મને કહ્યું હતું : "મોંઘી, તને એક બાનગી વાત કહું ? કોઈને કહીશ નહિ." હું આશ્ચર્ય પામતી એમની સામે જોઈ રહી. એવી તે શું બાનગી વાત કહેવાની હશે !

તેમણે કહ્યું: "આ સંસ્થાના ૨૦ વર્ષ પૂરાં થયાં એટલે હું તો હિમાલયમાં ચાલ્યો જવાનો છું. આવું કામ તો ઘણું કર્યું પણ એનાથી કાંઈ આત્મદર્શન થોડું જ થવાનું છે ? એટલે પાછલી જિંદગી હિમા-

લયમાં ગાળવી ને ત્યાં એક આશ્રમ સ્થાપવો એવી મારી ઇચ્છા છે. તું આવીશ ?" આ એમનું ધ્યેય હતું. ભયંકર માંદગીને બિછાને પડ્યા પછી પણ આત્મદર્શન તો ન જ થઈ શકયું એ વાત યાદ આવતાં તેઓ એક દિવસ ખૂબ રડ્યા હતા અને એક બીજાને પણ રડાવ્યાં હતાં.

ભજનો સાંભળવા એમને ખૂબ જ ગમતાં. કામકાજમાંથી જરા અવકાશ મળે તો તરત જ મને બોલાવતા અને કહેતા : "એક બે ભજન તો ગા. આ વધું કામ તો 'મેલ કરવત ભાઈ મોચીડા ને મોચીડા' તો છે જ."

કોઈ કોઈ ભજનો કે કોઈ સંત પુરુષની વાતો સાંભળી તેઓ ગદ્‌ગદ્ કંઠે થઈ જતા. એ વખતના ગિજુભાઈ જુદી જ જાતના લાગતા.

કામકાજ કરવાની ને કરાવવાની એમની રીત અદ્‌ભુત હતી. ગમે તેવા માણસ પાસેથી તેઓ કામ કરાવી શકતા. તેઓ માત્ર હુકમ કરીને બેસી રહેતા નહિ પણ સાથોસાથ કામમાં જોડાતા. 'શિક્ષણ પત્રિકા'-ના રેપર ચોંટાડવા અને ટિકિટો ચોડવા અમે રાતના બે બે અઢી અઢી વાગ્યા સુધી જાગતાં પણ તેમની વિનોદભરી વાતચીતથી અમને થાક તો ન જ લાગતો પણ વખત કયાં વીત્યો એની પણ ખબર પડતી નહિ.

પૂ. ગિજુભાઈ લાગણીપ્રધાન ખૂબ હતા. પોતાના તરફથી કોઈને માઠું લાગ્યું છે એમ ખબર પડતાં એની પાસે જઈ મનાવી લેતા ત્યારે જ એમને શાંતિ થતી. પોતાનાથી નાનાની માફી માગતા એમને જરાયે સંકોચ થતો નહિ. સામું માણસ તો શરમાઈને ધૂળ થઈ જતું.

એકવાર અમે સુરતને સ્ટેશને બેઠાં હતાં. વાતચીત કરતાં થોડો જરા બોટું લાગ્યું પણ ત્યાં તો ગાડી ઊપડવાનો વખત થયો એટલે ગિજુભાઈ ગાડીમાં બેસી ગયા. તેઓ ભાવનગર ગયા અને હું મુંબઈ આવી. મુંબઈ પહોંચ્યા પછી બીજે જ દિવસે મને તેમનો ગાડીમાંથી જ લખેલો પત્ર મળ્યો. લખ્યું હતું : "સુરતને સ્ટેશને તારું દિલ દુભવવા બદલ હું તારી માફી માગું છું."

કેટલીક વાર તો ગિજુભાઈ એવી ભૂલ કરતા કે જેથી ખૂબ હસવું આવતું. એવો એક પ્રસંગ લખીને હું લખવાનું બંધ કરીશ.

ત્રણ વર્ષ પહેલાં ગિજુભાઈ માંદા હતા, ત્યારે અમે રાજુલા હવાફેર કરવા ગયાં હતાં. અમારા બારણાને બેકલી સાંકળ હતી તેથી

દર વખતે ઉઘાડવા જવાની પંચાત પડતી. ખુલ્લું રાખીએ તો ઢોર પેસી જતાં. એટલે સુતારને બોલાવી આગળીઓ કરાવવાનો હતો. સુતાર આવ્યો એને હું સમજાવતી હતી કે આંગળીઓ કયાં અને કેવી રીતે કરવો. ત્યાં તો હજામત કરતાં કરતાં ગિજુભાઈ એકદમ દોડી આવ્યા. "અરે મોંઘી, આગળીઓ બહારથી ઊઘડે એવી રીતે તું કરવાનું કહે છે પણ આપણે બહારથી કેવી રીતે ઉઘાડશું ? આપણે તો અંદર હોઈશું ને ?"

મેં કહ્યું: "આગળીઆનો હાથો બહાર રાખવો એમ હું કહું છું, બાકી આગળીઓ ઊઘડે તો બન્ને બાજુથી જ ! એ સાંકળ છે કે ન ઊઘડે ?" પછી તો અમે ખૂબ હસ્યાં ને હું પણ એ વાત વારંવાર યાદ કરી કહેતી: 'ગિજુભાઈ, પેલો આગળિયો !'

જ્યારે અફાટ આકાશમાં એકેય તારાનો ઝાંખો એવો યે પ્રકાશ નથી રહ્યો;

જ્યારે દૂર કે નજીકના કિનારાઓ ઉપર એકેય દીવાદાંડીનો પ્રકાશ નથી દેખાતો;

જ્યારે દરિયાનાં મોજાં સુદ્ધાં કાળરાત્રિમાં કાળાં ડિબ્બાણ જેવાં થઈ રહ્યાં છે;

અને એ વેળાએ જ્યારે દિશાભૂલ્યું મારું વહાણ સાગર-તરંગો ઉપર આમતેમ ડોલી રહ્યું છે—

ત્યારે ઓ, મારા પ્રભુ ! આ એક નાનો એવો દીપક મારા વિકટ માર્ગને અજવાળી રહ્યો છે, અને એ પ્રકાશે હું મારું નાવ નિશ્ચિંતપણે હંકારી રહ્યો છું.

એ મારો નાનો દીપક, ભગવન્ ! તારા ઉપરની મારી અખંડ અને નિઃસીમ શ્રદ્ધા છે.

'શાંત પળોમાં'

શતાબ્દી આવૃત્તિ : ૧૯૮૩ પૃ. ૨-૩ —ગિજુભાઈ

૭. સાધના એનો જીવનમંત્ર હતો

હરભાઈ ત્રિવેદી

સાધના કર્યા સિવાય કોઈ પણ કાર્યને આત્યંતિક સફળ બનાવી શકાતું નથી એવો ગિજુભાઈના જીવનનો એક મંત્ર હતો. એક સાધક જેટલા આગ્રહથી અને જેટલી ચિત્તવૃત્તિની એકાગ્રતાથી હાથમાં લીધેલા કાર્યને પાર પાડે છે તેટલો આગ્રહ અને ચિત્તવૃત્તિની તેટલી એકાગ્રતા ગિજુભાઈમાં હંમેશાં જોવા મળતાં. ત્રેપન વર્ષ જેટલી નાની વયમાં એમના મૃત્યુકાળ સમયે જે કંઈ વિશિષ્ટ સદ્‌ગુણો એમના જીવનમાં પ્રતિબિંબિત થયા હતા તે સદ્‌ગુણો ખીલવાની ખરી ચાવી તેમની આ સાધનાની વૃત્તિમાં રહેલી હતી.

એક વખત નક્કી કર્યું કે ધંધા તરીકે વકીલાતનો ધંધો ફાવશે એટલે કાયદાનાં પુસ્તકો ખરીદ્યાં અને વકીલાતની પરીક્ષા આપવા સારુ એનો અભ્યાસ શરૂ કર્યો. અભ્યાસનો એ કાળ બહુ લાંબો ન હતો, પરંતુ એ કાળ દરમિયાન જે કોઈ એમને મળતું અથવા તો એમની સાથે વાતો કરતું તે સૌને ગિજુભાઈ કાયદામય બની ગયેલા દેખાતા. એકસો આઠ શબ્દોનાં લાંબાં લાંબા વાક્યો મોઢે રાખીને ગૌરવની અમારી સમક્ષ બોલી જતા. એમ જ જણાય કે ગિજુભાઈની માનસિક દુનિયામાં કાયદાના જ્ઞાન સિવાય બીજી એકે વસ્તુ રહેલી છે જ નહિ.

કમાવાનો મોહ છોડીને હતું તેટલું સર્વસ્વ ત્યાગી ઈ. સ. ૧૯૧૬માં એમણે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનનું આજીવનસહ્યપદ સ્વીકાર્યું. એ વખતે માત્ર છાત્રાલય ચાલતું હતું. ગિજુભાઈ છાત્રાલયના ગૃહપતિ બન્યા ગૃહપતિપદનો એ કાળ પણ બે વર્ષથી વધુ નહિ ટકેલો. પરંતુ એ સમય દરમિયાન ગિજુભાઈની સમગ્ર વિચારસરણી અને સમગ્ર ધ્યાન છાત્રાલયના નાનામોટા પ્રશ્નો ઉપર કેન્દ્રિત થયેલાં દેખાતાં. એમની દુનિયામાં તે વખતે છાત્રાલયનું રસોડું હતું, વિદ્યાર્થીઓનું શરીરસ્વાસ્થ્ય હતું અને તેમના અભ્યાસની ચિંતા હતી. એમની સાથે વાતો કરતી વખતે તમે ગમે તે

વિષય કાઢો તો પણ એ વાતો ઉપરથી છાત્રાલયજીવનના ગંભીર પ્રશ્નોમાં તેઓ સરી પડતા અને એક એવા પ્રકારનું વાતાવરણ રચતા કે તમામ પ્રશ્નોનો ઉકેલ જાણે કે છાત્રાલયસંસ્થા જ કરી શકશે.

ઈ. સ. ૧૯૧૮માં દક્ષિણામૂર્તિ વિદ્યાલયની સ્થાપના થઈ. ગિજુભાઈ ગૃહપતિ મટી શિક્ષક અને આચાર્ય બન્યા. કાર્યક્ષેત્ર બદલ્યું તેની સાથે જ સાધનાની પદ્ધતિ અને સાધનો બદલ્યાં. વિદ્યાર્થીઓનો અભ્યાસ તેમની સતત ચિંતાનો વિષય બની ગયો. પ્રાતઃકાળે પાંચ વાગે ઊઠીને પોતાનો ભણાવવાના વિષય માટે ગંભીરપણે તૈયારી કરતા હરહંમેશ તેઓ દેખાતા. દશબાર વરસનાં છોકરાં જ નાનાં બાળકોને અંગ્રેજી શીખવવાનું કામ તેમણે માથે લીધેલું. અંગ્રેજી ભાષા શીખવવાની સારામાં સારી પદ્ધતિઓનો અભ્યાસ દ્વારા તેમણે પરિચય મેળવ્યો અને એ બધાયમાંથી ઉત્તમ શિક્ષણપદ્ધતિનું પોતે જ નિર્માણ કર્યું; દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન તે કાળમાં પૈસેટકે બહુ સમૃદ્ધ ન હતું. શાળાની વ્યવસ્થા સારુ પટાવાળો અને કારકુન અનિવાર્ય હતા પરંતુ તેની જોગવાઈ ન હતી. અમે બેઉ કેટલીયે વખત પટાવાળા અને કારકુનો બની જતા. શાળાની વ્યવસ્થાની ઝીણામાં ઝીણી વિગત એમની નજર બહાર ન રહેતી. ભાવનગરના શિક્ષણરસિયા સજ્જનોને વિદ્યાલયને આંગણે બોલાવતા અને શિક્ષણસંસ્થા જ રોગમાત્રનો એક જ ઉપાય છે એમ સમજાવવાના પ્રયત્નો કરતા. દરેકેદરેક વિષયને શીખવવા માટે તે વિષયના શિક્ષક સારુ એમણે જુદા જુદા શિક્ષક સારુ એમણે જુદા જુદા પ્રસ્તાવો તૈયાર કર્યા હતા. આજે પણ એ પ્રસ્તાવો સાબિત કરે છે કે શિક્ષકનું કાર્યક્ષેત્ર એક સાધકના જેવું છે અને સાધના એ એનો જીવનમંત્ર છે.

ઈ. સ. ૧૯૨૦માં દક્ષિણામૂર્તિ બાળમંદિર સ્થપાયું. એની સ્થાપના પાછળ કેવળ ગિજુભાઈનો આગ્રહ જ હતો. એમને સમજાવા લાગ્યું હતું કે સાચા અને શાસ્ત્રીય બાળશિક્ષણ વિના કેળવણીના ક્ષેત્રનો ઉદ્ધાર નથી. શાસ્ત્રીય બાળશિક્ષણ કેવા પ્રકારનું હોવું જોઈએ એની તેમને એ વખતે કશી કલ્પના ન હતી. બાળમંદિરનાં સાધનોમાં બજારમાં વેચાતાં સામાન્ય રમકડાંઓને પણ સ્થાન હતું. પરંતુ એમની સાધના અજબ હતી. બાળકોને રમંત રમાડતી નાનકડી બાળશાળામાંથી સમગ્ર દેશનું એક આદર્શ બાળમંદિર ઊભું થયું. એ દિવસો દરમિયાન જેમણે એમનો પરિચય

મેળવ્યો છે એ સૌ કોઈ જાણે છે કે એમનું આખુંયે કાર્યક્ષેત્ર બાળ-માનસના અભ્યાસમાં અને બાળશિક્ષણની પદ્ધતિઓનું નિર્માણ કરવામાં મર્યાદિત થઈ ગયું હતું. બાળક સિવાય બીજા કશામાં એમને રસ નહતો. બાળશિક્ષણ અને બાળમાનસ સિવાય બીજે કોઈ પણ એમના અભ્યાસનો વિષય ન હતો. કારણ કે ગિજુભાઈ એક સાધક હતો અને સાધના એમના જીવનનો મંત્ર હતો.

ઈ સ. ૧૯૨૦થી ૧૯૩૦ સુધીનો કાળ આપણા દેશ સારુ સ્વાતંત્ર્યની તૈયારી કરવાનો હતો. આ કાળ દરમિયાન ગુજરાતભરમાં રાષ્ટ્રીય શિક્ષણનું નિર્માણ ચાલી રહ્યું હતું. રાષ્ટ્રીય શિક્ષણ અને શાસ્ત્રીય શિક્ષણ વચ્ચેની ચર્ચા તે કાળમાં ઉગ્રપણે ચાલતી હતી. ગિજુભાઈ રાષ્ટ્રીય શિક્ષણમાં ઊંડી શ્રદ્ધા રાખનારા હતા. પરંતુ તેઓ જોરશોરથી સાબિત કર્યા કરતા હતા કે શુદ્ધ અને શાસ્ત્રીય શિક્ષણ જ રાષ્ટ્રીય શિક્ષણ હોઈ શકે. રાષ્ટ્રીય શિક્ષણના ક્રમમાં શાસ્ત્રીયતાને અવગણવામાં આવે અથવા તો વિશાળ માનવતાના કોઈ પણ ઉદા સિદ્ધાંતને ઉવેખવામાં આવે તો તે શિક્ષણ તેમને મંજૂર ન હતું. શિક્ષણની એમની ફિલસૂફીમાં સંકુચિતતાને અવકાશ ન હતો અને દેશપરદેશનો ભેદ ન હતો.

એક મિત્રે એક વખત એમને પૂછેલું કે આપણા દેશ માટે પ્રથમ કેળવણી કે પ્રથમ સ્વરાજ ? એમણે અચકાયા વગર તુરત જ જવાબ આપેલો કે તેમને મન પ્રથમ સ્થાન કેળવણીને હતું. બાળકેળવણી સ્વરાજ-પ્રગતિ માટેનું આવશ્યક અને અગત્યનું સાધન તેઓ ગણતા. સ્વરાજ-પ્રાપ્તિ પણ શાસ્ત્રીય કેળવણી વિના એમને મન શક્ય ન હતી. આ બધાયનું કારણ એ હતું કે એમની આખી વિચારસરણી જ કોઈ એક સાધકના જેવી હતી. જે વસ્તુ હાથમાં લે એ એમને માટે સાધનાની વસ્તુ બની જતી અને તે દ્વારા જ બીજી તમામ બાબતોની સિદ્ધિ તેઓ સંભવિત ગણતા.

છેલ્લે છેલ્લે ગિજુભાઈએ પોતાનું કાર્યક્ષેત્ર ઘણું વિશાળ બનાવી મૂકયું હતું. એમનો પત્રવ્યવહાર, એમનું સાહિત્યસર્જન, એમનું અધ્યાપનકાર્ય અને અને એમની ઇતર પ્રવૃત્તિઓ બધું જ એમના માટે એક સાધના જેવું હતું. પોતાના આત્માની ઉન્નતિ અને આત્મજ્ઞાન એ સાધના દ્વારા જ સાધી શકવાના છે એવી તેમને અખંડ શ્રદ્ધા હતી. એ શ્રદ્ધાએ જ એમની સાધનાને સફળ બનાવી છે અને સમગ્ર ગુજરાત પાસે એક સાચા સાધકનું અનુકરણીય જીવન ભેટ કર્યું છે.

૮. કેળવણીના દૃષ્ટા

વિઠ્ઠલરાય ય. આવસથી

સને ૧૯૧૫ તથા ૧૬ની સાલમાં હું શ્રી દક્ષિણામૂર્તિ વિનય-મંદિરમાં શિક્ષકનું કામ કરતો તે અરસામાં દક્ષિણામૂર્તિ ભવનના નિયામક શ્રી. નાનાભાઈએ મને એક દિવસ કહ્યું : "આપણી સંસ્થામાં આજીવનસભ્ય તરીકે જોડાઈ કામ કરવા આ ભાઈ આજથી આવ્યા છે, એમનું નામ ગિજુભાઈ; તેઓ આપણા મોટા ભાઈ (હરગોવિંદદાસ સ્ટેશનમાસ્ટર)ના ભાણેજ થાય છે." આમ તેમણે મને ગિજુભાઈની પ્રથમ પિછાન કરાવી, અને પછી અમારો પરિચય વધતો ગયો. તે એટલે સુધી કે ગામમાં પ્લેગના ઉપદ્રવ વખતે લગભગ ત્રણચાર મહિના એમના ભવનમાં જ રહ્યો હતો; અને શ્રી. ગિજુભાઈને ત્યાં જમતો અને રહેતો હતો. એમનાં નાનાં છોકરાં પણ બધો વખત મારો ખોળો ખૂંદતાં અને આનંદ-ગમત કરતાં

કેટલાક સમય સુધી મને એમ લાગ્યા કરેલું કે ગિજુભાઈ મૂળ વકીલાતનો ધંધો કરનાર, એમને કેળવણીનું કામ કેમ ફાવશે ? એકવાર મેં એમને એ પ્રશ્ન પૂછેલો પણ ખરો. તેના ઉત્તરમાં તેમણે જે ખુલાસો કર્યો હતો તે ઉપરથી મને સમજાયું કે તેઓ કાંઈ આજીવન વકીલ નહોતા, પણ સ્વાતંત્ર્યના ચુસ્ત પૂજારી અને સત્યની એકનિષ્ઠાવાળા હતા.

આફ્રિકામાં યુગાન્ડા–રેલવે સરકાર તરફથી નવી બંધાતી હતી તે વખતે આપણા દેશના ઘણા જુવાનો અને કારીગરો ધંધારોજી અર્થે આફ્રિકા જતા હતા. ગિજુભાઈ પણ તે વખતે કેટલાક દોસ્તો સાથે ત્યાં ગયેલા અને લગભગ બે વરસ સુધી જુદી જુદી અંગ્રેજ કમ્પનીઓ અને પેઢીઓમાં સારા પગારથી નોકરી કરેલી. પણ એમની સ્વાતંત્ર્યભાવનાને એવી નોકરીમાં ગુલામીની ગંધ લાગ્યા કરતી તેથી ત્રણચાર પેઢીઓ વારાફરતી બદલીને છેવટે તેઓ દેશમાં પાછા આવ્યા.

અહીં આવીને એમણે હાઈકોર્ટ પ્લીડરનો અભ્યાસ કર્યો અને તેની પરીક્ષામાં ઊંચે નંબરે પાસ થયા. શ્રી. ચૂડગર એમના સહાધ્યાયી હતા તે પહેલે નંબરે અને સ્વર્ગસ્થ ગિરજાશંકર ભગવાનજી બધેકા (આપણા ગિજુભાઈ) બીજે નંબરે આવેલા એમ મને યાદ આવે છે. પછી શ્રી. ચૂડગર, શ્રી. અમૃતલાલ શેઠ અને ગિજુભાઈ–એ પ્રખર, પ્રવીણ વકીલ ત્રિપુટીએ વઢવાણકેમ્પમાં વકીલાતનો ધંધો ધીકતો ચલાવ્યો. અને સરકારી કોર્ટોમાં સારી પ્રતિષ્ઠા જમાવી હતી. પણ વકીલાતનો ધંધો પાપમય લાગવાથી સ્વર્ગસ્થ ગિજુભાઈએ ટૂંક સમયમાં તે તજી દીધો અને લગભગ સને ૧૯૧૬માં શ્રી દક્ષિણામૂર્તિના પવિત્ર કેળવણીતીર્થમાં એમનાં પુણ્ય પગલાં થયાં. એમની સત્યનિષ્ઠા છેવટે એમને કેળવણીના આવા પવિત્ર પ્રદેશમાં દોરી લાવી. તેમાં આજીવનસભ્ય થઈ તેમણે પૂરાં વીસ વર્ષ સતત ઉદ્યોગી રહીને કામ કર્યું, અને સને ૧૯૩૬માં તેઓ એ સંસ્થામાંથી નિવૃત્ત થયા હતા તો પણ બાળકેળવણીના પ્રચારનું કાર્ય તો તેમણે છેવટની ઘડી સુધી જરાય છોડ્યું નહોતું.

મોન્ટીસોરી શિક્ષણશાસ્ત્રમાં 'સ્વયંસ્ફૂર્તિ' અને 'સ્વાશ્રય' કે 'સ્વાતંત્ર્ય' એ બે મુખ્ય સિદ્ધાન્તો છે. આ બે સિદ્ધાંતો એમને બહુ ગમી જવાથી એ શિક્ષણપદ્ધતિને પોતે સાચી પદ્ધતિ માનતા હતા. દક્ષિણા-મૂર્તિમાં જોડાયા પછી દેશવિદેશનાં કેળવણીશાસ્ત્રોનો અને પદ્ધતિઓનો ઊંડો અભ્યાસ કર્યો, અને તેમાં મોન્ટીસોરી પદ્ધતિ તેમને સર્વશ્રેષ્ઠ લાગી હતી. તેથી તેમણે મોન્ટીસોરી બાળશાળા કાઢવા વિચાર કર્યો. અમે બન્નેએ મળીને તેનું નામ 'બાળમંદિર' નક્કી કર્યું; કેમકે તેમાં આવનારાં બાળકોને શિક્ષકે મારવા, વઢવા કે ધમકાવવાનું બિલકુલ નહિ, પણ તેણે તો તટસ્થ રહીને કેવળ સ્નેહભાવે માન અને મમતાથી બાળકને માર્ગદર્શન કરાવવાનું હોય. માટે એનું નામ અમે 'બાળમંદિર' પાડ્યું હતું.

બાળમંદિરના પ્રચારની એમને તીવ્ર ધગશ હતી. તેથી ગામમાં લોકોને અનુકૂળ પડતાં સ્થળોએ બાળકોના માવતર વડીલોને ભેગાં કરી તેમણે અનેક વ્યાખ્યાનો આપ્યાં હતાં. તળ ભાવનગરના શિક્ષકોને પણ ભેગાં કરીને ઘણાં વ્યાખ્યાનો આપેલાં; તેમાં 'શિક્ષક કેવો હોવો જોઈએ,' 'બાળકો પ્રત્યે કેમ વર્તવું,' 'શિક્ષણવિતરણ કેમ કરવું,' વગેરે ઘણી

ઘણી બાબતોની સમજૂતી આપીને શિક્ષકોને નવી દૃષ્ટિ પ્રાપ્ત કરાવવા તેમણે ખૂબ પ્રયત્નો કરેલા. આ બધા પ્રસંગે હું એમના સાગરીત તરીકે સાથે રહેતો અને એમનાં વ્યાખ્યાનોની બને તેટલી અક્ષરશઃ નોંધ લઈ સાફ લખીને એમને સોંપતો. તે નોંધો પછી પત્રિકારૂપે છપાવીને બહાર પાડવામાં આવતી હતી.

આ કામની એમની ઉત્કંઠા આટલાથી તૃપ્ત થાય એમ નહોતું તેમને પોતાને જે નવી દૃષ્ટિ લાગી તે નવી દૃષ્ટિ દેશભરના શિક્ષકોને અપાય તો આખા દેશની બાળપ્રજાનો ઉછેર સુધરે એવી એમની ઉમેદ હતી. કેમ કે કેળવણીની જૂની ધરેડમાં બાળકો શિક્ષકોના અને પરીક્ષાના ત્રાસે કંટાવાથી, તથા માવતરની બેદરકારી, ઉપેક્ષા અને અજ્ઞાનથી દેશની બાળપ્રજા નિર્માલ્ય, બીકણ, નિષ્ઠુર અને પાંગળી બનતી જતી જોઈને એમનું હૈયું કકળી ઊઠયું. આથી તેમણે બાળમંદિરના કામ સાથે શિક્ષકોને તાલીમ આપવાના વર્ગો ચલાવવા માંડયા. આ વર્ગો લગભગ બારપંદર વર્ષ ચલાવ્યા હતા, તેમાં આખા ગુજરાતમાંથી, કચ્છ અને સિંધમાંથી, મહારાષ્ટ્રમાંથી અને બીજેથી પણ શિક્ષકો અને શિક્ષિકાઓ સેંકડોની સંખ્યામાં દર વર્ષે આવીને રહેતાં, અને વર્ષ દરમિયાન નવી કેળવણીની સારી તાલીમ પામીને તથા નવી દૃષ્ટિ લઈને તેઓ જતાં. આ પ્રવૃત્તિથી તેમણે લગભગ ૬૦૦ જેવડી સંખ્યામાં શિક્ષકો તૈયાર કરેલાં. તેમાંના ઘણાખરા અત્યારે જુદે જુદે સ્થળે મોન્ટીસોરી–બાળ-મંદિરોના પૂજારીઓ બનીને બાળકિન્નરોની સેવા–ભક્તિ કરી રહેલા છે.

ઉપરાંત તેમણે બાળભોગ્ય સાહિત્યનાં પુસ્તકો તો મોટી સંખ્યામાં પ્રગટ કર્યો છે. 'શિક્ષણ પત્રિકા' અને એવી બીજી પ્રવૃત્તિ તો છેલ્લી ઘડી સુધી ચાલુ જ રાખી હતી. પોતે માંદગીને લીધે બોલીચાલી શકતા નહોતા ત્યારે પણ એમની કલમ જે તેમણે મક્કમ હાથ પ્રથમથી જ પકડી હતી તેને જરાય ઢીલી પડવા દીધી નહોતી.

નવી કેળવણી પાછળ આવી ધગશથી, આવા ઉમંગથી અને આટલા સામર્થ્યથી ભેખ લઈને મંડનાર સ્વર્ગસ્થ ગિજુભાઈ જેવો કેળવણીનો દૃષ્ટા આપણા દેશમાં અત્યારે દુર્લભ છે, અને ત્યાં સુધી આપણને એમની ખોટ સાલવાની. એમણે નવી કેળવણીનો ફૂંકેલો મંત્ર સિંધ, કચ્છ અને મહારાષ્ટ્ર સુધી જ નહિ, પરંતુ ઉત્તર હિંદ અને બંગાળા

સુધી, તથા દક્ષિણે છેક મદ્રાસ પ્રાંત સુધી એ પ્રાણવંત મંત્રનાં પ્રભાવશાળી આન્દોલનો ઊઠેલાં છે.

આ એમના બહિર્ જીવનની એક પ્રગટ પ્રવૃત્તિઓની હકીકત કહેવાઈ. પણ હું એમના નિકટ પરિચયમાં આવેલો હોવાથી એમના આન્તરજીવનની ઝાંખી પણ મને ઘણી વેળા થઈ છે. અમે આશરે સને ૧૯૧૭ કે ૧૮ ની સાલમાં વિનયમંદિરના તથા બાળમંદિરના લગભગ સાઠેક વિદ્યાર્થીઓને આનંદપર્યટન માટે લઈ ગયા હતા. તે વખત અમે દોઢ માસ જેટલી મુસાફરી સાથે કરી હતી, તેથી એમનું આંતરજીવન જાણવાનું મને સુલભ થયેલું.

ભાવનગર રાજ્યનાં દરિયાકિનારાનાં ગામોમાં થઈને બધે પગે ચાલી છેક પીપાવાવ કે પોર્ટ વિકટર પહોંચવાનો પર્યટનનો ક્રમ રાખ્યો હતો. ભાતું, રસોઈનાં ઠામવાસણ અને સીધુંસામાન રાખવા માટે એક ગાડું રાખ્યું હતું, અને નાનામોટા વિદ્યાર્થીઓ હાથમાં દંડિકાં કે લાઠી પકડીને પગપાળા દરરોજ ઊપડતા, રોજેરોજ આશરે સાત ગાઉનો પંથ કરવો અને એટલામાં જે ગામ આવે તેમાં ઉતારામાં કે નિશાળમાં રાતવાસો કરવો એમ ગોઠવણ રાખી હતી. હું તે વખતે કેળવણી ખાતામાં નોકર હતો તેથી એવાં સ્થળોના મહેતાજીઓને અમારા કાર્યક્રમના આગળથી ખબર આપ્યા હતા, એટલે દરેક મજલે ઉતારાપાણીની સગવડો થઈ હતી. બપોરના ટીમણ વખતે રસ્તામાં અનુકૂળ સ્થળ આવે ત્યાં સૌને પાંદડાંમાં ભાતું પીરસાતું, અને રાતવાસો રહેવાને સ્થળે પહોંચીએ ત્યાં ઊની રસોઈ કરી સૌ જમી લેતા. રસોયો સાથે તેથી રસોઈ થતાં દરમિયાન તથા બીજે દિવસે ચાલવાના વખત પહેલાં તે તે સ્થળોની આજુબાજુ જે કાંઈ જોવા જાણવા જેવું હોય તે કાર્ય કરી લેતા હતા. આ રીતે અમે લગભગ પંદરસત્તર દિવસે વિકટર પહોંચેલા. તે વેળા મહુવા કે વિકટર સુધી રેલવેલાઈન થઈ નહોતી. તેથી અમે બધા ચાલતા કુંડલા ગામે આવ્યા અને વિદ્યાર્થીઓને ટ્રેનમાં બેસાડીને બે શિક્ષકો સાથે ભાવનગર મોકલી દીધા.

પછી ત્યાંથી ગિજુભાઈ, હું અને વેણીભાઈ પરબાર્યા નર્મદાનાં તીર્થસ્થાનોમાં પાવન થવા માટે સિધાવ્યા. નર્મદાનાં પાવન જળમાં અમે પંચતીર્થી પનાથમાં બેસીને કરી હતી. ત્યાંથી શ્રી ગાંધીજીના સત્યા-

ગ્રહ આશ્રમનો અનુભવ લેવા અમારી ત્રિપુટી અમદાવાદ ઊતરી. આશ્રમ-વાસી તરીકે અમે ત્યાં ત્રણ દિવસ રહ્યા અને સૌની સાથે સૌની માફક અમારે ભાગે પડતું કામકાજ પણ કરેલું.

આ બધા સમય દરમિયાન સ્વર્ગસ્થ શ્રી ગિજુભાઈનો સરલ અને સ્નેહાળ સ્વભાવ, નિર્મમત્વ અને નિરહંકાર, અડગ ત્યાગ અને એકલક્ષતા, નિર્લેપ અને નિખાલસ દિલ, એવા ઊંચા ગુણો મને વારંવાર પ્રત્યક્ષ થયેલા.

મુસાફરીનો જે કાર્યક્રમ નક્કી કરેલ હતો તે બધો બારીકાથી તેઓ પળેપળ પ્રમાણે પાળતા, અને "સૌ તૈયાર છે" એવો સાદ પડે કે તુરત ઊભા થઈને તેઓ મોખરે ચાલવા માંડતા. તેમની ઝોળી કચાંઈ ટાંગેલી હોય, ધોતિયું રાતનું વળગણીએ સૂકાતું પડયું હોય, તે કાંઈ સંભાળી લેવાની પરવા જ ન કરતા. કેટલીક વાર તો પગરખાં પહેરવાં પણ ભૂલી જતા. હું તે બધું સંભાળી લેતો, અને કોઈ વિદ્યાર્થી પણ કાંઈ ચીજવસ્તુ ભૂલી ગયા હોય તેની તપાસ કરીને હું સૌની પાછળ ચાલતો. એક વખત ગિજુભાઈને આ બાબત મેં કહ્યું : "આમ તમે દરેક સ્થળે કંઈ કંઈ વસ્તુ ભૂલશો તો મુસાફરીને અંતે તમારે બધો સરસામાન ખોયાથી લંગોટીભર ઘેર પહોંચવું પડશે." તેના ઉત્તરમાં તેમણે ઠંડે પેટે મને કહેલું : "હું મારા કાર્યક્રમમાં અને એકંદર યોજનામાં જરાય ભૂલ થવા નથી દેતો; તે બરાબર સાચવું છું, અને બાળકેળવણી પાછળ દેશનાં બાળકો ખાતર મેં લંગોટી તો કચારની વાળી છે. વળી એવી ચીજવસ્તુ મારી વતી તમે સંભાળનાર છો એટલે હું એમાં વધારે ભૂલકણો થઈ ગયો છું."

એમના આ જવાબથી મને બે મુદ્દાનું રહસ્ય સમજાયું. એક, પોતાનું મુખ્ય અને મહત્ત્વનું કામ પોતે ચૂકવું નહિ, તથા બીજાના કામમાં દખલ કરવી નહિ; અને બીજું, સંભાળનાર કે દોરનાર કોઈક છે એવું ભાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી આપણે કાં તો બેદરકાર અથવા પાંગળા બનીએ છીએ. વિદ્યાર્થીઓને અનુભવ હશે કે માસ્તર નિશાળમાં શીખવશે, અથવા ઘેર આવનાર બાનગી માસ્તર પાસેથી શીખી લેવાશે—એવું ભાન મનમાં હોય છે ત્યાં સુધી આપણે આપણું વાંચવાલખવાનું કામ પોતાની મેળે બને તેટલું કરવા પરિશ્રમ લેતા નથી.

એટલે તે આપમેળે તૈયાર કરવા ટેવાતા નથી. પારકું આપેલું એવું ભણતર બહુ તો પરીક્ષા સુધી સંભારવાનો ભાર વેંઢારીને આપણે પરીક્ષા પછી માથું હળવું કરી દઈએ છીએ અને એ બધો ભાર મગજમાંથી ઉતારી દઈએ છીએ. શિક્ષણમાં સ્વાશ્રયી થવાના મુખ્ય સિદ્ધાંતથી આ વાત કેવળ વિરુદ્ધ છે.

હવે છેલ્લું એક અંગત સ્મરણ નોંધીને આ લેખ પૂરો કરું છું. દક્ષિણામૂર્તિ સ્તોત્રમાં એક શ્લોક છે કે :–

चित्रं वटतरोर्मूले वृद्धाशिष्या गुरुर्युवा ।
गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः ।

સ્વર્ગસ્થ શ્રી. ગિજુભાઈ કરતાં હું ઉમ્મરે દશબાર વર્ષ મોટો હતો, તો પણ હું એમને મારા ગુરુ કહેતો. મેં જે કે પેન–પાટી લઈને એમની પાસે કક્કો ઘૂંટયો નહોતો, તેમ જ એમનાં વ્યાખ્યાનોના વર્ગોમાં અભ્યાસ અર્થે નોંધપોથી લઈને હાજરી આપી નહોતી પણ માત્ર એમના સહવાસ અને પરિચયથી કેળવણીના કેટલાક સંસ્કારો મેં ઝીલેલા અને તેથી એમને મારા ગુરુ લેખતો. તેમણે પણ મને પોતાના 'પટ્ટશિષ્ય' તરીકેનું બહિમાવાન બિરુદ બક્ષેલું. એટલે એમની પાસેથી તાલીમ લઈ જનારાઓમાં હું કાંઈ સર્વશ્રેષ્ઠ નહોતો, પણ એમના શિક્ષણવિષયક પ્રારંભમાં હું એમનો પહેલો સાગરીત હતો. એમની એ પ્રવૃત્તિમાથી તથા એમના એકંદર જીવનના અવલોકનમાંથી હું વ્યાખ્યાનો વગર પણ તાલીમ મેળવી શકેલો અને કેળવણીની નવી દૃષ્ટિ પ્રાપ્ત કરી શકેલો. તેથી ઉપર ટાંકેલો શ્લોક ઘણીવાર કહેતો.

આવા એ ગિજુભાઈનો માયાળુ સ્નેહાળ સ્વભાવ કદી વિસરાય એમ નથી. અને તેથી પણ ઘણા વધુ અંશે પ્રકાશતી એમની જાજ્વલ્યમાન પ્રતિભા તો અંતરની નજરે તર્યા જ કરે છે. એમણે અપાર બળથી ઉચ્ચારેલા નવી કેળવણીના મંત્રોનાં આંદોલનો દેશ આખામાં અત્યારે ગુંજી રહ્યાં છે તે હવે કદી શમવાનાં નથી. કેમકે એ મંત્રના ધ્વનિ અમર છે અને એમનું એ જીવનકાર્ય પણ અમર રહેવાનું. એ સદ્‌ગત સ્નેહી આત્માને સ્વર્ગમાં સંપૂર્ણ શાન્તિ ઇચ્છું છું.

---

૯. ગિજુભાઈનાં સંસ્મરણો : સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ

બાળશિક્ષણની નવીન પદ્ધતિ રજૂ કરનાર દક્ષિણામૂર્તિ શિક્ષણ સંસ્થાના નામે પ્રસિદ્ધિ પામનાર સદ્‌ગત શ્રી ગિરજાશંકર ભગવાનજી બધેકાનું વળા એ વતન હતું. મારા સહાધ્યાયી ભાઈ લક્ષ્મીશંકરના એ કાકાના પુત્ર થાય. તે વખતના ભાવનગરના સ્ટેશન માસ્તર શ્રી હરગોવિંદ અજરામર પંડ્યા (દક્ષિણામૂર્તિવાળા મોટાભાઈ) એમના મામા થાય, મોસાળમાં રહીને એ ત્યાં ભણતા, પણ વેકેશનની રજાઓમાં અથવા બીજા પ્રસંગોમાં અવારનવાર જ્યારે વળા આવે ત્યારે અમારી સભામાં ઉત્સાહ રેડાતો અને આનંદ વધતો. સાંજે બધા ગામ બહાર ફરવા નીકળીએ, અજવાળી રાત હોય, સૂકી પણ પૂર આવે ત્યારે ગાંડીતૂર બનીને પુરુષપણું દાખવે એટલે પુરુષવાચક ઘેલો નામ પામેલી નદીના રેતાળ પટમાં બેઠા હોઈએ, સંયમ-વિષયક વિદ્યાર્થી બુદ્ધિ પ્રમાણે ચર્ચાઓ થાય, જ્ઞાન પ્રાપ્તિ માટે અવનવું વાંચ્યું વિચાર્યું હોય એની આપલે થાય, દેશવિદેશના સાહસિક વીરોનાં દૃષ્ટાંતો તપાસી જોવાય – આવું આવું જીવન ઘડતરની સામગ્રી જેવું બૂબ એકઠું થતું. આનંદ અને ઉત્સાહ ઉપજાવે એવું ભાવિ જીવનની તૈયારી સમું બૂબ જ એ સંભળાવતા. જ્ઞાનની ચર્ચા વખતે એક વાક્ય વિષે અમે બહુ ચર્ચા કરેલી. હું ત્રીજા ધોરણમાં અને એ ભાવનગરમાં ચોથા ધોરણમાં ભણે. એક વાર એમણે knowledge is power વિશે મોટું જાણે વ્યાખ્યાન આપેલું, એ મને અત્યારે પણ યાદ છે. બ્રહ્મચર્ય વિશે બોલતાં બોલતાં એ અદ્‌ભુત ઉત્સાહમાં આવી જતા

અમારી મૈત્રી ગાઢ બની, વળામાં ત્રણ ધોરણ કરીને હું ચોથા-પાંચમા * ધોરણના અભ્યાસ માટે લાઠીમાં રહ્યો. દરમ્યાન ભાવનગર જવાના પ્રસંગો પુષ્કળ સાંપડતા, અમારો પત્રવ્યવહાર પણ ચાલુ રહેતો, અને એ મૈત્રીએ બૂબ નિકટતા વધારી.

* અત્યારના ૮-૯ ધોરણ : સંપાદક

લાઠી એટલે કલાપીનું ધામ. તે વખતે કલાપી દેવલોક થયા હતા. કેકારવ છપાયો નહોતો. પણ અમારા હેડમાસ્તર શ્રી જગન્નાથ પંચોળી મારા ઉપર ખૂબ જ વાત્સલ્ય દાખવતા અને સ્કૂલના પુસ્તકાલયમાંથી જૂનાં માસિકો તથા પુસ્તકો ખાસ વાંચવા આપતા. 'સુદર્શન', 'ચંદ્ર' જેવાં માસિક પત્રો તથા એવાં જ બીજાં પુસ્તકો મળે એટલે મારો સાહિત્ય શોખ વધ્યો. 'સરસ્વતીચંદ્ર'ના બે એક ભાગ તો મેં ઈ. સ. ૧૯૦૦ પહેલાં વાંચ્યા હતા. લાઠીમાં ભણતો ત્યારે નાનાં નાનાં માસિકપત્રોમાં મારી નોંધપોથીમાં એકઠાં કરેલાં "સુબોધવાક્ય સંગ્રહ" મોકલતો અને એ છપાતાં ત્યારે આનંદ માણતો. દક્ષિણામૂર્તિ વિદ્યાભવનની પ્રવૃત્તિ તો ઘણી મોડી શરૂ થઈ અને શ્રી ગિજુભાઈ એ પ્રદેશમાં પ્રવેશ્યા તે પહેલાં એટલે ઈ. સ. ૧૯૦૨ થી ૧૯૧૨ સુધીની અમારી મૈત્રી ખૂબ જ ગાઢ રહી. એમનામાં વિવેકશક્તિ, સ્વતંત્ર વિચારશક્તિ અને સાહસવૃત્તિ બહુ સારા પ્રમાણમાં હતી. એ દસ વર્ષના ગાળામાં મારા મનોમન્થન જબરાં હતાં. હું સાહસિક અને ક્રાંન્તિવાદી, એ સાહસિક છતાં સંસારપંથી પ્રવાહપતિત ન્યાયમાં માનનારા, એટલે મારી ગરમીનો પારો ઘોરણસર રાખવાની એ ગરજ સારતા.

એ થોડું આફ્રિકા રહી આવ્યા; ત્યાર પછી વકીલાતનું ભણ્યા. હું ૧૯૧૨માં દિલ્હીથી કારણવશાત્ જ્યારે વીરમગામ સુધી આવ્યો ત્યારે એ વકીલની પરીક્ષા આપીને ભાવનગર જતાં વીરમગામ ઊતર્યા. અમે સંકેતથી મળ્યા કે અકસ્માત એ અત્યારે યાદ નથી પણ અમારા બન્નેના મિત્ર શ્રી મગનલાલ જેઠાલાલ શુકલને ત્યાં ઊતર્યા. હું તો ત્યાગનો નિશ્ચય કરીને જ વીરમગામ એની પૂર્વ તૈયારી માટે આવ્યો હતો; ત્રણે દિવસ-રાત અમે ચર્ચાઓ કરી; આત્મજ્ઞાન, યોગ, અધ્યાત્મ વિદ્યા, સંન્યાસ, ગૃહસ્થાશ્રમ, વગેરે વિષયો ઉપર તે વખતની સમજણ પ્રમાણે વાદવિવાદ થયા, અમારો વિરોધ રહ્યો; એ ભાવનગર ગયા, હું પાછો દિલ્હી ગયો અને ત્યાંથી સ્વામીશ્રી નારાયણતીર્થજી સાથે સિમલા જુબ્બલ તથા દહેરાદૂન ગયો. અમે જુદા પડ્યા તે પડ્યા જ પછી છેવટ સુધી નથી મળી શક્યા.

પરંતુ મૈત્રી અને સદ્‌ભાવ બન્નેનાં અંતરમાં સમાન રીતે છેવટ સુધી જાગ્રત હતાં. હું હિમાલયમાં રહ્યો, ઉત્તરપ્રદેશમાં રહ્યો; ઈ. સ. ૧૯૩૨થી છોટાઉદેપુરમાં બારેક વર્ષ સ્થાયી રહ્યો, ગુજરાતમાં આમ તેમ

વિચરું છું છતાં બે મિત્રો શરીરથી ન મળ્યા તે ન જ મળી શક્યા– ઇચ્છા હોવા છતાં નથી મળી શક્યા; દૈવગતિની વિચિત્રતા; બીજું શું ?

ભાવનગર છોડીને એ રાજકોટ રહેતા હતા ત્યારે ત્યાંની એમની શાળામાં એક વિદ્યાર્થીને મેં છોટાઉદેપુરથી ભલામણ ચિઠ્ઠી લખી આપી હતી, એનો સુંદર જવાબ આપ્યો હતો. "તમારી ચિઠ્ઠી મળી; શ્રી....ને દાખલ કર્યો છે. ખાસ સંભાવ રાખીશ. તમે ત્યાં સુંદર આશ્રમ બાંધીને બેઠા છો એનું વર્ણન સાંભળ્યું. હું યે એવા આશ્રમમાં માનું છું. !" વગેરે.

અમે નાના હતા ત્યારે યોગવિષયક ચર્ચાઓ કરતા; કારણ કે શ્રી નથ્થુરામ શર્માના શિષ્યમંડળની છત્રછાયામાં અમારો ઉછેર હતો. શ્રી વિશ્વનાથ સદારામ પાઠક *(પાછળથી સંન્યાસ આશ્રમ સ્વીકાર્યો હતો), શ્રી હરગોવિંદ અજરામર પંડ્યા, વગેરે અમારો મુરબ્બી વર્ગ. શ્રી ગિજુભાઈ કહેતા કે મારું અંતિમ ધ્યેય તો છે યોગમાર્ગના આંતરિક અનુભવના દર્શન કરવાનું : પણ આ બધું ઉકેલી લીધા પછી. મને લાગે છે કે દક્ષિણામૂર્તિને એમણે પ્રાણ આપ્યા, અને એમનું જીવન પૂરું થયું. એમનાં છેલ્લાં વર્ષમાં અમે મળી શક્યા નથી એટલે એમના આંતરિક જીવન વિશે હું કશું લખી શકતો નથી; પણ મારા પ્રતિનો સદ્‌ભાવ હંમેશાં મારા અંતરમાં જાગ્રત છે. જામનગરમાં એ માંદગીને બિછાને હતા, ત્યારે છોટાઉદેપુર પત્ર આવ્યો :

"મારી તબીયત ઠીક નથી; ડાક્તરોની સલાહ છે કે કયાંક હવાફેર માટે જવું. તમે જ યાદ આવ્યા. તમારો આશ્રમ સુંદર છે એ હું જાણું છું, તમારો જવાબ આવે એટલે ત્યાં આવું."

આ હતો એમનો છેલ્લો પત્ર, જે વાંચીને હું મૂંઝવણમાં પડ્યો. છોટાઉદેપુરના આશ્રમમાં બધી સગવડ હતી. ડાક્તરી સલાહ પણ મળે એવી યોજના હતી. પરંતુ માંદગીમાંથી ઉઠેલા કે મંદવાડ ભોગવતા શરીર માટે ત્યાંનાં હવાપાણી જરાયે અનુકૂળ નહિ, એટલું જ નહિ પણ બૂબ જ પ્રતિકૂળ. ત્યાંના બાર વર્ષના વસવાટમાં મુખ્ય અડચણ હવાપાણીની. પાણી કબજિયાતવાળું, ચોમાસું મેલેરિયાના તાવથી ઉભરાય પડે એવું,

* સુપ્રસિદ્ધ કવિ વિવેચક સ્વ. રામાનારાયણ પાઠકના પિતાશ્રી : સંપાદક

અને પાછળથી એ આશ્રમ ઉઠાવી લેવામાં પણ ત્યાં આબોહવાની પ્રતિકૂળતા જ કારણભૂત હતી, તેમાં મારા સુહૃદને, કથળેલી તબિયતવાળાને ત્યાં કઈ રીતે નિમંત્રું ? મેં વિગતવાર પત્ર લખીને બધું દુઃખ સાથે જણાવ્યું. એમના પુત્રનો પત્ર આવ્યો કે એ પૂના જશે. ત્યાં ગયા અને હરિ ૐ તત્ સત્ !

મને અત્યારે પણ આ ખૂંચે છે; એ મિત્રે મારા તે વખતના મનોમન્થનમાં પ્રકાશ પાથરવા તન-મન-ધનથી પ્રયત્નો કર્યા છે. એને હું તે વખતના મિત્ર વર્ગમાં વિના સંકોચે પ્રથમ પંક્તિમાં મૂકું છું. શાંતિ હો એ સદ્‌ગત મિત્રને !

શ્રી ગિજુભાઈ ઈ. સ. ૧૯૦૬ના જૂન-જુલાઈમાં આફ્રિકા ગયા. હું સાથે જ જવાનો હતો, પણ સાંસારિક કારણો વશાત્ ન જઈ શક્યો. ત્રણેક વર્ષે એ પાછા આવ્યા ત્યારે મારી મનોનૌકા ભરદરિયે તોફાનમાં હતી.

દયા મેં માગી ને તેં મને આપી.
કૃપા મેં યાચી ને તેં મને આપી.
શરણ મેં માગ્યું ને તે મને આપ્યું.
વત્સલતા મેં યાચી ને તેં મને આપી.

દયાનો ઓ સાગર !
કૃપાના ઓ ભંડાર !
શરણાત દીનવત્સલ ઓ ભગવન્ !
ભગવન્, ભગવન્, ભગવન્ !

'શાંત પળોમાં' ૧૯૮૩ પૃ. ૧૪ —ગિજુભાઈ

૧૦. મધુર અને પ્રેરક સંસ્મરણો

—રામનારાયણ ના. પાઠક

વલ્લભીપુરનાં ખંડિયેરોમાં ઘૂમતા જિજ્ઞાસુ વિદ્યાર્થી, પરદેશ ખેડતા સાહસિક યુવાન, નૈરોબીના એડવોકેટ મિ. સ્ટીવન્સના શિસ્તપ્રેમી ક્લાર્ક, વઢવાણના બાહોશ વકીલ, દક્ષિણામૂર્તિ વિનયમંદિરના પ્રયોગકાર અધ્યાપક, બાલશિક્ષણના દૃષ્ટા, બાલઅધ્યાપન મંદિરના આચાર્ય, નૂતન બાલશિક્ષણ સંઘના સ્થાપક, બાલસાહિત્યના આદ્યસ્રષ્ટા, 'દક્ષિણામૂર્તિ' ત્રૈમાસિક અને 'શિક્ષણ પત્રિકા'ના સંપાદક, પ્રૌઢશિક્ષણના પ્રથમ પ્રચારક, વાનરસેનાના સેનાની, કુશળ નટ, સમર્થ વાર્તાકાર, શોખીન પ્રવાસી, આદર્શપ્રિય પતિ, વહાલસોયા પિતા, અનેકોના સન્મિત્ર, સલાહકાર અને સદ્‌ગુરુ:

આમ જીવનનાં લગભગ દરેક ક્ષેત્રમાં પોતાની પ્રતિભાથી પ્રકાશ પાથરનાર ગિજુભાઈની જન્મ શતાબ્દી નિમિત્તે સ્મૃતિગ્રંથ પ્રગટ કરવાનું આયોજન થયું છે તે જાણી આનંદ થયો. તે બદલ સર્વ સંયોજકોને હાર્દિક ધન્યવાદ !

ઈ. સ. ૧૯૨૫માં ગિજુભાઈએ બાલ અધ્યાપન મંદિર શરૂ કર્યું. તેમાં જોડાવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. એટલે તેમનાં સંસ્મરણો લખી મોકલવાનું આમંત્રણ મળ્યું ત્યારે અનેક મધુર અને પ્રેરક સ્મરણો ચિત્રપટની પેઠે મનઃચક્ષુ સમીપ ખડાં થયાં. ગિજુભાઈનો સહવાસ, એમના જીવનનો સ્પર્શ અલૌકિક અને ચમત્કારિક હતો.

"સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે રમઝમ"ના જમાનામાં ગિજુભાઈએ "બાળકોને કોઈ મારશો મા, બાળકોને કોઈ ખીવડાવશો મા"—નો મંત્ર આપ્યો. નાનાં શરીરમાં રહેલા મહાન આત્માનું દર્શન કર્યું. અને એ બાલદેવની ઉપાસનામાં જીવન સમર્પણ કર્યું. બાલશિક્ષણના ક્ષેત્રમાં તેઓ યુગ પ્રવર્તક બન્યા.

સદ્‌ગત ગિજુભાઈના પરમ મિત્ર શ્રી જુગતરામભાઈએ બાલશિક્ષણ પ્રણેતા ગિજુભાઈ ગ્રંથની પ્રસ્તાવનામાં ભાવભરી અંજલિ આપતાં લખ્યું છે : "ગાંધીયુગમાં બાપુ ગાંધીની સાથે સાથે જુદા જુદા પ્રદેશોના અને જુદા જુદા વિષયોના ગાંધીઓ થઈ ગયા છે. સરહદના બળવાન પઠાણોમાં અહિંસામંત્રને લોકપ્રિય બનાવનાર 'સરહદના ગાંધી' બાનસાહેબ અબ્દુલ ગફારખાનનો દાખલો સૌથી મશહૂર છે.

ગિજુભાઈને માટે 'બાળકોના ગાંધી' એવા બોલ ભલે આપણા હોઠ ઉપર આજ પહેલાં આવ્યા નહિ હોય, આપણા હૈયામાં તો એ વિચાર રહેલો જ છે.

"બાપુ ગાંધીએ જે જુસ્સાથી દેશમાં અને દુનિયામાં અહિંસા ધર્મનો પ્રચાર કર્યો છે તે જ જુસ્સાથી ગિજુભાઈએ નિશાળોમાં અને ઘરોમાં અહિંસા ધર્મનો ફેલાવો કર્યો છે. આજે આપણા નેતાઓને હાથે દેશોનો કારભાર ચલાવવામાં કચારેક હિંસાનાં કૃત્યો થઈ જતાં હશે તોપણ તેઓ પોતાના મનમાં તે માટે શરમ અનુભવતા હોય છે; કેમ જાણે અંતરમાં બિરાજેલા ગાંધીજી પોતાની કરુણાભરી આંખે તેમને મૌન ઠપકો આપતા ન હોય ! તે જ પ્રમાણે જ્યારે જ્યારે ઘરોમાં કે નિશાળોમાં બાળકો પ્રત્યે હિંસાભર્યું વર્તન કોઈ કરી બેસે છે ત્યારે તેઓ મનમાં ને મનમાં ગુનાની લાગણી અનુભવે છે; બાળકોનાં ગાંધી ગિજુભાઈની મૂર્તિ દર્દભરી નજરે તેમને જોઈ રહી હોય એમ તેમને લાગ્યા વિના રહેતું નથી."

સદ્‌ગત ગિજુભાઈ પોતાના સાથીઓ તથા વિદ્યાર્થીઓનું ઘડતર જીવન દ્વારા કરતા હતા તેના મધુર અને પ્રેરક સંસ્મરણો અહીં આપ્યા છે.

(૧)

અધ્યાપન મંદિર અને શિક્ષક મંડળનાં ભાઈ બહેનો ટોપલા, તગારાં, પાવડા, કોદાળી, સાવરણા લઈ મેદાનનાં હાજર થયા. સૌ એકબીજાની સામે જુએ છે : કોણ વધારે કારીગર દેખાય છે ? કમળાબેને સુરતી ઢબે કચ્છો બીડ્યો; મોંઘીબેને કણબણની જેમ બોળો વાળ્યો; હેમુભાઈએ ઘૂંટણ સુધી ધોતીયું બેવડું કરીને બાંધે કોદાળી લીધી; હરિહરભાઈએ સાફો કરાવેલ માથા પર તગારું મૂક્યું. મુકાદમ ગિજુભાઈ

આવી પહોંચ્યા. પંચિયાની છૂટ્ટી પાટલીનો છેડો પાછળ ખોસ્યો, તૂટેલાં ચશ્માંની દાંડી સરખી કરી, હાથમાં સાવરણો લઈને બોલ્યા : "જુઓ, સાંભળો ! આપણો બાપુ છે તે આશ્રમમાં પહેલ વહેલા આવનારને ભંગીકામ સોંપે છે. ભલભલા મીરની મીરાત ઉતારી નાખવાનો એ કામિયો છે. આપણા મનમાં કુલાભિમાનનો ફાંકો છે, પૈસાનો અને પદવીનો ગર્વ છે, એ ખોટી વસ્તુ છે. જગતના સર્વ જીવો સાથે, બાળકો સાથે પણ, એ આપણને એકતા સાધવા દેતો નથી. માટે આજે આપણે સ્વેચ્છાએ ભંગી બન્યા છીએ. વળી પોતાનાં દરેક કામ જાતે કરવામાં મનુષ્યનો સર્વાંગી વિકાસ છે, એ નૂતન બાલશિક્ષણનો મૂળ સિદ્ધાંત છે. એ દૃષ્ટિએ આજનો આપણો આ કાર્યક્રમ છે. ચાલો, હોશિયાર ! એક, દો, તીન..."

પૂરા એક કલાક સુધી સફાઈકામ ચાલ્યું. ફરી મુકાદમની સીટી વાગી. સૌ ટોકરી ઉપર બાલમંદિરના ચોગાનમાં હાજરી પુરાવવા આવી પહોંચ્યાં. કપડાં અને મોં ધૂળથી ભર્યાં છે.

કોઈ ટોપલા ઉપર તો કોઈ તગારા ઉપર બેઠાં.

મંત્રી ચંદ્રશંકર હાજરી પૂરવા લાગ્યા—

'હેમશંકર શામજી રાજ્યગોર', 'ગૌરીશંકર કાશીરામ...'

એકાએક ગિજુભાઈ વચ્ચે પડ્યા. 'ઊભા રહો; એમ નહિ. હું કહું એમ લખો : શામલાનો હેમલો; કેહલાનો ગોવલો. પહેલું બાપનું નામ હોય. પહેલો બાપ કે દીકરો ?' સૌ ચૂપ થઈ ગયા.

નવી ઢબે હાજરી ચાલી.

'પરાણિયાનો હરિયો; નાગલાનો રામલો, કલિયાની કમી.'

સૌ મીઠું મીઠું હસે છે, મરકે છે, એવામાં ચંદ્રશંકર કહે : 'ગિજુભાઈ ! આપ લખાવો.'

'લખો; ભગલાનો ગિગલો.'

સૌ ખડખડાટ હસી પડ્યા.

'તારાબેન ! આપના પિતાશ્રીનું નામ ?' ચંદ્રશેખરે પૂછ્યું.

'સદાશિવ'.

ચંદ્રશંકર સંકોચ પામી જોઈ રહ્યા એટલે ગિજુભાઈ કહે;

'લખો, શીદીઆની તારકી'

ફરી અટ્ટહાસ્યથી બાલમંદિરનું ચોગાન ગાજી ઊઠ્યું !

હાજરી પૂરી થઈ. ગિજુભાઈ હાથમાં આકડાની સોટી લઈ આગળ આવ્યા. ઇશારતથી સૌને શાંત કરી ગંભીરતાથી બોલ્યા : 'જુઓ, આપણે શ્રમજીવી વર્ગથી કેટલાં દૂર પડી ગયાં છીએ ? એનાં જેવાં કામ કરવામાં તો નાનમ માનીએ છીએ: તેમના જેવાં નામ બોલવામાં યે હલકાઈ લાગે છે. તોછડા નામમાં શિષ્ટતા નથી, સંસ્કારિતા નથી, સ્વમાનહાનિ છે, એનો અનુભવ આપણે લીધો. એ વર્ગ સાથે ભળી જઈને, તેમને સંસ્કારી શિષ્ટ નામે બોલાવી, તેમનાં બાળકોને સ્વમાન અને સંસ્કારિતાનું શિક્ષણ આપી, એક શિક્ષક તરીકે આપણે સાચા સંસ્કારી અને સ્વમાનપ્રિય માનવી બનવાનું છે. કહેવાતા શિષ્ટ સમાજના, બુદ્ધિજીવી વર્ગના શ્રમજીવી પ્રત્યેના તુચ્છ ભાવના એક કટાક્ષરૂપે આજની હાજરી હતી. એમાં રહેલો બોધપાઠ તમે ઘટતો વિનોદ બાદ કરી ગ્રહણ કરજો. જાઓ, હવે છુટ્ટી. કાલ વખતસર હાજર થજો, નહિતર ચામડાં ફાટી જશે !' આમ કહી સોટી ઓટલા પર પછાડી. ભદ્રાલોકના મિથ્યા-ભિમાનની પેઠે તેના બે કકડા થઈ ગયા.

(૨)

રોજની જેમ ગિજુભાઈ વહેલી સવારે જાગીને લખી રહ્યા છે. પશુપંખી હજી પોઢ્યાં છે. ચાઊસની આંખ પણ મળી ગઈ છે; અધ્યા-પનમંદિરના છાત્રવાસો પણ હજી ઊંઘે છે. એવે સમયે બાલમંદિરની અગાસીમાથી ગિજુભાઈને કાને અવાજ સંભળાયો. મોટા પહાડી સૂરે કોઈ ગાય છે. કલમ હેઠે મૂકીને ગિજુભાઈ ઊભા થયા. ધીમે રહીને જાળી ઉઘાડી બહાર નીકળ્યા. ટેકરી ઉપર આવીને જુએ તો ચાર–પાંચ જણ બેઠા બેઠા પ્રાર્થના કરે છે.

સાબરમતી આશ્રમમાંથી ગણિતના પ્રયોગ માટે બાસ તેડાવેલા શ્રી હરિહરભાઈ ગાઈ રહ્યા છે : "અબ તો કાના, બતલાદે તેરા પ્યારા વદન !" ગિજુભાઈ સ્તબ્ધ બનીને સાંભળી રહ્યા. ભજન પૂરું થયું. સૌ આંખો ઉઘાડીને જુએ તો ગિજુભાઈ !

'તમે સાંભળી ગયા ગિજુભાઈ !' હરિહરભાંઈ એકદમ હસી પડીને બોલ્યા.

પણ ગિજુભાઈ મૂંગા રહ્યા. તેમના મનમાં અનેક વિચારો ચાલી રહ્યા હતા. આપસૂઝથી તેમણે નિર્ણય કરી લીધો.

'હરિહરભાઈ ! કાલથી આપણે સૌ અહીં પ્રાર્થના કરશું.'

'બહુ સારું.'

'અને કાલને માટે એક ભજન તૈયાર કરજો.'

'તૈયાર જ છે.'

શ્રી હરિહરભાઈ ગણિતશાસ્ત્રી અને જ્યોતિષશાસ્ત્રી; વરસો સુધી બાપુના આશ્રમમાં રહેલા. તેઓ બાલમંદિરમાં આવ્યા. ગિજુભાઈના સહવાસે તેમની કાવ્યકલા ખીલી. તેમના જીવનમાં રસિકતા અને પ્રસન્નતા ઝળકી. નવીન કાવ્યની સરવાણીઓ ફૂટવા લાગી.

ગિજુભાઈની સૂચનાનુસાર પાટિયા ઉપર જાહેરાત ચડી ગઈ. અધ્યાપનમંદિરનું એક નવું અંગ : જીવનમંદિર; સમય : સવારના પાંચ; સ્થળ : બાલમંદિરની આગલી ઓસરી.

બીજે દિવસે સવારે ઠરાવેલા સમયે અધ્યાપનમંદિર તથા બાલ-મંદિરનાં મકાનોમાં રહેતાં કાર્યકર્તાઓ ટેકરી ઉપર આવી પહોંચ્યા. સવારના પાંચ વાગ્યાનો ચિત્તને પ્રસન્ન કરનારો ખુશનુમા વાયુ વાઈ રહ્યો હતો. લાંબી ઓસરીમાં પચાસેક ભાઈબહેનો હારબંધ બેસી ગયાં. તેમની આંખો ઢળેલી હતી; જગત તરફથી પાછાં વળીને મન આંતરગુહામાં પ્રવેશ્યાં હતાં, સામે બેઠા હતા ગિજુભાઈ, તારાબેન અને હરિહરભાઈ !

મંજીરાનો રણકાર થયો, શાંતિમંત્ર બોલાયો, અને પછી ભજન શરૂ થયું :

'એક જ દે ચિનગારી, મહાનલ ! એક જ દે ચિનગારી.'

ભજનના સ્વરોએ વાતાવરણ ભરી દીધું. ભજન પૂરું થયા પછી પણ એના પડઘા અંતરમાં ગુંજી રહ્યા. આખરે ગિજુભાઈએ નિસ્તબ્ધ શાંતિને હળવી કરતાં કહ્યું : 'આજે આપણે અધ્યાપન મંદિરના કાર્ય-ક્રમમાં સૌથી મહત્ત્વનું અંગ "જીવનમંદિર" ઉમેરીએ છીએ. તમે સૌ બાલશિક્ષણની તાલીમ લેવા આવ્યા છો તેમ સૌથી અગત્યની હૃદયની તાલીમ છે. આજના જગતમાં આપણો બાપુ પરમ આસ્તિક પુરુષ છે. ડો. મોન્ટિસોરી પણ મહાન આસ્તિક છે. એણે નિર્દોષ બાળકમાં ઈશ્વરનાં દર્શન કર્યાં. આપણે પણ એ બાલદેવ પ્રત્યે નમ્ર ભક્તિભાવ દાખવવાનો

છે; આપણે બાળકોને પ્રભુ માની તેમની સેવામાં ધન્યતા અનુભવવાની છે. હમણાં આપણે ભજન સાંભળ્યું તે મારી બાજુમાં બેઠેલા શ્રી. હરિ-હરભાઈએ તાજું જ બનાવેલું છે. તેઓ આપણે ત્યાં ગણિતના પ્રયોગો કરવા આવ્યા છે. તેમની પાસેથી આપણે ગણિતશાસ્ત્ર તો શીખશું જ; પણ જીવનશાસ્ત્ર વિના બીજાં શાસ્ત્રો નકામાં છે. તેમણે ગાયેલા ભજનની "એક જ દે ચિનગારી" આપણને લાગી જાય તો તેમનું કાવ્ય, મારું પ્રવચન અને તમારું આગમન સફળ બને.'

બે મિનિટ ગંભીર શાંતિ પ્રસરી રહી. અને પછી એ મૌનના આનંદમાં સૌ એક પછી એક ઊઠી ટેકરી પરથી નીચે ઊતર્યાં.

(૩)

ગાંધી આશ્રમ છાયા (પોરબંદર)માં બાલમંદિરના ઉદ્‌ઘાટન માટે ગિજુભાઈને નિમંત્રણ મળ્યું. તેમના બે વિદ્યાર્થી રામભાઈ–હેમુભાઈ છાયા આશ્રમ ચલાવતા હતા. હેમુભાઈનાં પત્ની શારદાબેન પણ ગિજુ-ભાઈનાં વિદ્યાર્થિની હતાં. તેઓ આશ્રમનું બાલમંદિર ચલાવવાનાં હતાં.

કચ્છના લાંબા પ્રવાસેથી ગિજુભાઈ આવ્યા હતા. ખૂબ થાકેલા હતા. છતાં તેમણે કહ્યું: "પોરબંદર તો મારે જવું પડશે. ઓર સારી બરાત (જૂન અધ્યાપન મંદિર) લેકર જાયગા!"

આખા અધ્યાપન મંદિર સાથે ગિજુભાઈ પોરબંદર આવ્યા. અમારા આનંદનો પાર ન રહ્યો.

રાજ્યના દીવાનપદે શ્રી. ત્રિભુવનદાસ રાજા હતા. તેઓ ગિજુભાઈના પરમ મિત્ર હતા. તેમણે ગિજુભાઈને રાજ્યના મહેમાન બનાવ્યા. અધ્યા-પન મંદિરનો ઉતારો છાયા હરિજન આશ્રમમાં હતો. એ જમાનામાં આભડછેટ બહુ હતી. ગિજુભાઈ રાજ્યને રસોડે જમે અને પાછા આશ્રમમાં જાય તેની સામે રાજ્યમાં વગ ધરાવતા કેટલાક રૂઢિચુસ્ત ભાઈઓએ વાંધો ઊઠાવ્યો. બાબા સાહેબ સુધી વાત પહોંચી. પણ દીવાન મક્કમ રહ્યા. (આગળ જતાં ના. રાણા સાહેબ પણ આશ્રમમાં પધારેલા) ગિજુભાઈને કાને વાત પહોંચતાં જ તેમણે મને કહ્યું: "આપણો ઉચાળો ઉપાડો આશ્રમમાં." તેમને ચેન પડતું ન હતું. મિત્રનું મન રાખવા ગેસ્ટ હાઉસમાં ઉતરેલા.

મહાજનના અગ્રણી શેઠ લક્ષ્મીદાસભાઈએ ગિજુભાઈને તથા અધ્યાપન મંદિરને ભોજનનું નિમંત્રણ આપ્યું. મહાજન વંડીના વિશાળ ચોકમાં સુશોભિત આસન પાથર્યાં. બાજઠ ઢાળ્યા અને સુંદર થાળી વાટકામાં ભોજન પીરસ્યા. શ્રીમંત કુટુંબની સુશિક્ષિત બહેનોએ રસોઈમાં તથા પીરસવામાં મદદ કરી. ગિજુભાઈ સૌનો પ્રેમભાવ જોઈ બહુ રાજી થયા.

છાયાના ગાંધી આશ્રમમાં બાલમંદિર ખુલ્લું મૂકવાની વિધિ થઈ. પોરબંદરનાં શિક્ષણપ્રેમી ભાઈબહેનો, કેળવણીકારો, સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે ગિજુભાઈએ યાદગાર ઉદ્‌ગાર કાઢ્યા :

"આજે એક વિદ્યાર્થિનીનો શિષ્ય બનીને હું આ બાલમંદિર ખુલ્લું જાહેર કરું છું. બાલમંદિરની શિક્ષિકા શારદા મારી વિદ્યાર્થિની છે. તેનું નિશાળનું ભણતર માંડ ચાર પાંચ ચોપડીનું હશે; પણ તેણે મારી પાસ તાલીમ લીધી છે. આપણે જોશું કે તેણે આશ્રમના બાલમંદિરને છાજે તેવી સાદાઈથી બાલમંદિરને સમૃદ્ધ બનાવ્યું છે. શણિયાનાં આસનોને ચીંથરાંની રંગીન કિનારોથી કલામય બનાવ્યાં છે; માટીની ભીંતને વાદળી રંગના પટ્ટાથી સુશોભિત બનાવી છે. હેમુભાઈએ પોતાની પીંછીથી સસલાં, ને ખિસકોલાં દોરી સોનામાં સુગંધ મેળવી છે. આંગણામાં હાથે ઉઝરેલ બગીચો છે. મોન્ટીસોરી પદ્ધતિ બર્યાળ છે એમ કહેનારને હું આ બાલમંદિર જોઈ જવાનું આહ્વાન આપું છું. અહીં હાજર રહેલાં અધ્યાપન મંદિરનાં ભાઈ–બહેનોને આમાંથી બોધપાઠ લેવાનું કહું છું. મેડમ મોન્ટીસોરીએ આવાં મજૂરવર્ગનાં બાળકોમાંથી જ શરૂઆત કરેલી. આપણા જેવા ગરીબ દેશમાં આવાં બાલમંદિરો જ રાષ્ટ્રવ્યાપી થઈ શકે."

રાતે હરિજનવાસમાં ભજન સાંભળ્યાં. બીજે દિવસે બરડાની જાહેર સંસ્કૃતિ નિહાળવા અધ્યાપન મંદિર સાથે ગામડાંઓમાં ફર્યા. પોરબંદરના મહાજને ગિજુભાઈ અને તેમની મંડળીનું ભાવભર્યું સ્વાગત કર્યું. સાંજે જાહેર સભા મળી, ગિજુભાઈએ સમુદ્રકિનારે, ટાઉનહોલના ચોગાનમાં મળેલાં શહેરીઓને બાલસંદેશ આપ્યો.

વિદાયને સમયે ગિજુભાઈએ હરિજન બાળકોને પોતાની ગોદમાં લીધાં, ગીતો ગાયાં, ફોટો પડાવ્યો અને સ્નેહ ગદ્‌ગદ્‌ બની બોલ્યા : "તમે મને સાત સાત ઘોડાગાડીઓમાં ફેરવ્યો; રાજ્યનો મહેમાન બનાવ્યો, મહાજને બહેનોને સાચવી, શિક્ષણ પ્રેમીઓએ પ્રેમથી નવાજ્યો, એ બધું કદાચ હું વીસરી જઈશ; પણ કાલે રાતનાં હરિજનવાસનાં ભજનો અને આશ્રમનાં બાળકોએ કરેલી અમારી મહેમાનગતિ તો હું નહિ ભૂલું."

અને બીજે વરસે જ ગિજુભાઈની એ સદ્‌ભાવના ફળતી અમને પ્રત્યક્ષ જોવા મળી. આશ્રમની પાંચ બાળાઓ અને પાંચ કુમારો સાથે પોરબંદરથી પગપાળા ચાલીને અમે ભાવનગર ગયેલાં. ગિજુભાઈએ પોતાના નિવાસગૃહમાં ઉતારો આપ્યો. પણ કોઈક કારણસર દક્ષિણામૂર્તિ ભવનને રસોડે ભોજનશાળામાં બાળકોને જમાડવામાં અડચણ ઊભી થઈ. અધ્યાપન મંદિરનાં ભાઈબહેનો રસોડે જમતાં હતાં. એ સાંજે ગિજુભાઈએ તે દિવસે આદેશ આપ્યો : "આજે બાલમંદિરનાં ચોગાનમાં આપણા મોંઘા અતિથિઓ સાથે આપણે સમૂહભોજન લેશું."

અજવાળી રાતે દોઢસો જેટલાં ભાઈબહેનો એક મોટા વર્તુળમાં ગોઠવાયાં. વચ્ચે રંગોળી પૂરી ફૂલદાનીઓ મૂકી. અગરબત્તી કરી. કેળનાં પાનમાં ભાતભાતની વાનગીઓ પીરસાઈ. ભોજન શરૂ કરતાં પહેલાં ગિજુભાઈ બોલ્યા : "બાલમંદિરના ઇતિહાસમાં આજનો દિવસ યાદગાર ગણાશે. આટલાં બધાં ભાઈબહેનો, જેમાં કેટલાંક રૂઢિચુસ્ત વાતાવરણમાં ઊછર્યાં છો, તે સૌ પ્રેમપૂર્વક હરિજન બાળકો સાથે બેસી ભોજન લો છો, એમનું સ્વાગત કરવામાં ગૌરવ માનો છો એ મારે મન આનંદની વાત છે. હું પોતે આજે ધન્યતા અનુભવું છું."

બહેનોએ બાળકોને અક્ષતકંકુ કર્યાં. ૧૩૧ રૂપિયાનો થાળ તેમને ચરણે ધર્યો. પછી સૌ સાથે જમ્યાં, રમ્યાં અને આનંદ કર્યો.

(૪)

એકવાર ગિજુભાઈ રસોડામાં ચા પાણી પીતા હતાં. ત્યાં હું ગયો. પોતાની લાક્ષણિક ઢબે આવકાર આપ્યો. "આઈએ છોકરે મીયાં !" એમ કહી ચાનો પ્યાલો આપતાં બોલ્યા : "લો, ચાય પીઓ."

"હું ચા પીતો નથી" ગંભીર અવાજે મેં કહ્યું અને ઉમેર્યું : "કોઈ ચા પીએ તે મને પસંદ પણ નથી."

સાંભળીને ગિજુભાઈ મૂછમાં હસ્યા. ઠાવકું મોં રાખીને બોલ્યા : "દેખો, છોટે મીંયાં ચાય પીતા નહીં ઔર કોઈ પીતા હૈ તો આપકો પસંદ ભી નહીં. વાહ ભાઈ, તુમ બહોત બડે આદમી હો ગયે. હમ તો તાજમહાલ મેં જાકર સમોસા ભી ખા લેંગે."

એમ કહી પૂ. જદીબાને કહે, "બોલ્યા ડબરામાંથી રામભાઈને સુખડી આપો. પછી ગંભીરતાથી કહ્યું : "આ દુનિયા આપણે પેદા કરી નથી અને આપણા વિચાર પ્રમાણે ચાલતી નથી. ભગવાને આપણને બાળકો આપ્યાં એ આપણે કહીએ તેમ કરે એવું અભિમાન ન રાખવું. બગીચામાં ફૂલ તેમ ઘરમા બાળકોને પોતાની મેળે ખીલવા દેવાં. એમાં જ આપણો અને બાળકોનો આનંદ રહેલો છે."

જીવનમાં એક અગત્યનો પાઠ મળ્યો.

(૫)

અધ્યાપન મંદિરનો એક વર્ષનો અભ્યાસક્રમ પૂરો થયો. બાલમંદિરના મધ્યસ્થ ખંડમાં પ્રમાણપત્ર અર્પણ કરવાનો સમારંભ ઊજવાયો. પૂ. નાનાભાઈના વરદહસ્તે પ્રમાણપત્રો એનાયત થવાનાં હતાં. મારું નામ બોલાયું. પ્રણામ કરી પ્રમાણપત્ર લીધું. વાંચ્યું. તેમાં લખ્યું હતું : "મદદનીશ બાલશિક્ષક."

સૌ સાંભળતાં પૂ. નાનાભાઈને મેં પૂછ્યું : "ગુજરાતમાં હજી મોન્ટીસોરી બાલમંદિર નથી. અમે "મદદનીશ" તો આચાર્ય કોણ ? જૂની ઢબે ચાલતી નિશાળના હેતાજીના હાથ નીચે કામ કરવા અમે તૈયાર નથી." આમ કહી એ જ વખતે મેં પ્રમાણપત્ર ફાડી નાખ્યું !

પૂ. નાનાભાઈ હસ્યા, ટટ્ટાર થયા. અને બોલ્યા : "ઉંદર વકરે એટલે ઘૂંસ થાય તેમ, તમારે મદદનીશમાંથી આચાર્ય બનવાનું છે. ગિજુભાઈના વિદ્યાર્થીને કાગળમા લખેલા પ્રમાણપત્રની જરૂર નથી. એને ઘોળીને પી જનારા વિદ્યાર્થીઓ જ ગિજુભાઈનું કામ આગળ ધપાવશે અને તેમનું નામ ઉજ્જવળ કરશે."

તાલીઓના ગડગડાટથી ઓરડો ગાજી ઊઠ્યો.

---

૧૧. સાધક ગિજુભાઈ

ગિરીશભાઈ ભટ્ટ

ગિજુભાઈ સાધક હતા. સામાન્ય રીતે તો એક કેળવણીશાસ્ત્રી તરીકે જ આપણે ગિજુભાઈને ઓળખીએ છીએ પણ એ કેળવણીશાસ્ત્રીપણું તો એમના સાધક જીવને મળેલું એક વાહન હતું. એ વાહન પર અસવાર બનીને ગિજુભાઈએ સાધકજીવનના પંથ ખેડ્યા એટલું જ.

ગિજુભાઈની સમીપ વસનારા પ્રસંગોપાત એમના સંપર્કમાં આવેલાં અને એમનાં લખાણોને ધ્યાનપૂર્વક વાંચનારા સર્વને ઓછાવત્તે અંશે આ વાતની પ્રતીતિ થઈ હોવી જોઈએ.

બહુ જ સામાન્ય સ્થિતિનાં માબાપને ઘેર જન્મેલા, બહુ જ સામાન્ય વાતાવરણમાં વસેલા અને મામૂલી ભણતર પામેલા ગિજુભાઈ પોતાની સાધકપિપાસને કારણે જ ગુજરાતમાં આવું અનોખું સ્થાન મેળવી ગયા.

એ સાધકવૃત્તિ છેક બાળપણથી શરૂ થયેલી અને મરણની છેલ્લી ઘડી સુધી ટકી. જીવનની નાનામાં નાની વાતથી માંડીને મોટામાં મોટા પ્રસંગો પર્યંત એમણે એમની એ ધ્રુવદિશા કદી બદલી નથી. છેલ્લાં વર્ષમાં તો એ વૃત્તિ દેખાઈ આવે તેટલી સ્પષ્ટ અને ઉજ્જવલ બનેલી.

આ વૃત્તિનું મુખ્ય લક્ષણ એમની સતત કાર્યપરાયણતા એ જ હતું.

બાળપણનાં થોડાંક વર્ષો વતનને ઘેર પસાર કર્યા પછી એઓ મોસાળ આવેલા. ત્યાં જે વર્ષો એમણે ગાળ્યાં તે બધાં એમની સાધક-વૃત્તિનાં શરૂઆતનાં વર્ષો કહી શકાય. બાનપાન, ભણતર, ઇતર વાચન, ઓળખાણપિછાણ, મૈત્રી—એ સર્વમાં એમની સાધકવૃત્તિ જ ડોકિયાં કરતી દેખાય છે.

કૉલેજમાં આવ્યા. આગળ ભણી શકાય તેવી સ્થિતિ ન હતી. ધાર્યું હોત તો શિષ્યવૃત્તિ કે એવી બીજી મદદો મેળવી વિશેષ ભણતર

કરી શકયા હોત, પણ ઘરના સંજોગો જોતાં એમની સાધકવૃત્તિ એ કરી શકે તેમ ન હતું. એમને થયું કે કોઈ પણ ઉપાયે એમણે રળવું જોઈએ, અને એઓ આફ્રિકા ગયા. નોકરી કરવા ગયેલા ગિજુભાઈ નોકરી કરતાં કરતાં પણ પોતાની સાધક તરીકેની ભૂખને સંતોષતા રહે છે અને આંગળ વધે છે.

આફ્રિકાથી દેશ પાછા આવ્યા. રળવું એ અનિવાર્ય હતું. એ રળતરના જીવ ન હતા તો પણ રળવું જોઈએ જ. વકીલાતને માર્ગે પ્રયાસ કર્યું. વકીલે થયા. એમની બુદ્ધિ તો તીવ્ર હતી જ. વકીલ તરીકે ઝળકયા પણ એમના અંતરમાં તો ઊંચે ને ઊંચે ચડવાની ધગશ હતી. કદાચ એ પોતે પણ એ સ્પષ્ટ રીતે નહિ જાણતા હોય. બહાર પ્રશાંત અને ગંભીર જણાતા ગિજુભાઈના દિલમાં તો યુદ્ધ જ ચાલ્યા કરતું હતું.

અને એક દિવસ ડગુમગુ ચાલતી સાધકવૃત્તિએ એક જબરો કૂદકો લીધો. વકીલનો વાઘો અળગો કર્યો અને આવ્યા દક્ષિણામૂર્તિમાં. દક્ષિણામૂર્તિમાં પોતાની એ ભૂખ સંતોષાશે એમ એમને સ્પષ્ટ લાગ્યું અને અનેક મથામણોમાંથી પસાર થઈ, અનેક પ્રલોભનોને ધક્કો મારી એમણે સાચી સાધકદશાનો માર્ગ સ્વીકાર્યો. એ પછીનાં બધાં વર્ષોના સતત સાક્ષી તરીકે કહી શકું કે સંસારી દેખાવા છતાં સાધકજીવનનો અંચળો એમણે ઓઢ્યો. સાધકતાની દીક્ષા એમણે સ્વીકારી.

એ પછીનાં ૨૦–૨૨ વર્ષોમાં શુદ્ધ સાધક તરીકે એમણે જીવન ગાળ્યું. કેળવણી–શિક્ષણ એ તો માત્ર વાહન હતું. એ વાહન દ્વારા એમણે પોતાની અનેક મનોવૃત્તિઓનું ઉચ્ચીકરણ કરવા માંડયું અને ઝીણવટથી જોનારને તો એ મુગ્ધકર જ લાગ્યું છે.

દક્ષિણામૂર્તિ વિનયમંદિરના આચાર્ય ગિરિજાશંકર ભગવાનજી બધેકા, બાળમંદિરનાં બાળકોના દોસ્ત ગિજુભાઈ, અધ્યાપન મંદિરના આચાર્ય તરીકે ધીરગંભીર જણાતા ગિજુભાઈ, પ્રકાશન મંદિરનું થોકબંધ સાહિત્ય લખનાર, ઘડીકમાં શાસ્ત્રજ્ઞ બનતા તો ઘડીકમાં કવિ બનતા તો ઘડીકમાં સૌને સમજાય તેવા સાહિત્યલખાણની સપાટી પર આવી જતા ગિજુભાઈને જ આપણે તો માત્ર જોયા છે. પણ એ બધાની પાછળ જે જે અનુભવો, જે જે યંત્રણાઓ, જે જે મનોવેદનાઓ અને તે બધામાંથી પાર ઊતરવાની મર્દસહજ બહાદુરી પડી છે તે બધાં ગિજુભાઈના સાધકજીવનનાં

રમ્ય પ્રકરણો છે. ગિજુભાઈના ભાવિ જીવનચરિત્રકારને વિનંતિ છે કે, માત્ર જીવનમરણની હકીકતો અથવા એમના શિક્ષણજીવનનો માત્ર ઇતિહાસ લખી બેસી ન રહેશો. એમનાં એ મંથનોની માહિતી મેળવી તેમણે એ સાધકવૃત્તિ કેળવી તે જો તમે ગુજરાતને આપશો તો એક નવી જ સેવા તમે બજાવી ગણાશે.

એ ગિજુભાઈ ગયા. તાજમાજ આપણે એમને સંભારી સ્મરણાંજલિ પણ આપશું, એમના શિક્ષણજીવનના અનેક ઉપકારો નોંધી રાખશું અને ભૂતકાળના કેટલાક કેળવણીકારોની યાદીમાં એમનું એક વધુ નામ ઉમેરશું, પણ એ બસ નથી. એમની સાધકવૃત્તિને પિછાનવા માટે એમનાં લખાણોનો ઝીણવટભર્યો અભ્યાસ આદરીએ તો એ પણ એમનો સાધક તરીકેનો એક વિશેષ ઉપકાર ગણાશે અને આપણું પોતાનું પણ કલ્યાણ તો થશે જ.

સાધક ગિજુભાઈ ! નમો નમઃ

---

૧૨. અડગ શ્રદ્ધાળુ

પોપટલાલ ચૂડગર

સદ્‌ગત શ્રી. ગિજુભાઈ સાથે મને પ્રથમ પરિચય સને ૧૯૧૩માં મુંબઈમાં શ્રી પી. લી. સીંગણેના લૉ ક્લાસમાં થયો. પૂર્વજન્મના સંબંધને લીધે કે કોઈ અગમ્ય કારણે અમો એક બીજા તરફ આકર્ષાયા, સાથે કાયદાનો અભ્યાસ કર્યો, સાથે પાસ થયા, અને વઢવાણ કેમ્પમાં સને ૧૯૧૪માં સાથે ભાગીદારીમાં વકીલાત શરૂ કરી. વકીલાતના ધંધાની અનિષ્ટ બાજુના કારણે શ્રી. ગિજુભાઈનો તે ધંધા પ્રત્યેનો અભાવ તેઓ વખતોવખત વ્યક્ત કરતા, અને જીવનની કોઈ વધારે ઉપયોગી દિશા ખોળવા તેઓ રાત્રિદિવસ મથતા હતા. તેવામાં એક પ્રસંગ બન્યો, અને તેમનું આખું જીવન તત્કાળ પલટાઈ ગયું. એક અસીલ એક બનાવટી ખાતું લઈ તેમની પાસે તેવા ખાતા પરથી દાવો લખાવવા આવ્યો. ખાતું બનાવટી છે તેમ તેમની ખાતરી થઈ અને તેમણે તે કેસ લેવાની ના પાડી, એટલું જ નહિ પણ તેમને વકીલાતના ધંધા પ્રત્યે ધિક્કાર છૂટ્યો. આ હકીકત બન્યા પછી દૈવયોગે દરબારશ્રી ગોપાલદાસે તથા સદ્‌ગત શ્રી. મોતીભાઈ અમીને મૅડમ મોન્ટીસોરીનું પુસ્તક શ્રી. ગિજુભાઈના હાથમાં મૂક્યું; તેઓ તે ખૂબ રસપૂર્વક વાંચી ગયા. તે પછી બાળશિક્ષણને લગતું બીજું કેટલુંક સાહિત્ય પણ વાંચ્યું, અને એક જ માસમાં વકીલાતને સદાને માટે તિલાંજલિ આપી તેઓ ભાવનગરના શ્રી દક્ષિણામૂર્તિના આજીવનસભ્ય તરીકે ગરીબાઈનું વ્રત લઈ જોડાયા.

તેઓશ્રીને દિવસે દિવસે એવી માન્યતા દૃઢ થતી ગઈ કે ઈશ્વરે તેમને બાળશિક્ષણનું કાર્ય સોંપ્યું છે, અને તે પ્રભુના કાર્ય તરીકે જિંદગીપર્યંત તેમને કરવાનું છે, અને તેવી સુદૃઢ માન્યતા અનુસાર તેઓ તે કાર્યમાં તન અને મનથી લાગી ગયા. પ્રથમના છસાત વર્ષ બાળશિક્ષણશાસ્ત્રનું સાહિત્ય જ્યાં જ્યાંથી મળ્યું ત્યાં ત્યાંથી મેળવી

વાંચતા ગયા. અને પોતાનો અભ્યાસ કાર્યમાં મૂકતા ગયા. તે સાત વર્ષોમાં બહારની દુનિયા તેમના વિશે કશું જાણતી ન હતી. એક વખત મેં તેમને પૂછેલું: "આવું સંગીન અને સાચું કાર્ય આપ કરો છો, છતાં જગત હજુ સુધી તેની કાંઈ કદર કેમ કરતું નથી?" તેમણે જવાબ આપેલો, "મને મારા કાર્યમાં અખૂટ શ્રદ્ધા છે, અને જગતને મારા કાર્યની કદર કરવી જ પડશે. હજુ મારા જીવનમાં ન્યૂનતાઓ છે. તમારાં જડીબેન (શ્રી. ગિજુભાઈનાં ધર્મપત્ની) હજુ ત્રાંબા—પિત્તળનાં વાસણમાં રસોઈ કરે છે, તે વૈભવ છોડી માટીના હાંડલામાં રસોઈ કરશે ત્યારે જ જગત મારા કામની કદર કરશે."

એક વખતે મેં તેમને પૂછેલું, "તમારા બાળમંદિરમાં નવીન પદ્ધતિથી શીખેલાં બાળકો આ જગતમાં શું કરશે?" તેમણે જવાબ આપેલો, "તેઓ પરાધીન જગતમાં જીવવાની ના પાડશે, અને સ્વાધીન જગતમાં જ જીવશે અગર મરી ફીટશે."

પ્રથમનાં સાત વર્ષમાં આ રીતે પોતાના કાર્યમાં અખૂટ શ્રદ્ધા અને પ્રભુ ઉપર વિશ્વાસ રાખી શાંત રીતે કોઈ પણ પ્રકારની જહેર ખબર અગર ઘોંઘાટ કર્યા વગર તેમણે તેમનું કાર્ય અવિશ્રાંત રીતે ચલાવ્યે રાખ્યું, અને ત્યાર પછી દિવસે દિવસે તેની જે વૃદ્ધિ અને વિકાસ થયો છે તે જગત જાણે છે.

શ્રી. તારાબેન મોડક તેમના કાર્યથી આકર્ષાઈ રાજકોટની બાર્ટન ફીમેલ ટ્રેનિંગ કોલેજની બહુ મોટી અને માનવાળી નોકરી છોડી કેવળ નિર્વાહ પૂરતું લવાજમ સ્વીકારી શ્રી. ગિજુભાઈ સાથે જોડાયાં. અને શ્રી. ગિજુભાઈ અને તારાબેનની જોડલીએ મળી એકચિત્તે બાળશિક્ષણ-સાહિત્યનું સર્જન કર્યું અને 'શિક્ષણ પત્રિકા' મારફત બાળશિક્ષણ તરફ સમગ્ર દેશને આકર્ષ્યો.

એક શિક્ષણશાસ્ત્રી તરીકે શ્રી. ગિજુભાઈની પ્રતિષ્ઠા ભારતવર્ષમાં જ નહિ, પણ અન્ય દેશોમાં પણ અજોડ છે. શ્રી પ્રાણલાલ મુન્શીએ સન્માન થેલીસમારંભ વખતે યોગ્ય જ કહેલું કે કેળવણીના ક્ષેત્રમાં હાલનો જમાનો ગિજુભાઈયુગ કહેવાશે. તેમણે રચેલાં સાહિત્યનાં ગુચ્છોવાળી પુસ્તિકાઓ અને અન્ય પુસ્તકોની આજ સુધીમાં લગભગ સાત લાખ નકલો ખપી

છે તે જ તેમનાં સાહિત્યનાં અમૂલ્ય કિંમતનો પુરાવો છે.

શ્રી. ગિજુભાઈને અનુસરીને બીજા અનેક લેખકો બાળસાહિત્ય રચવા પ્રેરાયા છે, અને હાલ ઢગલાબંધ વિધવિધ પ્રકારનું બાળસાહિત્ય પ્રસિદ્ધ થાય છે. તેની પ્રેરણા શ્રી. ગિજુભાઈ પાસેથી મળી છે, તેમ સૌ એકમતે કબૂલ કરે છે.

શ્રી. ગિજુભાઈનું જીવન એક આદર્શજીવન હતું. તેમના ગૃહમાં એવી એક પણ વસ્તુ મેં કોઈ દિવસ જોઈ નથી કે જે બિનઉપયોગી હોય. સાદામાં સાદું અને ઓછામાં ઓછું રાચરચીલું તેઓ રાખતા. ઘણાં જ સાદાં શુદ્ધ ખાદીનાં કપડાં પહેરતા અને ખોરાક પણ એટલો જ સાદો લેતા. કોઈ પણ વખતે તેમનાં મોઢે કોઈની નિંદા કોઈએ સાંભળી નથી. તેમનામાં ક્ષમાભાવ બહુ જબ્બર હતો. ગમે તેવા અપરાધીને પણ તેઓ ઉદાર દિલથી ક્ષમા કરતા અને કોઈ પણ માણસના દોષ જોવા કે સાંભળવાની સાફ ના પાડતા.

પોતાની અંગત જરૂરિયાતો ઓછામાં ઓછી રાખતા, અને આજીવન સહજ તરીકે તેમને જે કાંઈ મળતું તેટલાથી જ પોતાનો વહેવાર ચલાવતા અને તેમાં સંતોષ માનતા. તેમણે ધાર્યું હોત તો તેમનાં સાહિત્યમાંથી જ તેઓ સારી રકમ એકઠી કરી શકયા હોત. સન્માનથેલીની રકમ પણ તેમને અંગત બક્ષિશ આપવા માટે જ એકત્ર કરવામાં આવેલી, કારણ કે શ્રી દક્ષિણામૂર્તિમાંથી છૂટા થયા તે વખતે તેમની આર્થિક સ્થિતિ ખરે જ કરુણ હતી. છતાં તે આખી રકમ બાળશિક્ષણના કાર્યમાં ભેટ આપવા તેમણે પોતાની ઇચ્છા થેલી અર્પણ કરતી વખતે જ વ્યક્ત કરેલી.

પચીસ વરસની બાળસેવા દરમિયાન અનેક વખતે તેઓ આર્થિક મુશ્કેલીમાં આવી જતા, છતાં કોઈપણ મિત્ર કે સંબંધી પાસેથી મદદની આશા રાખતા નહિ એટલું જ નહિ પણ મદદ સ્વીકારવાની પણ હંમેશ ના પાડતા.

મારા માટે તો શ્રી. ગિજુભાઈનું જીવન એક આદર્શ હતું. તેમના પરિચયમાં હું જેમ જેમ વધારે આવતો ગયો તેમ તેમ તેમના પ્રત્યે મારી ભક્તિ વધતી ગઈ, અને તેમની સાથે સાથે જ્યારે જ્યારે રહેવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થતું ત્યારે ત્યારે હું મારા આત્માની પરમ શાંતિ અનુભવતો.

તેમનાં અધ્યાપનમંદિરના કાર્યથી હું એટલો બધો આકર્ષાયેલો કે મને તો એમ જ લાગતું કે સમાજસેવાનું અને દેશસેવાનું આ એક સૌથી મોટું અને સૌથી વધારે ઉપયોગી કાર્ય છે. અને મારું બાકીનું જીવન શ્રી. ગિજુભાઈ સાથે રહી તે કાર્યમાં તેમને બનતી સહાય કરી વ્યતીત કરવું તેવો મેં નિશ્ચય કર્યો હતો, અને રાજકોટનું બાળઅધ્યાપનમંદિર તેમની અનિચ્છા હોવા છતાં મેં જ આગ્રહ કરી ખોલાવ્યું હતું. તેઓ તો શ્રી દક્ષિણામૂર્તિમાંથી છૂટા થયા પછી જગતનો ત્યાગ કરી તપચિંતન માટે હિમાલય તરફ પ્રયાણ કરી જવાના હતા, અને આધ્યાત્મિક જીવન ગાળવા તેમની તીવ્ર ઇચ્છા હતી. ગયા પાંચેક વરસથી તેમની ધર્મભાવના બહુ જ વેગવંતી બની હતી, અને બાહ્ય દૃષ્ટિએ તેઓ બાળશિક્ષણનું કામ એક ધર્મ તરીકે કરતા, છતાં યોગી જેવું જીવન ગાળતા. રાજકોટના અધ્યાપનમંદિર પાછળ તેઓશ્રીએ છેવટે તેમના પ્રાણનું બલિદાન આપ્યું. કારણ કે તેમની કર્તવ્યપરાયણતા એટલી બળવાન હતી કે કાર્યક્રમ સંપૂર્ણ કર્યા વગર જરા પણ વિશ્રાંતિ લેવાની તેઓ સાફ ના પાડતા, અને તબિયત દિવસે દિવસે ઘણી બગડતી જતી હતી છતાં અધ્યાપનમંદિરનો કોર્સ પૂરો કર્યા સિવાય તેમણે આરામ લેવાની ના પાડી, અને જ્યારે આરામ લેવા તેમને હું કહેતો ત્યારે એક જ જવાબ મળતો કે આ દેહ વહેલો મોડો પડવાનો જ છે, અને અંત સુધી બની શકે તેટલી સેવા કરી લેવી જ જોઈએ.

છેલ્લી માંદગી દરમિયાન શરીર અત્યંત દુર્બળ થઈ ગયું હતું, છતાં 'શિક્ષણ પત્રિકા' નો અંક નિયમસર કાઢવા માટેની તમામ વ્યવસ્થા કરવાનું તે ચૂકયા ન હતા.

શ્રી. ગિજુભાઈના સ્વર્ગવાસથી ભારતવર્ષે એક મહાન અને અજોડ શિક્ષણશાસ્ત્રી, મૂક પણ સાચો સેવક અને બાળકોનો પિતા ગૂમાવ્યો છે. તેમની ખોટ તો પુરાશે જ નહિ. હજારો અને લાખો બાળકો, અસંખ્ય વિદ્યાર્થીઓ અને બાળકોનાં માબાપો તેમનાં અવસાનથી કરુણ આક્રંદ કરે છે, અને મારા ઉપર તેમના વિદ્યાર્થીઓના જે પત્રો આવે છે તે વાંચી હૃદયના ચૂરેચૂરા થઈ જાય છે. ઘણાં લખે છે કે શ્રી. ગિજુભાઈના સ્વર્ગવાસથી તેમનું જીવન શૂન્ય થઈ ગયું છે. તેઓને હંમેશ તેમના

તરફથી જીવનની તદ્દન નવી દિશા અને અદ્‌ભૂત પ્રેરણા મળતી.

શોક કરવો મિથ્યા છે. પ્રભુની એવી જ ઇચ્છા હશે. હવે તો શ્રી. ગિજુભાઈના કાર્યને જીવંત રાખી આગળ ધપાવવું તે જ તેમના સૌ મિત્રોનું કર્તવ્ય છે. શ્રી. ગિજુભાઈ સ્વર્ગવાસી થયા છતાં અમર છે. તેમનો આત્મા બાળજગતમાં અહોનિશ વિહર્યા કરશે, અને બાળશિક્ષણની વધારે વેગવાન અને બળવાન પ્રેરણા આપ્યા કરશે તેમાં શંકા નથી. પ્રભુ તેમનાં આત્માને ચિર શાંતિ આપો.

---

૧૩. ગિજુભાઈ

જેવા જોયા : જાણ્યા : અને પિછાન્યા : એ રીતે

સોમાભાઈ ભાવસાર

પહેલું મિલન !

આંખો મળી અને પરિચય થયો. પછી...?

ગિજુભાઈ વિશે મારે એમ જ થયું એમ કહી શકાય. જેલમાંથી તાજો તાજો છૂટેલો ને શું કરવું એ સૂઝતું નહોતું ત્યાં ગિજુભાઈના અધ્યાપનમંદિરની વાત સાંભળી, અને મેં અરજી લખી.

ત્યારે મેં ગિજુભાઈનું નામ માત્ર સાંભળેલું. એમને જોયેલા નહિ કે સાંભળેલા પણ નહિ. કેવા એ ગિજુભાઈ હશે ? કેવું એ બોલતા હશે ? શું એ શીખવતા હશે ? વારંવાર એ જિજ્ઞાસા થતી અને થોડા દિવસમાં જ એમનો પરિચય થઈ જશે એ હિસાબે એમની તરફથી કયારે આવવું એના ઉત્તરની રાહ જોતો બેઠો. પણ અધ્યાપનમંદિર બે મહિના આઘું ઠેલાયું અને મારા પ્રશ્નો મારા મનમાં જ રહ્યા. એ બે મહિના મેં દિવસો ગણીને કાઢયા. આખરે એ દિવસ આવ્યો. આનંદ ને ઉત્સાહ સાથે હું ભાવનગર ઊપડયો. ટ્રેનમાં મને બીજાં પણ ભાઈબહેનો મળી ગયાં અને અમે સૌ અધ્યાપનમંદિરની વાતો કરતાં ભાવનગર પહોંચ્યાં.

વિદ્યાપીઠમાં ભણતો હતો ત્યારે દક્ષિણામૂર્તિની વાત સાંભળેલી અને એ જોવાની ઇચ્છા પણ થયેલી. પણ એ એક પ્રેક્ષક તરીકે, ભણનાર તરીકે નહિ. પણ આજે તો ત્યાં જ હું એક ભણનાર તરીકે હતો. કેવી નવાઈ !

દક્ષિણામૂર્તિમાં આવી પહોંચ્યાં. ગૃહપતિએ અમને અમારો નિવાસ બતાવ્યો. સૌ વિદ્યાર્થીઓની સાથે હું પણ ગોઠવાયો. લાંબી એવી એક ઓરડી હતી એમાં સામસામા વિદ્યાર્થીઓ ગોઠવાતા હતા. જેલની બેરેકો મને યાદ આવી. પણ જેલમાં તો અમને ફરજિયાત એ પ્રમાણે ગોઠવતા હતા જ્યારે અહીં અમારે સ્વેચ્છાએ એમ કરવાનું હતું એટલો ફેર હતો.

આ બધું બન્યું ત્યાં સુધી ગિજુભાઈને જોયેલા નહિ. એ કયાં હશે એમ એક જણને પૂછયું તો 'સામા મકાનમાં' એવો ઉત્તર મળ્યો. મેં મકાનની સામે જોયું. બેઠા ઘાટનું એક મકાન હતું. આગળ બે-ત્રણ બારીઓ હતી. મકાનની આગળ નાનો સરખો બાગ અને બાગમાં એક હીંચકો હતો. એ મકાનમાં ગિજુભાઈ રહેતા હતા. વિદ્યાર્થિનિવાસથી તે સાવ નજીકમાં હતું.

થોડી વારમાં બોલાવાનો વખત થયો અને અમે રસોડે ઊપડ્યાં. સૌ સૌના હાથમાં પોતપોતાની થાળી, વાટકી અને લોટા હતા અને અમે વાતો કરતા ચાલ્યા જતાં હતાં. રસોડામાં જમવા બેઠાં ત્યાં ગિજુભાઈ આવે છે એમ સાંભળ્યું. સૌ એમને જોવા આતુર બન્યાં. ગિજુભાઈ અંદર આવ્યા. એમણે એક અડધી બાંયવાળું પહેરણ ને ટૂંકી ધોતલી પહેરી હતી. સૌનાં નામ પૂછતા ગયા. મારી પાસે આવી મારું નામ પણ પૂછયું. પછી બે શબ્દો સૌને કહી એ ચાલ્યા ગયા. ગિજુભાઈ સાથેનું એ મારું પહેલું મિલન. પહેલાં મિલને અમે કેટલા નજીક આવ્યા હતા એ ન તો એ જાણતા હતા કે ન તો હું. પણ એક વાત સાચી અને તે એ કે એમની સાદાઈએ મારી પર ભારે છાપ પાડી હતી અને પહેલે જ દિવસથી એમણે પોતાની મૂર્તિ મારા મનમાં રમતી કરી દીધી.

ગિજુભાઈ આચાર્ય તરીકે ને વ્યક્તિ તરીકે :

પછી તો અધ્યાપનમંદિર શરૂ થયું અને ગિજુભાઈના પરિચયમાં સૌથી વધુ આવતા ગયા. અધ્યાપનમંદિરને અંગે હું તથા મારા એક મિત્ર દૈનિક કાઢતા હતા. એનું નામ હતું 'ફોરમ.' એ ફોરમને અંગે સમાચાર લેવા ગિજુભાઈ પાસે મારે અવારનવાર જવાનું રહેતું. ગિજુભાઈ સમાચાર પણ આપે ને ફોરમને અંગે બીજી સૂચનાઓ પણ આપે. ફોરમને અંગે ગિજુભાઈથી પરિચિત થવાનો મને ઠીક પ્રસંગ મળ્યો.

પણ એમનો એક તરફી પરિચય શા કામનો ? ગિજુભાઈનો પરિચય બધી રીતે થાય તો જ ઠીકને ? એ પરિચય કરાવવાને ખાતર આમ બન્યું હશે કે કેમ એ તો કોણ જાણે, પણ એક વખત આમ બન્યું :

પાઠ્યપુસ્તકો દરેક વિદ્યાર્થીની પાસે પોતાનાં જ હોવા જોઈએ. એવું જાહેર થયું હતું. મારી પાસે બીજાં બધાં પુસ્તકો તો હતાં પણ અમુક ન હતાં. એ બીજા પાસેથી મેળવીને વાંચી લઈશ એ ઇચ્છાએ ખરીદ્યાં ન હતાં. પણ એક દિવસ અધ્યાપનમંદિરના વર્ગમાં ગિજુભાઈએ સૌ વિદ્યાર્થીઓને પૂછ્યું અને કોની પાસે નથી એમ જાણવા માંગ્યું.

મેં હાથ ઊંચો કર્યો.

ગિજુભાઈ : "તમે કેમ એ પુસ્તકો ખરીદ્યાં નથી ?"

મેં જવાબ આપ્યો : "બીજા પાસેથી મેળવીને વાંચી લઈશ એવો વિચાર હતો તેથી."

ગિજુભાઈ : "પણ તમે જાણો છો ને કે દરેક વિદ્યાર્થીએ પાઠ્ય-પુસ્તકો પોતનાં જ રાખવાનાં છે ?"

મેં કહ્યું : "હા જી."

ગિજુભાઈ : "તો હવે કાલે ખરીદી લેજો."

મેં કહ્યું : "ભલે."

વર્ગ વીખરાયો. ગિજુભાઈ સાથે થયેલા આ સંવાદ પછી હું સહેજ ઝંખવાણો પડી ગયો હતો. અંતરમાં સહેજ ઓછું આવ્યું હતું અને આંખમાં ઝળઝળિયાં આવી ગયાં હતાં.

ગિજુભાઈએ મને જોયો અને પોતાની પાસે બોલાવ્યો. એમણે મારી પીઠ થાબડી કહ્યું : "શિસ્તની ખાતર આચાર્ય તરીકે મારે સૌને ચોપડીઓ ખરીદવી જાઈએ એમ કહેવું જ જોઈએ એથી તમારે માઠું લગાડવું ન જોઈએ. બાય હવે ગિજુભાઈ તરીકે હું કહું છું કે તમે એ ચોપડીઓ ખરીદશો નહિ અને મારી પાસેથી લઈ જજો."

પછી તો ખૂટતી એ ચોપડીઓ ગિજુભાઈએ મને આપી અને એ રીતે આ પ્રસંગનો અંત આવ્યો.

ઝઘડાની પતાવટ કેવી ?

અધ્યાપનમંદિરને અંગે દૈનિક કાઢવાની વાત હું લખી ગયોછું. એ દૈનિકમાં અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓના સમાચાર અપાતા. જગાના અભાવે ઘણીવાર એમ બનતું કે કેટલાકના સમાચાર આપવા રહી જતા હતા. આથી કેટલાક વિદ્યાર્થીઓએ ગૃહપતિને ફરિયાદ કરી કે દૈનિકના તંત્રીઓ ધરાદાપૂર્વક અમારા સમાચાર લેતા નથી.

ગૃહપતિએ મને બોલાવ્યો ને સમાચાર કેમ લેતા નથી એનો ખુલાસો માગ્યો. મેં જે સાચી વાત હતી તે કહી પણ એથી એમને સંતોષ ન થયો અને વાત ગિજુભાઈની પાસે પહોંચી.

ગિજુભાઈએ ગૃહપતિ અને મને બંનેને બોલાવ્યા.

ગૃહપતિએ કહ્યું : "ગિજુભાઈ, દૈનિકના તંત્રીએ હું જે કહું તે સાંભળવું જોઈએ."

હું બોલ્યો, "પણ સાંભળવાની હું કયાં ના પાડું છું. જરૂર તમે જે કહો તે અમારે સાંભળવું જ જોઈએ અને એનો અમલ કરવો જોઈએ પણ જે વસ્તુ શકય ન હોય તેને માટે અમે શું કરીએ ? દૈનિકના તંત્રી તરીકે એટલી સ્વતંત્રતા તો અમને હોવી જોઈએ ને ?"

હું બોલતો હતો અને ગિજુભાઈ સાંભળતા હતા.

ગૃહપતિ : "પણ એનો અર્થ એ નહિ કે તમે મનસ્વી રીતે અમુક સમાચારો લો ને અમુક ન લો."

મેં કહ્યું, "એમાં મનસ્વીપણું કયાં છે ? દૈનિકનાં પાનાં બે આવે છે. એમાં એકમાં અગ્રલેખ ને બીજામાં સમાચાર. સમાચાર દોઢ પાનાના આવે તો શું કરવું ? કયા કાપી નાખવા ને કયા નહિ એ તો તંત્રીની જવાબદારી પર રાખશો ને ?"

ગૃહપતિ મૂંગા રહ્યા. પણ અમારો ઝઘડો પત્યો નહોતો. ગિજુભાઈ મૂંગા મૂંગા અમારો આ સંવાદ સાંભળતા હતા. અમને સાંભળીને તેઓ હસી પડયા અને પહેલેથી છેવટ સુધી જેમ મૂંગા હતા તેમ જ મૂંગા રહીને બોલ્યા વિના બીજા ઓરડામાં ચાલ્યા ગયા.

ગૃહપતિને હું બંને એક બીજાની સામે જોઈ રહ્યા. બંનેને શું કરવું તે સૂઝયું નહિ. બંને આસનો પરથી ઊઠયા અને હાથ મિલાવ્યા.

દૂર કાચની બારીમાંથી ગિજુભાઈએ આ જોયું અને તેઓ મંદ-મંદ હસ્યા. આ જોઈને ગૃહપતિ ને હું બંને સમજી ગયા. ઝઘડાની આ પતાવટ કેવી મીઠી હતી !

*

ઈશ્વરી સંકેત !

અધ્યાપનમંદિરના કાળ દરમિયાન ઉપરના પ્રસંગો મુખ્ય હતા. એ પછી અધ્યાપનમંદિર પૂરું થયું અને સૌ વીખેરાયા. ગિજુભાઈથી અમે

શારીરિક રીતે જુદા પડ્યા. પણ માનસિક રીતે નહોતા પડ્યા એમ તો તેઓ અમારી સાથે જ હતા.

મનમાં ઘણી વાર ઇચ્છા થતી કે ગિજુભાઈની સાથે કામ કરવાની તક સાંપડે તો કેવું ?

વડોદરા બાળમંદિરમાં કામ કરતો હતો. એક વખત મનમાં તુક્કો આવ્યો કે બાળમંદિરમાં કામ નથી કરવું. ચાલ વીમાના ક્ષેત્રમાં પડું અને રાજીનામું આપી બાળમંદિરમાંથી છૂટા થઈ મેં ગિજુભાઈને એ સમાચાર આપ્યા.

ગિજુભાઈએ લખ્યું, 'ભલે, પણ કવિને કેમ એ ગમશે ? એ ક્ષેત્રથી તમે કંટાળો નહિ તો સારું. વકીલાતથી કંટાળીને જેમ હું બાળમંદિરના ક્ષેત્રમાં આવ્યો તેમ તમે પણ વીમાથી કંટાળીને પાછા આમાં જ આવશો. અને તે દિવસે પાછો હું તમને ફરી આવકાર આપીશ. પોતાના વિદ્યાર્થી પ્રત્યે ગિજુભાઈને કેટલી મમતા હતી !

ઈશ્વરનો શો સંકેત હશે એની કોને ખબર પડે ? હું વીમાના ક્ષેત્રમાં પડું એ પહેલાં કાંઈક જુદું જ બન્યું. ચરોતર સ. સ. મંડળી પાસેથી ભણવા માટે મેં લોન લીધેલી. એ લોનના પૈસા મારે આપવાના હતા. એના મંત્રી શ્રી મોતીભાઈ અમીન પાસે ગયો ને એમની પાસે સાહિત્યનું કામ માગ્યું. એમણે મને કહ્યું, "મારી પાસે સાહિત્યને લગતું કાંઈ કામ તો નથી પણ જો તમારે 'બાળમિત્ર'ના તંત્રી થવાની ઇચ્છા હોય તો એનો પ્રબંધ હું કરું."

બાળસાહિત્યલેખનનો મને ઠીક ઠીક શોખ હતો અને 'બાળમિત્ર'ના તંત્રી થવાની તક મળે તો સારું એમ થઈ ગયું. એટલે વીમાના ક્ષેત્રમાં પડવાનું મેં મોકૂફ રાખ્યું ને 'બાળમિત્ર'નો તંત્રી થયો.

ગિજુભાઈને આથી ખૂબ આનંદ થયો. 'બાળમિત્ર'ને અંગે પછી તો ગિજુભાઈને હું અવારનવાર બૂબ મળતો અને માર્ગદર્શન મેળવતો, પણ હજી મારા મનથી એમની સાથે કામ કરવાનું મળે તો કેવું એ વાત ભૂલાઈ નહોતી.

નક્કી એટલે નક્કી !

એક વખત ગિજુભાઈ બીમાર પડ્યા. બીમારી જેવી તેવી નહોતી, ભારે હતી. દમ એમને એટલો ચડતો કે શ્વાસ પણ ન લઈ શકે. એ વખતે

એક મહિના જેટલો સમય તેમની પાસે રહેવાનું મને મળ્યું. આ વખતે એમના સઘળા પત્રવ્યવહારનું કામ મને મળ્યું. આ કામે મને એમની નજીકમાં ઠીક ઠીક આણ્યો અને પાવરધો પણ સારો બનાવ્યો.

પછી તો એવું થઈ ગયું કે ગિજુભાઈ જ્યારે કોઈ પ્રવાસે જાય અને મને રજા મળી શકે તેમ હોય તો તેઓ પોતાની સાથે આવવા આગ્રહ કરીને મને લખે. ગિજુભાઈ સાથે પ્રવાસ કરવાની ખૂબ મજા પડે છે એ વાત હું જાણતો એટલે એવી તકો હું ચૂકતો નહિ.

આ પ્રવાસો દરમિયાન નાના નાના અનેક પ્રસંગો બનતા પણ એ બધાનો ઉલ્લેખ કરવા જાઉં તો તો પાર ના આવે એટલે એકાદ મુખ્ય પ્રસંગ વિશે કહીશ.

એક વખત અમે એક ગામમાં ગયા. ગામના એક પ્રતિષ્ઠિત ગૃહસ્થને ગિજુભાઈ મળવા ગયા. બરોબર એ જ વખતે એ ગૃહસ્થને લગ્નપ્રસંગે બહાર જવાનું હતું. પોતાની સાથે ગિજુભાઈને એમણે આવવાનો આગ્રહ કર્યો. ગિજુભાઈએ પોતાને અમુક વાગે બીજે જવાનું છે એમ કહી દિલગીરી દર્શાવી.

પણ પેલા ગૃહસ્થે તો આગ્રહ ચાલુ જ રાખ્યો અને છેવટે એટલા વાગે એ જગ્યાએ પહોંચાડવાની ગિજુભાઈને ખાતરી આપી એટલે ગિજુભાઈ એમની સાથે ગયા.

ગિજુભાઈના જવાથી સૌને આનંદ થયો. એમ કરતાં વખત તો થવા આવ્યો ને મેં પેલા ગૃહસ્થને ગિજુભાઈને જવાનો વખત થયો છે માટે વાહનનો બંદોબસ્ત કરવા વિનંતિ કરી. પેલા ગૃહસ્થે લગ્નવાળા ભાઈને કહ્યું. "હમણાં મોટર મોકલાવું છું."

પણ એ મોકલાવાની વાત તો બોલવામાં જ રહી. એનો કાંઈ અમલ ન થયો. આ બાજુ જે સમયે પેલી જગાએ પહોંચવાનું હતું એમાં પંદર મિનિટ જ બાકી રહેલી.

મેં ગિજુભાઈને કહ્યું, "કાંઈ બંદોબસ્ત થાય એમ લાગતું નથી."

આ સાંભળી ગિજુભાઈ તરત ઊભા થયા અને પેલા ગૃહસ્થ પાસે જઈ નમસ્કાર કરી બોલ્યા : 'લ્યો ત્યારે જય જય ! સમય થઈ ગયો છે. આટલા વાગે તો મારે પહોંચવું જ જોઈએ એટલે ચાલતો થાઉં છું.

મોટર આવે તો પાછળ મોકલજો.” આટલું બોલી ગિજુભાઈએ ચાલવા માંડ્યું.

પેલા ગૃહસ્થ ભોંઠા પડી ગયા. એમને બિચારાને એમ હશે કે એકાદ કલાક આમ કે તેમ થઈ જાય તો ય શું? એથી કાંઈ ખાટું મોળું ઓછું થઈ જવાનું છે?

પણ ગિજુભાઈને મન તો નક્કી એટલે નક્કી જ. એમાં મીનમેખ થાય નહિ.

છેલ્લી સહી!

માંદગીને બિછાને છતાં ગિજુભાઈનો જીવ જંપે નહિ. સવાસો જેટલા વિદ્યાર્થીઓની માથે જોખમદારી હતી. એ કેમ એમને શાંતિ લેવા દે!

ડાક્તરોએ એમને બોલવાની મના કરી, લખવાની મના કરી. ગિજુભાઈએ નવા નુસખા શોધ્યા ને વિદ્યાર્થીઓનો વર્ગ ચલાવ્યો. પોતાની ગેરહાજરી કોઈને સાલવા ન દીધી.

પણ એમ કરવાથી બીમારી વધી. પછી તો એમની પર ચોકી-પહેરો મૂકવામાં આવ્યો ને કોઈપણ જાતનું કામ ન કરે એવી સાવચેતી લેવાવા માંડી.

અધ્યાપનમંદિરને પૂરું થવાને બેચાર દિવસો બાકી રહ્યા હતા. પ્રમાણપત્રો તૈયાર થયાં હતાં. બીજું બધું કામ તો ગિજુભાઈને તરદી આપ્યા વિના થઈ શકે તેમ હતું પણ આચાર્ય તરીકેની સહી તો તેમણે જ કરવી જોઈએ ના? પણ ડાક્તરે ના પાડેલી એટલે શું થાય? છેવટે એમની સહીવાળો સિક્કો મારી એ કામ પતાવવું એમ નક્કી કર્યું. ગિજુભાઈની પાસે આ ખબર ગઈ. તેમણે મને તરત બોલાવ્યો અને ઇશારો કરી કહ્યું, “વિદ્યાર્થીઓને સિક્કાવાળી સહીનાં પ્રમાણપત્રો નથી આપવાં પણ મારી પોતાની જ સહીવાળાં પ્રમાણપત્રો આપવાં છે. જુઓ, થોડાં મને આપી જાવ અને હું એની પર સહી કરતો થાઉં.”

એમની આજ્ઞા પ્રમાણે મેં કર્યું અને બધાં પ્રમાણપત્રો ઉપર તેમણે સહી કરી આપી. મને થયું જ્યારે આટલી ગંભીર માંદગી છે ને સિક્કા વાળી સહીથી ચાલી શકે તેમ છે છતાં આ માણસ પોતાના વિદ્યાર્થીઓને પોતાની સહીવાળાં પ્રમાણપત્ર આપવાનો આગ્રહ રાખે છે

એ કેટલું સાહસ ખેડે છે ! એટલું સાહસ કરવાને જે તૈયાર થયો એને પોતાના વિદ્યાર્થીઓ પ્રત્યે કેટલો પ્રેમ હશે !

પણ એ એમની છેલ્લી સહી હશે એની મને શી ખબર ! એથી જ એમણે પોતાની સહીવાળાં પ્રમાણપત્ર સૌને આપવાનો આગ્રહ રાખ્યો હોય એમ પણ ન બને ! કારણ કે એ પછી ગિજુભાઈ બરોબર એક મહિનો બાદ ગુજરી ગયા. રાજકોટનું અધ્યાપનમંદિર એ ગિજુભાઈનું છેલ્લું અધ્યાપનમંદિર અને તે વખતનાં પ્રમાણપત્ર ઉપર કરેલી સહીએ એમની છેલ્લી સહી !

૧૪. ગિજુ--ભગવાનનું ગિરિપ્રવચન

નટવરલાલ પ્ર. બૂચ

અને પછી તેઓ આવ્યા.

તે પૂર્વે,

વિત્તપ્રાપ્તિ અર્થે વિદેશ ગયા, પણ સંતોષ નથી. જીવનવ્યવહાર જુદો, માંહ્યલો કાંઈ જુદું જ માગે છે,—શું તે હજુ સમજાતું નથી.

પાછા સ્વદેશ આવ્યા. વર્ધમાનપુર (વઢવાણ)માં વકીલાત માંડી. વકીલાત તો વિકસતી ચાલી, પણ મનને કરાર નથી. શું માગે છે એ ?

એટલામાં એક સાદ આવ્યો : ભાવનગરમાં શિક્ષણનો એક ભેખધારી ધૂણી ધખાવી બેસી ગયો છે. એણે સાદ દીધો, "આવો, આવો, આપણે ઊગતી પ્રજાને માટે કાંઈક કરીએ."

આ સાદ વઢવાણમાં એને કાને પડ્યો, ને બસ હૃદયમાં ઊતરી ગયો. તેઓ પ્રબુદ્ધ થયા, અને વિકસતી વકીલાતને લાત મારી, તેમણે 'વર્ધમાન'ની જેમ વર્ધમાનપુરી છોડી. અને પછી તેઓ આવ્યા, ભાવનગર.

અને આવતાં જ ભાવેણાના એ ભેખધારીના ભેળા થઈ ગયા : 'આત્માએ આત્મનને ઓળખ્યો.' તેઓ કિશોરોના શિક્ષક બન્યા, અને તે દી મનને શાંતિ થઈ, ભાવતું ભોજન મળ્યું.

ગુજરાતનાં બાળકોની એક ધન્ય ક્ષણે એમના હાથમાં મેડમ મોન્ટેસોરીની ચોપડી 'ધ મોન્ટેસોરી મેથડ' આવી. તેઓ એ વાંચી ગયા, —વાંચતાં ગયા ને પચાવતા ગયા, અને આખી પૂરી પચાવી લીધી. અને 'મન્વેશ્વરી માત'નો એ મંત્ર એકલવ્યની પેઠે એકલપંડે ઝીલી, બાલશિક્ષણ દ્વારા બાલસેવાની આજીવન—આમરણ દીક્ષા લીધી. ભાવેણા-

---

* ગિજુ-ભગવાન તે સ્વ. ગિરિજાશંકર ભગવાનજી બધેકા—ગિજુભાઈ. "ઇશુ ભગવાન"માં ઇશુ પછી એના પિતાનું નામ મુકાયું છે.

ના પેલા ભેખધારીએ પોતાના આ સાથીની અભિલાષાને ઓળખી, વધાવી; એ ભેખધારીની ફૂંકે એમણે બાલશિક્ષણમાં ઝંપલાવ્યું,–તેઓ બાલશિક્ષણને અર્પિત થયા, બાલ શિક્ષણના ભેખધારી બન્યા.

ભાવેણાના તખ્તેશ્વર મંદિરની દક્ષિણે એટલી જ ઊંચી ટેકરી પર એક મકાન બંધાયું; અને એમાં બાલશિક્ષણના આ ભેખધારીએ પ્રવેશ કર્યો; એમના પ્રવેશે એ મકાન મંદિર બની ગયું ! દક્ષિણામૂર્તિ બાલ-મંદિર ! ગુજરાતનું,—એ પ્રથમ, વ્યવસ્થિત, કદાચ ભારતનું—યથાર્થનામ બાલમંદિર.

એ જોતાં જ, એમના જ એક એમના જેવા જ મૂછાળા બાલસેવક મિત્ર ગાઈ ઊઠ્યા :

"વ્હાલું મારું બાલમંદિરિયું
ટેકરીની ટોચે સુહાય
વ્હાલું મારું બાલમંદિરિયું."

અને દેહે પુરુષ હૈયે માતા એવા તેઓ—ગિજુભાઈ–ત્યારથી બાળક-માત્રની 'મૂછાળી મા' બન્યા. અને ટેકરીની ટોચે શોભતા એ પૂર્વાભિમુખ બાલમંદિરના ગભારામાંથી એમણે બુલંદ અવાજે પ્રબોધક પ્રવચન આપ્યું :

"ઓ માતાઓ, ઓ પિતાઓ, ઓ શિક્ષિકાઓ, ઓ શિક્ષકો,

મારી આ થોડી વાતો, કૃપા કરી, કાને ધરો, અને કાને ધરી, કાર્યમાં મૂકો :

સ્વ. કવિ ન્હાનાલાલે બાળકોને પ્રભુના પયગંબરો કહ્યાં છે; સ્વ. કવિ લલિતજીએ બાળકોને નાનાં નાનાં ફૂલ કહ્યાં છે. તો તમે—

(૧) બાળકોને ડરાવો મા, ધમકાવો મા. ડરમાં જીવતાં અને ધમકી ખાતાં બાળકો કાં તો નિર્માલ્ય, કાં તો બળવાખોર બનશે.

(૨) બાળકોને એકકેય પ્રકારની સજા ન કરો; ન શારીરિક, ન બીજી કોઈ; માર ખાતાં ને મેણાં ખાતાં બાળકો પરપીડનપ્રિય, કડવા-બોલાં, ને ગૂંડા માનસવાળાં બનશે; માનવ નહીં, દાનવ બનશે.

(૩) બાળકોને માન આપો. એ પણ જીવતા જીવો છે. એમને પણ પોતાનો અહમ્ છે, પોતાનું વ્યક્તિત્વ છે. એ અહમ્ ઘવાશે તો બાળકના

વ્યક્તિત્વનો સાચી દિશામાં, સુયોગ્ય, સમતોલ વિકાસ થશે નહીં; તેઓ વિકૃત બનશે.

(૪) બાળકોને મુક્ત રાખો, સ્વતંત્ર રીતે જીવવા દો. એમના પ્રતિ તમારો ધર્મ છે, એમના પર તમારો 'હક્ક' નથી. એમને મુક્ત રીતે વિકસવાનો પૂરો અધિકાર છે; એમને સ્વતંત્ર રીતે વિકસવા દેવાનો તમારો ધર્મ છે. તમારા આદર્શના, તમારી જીવનરીતિના ઢાંચામાં એમને ઢાળવાનો આગ્રહ કદી ન રાખશો. ઢાંચાઢાળ બાળકો પાંગળાં, પોચાં, પરાવલંબી થશે.

(૫) સ્વતંત્ર બાળક સ્વચ્છંદી થશે એવો ડર રાખો મા. જો પ્રથમથી જ તેમને અભય, સન્માન, સ્વાતંત્ર્ય મળ્યાં હશે તો તેઓ કદી સ્વચ્છંદી નહીં થાય, પણ સાચી દિશામાં અને સાચા–સારા નાગરિક બનવા તરફ જ પ્રગતિ કરશે એવો અટલ વિશ્વાસ રાખો.

(૬) તમારાં બાળકોને શું બનાવવાં—ડોક્ટર, ઇજનેર, યંત્રવિદ, વહીવટદાર, કે શિક્ષક—એ તમે નક્કી કરશો મા. એને જે થવું હોય તે જ થવા દો; અને એ થવામાં તમે એમને યથાશક્તિ, નિઃસ્વાર્થ મદદ કરો. તો જ મનથી સુખી, સંતુષ્ટ થશે, અને કાર્યક્ષમ અને નિષ્ઠાવાન બનશે.

(૭) આવી રીતે ઊછરેલાં બાળકો જ શાંત ક્રાંતિ સર્જશે, વિશ્વશાંતિ લાવશે.

આપ સૌમાંના દરેકને ફરી ફરી કહું છું. વિનંતી કરું છું— "બાળકો માટે જ જીવજો, જેમને મન બાળક દેવ હોય એવા તમે દરેક થજો.—

बालदेवो भव

---

૧૫. દૈવી પુરુષ

પ્રભુલાલ ઘોળકીઆ

૧૯૨૯ની સાલમાં અમદાવાદમાં ભરાયેલા મૉન્ટીસોરીસંમેલન વખતનો આ પ્રસંગ છે. ગિજુભાઈ સંમેલનના વરાયેલા પ્રમુખ. રાત્રે સાડા સાતે તેમને અમદાવાદ જવું હતું. સાંજે પાંચે બાળમંદિર પરથી ઊતરી તેઓ પોતાનો સામાન પૅક કરવા લાગ્યા. બિસ્તરો તૈયાર થયો. તેમણે પૂછ્યું: "પણ કપડાં ?" જડીબેને બે ઝબ્બા અને ધોતિયાં કાઢ્યાં. ઝબ્બા ઊજળા દૂધ જેવા પણ ચારેકોર ફાટેલા.

બચુભાઈ કહે: "અરે ! ગિજુભાઈ, આ ઝબ્બા તે કાંઈ ચાલે તેવા છે ? ભાઈચંદને મોકલોને દરજીને બે સીવવા આપી આવે ! એક કલાકમાં તૈયાર !"

ગિજુભાઈ હસીને બોલ્યા : "એટલે એમ ને કે હું પ્રમુખ થયો માટે નવા કરાવવા ? તું જુએ છે ને કે ફાટ્યા પછી ય મારે કેટલા ચાલે છે ? લ્યો, મોંઘી ! પ્રેમીબેન ! આ એકને ટાંકા દઈ નવા જેવા કરી નાખો !"

મોંઘીબેન અને પ્રેમીબેન થીંગડાં દઈ રહ્યાં. ગિજુભાઈ કહે: "વાહ, સરસ ! નવા થઈ રહ્યા ને શું ? જો બચુ ! પ્રમુખને શોભે તેવા છે ને ? ખાદી થોડી ફાડી કે નાખી કે નાખી દેવાય છે ?"

પ્રમુખના એ નવા ઝબ્બા સૌ કોઈ જોઈ રહ્યાં !

*

૧૯૨૮–૨૯ ના અધ્યાપનમંદિરના છેલ્લા સત્રને અંતે તેમનાં બે બાળકોને સખત ઓરી નીકળ્યાં. આથી બાળમંદિર અને અધ્યાપન-મંદિરમાં પંદરેક દિવસ વહેલું વૅકેશન રાખવું પડ્યું. હું સારવારમાં મદદ માટે તેમને ત્યાં રોકાયો. થોડા દિવસમાં તો બન્ને બાળકોની માંદગીએ ભારે ઉગ્ર રૂપ પકડ્યું. તેમના પુત્રને ન્યુમોનિયા થયો. કેટલીય રાતો ચિંતા અને ઉજાગરામાં અમે ગાળી.

અધ્યાપનમંદિર વહેલું બંધ કરવું પડ્યું એટલે તેમનાં થોડાં વ્યાખ્યાનો બાકી રહી ગયેલાં. ખાસ કરીને બાળમાનસ પર કહેવાની મારી માગણી તેઓ સંતોષી ન શકેલા તેનો તેમના દિલમાં ખટકો હતો.

દરદીઓ પાસે જાગવાનો અમારો બન્નેનો વારો સાથે આવતો. એક દિવસ બાળકો સહેજ સ્વસ્થ ઊંઘમાં પડ્યાં કે મને કહે: "ઘોળકીઆ ! સાંભળો, એક વાત. આપણે સૂતાં સૂતાં પણ જાગીએ તો છીએ જ, તો તેનો ઉપયોગ કેમ ન કરવો ? આ લોકો (દરદી બાળકો) ઊંઘે એટલી વાર આપણો વાર્તાલાપ ચાલે. બોલો, તમારા કાંઈ પ્રશ્નો છે ? હોય તો કાઢો, પછી હું અધૂરાં વ્યાખ્યાનો ચલાવું."

અમારો વારો મધરાત સુધી રહેતો. એક ઓશીકા પર અમે બન્ને માથાં રાખી સામસામી દિશામાં પગ લંબાવી સૂતા. ગિજુભાઈ ધીમા પણ દૃઢ સ્વરે ચિંતા, થાક અને ઉજાગરાને તે ઘડીએ અળગાં કરી ખરે જ જાણે અધ્યાપનમંદિરનાં ભાઈબહેનોના વિશાળ સમુદાયને સંબોધતા ન હોય તેવી ગંભીરતાથી માનસશાસ્ત્રનાં વ્યાખ્યાનો અને મારા પ્રશ્નોના જવાબો આપતા. આ ક્રમ દિવસો સુધી ચાલ્યો. દિવસો જતાં બાળકોની તબિયત સુધરતી ચાલી અને અમને વ્યાખ્યાનો માટે જોઈતી શાંતિ અને અવકાશ વધુ મળવા લાગ્યાં.

અધૂરાં વ્યાખ્યાનો તો પૂરાં થયાં જ. ઉપરાંત કચ્છની પ્રાથમિક શાળાઓના એકીકરણની યોજના અમે આ વાર્તાલાપમાં વિચારી કાઢી.

*

મારા એક સાથી ૧૯૩૦ના અધ્યાપનમંદિરમાં હતા ત્યારે વઘરાવળના હુમલાથી ભયભરેલી માંદગીમા સપડાયા. તે કહેતા: "આ માંદગી જો મને બીજે કચાંય આવી હોત તો જરૂર હું આ દુનિયામાં ન હોત. ગિજુભાઈ-તારાબેનની સારસંભાળે જ મને આ ભયંકર માંદગીમાંથી ઉઠાડ્યો. દક્ષિણામૂર્તિમાં માંદા પડવું એ પણ જીવનની એક મોજ છે. ઘેર કોઈ ભાગ્યે જ આટલી ચિંતા વેંઢારે !"

મને ભાવનગરના પ્રખ્યાત મેલેરિયાએ સપડાવ્યો. બાળમંદિરમાં સંગીત શરૂ થયું ત્યારની ટાઢની ચમકારી શરીરમાં પ્રવેશેલી. કઠણ મન કરી ધ્રુજારીને દાબી બેઠો. પરિણામે કલાકેક પછી ધાણી ફૂટે એવું

ટેમ્પરેચર ચડ્યુ –સાડી છ ડિગ્રી. અચાનક ગિજુભાઈ મારી પાસે આવ્યા. મારો દેખાવ જોઈ વરતી ગયા. વાંસે હાથ ફેરવી કહે: "ભલા કચ્છી માડુ ! આટલી હદે કચ્છી અજડાઈ હોય ! ચાલો, તમારા નિવાસગૃહમાં." આમ કહી મને બાથમાં લઈ નિવાસગૃહમાં લઈ ગયા.

સાંજે સાડા છએ જ્યારે મેં આંખ ઉઘાડી ત્યારે મારો પથારી પર માથા પર બરફ ઘસતા ગિજુભાઈ અને પગે માતાનો વહાલપભર્યો હાથ ફેરવતાં સામે તારાબેનને મેં જોયાં! બંનેએ મમતાથી પૂછ્યું "હવે કેમ લાગે છે ?"

મને મારો તાવ ચાલ્યો ગયો લાગ્યો.

*

કચ્છની પ્રાથમિક શાળાઓ માટેના અભ્યાસક્રમની રચના અંગે તેમની સલાહ લેવા હું ભાવનગર ગયો. વળતે દિવસે તો તેમને પાટણ બાળમંદિરે યોજેલા બાળમંમેલનમાં જવાનું હતું. દુઃખી થઈને મને કહે: "તમે આવ્યા ને મારે તો બેચાર દિ' બહાર થશે. તમારા દિવસો બગડે એ મને ન ગમે." આમ કહીને ઊંડા વિચારમાં પડી ગયા લાગ્યા. થોડી વારે માર્ગ સૂઝ્યો હોય તેમ આનંદમાં આવી જઈ મને કહે: "પણ ફિકર નહિ. તમે પાટણ ચાલો ને ! દિવસે સંમેલનનાં તથા બીજાં કામો અને રાતે આપણાં કામો પતાવશું."

ભાવનગરથી રાતે ઊપડ્યાં. સિહોર ગયું ને મને કહે: "ચાલો, ચલાવો. એક પછી એક મુદ્દા કાઢો." મારી પાસેથી વિગતો સમજતા જાય અને નોધ કરાવતા જાય. અમે અભ્યાસક્રમ માટેના સંદર્ભો (References) સાથે રાખેલા, રાત કયાં ગઈ તેની અમને ખબર ન પડી. વીરમગામ ગયું ત્યારે મેં કહ્યું: "ગિજુભાઈ ઘડીક તો આડે પડખે થાઓ. પાટણમાં દિ' બધો કામ કરવું છે !" હસતાં હસતાં મને કહે: "ઊંઘનું ખાતું ભાવનગર જઈને ચોખ્ખું કરોશ. તમે છેક કચ્છમાંથી આવ્યા અને તમારે તરત જ પાછુ જવુ જોઈએ એ હું જાણું છું. મારી ફિકર કરવાની દોસ્તોને ખોટી ટેવ પડી છે. અચ્છા, તમે આગળ ચલાવો." મહેસાણા સુધી તેમણે ચલાવ્યું. ત્યાં અમારી મંડળીના ભાઈબહેનો પણ જાગ્યાં. અમારે ગાડી બદલવાની હતી. દાતણપાણી ને ચા

પતાવીને મંડળીને વાર્તાલાપ કરવી છોડી બહલેલી ગાડીમાં તેઓ મને ડબ્બાને છેડે લઈ ગયા. કહ્યું: "પાટણ આવતાં તો કેટલું'ક પતશે. ચાલો, કાઢતા આવો."

આમ પાટણ આવ્યું. સામૈયું, સરઘસ, ખાણીપીણી, મુલાકાતો અને પછી થયો સંમેલનનો સમય. સંમેલનની બેઠક, બાળકો સાથેનો વાર્તાલાપ, નિર્ણયો, સંચાલકો સાથે મંત્રણા આવું બધું અંધારું થયું ત્યાં સુધી ચાલ્યું. ભોજન વચ્ચે કલાકેક મળ્યો તે કાઈ મુલાકાતીઓ છોડે ! થોડું ખાધું ન ખાધું અને રંજન કાર્યક્રમોમાં મોડી રાત સુધી આ કાર્યક્રમો ચાલ્યા. પૂરા થયે મને કહે : "રાતે પતાવીને સૂવું છે હોં !" હું તાજુબ થયો ! કાંઈ બોલું તો તેમનો ટોણો સાંભળું, એટલે હું મૂંગો રહ્યો.

અને પછી તેઓ અભ્યાસક્રમની રૂપરેખા તૈયાર કરાવીને જ ઉઠ્યા. ત્યારે ઘડિયાળમાં ત્રણના ટકોરા થયા !

રાજકોટમાં તેમના છેલ્લા અધ્યાપનમંદિર વખતે તો તેમની તબિયત ચિંતાજનક હતી. દાક્તરોની મના છતા અધ્યાપન મંદિરના તમામ કાર્યક્રમો સાંગોપાંગ પાર પાડવા પ્રયત્ન કરતા. સાવ પથારીવશ થયા તો ય ટેકાથી ચાલી નાખીને કાર્યક્રમોમાં હાજરી આપતા. વાત કરે ત્યાં ઉધરસ-દમ શરૂ થાય. તો પણ કોઈનું ગણકાર્યા વગર ચલાવ્યે રાખવાનું કરે. આ પ્રસંગે તેમની તબિયત ભાંગી નાખી. આ સમયે હું અધ્યાપનમંદિરમાં વ્યાખ્યાનો આપવા ગયેલો. આવા રોગગ્રસ્ત શરીરે તેમને વાત કરવામાં પણ ભારે તકલીફ થાય છે એ હું જાણતો હતો, એટલે હું તેમની પાસે જઈ બેસતો ત્યારે મૂગો રહેતો. છેલ્લે દિવસે ચીડાઈને મને કહે: "તમે ચારપાંચ દિવસ થયા આવ્યા છો. કેમ કંઈ બોલતા નથી ! કચ્છનું કારભારું મારે સાંભળવું છે હોં ! બોલો, દિવાળીની રજાઓમાં વર્ગ રાખવાની કરતા હતા તેનું શું થયું ? મારી તબિયત સામે નહિ જોતા. થોડા વખતમાં તેને સીધા થયે જ છૂટકો છે. તમે રાતે નિરાંત લઈ આવજો, આપણે બેસશું."

નવેક વાગ્યે એક ભાઈએ આવીને મને કહ્યું, 'તમને ગિજુભાઈ બોલાવે છે.' એમને એમ થયું હશે કે તેમને તકલીફ પડશે એ વિચારે

મેં તેમને મળવાનું માંડી વાળ્યું હશે, એટલે તેમણે મને સામેથી બોલાવ્યો. હું ગયો. તકિયો સામે મૂકી તે પર ઊંધું ઘાલી તેઓ પડ્યા હતા. દમ ખમર લેતો હતો. મારો પગરવ સાંભળી જાણે કાંઈ જ ન હોય તેમ ટટ્ટાર થઈને બેઠા. મને પોતાના ગાદલા પર બેંચી છેક લગોલગ બેસાડ્યો. અને હળવે સાદે પણ ધીરતાથી તેમણે કેટલીય વાતો કરી નાખી. જાણે છેલ્લો આદેશ દેતા ન હોય તેમ સિદ્ધાંત અને વ્યવહારની વાતો કહી ! અગિયારે હું જવા ઊઠ્યો. મારે સારુ આ છેલ્લું દર્શન હતું ! મેં પ્રણામ કર્યા. તેમણે મને બાથમાં લઈ વાંસે હાથ ફેરવી રજા આપી. મારી આંખ ભીની થઈ.

ખરે જ દૈવી પુરુષ ! શિક્ષણની સાધના પાછળ શરીરનો વિચાર સરખો પણ તેમને ન આવતો.

*

અધ્યાપનમંદિરમાંથી કોઈને પણ નૈતિક કારણોસર કે શિસ્ત ખાતર મુક્ત કરતા તેમનાં દિલને ભારે આઘાત થતો. આવા કિસ્સાઓમાં પણ તેઓ જ્યારે જ્યારે મુક્ત થયેલાં ભાઈબહેનોને મળ્યા છે ત્યારે ત્યારે તેમની સાથે જાણે કૌટુંબિક સંબંધ હોય તેવા મુક્તભાવથી તેઓ ભળ્યા-હળ્યા છે. તેમના સુખદુઃખમાં ભાગ લીધો છે.

સમાજની ક્રૂરતાએ વિધવા બહેનોને જે અન્યાય કર્યો છે તે વિશે તેમના હૃદયમાં ભારે વેદના થતી. આવી અનેક બહેનોને શિક્ષણનું જ્ઞાન સંપાદન કરવામાં તેમણે અનેક દિશામાં મદદ કરીને યોગ્ય સ્થાને મૂકી છે. આ વાત તો તેમના અતિનિકટના સહવાસમાં આવેલાઓએ પણ ભાગ્યે જ જાણી હશે.

*

'શિક્ષણ પત્રિકા' માસિકને ઘરેઘર પહોંચાડવાના તેમના અભિલાષ પાછળ કેટલી સચ્ચાઈ હતી એ વાત હવે તો જાણીતી છે. તેમનું શિક્ષણ પત્રિકા કાર્યાલય કેમ ચાલતું ? સરનામાં કરવાં, રેપર વીંટાળવાં, રજિસ્ટર સાથે મેળવણી કરવી અને અંકોની ટપાલમાં રવાનગી કરવી. વળી ગ્રાહકોની સરનામાબદલીની અને અંક ન મળ્યા બદલની ફરિયાદોનો નિકાલ પણ. આ બધું ગિજુભાઈ-તારામેન સ્વહસ્તે કરે ! આપણાં

માસિકોના ઇતિહાસમાં આવાં દૃષ્ટાંતો શોધ્યાં મળશે ? એક રૂપિયાના લવાજમમાં તેર અંકો અને છતાંય વરસ દહાડે સરવૈયામાં સારી એવી રકમ જમાપાસામાં ઊભી દેખાય એ શી રીતે બનતું હશે એનો પાઠ ગિજુભાઈ પાસેથી બારસાં એવાં લવાજમોવાળાં બોટની ધા નાખતાં માસિકોએ લેવાનો રહ્યો !

એમની વૈજ્ઞાનિક નજર ચોમેર ફરતી. છેલ્લે છેલ્લે તેમણે "આસન વ્યાયામપદ્ધતિ"ના બાળકો અને સ્ત્રીઓને સુલભ એવાં આસનોના પ્રયોગો શરૂ કરેલા. નબળી પડેલી તબિયતે આસનોનો વ્યાયામ જાતે કરવાનું શક્ય ન હતું, છતાં કેટલાંક આસનોની હિલચાલ શરીરની કઈ કઈ નસ–નાડીઓને લગતી છે તેની બાતરી પોતે આસનો કરીને કરતા. અને શરીરશાસ્ત્રના જ્ઞાતાઓ સાથે આ પદ્ધતિઓની ખૂબીઓ સંબંધે ચર્ચા કરતા અને ચર્ચા નોતરતા. આ કાર્ય તેમની નજરે છેલ્લી પથારી વખતે ચડ્યું નહિ તો બાળકો અને સ્ત્રીઓ માટેનાં આસનોનું વૈજ્ઞાનિક પુસ્તક આપણને સાંપડ્યું હોત !

---

૧૬. પ્રથમ સ્વયંસ્ફુરિત સર્જન

નર્મદાબહેન રાવળ

સંવત ૧૯૭૫ની સાલમાં બાલમંદિર ઊઘડ્યું એ વખતે નહોતું એને પોતાનું મકાન કે નહોતાં પૂરાં સાધનસામગ્રી. હતાં થોડાંએક મોન્ટીસોરીસાધનો અને નીલમબાગ પેલેસમાંથી આવેલાં થોડાંએક રમકડાં અને ચિત્રો. તે વખતે ન હતો બાળમંદિરને પૂરો સ્ટાફ કે ન હતી બાળશિક્ષણની કોઈને જાણ.

પણ હતા એક ગિજુભાઈ. જે પોતે તે વખતે મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસી છતાં પણ તેમણે તે વખતથી જ અધ્યાપનમંદિરની સ્થાપના કરી દીધેલી. એ પોતે પુસ્તકો વાંચતા જાય, પ્રયોગો કરતા જાય અને સાથેના શિક્ષકોને સમજાવતા જાય. તે વખતની તેમની અખૂટ શ્રદ્ધા તો તેમની સાથે કામ કરનારા જ જાણે.

એક બાળક હતું. તે બાળમંદિર સામે જોયા સિવાય તેના પગથિયાં પર બેસી રહેતું. ગિજુભાઈ તેનું અવલોકન કર્યા કરતા. મને અવલોકન કરતાં મૂંઝવણ થતી કે આ બાળક કંઈ જ કરતું નથી, તો પછી તેને કંઈક કામ આપવું જોઈએ. હું ગિજુભાઈ સાથે ચર્ચા કરું કે આનું શું કરશું ? ગિજુભાઈ કહે, 'આ મોન્ટીસોરીપદ્ધતિમાં તો તમારે અને મારે ધીરજ રાખ્યે જ છૂટકો. અવલોકન કર્યા કરો.' લગભગ ૭ માસથી બાળક આવે ખરું પણ એ જ સ્થિતિમાં બેસી રહે.

છેવટ એક દિવસ એ બાળક ઓરડામાં આવ્યું. આવ્યું તો આવ્યું પણ એકદમ ચાક અને પાટિયું લઈ તે લખવા જ માંડ્યું. એક જ 'ભ' 'ભ' લખ્યા જ કરે, લખ્યા જ કરે.

તે દિવસે ગિજુભાઈના આનંદનો પાર ન હતો. તેમણે તે પાટિયાં ફોટોગ્રાફરને ત્યાં મોકલી તેના ફોટા લેવરાવ્યા અને મને કહેવા લાગ્યા,

'આજે મૉન્ટીસોરીપદ્ધતિની ચાવી હાથ લાગી છે.' તે દિવસે તેમને જાણે આત્મદર્શન થયું હોય તેટલો આનંદ થયો.

ત્યાર પછી તેમણે આવાં સ્વયંસ્ફૂરિત કામોનાં ઘણાં ય દર્શનો મને કરાવ્યાં અને મને પણ અત્યાર સુધી નહોતું સમજાયું તે સમજાયું કે મૉન્ટીસોરીપદ્ધતિ એટલે બાળકના સ્વતંત્રપણે સ્વયંસ્ફૂરિત સર્જનની પદ્ધતિ.'

ગિજુભાઈનાં સંસ્મરણોનો કાંઈ પાર આવે એમ નથી. તેઓ બાળકોના બેલી તરીકે તો પ્રસિદ્ધ થયા છે, પણ તેઓ બીજી રીતે બહેનોના બેલી-સાચા વીરા હતા. ગમે તે બહેનો તેમની પાસે જાય. જરા પણ ક્ષોભ વગર બહેનો તેમને ખરી વાત, મૂંઝવણ કહે. સલાહસૂચના માગે અને ગિજુભાઈ પણ તેમને સાચી સલાહસૂચના આપવામાં સ્થળ કે સમયની દરકાર ન કરે. ગમે તે વિષયમાં મૂંઝાયેલી કેટલીએ બહેનોને ગિજુભાઈના તરફથી સાચું દિશાસૂચન મળ્યું છે.

બાળશિક્ષણની બાબતમાં તેમણે અજબ કામ કર્યું છે એ કહેવાની જરૂર જ નથી. પણ જે કામ સહજાનંદ સ્વામીએ સ્વામીનારાયણપંથનો પ્રચાર કરી કેટલાંય અભણ અને જડ માણસોને સંસ્કારી કર્યા હતા; તેવું જ કામ ગિજુભાઈએ બાળશિક્ષણમાં કર્યું છે. કેટલાંય અભણ અને જડ જેવાં ભાઈબહેનોને સાચું બાળશિક્ષણનું જ્ઞાન આપી ઊંચે ચડાવ્યાં છે. અને આજે ગુજરાત અને બૃહદ્ ગુજરાતમાં જ્યાં જોશો ત્યાં નૂતન બાળશિક્ષણ અધ્યાપનમંદિરના શિક્ષકો નજરે પડે છે. લગભગ સાતસોથી આઠસો શિક્ષકો તેમણે તૈયાર કર્યા છે, એ તો બીજા ઘણા અને ઘણી રીતે લેખે.

ગિજુભાઈનો દેહ તો ગયો છે પણ આત્મા અમર છે. જ્યાં તેમનો આત્મા હોય ત્યાં તેમને મારી સ્મરણાંજલિ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપો.

---

૧૭. બાલશિક્ષણના મહર્ષિ ગિજુભાઇ

હેમુભાઇ રાજ્યગોર

૬૦૦૨૮૭૩

અમારા પૂજ્ય ગુરુદેવ મહાન આચાર્ય અમર બાલમિત્ર ને આજીવન બાલપૂજારી એવા સદ્‌ગત ગિજુભાઇને યાદ કરતાં જ આજથી બાસઠ વર્ષ ઉપરનો ૧૯૨૪ નો સમય નજર સમક્ષ હાજર થઈ જાય છે. દિલગીરી અને આનંદની ભરતીના મિશ્ર ભાવો દિલમાં ઊભરાય છે.

૧૯૨૪ ના જૂનની શરૂઆતમાં નવું સત્ર શરૂ થતાં હું અધ્યાપન-મંદિરમાં મે માસના વેકેશન પછી ફરીવાર હાજર થયો. વઢવાણ રાષ્ટ્રીય શાળાના મારા બે પરમમિત્રો રામનારાયણ નાગરદાસ પાઠક અને ગૌરીશંકર ચાતુર્વેદી અધ્યાપનમંદિરમાં દાખલ થયા હતા ત્યારથી મારું મન તેમની સાથે જ હતું. હું અને રામભાઇ પાઠક તો છેલ્લા ચાર વર્ષથી બહુ નજીકના પરિચયમાં વઢવાણ રાષ્ટ્રીય શાળાના નામાંકિત આગળ પડતા વિદ્યાર્થીઓ—અને એક જ કુટુંબમાં સગા ભાઈઓની જેમ રહેતા હતા. એ સમયમાં સૌરાષ્ટ્રમાં ત્રણ જાણીતી રાષ્ટ્રીય સંસ્થાઓ હતી. ૧. દક્ષિણામૂર્તિ—ભાવનગર ૨. રાષ્ટ્રીય શાળા અથવા વઢવાણ કેળવણી મંડળ—વઢવાણ શહેર. ૩. રાષ્ટ્રીય શાળા—રાજકોટ. એ સમયમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં તેમજ સત્યાગ્રહ માટે જાણીતું ને મુખ્ય મથક વઢવાણ શહેર હતું. એ તમામ પ્રવૃત્તિના પ્રાણ તરીકે સૌરાષ્ટ્રના તેજસ્વી કાર્યકર ને શૂરા લડવૈયા શ્રી કૂલચંદ કસ્તુરચંદ શાહ હતા. શિક્ષણના મૂક અને અજ્ઞાત તપસ્વી સમા શ્રી. રમનભાઇ વૈષ્ણવ આચાર્ય હતા. આવા મૂક તપસ્વી ને સાચા સેવકોની છત્રછાયામાં અમારા જીવનનું ઘડતર થયેલું છે.

અધ્યાપન મંદિરમાં હું દાખલ થવા આવ્યો ત્યારે મારી ઉંમર સોળ વરસની જ હતી. પહેલા જ ઓરડામાં ગિજુભાઈ અને તારાબેન ગિજુભાઈને કહે 'ખજુર બેજ' લાગે છે. હું 'વિનીત'ની ગુજરાત વિદ્યા-પીઠની—પરીક્ષા પાસ કર્યા પછી જ આવ્યો હતો. મને ચિત્રકલા, લેખન,

રમતગમતનો શોખ હતો ને બાલશિક્ષણમાં રસ હતો તેથી જ અધ્યાપન-મંદિરમાં દાખલ થવા ગયો હતો. કયાં રહેવાના છો? એમ ગિજુભાઈએ પૂછ્યું એટલે મેં કહ્યું કે રામભાઈ પાઠક અને ગૌરીભાઈ સાથે. આ સાંભળીને અધ્યાપનમંદિરનાં ભાઈબેનો સાથે બેઠેલા રામભાઈ-ગૌરીભાઈ બોલી ઊઠ્યા 'હાજી અમારી સાથે જ રહેશે.' મને નિરાંત થઈ કે દાખલ થવાની મંજુરી તો મળી ગઈ.

સાંજના ચાર વાગ્યે બાળકો ઘેર જતાં. એક કલાક સૌ વિદ્યાર્થી ભાઈબહેનો પોતાને સોંપાયેલું કામ કરતાં. પાંચ વાગ્યે મંજીરાં વાગે એટલે આગળની ઓશરીમાં અધ્યાપન મંદિરનાં ભાઈબહેનો આવી જતાં ને પૂ. ગિજુભાઈ પોતાનું વ્યાખ્યાન શરૂ કરતા. તેમના વ્યાખ્યાનમાં ગાંધીજી, ભગવાન બુદ્ધ, રમણ મહર્ષિ, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ નરસિંહ અને મીરાં વગેરેનાં દ્રષ્ટાન્તો હોય જ. બાલસાહિત્યના લેખનની શરૂઆત કરતાં પહેલાં ગિજુભાઈએ 'ધર્માત્માનાં ચરિતો' તેમજ 'કૈલાસ માનસરોવરદર્શન' લખેલ છે જેના ઉપરથી આંતરિક ધાર્મિક વૃત્તિ દેખાઈ આવે છે. ગિજુભાઈના ભત્રીજી મોંઘીબહેન ૧૯૨૪ થી દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં જોડાએલાં. તેઓ બહુ મધુર કંઠે ભજનો ગાઈ જાણતાં. મોંઘીબહેન હાજર હોય તો ગિજુભાઈ તેમને કહે 'એકાદ ભજન સંભળાવો.' ત્યાર પછી ગિજુભાઈનું વ્યાખ્યાન શરૂ થાય. વિદ્યાર્થી ભાઈબહેનો નોંધ કરતાં જાય અને છેલ્લે અર્ધી કલાક પ્રશ્નોત્તરી ચાલે.

કોઈ મહેમાન બાલમંદિર જોવા કે મળવા આવ્યા હોય અને જો તેમની પાસેથી વિદ્યાર્થીભાઈબહેનો માટે કંઈક ભાથું મળે તેમ લાગે તો તે મેળવવાનું ગિજુભાઈ કદી ભૂલતા નહિ. આવા અતિથિઓમાં ચિત્રકાર સંગીતકાર, ભજનિક, હાસ્યરસ રેલાવનાર તેમના મિત્ર હીરાલાલ, કોઈ પ્રોફેસર, કોઈ ખેતીવાડીના નિષ્ણાત, મૂળજીભાઈ પટેલ જેવા સરકારી ટ્રેઈનિંગ કોલેજના સુપ્રિન્ટેન્ડેન્ટ અને વેણીભાઈ ભટ્ટ જેવા થિયોસોફીના અભ્યાસી ને ધર્મપ્રચારક આવતા. આ રીતે અધ્યાપન મંદિરના ભાઈ-બહેનોને શિક્ષણની અનેકવિધ શાખાઓનું જ્ઞાન સહજ રીતે મળતું.

વિદ્યાર્થીઓ પાસેથી કામ લેવાની ખાસ અને વિશેષ આવડત ગિજુભાઈમાં હતી. કોને શું ગમે છે ને તેનામાં કઈ જાતની આવડત છે તે જાણી લઈને તેને મનગમતું કામ સોંપતાં. આની પાછળ ગિજુભાઈનું

અનુભવજ્ઞાન અને વ્યવહારુ જ્ઞાન હતું. કાયદા નિયમન અને જોહુકમીથી તેમજ જડતાથી કામ બગડે છે. પ્રેમસભર ને સમજણપૂર્વકના કામથી તમામ કાર્યો સુંદર ને સરળતાથી પરિપૂર્ણ થાય છે. આ રીતે ગિજુભાઈ કોઈને ચિત્રકળાનું, કોઈને રંગોળીનું, કોઈને બગીચાકામ તો કોઈને રમતગમતનું, કોઈને દૈનિક, સાપ્તાહિક કે માસિકના સંચાલનનું કામ સોંપતા. આમ મનગમતું કામ સૌ કોઈ હોંશે હોંશે કરતાં. આપણી એક અનુભવે ઘડાએલી જૂની કહેવત 'નવરાં નખ્ખોદ વાળે'ની છે. તે આજે પણ તેટલી જ સત્ય હોઈને ગિજુભાઈ તે મુજબ વિદ્યાર્થી ભાઈબહેનો પાસેથી કામ લેતા. જે કોઈ વારંવાર ફરિયાદ કરવા આવે તેને જ જવાબદારીવાળું કામ સોંપી દે જેથી તેની શક્તિનો સદુપયોગ સારે રસ્તે થાય.

શરૂઆતના અધ્યાપન મંદિરમાં આવનારાં ભાઈબહેનો પાસે ગિજુભાઈ સૌનાં બાલપણનાં સંસ્મરણો અથવા 'મારું બાલપણ' નામના લેખો માગતા જેથી તેમને વિદ્યાર્થીની બાબતનો સારો ખ્યાલ આવી જતો. ગિજુભાઈ પાસે ભણી ગએલ વિદ્યાર્થી ભાઈબહેનોમાંથી આજે ઘણાં સમર્થ લેખકો, વિવેચકો, વિચારકો, પત્રકારો, તંત્રીઓ, શિક્ષણ સંસ્થાના સંચાલકો, સામાજિક કાર્યકરો ને સમાજ સેવકો છે. અધ્યાપનમંદિરની શરૂઆતથી જ સોમાભાઈ ભાવસાર ને મૂળજીભાઈ ભક્ત જેવા બાલ-સાહિત્યના કવિઓ સાંપડ્યા ને ખીલ્યા. ધીરુભાઈ શાહ જેવા પત્રકારો પાંગર્યા. રામનારાયણ પાઠક, ગૌરીશંકર ચાતુર્વેદી અને બીજાં અનેક ભાઈબહેનોને લેખનની પ્રેરણા આપી આગળ લાવનારને જીવનભરનું ભાથું બંધાવનાર ગિજુભાઈ હતા. તેમના નામાંકિત વિદ્યાર્થીઓમાં વજુભાઇ દવે, ઇન્દુભાઈ દવે, સરસ્વતીબહેન ભટ્ટ, મણિલાલ ઠાકર, વસન્ત નાયક, શાંતાબેન નાયક, કાન્તિભાઈ પાઠક વગેરેએ અમદાવાદ સર કર્યું.

વઢવાણના ભોગીભાઈ પારેખ, મોરબી ને જામનગરના બાલમંદિરો, પોરબંદર ને રાણાવાવના બાલમંદિરો, રાજકોટના જયાબહેન ગોહિલ પાટણના નટવરલાલ રાવળ, વડોદરાના કમળાશંકર પંડિત ને પ્રભાવતી પજવાણી) મુંબઈ નામલેભાઈ પ્રભુભાઈ અને ધનુબહેન ઉપાધ્યાય બાલ-શિક્ષણનો ધ્વજ સૌ સૌની આગવી ને અવનવી રીતે ફરકાવી રહ્યા હતા,

સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાં દક્ષિણામૂર્તિની બાલશિક્ષણની અને ગિજુભાઈની બોલબાલા અને જયજયકાર બોલાઈ રહ્યો હતો. આજ સુધીમાં બીજી કોઈ વ્યક્તિને પોતાની હયાતીમાં આટલો યશ અને વિજય સાંપડ્યાં નથી. આનું મુખ્ય કારણ ગિજુભાઈનું હૃદયબળ, નિષ્ઠા, ભાવના, ત્યાગ ને એકાગ્રતા હતાં. ગિજુભાઈને કયાંએ બહાર જવાનો કે પ્રમુખ બનવાનો મોહ ન હતો. ભલા પોતે ને ભલું પોતાનું કામ. ભારતની જગદંબા કસ્તુરબા ગાંધીને હાથે બાલમંદિરનું ઉદ્‌ઘાટન થયા પછી જેમ કોઈ યોગી ગુફામાં બેસી એકાંતમાં એકાગ્રપણે યોગસાધના કરે તેવી રીતે તેમણે બાલશિક્ષણની ઉપાસના કરી. ૧૯૨૫માં સરલાદેવી સારાભાઈના પ્રમુખપણા નીચે પહેલું મોન્ટેસોરી સંમેલન દક્ષિણામૂર્તિ બાલમંદિરના પ્રાંગણમાં ભરાયું હતું. આ પ્રસંગે વહેલી સવારથી મોડી રાત સુધી દોડાદોડી કરી ઝડપથી કામ કરી શકે તે માટે મને અને રામભાઈ પાઠકને 'બડા સૈનિક' તરીકે રાખેલા હતા.

બાલશિક્ષણનો અને બાલસાહિત્યનો પ્રચાર :

બાલશિક્ષણના પ્રચાર માટે અધ્યાપન મંદિરની જરૂર હતી. તેને માટે ૧૯૨૪થી વ્યવસ્થિત રીતે મોટા પાયા ઉપર અધ્યાપનમંદિરમાં અને અભ્યાસ કરવા આવનાર ભાઈબહેનો માટે છાત્રાલયો શરૂ કર્યાં. માબાપો અને શિક્ષક ભાઈબહેનો માટે બાળકોનાં શિક્ષણ અને ઉછેર માટે ઉપયોગી થઈ પડે તે માટે 'શિક્ષણપત્રિકા' શરૂ કરી. 'બાલ દેવો ભવ'નું સૂત્ર આપ્યું.

માત્ર સાહિત્ય, લેખન, વાંચન, પ્રવચન કે છટાદાર ભાષણમાં બધું સમાઈ જતું નથી. સ્વચ્છ જીવનનું આચરણ એ સૌ કોઈના જીવનમાં વધારેમાં વધારે અગત્યનો ભાગ ભજવે છે. ગિજુભાઈને અમદાવાદ ખાતે શારદામંદિરના બીજા મોન્ટેસોરી સંમેલનના પ્રમુખ બનાવેલા. એકસો મોટરોની શોભીતી કતારમાં તેમને ભવ્ય મંડપમાં લઈ ગયા પછી ગિજુભાઈને એક બાળકે ચાંદલો કરી નમસ્કાર કર્યા. બાળક ગિજુભાઈને ચાંદલો કરતું હતું એ જ વખતે ગિજુભાઈએ પોતાના હૃદયની ભાવના મુજબ બાળકના જમણા પગના અંગુઠા ઉપર ચાંદલો કરી તેને પગે લાગી બાળકને ભેટી પડ્યા.

અધ્યાપન મંદિરમાં જે કોઈ પતિ પત્ની ભણી ગયાં હોય તેને ગિજુભાઈ પોતાની દીકરી અને જમાઈ તરીકે ઓળખાવતા. ફરીવાર આવવાનું બને ત્યારે તેવી જ રીતે તેનો પરિચય નવા અધ્યાપનમંદિરનાં ભાઈબહેનોને કરાવતા. છેક ૧૯૨૪-૨૫ થી ૧૯૩૯ના રાજકોટ ખાતેના છેલ્લા અધ્યાપનમંદિર સુધી ગિજુભાઈ તેમની પાસે ભણી ગએલાં ભાઈબહેનો સાથે અવારનવાર પત્રવ્યવહાર કરી સતત સંપર્કમાં રહેતા. કોઈને નોકરીનો, કોઈને કુટુંબનો, તો કોઈને સ્કૂલ-કમિટી સાથેના પ્રશ્નો હોય, આવેલા ભાઈબહેનોમાંથી ગિજુભાઈ ત્રણ ચારને પત્રો વાંચી જરૂરી બાબતો ઉપર લાલ લીટી મારવાનું કહી દેતા. તે મુજબ ઠરાવેલ સમયે આવેલા ટપાલ સાંભળે ને પછી તેનો જવાબ જાતે જ લખાવી જરૂરી બેચાર લીટીઓ ઉમેરી પોતાની સહી કરતા. બધા જ એક સરખા જાગ્રત ન હોય. એક માસથી ટપાલ ન હોય તેને સામેથી ટપાલ લખી સમાચાર પુછાવે. કોઈની તબિયત બગડી હોય, કુટુંબમાં મનદુઃખ થયું હોય તો વિગત પુછાવે, મળવા ને હવાફેરે બોલાવે. લેખકોને નવાનવા મુદ્દા ને યોજનામાં કંઈક ને કંઈક લખી મોકલવા પ્રેરણા આપ્યા કરે.

ગિજુભાઈએ બાલમંદિર ચલાવી અનેક બાલમંદિરો શરૂ કરાવ્યાં. અધ્યાપન મંદિર શરૂ કરી કેટલાંએ શહેરોમાં અધ્યાપન મંદિરો ચાલુ કરાવ્યાં. ગિજુભાઈના પરમમિત્ર ગ્રામસેવક અને રાષ્ટ્રસેવક ગરીબોના દાદા એવા શ્રી. જુગતરામ કાકાએ ઠેકઠેકાણે સારાએ ગુજરાતમાં આંગણવાડીઓ ચાલુ કરાવી જ્યાં ત્યાં રખડતાં અનેક બાળકોનો પ્રશ્ન ગુજરાત રાજ્યની જાગૃતિથી હલ થઈ શકયો.

ગિજુભાઈએ શિક્ષણમાં ક્રાન્તિ કરી, વાર્તા, ગીતો, નાટકો, પ્રવાસો રમતગમત, કળા કારીગીરી, રાસગરબા, ભરત ગૂંથણ વગેરેને શિક્ષણમાં સ્થાન અપાવ્યું. શાળાઓમાં, શિક્ષણમાં, ઘરમાં અને સમાજમાં હજી આપણે ઘણું કરવાનું છે. દુઃખ, દર્દો તકલીફો ગુન્હાઓ ને ગરીબાઈ દૂર કરવાનાં છે. હુન્નર ઉદ્યોગને શિક્ષણ આપી ઘરબાર ને રોજીરોટી આપી સૌને સ્વમાનપૂર્વક જીવન ગાળી શકે તેમાં સજ્જગ, સ્વસ્થ ને સબળ બનાવવાનાં છે.

૧૯૨૫ ની એપ્રિલ આખરની તારીખોમાં મારો મોન્ટેસોરી પદ્ધતિનો અભ્યાસ પૂરો થયો. મને ભાવનગરમાં જ કર્નલ જોરાવરસિંહજીના

નાનાપુત્ર હારિતસિંહને ભણાવવાનું કામ મળી ગયું. હું તેને નવી પદ્ધતિથી જ ભણાવતો. તેમની સાથે ઘોડેસ્વારી કરવા ને ફરવા ઘણીવાર બોરતળાવ, સુન્દરાવાસ અને વિકટોરિયા પાર્ક તરફ જતા. તેમને ભણાવવાનું તો ત્રણ કલાકનું હતું પણ ઇતર જ્ઞાન, વાર્તા લેખન, વાચન, વાતો–વાર્તાઓથી હું વધારે શીખવતો જેથી તેઓ પ્રસન્નતાપૂર્વક અભ્યાસ કરતા. આમ મારે ૧૯૨૮ના એપ્રિલ સુધી ભાવનગર રહેવાનું કુદરતી રીતે થયું. એ વખતે હું કાળાનાળા ઉપરના ત્રિભોવન ભાણજીના બંગલા પાછળની ઓરડીમાં એકલો રહેતો. શંકરભાઈ શાહને કાંતાબહેનને ત્યાં રહેતાં ગૌરીભાઈ ચાતુર્વેદી ને સુમનબહેન પણ ત્યાં જ રહેતાં. દક્ષિણા-મૂર્તિના વણાટશિક્ષક અમીચંદભાઈ પણ ત્યાં રહેતા. આમ દક્ષિણામૂર્તિના શિક્ષક સમુદાયનો ત્યાં વસવાટ હોવાથી બહુ મઝા પડતી.

મારો દક્ષિણામૂર્તિનો બાલશિક્ષણનો અભ્યાસ તો પૂરો થયો હતો છતાં મારા મનમાંથી સંસ્થાનું આકર્ષણ છૂટતું ન હતું. અધ્યાપનમંદિર ચાલુ હોય કે પૂરું થયું હોય છતાં રોજ સાંજે હું ત્યાં જતો. તારાબહેન, ગિજુભાઈ ને શંકરભાઈ કામ કરતાં કરતાં વાતો કરતાં હોય. સામે ચાલીને મારા જેવું કંઈ કામ હોય તો માગી લઉં. કંઈ લેખ, વાર્તા કે રેખાચિત્ર લખવાનું કહ્યું હોય તે લખી લાવું. 'નવા પ્રયોગ શું કરો છો તેની વાત કરો.' એ વખતે હું ઈયળો અને કૂદાં પતંગિયાનો અભ્યાસ ને પ્રયોગ કરતો. તે વખતે ગુજરાતીમાં એક પણ પુસ્તક કૂદાં પતંગિયાં વિષેનું ન હતું. બાલમંદિરનાં બાળકો લીલુબહેન, કુસુમ-બહેન, સુશીલાબહેન, બચુભાઈ વગેરે કમળાબહેનની મદદથી એક પેટીમાં આંકડાના પાન અને ઇયળો રાખતાં. મેં પૂછ્યું 'શું કરો છો?' તો કહે 'આમાંથી પતંગિયું થાય.' મને કંઈ સમજાયું નહિ ! આવી ઇયળમાંથી પતંગિયું કેમ બનતું હશે !

મારા ઘરમાં મારા સિવાય બીજું કોઈ ન હતું. હું છોડે છોડે ઝાડ ઉપર ને પાન ઉપર, ઘાસમાં ને વેલામાં જોયા કરતો. અનેક જાતની રંગબેરંગી ઇયળો જોઈ. ઇયળો પકડીને ઘરમાં લાવું. કાચની બરણીમાં રાખી હવા માટે કાણાંવાળું ઢાંકણું ઢાંકું. આમ પચીસ જેટલી બરણીઓ રાખી હતી. રોજ સવારે સાફ કરવાની, ઇયળને ભાવતાં ને તેના જન્મ સ્થાનવાળાં છોડનાં જ તાજાં પાન રોજ દિવસમાં બે વાર

લાવતો. આમ રોજેરોજ જે પ્રગટ થાય તેની વાતો ગિજુભાઈ પૂછે ને કંઈક સૂચન પણ કરે. આ પ્રયોગનું મારી પાસે પુસ્તક લખાવ્યું. 'ચૂંદાં પતંગિયાં' નામનું. તે વખતે ઝીણી નોંધ ન કરી હોત તો એ પુસ્તક લખાત નહિ. આજે હું પોતે વાંચું તો મને પણ નવાઈ લાગે છે !

મારાં પત્ની શારદાબહેન રાજગોર ૧૯૨૯માં ગિજુભાઇ પાસે અધ્યાપન મંદિરમાં ભણવા ગયાં. કહે 'મારે અધ્યાપનમંદિરમાં દાખલ થવું છે.' ગિજુભાઈએ ના પાડી કે 'અત્યારે તને નહિ ભણાવું. તું ને હેમુભાઇ રહ્યાં સત્યાગ્રહી, તું ખાખરેચી, ધ્રાંગધ્રા, મોરબી વગેરે સત્યાગ્રહમાં જઈ આવી છો. હવે સત્યાગ્રહના બાપુના નગારાં વાગે છે એટલે તમે સૌ શાળાઓ છોડી ત્યાં જઈ પહોંચશો. હવે તો બાપુનો સત્યાગ્રહ સંગ્રામ પૂરો થાય ત્યારે તું જરૂર આવજે. એ વખતે હું તને ભણાવીશ.'

તારાબહેન મોડક આ વાતચીત પ્રસંગે હાજર હતાં. તેમને નવાઈ લાગી કે ગિજુભાઈ શારદાને તુ કહીને કેમ બોલાવે છે ? તારાબહેને પૂછ્યું પણ ખરું ને ગિજુભાઈએ કહ્યું કે 'એ તો મારી દીકરી છે. વલ્લભીપુરની છે એટલા જ માટે નહિ પણ મારા બાપુજી અને તેના બાપુજી પણ મિત્રો હતા ને પાડોશી હતા. મારા બાપુજી વકીલ અને તેના બાપુજી ડૉક્ટર હતા. એટલે તો હું તેને તું કહીને જ બોલાવું ને !' તારાબહેને માથું હલાવી સંમતિ આપી.

૧૯૩૦ની બાપુની નોબત ગાજી ને અમે સૌ શ્રી. લક્ષ્મીશંકરભાઈ પાઠક, વિજયાબહેન પાઠક અને હેમુભાઈ રાજગોર ગાંધીઆશ્રમ બંધ કરીને ઘરબાર રેઢાં મૂકીને ચાલી નીકળ્યાં. પૂ. શ્રી. નાનાભાઈ ભટ્ટ દક્ષિણામૂર્તિ માટે પોરબંદર રાણાસાહેબ પાસે આવેલા હોઈ અમારી સાથે એક ડબ્બામાં હતા. મારાં પત્ની શારદાબેન તો અગાઉથી જ ગોપાળરાવ કુલકર્ણી સાથે કૂલચંદભાઈની છાવણીમાં જઈ પહોંચ્યાં હતાં.

સત્યાગ્રહ શરૂ થયો ને સૌ પોતપોતાની છાવણીમાં સોંપેલ કામ કરવામાં રોકાઈ ગયાં. બહેનોને દારુનિષેધનું અને કાપડનું પિકેટીંગનું કામ સોંપેલું. ભાઈઓને મીઠાસત્યાગ્રહનું, કાપડપીકેટીંગનુ, જમીનમહેસૂલનું, પત્રિકા પ્રચારનું, ગામડે ફરી સત્યાગ્રહ વિષે ગ્રામજનોને સમજાવવાનું વગેરે અનેકવિધ કામો હતાં. આ વખતે ગિજુભાઈને વાનરસેના અને

માંજરસેનાની કલ્પના આવી. તેમણે ઠેકઠેકાણે દસ પંદર વરસના છોકરા છોકરીઓની સેના બનાવી. તેના નિયમો બનાવ્યા. આ વાનરસેના ને માંજર સેનાએ પ્રચારનું ઘણું કામ કરેલું. તેમને પકડવાનું ને જેલમાં રાખવાનું સરકાર માટે મુશ્કેલ હતું. તાલુકાઓમાં ને જિલ્લાઓમાં તેનાં સંમેલનો થતાં. ગિજુભાઈ હાજર રહેતા. વાનરસેના માટે ગિજુભાઈએ ઘણાં ગીતો બનાવેલાં. સૂરતમાં વાનરસેનાનું જબરદસ્ત સંમેલન ભરાયું હતું. ગિજુભાઈ બારડોલીની હિજરતીબહેનોને મળેલા. જેની બહુ સુંદર પ્રેરક પુસ્તિકા પ્રગટ થએલી છે.

૧૯૩૦ના સત્યાગ્રહથી જેલો ઉભરાઈ ગઈ, ને સાંકડી પડીને ઠેર ઠેર તંબૂ ઊભા કરી તેમાં સત્યાગ્રહીઓને રાખવા પડ્યા. કામચલાઉ સુલેહ થઈને બાપુના આદેશ મુજબ ૧૯૩૧ની સાલ રચનાત્મક તેમજ હરિજનકાર્ય કરવા માટે જ નક્કી થઈ. કાંતવા પીંજવા ઉપરાંત ગિજુભાઈએ અમને શીખવેલ પ્રૌઢશિક્ષણનું કાર્ય ઘણું જ ઉપયોગી ને સમયસરનું લાગ્યું. અમે ભાઈઓ તેમજ બહેનોના વર્ગો શરૂ કર્યા. ત્રણ ચાર માસમાં તો વગર માગ્યે અભિપ્રાય મળવા લાગ્યા કે અમુક ભાઈ તો ભારે ઝગડાખોર, અમુક બહેનની તો રોજ રાડ હોય એવા બધામાં ફેર પડી ગયો લાગે છે !

૧૯૩૩ની સાલ હતી. દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓ ને શિક્ષકો પચ્ચીસ–ત્રીસનું ટોળું જેલમાં હતું. સૌ જુદી જુદી બેરેકોમાં. મુલાકાતમાં નામ પોકારવામાં આવ્યું. અમને થયું કે કોણ વળી મળવા આવ્યું હશે. જઈને જોઈએ તો જેલના મુખ્ય દરવાજાની ઓફિસમાં ગિજુભાઈ અને તારાબહેનને જોયાં. અમને સૌને ભારે આનંદ ને આશ્ચર્ય થયા. નાનાભાઈ, ભાસ્કરભાઈ, ગોપાળભાઈ, રામભાઈ, કૃષ્ણલાલ પંડ્યા આમ નજર સમક્ષ દક્ષિણામૂર્તિ ખડું થયું.

૧૯૩૩ના જૂનમાં ગાંધીજીએ આદેશ આપ્યો કે હવે જે કોઈ રાષ્ટ્રીય સૈનિકો ખાદી, ગ્રામસેવા કે રાષ્ટ્રીય અથવા હરિજન સેવા કે શિક્ષણનું કામ કરતાં હોય તેમણે પોતાનાં અસલ કામમાં જોડાઈ જવું. આમ પૂજ્ય બાપુજીના આદેશ મુજબ અમે સૌ કોઈ જેલમાંથી છૂટીને પોતપોતાને રચનાત્મક કામે લાગી ગયાં. અમારા મુરબ્બી ભાઈ લક્ષ્મીશંકર પાઠક તો યેરવડા જેલમાંથી છૂટીને ગાંધીઆશ્રમ છાયામાં જઈ પહોંચ્યા હતા. અમારું અગાઉના સમયનું શરૂ કરેલું હરિજન સેવા અને

શિક્ષણનું કાર્ય પોરબંદર, છાયા, નવીબંદર માધવપુર, શીલ, રાણાવાવ, બખરલા, ખાભોદર, આદિત્યાણા એમ અનેક ઠેકાણે વિસ્તરેલું હતું.

પૂજ્ય બાપુએ સત્યાગ્રહ મોકૂફ રાખવાની જાહેરાત કરી એટલે ગિજુભાઈ અને તારાબહેન, પૂ. નાનાભાઈ ભટ્ટ, ભાસ્કરભાઈ, શંકરભાઇ વગેરે પાછાં દક્ષિણામૂર્તિમાં આવી પોતાનાં કામમાં ઓતપ્રોત બની ગયાં. ગિજુભાઈએ નૂતન બાલશિક્ષણ અધ્યાપનમંદિરની જાહેરાત કરી એટલે અધ્યાપનમંદિરમાં ભાઈબહેનોની સંખ્યા ઉભરાઈ ગઈ. દક્ષિણામૂર્તિ અધ્યાપન મંદિરનો છાત્રાલયમાં તો રહેવાની જગ્યા ન હતી પણ તખ્તેશ્વર પ્લોટ અને ત્રિભુવન ભાણજીના બંગલાની ઓરડીઓમાં પણ જગ્યા ન રહી. ૧૯૩૮ સુધી આવા વિશાળ અધ્યાપન મંદિરોને ને બાલસાહિત્યની અવનવી યોજનાઓ જોરશોરથી ચાલુ રહી. બાલશિક્ષણની પૂર્ણિમા અને અમાસની ભવ્ય ભરતી ગુજરાત અને બૃહદ ગુજરાતમાં રેલી વળી.

ઓછું ભણેલી ગામડાંની તેમજ શહેરની, યુવાન ને પીઢ વયની, અનેક બહેનો ભાવથી આવી અમીરસપાન કરી થનગનતી થઈને બાલસેવાના કામમાં લાગી ગઈ.

ગિજુભાઇનો અમરમંત્ર હતો 'બાલ દેવો ભવ.' બાલકૃષ્ણ આપણા હૃદયમાં બિરાજે છે તેવો જ આ મંત્ર હતો. બીજા પણ બે ધ્યાનમંત્રો ગિજુભાઈએ આપ્યા જે અત્યંત મહત્ત્વના ને બાલશિક્ષણ માટે પ્રાણદાયી અને પ્રેરણામંત્રો છે : તે છે :

૧–બાળકોને મારો નહિ–૨–બાળકોને બીવરાવો નહિ. બીજું જરૂરી સાહિત્ય માબાપો માટે તેમજ બાળકો માટે ગિજુભાઈએ લખેલ છે જ. જે બીજી કોઈ ભાષામાં નથી. ઇંગ્લાંડ જઈને એમ. એ. બી. એડ. ને બી. ટી. ટી. ડી. થનારાં ભાઈબહેનોએ ગિજુભાઈનાં બાલસાહિત્યનાં પુસ્તકો વાંચીને તેની ઘણી સરાહના કરી છે.

---

૧૮. 'ऊर्ध्वबाहु र्विरोम्येष'

વીરસુતભાઈ મહેતા

મહાભારતમાં મહર્ષિ વેદવ્યાસ લાંબા હાથ કરીને પોકાર કરે છે:
"धर्मादर्थश्च कामश्य स किमर्थं न सेव्यते" ॥

"ધર્મથી અર્થ અને કામ બંને મળે છે. છતાં હે લોકો ! તમે ધર્મનું આચરણ કેમ કરતા નથી ?"

અન છેવટે નિરાશ થઈને કહે છે :

"न च कश्चिच्छृणोति मे ।" "પણ મને કોઈ સાંભળતું નથી."

મહર્ષિ વેદવ્યાસની જેમ શ્રી. ગિજુભાઈ પણ આ શતાબ્દી વર્ષે ઊંચા હાથ કરીને પોકાર કરે છે કે "ઓ શિક્ષક ભાઈઓ ! ઓ રાજકર્તાઓ .! ઓ બાળકોનાં મા–બાપો ! તમને મેં ઘણીવાર કહ્યું કે રાષ્ટ્ર બાળકના પગ ઉપર ચાલે છે પણ તમે કોઈ સાંભળતા નથી. અને આજે જુઓ તમારી પરિસ્થિતિ ! શિક્ષણમાં રાજકારણ, ભ્રષ્ટાચાર, પ્રલોભનો–પ્રદૂષણ, પરીક્ષાના પરિણામમાં છબરડા, સર્વત્ર અરાજકતા અને આખરે સમગ્ર રાષ્ટ્રનું અધઃપતન."

હંમેશાં સવારમાં હું વર્તમાનપત્રનાં હેડિંગો જોઉં છું અને મને પૂ. ગિજુભાઈનો આ સાદ સંભળાય છે. શિક્ષણની આજની કરુણ અને અધમ અવદશાનું કારણ આપણે શ્રી. ગિજુભાઇનો પોકાર સાંભળ્યો નહિ તે છે. આપણે તેમનો સંદેશો ઝીલ્યો હોત, તેમના કહેવા પ્રમાણે બાળકને સમજવા પ્રયત્ન કર્યો હોત તો આજે રાષ્ટ્ર ભૌતિક અને નૈતિક પ્રગતિના ગૌરીશંકર શિખરે પહોંચી ગયું હોત.

શ્રી. ગિજુભાઈ એક યુગપુરુષ હતા. જે વ્યક્તિ એક નવા યુગનું નિર્માણ કરે, લોકોના માનસમાંથી જૂના કાળની – માન્યતાઓ ખંખેરી પ્રકાશનાં નવાં કિરણો પાથરે, અર્થાત્ – રાષ્ટ્રની હવાના કણે–કણમાં નવા વિચાર દ્વારા એક ક્રાંતિ કરે તે યુગપુરુષ ગણાય. શ્રી ગિજુભાઈએ તેમના સમયમાં તે કામ કર્યું. હું તેનો પ્રત્યક્ષ સાક્ષી છું.

સને ૧૯૨૦માં પ્રથમ હું તેમના પરિચયમાં આવ્યો. ત્યારે તેઓ દક્ષિણામૂર્તિ વિનયમંદિરના આચાર્ય હતા. નીચે લાંબું ધોતિયું અને માથે કાળી ટોપી પહેરતા. હજી ગાંધી યુગની હવા કે બાદીનો સ્પર્શ તેમને થયો ન હતો. પણ એ જ અરસામાં ગાંધીયુગની હેલી આવી. અસહકાર અને સત્યાગ્રહનાં પ્રચંડ આંદોલન શરૂ થયાં. સમગ્ર દક્ષિણા-મૂર્તિ સંસ્થાનું કલેવર ફરી ગયું. સંસ્થાની આચાર્ય ત્રિપુટી શ્રી નાનાભાઈ, શ્રી ગિજુભાઈ અને શ્રી હરભાઈના જીવન વિચારમાં પરિવર્તન આવ્યું. સાથે-સાથે જ શ્રી ગિજુભાઈએ બાલશિક્ષણનો ક્રાંતિકારી પયગામ બાલમંદિરની સ્થાપના કરીને સમગ્ર ગુજરાતની હવામાં લહેરાવ્યો. હું તે વખતે બાર વર્ષનો હતો. મને યાદ છે કે ભાવનગર સ્ટેટની બસ જોને અમે તે વખતે 'ખટારો' કહેતા તેમાં અઢી વર્ષના બાળકો બાલમંદિરે આવ્યાં. ત્યારે અમે સૌ આંખો ફાડીને જોઈ રહ્યાં. 'આ શું ? અઢીવર્ષના છોકરાં તે કંઈ ભણવા આવતાં હશે ?' પછી તો એ ટેકરી ઉપરના બાલમંદિરમાં હું ઘણીવાર જતો. શ્રી ગિજુભાઈ મારી પાસે બાળગીતો ગવરાવે. બાળકો સાથે હું ભંડકિયામાં નાસ્તામાં પણ સામેલ થાઉં. બાળકો શિસ્તબદ્ધ બેસે પણ મને બાર વર્ષના છોકરાને બેસતાં ન આવડે. શ્રી ગિજુભાઈ અમારી બાલમંદિરની ભાષામાં કહે. "વીરસુત ! તમે પલાંઠી વાળો. પલાંઠી વાળીને સરખા બેસો." તરત જ હું ચોંકી ઊઠું અને પગ સરખા કરીને નાના બાળકોની જેમ શિસ્તમાં બેસી જાઉં. આ ઉંમરથી જ મને શિક્ષણની લગની લાગી. આચાર્ય ત્રિપુટી અને શિક્ષકમંડળની ચર્ચા ચાલતી હોય ત્યારે હું ઓરડાની બહાર બેસીને તે સાંભળું.

કેવા હતા તે આચાર્યો ! જેને ન હતી તન, મન કે ધનની પરવા ! કેવળ શિક્ષણની શુદ્ધિ, અને બાળકોનું હિત નજર સામે રાખીને તેઓ આગળ પગલાં ભરતા. ૧૯૨૬ સુધી સાત વર્ષ મેં દક્ષિણામૂર્તિમાં અભ્યાસ કર્યો. પરંતુ ત્યારથી જ મારા માનસમાં સંકલ્પનાં બીજ વવાઈ ગયાં કે કામ કરવું તો શ્રી ગિજુભાઈ કહે છે તે જ કરવું. ૧૯૨૭ થી ૧૯૩૦ સુધી હું ગુજરાત વિદ્યાપીઠમાં રહીને સ્નાતક થયો. પરંતુ બાલશિક્ષણની ધૂન મારા ઉપર સવાર થઈ ગઈ હતી. સાબરમતી જેલમાંથી છૂટીને લગ્ન કર્યા બાદ અમે બંને પતિ-પત્ની સીધાં પહોંચ્યા શ્રી ગિજુભાઈ પાસે. કહ્યું "અમારે બાલશિક્ષણની દીક્ષા લેવી છે. પણ અમારી પાસે

પૈસા નથી.” મુ. નાનાભાઈએ કહ્યું કે “ચિંતા ના કરો. એ બધું થઈ રહેશે. તમે શ્રી ગિજુભાઈને ચરણે બાલશિક્ષણની દીક્ષા લેવા બેસી જાઓ.” સને ૧૯૩૧માં અમે બંને શ્રી ગિજુભાઈ પાસે અધ્યાપન મંદિરમાં ભણવા ગયાં. ત્યારથી આજ સુધી અમે તે દીક્ષાની કંઠી બાંધીને જ રહ્યાં છીએ. આજે પણ તે યુગ પુરુષની વાણી સંભળાય છે કે “મારી વાત સૌને સંભળાવો. તે સિવાય શિક્ષણનો ઉદ્ધાર નથી.” કેટલાયે વિદ્યાર્થીઓ, બહેનો અને બાળકોને મુ. ગિજુભાઈનો સંદેશો આપવાનું કામ છેલ્લા ૫૦ વર્ષથી અમે કરી રહ્યાં છીએ. અને એમ થાય છે કે પુનર્જન્મ મળે તો બાલ–શિક્ષણનું એક જ કામ છે કે જે કરવા જેવું છે. અને તે જ જગતને સાચો માર્ગ બતાવશે.

શિક્ષણ અને તેમાંયે “બાલશિક્ષણ” એ સમગ્ર માનવ–જીવનનો પાયો છે.

અમે શ્રી ગિજુભાઈ પાસે અધ્યાપન મંદિરમાં ભણતા ત્યારે તેઓ અમોને ફિલ્ડવર્ક માટે ભાવનગરની શેરીઓમાં મોકલતા અને અમે ઘેર ઘેર ફરીને મા–બાપોને બાળકો વિશે સમજાવતા. મને આજે ૫૦ વર્ષે પણ ભાવનગરના વોરાવાડના લત્તામાં ઓઝલ પડદાવાળી મુસ્લિમ બહેનોની મેં સભા કરેલી તે યાદ આવે છે.

—આજે જરૂર છે આવા પ્રત્યક્ષ કામની.

ભલે આપણે સંમેલનો કરીએ, વ્યાખ્યાનો આપીએ, પુસ્તક પ્રકાશનો કરીએ અને શતાબ્દી ઊજવીએ પણ તેથી કંઈ નહિ વળે. આજે પણ સ્વ. શ્રી ગિજુભાઈ ઊંચા હાથ કરીને આર્તનાદે પૂકાર પાડીને કહે છે. “પાછા વળો, ઘેર–ઘેર ફરીને મારી વાત સંભળાવો. બાળકોને સમજો અને માનવ આત્માના ન્યાય ખાતર મરી ફીટો.”

આ શતાબ્દી વર્ષે આપણે તેમના હૃદયનો સાદ સાંભળીએ અને તે પ્રમાણે શતાબ્દી ઊજવીએ, નહિંતર અંતરીક્ષમાંથી સ્વ. ગિજુભાઈનો કરુણ અંતર્નાદ સંભળાશે.

ऊर्ध्वबाहुर्विरोम्येष न च कश्चिच्छृणोति मे ।

૧૯. અહિંસાના પુજારી ગિજુભાઈ

વિજયાબહેન પંચોળી

૧૯૩૨માં જેલમાંથી છૂટ્યા પછી ગાંધીજીએ કહ્યું કે, હવે અસહકારની ચળવળમાં ભાગ લેનારાં ભાઈ–બહેનો જેલ ન જાય પણ ગામડામાં કામ કરવા જેસે, એ સલાહને અનુસરી હું ગુજરાતના વડોદરા જિલ્લાના મિયાંગામ–કરજણ પાસે ગણપતપુરા ગામમાં એક મિત્ર દંપતી સાથે કામ કરવા બેઠી. ગામના બહેનોને અક્ષરજ્ઞાન આપીએ, દેશની ચાલુ પરિસ્થિતિની વાતો કરીએ, રાતે સામૂહિક પ્રાર્થના વાંચન–રાત્રિશાળા ચલાવીએ. હરિજનવાસમાં રાત્રિશાળા ચલાવીએ, એમ છ એક મહિના કામ કર્યું. એ દરમ્યાન મને લાગ્યું કે મારો અભ્યાસ થોડો વધારું તો ગામડામાં કામ વધારે સારી રીતે થઈ શકે.

એ ગણતરીએ હું વધારે અભ્યાસ કરવા ભાવનગર દક્ષિણામૂર્તિમાં ગઈ. પૂ. નાનાભાઈને મળીને વાત કરી કે, મારે વધારે અભ્યાસ કરવો છે. વિનયમંદિરમાં દાખલ કરશો? પૂ. નાનાભાઈએ મને કહ્યું કે, તમે ગિજુભાઈના બાલ અધ્યાપન મંદિરમાં દાખલ થાવ. પૂ. નાનાભાઈની સલાહ પ્રમાણે હું ગિજુભાઈને મળી, વાત કરી. એમણે કહ્યું કે, "એક સત્ર તો પૂરું થઈ ગયું છે, એક સત્ર બાકી છે. તમારે દાખલ થવું હોય તો મારી મંજૂરી છે."

પૂ. ગિજુભાઈએ બાલ કેળવણીમાં ચમત્કાર જ કર્યો હતો. જે બાળકોને ઘરમાં કે શેરીમાં સ્થાન નહોતું એ બાળકોને ગિજુભાઈએ માનપૂર્વક સ્થાન આપ્યું. અને આખા શિક્ષણના માળખામાં પહેલાં પાંચ વર્ષો જ મહત્ત્વનાં છે એ સાબિત કર્યું અને બાળકો ઉપરના માર, ભય બધું બંધ કરાવ્યું.

એક વખતે મેં જોયું કે ભાવનગર શહેરનાં એક ભણેલાં–ગણેલાં બહેન એનાં ત્રણેક વરસના બાળકને લઈને બાલમંદિરમાં આવતાં. કોઈ પણ કારણસર એક દિવસ બાળક ખૂબ જ રડે. બહેન બાળકને રડતું અટકાવવા કોશિશ કરે પણ બાળકનું રડવું અટકે નહીં. પડખે બીજા

ભાઈ બહેનો પણ બાળકને છાનું રાખવા પ્રયત્ન કરે, પણ બાળક રડતું અટકે નહીં.

ગિજુભાઈએ વાત જાણી એટલે એ ત્યાં આવ્યા. કશું ય પૂછ્યા વગર બાળકને એની બા પાસેથી બે હાથ પહોળા કરીને વહાલથી તેડી લીધું ને ખભે નાખીને થાબડવા મંડ્યા. બાળક તરત રડતું બંધ થયું. બધાં જ આશ્ચર્યથી ગિજુભાઈ સામે જોઈ રહ્યાં. આ બનાવથી ગિજુભાઈ માટે મારા હૃદયમાં ઊંચું સ્થાન મળ્યું. આ ગિજુભાઈ બાળકોના સાચા તારણહાર છે એમ મને થયું.

હું અધ્યાપન મંદિરમાં દાખલ થઈ પછી એક વાર એવું બન્યું કે, અમારાં બહેને મને એક કામ સોંપ્યું. કહે કે, રસોડેથી મારાં મહેમાનબહેન માટે થાળી પીરસાવીને લઈ આવો. મેં કહ્યું કે, 'બહેન માંદા હોય અગર કચાંય જવાનાં હોય તો થાળી તરત લાવું, નહીંતર જમીને આવું ત્યારે લાવું.' બહેનને કચાંય જવું નહોતું તેમ માંદા પણ નહોતાં, એટલે હું જમીને આવી ત્યારે થાળી લાવી.

જમીને થાળી લાવવાનું કારણ એ હતું કે, રસોડામાં ૪૦૦–૫૦૦ વિદ્યાર્થીઓને પીરસાય પછી થાળી લઈ જઉં, પછી આવીને જમું તો પછી મારે કાંતવાનો સમય ન રહે. મારે કાંતવાનો નિયમ હતો એટલે ન છૂટકે જમીને થાળી લાવું તે જ અનુકૂળ થાય તેવું હતું.

આ વાત ગિજુભાઈ પાસે પહોંચી. ગિજુભાઈએ મને બોલાવી પૂછ્યું, 'કેમ તમે બહેનનું કહ્યું કર્યું નહીં ?' મેં ખુલાસો કર્યો કે, 'જો પહેલાં થાળી લાવું તો સમયની ખેંચને કારણે મારું કાંતવાનું પડે એમ હતું, એટલે મેં એમ કર્યું.'

ગિજુભાઈ કહે, 'તો તો તમને મારે ગાંડાની ઇસ્પિતાલમાં મોકલવા જોઈએ.' મેં કહ્યું, 'આપને જે યોગ્ય લાગે તે બરાબર છે.'

હું છાત્રાલયમાં આવી. પૂ. ગિજુભાઈને ચિઠ્ઠી લખી. લખ્યું કે, 'હું ગાંડાની ઇસ્પિતાલમાં મોકલવા જેવી લાગું છું, એવી સ્થિતિમાં હું ભણી શકું નહીં અને આપ ભણાવી શકો નહીં. બીજું આપે મને ગાંડાની ઇસ્પિતાલમાં મૂકવા જવું પડે એના કરતાં હું મારું ભણવાનું છોડીને જઉં છું, તમને પ્રણામ કરવા આવી છું. પ્રણામ.'

બીજે દિવસે સવારે ગામમાં મારી સાથે જેલમાં રહેલાં દુર્ગાબહેન

ભટ્ટને મળી કહ્યું, 'બે દિવસ મને તમારે ઘેર રહેવા દેશો ? પછી હું જઈશ,' એમણે હા પાડી.

સાંજે ગિજુભાઈને લખેલી ચિઠ્ઠી આપવા અને પ્રણામ કરવા ગઈ. ગિજુભાઈ કહે, 'કેમ આવ્યા છો ?' મેં કહ્યું, 'વાત કરવા આવી છું.' એ દરમ્યાન ઘરમાંથી વાળુ કરવા આવવાનું કહેવા જડીબહેન આવ્યાં. મેં કહ્યું, 'વાળુ કરી લો, હું બેઠી છું, પછી વાત કરીએ.' એમણે કહ્યું, 'વાત પહેલી કરીએ પછી જ વાળુ કરીશ.'

મેં લખેલી ચિઠ્ઠી આપી, વાંચી અને બંને હાથે અભિનય કરી તે ફાડીને બેઉ હાથે, બેઉ દિશામાં ફેંકી દીધી. મને કહે કે, 'માબાપ બાળકો પાસે માફી માગતાં નથી હોતાં, પણ હું માબાપ થઈને તમારી માફી માગું છું. ગઈ કાલે મેં જે કહ્યું એ મારી ભૂલ હતી.' મેં કહ્યું, 'માફી શબ્દ તો શબ્દકોષનો શબ્દ છે.' એટલે કહે કે, 'હું શબ્દકોષનો શબ્દો બોલું છું ? તો જો જો કાલે ! તમે ઘોડાગાડીમાં જતાં હશો તો ઘોડાગાડી આગળ સૂઈ જઈશ. તોયે તમે જતાં હશો તો રેલગાડીમાં પાટા પર સૂઈ જઈશ'.

હું પગે લાગી કહ્યું. 'હું નહીં જાઉં, અહીં જ રહીશ.' ગિજુભાઈ કહે કે, 'મને તો એમ કે કોઈ રખડુ-અડબાઉ છોકરી છે. કોઈ ઠેકાણું રહેવાનું નહીં હોય એટલે અહીં આવી હશે. આજે મને ખબર પડી કે તમે તો ખાસ વાત લઈને અહીં ભણવા આવ્યા છો ! સારું થયું આ પ્રસંગ બન્યો, નહી તર નદીમાં બેઉ બાજુથી તણાતાં બેઉ લાકડાં જુદાં પડત. આ તો ભટકાયાં. એટલે એકબીજાને અંતરથી ઓળખ્યાં. હવે મારી માગણી છે કે, તમારે મને દરરોજ ખાવા આપવું.' મેં કહ્યું, 'એ કેવી રીતે બને ? મારી થાળીમાંથી તમને કેમ દેવું ?' પછી તો તોડ એવો કાઢ્યો કે મને જે નાસ્તો મળે એમાંથી એકાદો ફાકડો કે એકાદો કોળિયો વાટકીમાં મૂકીને મારા ખાનામાં રાખી મૂકું, હું હોઉં ન હોઉં, ગિજુભાઇ ગમે ત્યારે આવીને વાટકીમાંથી ખાઇ લે.

આ પ્રસંગ પછી પૂ. નાનાભાઈ મળ્યા ત્યારે એમણે ધન્યવાદ આપ્યા. અને કહ્યું બરાબર થયું.

આમાં પૂ. નાનાભાઈને કહેવાનું હતું કે આ પ્રસંગ તમારા માટે અને ગિજુભાઈ માટે ધન્યવાદનો છે.

એ આ બાળકોના દેવની મહત્તા !

૨૦. સંસ્કારાત્ દ્વિજ ઉચ્યતે

જયન્તીલાલ ઓઝા

ત્રીસની સાલમાં હું ગિજુભાઈ પાસે તાલીમ માટે ગયેલો.

ત્યારે અધ્યાપન મંદિરના તાલીમીઓને અમુક કામો ફાળવવામાં આવતાં. મારે ભાગે ઓસરીમાં બાળકોનાં અને મોટેરાંઓનાં જોડા–ચંપલ ગોઠવવાનું કામ આવેલું.

કામ હલકું–ભારે એવી કોઈ ગ્રંથિ તો નહોતી, પણ એ કામ મને ખાસ આકર્ષી રાખે એવું તો ન લાગ્યું.

હું તો કોઈ ચંપલ–જોડા ઉતારે કે તરત જ એ ગોઠવી કાઢું. અને અને પછી સાવ નવરો થઈ જઉં.

બીજે દિવસે વિચાર આવ્યો કે આમ સાવ અકર્મણ્ય બેઠો રહું હું તો સાથે એક પુસ્તક વાંચવા રાખું.

આમ, એક દિવસ વાંચતો બેઠો હતો ત્યાં ગિજુભાઈ આવી ચડ્યા.

'કેમ જંયતીભાઈ, શું વાંચો છો?'

'ગિજુભાઈ આ "વાર્તાનું શાસ્ત્ર" વાંચું છું.'

'તમારે ભાગે કયું કામ આવ્યું છે?'

'મારે ભાગે ખાસ મહત્વનું કોઈ કામ નથી. આ જોડા–ચંપલ ગોઠવવાનું છે. એ તો તરત પતી જાય છે. એટલે પછી, 'હું બેઠો 'બેઠો વાંચું છું.'

"વાર્તાનું શાસ્ત્ર" કોણે લખ્યું છે?'

'તમે.'

'મેં કયું શાસ્ત્ર વાંચીને લખ્યું હશે?'

'એ તો ખબર નથી.'

એમણે મેદાનમાં રમતાં બાળકો તરફ આંગળી ચીંધીને કહ્યું : 'આ હાલતાં ચાલતાં શાસ્ત્રો વાંચીને એ લખેલું. તમે આ પુસ્તક છોડો અને એ હાલતાં ચાલતાં પુસ્તકો વાંચો. જાઓ, પુસ્તક નિવાસગૃહમાં

મૂકી આવો અને આ જીવતાં પુસ્તકો વાંચો. આ જોડા-ચંપલનું કામ પણ બિનમહત્ત્વનું નથી; એ પણ ઘણું શીખવી શકે એમ છે.'

મારું મોઢું પડી ગયું. જરાક દુઃખ પણ લાગ્યું.

પરંતુ કંઈ પણ બોલ્યા વગર પુસ્તક મૂકી આવ્યો અને પછી નક્કી કર્યું કે હવે હું આ જીવતાં પુસ્તકો જ વાંચીશ.

પાછો આવીને મૂઢ જેમ બેઠો.

બાળકો તરફ જોયું તો દેખાયું કે બાળકો હીંચકે હીંચે છે. કોઈ લપસણે લપસે છે. તો કોઈ 'ટાપલો દાવ' રમે છે.

પણ એમાં કંઈ જાણવા જેવું ન લાગ્યું.

જોડા ચંપલ તરફ પણ નજર નાખી તો એય કંઈ બોલ્યા નહીં.

આમાં શું જાણવા જેવું છે?' એવો પ્રશ્ન પણ જાગ્યો અને એમ જ મૂઢ જેમ બેઠો રહ્યો.

સાંજ પડી તોય કંઈ વળ્યું નહીં.

પરંતુ ગાંઠ જ વાળી કે હવે કંઈ ન દેખાય તોય બાળકો તરફ જોતો રહીશ. બીજો વિચાર નહિ કરું.

એમ દિવસો જતા ગયા. અને હું મૂઢ જેવો બેઠો રહ્યો.

પરંતુ એ દશામાંથી કયારે હું બાળકને વાંચતો થઈ ગયો એ ધ્યાન ન રહ્યું!

અરે, પછી તો હું મોટેરાઓ તરફ પણ એ જ અવલોકનની દૃષ્ટિએ જોવા લાગ્યો.

અને જોડા-ચંપલ તરફ પણ એ નવી દૃષ્ટિથી જોતો થઈ ગયો. ગામમાં જાઉં તો તળાવ કાંઠે એક ખૂણામાં બેસીને આવતા જતા લોકોના જોડા-ચંપલ જોતો રહું!

અને ત્યારે એક સત્ય લાધ્યું કે 'સુધારો' પગથી ઉપર ચડે છે! અને મેં પહેલો નિબંધ પણ "ઉપાનોના ઉપવનમાં" શીર્ષકથી લખેલો!

આમ આવા નાચીઝ લાગતા પ્રસંગમાં એક વ્યક્તિના જીવનને કાયમનો વળાંક આપવાનો જીવનવ્યાપી સંસ્કાર રોપાઈ ગયો!

હવે તો એને સંસ્કારમાંથી આદત અને આદતમાંથી સ્વભાવમાં પરિણમતો હું દેખી રહ્યો છું!

હવે કોઈ ગુસ્સો કરે કે કોઈ જૂઠું બોલે કે અન્યાય કરે ત્યારે 'એ એમ કરે જ કેમ ?' એવા પ્રત્યાઘાતો જાગતા જ નથી. 'એને એમ કરવાનાં કારણો હશે.' એમ જ થાય છે.

માનવ મનને જાણવા માટે પહેલાં બાલમન જાણવું બહુ આવશ્યક છે. કેમ કે બાલમન મોટેરાં જેટલું સંકુલ નથી હોતું.

અને એ દિશા ગિજુભાઈએ મારે માટે ખોલી આપી !

બાલમનનું અવલોકન કરતાં તરત જ દેખાશે કે બાળક આ જગતમાં અવતરે છે તે સાથે જ એનું સંસ્કાર શિક્ષણ સારું થઈ જાય છે.

અલબત્ત, બાળક ગર્ભમાં હોય ત્યારથી જ સંસ્કાર શિક્ષણ શરું થઈ જાતું હશે. પરંતુ એ પ્રદેશની વાત કરવી અઘરી છે. અલબત્ત, ભવિષ્યમાં એ પણ શક્ય બનશે.

પરંતુ આ જ તો આપણે અહીં જન્મ પછી જે સંસ્કાર શિક્ષણ ચાલુ થાય છે એની વાત કરવી છે.

આપણાં શાસ્ત્રો માનસશાસ્ત્રનાં સત્યોથી સભર ભર્યાં છે, અને બહુ જ સ્પષ્ટ અને છતાં સૂત્રાત્મક રૂપમાં એ સત્યો મુકાયાં છે.

એમાંનું એક સૂત્ર છે :

'જન્મના જાયતે શુદ્ર :, સંસ્કારાત્ દ્વિજ ઉચ્યતે.'

દરેક માનવી જન્મે છે ત્યારે શુદ્ર, એટલે કે પશુ કક્ષાએ હોય છે, અને એના ઉપર પડતા સંસ્કાર (Imprints) દ્વારા એનો બીજો જન્મ— સંસ્કાર જન્મ થાય છે.

બાળક જન્મે કે એની ત્વચા, જીભ, નાક, કાન, આંખ — આ પંચેંદ્રિયો દ્વારા સંસ્કાર શિક્ષણ શરૂ થઈ જાય છે.

પછી અંદર એ અનુભૂતિઓનું રેકોર્ડિંગ થતું રહે છે અને આગળ પાછળની અનુભૂતિઓ એની અંદર નાજુક સંઘર્ષ પણ જણાવે છે. એમાંથી છેવટ એ કોઈ એક નતીજા ઉપર આવે છે અને એ નતીજાને એ સત્ય તરીકે સ્વીકારતો થઈ જાય છે.

અલબત્ત, સંસ્કાર તો સારા નરતા બંને પ્રકારના હોય. સારા પડે તો એ માનવી સમાજોપકારક વ્યક્તિ બને. નરતા પડે તો સમાજને તકલીફ આપતો બને.

નમ્રપણે હું માનું છું કે માનવી વારસાનું પ્રમાણ જન્મ સાથે લાવે છે. પણ પ્રકાર તો સમાજ જ ઘડે છે.

માનવીમાં વારસાના પ્રમાણ પ્રમાણે ઓછી વધુ બુદ્ધિ હોય પણ એ સુબુદ્ધિ કે કુબુદ્ધિના પ્રકાર તો આપણે મોટેરાંઓ જ આપીએ છીએ. એટલે માનવી સજ્જન કે દુષ્ટ જન્મજાત હોતા નથી.

કેળવણીકાર નીલ કહે છે : 'માનવી ભલો જન્મે છે.'

મહાન વિચારક બર્ટ્રાન્ડ રસેલ કહે છે : 'માનવી ન ભલો, ન બૂરો જન્મે છે.'

અલબત્ત, બૂરો ન હોય એ અમુક અંશે ભલો જ ગણાય.

નીલ કરતાં રસેલની વ્યાખ્યા વિશેષ વૈજ્ઞાનિક લાગે છે.

આ ભલો બૂરો તો આપણે મોટેરાંઓ જ બનાવીએ છીએ.

આ હિસાબે સુસંસ્કાર, સમાજોપકારક સંસ્કાર આપવાથી જગતના કેટલા કજિયા-ફિસાદ ઓછા થાય એ પણ વિચારવાની જરૂર છે.

આ રીતે ભાવિ નાગરિક ઘડવામાં આ સંસ્કારની પ્રક્રિયા કેટલી બધી મહત્ત્વની છે એ ઉપર આપણું, કેળવણીકારોનું લક્ષ જવું જોઈએ જે માટે ખાસ કંઈ વિચારાતું હોય એવું લાગતું નથી.

આ સંસ્કારની પ્રક્રિયા માનવજાત માટે અને માનવજાત સાથે સંકળાયેલાં પશુ, પક્ષી અને નિસર્ગને માટે ખૂબ આશાજનક તત્ત્વ છે.

પરંતુ એ પ્રક્રિયા એટલી તો અજ્ઞાન રીતે ચાલે છે કે એના તરફ આપણું લક્ષ જ જતું નથી. આપણે મૃત્યુની છેલ્લી ક્ષણ સુધી અખંડ શ્વાસ લઈએ છીએ. પરંતુ એ તરફ આપણું ભાગ્યે જ લક્ષ ખેંચાય છે. તેમ જ માનવી ઉપર અખંડ સંસ્કારનું મુદ્રણ થતું રહે છે. તેના તરફ પણ આપણું લક્ષ જતું નથી.... કેળવણીકારો પણ જીવનને મોડ દેનારી આ પ્રક્રિયા તરફ ગંભીર રીતે જોતા દેખાતા નથી.

એ તો તરત કહી દેવાના કે એ કામ મા-બાપોનું છે.

કબૂલ છે કે એ કામ પહેલું મા-બાપ જ કરે છે. (એટલે તો ગિજુભાઈને 'માબાપ થવું અઘરું છે.' એ પુસ્તક લખવું પડેલું.)

એ પણ ખરું છે કે બાળકમાં જ્યારે આ પ્રક્રિયા શરૂ થાય છે ત્યારે બાળકની કોરી માનસપાટી ઉપર આ સંસ્કારની રેખા ઊંડી ઊંડી કોતરાતી હોય છે. 'પથ્થર પે લકીર' પ્રકારની.

અને ત્યારે જ માબાપ આ ભાવિ માનવી બાબતમાં જેટલી તકેદારી રાખવી જોઈએ એટલી રાખતા નથી.

પરંતુ હવે તો બાળક ત્રણ વર્ષથી જ કેળવણીકારના કબજામાં આવી જાય છે. એટલે હવે કેળવણીકારોએ આ કામ માબાપ ઉપર ન ઢોળવું જોઈએ. કેળવણીકાર પાસે માબાપ કરતાં પણ વિશેષ વર્ષો બાળક ઊછરે છે.

પરંતુ ભૂલ ત્યાં થાય છે કે આપણે કેળવણીકારોએ કેળવણીને એવી તો યાંત્રિક બનાવી દીધી છે કે એમાંથી આત્મા જ ઊડી ગયો છે.

આ યાંત્રિક રીતે તાલીમ મેળવતા, પગારમુખી શિક્ષકોથી આ સંસ્કારની પ્રક્રિયા કદી યે જીવંત કરી શકીશું કે?

માનવીનું મન એ તો હીરામાણેક જોખવાના કાંટા કરતાં પણ વિશેષ નાજુક (સેન્સિટિવ) કાંટો છે. એના ઉપર આજે આપણે લાકડાં જોખી રહ્યા છીએ.

એટલે જ્યાં સુધી કેળવણીકારો આ સંસ્કારની પ્રક્રિયાને મહત્ત્વ નહીં આપે અને માત્ર વિષય શિક્ષણનું જ ગાણું ગાતા રહેશે ત્યાં સુધી ન સાચી કેળવણી થશે, ન જગતમાં સુખશાંતિ સ્થપાશે. ન વ્યક્તિ પણ સુખશાંતિ પામશે.

મારે નમ્ર મતે આ સંસ્કારની પ્રક્રિયા ઉપજ જ આ જગતનાં સુખશાન્તિનો આધાર છે.

જે પરિવારમાં પેઢી ઉતાર સમાજના ધારણ–પોષણને ઉપકારક સંસ્કારો અપાતા રહે છે ત્યાં અજ્ઞાન રીતે જ ભાવિ માનવીમાં સુસંસ્કારો ઊતરી આવે છે.

પંચવટીની એક ચાલમાં હું રહેતો ત્યારે ચાલમાં દશબાર ભાડૂતો રહેતા હતા.

એક પડોશી પૂરા કર્મકાંડી બ્રાહ્મણ. વહેલાં પરોઢિયે એ નહાઈને એનાં સંધ્યા–પૂજા ચાલુ કરે. અને પછી એ મહાકાળેશ્વર પૂજા માટે જાય.

એક વાર એ પૂજાપો લઈને નીકળ્યા. તેણે જોયું કે એક કૂતરું પડોશીની બકરીનાં બચ્ચાંનો પગ દાંતમાં પકડીને ખેંચી રહ્યું છે.

મહારાજે 'હડ હડ' એમ બૂમ કર્યું. પણ કૂતરું કાંઈ છોડતું નહોતું ને બચ્ચું બિચારું ચીસો પાડતું હતું.

મહારાજ માટે એ મોટી મૂંઝવણ થઈ પડી! એ કૂતરાને અડે તો અભડાય, અને પૂજા કરવા ન જઈ શકે.

પરંતુ છેવટ એમણે પૂજાપો ઓટલે મૂક્યો અને કૂતરાનું મોઢું પકડીને બચ્ચું છોડાવ્યું.

એ ફરી ઘરે ગયા, ફરી નહાયા. પછી પૂજા કરવા ગયા !

આ સંસ્કૃતિમાં પેઢી ઉતાર ચાલ્યા આવતા સંસ્કારોને કારણે આ પ્રતિક્રિયા સહજ રીતે, સભાન રીતે જ ઘર કરી ગઈ હોય છે!

તો બીજા એક પડોશીની વાત પણ કરવા જેવી છે.

છેલ્લી ઇમમાં અમર રહેતો હતો.

એની ચાલ ઉપરથી જ કોઈ પણ સમજી જાય કે એ એક દાદો છે. એનું કામ ગુંડાગરદી કરવાનું, સ્મગલિંગ કરવાનું ને મોકો મળ્યે ચોરી કરવાનું.

એને ત્યાં દીકરો આવ્યો અને એ પેંડા લઈને અમને દેવા આવ્યો.

'કાકાજી, મારે ત્યાં બેટો આવ્યો ! આ પેંડા લો અને બેટાને આશીર્વાદ આપો.'

હું ઘડીભર તો બોલી ન શક્યો.

મૂંગા મૂંગા પેંડા લીધા અને માત્ર 'વાહવાહ' એવા ચાલુ ઉદ્‌ગાર નીકળ્યા. અલબત્ત, પછી ઉમેર્યું કે આશીર્વાદ તો ભગવાનના.

એ ચાલ્યો ગયો.

ત્યારે બાઈ બોલી ઊઠ્યાં. 'તમેય ખરા છો ! બાળકને શુભાશીર્વાદ પણ ન આપ્યા ?'

'શું કહું એ જ ન સૂઝ્યું. એનો બેટો ય મોટો થઈને એના બાપ જેવો ગુંડો થશે અને સમાજને શાપરૂપ બનશે.'

'કાંઈ ન કહેવાય, ઘણાય નાલાયકનાં સંતાનો સારા બને છે'

'બરું છે, અને એ તો માનવજાતના સદ્‌ભાગ્ય છે. પરંતુ એ અપવાદ હોય છે.'

અને એ વાત ત્યાં પૂરી થઈ.

પરંતુ આમાં અપવાદ ન થયો.

એ બાળક પૂરું બે વરસનું ન થયું અને ભૂંડી ગાળો બોલતું થયું. બીજા બાળકોની વસ્તુ મારીને પડાવી લેતું થયું.

આ મેં જોયું અને બાઈને બોલાવીને બતાવ્યું. બાઈએ એ જોયું અને એની આંખો ફાટી રહી.

પાછા ફરતાં માત્ર એટલું જ બોલ્યાં : 'કાગડાના મોમાં રામનામ ન હોય !'

આમ સંસ્કારની લીલા તો ચાલ્યા જ કરે છે !

જે શિક્ષક પોતે જ ન્યાય, પ્રમાણિકત્વ, પ્રેમ, સેવા વગેરે સમાજના ધારણપોષણને ઉપકારક પાયાના સત્યો સ્વીકારી જીવે છે એને એના વિદ્યાર્થીઓને સભાન રીતે સુસંસ્કારો દેવા પડતા નથી. એ તો અભાન રીતે જ સુસંસ્કારો આપતો રહે છે. 'ગુરોસ્તુ મૌનમ્ વ્યાખ્યાનમ્' ચાલતું રહે છે !

અને એ સંસ્કારોનું પુનરાવર્તન સંસ્કારને આદતમાં ફેરવી નાખે છે અને આદતોનું પુનરાવર્તન છેક સ્વભાવમાં પરિણમે છે.

આમ બધો જ આધાર સંસ્કારની પ્રક્રિયા ઉપર તોળાઈ રહ્યો છે !

કોઈ ધન્ય ક્ષણે એક સુસંસ્કાર ગિજુભાઈએ મારામાં રોપીને મારા જીવન સામે વિશાળ વિશ્વ ખુલ્લું કરી દીધું, અને હું ધન્ય થઈ ગયો !

અને એ સંસ્કાર રોપાતો હતો ત્યારે તો મને ભાન પણ નહોતું કે કેવડી મોટી પ્રક્રિયા ત્યારે જન્મ લઈ રહી હતી !

એવા એ સંસ્કાર રોપનાર સાક્ષાત્ મહેશ્વર ગુરુને આ નાચીઝ શિષ્યના દંડવત્ પ્રણિપાત ! તસ્મૈ શ્રી ગુરવે નમઃ !

૨૧. સંકલ્પની સફળતા

પ્રભુભાઈ ઉપાધ્યાય

ગિજુભાઈ અને હું બાળમંદિરની ટેકરી ચઢતા હતા.

ગિજુભાઈ કહે, 'દોડો પ્રભુભાઈ.'

મેં પૂછ્યું 'શું થયું ?'

'બાળમંદિરનો વખત થઈ ગયો છે.'

અમે દોડ્યા. દોડતાં દોડતાં ગિજુભાઈ કહે, 'બાળમંદિર છૂટે એટલે મને મળજો.'

બાળમંદિર છૂટ્યું. ગિજુભાઈને મળવા હું ઊભો રહ્યો.

'આવો આ પગથિયા ઉપર બેસીએ' ગિજુભાઈ બેસતાં બોલ્યા "અભ્યાસ પૂરો કરી તમે શું કરવાના છો ?'

'ગમે તે બાળમંદિરમાં ત્રણ વર્ષ નોકરી કરવાનો છું પછી મારું સ્વતંત્ર બાળમંદિર કાઢીશ.' મેં જણાવ્યું. લો આ કાગળમાં લખી આપો.

મેં લખી આપ્યું.

એક મહિના પછી ફરી પાછું ગિજુભાઈએ મને પૂછ્યું.

'અભ્યાસ પૂરો કર્યા પછી શું કરવાનો ?'

'મેં તમને કહ્યું છે અને લખીને પણ આપ્યું છે.' મેં હસીને જણાવ્યું.

'લો, આ કાગળમાં ફરીથી લખી આપો.'

મેં ઉપર પ્રમાણે જ લખી આપ્યું.

અભ્યાસ પૂરો કરી અમે ડાકોર ગયાં. ત્યાં ગિજુભાઈનો પત્ર આવ્યો, "જલદી અમદાવાદ શારદા મંદિરમાં મળો. તમારે માટે નોકરી નક્કી કરી છે.'

અમદાવાદ જઈ ગિજુભાઈને મળ્યો. તેમણે કહ્યું 'મુંબઇ બાર જવાનું છે. બંનેનું નક્કી કર્યું છે.'

'મુંબઈ નહિ, મારે તો ગામડામાં જવું છે.' મેં જણાવ્યું.

'કારણ શું છે ?' ગિજુભાઇએ પૂછ્યું.

'મુંબઈનું પાણી લાગે છે.' મેં કહ્યું.

'તમને પાણી લાગે જ નહિ—મારા તમને આશીર્વાદ છે.'

ગિજુભાઈએ હસીને બોલ્યા 'ખારમાં નવી કેળવણીની સ્કૂલ માટે ત્યાંના કાર્યકર્તાઓએ મને એક શિક્ષક મોકલવા લખ્યું હતું. મેં જવાબમાં જણાવ્યું કે મોકલું તો બે શિક્ષક નહિતો એકેય નહિ. એટલે તેમણે બે શિક્ષક મોકલવા હા પાડી છે. બંનેના મળીને સો રૂપિયા પગાર આપશે. તમારે જવાનું જ છે. હવે કંઈ બોલતા નહિ.' હું મૂંગો મૂંગો ગિજુભાઈ સામે જોઈ રહ્યો.

'શું જોઈ રહ્યા છો ? પ્રભુમાં વિશ્વાસ રાખી ઊપડો.'

મારો ખભો થાબડતાં ગિજુભાઈ બોલ્યા.

'જેવી ભગવાનની મરજી' કરી મેં ગિજુભાઈને વંદન કર્યાં.

ખાર શારદામંદિરમાં અમે જોડાયાં. બાળકો ખુશ થયાં. માબાપોએ પ્રસન્નતા અનુભવી. સૌએ અમને તેમના કુટુંબીજનની જેમ અપનાવ્યાં.

ત્રણ વર્ષ પૂરાં થયાં. અમે તો સંસ્થાના આજીવન સભ્ય તરીકે રહેવા વિચારતા હતા, ત્યાં તો મંત્રી બદલાયા. તેમને નવી કેળવણીનો ખ્યાલ ન હતો. વાતાવરણ ધૂંધળું બન્યું. અમે રાજીનામાં આપ્યાં સભ્યો મૂંઝાયા, રાજીનામાં પાછાં ખેંચવા અમને ખૂબ વિનંતી કરી. અમે છૂટા થયાં જ.

માબાપોની વિનંતીથી અમે ખારમાં બાળમંદિર ખોલવા નક્કી કર્યું. ત્યાં તો ગિજુભાઈએ મને લખ્યું કે 'મારા અંગત મંત્રી તરીકે રાજકોટ આવો. ત્યાં અધ્યાપન મંદિર ખોલવાનું છે.'

'ખારમાં સ્વતંત્ર બાળમંદિર અમે ખોલીશું' એમ મેં ખારનાં મા–બાપોને વચન આપ્યું છે.' મારો પત્ર તેમને મળતા બરાબર હાર્દિક આશીર્વાદ તેમણે મોકલી આપ્યા. અને દિવાળીની રજામાં ગિજુભાઈ મુંબઈ આવ્યા. સાથે કાકા સાહેબ હતા.

કાકા સાહેબને તેમણે અમારો પરિચય કરાવ્યો. કાકા સાહેબ અત્યંત ખુશ થયા.

૧૯૩૯ના ઉનાળામાં હરકિસનદાસ હોસ્પિટલમાં હું ગિજુભાઈને મળવા ગયો. તેમને લકવો થયો હતો. 'બાળકોના કામ ઉપર પ્રભુના આશીર્વાદ વરસો–તમે સદાય સુખી થાવ' 'ધનુબહેન અને જેલભારતીને મારી છેલ્લી સલામ.'

બાળશિક્ષણના પેગંબર સદાય અમર છે.

---

૨૨. સ્વપ્નું

ધનુબેન ઉપાધ્યાય

૧૯૩૩ની સાલ હતી, ગિજુભાઈના વર્ગમાં બેઠી હતી. એકાએક ગબડી પડી. બેભાન થઈ ગઈ.

ગિજુભાઈએ મારે હાથે પગે સૂંઠ ઘસી. થોડીવારે મેં આંખ ઉઘાડી. ગિજુભાઈએ પાણી પાયું. હું સ્વસ્થ બની. વર્ગ ફરીથી ચાલુ થયો.

વર્ગ પૂરો થતાં ગિજુભાઈએ મને પાસે બેસાડી પૂછ્યું 'આવું કેમ બન્યું ?'

મેં કહ્યું 'ગઈ કાલે રાતના મને સ્વપ્ન આવ્યું'' મારી દીકરી જેલ ભારતી જેને મારી મોટી બહેનને સોંપીને હું અહીં ભણવા આવી તે બહેનનાં દીકરાને કસુવાવડ થવાથી મુંબઈ ગયાં છે. જેલ ભારતીની મને ચિંતા થઈ અને હું ગબડી પડી.'

'બસ બસ હું સમજી ગયો. જેલભારતીને ડાકોર મૂકીને તમે ભણવા આવ્યાં એજ ભૂલ થઈ, તેને સાથે લઈને આવવાનું હતું. બાળકોને ભણવાં એ જ બાળશિક્ષણ છે. પ્રભુભાઇને આજે જ ડાકોર મોકલીને તેને મંગાવી લઉં છું. જેલભારતી સારી છે, રમે છે, કૂદે અને મજા કરે છે એવા વિચારો કરો. ચિંતા કરશો નહિ એમ કરીને ગિજુભાઈએ મને હિંમત આપી.

બીજે દિવસે જેલભારતી આવી ગઈ. ગિજુભાઈએ તેને ઊંચકી લીધી. ખોળામાં બેસાડીને તેને માથે હાથ ફેરવતાં મને પૂછ્યું

'બોલ જેલભારતી મજામાં છે ને ?!'

હું હસી પડી.

'આમ આંનદમાં રહો અને રોજ જેલભારતીને લઈને વર્ગમાં આવજો. તેને બધે ફરવા દેજો. શું શું કરે છે તે જોયા કરજો. તમે તમારો અભ્યાસ કરજો.' એમ કહી ગિજુભાઈ હસવા લાગ્યા

વર્ગ ચાલુ હોય તે ઘડીમાં મારી પાસે બેસે. ઘડીમાં બહાર રમવા જાય. બધા નળ ખુલ્લા મૂકે અને માથા બોળ નહાય. મને ખબર પડતા ઝડપથી નળ બંધ કરી આવું ને તેને કપડાં બદલાવું.

એક દિવસ ચાલુ વર્ગે મારી પાસે બેસીને શૌચ કર્યું. હું લજ્જાતી ઊભી થઈ.

'બેસી જાવ. તમે તમારું કામ ચાલુ રાખો. હું જેલભારતીને સંભાળીશ. એ કામ શિક્ષક તરીકે મારું છે.'

હું નીચું જોઈને બેસી ગઈ. મારા ઝતાં ગિજુભાઇ બધું કરે તે જોઈને વધુ વજ્રવાઈ.

ગિજુભાઈ કહે 'આનું નામ બાળશિક્ષણ'.

ગિજુભાઈના કામથી અને તેમની પ્રેમભરી નિખાલસ વાતોથી મારામાં અવનવું જીવન અને ચેતન ઊભરાયાં. આજેય બાળકોનું કામ કરતાં ગિજુભાઈ મારી આંખ સામે તરવરે છે.

મારા જીવનને ઘડનારા બે અદ્‌ભુત ગુરુઓ—એક ગિજુભાઈ અને બીજા ગાંધી બાપુ. જેલમાં ગાંધી બાપુ વખતોવખત મારી સંભાળ રાખો મુંબઈ આવે ત્યારે ખાસ અમને જેલભારતીને લઈને મળવા બોલાવે.

ગિજુભાઈએ બહેનોને સાઇકલ શીખવવા ભાઈઓને જણાવ્યું. સાઇકલ શીખતાં મારા ઢીંચણ લોહીલુહાણ થઈ ગયા. ગિજુભાઈ કહે 'એ તો મટી જશે. ડરવાનું નહિ.'

પાલીતાણાની મુસાફરીમાં બહેનોના સરદાર ગિજુભાઈ ઢસા સ્ટેશને એક બહેન કહે કે 'ગિજુભાઈ ભજીયા ખાવા છે.' ગિજુભાઈએ ગાડીને રોકીને ભજીયાં તૈયાર કરાવી બધાંને પેટ ભરીને ખવડાવ્યાં !!!

અડધી રાતે અમારી રૂમ ઉપર આવી બારણું ઠોકે ને પૂછે ઊંઘો છો કે વાંચો છો ?

અભ્યાસ પૂરો થયો ત્યારે વિદાય ભાષણમાં ગિજુભાઈ બોલ્યા કે કે 'બધું ભૂલી જશો તો ચાલશે પણ બે શબ્દોનો પ્રેમ સદાય હૈયે કોતરી રાખશો અને તે પ્રમાણે બાળકો સાથે અને બધાં સાથે વર્તન કરજો.' વાહ વાહ ! ગિજુભાઈની વાતો એટલે પ્રેમનો પારાવાર.

ડાકોર જતાં અમે અમદાવાદ ઊતર્યાં અને બંગડીઓ ખરીદવા બંગડીવાડમાં ગયાં. હું બંગડી ખરીદતી હતી. દોઢ વર્ષની જેલ ભારતી પ્રભુભાઈને ખભે માથું મૂકીને બધું જોતી હતી ને ગણગણતી હતી :

બંગડી લીધી રે, બંગડી લીધી રે
— મારી ધનુએ બંગડી લીધી રે
બંગડી પહેરી રે, બંગડી પહેરી રે
— મારી ધનુએ રંગબેરંગી બંગડી પહેરી રે—

દક્ષિણામૂર્તિ બાળમંદિરમાં ગવાતાં ગીતોના સંસ્કાર ઝીલી નવાજ ગીતનું સર્જન કર્યું તે સાંભળી અમે 'દિંગ થઈ ગયાં ! ધન્ય ગિજુભાઈ ! ધન્ય બાળશિક્ષણ !

બાલશિક્ષણના પિતા ગિજુભાઈને મારા કોટિ કોટિ વંદન.

---

૨૩. ડાકોરમાં ગિજુભાઇ

નારણભાઇ ઉપાધ્યાય

૧૯૩૧માં ગાંધી ઇરવીન કરાર થયા પછી રાજદ્વારી કેદીઓને સરકારે જેલમાંથી છોડી મૂકયા. મારાં ભાઇ ભાભી પણ જેલમાંથી છૂટયા પછી ઘરે આવીને મારા બાપુજીને કહેવા લાગ્યાં કે અમારે દક્ષિણામૂર્તિ સંસ્થા જે ભાવનગરમાં આવેલી છે ત્યાં બાલ–કેળવણીના ક્ષેત્રમાં હવે જવું છે. પંચોતેર રૂપિયા આપો. મારા પિતાશ્રીએ રૂપિયા ભેગા કરી આપ્યા. ભાભી અને ભાઇ દક્ષિણામૂર્તિમાં તેમની ઇચ્છા પ્રમાણે ભણવા માટે આવ્યાં.

૩૦ની લડતની ફનાગીરી સ્વીકારીને જેટલા ઉત્સાહથી અને આનંદથી બંનેએ ઝંપલાવ્યું હતું તેવા જ અદમ્ય ઉત્સાહ અને અનેરા જુસ્સાથી બાલક્ષેત્રમાં ઝંપલાવ્યું.

ગિજુભાઇના કામથી પ્રભાવિત થઇને બાલક્ષેત્રમાં ગળાડૂબ બનીને ભાઇ–ભાભીએ બાલ–ક્ષેત્રની દીક્ષા લીધી. ભાભી તો સાવ અંગૂઠા છાપ હતાં છતાં પારસમણિના સ્પર્શથી જેમ લોખંડનું સોનું બની જાય છે અને ઝળહળાટ આવી જાય છે તેમ મારાં ભાભીમાં પણ દક્ષિણામૂર્તિના આહલ્લાદક વાતાવરણમાંથી અને ગિજુભાઇના સાનિધ્યથી ઘણો જ ફેર પડી ગયો. બાળકોને સમજવાની ઊંડી સમજ આવી.

ભાવનગર દક્ષિણામૂર્તિમાંથી ભણીને મહાન ક્રાંતિકારી બનીને આવ્યા હોય તેમ પહેલું કામ પ્રૌઢ શિક્ષણનું ઉપાડયું. ગિજુભાઇએ એવું તે કામણ કર્યું હતું કે બંને જણાએ ડાકોરની ગલીએ ગલીએ ઘૂમીને છતી આંખે આંધળાં માણસોના અંધકારને ઉલેચવા અક્ષર જ્ઞાનની ઝૂંબેશ લડાઇના ધોરણે આરંભી. બંને જણાં પ્રૌઢ શિક્ષણનો ઝંડો લઇને નીકળી પડયાં.

૧૯૩૫માં ગિજુભાઇના કહેવાથી ભાઇ–ભાભી બોર (મુંબઇ) ગયાં અને ગિજુભાઇની સુવાસ ત્યાંની પ્રજામાં ફેલાવી અને ગિજુભાઇનું નામ વાજતુ–ગાજતું કર્યું.

અમારા ઘરમાં ગિજુભાઇનું નામ તેત્રીસની સાલથી વાજતું ગાજતું થયું હતું, ત્યારે મારા મનમાં થતું હતું કે આ ગિજુભાઇ કેવા હશે ?

પણ પ્રભુકૃપાએ ગિજુભાઈ અમારા ડાકોર ગામમાં ૩૭ ની સાલમાં ગુજરાતના પ્રવાસ વખતે આવી પહોંચ્યા ત્યારે મારા બાપુએ કહ્યું કે ગિજુભાઈને આપણા ઘરે બોલાવવા.

ડાકોરની સંસ્થાન હાઈસ્કૂલમાં ગિજુભાઈનું પ્રવચન રાખવામાં આવ્યું હતું. ત્યારે મારા બાપુજી સાથે ગિજુભાઈનું પ્રવચન સાંભળવા હું તે સભામાં ગયો હતો.

ગિજુભાઈએ શરૂઆતમાં કહ્યું કે મને ગમે તે વિષયનો પ્રશ્ન પૂછી શકો છો. તરત જ એક વિદ્યાર્થીએ એવો પ્રશ્ન પૂછ્યો કે જેનો જવાબ ગિજુભાઈ પાસે ન હતો. "પ્રથમ ગ્રાસે મક્ષિકા." સભામાં ખૂબ હસાહસ થઈ રહી. ગિજુભાઈએ સહૃદયતાથી કબૂલ કર્યું કે મને એ પ્રશ્ન આવડતો નથી. તારાઓ વિષે મને જ્ઞાન નથી પણ મારી સાથે ખગોળશાસ્ત્રના જાણકારને લાવ્યો છું તે તમને તારાઓ વિષે જવાબ આપશે.

એક કલાક બાળકોની વકીલાત કરી ગિજુભાઈએ પ્રવચન પૂરું કર્યું કે તરત જ મારા બાપુજી ગિજુભાઈની નજીક જઈ પહોંચ્યા અને ઘર આવવા નમ્ર વિનંતી કરી. ગિજુભાઈએ કહ્યું મારી યાદીમાં પ્રભુભાઈ ઉપાધ્યાયને ઘરે જવાનું મેં નોંધ્યુ છે. હું આવું છું. ઘોડાગાડી કરી ગિજુભાઈને ઘરે લઈ ગયા. ગિજુભાઈનાં પગલાં અમારે ઘરે પડ્યાં હોવાથી અમે ધન્ય ધન્ય થઈ ગયા હતા. આનંદવિભોર બની ગયા હતા.

ગિજુભાઈએ પ્રભુભાઈ અને મારાં ધનુભાભીની વાતો કરવા માંડી. 'બંને જણાં મારાં ખાસ માનીતાં વિદ્યાર્થી છે. મેં જ તેમને ખાર મોકલ્યાં છે.' આ વાતચીત ચાલતી હતી ત્યારે મારા બાપુજી ચા મૂકવા માટે ઊભા થઈને ચૂલો ફૂંકવા લાગ્યા પણ ગિજુભાઈએ શારદામંદિરવાળા વજુભાઈ દવેને કહ્યું કે 'દાદાના હાથમાંથી ચાનો સામાન લઈ તમે ચૂલો પેટાવી દો.'

મારા બાપુજીએ ગિજુભાઈની સાથે પેટ ભરીને મારાં ધનુભાભીની વાતો કરવા માંડી. મારા બાપુજી કહેતા "વહુ અમારી દીકરા જેવી છે. ત્રીસની લડતમાં છેલ્લા દિવસો ચાલતા હોવા છતાં અને અમે ઘણી નાં પાડી છતાં જેલમાં ગઈ. જેલમાં દીકરીનો જન્મ થયો અને ગાંધીજીએ તે દીકરીનું નામ જેલ ભારતી પાડ્યું." વાતચીત કર્યા પછી ગિજુભાઈને

મૂકવા હું ગિજુભાઈના બીજા વિદ્યાર્થી કમળાશંકર પંડિતનાં બહેનને ત્યાં મૂકવા જતો હતો ત્યારે ડાકોરમાં કંકુના દરવાજા પાસે એકદમ ગિજુભાઈ સ્તબ્ધ બનીને ઊંચે જોવા લાગ્યા. મેં કહ્યું કે આ મેડા ઉપર અખંડ ભજન રાત-દિવસ ચાલ્યા કરે છે. તો ગિજુભાઈએ કહ્યું કે 'ચાલો મારે તે જોવું છે.' એમ કહીને ગિજુભાઈ તે ભજનની વ્યવસ્થા કરનાર ભાઈને મળ્યા અને સર્વ હકીકત જાણી ખૂબ જ આનંદ વ્યક્ત કર્યો.

ગિજુભાઈને ૩૭ની સાલમાં ડાકોરમાં જોયા ત્યારે મને ખબર ન હતી કે ગિજુભાઈના કેળવણીની સંસ્થામાં કાર્ય કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થશે.

૨૪. મારાં સંસ્મરણો

શેષ નામલે

વ્યાપક અર્થમાં જોવા લાગીએ તો દરેક પ્રકારના સાહિત્યનું સર્જન આપણાં સ્મરણોમાંથી થાય છે તેમ નથી લાગતું ? આપણાં સંસ્મણોનું સામાજીકરણ સાહિત્યમાં જ્યાં ત્યાં દેખાય છે. આપણી આજુબાજુની સૃષ્ટિમાંથી દિનપ્રતિદિન અનેક જાતની ક્રિયાપ્રક્રિયાઓ થતી હોય છે. તે બધીમાંથી શક્ય તેટલો અનુભવ આપણે કરીએ છીએ. પણ આપણા એ અનુભવો વિસ્મૃતિના પ્રચંડ ધોધમાં અદૃશ્ય થાય છે, અને તેમાંથી જે ખરેખર વજનદાર હોય તે જ વિસ્મૃતિના પ્રવાહનો સામનો કરી રત્ન-વત્ સ્મૃતિના તળિયે જઈ બેસે છે. સ્મૃતિને તળિયે જઈ બેઠેલા આ અનુભવો એટલે જ સ્મરણો. સ્વ. ગિજુભાઈનું સ્મરણ થતાં જ્યારે વિસ્મૃતિના પ્રવાહમાં હું જોઉં છું ત્યારે તે પ્રવાહને તળિયે સ્થિર થઇ બેઠેલ કેટલાંય સંસ્મરણો મારી નજરે ચડે છે અને એમાંથી શબ્દોનું રૂપ આપવા માટે કયાં વીણી લઉં ને કયા નહિ તેની સમજણ પડતી નથી.

દક્ષિણામૂર્તિ માંહેનું મારું પહેલું અઠવાડિયું મને અનેક રીતે સ્મરણીય લાગે છે. હું નાગપુર તરફથી આવેલો. પહેલા અઠવાડિયામાં જોયેલું દક્ષિણામૂર્તિનું ભવ્ય વાતાવરણ, ત્યાના કાર્યકર્તાઓનો અવિરત ઉદ્યમ, તેમના જીવનનું સાદાપણું, આદર્શ જીવન જીવવાની તેમની મહત્ત્વા-કાંક્ષા, તેની સાથોસાથ સંયમ અને સહૃદયતા વગેરેની પ્રતીતિ થતા મારા મનમા મારી જૂની સૃષ્ટિ સબધી જે તુલના શરૂ થઈ તે મારું પરિવર્તન કરાવવામા કારણભૂત થઈ. દક્ષિણામૂર્તિમાં આવ્યો ત્યારે કાઠિયાવાડી ગુજરાતીનો એકે શબ્દ નહોતો આવડતો. પાસે એકે પૈસો નહોતો. મનમાં અત્યંત અસ્વસ્થ થયેલો. છતાં ગિજુભાઇને હું કંઈ જણાવા દેતો નહોતો. રોજ સવારે સાત–સાડાસાતના સુમારે ગિજુભાઇ સૌ વિદ્યાર્થીઓના સમાચારે આવે. બોલી સાફસૂફ કરીને સ્નાન વગેરે પતાવી હું પણ તૈયાર થઈ જતો. મારી ખરી સ્થિતિ ગિજુભાઇને જણાવી દઉં ? એમ વારંવાર

વિચાર કરતો. એટલામાં એક દિવસ 'ગુડ મોર્નિંગ મિ. નામલે ! ક્યાય બરા આહેના ?' ગિજુભાઈનો સ્વર આવ્યો. 'ગુડ મોર્નિંગ.' મારો સ્વર જરા ચિંતાગ્રસ્ત હતો. 'શાની ચિંતા તમે કરો છો ?' તેઓ બોલ્યા. 'ચિંતા ! ના, ના. અહીં શાની ચિંતા હોય ?' લાગેલો ધક્કો છુપાવતો હું બોલ્યો. 'સારું, તમારા પંચાવન રૂપિયા સત્ર ફીના કાલે ભરાઈ જશે. વાંચવા લાગો, નિશ્ચિંત થઈ કામે લાગો.' આશ્ચર્યનો આવો ધક્કો આપી ગિજુભાઇ બીજી ઓરડીઓ તરફ વળ્યા. હું વિચારમાં પડ્યો. આ માણસને ચિંતાનું કારણ કઇ રીતે સમજાયું ? ગિજુભાઇ જે તત્પરતાથી એકના કુશળ પૂછી બીજા વિદ્યાર્થી તરફ વળતા હતા તે અલ્પાવકાશમાં તેમની પાસેથી ખુલાસો મેળવી ન શક્યો. તે આખો દિવસ મારા આશ્ચર્યનો નિવેડો ન આવ્યો. કેમ ઓળખ્યું હશે મારું મનોગત ગિજુભાઇએ ? સાંજ થઇ. 'ચાલો નામલે, ફરવા આવશો ?'

ઝટપટ તૈયાર થઇને હું એમની સાથે થયો. 'કેમ બરોબર ઓળખીને તમારા મનના વાત ?' ચાલતાં ચાલતાં ગિજુભાઇ બોલ્યા. 'કેમ જાણ્યું ? મને હજીએ આશ્ચર્ય થાય છે.' મેં કહ્યું. તે જ દિવસે બપોરે મારા મિત્ર તરફથી મળેલ પોસ્ટકાર્ડની મને યાદ આવી. તેમાં તેણે પોતાની આર્થિક મદદ કરવાની અશક્તિ મને જણાવેલી. શું તે ગિજુભાઇ વાંચી ગયા હશે ? મને શંકા પડી. પણ મેં તે દર્શાવી નહિ. મેં કહ્યું. ગિજુભાઇ, છેલ્લા બે ચાર દિવસ હું બરોબર બહુ અસ્થિર થઈ ગયો હતો. આપનો ઉપકાર હું બરોબર ભૂલીશ નહિ.'

'ઉપકાર કોણ કોના પર કરે છે ? બધું ઇશ્વરની કૃપાથી થાય છે. હવે ચલાવો તમારો અભ્યાસ નિશ્ચિંત મને.'

શરદપૂર્ણિમાનો ઉત્સવ હતો. 'મિ. નામલે, ઉત્સવ જેટલો ભવ્ય રીતે ઊજવી શકાય તેટલો ઊજવો. જે જે જોઇએ તે મારી પાસે માગજો. પણ ઉત્સવ નમૂનેદાર થવો જોઇએ.' વિદ્યાર્થીઓની બુદ્ધિને, કલ્પનાનો સર્વાવકાશ નિર્માણ કરી દઈ તેઓમાં આત્મવિશ્વાસ પેદા કરવો એ ગિજુભાઇના શિક્ષણની ચાવી હતી. મારી કલ્પનાને સ્વૈરવિહારી છોડી મેં એક ભવ્ય દેખાવ ઉત્પન્ન કરવાનું ઠરાવ્યું. કલામંદિરની આજુબાજુની ઇમારતો તાજેતરમાં જ તૈયાર થયેલી. આવડું મોટું ચોરસ પટાંગણ, પણ ઊંચું, ખાડા ટેકરાવાળું અને ગોબરુ અને ઘાસથી ભરેલું. તેને સ્વચ્છ કરી તે પર શુભ્ર બિછાયત, મધ્યવર્તી મોટો શ્વેત ચબૂતરો, તેના

પર મનોરંજક કાર્યક્રમ નાટકો વગેરે. આંગણાની ચારે બાજુ સફેદ કલઈથી શોભિત કરવાની અને વચ્ચે વચ્ચે ભાલા જેવા સ્તંભો ખોસવાના. બધાનો શુભ્ર ખાદીનો પોશાક. નાટ્યપ્રયોગો પણ એવાં જ કપડાંમાં કરવાના. કલાસંદિર પણ શુભ્ર કાચના પ્યાલામાં જ્યોત સળગાવી રાખવાનું અને તેમાં હાંડી ને ઝૂમરો પણ સફેદ. ચાંદનીમાંના આ બધા એકરંગી ભવ્ય દેખાવના વર્ણનથી ખુશ થઇ ગિજુભાઇ બોલ્યા, 'બોલો ત્યારે હવે તમારે શું જોઇએ ? મેં કહ્યું : 'કાચના પ્યાલા અમુક, ઝૂમર અમુક.' પણ ભાવનગરમાં આ વસ્તુઓ સ્વદેશી ન મળે, ત્યારે મળતી વિદેશી વસ્તુઓ આ ઉત્સવમાં વપરાય કે નહિ તે પર મોટી ગડમથલ ચાલી. કલોપાસક વિદ્યાર્થીઓ કહેતા કે કલા એ ભૌગોલિક વા રાજકીય બંધનોથી પર છે. બીજાઓ કહે : 'કલામાં સ્વદેશીયતા ન હોય તો તે આદર્શ કલા ન કહેવાય.' પેલાઓ કહે : "કલા, કલા માટે જ રાખીએ તો જ કલા અંતિમ ઉત્કર્ષ સાધી શકે. બહુરત્ના વસુંધરા છે. તેના સૃષ્ટ પદાર્થોને સ્વદેશીવિદેશીના કૃત્રિમ વર્ગીકરણથી વિભાગીને કલાનો અત્યુચ્ચ ઉત્કર્ષ સાધવામાં અડચણ ન જોઇએ. કલા વ્યક્તિનિષ્ઠ હોય છે, પણ સારાં સાધનો વગર તે ખીલે નહિ." બીજાઓ કહે : 'કલામાં સ્વદેશીયતા ન લાવો તો જીવનમાં તે ન ઊતરે. આખરે કલા તો આપણા લોકજીવન માટે છે ને ! દેશપરદેશથી ભારે ભારે વસ્તુઓ સંગ્રહિત કરવી તે કલા નથી. કલાના માધ્યમો પર નિયંત્રણ જરૂર જોઈએ. કારણ સ્વદેશીમાં જ સ્વમાન જળવાય. જીવવા મરવાનો જ્યાં પ્રશ્ન ઊભો થયો હોય ત્યાં સ્વદેશીવ્રતનું કડક પાલન કરી સમાજમાં આદર્શ ઊભો કરવો જોઈએ. આપણા ઉત્સવો જો વિલાયતી વસ્તુઓ દ્વારા ઊજવવામાં આવે તો પ્રજાને ઊંધો દાખલો બેસે છે.

આમ બન્ને પક્ષોના સામસામા વિચારો શ્રી ગિજુભાઈએ સાંભળી લીધા. થોડીવાર મૂંગા રહ્યા પછી ધીમા અને નિશ્ચિત અવાજમાં તેઓ બોલવા માંડ્યા :

'આ દેવમંદિરો બંધાયાં છે તે આજુબાજુના પથ્થરોનાં જ બંધાયાં છે તેવું લાગતું નથી. દેશદેશના પથ્થરો તેના કલાવિધાન માટે યોજાયેલ આપણે આપણી નજરે જોઈએ છીએ. દેવમંદિરો એ આપણું સામાજિક સર્જન છે. પણ આપણા વૈયક્તિક જીવનમાં સ્વદેશીયતા પ્રધાન સ્થાને

હોવી જોઈએ. કલાવિકાસને આપણે અટકાવવા માગતા નથી અને છતાં જીવવા માગીએ છીએ. કલા માટે કલા હોઈ શકે અને જીવન માટે પણ કલા હોઈ શકે. એમાંના શુદ્ધ ભેદો આપણે પારખવા જોઈએ. પણ એ ઊંડા પાણીમાં તમને ઉતારવા કરતાં મને લાગે છે કે આજની ઉત્સવ-યોજના આપણે તોડી ન પાડીએ. એમની કલ્પનાશક્તિ ખીલવા દઈએ. એક અભ્યાસ કરવાના પ્રસંગ તરીકે એને લઈએ, અને તેના પરથી જેમ યોગ્ય લાગે તેમ કરવા દઈએ." આ પ્રસંગ શ્રી. ગિજુભાઈના લાક્ષણિક વ્યક્તિત્વ માટે મને હજી યે સાંભરે છે.

૨૫. પહેલું અને છેલ્લું દર્શન

ચંદુલાલ વ. ભટ્ટ

મૃત્યુ પહેલાં લગભગ એક વર્ષે, ભાવનગર બાળમંદિરના એમના મકાનમાં કૃષ શરીરે તેઓ દમની બીમારી ભોગવતા હતા. એ પછી તો ફરી એક વર્ષ માટે અધ્યાપનમંદિરનો વર્ગ ચલાવવાનો એમણે નિર્ણય કરેલ અને એ રાજકોટમાં પૂરો પણ કર્યો.

એક રાત્રે હું તેમની પાસે ગયેલો. કષ્ટસાધ્ય વ્યાધિથી હું પણ ઘેરાયેલો હતો. ઘણી વાતોને અંતે, પથારીમાંથી ઊઠી મને બહાર વળાવવા આવતાં પગથિયાં પરથી ઊતરતાં ઊતરતાં તેઓ બોલ્યા, 'જન, તું તારી બીમારીમાંથી તદ્દન મુક્ત થઈ જઈશ.' મને એ વખતે મારી સ્થિતિ જોતાં સાવ તંદુરસ્ત થવાની આશા બહુ ન હતી એટલે હું હસ્યો. તેમણે વધુ આગળ વધી એક મોગરા પાસે જઈ, તેનું એક ફૂલ તોડયું અને મારા હાથમાં આપ્યું અને બોલ્યા, 'હું જે કહું છું તે બરાબર કહું છું. મારા કહેવાની સાક્ષી તરીકે જો આ ફૂલ તને આપું છું.'

અને આજે એ વાતને ત્રણ વર્ષ વીતી ગયાં છે અને ઘણા લોકોને આશ્ચર્ય થાય એ રીતે બીમારીમાંથી મુક્ત થઈ ફરી મેં નવજીવન પ્રાપ્ત કર્યું છે.

આ મુલાકાત પહેલાં પણ જ્યારે પહેલીવાર હું ગંભીર ઑપરેશન માટે મુંબઈ રવાના થતો હતો ત્યારે ભાવનગરથી વઢવાણ સુધી તેઓ ટ્રેનમાં સાથે હતા. ત્યારે પણ હું નિરાશાપૂર્ણ હતો, જ્યારે તેઓએ પૂરી રીતે આશાપૂર્ણ બની મને કહેલું, 'મોટા મોટા ઝંઝાવાતો જીવનમાં આવી જવા સ્વાભાવિક છે. જ્યારે મોટા વા-વંટોળ પસાર થાય છે ત્યારે ઘાસ નીચું નમી જાય છે. એ પસાર થઈ જતા ફરી પાછું પોતાની સ્થિતિ પ્રાપ્ત કરે છે. એ નિર્મૂળ નહિ થાય. તારા ઉપર એવા ઝંઝાવાત છે. એ પમાર થતા તું પાછો ઊભો થઈશ.'

કેટલો મમતાપૂર્ણ આશાવાદ અને દૃઢતા તેઓને મારા માટે હતાં?

મારા જીવનમાં મેં માનેલા થોડા નજીકના સાચા મુરબ્બીઓમાંથી એમણે એકે જ મારા દેહના ટકવા વિશે આશાવાદ સેવેલ.

*

આજથી લગભગ ૨૫ વર્ષ પહેલાં દક્ષિણામૂર્તિ સંસ્થામાં હું વિદ્યાર્થી તરીકે દાખલ થયેલો. નાનાભાઈ અને ગિજુભાઈની જોડી જ અમારા મુરબ્બીઓ તરીકેની હતી.

ગિજુભાઈ અમારા વિનયમંદિરના આચાર્ય હતા. લાંબું ધોતિયું, લાંબો કોટ, માથે કાઠિયાવાડી ફેંટો અને આંખે ચશ્માં. એ વખતે વિનયમંદિરોમાં કેવી રીતે શિક્ષણ આપવાનો પ્રબંધ હશે તે તો કોણ જાણે, પણ અમને પહેલી અંગ્રેજીવાળાઓને કાંઈક વધારે પ્રેમાળ રીતે અને સારી રીતે શીખવવાના તેઓ પ્રયત્ન કરતા હતા એવું યાદ છે. અમોને તેઓ અંગ્રેજી પરિચય-પદ્ધતિ (Direct method)થી શીખવતા અને ત્યારે તેમને અમારા વર્ગમાંથી એક છોકરાએ સવાલજવાબમાં કહેલું, 'Throw your turban outside.' આવા સવાલને પણ તેઓ ગણી ખાતા, અને એ પ્રયત્નપૂર્વક, કારણ એમની પ્રકૃતિ બહુ તેજ હતી. મારા બીજા એક સગા ભાઈને 'તને ઝાડે ઊંધે માથે બાંધી નીચે તાપ કરવો જોઈએ.' એવું પણ એમણે કહેલું. એવી એક માનસિક સ્થિતિમાંથી તેઓ પસાર થયેલા.

અમારા તમામ જાતનાં તોફાનોને પરિણામે તેઓ જ વધુ દુઃખિત થતા એવું મને આજે યાદ આવે છે. અમારા વર્ગના અંદર અંદરના બે છોકરાઓ વચ્ચેની દુશ્મનાવટ ઘણી વધેલી, તેને પણ તેઓ અંદર અંદરની સમજાવટ પછી, બહાર એક બાડો હતો અને તેમાં રેતી હતી તેની અંદર રીતસર સૌને એકઠાં બેસાડી વચ્ચે દટાવી દેવાનો એમણે પ્રયોગ કરેલો.

છોકરાઓ જ્યારે મસ્તી કરે ત્યારે શિક્ષાનો ઓછામાં ઓછો પ્રયોગ કેમ કરવો તે તરફ તેમનો બહુ સમજણપૂર્વકનો પ્રયાસ હતો, એ મને આજે બહુ સ્પષ્ટ દેખાય છે.

*

અમને બીજું બધું શીખવતા પણ ધર્મશિક્ષણમાં ધર્માત્માઓનાં જીવનચરિતો કહેવાની તેમની રીતે અમારા સૌના પર અનહદ છાપ

પાડી છે. જ્ઞાનેશ્વર, રામકૃષ્ણ પરમહંસ અને છેવટે ચૈતન્યપ્રભુની વાતોમાં તેઓ એટલા તન્મય બનતા અને અમને બનાવતા કે આખા વર્ગને તેઓ ચોધાર આંસુઓએ રડાવતા. જેને અમે કઠોર વિદ્યાર્થી ગણી શકીએ એવા વિદ્યાર્થીને પણ રડતો અમે જોતા. બુદ્ધ અને ચૈતન્યનાં બે ચરિતો વખતે તેઓ પોતે પોતાની જાત પરથી કાબૂ ગુમાવી રડતા રડતા વર્ગમાંથી પસાર થઈ જતા આજે આટલાં વર્ષેય મને દેખાય છે.

અને પછી તો બાળકેળવણીના ક્ષેત્રમાં તેઓ આવ્યા. નાનાં બાળકો વચ્ચે તેઓને કામ કરતા જોવા માટે અમો વિદ્યાર્થીઓ બહુ આતુરતાથી જતા. ટોળાબંધ બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ આપવી અને તેઓની આગળ વાર્તાઓ કહેવી એ બધું એમણે સ્વેચ્છાએ સ્વીકારેલું. આ કામ બીજાઓને આશ્ચર્ય કરાવતું છતાં તેઓને મન યોગ્ય કાર્ય મળ્યું હતું એમ આજે સમજાય છે.

અને પછી તો ટેકરી પરનું બળમંદિર બન્યું.

*

જે કામ પોતે ઉઠાવે તેમાં તેઓ એટલા ઓતપ્રોત બની રહેતા કે પછી તેને અંગે જ જેઓ સાથે કામ પડે તેમની સાથે તેઓ પરિચય પાડતા અને તેઓને વખત આપતા. એને અંગે તેઓ ઘણી વખત મારી નજરે બુઠ્ઠા અને અભિમાની પણ જણાયા હતા. પછીથી વિનયમંદિર તેમનું ઓરમાયું છોકરું હોય એમ તેઓ વર્તતા હોય એમ મને લાગતું, અને એ વાત એમને કહેલી પણ ખરી. તેઓ તે વખતે માત્ર હસેલા જ.

*

વિદ્યાપીઠ છોડી હું ભાવનગર ગયો અને તુક્કો આવ્યો કે ચાલો અધ્યાપનમંદિરમાં ભણવા. એ દરમિયાન તેમણે બાળશિક્ષકો તૈયાર કરવાનું અધ્યાપનમંદિર શરૂ કરી દીધેલું. રસોડામાં જમતાં જમતાં મને કહ્યું, "ચાલ ભણવા." મેં કહ્યું, "હું આવીશ." "જરૂર આવ, તને સરસ પગાર અપાવીશ!"

અને હું એક વર્ષ માટે તેમાં જોડાયો. વિનયમંદિરમાં રહ્યાં બાળમંદિર છોકરાં રમાડવાની એક નિશાળ માત્ર દેખાયેલી. વિદ્યાપીઠમાં

જવા પછી પણ બાળમંદિર વિશે વધુ સ્પષ્ટ કલ્પના જ નહિ આવેલી અને જ્યારે તેના અધ્યાપનમંદિરમાં જોડાયો ત્યારે પણ બાળમંદિરની સમજણ જ ન હતી. આજે એમ લાગે છે કે માણસજાતને સાચા સ્વરૂપે સમજવાની અને કેળવણીને નામે જે કંઈ ચાલે છે તેને બદલે શું હોઈ શકે તે સમજવા માટે જીવનની નિશાળમાં હું ગયેલો. શિક્ષણના ક્ષેત્રમાં સ્પષ્ટ અજવાળું આપનાર મારે માટેની શરૂઆતની તે જ નિશાળ બની હતી.

*

અધ્યાપનમંદિરમાં દાખલ થતાં અમારે એક ફૉર્મ ભરવાનું હતું. જુદા જુદા સવાલો એમાં પૂછવામાં આવતા. એક સવાલ હતો: 'તમને ગાતાં આવડે છે?' મેં લખેલું: 'ના.' એક વાર મને ગાવા બેસાડ્યો. મેં એક ભજન ગાયું. ગિજુભાઈને એ ગમ્યું. ગિજુભાઈએ બહાર નીકળી કહ્યું: 'તેં તારા જવાબમાં જૂઠું statement કેમ કર્યું કે ગાતાં નથી આવડતું?' મેં કહ્યું: 'હજી હું એમ જ કહું છું, મને ગાતાં નથી આવડતું. ગાતાં આવડવાનો મારો વિવેક મને કહે છે કે તને ગાતાં નથી આવડતું. અને એ દૃષ્ટિએ હું સાચો છું.'

*

એક વાર બાળકોને પત્રો નાખવાની એક ટપાલપેટી મને રિપેર કરવા આપી. ઉપર કાગળ ચોંટાડવાના હતા. હું ચોંટાડી લાવ્યો. તેમને તે પસંદ ન પડ્યું. એટલે ઊંચી ટેકરી પરથી તે પેટીનો ઘા કરી દીધો અને પસાર થઈ ગયા. એ પ્રસંગ પરથી જ ત્યાંથી અભ્યાસ છોડી દઈને ભાગવાનો વિચાર કરેલો. 'આ ફેંકી દેવાની રીત તે કઈ જાતની? તમારું ભણતર તમારી પાસે રાખો. હું જઉં છું.' 'અરે ભલા, ગાંડો છો? ત્યારે સારું કેમ ન કરી લાવ્યો? તું મારી પાસેથી ક્યાં જતો હતો?' અને એવી પ્રેમળ રીતે તેમના સકંજામાં હું આવ્યો કે મારો નિર્ણય મારે છોડવો પડ્યો.

'જૂના જમાનાના ગુરુઓ જે રીતે શિષ્યોને તંગ કરતા અને છતાં શિષ્યો વિદ્યાસંપાદનને માટે ગુરુના કડક વ્યવહારો નિભાવતા એવું એમના પરત્વે મને લાગતું હતું. પણ એ બધું ય ત્યારે જ સંભવે જ્યારે

અરસપરસ પ્રેમળ લાગણીઓના વહેતા પ્રવાહો એકબીજાનાં અંતરોએ ઓળખ્યા હોય.

*

અધ્યાપનમંદિરનાં જેટલાં ભાઈબહેનો તેમના હાથ નીચે પસાર થઈ જતાં તે સૌની પાસેથી તેઓ જીવનનાં નાનાંમોટાં તમામ કામો કરવાની શક્તિ અને હોશિયારી મેળવીને જાય તેવી અપેક્ષા રાખતા. એ બધાં જ ભાઈબહેનો પોતા પાસેથી ગયાં પછી સૌ સાથે તેઓ જીવન્ત સંબંધ રાખવાની પૂરી જાગૃતિ રાખતા. વિદ્યાર્થીઓની શક્તિઅશક્તિને તેઓ પોતાની જ શક્તિઅશક્તિ માનતા અને કામ કરનાર તમામને પોતપોતાને સ્થાને અતિઉત્સાહથી દૂર રહ્યા પ્રેરણા આપ્યે જ જતા. 'શિક્ષણ પત્રિકા' ની હિન્દી પ્રકાશનની જવાબદારી મારે માથે ઇ દોરમાં આવી. નાનામાં નાની સૂચનાઓ તેઓ હંમેશ ટપાલથી આપતા અને છતાં તેને માટેની બધી જ જવાબદારી, પૂરી શ્રદ્ધાથી તેઓએ મારા પર મૂકી દીધેલી. 'હિંદી જગતમાં જે સફળતા મળશે તેની વિજયમાળા તારા ગળામાં હું પહેરાવીશ.' એવું લખીને પણ મારે માથેની જવાબદારી અને ઉત્સાહ તેમણે વધાર્યો જ હતો.

*

દૃઢતા અને કાર્યપરાયણતા તેમને હાડોહાડ વ્યાપી ગઈ હતી. તેમના એકેએક કાર્યમાં અને એકેએક પગલામાં એટલું જોર રહેતું કે એને એમાંથી પાછા હટાવવાનું અશક્ય જ રહેતું. પોતાને લાગતી સાચી વાત કોઈને દુઃખ લાગે તોયે કહેવામાં તેઓ અચકાતા નહિ. પૂ. ગાંધીજીએ લખેલી પહેલી બાળપોથી એમનાં પાસે પંદરેક વર્ષ પહેલાં આવેલી ત્યારે તેની ઉપર સોએક પાનાં જેટલી કડક ટીકા લખેલી મેં વાંચી હતી. એ વખતે એમની જે વિચારસરણી હતી તે પ્રમાણે એ ઉપર સજ્જડ, કહેવાનું કહી નાખ્યું હતું. કદાચને આજે એ લખાણમાં ફેરફાર પણ એમણે કર્યો હોત એવું ય મને દેખાય છે.

*

મુસીબતો, દુઃખ, કલેશ તમામનો ઘણો ય સામનો એમના જીવનમાં એમને કરવો પડ્યો હતો. પણ જીવનની અને જીવનના વ્યવહારોની એ નક્કર હકીકતો જ એમણે સમજી એ બધાનો સ્થિર ચિત્તે તેઓ સામનો

કરતા. એ બધામાં પોતે મનથી ઘણીવાર દુઃખી થતા, ક્લેશ પણ અનુભવતા અને પરિણામે આ જીવનના વ્યવહારથી પર થવા અને અંતર્મુખ બની, મનની શાંતિ મેળવવા તેઓ કાર્યમાં જ લીન રહેતા. કામ સિવાય આરામથી અને વાતો કરતા બેસવાની એમના વિશેની મને કલ્પના જ નથી આવી શકતી. અને એમના છેવટના અંત સુધી, એ જ દૃઢતાથી, શ્રદ્ધાથી, જોરથી પોતાના શરીરના ભોગે તેઓએ, પોતાનું જીવનકાર્ય કર્યા કર્યું. કયો માણસ કયું અને કઈ જાતનું કાર્ય કરે છે એ વિશે એમને ઓછી પરવા હતી. કાર્ય કરનાર કેટલી ચીવટથી, શ્રદ્ધાથી, બારીકાઈથી અને છેવટ સુધી પોતાના કાર્યને પાર પાડવા ચોંટી રહે છે એમાં જ તેના જીવનનું સાફલ્ય ગણાય તેમ તેઓનું દૃઢ માનતું હતું. એમના સ્વભાવની આ ખાસિયત એમના મૃત્યુ સુધી દેખાઈ.

*

જે વાતચીત વખતે મારી તબિયત વિશે એમણે શુભ ધાર્યું છેલ્લું તે જ વખતે પોતાને વિશે વાતચીતમાં એમણે મને જણાવ્યું, 'હવે મારામાં દેહતત્ત્વ ઓછું જ છે. પ્રાણતત્ત્વને આધારે ટકું છું.' અને છતાં, એ પછી તો એમણે રાજકોટમાં અધ્યાપનમંદિર ચલાવ્યું. મિત્રોએ એમને કામથી નિવૃત્ત થવાને વીનવેલા. પણ ગમે તે કારણે મનથી અસ્વસ્થ ગિજુભાઈ કામમાંથી જ શાંતિ મેળવવાનો પ્રયાસ કરતા હોય એવું મને લાગ્યા કરેલું. દુઃખ એ એક એવી શક્તિ છે કે એને જો કામમાં વાળવામાં આવે તો એ એક મોટી શક્તિ બને છે એ એમની માન્યતા એમણે પ્રત્યક્ષ જીવનમાં ઉતારેલ. છેવટ શરીરની અસુખાકારી, કૌટુમ્બિક જીવનની અડચણો, મિત્રો સાથેના કાર્યનિમિત્તોનાં ઘર્ષણો, માનસિક મૂંઝવણો વગેરેનો સામનો એમણે કેટલી સ્થિર રીતે ને બહાદુરીથી કર્યો એ અમે એમની નજીક રહેનારાઓએ જાણ્યું છે. એમનું મનોબળ એટલું જબરું હતું અને એમની કલ્પનાઓ એટલી સ્થૂળ જીવનની સત્યતા પર અવલંબેલી હતી કે નાનીમોટી તમામ યોજનાઓમાંથી તેઓ આબાદ પાર ઊતરતા.

એમના જીવનના છેલ્લા પંદર દિવસ એમની પાસે રહેવાનું ને એમની સેવાનું ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું.

મૃત્યુ પહેલાં બરાબર એક મહિને, રાજકોટથી એક ઍરોપ્લેન

મુંબઈ ઊતર્યું. એમાં એમના ભક્તમિત્ર બૅરિસ્ટર પોપટલાલ ચૂડગર સાથે તેઓ ઊતર્યા. અમે તેમને લેવા ગયેલા. શરીરને ટેકે ટેકે તેઓને મોટર પાસે લાવ્યા ને ખુરશી પર બેસાર્યા. સૌની સાથે હસ્તધૂનન કરી ખબરો પૂછ્યા ને હસતા હસતા રવાના થયા.

બૅરિસ્ટર ચૂડગરે એમને વિનવ્યા : 'મુંબઈમાં આપણે તમારી તબિયત બરાબર તપાસાવી લઈએ.' એમનું કહેવું હતું : 'મારું શરીર માત્ર હવાફેરથી ઉપયોગી હશે તો સારું થઈ જ જશે.' અને સાંજે દેવલાલી જતી ટ્રેનમાં તેઓ બેઠા. કોઈ પરાક્રમી જુવાન પોતાના પરાક્રમની વાતો કરે એ રીતે જીવનની ચોપન વર્ષની ઉંમરે હવાઈ વિમાનમાં પોતે કરેલ મુસાફરીનું વર્ણન તેઓ આપતા હતા.

દેવલાલી જવાનું મને ભાગ્ય પ્રાપ્ત ન થયું. પરંતુ ત્યાંથી ચારેક દિવસે એમનું ટેમ્પરેચર ઠીક ન થયું એટલે તેઓ પંચગની પહોંચ્યા.

પંચગની ગયા પછી તબિયત ઠીક હતી એટલે એમના મિત્ર શ્રી. ચૂડગર કેસની મુદ્દત હતી એટલે કાઠિયાવાડ ગયા. તેમણે શ્રી. ચૂડગરને રજા પણ આપેલી. દરમિયાનમાં એમની તબિયત ભયંકર રીતે બગડવાના તાર અમને મુંબઈમાં પહોંચતાં પહેલાં તેમના ભાઈ દામુભાઈ તથા મારાભાઈ શાંતિભાઈ ત્યાં પહોંચ્યા. પછીથી તેમના ચિરંજીવી નરેન્દ્ર બધેકા કાઠિયાવાડથી આવતાં, હું તેમની સાથે પંચગની પહોંચેલ. લાંબા સમયથી દમની અસર તથા કામના અતિશય થાકને લીધે આવેલી અતિશય અશક્તિ અને એ ઉપરાંત મુસાફરીના પડેલ શ્રમને પરિણામે છેલ્લે પક્ષઘાતનો હલ્લો એમને થયો. કુદરતની પણ બલિહારી જ છે ને કે એમનું આવું જબરું મિત્રમંડળ હોવા છતાં એમના અતિશય દુઃખના હલ્લા વખતે માત્ર એમના એક જ વિદ્યાર્થી શ્રી. પી. ડી. અને એમનાં પત્ની શાંતાબહેન જ એમની પાસે હતાં ! પંચગનીના ડૉકટર અને આરોગ્યગૃહના વ્યવસ્થાપકની મદદને પરિણામે અમે સૌ પહોંચ્યાં ત્યાં સુધીમાં શાંતિ રહી. તબિયત ફરી ઠીક બનતી ચાલી. ડાબું અંગ જૂઠું પડ્યું હતું અને વાચા પણ લગભગ બંધ પડી હતી એટલે જમણો હાથ ને પેન કામ કરતાં હતાં. આવી અતિશય નબળી ને અશક્ત હાલતમાં કેટલા દૃઢ-મને ને કેટલી સ્થિરતાથી બધી વાતો ને સૂચનાઓ તેઓ આપતા હતા ! અમારા સૌની ખાવાપીવાની ચિન્તા, પત્રવ્યવહાર તથા પત્રોની હકીકતોથી માહિત-

ગીરી ને તેને અંગેની સૂચનાઓ, પોતાને દવાથી થતી અસરો વગેરે બહુ જ શાંત રીતે બધું અમને તેઓ લખીને આપતા ને સમજાવતા.

વહેલી સવારમાં પંચગનીની ખીણોમાં whisling birds વગેરે જ્યારે બોલતાં ત્યારે કાગળ પર તેઓ એનાં નામ લખી આપતાં !

અમને આપેલ સૂચનાઓ તથા વાક્યોમાંથી કોઈ કોઈ તો સાચે જ નોંધવાં જેવાં છે.

" મને જ્યારે તમે પથારીમાં ફેરવો ત્યારે રેલવેના થાકેલા મજૂરો કાથળા ફેરવે એની જેમ ના ફેરવો."

* * *

" તમે બન્ને મને માલિશ કરો ને એ રીતે મારી શક્તિ બનો. બર્નાડ શૉએ એના નાટકમાં જેમ Two officersને અમર કર્યા તેમ હું તમને મારા નાટકમાં અમર કરીશ. "

તેઓ જ્યારે નારાજ થતા ત્યારે હું કહેતો : 'તમે શું ઢીલા પડો છો ?' જવાબમાં એ કહેતા : 'મારું કાળજું તો કઠણ છે. તમે જ મને ઉશ્કેરવાના પ્રસંગો ઉપસ્થિત કરો છો.'

છેલ્લે છેલ્લે જ્યારે બૅરિસ્ટર ચૂડગર વગેરે સૌ એકઠા થઈ ગયા ને પંચગની છોડી અમને મુંબઈ સારવાર માટે લાવવાનું ઠરાવ્યું ત્યારે એમણે કહેલું : " ખુદાનો હુકમ થવા દે. " અને પછીના બે દિવસ એમના બહુ દર્દમય ગયા એમ કહેવાય.

'મુંબઈ સમાચાર' દૈનિકમાં બંગાલના પાગલ હરનાથની વાત પ્રસિદ્ધ થતી. એમના ભાઈ દામુભાઈને એ વાંચવા કહ્યું. દામુભાઈએ કામ મને સોપ્યું. વીશ વર્ષ પહેલાં હું જ્યારે દક્ષિણામૂર્તિમાં પહેલી અંગ્રેજી ભણતો ત્યારે આગળ જણાવ્યું તેમ અમને તેઓ ધર્માત્માનાં ચરિતો કહેતા. તેમાં પાગલ હરનાથની વાત કહેલી ત્યારે પણ તેઓ રડેલા. મને એ વાંચતાં જ એ પ્રસંગ યાદ આવ્યો ને મેં એ સ્વ. ગિજુભાઈને કહ્યું. સાંભળતાવેંત જ તેઓ બાળકની જેમ રડવા લાગ્યા. મને ઓરડામાંથી ચાલ્યા જવા નિશાની કરી. હું ગયો.

તરત જ પછી એમનાં ભત્રીજી મોંઘીબહેનને બોલાવી એમની પાસે ભજન ગવરાવ્યાં. જેમાં બીજી પ્રવૃત્તિઓ કરતાં રામનામ લેતાં ઘણું મોડું થયું એવો કંઈક ભાવ હતો. એ સાંભળ્યા પછી પણ તેઓ ખૂબ રોયા.

આખું વાતાવરણ દુઃખમય થયું ને છેવટે એમણે પોતે જ સ્થિર થઈને ચિઠ્ઠીથી લખી જણાવ્યું : ' મારી આત્મદર્શન કરવાની ઝંખના અધૂરી જ રહી. ઈશ્વરધ્યાન ને ભક્તિ અધૂરી જ રહી. હું મારી વાત કોને સમજાવું ? આ જ જગ્યાએ કહેવું જોઈએ કે એમની' છેલ્લી છેલ્લી કલ્પનાઓ હિમાલયમાં જઈ આશ્રમ કાઢી રહેવાની હતી.

છેલ્લે જ્યારે એમની ડૉકટરી પૂરી વ્યવસ્થિત સારવાર થઈ શકે એ માટે પંચગનીથી મુંબઈ લાવવાનું ઠર્યું, ત્યારે એમની તબિયત–હૃદયની હાલત બહુ ગંભીર હતી. છતાં હું આગળથી વ્યવસ્થા કરવા મુંબઈ ઊપડ્યો ત્યારે લખી આપ્યું : ' I fear no consequences. We go to–morrow. શુભં કરોતુ.'

અને પછી તો મુંબઈ પહોંચ્યા જ.

હંમેશની સારવાર ચાલી. મિત્રો તથા સંબંધીઓનો સાગર ઊમટ્યો હતો. છેલ્લે છેલ્લે હંમેશ તેઓ ફૂલો મંગાવતા ને જે આવે તેના પર ફેંકતા ને ચારે તરફ વેરવા આપતા.

આખરી બે દિવસોથી તેઓએ શરીર નહિ ટકે એવું જાણી લીધું ને બે વાર એમના દીકરાને લખી આપ્યું :

" Life is not eternal. I am closing my accounts. "

* * *

" મારા મૃત્યુ પછી કોઈ રડશો નહિ. "

અને એ છેલ્લા કલાકો ને છેલ્લી ક્ષણો બેભાન જેવી હાલતમાં છતાં કેટલી શુદ્ધિથી બધું સમજતા ! ! ન ઉશ્કેરાટ કે ન ગભરાટ. કેટલી શાન્તિ હતી ! છેલ્લા છેલ્લા લેવાતા શ્વાસો કેટલી નિર્ભયતાથી ને ધીમેથી સમજણપૂર્વક લેવાતા હતા ! સ્વજનોનું ટોળું આસપાસ ઊભું જ હતું. ડૉકટરો પણ હતા. ઊઘડી ગયેલી આંખો, છેલ્લે લાંબો દીર્ઘશ્વાસ લેવાઈને અનંતકાળ માટે બંધ થઈ ગઈ. મૃત્યુ સમયે પણ જીવનમાં વણાયેલી મૂર્તિમંત દૃઢતા જ દેખાઈ.

૨૬. છેલ્લાં વર્ષો

શાન્તાબહેન પી. મિસ્ત્રી

પ્રથમ દર્શન અને અનોખી પરીક્ષા

એ હતી ૧૯૩૫ની સાલ.

હું મહિલા વિદ્યાલયમાં અભ્યાસ કરતી હતી. દરમિયાનમાં શ્રી. પી. ડી.એ એક દિવસ કહ્યું; 'આપણે બંનેએ પૂ. શ્રી. ગિજુભાઈના બાલ અધ્યાપન મંદિરમાં દાખલ થવાનું છે. આપણે પરમ દિવસે ઇન્ટરવ્યૂ આપવા જવાનું છે. પછી એડમિશન મળશે.'

હું તો ઇન્ટરવ્યૂ શબ્દમાં ખોવાઈ ગઈ અને જાણે એકતાર થઈ ગઈ. ગિજુભાઈ શું શું પૂછશે ? કેટ કેટલા મનમાં ઘોડા ઘડ્યા અને કેટલાય જવાબો તૈયાર કર્યા.

એક શુભ ક્ષણે શ્રી દક્ષિણામૂર્તિની ટેકરી ચડ્યા. સામેથી પ્રેમાળ હાસ્ય વેરતા પૂ. ગિજુભાઈ આવતા હતા. તેમણે કહ્યું, કાં પી. ડી. ! આવી ગયાં. નીચાં નમીને મેં નમન કર્યું. 'આવો બેન' આવકાર મળ્યો. શબ્દો સાંભળીને જ મારું મન શાંત થઈ ગયું. 'ચાલો મારી સાથે'. ઘેર ગયાં. બધાં નીચે શેતરંજી પર જ બેઠાં. ગિજુભાઈએ શ્રી. પી. ડી. ને કંઈક કામ સોંપ્યું. અને મને કહે, 'લ્યો શાંતાબહેન, આ ટપાલ ગોઠવો (બીજી કોઈ સૂચના નહીં) એમ કહીને નેતરની ગૂંથેલી એક બાસ્કેટ સરકાવી, તેમાં થોકડો ટપાલ હતી. મેં બાસ્કેટમાંથી તે એકી સાથે બહાર કાઢી. બાસ્કેટને નેપકીનથી સાફ કર્યું. પોસ્ટ કાર્ડ, કવર, પરિપત્રો, અરજીઓ વગેરેનું વર્ગીકરણ કર્યું અને થોડાંક છૂટા છાપેલા કાગળો હતા તે માટે પૂછ્યું, 'જ...આ સાથે જ મૂકું ?' 'હા. આ. લાવો. હવે પી. ડી. એનો જવાબ હું લખાઉં તેમ લખો.'

કામકાજ પૂરું થયું. માંડ અર્ધી કલાક થઈ હશે. ગિજુભાઈએ કહ્યું, 'અચ્છા, કાલે સમયસર બંને હાજર થઈ જજો.' મેં પી. ડી.ને સંકેત કર્યો. કે મારો ઇન્ટરવ્યુ તો લીધો નહીં ! આજે જ લઈ લે તો

સારું. ગિજુભાઈએ અમારો ગણગણાટ સાંભળી કહ્યું. 'શું કહો છો બહેન!' હું તો સહેજ હસી. શ્રી. પી. ડી.એ જવાબ આપ્યો. 'કહે છે કે ઇન્ટરવ્યૂ લેવો છે કે પછી? ક્યારે લેશો? આ સાંભળી ગિજુભાઈએ ખડખડાટ હાસ્ય કર્યું. 'અરે! શાંતાબહેન! ઇન્ટરવ્યૂ પણ લેવાઈ ગયો. તમને ૧૦૦માથી ૧૦૦ માર્કસ મળ્યા છે. બેસ્ટ ને!' મારો તો ઉમંગ ક્યાંય માય નહીં.

મનમાં થયું. વાહ! આ તો ભારે સરળતા. અને છેક સુધી આવી જ સરળતાથી અભ્યાસ કર્યો અને ગિજુભાઇના આશીર્વાદ મેળવ્યા.

*

૧૯૩૮ રાજકોટ

દિવાળીની રજાઓ પડતાં પહેલાં એક પ્રવાસનું આયોજન થયું. પૂ. ગિજુભાઈ સાથે પ્રવાસનો આનંદ તો ઓર જ હોય. એ તો જેણે તેમની સાથે પ્રવાસ કર્યો હોય તે જ તેની મજા જાણે.

સૌરાષ્ટ્રની ટુર હતી. ગિરનાર, તુલસીશ્યામ, પ્રભાસ પાટણ વગેરે સ્થળોએ જવાનું નક્કી થયું. ગિજુભાઈની તબિયત નરમ-ગરમ હતી. પરંતુ ઉત્સાહમાં કાંઈ કમી નહી. ગિરનાર પર સવારના છ કલાકે ચડવાનું શરૂ કરવાનું હતું. ૩૫ બહેનોનો કાફલો મારે સંભાળવાનો હતો અને શિવચરણભાઈને ભાઈઓની ટુકડી સાચવવાની હતી, પરંતુ મને એક બહેન માટે મનમાં ભારે મુંઝવણ હતી. તે બહેનને તે અરસામાં ખૂબ ફીટ આવી જતી હતી. ગિજુભાઇને મેં ફરિયાદ કરી. મેં કહ્યું, 'ગિજુભાઈ, ૩૪ બહેનોની જવાબદારી હું રાખીશ, પણ આ ગંગાબહેનનું શું? તેમને લઈ જવા એ તો ભારે જોખમ ભરેલું નથી લાગતું? ક્યાક ખીણમાં ગબડ્યાં તો?' ગિજુભાઈ સસ્મિત મક્કમતાથી બોલ્યા, 'જુઓ શાંતાબહેન, તેમને કશું જ થવાનું નથી આવા માણસોને ત્યારે જ ફીટ આવે જ્યારે કોઈ એનું સતત રક્ષણ કરતું હોય, સંભાળ રાખતું હોય. તેમ તેની જરા પણ ચિન્તા કરશો નહીં. તેને છૂટા મૂકી દેજો. તેનો સાંયલો જ તેમને સંભાળશે. જાઓ નિર્ભયતાથી રહેજો હો! આવીને મને રિપોર્ટ આપજો.'

અને સાથે જ તે બહેન લહેરથી ઉપર ચડ્યાં. કશી જ તકલીફ ન આવી.

ગિજુભાઈ તો મહાન માનસશાસ્ત્રી અને પ્રેમાળ દિલના, તેમની વાણીથી પણ આફત ટળી જાય.

*

અમારી સાથે એક બહેન. નામ જયંતિકાબહેન, મૂળ નામ જેઠીબેન હતાં. તે સમયમાં મંદિરમાં હરિજન પ્રવેશ ન હતો. પ્રભાસ પાટણ ગયાં. જયંતિકાબહેન મંદિરમાં ન આવે. ગિજુભાઈ કહે, 'ચાલો જયંતિકાબહેન.' પણ બહેન તો થર થર ધ્રૂજે, 'હું નો આવું ગિજુભાઈ. તમે બધાં જાવને !' ગિજુભાઈએ પ્રેમથી બંને હાથ મૂક્યો. અરે ચાલો, ચાલો, આજે તો તમારા હાથે જ મહાદેવની પૂજા કરાવવાની છે. પૂજાની થાળી તૈયાર કરી. તે સમયે ભોંયરામાં 'ગુપ્ત સોમનાથ'નું શિવલિંગ હતું, ત્યાં ગયા. અને રીતસર શિવસ્તોત્ર બોલીને ગિજુભાઈએ (બ્રાહ્મણે) પૂજાવિધિ કરાવી, ઝાલરો ઝણઝણી અને જયજયકાર કરાવ્યો.

દાર્શનિક ગિજુભાઈ જાણતા જ હતા કે ભવિષ્યમાં આ રોગ નાબૂદ થવાનો જ છે. તેના પ્રણેતા 'બાપુ'નો ભગીરથ પ્રયત્ન સફળ થવાનો છે. જે બોટું છે તે જવાનું જ છે. સાથે જૂની ઘરેડના લોકોને પણ આ હિંમતભર્યાં પગલાંથી તાજુબી થઈ. સાંજે પ્રાર્થનામાં ગિજુભાઈએ મનનીય ટૂંકું પ્રવચન આપ્યું.

બધાને નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ.

*

'શાંતાબહેન'...'જી' !

'જુઓ આજે બા (જડીબા) આવ્યાં છે. તો કંસાર બનાવો.' (તેઓ એ વખતે બોલી તો શકતા ન હતા. સમજવું અઘરું પડે) કાગળ ઉપર લખીને આપ્યું. હું 'જી' કહીને રસોડામાં ગઈ. શું કરવું ? મેં જડીબાને જ કહ્યું.

'બા, ગિજુભાઈ કંસાર બનાવવાનું કહે છે.'

'હા...મને કંસાર બહુ ભાવેને તેથી જ તેમણે તમને કહ્યું હશે.' કંસાર તો ન બનાવ્યો. મન નારાજ થઈ ગયું. ગિજુભાઈની સત્કારની ભાવના હું સમજતી હતી. છતાં જ્યારે હું ડીશ પીરસીને ગિજુભાઈને જમાડવા ગઈ કે તુરત જ તેમણે પૂછ્યું 'કંસાર બનાવ્યો ?'

ઓટું તો બોલાય શી રીતે? ડોકું નકારમાં ધુણાવ્યું. મીઠો ઠપકો આપતાં કહ્યું, "જાઓ, કંસાર બનાવો. પછી જ હું જમીશ." થોડોક કંસાર બનાવ્યો. ગિજુભાઈને તે બતાવ્યો. તે પછી જ તેમણે આનંદ અને ઉત્સાહથી પરેજીવાળું ભોજન લીધું. શી ઉદાત્ત ભાવના! બીજાની સંભાળ રાખવી, એ તેમના જીવનના ઇન્દ્રધનુષી ઉમદા રંગોમાનો એક હતો.

*

દર્દ વધતું ગયું.

અશક્તિ પણ વધતી ગઈ.

એનીમા આપ્યા પછી થોડાંક કપડાં બગડી જતાં. સહજભાવે તે હું સાફ કરી લેતી. ગિજુભાઈ ચોખ્ખાઈના અત્યંત આગ્રહી હતાં. એકવાર જડીબા મને આગ્રહ કરીને કહે કે, 'શાંતાબહેન, લાવો આજે તો હું કપડાં ધોઈ નાખું.' તો બીજી બાજુ મારો આગ્રહ જારી રહ્યો. ગિજુભાઈ વચમાં પડ્યા. તેમણે જડીબાને કહ્યું, 'જુઓ આ..... (શાંતાબહેન) તો મારી "મા" છે. અને આવા કપડાં તો મા જ ધૂએને!' અને પછી મને ઇશારાથી કહ્યું, 'લઈ જાઓ!' તે દિવસે મને મારા જીવનની ધન્ય ઘડી લાગી. આંખમાં આનંદાશ્રુ સાથે મેં કપડાં ધોયાં.

*

ગિજુભાઈને ભજન અત્યંત પ્રિય. રાજકોટમાં પણ હંમેશાં સાંજની પ્રાર્થના નિયત સમયે શરૂ થતી, સુંદર મજાનાં ભજનો ગવાતાં. તે પછી છેલ્લે ગિજુભાઈ હંમેશાં અમૂલ્ય એવું ચિંતન મનન સંભળાવતા. જાણે કોઈ દૈવી ફરિસ્તાના મુખમાથી સ્ત્ ફૂલડાં ખરતાં. સમુદ્રમંથનમાંથી જેમ કિંમતી રત્નો નીકળેલાં તેમ ગિજુભાઈના જીવનમંથનનો એ નિચોડ વાણી દ્વારા સરી પડતો ત્યારે સહુ સ્તબ્ધ બની સાભળતાં. મને તે વાતો ખૂબ જ ગમતી. તે પછી છેલ્લે ગિજુભાઈ મને ભજન ગાવાનું કહેતા. ગિજુભાઈના સાન્નિધ્યમાં ભજનો ગાવાં એ મારે મન જીવનનો એક લહાવો હતો. એ લહાવો હું ક્યારેય ચૂકી નથી. એ પછી તો ગિજુભાઈની નાદુરસ્ત તબિયતને કારણે તેમની સાથે દેવલાલી–પંચગની જવાનું થયું. ત્યાં પણ નાદુરસ્ત તબિયત હોવા છતાં ગિજુભાઈ હંમેશાં રાતના ભજન સાંભળ્યા પછી જ સૂવાનું રાખતા. અરે, હોસ્પિટલમાં

જ્યારે જ્યારે શાંતિનો સમય મળતો કે તેઓ મને ભજનો ગાવાનું અચૂક કહેતાં.

એકવાર હૉસ્પિટલમાં પિનાકિન ઠાકોર આવ્યા. ગિજુભાઈએ મને અને પિનાકિન ઠાકોરને સાથે પેલું બાલગીત "પે...લા, પેલા ઘૂઘવતા સાગરની માંય." ગાવા કહ્યું, અમે બંનેએ સાથે ગાયું. ગિજુભાઈએ આંખો મીંચી શાંત ભાવે સાંભળ્યા જ કર્યું. જાણે સમાધિ લાગી ગઈ. જ્યારે જ્યારે ગિજુભાઈને શાંતિ, સંતોષ અને પ્રસન્નતા પ્રાપ્ત થતી ત્યારે તેમના મુખ ઉપર મધ જેવું મીઠું હાસ્ય ફરકતું. તે ગીત સાંભળ્યા પછી એવું જ મધમીઠું હાસ્ય જોઈ મને પ્રસન્નતા થઈ. જીવન ધન્ય બની ગયું. તેમના હાસ્ય અને પ્રસન્નતાની પોટલી મેં સાથે બાંધી લીધી.

*

રાજકોટ બાલ અધ્યાપન મંદિર પૂરું થયું. પૂ. ગિજુભાઈની તબિયત સતત નાદુરસ્ત રહેવા લાગી. પૂર્ણ ચેક-અપ પછી ડૉક્ટરે ગિજુભાઈને બે લવની અને ચાલવાની સખત મનાઈ કરી. પરંતુ હજુ પૂર્ણાહુતિનો પ્રસંગ ઊજવવાનો બાકી હતો. ગિજુભાઈએ એક ક્ષણ આંખો મીંચી, ઊંડા ઊતરી, માંયલા સાથે મસલત કરી જાહેર કર્યું કે 'ધૂમ ધામધૂમથી બાલઅધ્યાપન મંદિરની પૂર્ણાહુતિનો પ્રસંગ ઊજવીશું.' ગિજુભાઈ અને તેમના સાથીઓએ અથાગ પરિશ્રમ, ખંત અને ઉમંગથી પૂર્ણાહુતિનો પ્રસંગ પાર પાડ્યો. ઉત્તીર્ણ તાલીમાર્થીઓનાં સર્ટિફિકેટોમાં ખુદ ગિજુભાઈએ સહી કરી.

એ પરિશ્રમની અસર હવે થઈ. ફરી ચેકઅપ કરાવ્યું. ડૉક્ટર અને મિત્રોની સલાહ અનુસાર ગિજુભાઈને સંપૂર્ણ આરામ અને હવાફેર માટે દેવલાલી લઈ જવાનું નક્કી કર્યું. તેમની સાથે સેવા, શુશ્રૂષા, સંભાળ માટે કોણ જાય ? ગિજુભાઈ તો પારખુ હતા. તેમની અને વડીલોની સૂચનાથી ગિજુભાઈની સાથે જવામાં શ્રી. પોપટલાલ ચૂડગર સાહેબ, શ્રી. પી. ડી. અને હું નક્કી થયાં. અમે તેઓને સંભાળપૂર્વક દેવલાલી લઈ ગયાં.

ગિજુભાઈના ઉતારા માટેની સુંદર વ્યવસ્થા તે વખતના ત્યાંના બાલગૃહના આચાર્ય શ્રી જયંતભાઈ ઓઝાએ કરી આપી, દેવલાલીનું સુંદર રળિયામણું વાતાવરણ મનને પ્રફુલ્લિત કરી દે તેવું હતું.

ગિજુભાઈને તે ગમ્યું. તેથી અમને ઘણી રાહત થઈ. મનમાં આશા જન્મી કે હવે ગિજુભાઈને સારું થઈ જશે. તેમના દિલની દઢ તમન્ના હતી કે શેરીએ શેરીએ અને છેલ્લે ઘરે ઘરે બાલમંદિર કરવાં છે એ હવે સારું થતાં સાકાર થશે. પરંતુ હાય રે કુદરત ! ત્રીજે જ દિવસે ગિજુભાઈને ખૂબ તાવ ચડ્યો. તેથી તેઓ ખૂબ અશક્ત થઈ ગયા. પણ માંહ્યલો એવો ને એવો પ્રસન્ન અને તેથી જ મુખ ઉપર એ જ મૃદુ મુસ્કાન. પરંતુ અરે ! તાવ તો ઊતરવાનું નામ જ લેતો ન હતો. દુર્ભાગ્યે શ્રી. ચૂડગર સાહેબ તેમના કોઈ કેસના કામે ગયા હતા. ગિજુભાઈ પાસે ફક્ત હું અને શ્રી પી. ડી. તેમની સાથે રહેવાથી તેમના મનના ભાવો હું વરતી જાતી. તેમના ગમા-અણગમાનો મને પરિચય હતો જ. આથી જ તેમના મુખમાંથી શબ્દો સરે કે કોઈ ઇચ્છા વ્યક્ત કરે તે પહેલાં હું અને શ્રી. પી. ડી. તે કાર્ય તેમની સામે મૂકતા. બહલામાં એ મધુરું સ્મિત. કોઈ અદ્‌ભુત માનવી હતા. આવી નાજુક તબિયત હોવા છતાં ગિજુભાઈ અમારા બંનેની મા જેમ છોકરાવની સંભાળ લ્યે તેમ સંભાળ લેતા. અવાર-નવાર પૂછી લ્યે "બરાબર જમ્યા કે નહીં ?" ત્યારે હૈયું ભરાઈ આવતું. મસ્તક નમી પડતું. દેવલાલીના તે નૈસર્ગિક વાતાવરણે ગિજુભાઈને પ્રફુલ્લિત રાખવા લાખ કોશિશ કરી પરંતુ શરીર દિવસે દિવસે કથળતું ગયું.

એક દિવસ ગિજુભાઈ મને કહે,

'શાંતાબહેન, જુઓને, તમને શું લાગે છે ? આ શરીર ફરી અધૂરાં કામો પૂર્ણ કરવા શક્તિમાન રહેશે ? ઈશ્વરીય સંકેત શું લાગે છે ? મારે તો કામ થઈ શકે તો જ જીવવું છે.' મેં કહ્યું, 'ગિજુભાઈ, તમારે સાજા થવાનું જ છે. જુઓને હવે તો દવા લાગુ પડી જાય તો સારું. આરામ તો પૂરતો મળશે જ. અહીંનાં હવા, પાણી અને વાતાવરણ પણ મજાનાં છે.' પરંતુ ગિજુભાઈએ ડોકું ધુણાવ્યું. કેમ જાણે મનમાં નિશ્ચય થઈ ગયો.

બીજે દિવસે મીટિંગમાં નિર્ણય લેવાયો. પંચગની જવું છે. શ્રી ચૂડગર સાહેબ આવી ગયા. અને કાફલો ઊપડ્યો પંચગની. ત્યાં જતાની સાથે જ તાવ ઊતરી ગયો. તબિયતમાં સુધારો થતો ગયો. સુંદર મજાનું નૈસર્ગિક વાતાવરણ નવાં નવાં પક્ષીઓનો કલશોર અને પરિચય. સફેદ

દૂધ જેવાં વાદળાંઓની સંતાકૂકડી. કોઈ કોઈ વાદળ તો ઓશરીમાં પણ આવે, જ્યાં અલપ-ઝલપ મળી ચાલ્યાં જાય. ગગનની સાથે વાતો કરતાં ઊંચાં વૃક્ષો; રાત પડે આગિયાઓના ઝૂંડ વૃક્ષો ઉપર આતશબાજી ખેલે. બધાંનાં મન પ્રસન્ન થઈ ઊઠ્યાં.

દૂધ માટે તો ગાયોને લઈને ભરવાડ આંગણામાં લાવીને દોહી આપે. ડોક્ટરની સલાહ મુજબ દવા, સારવાર ચાલતી હતી. સાંજે ત્યાંના સેનેટોરિયમના સંચાલક, શ્રી ચૂડગર સાહેબ અને અમે બધાં સરસ મજાની હળવી વાતો કરીને આનંદ માણતાં હતાં. હવે તો બધાંને કોઠે શાંતિ થઈ ગઈ. આખું અઠવાડિયું વીત્યું. મારા તો હર્ષનો કોઈ પાર ન હોતો.

ગિજુભાઈ કહેતા, 'જુઓ પી. ડી. ૪૦ અરજીઓ આવી ગઈ છે અને આવતી રહે છે. આપણને તો આ સ્થળ ખૂબ પસંદ છે. આપણે આ વખતનું બાલ અધ્યાપન મંદિર અહીં જ રાખીશું. ભાઈઓના ગૃહપતિ તમે અને બહેનોના શાંતાબહેન. વિદ્યાર્થીઓને પણ જીવનનો લહાવો મળી જાય તેવું અનોખું અધ્યાપનમંદિર ચલાવીશું.' આવી ઘણીય મજાની વાતો કરી લેતાં.

અમારી વાતો સાંભળીને વિધાતાને પણ હસવું આવતું હશે કે 'હે માનવીઓ! તમે જે રમણાઓ રચો છો, તેમાં મેં મહોર મારી નથી. ભારતના બાલ દેવોનું ભાવિ કંઈક જુદું જ છે.' અને અઠવાડિયા પછી અચાનક એક રાતે પેરેલિસિસનો જીવલેણ હુમલો થયો. બધાંનાં હોશકોશ ઊડી ગયા. બધાં સજાગ થઈ ગયાં. મનમાં તો દુઃખનો પાર નહીં. પણ હિંમતથી સામનો કરવાની ઝુંબેશ ઉપાડી. તાર અને ટેલિફોનની ઘંટડીઓ રણકવા લાગી.

શ્રી ચૂડગર સાહેબ, જડીબા, બચુભાઈ, દામુકાકા, વિનુકાકા, ચંદુભાઈ, જુગતરામ દાદા, વિમુબેનના બાપુજી વગેરેને ૨૦ જેટલા તાર કર્યા. ટપોટપ બધાં આવવા લાગ્યાં. ગિજુભાઈની વિકટ સ્થિતિ જોઈને બધાંનાં હૈયાંને ઠેસ લાગી. અને તાત્કાલિક બોમ્બે હરકિશનદાસ હોસ્પિટલમાં લઈ જવાની પેરવી થવા માંડી. ગિજુભાઈની તો સખ્ત શબ્દોમાં ના, ના, અને ના જ હતી. સુંદર મજાના નૈસર્ગિક વાતાવરણમાં જ તેમને રહેવું હતું. જે થવાનું હોય તે અહીં જ ખુશીથી

થાય. તેવું તે ઇચ્છતા હતા. પરંતુ બધા શુભ ઇચ્છનારા કાંઈ માને? ગિજુભાઈને મુંબઈ લઈ જવાયા. ફેર માત્ર એટલો જ કે પંચગનીમાં ગિજુભાઈને પક્ષીઓ અને કુદરતના નજારા જે આત્માને આનંદ આપતા હતા તેને બદલે તદ્દન ભિન્ન વાતાવરણ અને મનુષ્યના ભેજામાંથી નીકળેલો પ્રવાહ હવે શરીર ઉપર તૂટી પડ્યો. જીવન અને મૃત્યુ વચ્ચે ભીષણ યુદ્ધ શરૂ થયું. પરિણામ તો ઈશ્વરે નિર્મિત કર્યું હતું તે જ આવ્યું.

---

૨૭. મીઠાં સ્મરણો...

ફૂ. શાન્તાબહેન ચૂડગર

સને ૧૯૩૮–૩૯ના વર્ષમાં રાજકોટ મુકામે ગિજુભાઈનું છેલ્લું બાલ અધ્યાપન મંદિર શરૂ થયું. આ અધ્યાપન મંદિર શરૂ કરાવનાર હતા ગિજુભાઈના પરમ મિત્રો સ્વ મુ. ચૂડગર સાહેબ તથા સ્વ. મુ. તલકશીભાઈ દોશી.

ઉત્તર પ્રદેશ, કાઠિયાવાડ તથા ગુજરાતના ખૂણે ખૂણેથી દોઢસો જેટલાં ભાઈ બહેનો ભવિષ્યની ઊગતી પેઢીના સુકાની બનવાની તાલીમ લેવા આવી પહોંચ્યા હતાં.

રાજકોટના જગનાથ મંદિરના પ્લોટમાં 'સેવા ફલમ્', 'વિનોદ વિલા' અને બીજા બે બંગલા–આ ચાર બંગલા અમારાં મંદિરો બની ગયા હતાં. આ મંદિરની હું પહેલી વિદ્યાર્થીની હતી. મારો નંબર પહેલો હતો.

વહેલી સવારે પાંચ વાગે ઘંટ વાગતો. ઊઠીને, નિત્યક્રમથી પરવારી અમે દોઢસો ભાઈ–બહેનો ઉલ્લાસમય વાતાવરણમાં ગુરુજી પાસે દોડી જતાં. શાંત અને સુંદર વાતાવરણમાં પ્રાર્થના થતી અને ગિજુભાઈની વાણી સંભળાતી : "તમારું ભેજું વાપરો."

અમે શુદ્ધ ખાદી પહેરતાં અને ગુરુજી પાસેથી બાલશિક્ષણ ઉપરાંત જીવનશિક્ષણ પણ મેળવતાં. ગુરુજી સ્વાવલંબનના આગ્રહી હતા. તાલીમાર્થીઓ જાતે સફાઈ કરે, જાતે વાસણ માંજે તથા જાતે કપડાં ધૂએ એ પ્રકારનું તેમનું જીવનશિક્ષણ હતું.

હું બાલ અધ્યાપન મંદિરમાં 'બાલશિક્ષણ' શીખવા દાખલ થઈ હતી. સાથે સાથે મારા પિતાજી (પોપટલાલ ચૂડગર) એ મારામાં સ્વાવલંબનની ભાવના કેળવવા મને છાત્રાલયમાં દાખલ કરી હતી.

રાજકોટમાં મારા પિતાજીનો બંગલો હતો. નોકર–ચાકર હતા. એ બધા વચ્ચે હું લાડકોડથી ઊછરી હતી. કામ માટે નોકરો છે, આપણે શા માટે કામ કરવું જોઈએ? એમ હું માનતી હતી. એટલે મારા ભાગે

આવતાં સફાઈ વગેરેનાં કામો હું મારી રૂમની બહેનો પાસે કરાવતી અને કપડાં ધોવા માટે ડ્રાઈવર સાથે મારે બંગલે મોકલી દેતી. બાદીનાં જાડાં કપડાં તથા હાથે કરવાના કામની મને ભારે નફરત હતી.

મારી આવી પ્રવૃત્તિ એ છાત્રાલયના નિયમભંગ સમાન હતી. અને મારી આ નાફરમાનીની વાત કોઈક રીતે પણ ગિજુભાઈના કાન સુધી પહોંચી ગઈ!

સવારનો સમય હતો. કસરત, આસનો વગેરે પતાવી હું રૂમ ઉપર જતી હતી, ત્યાં ગૃહમાતાએ આદેશ આપ્યો : 'ગિજુભાઈ તમને બોલાવે છે.' મને ? અત્યારમાં ? શા માટે ? વ. પ્રશ્નો મેં કર્યા...હું સેવાફલમ્‌માં (ગિજુભાઈ રહેતા હતા ત્યાં) દોડી ગઈ. ગુરુજી ખુશ ખુશાલ હતા. મને સુંદર પ્રેમભર્યો આવકાર મળ્યો. હું ખુશી થઈ ગઈ. મારો કાંઈ વાંક નથી એમ માની રાહતનો દમ ખેંચ્યો.

થોડીવાર પછી સ્મિત સાથે ગિજુભાઈ બોલ્યા : 'ચાહ પીવી છે ને ?'

મેં કહ્યું : 'તમે પીશો ?'

જવાબ મળ્યો : 'હું તો પીતો નથી.'

'કેમ ?'

'ચાહ કાંઈ સારી વસ્તુ છે ? તમે પીવો છો ?'

'હા'

'ન પીવો તો ?'

મેં જવાબ દીધો નહીં પણ મનોમન પ્રતિજ્ઞા કરી કે આજથી ચા પીવી નહીં.

આજ વર્ષો થયા મેં ચાહ પીધી નથી અને ચાખી પણ નથી. આ છે ગુરુજીનાં પ્રેમાળ વાક્યોનો પ્રભાવ.

આજે હું પણ બાલમંદિરના બાળકોને કહું છું :

'ચાહ પીવાય ? હું નથી પીતી...' અને બીજે જ દિવસથી બાળકો ચાહ ન પીવાની પ્રતિજ્ઞા લે છે.

ખરા ત્યાગનો મહિમા ગુરુજીએ પ્રેમથી બતાવ્યો.

થોડીવાર શાંતિ પછી ગિજુભાઈએ મને ખૂબ શાંતિથી કહ્યું : 'શાંતા, મારાં બે કપડાં તને ધોવાં આપવાનાં છે, ધોઈ આપીશને ?'

તરત જ મેં કહ્યું : 'અરે ગિજુભાઈ ! મારાં કપડાં પણ હું ધોતી નથી ત્યાં તમારા તો શું કામ ધોઈ આપું ? ધોબી પાસે ધોવરાવોને ?'

મારા ઘેર મોકલી દઉં ?'

જવાબ મળ્યો : મારા કપડાં તો તારે જ ધોઈ આપવાં પડશે.' ગિજુભાઈની આજ્ઞામાં ભારોભાર પ્રેમ ભર્યો હતો.

અધ્યાપન મંદિરમાં હું સૌથી નાની હતી. નાની હતી અને લાડ-કોડમાં ઊછરી હતી એટલે બધા મને ખૂબ સાચવતા. પણ ગુરુજીના દિલમાં તો જુદી જ ઈચ્છા હતી. તેઓ તો મને ઘડવા માંગતા હતા. ભવિષ્યની એક બાલશિક્ષિકામાં સ્વાવલંબનના પાઠો સંક્રાન્ત કરવા માગતા હતા. બાલશિક્ષિકા પાંગળી અને પરાવલંબી રહે તો કેમ ચાલે ?

અને એ જીવન ઘડતરના ભાગ રૂપે જ ગિજુભાઈનો આદેશ હતો : 'મારાં કપડાં તમારે ધોઈ દેવા પડશે. મને તમારા ધોયેલાં કપડાં પહેરવાં બહુ ગમે...ગુરુનું કામ કરશોને ?'

મા પણ ન કહે તેવાં મીઠાં વાક્યોથી હું વશ થઈ ગઈ. મારો અહંકાર ઓગળી ગયો. મોટાઈ ઓસરી ગઈ. ગિજુભાઈનાં કપડાં ધોવા લાગી ગઈ ! ગુરુનાં કપડાં ધોયાંનો અનેરો આનંદ અનુભવ્યો. સાથે સાથે મારાં કપડાં પણ મેં હાથે ધોયાં. જરા પણ થાક ન લાગ્યો. પણ એક પ્રકારની ધન્યતા અનુભવી, ગૌરવ અનુભવ્યું.

અને ત્યાર પછી મારાં બધાં જ કામોમાં સ્વાવલંબન શરૂ થયું અને બાલશિક્ષણ સાથે સાથે સાચું જીવનશિક્ષણ પણ મેળવવા લાગી.

સોળ વર્ષની ઉંમરે શરૂ થયેલું જીવન શિક્ષણ આજે સાઠ વર્ષની ઉંમરે પણ સહજ અને આનંદદાયક બની ગયું છે તેના યશભાગી છે ગુરુ ગિજુભાઈ.

---

૨૮. કેટલાંક સંસ્મરણો

નાલનીબહેન પાઠક

ગિજુભાઈનાં કેટલાંક સ્મરણો મેં અન્યત્ર લખેલાં છે. એમના અવસાન સમયે મારી વય ચૌદેક વર્ષની હતી. એટલે એમની પાસેથી પ્રત્યક્ષ જીવનના પાઠો જે મળ્યા તે મોટી વયે વ્યવસ્થિત સ્વરૂપ ધારણ કરીને મારા જીવનને ઘડનાર બન્યા. તે સમયે કદાચ એ પ્રસંગોનું મહત્ત્વ પણ પૂરું નહીં સમજાયું હોય. પરંતુ ઘરમાં, અમ બાળકો સાથેની તેમની રોજબરોજની વાતો અને વર્તન એમાંથી આપોઆપ જ અમારું ઘડતર થયું, અમને કેળવણી મળી.

ગિજુભાઈનાં બાળકોને સ્વતંત્ર રીતે ખીલવા દેવાના સિદ્ધાંતને અનુરૂપ અમને સંપૂર્ણ સ્વાતંત્ર્ય મળ્યું હતું. તે સ્વાતંત્ર્ય છતાં આપમેળે જ જીવન વ્યવહારમાં શિસ્ત પણ આવી હતી. એ શિસ્ત પણ શીખવવાની જરૂર પડી ન હતી, પણ ગિજુભાઈનાં દૈનિક જીવનમાં જે શિસ્ત જોઈ-અનુભવી, એમાંથી અમે શીખ્યાં. શિસ્ત વિશે કદી ભાષણ સાંભળવું પડ્યું ન હતું.

અમને બધી જ રીતની સ્વતંત્રતા હતી. જે ગમે તે શીખવાની અને કરવાની છૂટ હતી. મને યાદ છે કે એ સમયે આ ઘરમાં મારી એક નાનકડી ઓરડી હતી. તે 'ટીકુની ઓરડી' જ કહેવાતી. ત્યાં જ મારાં અભ્યાસનાં પુસ્તકો, શોખની વસ્તુઓ — ટૂંકમાં બધો જ પથારો રહેતો. તેની બરોબર સામેની ઓરડી ગિજુભાઈની હતી. ગિજુભાઈ પોતાની ઓરડી પોતે જ સ્વચ્છ અને વ્યવસ્થિત રાખતા. એમના પ્રત્યક્ષ ઉદાહરણથી હું પણ બધું જાતે કરી શકું છું એવા ગર્વથી એ ઓરડી સાફસૂફ કરતી, મને ગમે તે રીતે ગોઠવતી અને શણગારતી. ગિજુભાઈની વ્યવસ્થિતતા જેટલી જ મારી પણ વ્યવસ્થા શક્તિ કેળવાતી અને ઓરડીમાં દરેક વસ્તુ સ્વસ્થાને રહેતી. ચિત્રકામ અને કાતરકામના કાગળો જુદી જુદી પેટીઓમાં રહેતા. અભ્યાસનાં પુસ્તકો, નાનું ટેબલ,

ખુરસી અને નાનું કબાટ હંમેશાં લૂછીને હું સાફ રાખતી. મારી ઓરડીની ભીંતો પર જે ચિત્રો મને ગમે તેને કાચમાં મઢાવીને લટકાવતી. એમાં દિવાળીનાં કાર્ડો કે જૂનાં માસિકોમાંથી ગમી ગએલાં ચિત્રો કાપીને લીધેલાં રહેતાં.

મને યાદ છે કે એક વખતે મને શ્રી કૃષ્ણના ચિત્રોનું ઘેલું લાગ્યું હતું. શાથી તે ખબર નથી, પણ કૃષ્ણનું, માથે મોરપીંછ હાથમાં મુરલી અને એ મેઘશ્યામ સ્વરૂપ મને ખૂબ આકર્ષતું. સૌથી વધારે બાલકૃષ્ણનાં ચિત્રો અત્યંત પ્રિય હતા. અમારા ઘરમાં તો કોઈ જાતનો ધર્મ પળાતો કે શીખવાતો ન હતો. એટલે ધાર્મિક ભાવના તેની પાછળ ન હતી. પણ એક પ્રકારની સૌન્દર્ય દૃષ્ટિથી જેમ અન્ય સુંદર ચિત્રો મેં ગોઠવેલાં તેમ જ એ સમય મારી ઓરડી કૃષ્ણના વિવિધ સુંદર ચિત્રોથી ભરાઈ ગઈ હતી. આ બધું માત્ર એક શોખ, એક સૌન્દર્ય પ્રેમને કારણે જ થાય છે એ ગિજુભાઈ તો બરોબર સમજતા જ હશે. તેથી મને કદી તેઓએ રોકી તો ન હતી, કે ન તો કોઈ વખત ધર્મ વિશે — આસ્તિકતા વિશે કશું સમજાવવા કોશિશ કરી હતી. 'ઓરડીનો શણગાર સરસ છે.' એવો જ તેમનો પ્રોત્સાહિત કરનારો અભિગમ રહેતો. જેમ બીજા શોખની પ્રવૃત્તિ સમય જતાં બદલાઈને નવી આવતી, તેમજ આ 'કૃષ્ણભક્તિ'નો શોખ પણ પૂરો થશે, એવી તેમને ખાતરી હશે. મારા સ્વભાવના અને માનસશાસ્ત્રના જાણકાર તરીકે તેઓને એ ખ્યાલ હોય જ. "સુશીલાને પત્રો" નામના પુસ્તકમાંના એક પત્રમાં તેમણે મજાકમાં એમ પણ લખ્યું છે કે "ટીકુ તો વૈષ્ણવ છે." ખરેખર, આ 'કૃષ્ણભક્તિ' પસાર થતા સમય સાથે કયારે ગઈ તે પણ મને ખબર ન પડી. ગિજુભાઈને છેલ્લાં વર્ષોમાં ધર્મના અભ્યાસની ઝંખના જાગી હતી અને તેઓએ વિવિધ ધર્મોનાં પુસ્તકો ઘરમાં રાખીને અભ્યાસ કર્યો હતો. ગીતા, કુરાન અને બાઈબલ તો આજે પણ ઘરમાં છે.

મારા બાળપણમાં ગિજુભાઈ પાસેથી હું જે પ્રત્યક્ષ રીતે અનુભવીને શીખી તેનો ઉપયોગ મારા જીવનમાં થયો જ. ત્યારબાદ તેમનાં પુસ્તકોમાંથી પણ મને ઘણું શીખવાનું મળ્યું. મારા બાળકોને આવી જ શિસ્તબદ્ધ સ્વતંત્રતામાં ઉછેરવા મેં પ્રયત્ન કર્યો. હાલમાં ઘણી વાર જોવા—સાંભળવા મળે છે કે ઘણા બુદ્ધિશાળી બાળકોને પોતાનાં માતા-પિતાની આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે પોતાને જેનું ખાસ આકર્ષણ

નથી તેવા અભ્યાસમાં જોડાવું પડે છે. તેઓ સફળ ડોક્ટર કે ઇજનેર બને તો છે જ. પણ કોઈવાર 'મારે તો ચિત્રકાર બનવું હતું,' અથવા તો 'હું તો હવે બધું છોડીને સંગીતની સાધનાનો મારો શોખ પૂરો કરીશ' એવું સાંભળવા મળે છે. મને પણ મારાં બાળકો અમુક શીખે, અમુક બને તેવી આકાંક્ષા હતી છતા એમની ઇચ્છાને માન આપીને તેમને ગમતું શિક્ષણ લેવા દીધું.

અભ્યાસ તો મોટી બાબત થઈ, પણ નાની નાની બાબતોમાં પણ અમારું જ ગમતું કરાવવા કદી પ્રયત્ન કર્યો નથી અને તેથી જ ગમતું કરાવવા કદી પ્રયત્ન કર્યો નથી. અને તેથી જ બન્ને બાળકો પોતાની રીતે આગળ વધી પોતાનું વ્યક્તિત્વ સારી રીતે ઘડી શક્યા હશે.

મેં શિક્ષકનો જ વ્યવસાય સ્વીકાર્યો હતો, અને એક જ શાળામાં ૩૦ વર્ષ કાર્ય કર્યું. તે શાળા આમ તો શિક્ષણખાતાના નિયમોના બંધનમાં રહીને જ ચાલતી હતી, છતાં જ્યાં શક્ય હતું તેવી કેટલીક બાબતોમાં ગિજુભાઈના શિક્ષણપ્રયોગોને પ્રત્યક્ષ કરવાનો મોકો મળ્યો તે મેં લીધો છે.

અંગ્રેજી, ગુજરાતી અને ઇતિહાસ એ મારા ખાસ વિષયો હતા. ગુજરાતી સાહિત્યમાં કાવ્ય શિક્ષણમાં કાવ્યગાન જરૂરી છે. શક્ય હોય ત્યાં; અથવા લયબદ્ધ કાવ્ય પઠન–એ દ્વારા જ કાવ્યનું રસગ્રહણ થવું જોઈએ, તેની સમજણ ગદ્યની જેમ ન અપાય, એ શિક્ષણના સિદ્ધાંતોમાંથી આજે જાણવા મળે છે. પણ ગિજુભાઈના બાલમંદિરમાં ચાલતી પદ્ધતિથી એ વસ્તુ અનાયાસે, અજાણતાં જ આત્મસાત થએલી હતી, એનો અનુભવ મેં શાળામાં કાવ્યો શીખવવા માંડ્યાં ત્યારે જ થયો. કાવ્યની વાત કરતાં કાવ્યગાનનું ગિજુભાઈ માટે કેટલું મહત્ત્વ હતું તેનો એક પ્રસંગ યાદ આવે છે. ત્યારે હું ૮/૯ વર્ષની હોઈશ. શ્રી સોમાભાઈ ભાવસાર એ સમયે હંમેશાં સાંજે ગિજુભાઈ પાસે લખવા માટે આવતા. એક દિવસ તેઓ આવ્યા ત્યારે હું ગિજુભાઈ પાસે વાર્તાની માગણી કરતી બેઠી હતી. શ્રી ભાવસાર સારું ગાઈ શકતા હતા. ગિજુભાઈએ કહ્યું, 'આ ભાવસાર કૈંક સંભળાવે ! સોમાભાઈ બાલમંદિરમાં સંગીતના સમયમાં ગીતો ગાતા. પણ મેં કહ્યું કે, 'સોમાભાઈ કૈંક નવું ગીત સંભળાવો.' ત્યારે ગિજુભાઈ કહે,–'સોમાભાઈ, તમે તો

કવિ થઈ શકો તેમ છો. ચાલો, એક નવું બાલગીત બનાવી કાઢો.” અને ખરેખર એ પ્રેરણા મળતાં શ્રી. સોમાભાઈએ એ જ સમયે અમારી સામે બેસીને ‘એક પતંગિયાનું બાલકાવ્ય બનાવ્યું અને ગાઈ પણ સંભળાવ્યું. અને પછી તો તેમનું કાવ્ય સર્જન ચાલ્યું. “સોમાભાઈનાં કાવ્યો” સહિત બીજી બાલકાવ્યોની પુસ્તિકાઓ પણ પ્રસિદ્ધ થઈ. પણ આ તે થોડી આડવાત થઈ. મારાં શિક્ષણકાર્ય દરમ્યાન મને પણ જ્યારે તક મળી ત્યારે કાવ્યગાનનો ઉપયોગ કરીને જ મેં કાવ્યો શીખવ્યાં.

ગુજરાતીના વિષયમાં નિબંધ લેખન એક અગત્યનો વિભાગ છે. વિવિધ પ્રકારના વિષયો પર વિદ્યાર્થીઓએ નિબંધો લખવાના હોય છે. દરેક પ્રકાર માટેની વિવિધ શૈલીની રજૂઆત વિદ્યાર્થીઓ સમક્ષ કરવાની હોય છે. તેમાં જ્યારે ‘આત્મકથા’નો વિષય હોય ત્યારે ગિજુભાઈનાં ૮૦ પુસ્તકોમાંની ‘કબાટ’ પુસ્તિકા મારી નજર સમક્ષ રહેતી. મારી માન્યતા કહું તો આત્મકથનનો એ એક ઉત્તમ નમૂનો છે. એ નજર સમક્ષ રાખીને નિબંધના મુદ્દાની ચર્ચા ન કરતાં પ્રથમ તો એ જ શૈલીમાં એકાદ નમૂનો મૌખિક નિબંધનો રજૂ કરતી. તે પ્રથમ શૈલી અને પછી જ મુદ્દાઓની ચર્ચા. અને એ શૈલી —‘કબાટ’માં રજૂ થએલી, એટલી તો આકર્ષક છે કે વિદ્યાર્થીઓને આત્મકથાનું લેખન પ્રિય થઈ પડતું. સ્વતંત્ર કલ્પના અને વર્ણનનો તેમાં ખૂબ જ અવકાશ રહેતો.

વ્યાકરણને હંમેશાં કંટાળાભરેલો વિષય માનવામાં આવે છે. વિદ્યાર્થીઓ કંટાળે અને તેથી શિક્ષક કંટાળે. પણ ગિજુભાઈના વ્યાકરણ વિશેના પ્રયોગો (જે તેમણે ‘દિવાસ્વપ્ન’માં વર્ણવેલા છે અને જેમાંથી મેં ગ્રહણ કરેલા છે તે) ને મેં પ્રત્યક્ષ વ્યાકરણ શિક્ષણમાં મૂકીને તેનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો છે. નામ, વિશેષણ અને વિવિધ કાળની સમજણમાં પણ ગિજુભાઈના પ્રયોગો અનુસરીને સમયાનુચિત ફેરફારો સહિત ઉપયોગમાં લીધા છે અને તેને પરિણામે વ્યાકરણ વિષયને પણ ગમતો વિષય બનાવ્યો છે, વિદ્યાર્થીઓ કંટાળાથી નહીં પણ હોંશથી શીખ્યા છે.

ઇતિહાસ વિષયનું શિક્ષણ એ પણ કંટાળાજનક બની શકે. પણ તેને પણ ગિજુભાઈની વાર્તા પદ્ધતિ અપનાવીને શીખવવાનો મેં પ્રયત્ન કર્યો હતો. એક જ પ્રસંગ રજૂ કરીશ. આ પ્રયોગમાં વાર્તા કથન મુખ્ય

હતું. (અલબત્ત, આજની શિક્ષણ પદ્ધતિના અભ્યાસક્રમ અને નિયમોના બંધનમાં રહીને આ પ્રયત્ન કર્યો હતો.) વાર્તામાં પ્રસંગો અને સાલવારી પણ ગૂંથાઈ જતી હતી, તેનું મહત્ત્વ પણ સમજાતું અને યાદ રહેતું. ૭ મી શ્રેણીમાં લોર્ડ કલાઈવે કેવી કુટિલ નીતિ અપનાવીને બંગાળ કબજે કર્યું તેની વાત ચાલતી હતી. વિદ્યાર્થીકાળમાં દક્ષિણામૂર્તિના રાષ્ટ્રીય વાતાવરણમાં મારું ઘડતર થયું હતું અને ઈ. સ. ૧૯૪૨ ની લડતનો રંગ પણ થોડો લાગ્યો હતો. આથી મારા વિદ્યાર્થીઓ, જેમણે ભારતની ગુલામી અનુભવી ન હતી તેમને એ સમયનો ખ્યાલ બરોબર આવે એ હેતુ આપોઆપ મારા શિક્ષણમાં આવી જતો. કલાઈવનું પ્રકરણ પૂરું થયું. વર્ગમાં પુસ્તક ખોલીને વાંચવાનું હોય જ નહીં, પણ પ્રશ્નોત્તરીની ચર્ચા કરતાં એક વિદ્યાર્થીના પુસ્તકમાં જોયું તો લોર્ડ કલાઈવનું ચિત્ર પેન્સિલથી કાળું મેશ કરેલું દેખાયું. તેને એ વિશે પૂછ્યું તો કહે, 'એવા દુષ્ટોને તો આવું જ કરવું જોઈએ.' એ ભાવનાશીલ વિદ્યાર્થીને વાર્તાના રસમાં સરી જતાં એ પણ ખ્યાલ ન રહ્યો કે એ જમાનો કયારનો વીતી ગયો છે. આમ 'દિવાસ્વપ્ન'નો ઇતિહાસ શિક્ષણનો પ્રયોગ મારે મતે તો સંપૂર્ણ સફળ થયો. આમાં મારા સંતોષ અને ગર્વની વાત તો એ જ છે કે ગિજુભાઈની કલ્પનાના પ્રયોગોને મૂર્ત કરવાનો મને લહાવો મળ્યો. એ રીતે 'દિવાસ્વપ્ન' સ્વપ્ન ન રહેતાં પ્રત્યક્ષ હકીકત બની શકી.

ગિજુભાઈના શિક્ષણ સાહિત્યના અભ્યાસ વડે મેં મારા શિક્ષક-જીવનમાં સંતોષ સાથે સફળતા મેળવી. હજુ ઘણું લખી શકાય—સ્મરણો ઘણાં છે, પણ હવે અહીં જ વિરમું.

---

૨૯. ગિજુભાઇ

હીરાલાલ અ. શાહ

આફ્રિકામાં કેટલાંક વર્ષો રહ્યા પછી હિન્દમાં વકીલાત કરવા ધારેલી. પરન્તુ થોડા વખત પછી તે છોડી કોઇ મંગળ ચોઘડિયે ગિજુભાઇ ભાવનગર દક્ષિણામૂર્તિ ભવનમાં વીસ વર્ષની સેવા માટે જોડાયા. તે સમયે તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહિ કે બાળક્ષેત્રમાં તેમને ભાવિ ખેંચી જશે ! પોતાનાં બાળકોનો પ્રેમ તેમને મેડમ મોન્ટીસોરીના ગ્રન્થ તરફ લઇ ગયો–અને ત્યાંથી તણખા ઝર્યા. તેમને મોન્ટીસોરી સિદ્ધાંતનું અપૂર્વ મહત્ત્વ પ્રતીત થયું અને તેમની નજર ચોપડી પરથી આસપાસનાંવાતાવરણમાં ઘૂમવા લાગી. તેમની ઉગ્ર પ્રકૃતિમાં પ્રથમ દર્શને વખત જતાં માબાપો બાળવર્ગનાં દુશ્મન લાગ્યાં. તે વખતનાં તેમનાં વિચારો, લખાણો અને ભાષણોમાં માબાપોની ક્ષતિ માટે ખૂબ આકરાં વિશેષણો છે. માબાપો જમાનાની અસરોથી ઘડાયેલાં છે તે વસ્તુ તેમને પ્રતીત થતાં કેટલીક સૌમ્યતા આવી અને આકરાં વિશેષણો હળવાં થયાં; પરન્તુ તે સાથે તેમની મહેનતોનું ક્ષેત્ર વધી ગયું. જૂની અસરો તોડવા કટિબદ્ધ થયા અને પોતાનું જ્ઞાન અભ્યાસ અને ચાલુ વાતાવરણમાં દૃષ્ટિપાતથી થતા પોતાનાં અનુભવજન્ય મનનો તેમનાં દરેક પગલાંમાં પ્રેરક બન્યાં.

આફ્રિકાનાં સ્મરણોમાં એક કવિતા તેમની રચેલી હતી તે ઘણું-ખરૂં "વસન્ત" માં પ્રગટ થયેલી, "જ્યાં યુગાન્ડા સરને કિનારે" તેવી કંઈક પંક્તિ મને હજી પણ યાદ છે. અહીં ગિજુભાઈનો પ્રથમ પરિચય ગણું. પછી બીજું દર્શન ભાવનગરમાં ગણું. એક જૂના ઘરમાં માબાપો પર ઊભરાઈ જતા ગુસ્સાવાળા ગિજુભાઈને પહેલીવાર મળ્યો અને પછી દક્ષિણામૂર્તિની ભૂમિકા પર પરિચય વધતો ચાલ્યો જેનો મને અમૂલ્ય લાભ મળ્યો છે. તેમનાં આક્ષેપક વચ્ચેનો પાછળ બાળહિત માટેનું તારતમ્ય હતું તે પર મારું લક્ષ્ય રહેતું એટલે તેમના ગુસ્સાનો ચેપ કે તે માટેનો અણગમો મને લાગતો નહિ; પરંતુ શું શું કરવું

જોઈએ ને થવું જોઈએ તે કર્તવ્ય માટેના વિચારો અને ચર્ચામાં અમે નજદિક આવતા ગયા.

ભાવનગરના દક્ષિણામૂર્તિ છાત્રાલયની દવાખાના માટેની ઓરડી બાલમંદિર બની ગઈ અને ત્યાં મને ગિજુભાઈનું અને તેમના (મોન્ટી-સોરી) સિદ્ધાંતોનું ખરું દર્શન થયું. થોડા જ વખતમાં ભાવનગરના બાલમંદિરમાં અમારા પરિચયો રોજના કલાકોના કલાકોને હિસાબે વધતા ગયા અને પરમાત્માનો સંકેત હશે એટલે સ્વ. હરગોવિંદ પંડ્યા તથા નાનાભાઈના પ્રયાસથી ગિજુભાઈના મનોરથોને યોગ્ય ભૂમિકાવાળું બાલમંદિર પ્રકટ થયું. સર પટ્ટણી અને પૂ. કસ્તુરબા ગાંધી તેમાં સાક્ષીભૂત થયાં. બાલચૈતન્યનો પ્રથમ પરિચય વૈષ્ણવધર્મના આચાર્યોને અનુયાયીને થયો ગણાય. તેમની કથામાં યશોદામાતાને બાળગોપાળના મુખમાં વિશ્વ દર્શન થયું અને બાળવિભૂતિનાં ગુણવાન થયાં. ગિજુભાઈને બાલચૈતન્યની પ્રતીતિ બાળજીવનના વિકસતા અંગે અંગમાં થઈ અને પુરુષ અને સમાજ જેટલું જ વ્યક્તિત્વ પ્રત્યેક બાળકમાં તેમને દેખાયું. બાળસૃષ્ટિમાં ગિજુભાઈ પાસેથી બધી મર્યાદા હઠી ગઈ. આસપાસના વાતાવરણમાં જે મર્યાદા હતી તે તોડવાનો અને બાળસ્વરૂપને પૂર્ણપણે વિકસાવવાનો ગિજુભાઈનો ભગીરથ પ્રયત્ન શરૂ થયો. નાનાભાઈની ઝોળી છલકતી હતી અને તેમાં ઘણા ઘણા હાથ પડતા. ગિજુભાઈનો હાથ પણ તેનો લાભ લેવા લંબાતો રહ્યો. નાનાભાઈ જેટલો અવકાશ આપે તેથી એક હાથ આગળ ગિજુભાઈ વધી ગયા હોય. બીજે વર્ષે નાનાભાઈ ત્યાં સુધી પહોંચે ત્યાં બાળકો માટે નવું કર્તવ્ય ગિજુભાઈને તેથી પણ આગળ દોરી ગયું હોય. આ વીસ વર્ષોનો ઇતિહાસ નાનાભાઈ તરફથી સિંચનનો અને તેથી આગળ ને આગળ વધવા જતા ગિજુભાઈની વૃદ્ધિ સાથે બાલચૈતન્ય વિકસાવવાના ક્ષેત્રમાં ગિજુભાઈના અપ્રતિમ ફાળાનો ઇતિહાસ છે.

બાળકો માટે સરસ જગ્યા હોય પછી સારાં ચિત્રો ને રંગબેરંગી કળાના નમૂના જોઈએ. સર્વ સાધનસંપન્ન વાતાવરણમાં સ્વયંસ્ફૂર્તિને પૂરો અવકાશ દેવાતો. થોડુંક મળ્યું એટલે બાળકોને યોગ્ય પુસ્તકાલયની જરૂર લાગી. તે તૈયાર કયાંથી હોય ? મોટા ફિત્તાથી લખી બાળ પુસ્તકો તૈયાર કર્યાં ને તે બાલમંદિરનાં બાળકો સો સો વાર વાંચી ગયાં !

સિદ્ધ થયેલું કાર્ય તુરત જ પ્રેસમાં ગયું ને તે ક્રમે બાળપુસ્તકોનો ભંડાર પ્રકટ થયો. બાળકોનો સંસર્ગ એટલે બાળકોના મનોરથો (જેને માટે ગિજુભાઈની દૃષ્ટિમાં કશી મર્યાદા રહી જ નહોતી) નો સંસર્ગ : અને તે માટે તેમનાં માબાપોનો, શેરીનો, વાતાવરણનો, શિક્ષકોનો, બાળશાસ્ત્રીઓ અને તેમનાં પુસ્તકોનો, બાળકોનાં બાળકોનાં બાળ મિત્રોનો અને તે મૈત્રી પશુ, પક્ષી, ફૂલ, ઝાડ પાન ઈ. વિવિધ દિશામાં જતાં ગિજુભાઈની દૃષ્ટિમર્યાદાને પરિચયમાં તે સર્વનો સંસર્ગ આવતો ગયો. દરેક સંસર્ગના પરિણામે સર્વદેશીય સુધારાને વિકાસને માર્ગે ગિજુભાઈની બાળદુનિયા વધી અને "મોન્ટીસોરી સંઘ" આગળ વધ્યો. બીજું કોઈ પાછળ રહી જાય તે કેમ ચાલે ? " શિક્ષણ પત્રિકા " શરૂ થઈ દરેક માબાપને પહોંચાય તે રીતે મનોહર ચર્ચા, કથા, વાર્તા, નિબંધ સ્વરૂપમાં બાળકો માટે સાહિત્ય વધ્યું અને ભાઈને યોગ્ય બહેન–તારાબહેન મોડક મળ્યાં. ભાર હળવો થયો ને કામ બમણું થવા માંડ્યું. ગણિત માટે અંગ ખીલે એટલે ગણિતશાસ્ત્રી શ્રી હરિહરભટ્ટની મદદ મળી. બાળકોને ગણિત એક રમત થઈ ગઈ. વાંચન પછી ગણિત આવ્યું !

બાળકોને સ્થાન, ચિત્રો, સાધનો, પુસ્તકો મળ્યાં, પણ તેટલાંથી બાળવ્યક્તિત્વ પૂરું કેમ થાય ? તેને માટે સંગીત પ્રગટ થયું અને ગિજુભાઈની ઉપાસનામાં શ્રી. ચુનીભાઈ ભળ્યા. દરબારમાં માન પામેલા ગવૈયાની શક્તિ બાળકોના તરફ વળી અને બાળકોને મોઢે ભાવવાહી મીઠું તાલબદ્ધ ને શાસ્ત્રીય તેમજ બાળકોને અનુકૂળ સંગીત પ્રકટયું. સંગીત સાથે નાચગાન, કૂચ, રાસ, નાટક ઇ. સર્વ દિશામાં વિકાસ ચાલ્યો. સંગીતમાં રુચિ ન હોય ને કોઈ કોઈ બાળક બહાર રૂવે તેને માટે નાનું સરખું ક્રીડાંગણ, કસરતશાળા ને નાનો સરખો બગીચો આવ્યો. સ્થાન મર્યાદા તોડી બાળપ્રવાસો ગોઠવાયા. બાળમંદિરમાં જેટલું નાના પાસે સિદ્ધ થાય તેની પૂરી વિગતો ભેગી કરી ગુજરાત અને બૃહદ્ ગુજરાતમાં ગિજુભાઈ તરફથી વાવણી થવા માંડી. બાળમંદિર એટલે નાની દુનિયા અને તેનું જ પ્રતિબિંબ બહાર મોટી દુનિયામાં પડવા માંડ્યું. સૂર્યબિમ્બમાંથી કિરણો છૂટી પ્રકાશ પથરાય તેમ બાલમંદિરનાં અનુભવો ફેલાવા લાગ્યા, હવે સ્થૂળ રાજમાર્ગ પ્રકટ થયો. ઘોરી રસ્તે અનેક ભાઈઓ અને બહેનોને બાળ સેવા માટે ગિજુભાઈએ ભેગાં કર્યાં. મોન્ટીસોરી સિદ્ધાંતો અને

બાળદુનિયા એક થઈ ગયાં અને ભૂમિકા પર સેવામાર્ગે બધાં ભેગાં થયાં. આ ગિજુભાઈનું અધ્યાપનમંદિર. ગિજુભાઈએ પોતાને મળેલું, પોતે મેળવેલું ને સિદ્ધ કરેલું ચારે બાજુ વાવવા માંડયું. મુંબઈ ઈલાકા બહાર આખા હિન્દભરમાં વાવેતર કરી નાંખવા માટેનો ગિજુભાઈનો મનોરથ અધૂરો રહી ગયો છે. આ દેહ મારફત વધુ કામ લેવાનું પરમાત્માને યોગ્ય લાગ્યું નહિ હોય. પાછલાં ત્રણ ચાર વર્ષ તેમને અનેક વ્યથા ઘેરી વળેલી.

ગિજુભાઈને જાણવાની સમજવાની મને અનેક તકો મળી છે. પોતાનાં બાળકોને કુટુંબ વચ્ચે, મિત્રો વચ્ચે, શિષ્યો વચ્ચે, અને સૌથી વધારે પોતાનાં સેવાક્ષેત્રમાં બાળકો વચ્ચે ગિજુભાઈને નિહાળવા, સમજવા, પૂછ-પરછ કરી જાણવા અને જ્ઞાન મેળવવાનો અમૂલ્ય લાભ મને મળ્યો છે. સર્વ પ્રસંગોમાં તેમની વિચારશ્રેણી ને પદ્ધતિથી પરિચિત થયો છું. આજે હજી પણ ગિજુભાઈ વિદેહ થયા છતાં તે બહુ નજીક છે: છતાં તેમની ભવ્યતા હતી તેથી વધતી છે. કાળાન્તરે થોડીક સ્થૂળતા દૂર જતાં તેમની દ્વારા થયેલી બાળસેવા હિન્દના નવા યુગમાં એક અજોડ ફાળનું પ્રકરણ લેશે અને તેમાં ગિજુભાઈનું સ્થાન અપ્રતિમ હશે. બાલમંદિરમાં બાળીનાં છોકરાં હતાં, દરજીનાં હતાં, શ્રીમંત બાપાપનાં ને ગરીબનાં બાળકો હતાં. દરેક કોમના હતાં, દરેક જ્ઞાતિનાં હતાં. બાળકો પ્રત્યેની ઉદાર દૃષ્ટિ ને બાલપૂજાના વૈષ્ણવ માર્ગથી વધુ આગળ ગિજુભાઈ વધ્યા ને બાલમંદિરમાં બાળકોમાં પૂર્ણ માનવનું સ્વરૂપ પ્રકટ કરાવવાના રસ્તા ગિજુભાઈએ મેળવ્યા અને સૌને દેખાડયા. તેમાં ગુરુમંત્ર મેડમ મોન્ટી-સોરીનો હતો અને તેથી વધુ હિન્દના ઉદ્ધાર ભાવિ અને પરમાત્માની સંકલ્પનાનો હતો. જેમાં ગિજુભાઈ મહાન નિમિત્ત બન્યા.

---

૩૦. પરોક્ષ પ્રેરક પ્રતિમા

ભરત ના. ભટ્ટ

સ્વ. ગિજુભાઈની મારા મનમાં જે છાપ છે તે સંપૂર્ણપણે પરોક્ષ છાપ છે. તેમના અવસાન (૧૯૩૯) પછી મારો જન્મ (૧૯૪૦). તેમના પ્રત્યક્ષ પરિચયનો આ રીતે સવાલ જ નહોતો. આમ છતાં ખૂબી એ છે કે સ્વ. ગિજુભાઈ મારા સ્મૃતિ પટ પર કાયમ રહ્યા છે. કુમારવય સુધી તેમનાં પુસ્તકો થકી અને અધ્યાપનનું કાર્યક્ષેત્ર સ્વીકાર્યા પછી એક સાચા શિક્ષક–કેળવણીકાર તરીકે. મારા પિતાના સાથીદાર તરીકે એક પ્રકારના મમત્વનો પણ આ કાલ્પનિક સ્મરણ પર ઢોળ ખરો.

મારા પિતા સ્વ. નાનાભાઈ ભટ્ટે ૧૯૧૦માં કોલેજની પ્રોફેસરી છોડીને ભાવનગરની એક ધર્મશાળામાં દક્ષિણામૂર્તિ નામની સંસ્થા શરૂ કરી ત્યારે તેમને પીઠબળ તેમના ગુરુ શ્રીમન નથુરામ શર્માનું અને ભાવનગર રાજ્ય (મહારાજા ભાવસિંહજી અને સર પ્રભાશંકર પટણી)નું. પરંતુ તેમને આ સાહસમાં રોજબરોજનો હૂંફસભર સાથ હોય તો તે તેમના ગુરુબંધુ (ગુરુ નથુરામ શર્માના શિષ્ય હોવાને નાતે "ગુરુબંધુ") અને વડીલ મિત્ર સમો હરગોવિન્દદાસ અજરામર પંડ્યાનો. દક્ષિણામૂર્તિ સાથે જેમનું નામ 'મોટાભાઈ' તરીકે જોડાયેલું છે તે આ હરગોવિન્દભાઈ ભાવનગરમાં સ્ટેશન માસ્તર અને ગિજુભાઈના તેઓ મામા થાય. વિકસતી દક્ષિણામૂર્તિ શિક્ષણ સંસ્થાનો ગિજુભાઈને આમ મામા મારફત પરિચય થયો. અને એ સાચા શિક્ષકજીવ સરસ ચાલતી વકીલાતની પ્રવૃત્તિ છોડીને ૧૯૧૬ આસપાસ દક્ષિણામૂર્તિમાં જોડાઈ નાનાભાઈના સાથીદાર બન્યા. લગભગ એ જ ગાળામાં શ્રી હરભાઈ ત્રિવેદી પણ દક્ષિણામૂર્તિમાં જોડાયા અને એક પ્રેરક ત્રિપુટી સર્જાઈ જે આધુનિક ભારતના કેળવણીના ઇતિહાસની નોંધપાત્ર ઘટના છે.

આ રીતે ગિજુભાઈ સાથે સીધો પરિચય નહીં અને છતાં આવું એક સૂક્ષ્મ અને દૃઢ એવું તેમનું સ્વજનરૂપ કાયમી મારા મનમાં. કોઈ

દિવસ ન જોયા હોય તેવા વડીલો પણ આપણા ચિત્તમાં ખિરાજેલા હોય છે. ગિજુભાઈ મારા માટે એ સ્થાને છે. અહીં હું તેમના એ સ્થાન–રૂપની રેખાઓ જરા ઉપસાવું છું.

'ભોં ભોં ભો' કે 'ઊભું હતું. ઊભું હતું" જવી એમની અવનવાં ને બાલાકર્ષક મથાળાં ધરાવતી, બાલ પુસ્તિકાઓ એવી ને એવી હજી મારા કાનમાં રમે છે. સ્ટીમરનો એ પરિચય કે ગધેડાનું એ ચિત્ર–પ્રાણીઓનાં એ જોડકણાં એ ઉંમરે કેવી આતુરતાથી વાંચ્યા છે ને આજ પર્યન્ત એ કેવાં મોઢે રહી ગયાં છે! ગિજુભાઈના એ ૮૦ પુસ્તકોનો સેટ હું, કે અમે મિત્રો સાથે બેસીને, કેટલીકવાર વાંચી ગયા છીએ! અરે, એ ઉંમરે તેનાં શીર્ષકો કે અંદરનાં વાકચો, જોડકણાં વાપરીને અમે વાતો કરતા કે સંકેતો કરતા. કોઈ પડી જાય એટલે અમારા મોટા વર્તુળમાં એ સમાચાર હાસ્ય સાથે આ રીતે પહોંચી જાય, –'રામજીભાઈ પડી ગયા'. આવું સરસ લખનાર ગિજુભાઈ એ કોણ તેની એ વખતે બહુ ખબર નહોતી, પરંતુ આ બધું વાંચતા—વાંચતાં રૂપ—આકારથી પર એવા એક ગિજુભાઈ મનમાં બિરાજી ગયા હતા. આ બધાં પુસ્તકો, તેની અંદરના શબ્દચિત્રો એ વખતે અમને સ્વપ્નમાં પણ આવતાં એમાં જ કચારેક અમને અમારા અંતરના ગિજુભાઈ દેખાયા હશે ને?

હું જરા મોટો થયો અને આ પુસ્તકોની પકડમાંથી છૂટચો ત્યાં તો 'બાળવાર્તાઓ'ના સેટે મને પોતાના અંકમાં જકડી લીધો. એ પાંચેય પુસ્તકોની દરેક વાર્તા કેટલીય વાર વાંચી હશે. 'કાગે મારું મોતી લીધું" કે 'જૂઠકા પેટ ફૂટા' જેવી વાર્તાઓમાં માણેલા અદ્‌ભુત રસ અને અવિસ્મૃત લય હજી આજે પણ પુનઃ અનુભૂત (Recollect) કરી શકાય છે. એ બધું ત્યારે મણ્યું હતું. આજે તેને સમજી–મૂલવી–નાણી–વિવેચી શકાય છે. ને પ્રતીતિ થાય છે કે એ સર્વ દ્વારા ગિજુભાઈ બાળમાનસનું કેવું અદ્‌ભુત ઘડતર કરતા હતા. આવું બાલસાહિત્ય સર્જવું તે તેમને મન ડાબા હાથનો ખેલ થઈ ગયો હતો. બહુ ઝડપથી તેઓ આવું સાહિત્ય લખી–લખાવી શકતા. શીર્ષકો, જોડકણાં, કલ્પનો, શબ્દચિત્રો બધું જાદુગરની જેમ ચપટી વગાડતાં હારબંધ નીકળી પડે. સાચી સર્જશક્તિ અને બાળકો માટેનું અવિરત ચિંતન એ આનાં કારણો માની શકાય.

બાળકેળવણી માટેની ગિજુભાઈની આ અદ્‌ભુત સમર્પિતતા નાનાભાઈ પારખી ગયેલા. આથી ગિજુભાઈને એમની રીતે કામ કરવાનું પૂરું સ્વાતંત્ર્ય આપેલું. કોઈ પણ મુલાકાતી આવે ત્યારે નાનાભાઈ તેને બાલશિક્ષણ વિભાગ અને તેના વડા ગિજુભાઈનો પરિચય હોંશે હોંશે કરાવે. ગિજુભાઈનાં આ કામ-શક્તિ માટે નાનાભાઈને પૂરો આદર. બીજી બાજુ ગિજુભાઈ પણ એવા જ ઉદાર-ખેલદિલ. સમજે અને કહે પણ ખરા કે, 'આવડી સંસ્થા અને નાનભાઈનો આધાર છે. ત્યારે હું મારું કામ તેમાં પૂરો ખોવાઈને ફરી શકું છું.' ધારે તો એક એક જણ ત્રણ-ત્રણ સંસ્થાઓ સ્થાપી-ચલાવી શકે એવી આ ત્રિમૂર્તિ ૨૦ વર્ષ ભેગી રહી એ ગુજરાતનું સદ્‌નસીબ ગણાય.

ગિજુભાઈએ બાળકોને વાંચવા માટે જેમ વિપુલ પ્રમાણમાં સર્જનાત્મક સાહિત્ય આપ્યું છે. તેમ બાળકોને ભણાવનારાં-સાચવનારાં શિક્ષકો, વાલીઓને માર્ગદર્શક તેવું બાળ કેળવણીનાં સિદ્ધાંત-વ્યવહારને સાંકળતું સાહિત્ય પણ સારી માત્રામાં આપ્યું છે.


મેં ૧૯૬૨માં શિક્ષક તરીકેનું કામ શરૂ કર્યું અને મારા હાથમાં ગિજુભાઈનું 'દિવા સ્વપ્ન' આવતાં વાંચી ગયો. ચાર નાના ખંડોમાં, સવાસો પૃષ્ઠમાં શિક્ષણનું એ એક એવું પુસ્તક મારે માટે બન્યું જેણે મને અધ્યાપન કાર્યના અવકાશમાં ઊડવા માટે સરસ 'ટેઈક ઓફ' લેવામાં મદદ કરી. એક શિક્ષકને પાત્ર બનાવીને કલ્પનામૂલક અને સર્જનાત્મક અભિગમયુક્ત વાર્તાનો આધાર લઈને શિક્ષણના સિદ્ધાંતો તેમણે આમાં વણ્યા છે. બાળકના માનસનું મહત્ત્વ અને બાળકના ચિત્રમાં શિક્ષકનું સ્થાન આ બે બાબતો ગિજુભાઈ તેમાં ભાર દઈને, વ્યંજનાથી અને અસરકારક રીતે કહે છે. અજવાળું જેમ પોતાના અસ્તિત્વ માત્રથી જ અંધકારને હટાવે છે. તેમ આ પુસ્તક શિક્ષકના મનમાં પડેલા પરંપરાગત શિક્ષણના ખ્યાલોને આપમેળે નામશેષ કરી નવી દૃષ્ટિ આપે છે. મને બરાબર યાદ છે કે એ પુસ્તક વાંચતાં વાંચતાં હું કચારેક તો એક સાથે બંને પાત્રોની જગ્યાએ મારી જાતને અનુભવતો. વાંચતાં વાંચતા હું જાણે ચોથા ધોરણનો વિદ્યાર્થી બની જઈ તેમાં બેસી જતો. તો વળી તેમાં આવતાં શિક્ષકના પાત્રનું પણ રૂપ લઈ લેતો. આપણને એકરૂપ બનાવી પોતાનામાં સમાવી લે તેવી હાર્દિક અને અનુભવસિદ્ધ રજૂઆત એ પુસ્તકની છે.


શિક્ષકની નોકરી શરૂ કર્યા પછી આવું જ એમનું બીજું પુસ્તક મને ગમ્યું હોય તો તે 'વાર્તાનું શાસ્ત્ર.' વાર્તા વિશે આટલી વિસ્તૃત અને આવી શાસ્ત્રીય છણાવટ કરતું, મારા ખ્યાલ પ્રમાણે, હજી આજે પણ આ એક જ ગુજરાતી પુસ્તક છે. અરધી સદી પછી આજે પણ એવું જ પ્રસ્તુત અને સંપૂર્ણ. વાર્તા માત્ર બાળ મનોરંજનનું જ નહીં, બાળ કેળવણીનું પણ કેટલું વ્યાપક અને અસરકારક માધ્યમ છે. તે ગિજુભાઈએ આ પુસ્તકમાં સંતપર્ક રીતે રજૂ કર્યું છે. લગભગ પોણા ત્રણસો મોટા પૃષ્ઠોમાં વાર્તાના હેતુઓ કે ઉદ્દેશ્યોની સુંદર સમીક્ષાથી આરંભીને દાખલા-દૃષ્ટાંતો સાથે વાર્તાના સારા નરસા નમૂના, કથનરીતિની પણ સારી-નબળી બાજુઓ, રીતો વગેરેની અનુભવ સિદ્ધ અને શાસ્ત્રીય છણાવટ થઈ છે. કયા સમયે કેવી વાર્તા કહેવાય ? વાર્તા માટેનો ઉત્તમ સમય કયો ? વગેરેની ચર્ચા પણ ગિજુભાઈએ આમાં કરી છે. કઈ ઉંમરના વિદ્યાર્થીઓને-બાળકોને કેવા વિષયની વાર્તા કહેવી એ અંગે વાર્તાના પ્રકારોનું મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ વર્ગીકરણ કરીને તેમણે સમગ્ર શિક્ષકવર્ગ માટે મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું છે. આમાં તેમણે વાર્તાને નીતિશાસ્ત્રના માધ્યમ તરીકે પણ સમજાવી છે. છેલ્લે વાર્તાના ગ્રંથોની એક લાં...બી... યાદી આપી છે જે પણ મહામૂલ્ય બની રહી છે. સ્વ. ગિજુભાઈએ આપેલાં શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકોમાં આ પુસ્તક અનોખી ભાત પાડનારું લાગ્યું છે.

બાળકો માટે જ સતત ચિંતન-ચિંતા કર્યા કરનારા, સાદ્યંત શિક્ષક ગિજુભાઈ હળવાશથી જીવનારા હતા. (ભારેખમ માણસ સાચો કેળવણીકાર તો શું સાચો શિક્ષક પણ બની શકે ખરો ?) તેમને રાત-દિવસ કામ, ચિંતન ચાલ્યા કરે પરંતુ તેમાંથી લેશ ભારેખમ ન બને-પ્રફુલ્લ, નિર્બોજ, આનંદી. ૧૯૩૧માં નાનાભાઈ સાબરમતી જેલમાંથી છૂટીને આવ્યા ત્યારે તેમનું અભિવાદન કરતાં ગિજુભાઈએ નાનાભાઈ ઉપર એક હળવી શૈલીનું જોડકણું લખેલું. ગમ્મત સાથે તેમાં ગુણદર્શન સુંદર રીતે વણાયેલું છે અને બે ને વચ્ચેના આંતરિક અને સજ્જુત આદર-સંબંધનો આવિર્ભાવ છે. ગિજુભાઈ તેમના કામ થકી જ જાણે હળવા હશે. આ બધાની એ જ તો વિશેષતા હોય છે ને ! સાંભળ્યું છે કે દક્ષિણામૂર્તિની એ ત્રિમૂર્તિ સંસ્થાગત ગંભીર, ચિંતાજનક અને

આવેશપૂર્ણ ચર્ચા–પ્રશ્નોતરી પછી ક્યાંક અવિધિસર ભેગી થાય ત્યાં કે કોઈક કામે જતાં રસ્તામાં ગાંઠિયાના ખૂકડા મારતી જે રીતે ગમ્મત કરતી–ખડખડાટ હસતી હોય એ જોવા–માણવા જેવું હતું. નાનાભાઈ–હરભાઈની હળવાશ તો મેં જોઈ, અનુભવી છે. ક્યારેક એમ થઈ જાય છે કે હું ૧૫ વર્ષ વહેલો આ ધરા પર આવ્યો હોત તો તો ગિજુભાઈને પણ તેમના વ્યક્તિત્વમાં, હળવાશમંડિત ગાંભીર્યમાં, સહજતા આરક્ષિત ઉન્નતતામાં જોઈ શક્યો હોત.

આ વર્ષે એમના આગમનને સો વર્ષ થયાં. તેમને મારાં સો–સો વંદન. આપણે–મા, બાપો, શિક્ષકો–જો ગિજુભાઈનો સોમો ભાગ બની શકીશું તો ગુજરાતનાં બાળકો ભાગ્યશાળી લેખાશે ને આપણું જીવ્યું ધન્ય થશે.





૧. બાલશિક્ષણના પ્રહ્લા શ્રી ગિજુભાઇ

પ્રો. હસમુખ પટેલ

સંસ્કૃતિ અને શિક્ષણના એક સમયના પરમ ધામ એવા વલભીપુર એટલે કે આજના વળા ગામે તા. ૧૫–૧૧–૧૮૮૫માં જન્મેલા શ્રી ગિજુભાઈનું મહત્ત્વનું પ્રદાન બાલશિક્ષણ અને બાલસાહિત્યને ક્ષેત્રે છે. આજે આપણા સૌની આંખ આવી રહેલી ૨૧મી સદી પર મંડાયેલી છે. ૧૦૦ વર્ષ પહેલાં આવી જ એક અપેક્ષા ઉંબરે આવીને ઊભેલી વીસમી સદી માટે હતી. અને એ સદીએ શિક્ષણ, સમાજ, રાજ્ય અને વિજ્ઞાનક્ષેત્રે હરણફાળ ભરીને પ્રગતિ સિદ્ધ કરી હતી. પ્રાચીન કાળે વિદ્યા, સંસ્કૃતિ અને શિક્ષણમાં અગ્રસ્થાને રહેલું ભારત મધ્યયુગમાં અને એ પછી અંગ્રેજ રાજ્યસત્તાની પરતંત્રતામાં ઘણી રીતે પાછું પડયું હતું.

'આચાર્ય દેવો ભવ'નું સૂત્ર આપનાર તથા જાતજાત કે કુળની ઉચ્ચતા નહીં પરંતુ સત્યભક્તિને જણાવેલી કથામાં છે તેમ પ્રતિષ્ઠા આપનાર દેશમાં કેળવણીનું પણ અવમૂલ્યન થઈ ચૂકયું હતું. આશ્રમનું સ્થાન ધૂળી નિશાળોએ લીધું અને દેવસદશ શિક્ષક અને આચાર્ય માત્ર 'મહેતાજી' બની ગયા, અને એમાંથી જ 'સોટી વાગે ચમચમ' જેવા શિક્ષણનું અવમૂલ્યન કરતાં સિદ્ધાંતો અને ક્ષતિઓ અસ્તિત્વમાં આવ્યાં. પરંતુ દેશનું અને પ્રજાનું એ સદનસીબ હતું કે ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં કેટલીક એવી વિભૂતિઓ જન્મી, જેમણે ભારતને, તેની સંસ્કૃતિ અને સંસ્કારને નવજીવન આપ્યું. બંગાળના રાજા રામમોહન રાય કે ગુજરાતના દુર્ગારામે જે કાર્ય સમાજને રૂઢિમુક્ત કરી આદર્શોન્મુખ કરવાનું બજાવ્યું કે ગુજરાતના આધ્યાત્મિક ક્ષેત્રે જે કાર્ય નૃસિંહાચાર્ય, રાજચંદ્ર અને શ્રીમદ્ નથ્થુરામ શર્માએ કર્યું; કેળવણી ક્ષેત્રે એવું જ મહત્ત્વનું કાર્ય શ્રી ગિજુભાઈએ કર્યું.

ગિજુભાઈમાં સાહિત્યકાર તો વસેલો જ હતો. એમણે 'વસંત' અને 'જ્ઞાનસુધા'માં કાવ્યો પણ લખ્યાં છે, અને પહેલી જ વખત શિક્ષણ અને સાહિત્ય તથા સંસ્કારઘડતરની દૃષ્ટિએ ઉત્તમ કહી શકાય તે

પ્રકારના બાલસાહિત્યનું સંશોધન–સર્જન સંપાદન કર્યું છે. પરંતુ તેમનું અભૂતપૂર્વ અને વિશેષ મહત્ત્વનું પ્રદાન તો બાલશિક્ષણને ક્ષેત્રે છે.

મામાના ઘરે રહી ભાવનગરમાં મેટ્રિકનો અભ્યાસ કરી શામળદાસ કૉલેજમાં એકાદ વર્ષનું શિક્ષણ લઈને આફ્રિકા ગયેલા ગિજુભાઈ ગોરા વકીલની "ભેજું વાપર" જેવી સ્વમાનઘાતક ટીકાથી સ્વદેશ પાછા ફર્યા અને અઠ્ઠાવીસ વર્ષની વયે પુત્ર નરેન્દ્રના પિતા બન્યા તે મારે મન ગિજુભાઈના જીવન માટે તથા આપણી શિક્ષણપ્રથા માટે અત્યંત મહત્ત્વની અને ક્રાંતિકારી ઘટનાઓ છે. દક્ષિણ આફ્રિકામાં વકીલાત કરવા ગયેલા મોહનદાસે એમના વિદાય સમારંભ વેળાએ છાપાની નાની એવી ચબરખી વાંચી અને એ ઘટના તેમના ખુદના જીવન અને ભારતના ભાવિ માટે ચમત્કારી બની અને 'મહાત્મા' નો પ્રાદુર્ભાવ થયો. તેવું જ કંઈક અહીં પણ બન્યું. પુત્ર બે વર્ષનો થતાં જ પિતા ગિજુભાઈનું મન તેના શિક્ષણ વિષે સચિંત બની ગયું. હાથમાં સોટી લઈને ઊભેલો કુમળા બાળક સામેનો શિક્ષક એમના આંતરમનને ઘુન્નવી ગયો અને એમણે પોતે જ શિક્ષણ આપવાનો વિચાર કર્યો તે જ સૂચવે છે કે ગિજુભાઈનું અંતરંગ એક શિક્ષકનું હતું. બાળકને દેખાડાતા ભય અને કરવામાં આવતી ક્રૂર સજાઓ તેમને મન ખૂન જેટલી જ ભયંકર હતી. તેમણે લખ્યું છે, "હું આપણાં લાખો બાળકોનો વિચાર કરું છું. આપણી આંખ આગળ લાખો બાળકો રહેંસાતાં હોય અને આપણે તે ઊભા ઊભા જોયા કરીએ એ કેમ બને ? અત્યારે તો એક જ વાત. આ બાળકોનાં ખૂન થતાં અટકે તે માટે શંખ ફૂંકો ને જેઓના કાન બહેરા થઈ ગયા છે તેમના કાનને પણ ફોડી નાખે એવો અવાજ કરો." આ ઉદ્‌બોધન કરનારે ખુદ જ નવી બાળકેળવણીનો શંખ ફૂંકયો. બહેરા કાનને ફોડી નાખે એટલી ઉત્કટતા અને ધગશથી એમણે સુધારાના શંખ ફૂંકનાર કડખેદ જોદ્ધા નર્મદનાં ધગશ અને ઉત્સાહથી આ કેળવણીનો શંખ ફૂંકયો. નર્મદે એના વ્યક્તિત્વને તેમજ જીવનકાર્યને મૂર્ત કરતા 'શિવલહરીના' પર્યાયરૂપે ગુજરાતી ભાષામાં 'પ્રેમશૌર્ય' અને 'ફિલિંગ'-ના પર્યાય રૂપે 'લાગણી' જેવા શબ્દો આપ્યા તેમ ગિજુભાઈએ કિંડર ગાર્ટનના પર્યાય રૂપે પ્રયોજાતા 'બાલવાડી'ને બદલે 'બાલમંદિર' શબ્દ આપ્યો અને આ શબ્દ જ તેમની ભાવનાનો સમર્થ વાહક બની રહ્યો. પુત્રના શિક્ષણ વિષે વ્યથિત ગિજુભાઈને દરબાર ગોપાળદાસે વસોના

મોતીભાઈ અમીનની બાલશાળાની મુલાકાત લેવા પ્રેર્યા. એમાંથી જ ગિજુભાઈને તેમનું શિક્ષક-અંતર ઝંખતું હતું તે મળી ગયું. મોન્ટેસોરીની બાલશિક્ષણની નવી પદ્ધતિ વિષે તેમણે અભ્યાસ કર્યો, શ્રી છોટુભાઈ પુરાણીના મોન્ટેસોરી પદ્ધતિના પુસ્તકનું અધ્યયન કર્યું અને સૌરાષ્ટ્ર-ગુજરાતના આધ્યાત્મિક જીવનના મહાપ્રવર્તક શ્રીમન્ નથ્થુરામ શર્માની પ્રેરણાથી શ્રી હરગોવિંદ પંડ્યા અને શ્રી નાનાભાઈ ભટ્ટે શરૂ કરેલી ભાવનગરની સંસ્થા દક્ષિણામૂર્તિમાં જિંદગીના ત્રીજા દસકે ગિજુભાઈ જોડાયા અને બાલશિક્ષણ તથા બાલસાહિત્યને જ પોતાનું જીવનધ્યેય રાખ્યું. ગિજુભાઈ માત્ર બાળકોના જ નહીં, વાલીઓના પણ શિક્ષક બન્યા. બાળકના સંસ્કાર અને શિક્ષણનો આરંભ ઘરથી જ થતો હોય છે. આથી બાલશિક્ષણમાં પહેલી જવાબદારી માતાપિતાની છે. ગિજુભાઈએ બાલશિક્ષણને દૃષ્ટિમાં રાખીને વાલીઓને પણ 'બાળકોને બિવડાવશો નહીં' જેવાં સૂત્રો આપ્યાં અને "મા-બાપ થવું અઘરું છે" જેવાં પુસ્તકો પણ આપ્યાં. શિક્ષક તરીકેનો તેમનો મૂળભૂત આત્મા મોન્ટેસોરી પદ્ધતિનો અભ્યાસ અને શિક્ષક તરીકેના જાતઅનુભવથી એમનો બાલ-કેળવણીવિષયક વિભાવ સુનિશ્ચિત થતાં ભાવનગરના કાળા નાળે બાળ-મંદિરની સ્થાપના કરી અને મૂળ મહારાષ્ટ્રના વતની પરંતુ રાજકોટના સ્ત્રી અધ્યાપન મંદિરનાં આચાર્યા શ્રી તારાબહેન મોડકનો સાથ સહ્યો અને પૂ. કસ્તુરબાના હસ્તે ઉદ્ઘાટન કરાવ્યું. ૧૯૨૨માં તખ્તેશ્વરની ટેકરી પર 'વહાલું મારું બાળમંદિરિયું' સ્થાપ્યું. આપણા પરંપરાગત લોકવાર્તાના ધનમાંથી જ તેમણે બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપે એવી વાર્તાઓ આપી, વ્યક્તિત્વનું ઘડતર કરે તેવાં નાટકો આપ્યાં, તાજાં પુષ્પ જેવાં જોડકણાં અને ગીતો આપ્યાં. કેવળ બાળકોના સંસ્કાર અને શિક્ષણ માટે પાંચ-સાડા પાંચ દાયકાની જિંદગીમાંથી ત્રીસી પછીનું સમગ્ર શેષજીવન આપનાર ગિજુભાઈ કાકાસાહેબે કહ્યું છે તેમ બાલ-સાહિત્યના છે, તેવા જ બાલશિક્ષણના પણ બ્રહ્મા છે.

---

૨. અદ્વિતીય બાલશિક્ષક ગિજુભાઇ

નાનાભાઇ ભટ્ટ

ભાઇઓ તથા બહેનો,

આ સંમેલનનું ઉદ્‌ઘાટન કરવાનું મારા હાથે થાય છે તેને હું મારું અહોભાગ્ય સમજું છું. જે ભૂમિ પર આ સંમેલન ભરાય છે તે ભૂમિના નિર્માણમાં હું પણ એક નિમિત્ત હતો. જે વ્યક્તિના નામથી આ સંમેલન ગોઠવાય છે તે વ્યક્તિની સાથે ખભેખભો અડાડીને વર્ષો સુધી કામ કરવાનું સદ્‌ભાગ્ય મેં મેળવ્યું છે. તદુપરાંત જે બાલશિક્ષણ મનુષ્યના સમગ્ર જીવનશિક્ષણનો એક અતિ મહત્ત્વનો ભાગ છે, એ ભાન આજે પહેલાંના કરતાં પણ મને વધારે થયું છે; અને તેથી જ ગામડામાં જઈને પાયાની કેળવણીનો છેક નાની ઉંમરથી ઉચ્ચ વિદ્યાના શિક્ષણ સુધી કેવી રીતે ઘાટ ઘડવો તેની મથામણ હું આજે કરી રહ્યો છું. અત્યારે આ ઉદ્‌ઘાટન કરતાં જેમ મને આનંદ થાય છે તેમ જ આ ઉદ્‌ઘાટન કરવાની ક્રિયાથી મારા ચિત્તમાં એક પ્રકારનો ક્ષોભ પણ થાય છે. ખાસ તો એટલા માટે કે હું બોલું છું તેમાનું હું પોતે કેટલું કરી શક્યો છું અને હવે પછી કરી શકીશ તેની મને ખબર નથી.

આજથી લગભગ સાડત્રીસ વર્ષ ઉપર મારા મિત્ર ગિજુભાઈએ ભાવનગરને આંગણે બાલશિક્ષણનું બી રોપ્યું. તે દિવસે અમે તેને મોન્ટીસોરી શિક્ષણના નામથી ઓળખતા હતા. અમે સૌ જૂની આર્ય-પરંપરામાં ઊછરેલા હતા એટલે શિક્ષણના ક્ષેત્રમાં પણ નામ તો કોપી-રાઈટ હોઈ શકે તે અમારી કલ્પના બહાર હતું અને મને તો આજે પણ આ વસ્તુ કલ્પના બહાર લાગે છે. પણ સંજોગોને લીધે આ શિક્ષણને "નૂતન શિક્ષણ"ના નામથી સંબોધવું પસંદ કર્યું. શરૂઆતના દિવસોમાં અમે સૌ કેવી કેવી મુશ્કેલીમાંથી પસાર થયા તેનો થોડોઘણો ખ્યાલ તો તે વખતના વિદ્યાર્થીઓને હશે જ. ગિજુભાઈ બાલશિક્ષણમાં પડ્યા તે પહેલાં તેઓ દક્ષિણામૂર્તિ વિનયમંદિરના આચાર્ય હતા. ત્યાં તેમના

પણ જીવને જંપ ન વળ્યો. એમણે બાલશિક્ષણનું કામ હાથમાં લીધું ને કેમ જાણે પોતાનો દબાઈ ગયેલો આત્મા જડી આવ્યો હોય તેમ તે ખીલ્યા; અને આ ખીલવાનું કામ ઠેઠ છેલ્લી ઘડી સુધી ચાલુ રહ્યું. હું આજ સુધીમાં અનેકવાર કહી ગયો છું તેમ ગિજુભાઈ એક જીનિયસ હતા. બાલશિક્ષણ એમને કોઠાવિદ્યા જેવું થઈ ગયું હતું. એક જીનિયસની જેમ તે બાલમંદિરમાં પ્રવેશ કરે કે તરત જ બાળક બની જતા હતા અને પોતે કોઈ મોટા આચાર્ય છે એ વાત તેમની રગમાં પણ દેખાતી ન હતી. બાળકો સાથેનું આવું તાદાત્મ્ય મેં ભાગ્યે જ કોઈ બાલશિક્ષકમાં જોયું છે. સંગીત ચાલતું હોય ત્યારે તાલબદ્ધ ખંજરી વગાડે, નાટક થતું હોય, મીંયા ફુસ્કીનો વેશ કાઢે, કૂચ થતી હોય, હાથમાં દાંડિયો લઈને કૂદે અને ઘોંઘાટ થતો હોય ત્યારે બાળકોના ઘોંઘાટ સાથે ઘોંઘાટ કરીને બાળકોનાં ઘોંઘાટનું નેતૃત્વ હાથમાં લઈ લે અને એ રીતે ઘોંઘાટને શમાવી દે. આવી આવી અનેક પ્રકારની કોઠા-વિદ્યાની ચતુરાઈ મેં કાયમ ગિજુભાઈમાં નિહાળી છે, અને તેથી જ બાલશિક્ષણ પૂરતા મેં હંમેશાં તેમને જીનિયસ કહ્યા છે.

ગિજુભાઈ માત્ર બાલશિક્ષક જ ન રહ્યા, એ મોટા પ્રચારક પણ હતા. ભાવનગરનાં થોડાં એક બાળકો એમનો લાભ લે એટલાથી એમને સંતોષ ન મળ્યો. એમને તો બાલશિક્ષણની દુનિયામાં આખા ગુજરાતમાં ક્રાંતિ લાવવી હતી અને આ ક્રાન્તિ માટે એક બાજુથી તેમણે ત્રૈમાસિક અને માસિકનો ઉપયોગ કર્યો અને બીજી બાજુથી બાલઅધ્યાપન મંદિર શરૂ કરીને જુદાં જુદાં કેન્દ્રોમાં જેમ કોઈ બાદશાહ પોતાના પ્રતિનિધિ-ઓને મૂકે તેમ બાલમંદિરો ખોલવાં માંડ્યાં. તેમની આ ધગશ ગુજરાતના અગ્રગણ્ય જેવા ગણાતા પુરુષોને પણ ઘેલછા જેવી લાગતી અને ગિજુભાઈ ખરેખર એ કામની પાછળ એક ઘેલા જેવા બની ગયા હતા એમાં શંકા નથી.

આજે સ્વતંત્રતા મળ્યા પછી આપણા દેશમાં જીવનનાં અનેક ક્ષેત્રોમાં જેમ અરાજકતા દેખાય છે તેમ શિક્ષણના ક્ષેત્રમાં સર્વત્ર અરાજકતા દેખાય છે અને તેમાં પણ બાળશિક્ષણમાં વિશેષ કરીને. સ્વતંત્રતા મળ્યા પછી દેશના માનસમાં જેમ અનેક પ્રકારના પલટા આવ્યા તેમ આપણા કાર્યકર્તાઓના માનસમાં પણ અનેક પલટા આવ્યા

છે. સ્વતંત્રતા મળ્યા પહેલાં આપણે દાળિયા ફાકીને બાળશિક્ષણનો ઝંબાડો લીધેલો તે વાત હું ભૂલી ગયો નથી અને આવા ઝંબાડાને બળે જ આપણે ગુજરાતને તે વખતે નાથ્યું હતું. સ્વાતંત્ર્ય મળ્યા પછી જેમ ગાંધીજીના વારસામાંની ઘણી સારી વસ્તુઓ આપણા દિલમાંથી પડી ગઈ તેમ, આવો ઝંબાડો પણ આજે ઓસરી ગયો લાગે છે. દેહમાં જ્યારે એકવાર અશક્તિ આવે છે ત્યારે અનેક જાતના નાનામોટા વ્યાધિઓ દેખા દે છે તેમ, આપણા કાર્યકર્તાઓના સમગ્ર દેહમાં કોઈક અકલ્પ્ય એવી અશક્તિ આવી ગઈ, તેથી આપણું કામ કેમ જાણે તેજ ગુમાવતું જતું હોય તેમ આપણ સૌને લાગે છે. આ ઓસરતા વેણને વધારે ઓસરવા ન દેવું પણ ફૂંક મારીને વધારે જાગ્રત કરવું અને પહેલાંના જેવી ધગશથી બાલશિક્ષણની પાછળ લાગવું એ આ સંમેલનનો ઉદ્દેશ છે એમ હું સમજું છું. આજે આપણા દેશમાં, જીવનનાં અનેક ક્ષેત્રોમાં અનેક સંમેલનો ભરાયા કરે છે. મોટાં મોટાં ભાષણો થાય છે અને સૌ રામ રામ શામ શામ કરી છૂટા પડે છે. સંમેલનમાં પસાર કરેલા ઠરાવો સંમેલનની ફાઈલ ઉપર જ રહે છે અને વળી પાછું જ સંમેલન ભરાય ત્યારે આ ઠરાવોને ફાઇલમાંથી બહાર કાઢવામાં આવે છે. આપણા દેશની પ્રજા આજ સુધી આ બધું સાંખી લે છે પણ હવે પ્રજા માત્રને આવાં સંમેલનો ઉપર વિશ્વાસ રહ્યો નથી એ આપણે સમજવું જોઈએ. હું બરાબર સમજું છું કે આપણું સંમેલન કંઈક નક્કર કામ કરવા માગે છે, હું બરાબર સમજું છું કે આપણે બધા બાળશિક્ષણના ક્ષેત્રમાં પડેલા પીઢ કાર્યકર્તાઓ છીએ અને બાળશિક્ષણની પાછળ આપણામાંના ઘણાખરાએ આખું જીવન ખર્ચી નાખ્યું છે. તેમ છતાં સંમેલનનો જે પવન આજે દેશમાં હાલ છે તેનાથી તમને સૌને ચેતવ્યા વિના રહી શકતો નથી.

બીજી એક વાત તરફ મારે આપનું સૌનું ધ્યાન ખેંચવું જોઈએ. મેડમ મોન્ટેસોરીએ રોમ શહેરમાં ગરીબનાં બાળકો માટે બાલમંદિર શરૂ કર્યું હતું અને બાલશિક્ષણનો સંદેશો આ ગરીબ બાળકો પાસેથી તેમને લાધ્યો હતો. ગિજુભાઈ જીવ્યા ત્યાં સુધી દક્ષિણામૂર્તિ દરિદ્રનારાયણનાં બાળકોનું કોઈ પણ પ્રકારનું સક્રિય કામ કરી ન શકવું એનો મને અફસોસ છે પણ આજે હવે આપણે જ્યારે સ્વાતંત્ર્ય મેળવ્યું ત્યારે આ

દિશા તરફ આપણું લક્ષ્ય જવું જોઈએ. દરિદ્રનારાયણને નામે મશહૂર થયા, એને નામે આપણે દુનિયાનાં ભલભલાં રાજ્યોને ચકિત કર્યાં છતાં પણ જો આપણું બાલશિક્ષણ ગામડાંઓમાં ન પહોંચે તો આપણા બધા મનોરથો ફોકટ જશે.

આજે આપણી અંદર અંદર અનેક જાતનાં નાનામોટા મતભેદો ચાલતા મેં સાંભળ્યા છે. મોન્ટીસોરીનાં સાધનો વાપરવાં કે ન વાપરવાં, મોન્ટીસોરી પદ્ધતિમાં ફેરફાર કરવાનો વખત આવી લાગ્યો છે કે નહીં, હિંદનાં બાળકો એ ઇટલીનાં બાળકો કે યુરોપનાં બાળકો નથી પણ હિન્દમાતાનું ધાવણ ધાવીને મોટાં થયાં છે એ વાત શા માટે ભૂલવી જોઈએ ? ગાંધીજીએ પાયાની કેળવણીનો જે આદેશ આખા દેશને આપ્યો તેનો પ્રયોગ બાલકેળવણીમાં પણ શા માટે ન થાય ? આ અને આવા અનેક પ્રશ્નો આજે આપણી પાસે ઊભા છે. તમે સૌ અહીં ભેગાં થયેલાં ભાઈબહેનો આ પ્રશ્નોનો શાંતિથી કોઈપણ જાતના હઠાગ્રહ વિના વિચાર કરશો ને તેનો અમલ કરશો એવી આશા રાખું છું.

સંમેલનના ઉદ્‌ઘાટનની સાથે સાથે જ ગિજુભાઈના જીવન-ચરિત્રનું ઉદ્‌ઘાટન પણ મારા હાથે કરવાનું છે એમ હું સમજ્યો છું. આ જીવનચરિત્ર * વખતના આભાવે હું પૂરેપૂરું વાંચી જઈ શકયો નથી પણ ગિજુભાઈના એક પરમ ભક્તે આ પુસ્તક લખ્યું છે એટલે ગિજુભાઈના જીવનનું તેમાં ખરેખરું પ્રતિબિંબ પડશે જ એવી શ્રદ્ધાથી આ પુસ્તકને પણ હું આજે ખુલ્લું જાહેર કરું છું.

બહેનો અને ભાઈઓ, મેં તમારા સદ્‌ભાવથી પ્રેરાઈને તમને આટલું કહેવાની હિંમત કરી છે તેમાં જાણે અજાણ્યે પણ કંઈ કડવાશ આવી ગઈ હોય તો મને ક્ષમા આપશો એવી આશા રાખું છું. ગુજરાતભરમાં બાલશિક્ષણનું કામ અમર રહો.

---

* 'બાલશિક્ષણના પ્રણેતા ગિજુભાઈ' રામનારાયણ નાગરદાસ પાઠક. (સં.)

૩. બાળકોના તારણહાર

સ્નેહરશ્મિ

૧૯૨૦ ના ઓગસ્ટની પહેલી તારીખ. જગતના ઇતિહાસમાં આ દિવસ સુવર્ણ અક્ષરે અંકિત થયેલો છે. એ દિવસે એ વખતની દુનિયાની એક મોટામાં મોટી સત્તા, જેનું સામ્રાજ્ય આખી પૃથ્વી ઉપર એવી રીતે પથરાયું હતું કે સૂર્ય એ સામ્રાજ્ય ઉપર કદી આથમતો નથી, એવી એ બ્રિટિશ સામ્રાજ્યવાદીઓની શેખી હતી; એ સામે જગતના ઇતિહાસમાં અપૂર્વ એવી અસહકારની અહિંસક લડાઇનો આરંભ થયો, અને જગતે મહાત્મા ગાંધીજીને માનવજાતના તારણહાર તરીકે બિરદાવ્યા.

એ જ પહેલી ઓગસ્ટ ૧૯૨૦ ને ઐતિહાસિક દિને કોઇ પણ જાતની મોટી ધમાલ કે જાહેરાત વિના ભાવનગરમાં કાળા નાળા પાસે શ્રી આર. કે. મોદીના મકાનમાં ૪૦ બાળકોવાળી શિક્ષણ જગતમાં નવીન પ્રસ્થાન કરતી એક શાળાનું ભાવનગરના કેટલાક પ્રતિષ્ઠિત નાગરિકોની હાજરીમાં ઉદ્‌ઘાટન થયું. અસહકારની શરૂઆત અત્યંત ભવ્ય હતી અને આખું જગત એ ઉપર મીટ માંડીને હવે શું એ પ્રશ્નના ઉત્તરની રાહ જોઈ રહ્યું હતું. તેવું આ નવી નાનકડી શાળા માટે ન હતું. એ તો એક નાના બીજ જેવી હતી. સામાન્ય રીતે પાંગર્યા વિનાના બીજ તરફ કોઈનું ખાસ ધ્યાન ન જાય–સિવાય કે એ બીજ પાંગરતાં એમાં રહેલા ઘેઘૂર વૃક્ષની શક્યતાનો જે જાણકારને ખ્યાલ હોય. ભાવનગરમાં શરૂ થયેલી આ નાનકડી શાળામાં વડના ટેટામાં રહેલા બીજ જેવી અખૂટ શક્યતાઓ રહેલી હતી એનો એ વખતે કોઈને ભાગ્યે જ ખ્યાલ હોય, આમ છતાં એવા ખ્યાલવાળા આંગળીને વેઢે ગણી શકાય એવા જે દૃષ્ટિવન્ત પુરુષો હતા, તેમાંના એક હતા ભાવનગર રાજ્યની કાઉન્સિલના અધ્યક્ષ સ્વ. પ્રભાશંકર પટ્ટણી, બીજા હતા કાઉન્સિલર ટયુડર ઓવન. આ નાનકડા બાલમંદિરને ખુલ્લું મૂકયું શ્રીમતી રમાબહેન પટ્ટણીએ,

એ બાલમંદિરના સ્થાપક હતા, યુનિવર્સિટીની કોઈ ડીગ્રી વિનાના, શિક્ષણના શાસ્ત્રની કોઈ મહાવિદ્યાલયમાં પદ્ધતિપૂર્વકની તાલીમ લીધા વિનાના, વ્યવસાયે વકીલ, પણ વકીલાત છોડી ૧૯૧૬ થી દક્ષિણામૂર્તિમાં અધ્યાપક તરીકે જોડાઈ, એ સંસ્થાના સ્વયંસેવક બની અન્ય સ્વયં-સેવકોની જેમ અલ્પવેતને ફરજ બજાવતા, નાનાભાઈ ભટ્ટના સાથી ગિજુભાઈ બધેકા.

૧૯૨૦ ની પહેલી ઓગસ્ટે શરૂ થયેલી અસહકારની પ્રવૃત્તિ ભારતની સ્વાધીનતામાં પરિણમી તેમ ૧૯૨૦ ની પહેલી ઓગસ્ટે ભાવનગરમાં શરૂ થયેલા આ નાનકડા બાલમંદિરમાંથી જેમ વડના બીજમાંથી સર્જાતા વટવૃક્ષની અનેક શાખા પ્રસરે તેવી રીતે આ બાલમંદિરના દૃષ્ટિવન્ત સર્જક ગિજુભાઈને બાળકોના તારણહાર તરીકે વખત જતાં આખું ભારત ઓળખશે એની તો એની સ્થાપના વખતે કોઈને કલ્પના સરખી પણ નહિ હોય. પણ ૧૮૮૫માં જન્મેલા ગિજુભાઈની જન્મ શતાબ્દી આજે ગુજરાત ઊજવી રહ્યું છે. તે પ્રસંગે બાળકોના એ તારણહાર તરફ કૃતજ્ઞતાથી અનેક એમની સ્મૃતિને ભાવભીની વન્દના કરે છે.

નાલંદા, તક્ષશિલા, વલભી આદિ ભારતની પ્રાચીન વિદ્યા-પીઠોમાંથી વલભી જ્યાં હોવાનું મનાય છે તે ભાવનગરના ગામ વળામાં ગિજુભાઈનો જન્મ. વળા હવે વલ્લભીપુર નામે ઓળખાય છે. એના પ્રાચીન ગૌરવવન્તા નામને પોતાની વિદ્યાકીય પ્રવૃત્તિથી સાથે કરનાર, ગુજરાતમાં અને મહદંશે ભારતમાં સ્વયંસ્ફૂર્તિવાળાં બાલમંદિરની સ્થાપના કરનાર ગિજુભાઈને મળેલી પ્રેરણાના મૂળમાં મોટાભાઈના નામે સારાષ્ટ્રમાં જાણીતા થયેલા એમના મામા હરગોવિન્દભાઈ હતા, રેલવેમાં એ ભાવનગર સ્ટેશનના વડા હતા. નાનાભાઈ નામે વિખ્યાત થયેલા મોટાભાઈના એ ગુરુબન્ધુ હતા. નાનાભાઈ ભાવનગરની શામળદાસ કોલેજમાં અધ્યાપક હતા. એ બન્ને મિત્રોએ ઈ. સ. ૧૯૧૦માં દક્ષિણા-મૂર્તિ વિદ્યાર્થીભવન નામના એક છાત્રાલયની સ્થાપના કરી હતી. એના સંચાલનના ત્રણેક વર્ષના અનુભવ પરથી તે જમાનામાં વિરલ લેખાય એવું પગલું નાનાભાઈએ ભર્યું. કોલેજના પ્રોફેસરની પ્રતિષ્ઠાભરી લેખાય

એવી નોકરી છોડી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનનો વિનયમંદિરમાં વિકાસ કરવાની મહત્ત્વાકાંક્ષા સાથે નાનાભાઈ દક્ષિણામૂર્તિમાં જોડાયા. એ સંસ્થામાં ગિજુભાઈ પોતાની વકીલાત છોડી ૧૯૧૬ માં જોડાયા, અને ગુજરાતમાં નવી કેળવણીમાં પ્રાણવાન બીજ વવાયાં.

એ વખતે ગિજુભાઈની વય એકત્રીસ વર્ષની. એમના વિચારો ને જીવનદૃષ્ટિ એ વખતે ઠીક ઠીક ઘડાયાં હતાં. કુટુંબની આર્થિક સ્થિતિ એમને ઉચ્ચ અભ્યાસની તક આપે એવી નહિ હોઈ એ આફ્રિકા ગયા, અને ત્યાં એક અંગ્રેજ સોલિસિટરની ફર્મમાં જોડાયા. એ નોકરીમાં એમને એક એવો અનુભવ મળ્યો જેણે એમને જાણે કે સંજય દૃષ્ટિ આપી, કોઈ મુશ્કેલી અંગે જ્યારે એ એમના ઉપરી સોલિસિટરને પૂછતા ત્યારે એક જવાબ મળતો કે use your brain–તારું મગજ ચલાવ. આ એમને માટે જાણે કે વેદવાક્ય બની ગયું, બાળકો સાથેના વ્યવહારમાં પોતાના વિચાર એમના પર ન લાદવા તે તેઓ સ્વતંત્ર રીતે વિચારતાં શીખે એવું વાતાવરણ સર્જવું. પેલા જાણીતા દુહામાં છે તેમ

नकशा हुकुम चले इमारत वृक्ष चले निजलीला । (કબીર)

બાળકો સાથેના સંબંધમાં બાળકોમાં સહજ સ્ફૂરતી લીલા એમની પથદર્શક બની.

બાળકો માટે એમણે જે આદર્શ પોતાની સમક્ષ રાખ્યો હતો તે જ એમના પોતાના અંગત જીવન માટે એમણે અપનાવ્યો હતો. યુનિવર્સિટીના વાતાવરણનો વિદ્યાર્થી તરીકે જે લાભ એ નહોતા લઈ શક્યા તે તેમણે રોજબરોજના જીવન વ્યવહારમાંથી મેળવ્યો, એમને માટે જગત અને જીવન ઉઘાડી કિતાબ જેવાં બન્યાં, એમનાં જ્ઞાનની ક્ષિતિજો માનવસંબંધોને શ્રુત દ્વારા વિકસતી થઈ.

દક્ષિણામૂર્તિમાં જોડાયા પહેલાં ને આફ્રિકાથી આવ્યા પછી એમણે મુંબઈમાં કાયદાનો અભ્યાસ શરૂ કર્યો તેમાં એમને જેમનો પ્રેરક સાથ મળ્યો તેમાં હતા રામનારાયણ વિ. પાઠક (દ્વિરેફ), મહાદેવ દેસાઈ અને રવિશંકર રાવળ જેવા સારસ્વતો ને કળાકારો, એમણે વકીલાતનો અભ્યાસ પૂરો કરી વઢવાણ કેમ્પમાં પ્રેક્ટિસ શરૂ કરી તેમાં આપણા જાહેર જીવનમાં વખત જતાં મોખરાને

સ્થાને આવેલા મણિલાલ કોઠારી, અમૃતલાલ શેઠ, પોપટલાલ ચૂડગર, મોહનલાલ બૅરિસ્ટર જેવા અગ્રગણ્ય વકીલોના સંપર્કમાં તે આવ્યા. આર્થિક સ્વાવલંબનની દૃષ્ટિએ વકીલાતની એક સારી કેડી તેમને મળી હતી, છતાં તેમને એથી સંતોષ ન હતો. એમના વિદેશ પ્રવાસમાંથી અને વિવિધ માનવસંપર્કો ને વકીલાતના વ્યવસાયમાંથી જગતની કેટલીક વિરૂપતા જોઈ એ બેચેન થતા હતા. તેમાંથી કેમ બચવું તે તેમના અંતરની સતત ખોજ બની. એમના પુત્રના જન્મ સાથે ગિજુભાઈના જીવનમાં બાળકોના વિકાસ માટે વિચારની ફૂંપળો ફૂટવા માંડી. દરબાર જોપાળદાસ સાથે એમને સંબંધ બંધાયો હોઈ તેમની સાથેની વાતોમાંથી આણંદમાં મોતીભાઈ અમીનનો સંપર્ક સાધવાના મનોરથ એમના મનમાં જાગ્યા, અને એ સંબંધમાંથી મોન્ટેસરી સાહિત્ય એમના અસંતોષ દૂર કરનાર મહાન ઔષધ–જડીબુટ્ટી જેવું એમને લાધ્યું. એ સાહિત્યનો અભ્યાસ કરી એમાંથી લાધેલી પ્રેરણાને અનુરૂપ ક્ષેત્રની શોધમાંથી તે દક્ષિણામૂર્તિમાં જોડાયા અને બાળકેળવણીને કલા અને વિજ્ઞાનના સંગમ તીર્થરૂપ લેખી તે દિશામાં પોતાની જીવનયાત્રા આરંભી.

ગિજુભાઈના આ નવપ્રસ્થાનને માટે જે તારીખે એમના બાલમંદિરની સ્થાપના થઈ. તે જ તારીખથી આરંભાયેલી અસહકારની લડતે દેશમાં આદર્શોનું જે પ્રચંડ આંદોલન સર્જ્યું હતું, જે મુક્તિની હવા સર્જી હતી તેણે ગિજુભાઈની પ્રવૃત્તિના બીજ માટે ફળદ્રુપ શિક્ષણની ભૂમિ સર્જી. ગુજરાત વિદ્યાપીઠ અને એના જેવી બીજી રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ દ્વારા જુદાં જુદાં સ્થળોએ અસ્તિત્વમાં આવી. જેમાં હજારો વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓ સરકારી શાળાને મહાવિદ્યાલયો છોડી રાષ્ટ્રીય કેળવણીની તાલીમ લઈ રહ્યો હતો. તેણે દેશમાં નવી કેળવણી માટે જે અહોભાવ જગાડ્યા હતા તેની અખૂટ પ્રેરણા હેઠળ ગિજુભાઈની પ્રવૃત્તિએ પકડ્યો. અનેક નવલોહિયાં યુવક યુવતીઓ એથી આકર્ષાઈ ગિજુભાઈ સાથે આત્મીયતા સાધતો થયો. એમાંથી જન્મ્યું બાલ અધ્યાપન મંદિર. આ પ્રકારનું નવી કેળવણીને વરેલું ગુજરાતનું એ પ્રથમ બાલ અધ્યાપન મંદિર હતું. એ સંસ્થાએ ગુજરાતનાં બાળકો માટે નવો યુગ સર્જ્યો, બાળ અધ્યાપન મંદિરમાં તાલીમ લેવા અનેક યુવક યુવતીઓ આકર્ષાયાં, એમને માટે અધ્યાપન મંદિરમાં પ્રવેશ માટે કોઈ ડિગ્રી કે સર્ટિફિકેટનું

ધોરણ રખાયું ન હતું. પ્રવેશ મેળવવા ઇચ્છતી વ્યક્તિની નિષ્ઠા, સંસ્કારિતા પ્રવેશ માટે ધ્યાનમાં લેવાતાં, અને એને પરિણામે ગુજરાતમાં આદર્શ બાલમંદિરની સ્થાપના કરનાર સ્વ. યશસ્વિની રમણલાલ ભટ્ટ ને રંજનબહેન દલાલ જેવા અધ્યાપન મંદિરમાં પ્રવેશ મેળવી શકયાં, એ સંસ્થામાં તાલીમ લઈ બાલમંદિરની સ્થાપના કરનાર સ્વ. વજુભાઈ દવે જેમના પુરુષાર્થના સુંદર આવિષ્કાર રૂપ અમદાવાદનું શારદામંદિર આજે ગુજરાતની પ્રખ્યાત સંસ્થા લેખાય છે. તેનો પાયો ગિજુભાઈના અધ્યાપન મંદિરમાં નંખાયો. આદિવાસી વિસ્તારમાં પણ સ્વ. જુગતરામ થોડો વખત ગિજુભાઈ સાથે રહી બાલમંદિર લઈ ગયા ને વેડછીમાં આંગણવાડીની સ્થાપના કરી. આમ ૧૯૨૦ માં ભાવનગરની ધરતી પર પડેલા બાલમંદિરના બીજમાં આખા ગુજરાત પર વડની વડવાઈઓ જેવી બાળકો માટેની અનેક નવી સંસ્થાઓ શરૂ થઈ જેણે બાળકોના પ્રકાશ અને આનંદની સરવાણીઓ વહેતી કરી.

ગિજુભાઈને જે દૃષ્ટિવન્ત સાથીઓ મળ્યા તેમાં તારાબહેન મોડકનું નામ ચિરસ્મરણીય બન્યું છે, અને એ રાજકોટના સ્ત્રી અધ્યાપન મંદિરનાં પ્રથમ હિન્દી આચાર્યા હતાં. એવા ગૌરવવન્તા પદને છોડી ગિજુભાઈના જીવનકાર્ય અને જીવનદૃષ્ટિથી આકર્ષાઈ તે ગિજુભાઈનાં સહકાર્યકર બન્યાં અને ગુજરાતમાં બાળ કેળવણીના આજીવન પ્રેરણા દાતા, માર્ગદર્શક અને આયોજક બન્યાં, દક્ષિણામૂર્તિની સારસ્વત આત્મા, જેના પ્રભવ સ્થાને નાનાભાઈ, હરભાઈ આદિ તેજસ્વી તારકો હતા તેણે બાલમંદિર અને બાળ અધ્યાપન મંદિરના વિકાસમાં અણમોલ ફાળો આપ્યો. દક્ષિણામૂર્તિના સ્વયંસેવક તરીકેની તેમની કામગીરીનું પૂરું મૂલ્ય ભાગ્યે જ આંકી શકાય. એમણે સર્જેલું બાલસાહિત્યને બાલશિક્ષણના પાયાના પ્રશ્નોને તેના નિરાકરણ વગેરે ગુજરાતમાં બાળકેળવણીના ક્ષેત્રમાં જે મૂલ્યવાન ક્રાંતિકારી પ્રદાન કર્યું તેના સ્પંદનો ગુજરાતની ભૌગોલિક સીમાઓ ઉલ્લંઘી ભારતમાં અન્યત્ર પણ પ્રસર્યાં. આયુષ્યનું ચોપનમું વર્ષ પૂરું થાય તે પહેલાં એમની જીવનલીલા સંકેલાઈ ગઈ, પણ તે પહેલા અનેક સદીઓથી જે અત્યાચારોનો બાળક ભોગ બનતું આવ્યું હતું તેમાંથી બને તેટલું તેને મુક્ત કરી તેની સર્વાંગી મુક્તિની

દિશાને પૂરા આત્મવિશ્વાસ સાથે બતાવતા ગયા. અવસાન પછી થોડા સમય બાદ ગાંધીજીએ વર્ધાથી લખેલા એક પત્રમાં ગાંધીજીએ એમના જીવનનું જે મિતાક્ષરી મૂલ્યાંકન કર્યું હતું તેનાથી વધુ ભવ્ય અંજલિ ભાગ્યે જ કલ્પી શકાય. ગાંધીજીનો એ આખો પત્ર નીચે મુજબ છે.

ભાઈ ચંદુલાલ,

ગિજુભાઈ વિશે હું લખનાર કોણ ? એમના ઉત્સાહ અને એમની શ્રદ્ધાએ મને હંમેશાં મુગ્ધ કર્યો હતો. એનું કામ ઊગી નીકળશે.

સેવાગ્રામ, બાપુના આશીર્વાદ
વર્ધા,
૧૬-૫-૪૦

૪. ગુજરાતમાં બાળકેળવણીના આદ્યદ્રષ્ટા

યશવન્ત શુક્લ

ગુજરાતમાં બાલશિક્ષણની વિજ્ઞાનશુદ્ધ અને વ્હાલપભરી પદ્ધતિ અવતારનાર ગિજુભાઈ કેળવણી ક્ષેત્રના એક મહાન પરિબળ તરીકે ગુજરાતમાં ચિરકાલપર્યન્ત યાદ રહેશે.

એમણે જે પદ્ધતિ અવતારી તેને ગુજરાતમાં બાલશિક્ષણની મોન્ટીસોરી પદ્ધતિને નામે ઓળખવામાં આવે છે. ઇટાલીનાં સુપ્રસિદ્ધ કેળવણીકાર ડો. મારિયા મોન્ટીસોરીની પદ્ધતિની પ્રત્યક્ષ તાલીમ ગિજુભાઈએ લીધી ન હતી, જિંદગીમાં કચારેય ગિજુભાઈ ડો. મોન્ટીસોરીને મળ્યા નથી. ડો. મોન્ટીસોરી સાથે તેમને પત્રવ્યવહાર પણ થયા નથી, તેમ ડો. મોન્ટીસોરીને કાને ગિજુભાઈનું નામ પડયું હશે કે કેમ, ઓછામાં ઓછું ગુજરાતમાં આવું રૂડું કામ ગોઠવાયું તેની ડો. મોન્ટીસોરીને જાણ થઈ હશે કે કેમ તે કહેવાનો પણ સાધાર પુરાવો આપણી પાસે નથી. તેમ છતાં દૂર રહ્યાં રહ્યાં ડો. મોન્ટીસોરીની બાળકેળવણીની લગની, બાળ-માનસશાસ્ત્રની ઊંડી સમજ અને બાળકેળવણીની અભૂતપૂર્વ પદ્ધતિ—લગભગ તત્ત્વજ્ઞાનની કોટિએ પહોંચતી બાળકેળવણીની મીમાંસા—એ ગિજુભાઈના ધ્યાનવિષયો હતા. ડો. મોન્ટીસોરીના આયુષ્યના ઉત્તમ કાર્ય વિશેનો ગિજુભાઈનો અનુરાગ ભક્તિની સમીપ પહોંચી ગયો હતો એમ કહેવામાં કશી હરકત નથી. સ્વ. મૂળશંકર ભટ્ટે યથાર્થ જ કહ્યું છે કે "ગિજુભાઈએ ડો. મોન્ટીસોરીની ભક્તિસાધના એકલવ્ય ભાવે કરી છે."

આ સારીયે ઘટનામાં કોઈ બે સમાનધર્મી માનવપ્રેમીઓને ચેતોવિકાસનું એક જ રહસ્ય સૂઝી આવ્યું હતું એવો તર્ક દોડાવવામાં હું કોઈ દુઃસાહસ કરું છું એમ મને નથી લાગતું. ગિજુભાઈની પોતાની ચાલના બાળપ્રેમીની—માનવકલ્યાણ ચિન્તવનારની હતી. ડો. મોન્ટીસોરીનાં

લખાણોએ તો એમની અંતર્ગૂઢ પ્રેરણાને બહારથી અનુમોદન પૂરું પાડયું હતું એમ જ કહેવું જોઈએ. જો એમ ન હોત તો ગિજુભાઈએ બાળકેળવણીનો પ્રયોગ ન કર્યો હોત, પ્રચાર પણ ન કર્યો હોત, વિવિધ પેરે એ પ્રયોગને અનુરૂપ ઉપકરણો તૈયાર કરાવ્યાં ન હોત અને આ નવીન વિચારને ભારતીય પરિવેશમાં સ્થાપી આપ્યો ન હોત. માત્ર પુસ્તક તો ઘણાંએ વાંચ્યું હોય પણ એનો મર્મ વ્યવહારમાં ચરિતાર્થ કરવાનું સાહસ કેટલા લોકો કરે ?

મોન્ટેસોરી પદ્ધતિના ગિજુભાઈએ દક્ષિણામૂર્તિમાં જે પ્રયોગો કર્યા તેમાં ડો. મોન્ટીસોરીની ભાવનાનો ધ્વંસ થાય છે એવી ટીકા કરનારા સમકાલીનોની ત્યારે અછત ન હતી. ભારતીય પરિસ્થિતિમાં જે પ્રકારનાં રમકડાં બાળકોના ઇંદ્રિય વિકાસને અને સંકલનશક્તિને પોષક એવાં રમકડાં–તેમણે તૈયાર કરાવ્યાં તે ડો. મોન્ટીસોરીએ પ્રચારેલાં રમકડાં કરતાં જુદાં છે માટે ખામીભર્યાં છે એમ કહેનારા પણ હતા. પણ એ વાત હવે ઇતિહાસનો વિષય બની ગઈ કહેવાય. જે ટકયું એ તો મોન્ટીસોરીનું બાલશિક્ષણનું તત્ત્વ, ગિજુભાઈએ સ્વકીય સૂઝથી ગુજરાતમાં વિકસાવ્યું. હવે કોઈ ટીકાની રીતે આ પ્રશ્ન વિચારતું નથી. એનો સર્વત્ર વ્યાપક સ્વીકાર થયો છે એ અર્થમાં ગુજરાતમાં બાળકેળવણીના ગિજુભાઈ આદ્યદ્રષ્ટા છે.

ગિજુભાઈ કે મોન્ટીસોરીનાં પહેલાં પૃથ્વીપરે બાળક નહોતું કે બાળક વિશેનો માતપિતા ઉપરાંત અનેક જીવતાં મનુષ્યોનો સ્વાભાવિક પ્રેમ નહોતો એવું પણ નહોતું. બાળકે સહજતાથી, સ્વયંસ્ફુર્તિથી, નિર્વ્યાજ છટાઓથી મોટેરાંઓમાં સદૈવ કોમળ ભાવો પ્રેર્યા છે. એનું સાન્નિધ્ય હૃદયમાં કોમળ ભાવો સ્ફુરાવે એ તો જુગજૂનો અનુભવ છે. હા, એના નાના કદને કારણે અથવા એના અલ્પવિકસિત શરીરબળને કારણે એની કહેવાતી પજવણીથી વાજ આવેલાં મોટેરાંઓએ એની ઉપર ઓછી શિરજોરી કરી નથી. બાળકોને ચાહનારાંઓએ પણ બાળકોને વારંવાર ડાર્યાં છે અથવા ફટકાર્યાં છે.

પણ ડો. મોન્ટેસોરીએ શિક્ષણના ઇતિહાસમાં પહેલવહેલીવાર વ્યવસ્થિત રીતે સ્થાપ્યું કે બાળક પણ એક ઊછરતો મનુષ્ય છે. એને પોતાનું વ્યક્તિત્વ છે, પોતાની શક્તિઓ છે અને પોતાની અભિલાષાઓ

છે. બાળક સ્વાભાવિક વિકાસ સાધે, પોતાની રુચિ, ગતિ અને સ્વૈર લીલાપૂર્વક વિકાસ સાધે તે માટે એમને ભય અને લાલચ, સજા અને પ્રલોભન બંનેથી ઉગારી લેવાં જોઈએ અને એમની રુચિ અને શક્તિને પારખીને એમની ગતિએ એમને વિકસવા દેવાં જોઈએ. ડો. મોન્ટીસોરીને પણ પૂર્વાચાર્યો હતા : લોક, ફ્રોન્ડીલેક, પેરેરા, રૂસો, ઇટાર્ડ અને સેગુઇનનો નિર્દેશ ડો. મોન્ટીસોરીના પૂર્વાચાર્યો તરીકે થાય છે. પણ ડો. મોન્ટીસોરીએ બાળકની સ્વાધીનતા ઉપર સારો એવો ભાર મૂકી બતાવ્યો, એટલું જ નહીં, યોગ્ય અને અનુકૂળ સંદર્ભ રચી આપવામાં આવે તો બાળક કેવું તન્મય બનીને પોતાની આંતરિક શક્તિઓ પ્રગટ કરે છે તે પણ અનેક પ્રયોગો કરીને દર્શાવ્યું.

ગિજુભાઈને આ ભાવી ગયું અને ફાવી ગયું. એમણે પણ પોતાની શાળામાં પ્રયોગો કરી કરીને બાળકોની નિગૂઢ શક્તિઓને ઇજન આપ્યું. એ બાળકોને ફટવે છે એવું કહેનારાઓનો પણ આસપાસનાં રૂઢિવશ જીવન જીવનારાંઓમાં તોટો ન હતો, પણ પોતાની અખૂટ શ્રદ્ધા અને સિદ્ધાન્તપરાયણતાથી ગિજુભાઈએ બાળકો સાથે ભેલીને અને માબાપોનો સંપર્ક કરીને તેમને સમજાવીને એક પ્રકારની અનુકૂળ આબોહવાનું નિર્માણ કર્યું.

ગુજરાતના સમર્થ કેળવણીકાર સ્વ. નાનાભાઈ ભટ્ટ અને અરૂઢ રીતે વર્તવાનું સાહસ કરવામાં પાછી પાની ન કરે એવા બીજા કેળવણીકાર સ્વ. હરભાઈ ત્રિવેદી ગિજુભાઈના સાથીઓ હતા અને બંનેએ તેમના પ્રયોગોને જ નહીં પણ તેની પાછળની વિચારધારાને અનુમોદન આપ્યું. દક્ષિણામૂર્તિ સંસ્થા આ રીતે ગુજરાતમાં કેળવણીને નવું પરિમાણ બક્ષનારી સ્વાધીન સંસ્થા હતી.

આ એક કેવો વિલક્ષણ યોગ કે જીવન સમસ્તમાં તથા ભારતીય જનજીવનમાં જ્યારે મહાત્મા ગાંધી સ્વાધીનતા, વ્યક્તિચેતનાનો વિકાસ અને અહિંસાનાં મૂલ્યો સંસ્થાપિત કરી રહ્યા હતા તે જ યુગસંદર્ભમાં નાનાભાઈ અને ગિજુભાઈ પણ કેળવણીની સ્વતંત્ર દૃષ્ટિથી એ જ મૂલ્યો બાળકેળવણીમાં પ્રસ્થાપિત કરવા તત્પર બન્યા હતા. બાળકો પ્રત્યેનો પ્રેમ અને ભય તથા લાલચનો પરિહાર એ અહિંસાનાં મૂલ્યો હતાં અને બાળકને રુએ તે કરે અને સ્વૈર રીતે પોતાને તે પ્રગટ કરે તે સ્વાધીનતા અને વ્યક્તિચેતનાના વિકાસનાં મૂલ્યો બની રહેતાં હતાં

એક જ તરંગ લંબાઈ ઉપર પોતપોતાના નિર્મિત કાર્યોમાં પ્રવૃત્ત એવા દ્રષ્ટાઓનું કાળે કરીને મિલન થયા વિના રહે જ નહીં. દક્ષિણામૂર્તિનો કેળવણીનો અભિગમ અને રાષ્ટ્રીય કેળવણીનો અભિગમ એક સમાન બની રહ્યો. જાણે યુગચેતના વિવિધ કાર્યક્ષેત્રોમાં મૂર્ત થઈ.

ગિજુભાઈ બાળકેળવણીના કેવળ મર્મજ્ઞ નહોતા, શાસ્ત્રજ્ઞ પણ બની રહ્યા હતા. તેમણે વાર્તાશાસ્ત્ર વિશે જે પુસ્તક લખ્યું તેમાં શાસ્ત્ર કરતાં કલાનું તત્ત્વ વધારે છે એમ સ્વ. મૂળશંકર ભટ્ટે કહ્યું છે તો પણ વાર્તાના શાસ્ત્ર વિશે બીજું આવું પુસ્તક ગુજરાતીમાં બનાવી શકાશે નહીં.

પોતાનાં આરાધ્ય એવાં ડો. મોન્ટીસોરીના જીવનકાર્ય વિશે 'મોન્ટીસોરી પદ્ધતિ' એ નામે ગિજુભાઈએ જે પુસ્તક લખ્યું તે ગુજરાતી કેળવણી ક્ષેત્રે તેમનું વિશિષ્ટ પ્રદાન છે. આ પુસ્તક મૌલિક નથી તો તે નર્યો અનુવાદ પણ નથી. ડો. મોન્ટીસોરીનાં પુસ્તકોનું આલંબન લઈને ગિજુભાઈએ પોતાની નિરૂપણ રીતિ ઉપજાવી છે અને સ્થળે સ્થળે તેમાં તેમણે ડો. મોન્ટીસોરીનાં લખાણનું ભાષાંતર પણ આપ્યું છે. આ વિષય એમણે એનો આત્મસાત્ કર્યો છે કે ગિજુભાઈના સ્વતંત્ર નિરૂપણની ભાષા કે મોન્ટીસોરીના લખાણના ભાષાંતરની ભાષા બે વચ્ચે કશો શૈલીભેદ વરતાતો નથી, જાણે કે ગિજુભાઈએ સ્વતંત્ર રીતે પણ આવું જ કશુંક લખ્યું હોત એવું આપણને લાગે એટલી બધી સ્વાભાવિકતાથી એમણે નિરૂપ્ય વિષયને પ્રત્યક્ષ કર્યો છે. આ પણ એમના ભક્તિભાવનું જ એક પ્રાકટય છે.

આ પુસ્તક બાળકેળવણીને કેન્દ્રમાં રાખીને રચાયું છે અને બાળકની વય, બુદ્ધિ, રુચિ, ઇંદ્રિયોની ક્રિયાશક્તિ એ સર્વને એ લક્ષે છે તથાપિ એના અનેક ફલિતાર્થો કેળવણી સમસ્તને ઉપકારક બની શકે તેમ છે. મેં આગળ કહ્યું તેમ બાળકેળવણીની આ મીમાંસા તત્ત્વજ્ઞાનની કોટિએ પહોંચે તેવી સર્વગ્રાહી છે. અભય, સત્ય, અને પ્રેમ એ જો કેળવણીપાત્રનું લક્ષ્ય હોય તો ઠેઠ બાલ્યવયથી એ ત્રણ તત્ત્વોએ બાળકો સાથેના વ્યવહારમાં કેવું રૂપ ધારણ કરવું જોઈએ તેની છણાવટ આ પુસ્તકમાં થઈ છે. એમાં કુદરત અને કલા બંનેનો સાથ મળ્યો છે. એટલું જ નહીં, બાળકનું સ્વતંત્ર પ્રવર્તન કેવી રીતે કલામાં પરિણમે તે પણ

દર્શાવાયું છે. સમગ્ર કેળવણીમાં જાતમહેનત અને શારીરિક કેળવણીનો પણ સમાવેશ થવો જોઈએ તેમ મોન્ટીસોરી પદ્ધતિમાં પણ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકમાં મૂર્ત થયેલા વિચારો ગિજુભાઈએ માત્ર વિચારો રૂપે નોંધ્યા ન હતા પણ વ્યવહારમાં તેમને ચરિતાર્થ કરવા પ્રયોગો આદર્યા હતા. ગિજુભાઈની બાળકેળવણીની વૃત્તિ આમ પ્રયોગસિદ્ધ હતી. તેથી જ દક્ષિણામૂર્તિમાં થયેલો બીજનિક્ષેપ ગુજરાતભરમાં અનેક બાલમંદિરોની વડવાઈઓ રૂપે વિસ્તર્યો છે. બાળકો વિશેની સાધારણ માન્યતાની દૃષ્ટિ બદલવામાં આ બાલમંદિરોએ ઘણો મોટો ફાળો આપ્યો છે. આટલા મૂલ્યપરિવર્તન માટે ગુજરાત ગિજુભાઈનું સદાય ઋણી રહેશે.

૫. ગિજુભાઇની મૌલિકતા

અનુભાઇ પંચોળી

મને ઘણીવાર થાય છે કે ૧૯૩૦થી ૧૯૩૫ના ગાળામાં ગુજરાત કોને વધારે ઓળખે છે એ મુદ્દા પર જનમત લેવાયો હોત તો ગાંધીજી, સરદાર તેમાં અનુક્રમે આવત. પણ તે પછીનાં નામોમાં ગિજુભાઈ અવશ્ય હોત.

એમની આ લોકપ્રિયતા કે જાદુએ ગુજરાતમાંથી બાળકોને શિક્ષા કરવાની વાતને હાંકી કાઢી.

ગિજુભાઈ પાસે રાજસત્તા નહોતી, ધન નહોતું, મંત્ર તંત્ર નહોતો; છતાં કાંતાથી ડાંગ અને દ્વારકાથી દાહોદ આ વિચાર ફેલાઈ ગયો. બાળકોને મરાય નહીં, મારવાથી બાળક ખીકણ થાય, મારવાથી બાળક નીંભર થાય.

એક સાચુકલો આદમી ધૂણી ધખાવીને બેસે તો કેવું આશ્ચર્યકારક પરિણામ આવી શકે તેનો નમૂનો ગિજુભાઈ છે.

ગુજરાતમાં બીજા ગિજુભાઈ જન્મે ત્યારે ખરા.

છતાં ગિજુભાઈ તો "આ બધા મોન્ટીસોરીના પ્રતાપ છે" એમ કહેવાતા જ.

આ નમ્રતાથી એમની મૌલિકતા જેટલી ઓળખાવી જોઈએ તે તથા ઓળખાઈ. અને તે છે મોન્ટેસોરીનું ભારતીયકરણ કે ગુજરાતીકરણ.

મેડમ ગુજરાતમાં આવ્યા ત્યારે ગિજુભાઈ નહોતા. નાનાભાઈએ તેમને અમદાવાદમાં સાથ આપેલો. પ્રેમાભાઇ હૉલમાં મેડમનું વ્યાખ્યાન, સીડી ચડતાં મેડમ કહે "તમારા મિત્રે મારી શિક્ષણપદ્ધતિમાં ફેરફારો કરીને મને અન્યાય કર્યો છે." નાનાભાઈ જરૂર પડયે આખાબોલા થઈ શકતા. તેઓ કહે, "મેડમ, મારા મિત્ર ન હોત તો તમને અહીં ભાગ્યે જ કોઇક ઓળખતું હોત."

ગિજુભાઈ અંતઃપ્રજ્ઞાથી સમજેલા કે પગમાં જોડા તો જોઈએ, પણ દરેકના પગ થોડા-ઘણા અલગ અલગ છે એટલે એક જ ઓઠું બધે ન ચાલે, થોડા ફેરફાર કરવા પડે.

યુરોપ યંત્રપ્રધાન સમાજ, મેડમે "ટુ એજ્યુકેટ ધી હ્યુમન પોટેન્શિયલ"માં કહ્યું છે કે, "જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં વ્યવહારુ જીવનની એકેએક વિગતમાં યંત્રની કરામતો દાખલ કરવી. જેથી આપણાં બાળકો વર્તમાન સંસ્કૃતિ જે પૂરેપૂરી યંત્રાધારિત છે તેમાં ભાગ લેવા માટે તત્પર થઈ શકે." આ બાબતને મેડમ મહત્ત્વ આપતાં એટલે છ વર્ષની ઉમ્મર પછી ગણિત-વનસ્પતિ વિજ્ઞાનનાં સાધનો શોધેલાં; જેની મદદથી આ બંને વિષયનું ઘણી ઊંચી કક્ષાનું જ્ઞાન મળી શકે. જો કે તે જ્ઞાન યંત્રવત્ બની જવાનું-સ્વયંસ્ફૂરિત ન રહે તેવો પણ સંભવ છે જ. ૩ થી ૬ વર્ષ વચ્ચેનાં સાધનો જોવાં તે નહોતાં.

ગિજુભાઈ તો જાણતા જ હતા કે, અહીં તો ઘણા પાસે હળ-લાકડાંય નથી, યંત્રો આવતાં-ફેલાતાં ઘણીવાર લાગશે; એટલે એમણે કળા-કારીગરીનું શિક્ષણવાળા પુસ્તકમાં રેંટિયાના ગુણ સમજાવ્યા. ખરેખર તો પોતાના વાતાવરણને સમજ્યા વિના શિક્ષણ ન જ અપાય. કૃત્રિમતા આવે અને કૃત્રિમતા શિક્ષણનો શત્રુ છે.

યુરોપમાં તો માંસાહાર સામાન્ય; પ્રાણીઓ પર દયા રખાય જ, પણ તેને ખાઈ જવાનાં.

અહીં તો અહિંસાનો સંસ્કાર, નાનકડી કીડીને પણ મારતાં દિલ દુભાય. એટલે ગિજુભાઈએ સસલાં, દેડકાંને પાળવા કરતાં, કાગડા, કબૂતર, ગાય સાથે પ્રીતિ કરાવી, અરે ગધેડા સાથે પણ. "ઊભું હતું ઊભું હતું" તેનો નમૂનો; કબાટ, જોડાની વાર્તા તેનો શ્રેષ્ઠ નમૂનો. ગિજુભાઈ તો શિક્ષણ આજુબાજુની સૃષ્ટિમાંથી આપવાના ખાલી નકલ નહિ જ.

મોન્ટેસોરી પદ્ધતિનો ઉગમ ગરીબ મજૂરોનાં છોકરાં રખડતાં, અને મ્યુનિસિપાલિટીની ભીંતો બગાડતાં તેમાંથી થયો, પણ કચાંયે એ જાણવા નથી મળતું કે એ બાળકોનાં મા-બાપને તેમાં શું સ્થાન મળ્યું, કે શું શિક્ષણ અપાયું. માબાપો છે જ નહિ જાણે – માત્ર બાળકો જ છે.

ગિજુભાઈનું દર્શન આ બાબતમાં મૌલિક. તેમણે જોયું, અનુભવ્યું કે બાળક બાલમંદિરમાં તો ત્રણ કલાક રહે છે. બાકી તો માબાપ સાથે

ઘરમાં જ રહે છે. ત્યાં મોન્ટેસોરીનો પ્રવેશ થવો જોઈએ. નહિતર ત્રણ કલાકનું શિક્ષણ ધોવાઈ જાય. મોન્ટેસોરીનું ધ્યાન આ બાબતે દોરાયું લાગતું નથી.

ગિજુભાઈએ વાલીસંપર્ક, વાલીસભાને બાલમંદિરના કામનો ભાગ ગણ્યો; બાલમંદિરનીએ રળિયામણી ટેકરી પર માબાપોના મેળા ભર્યા, તેમનાં બાળકોનાં નાટકો, પ્રદર્શનો જોવા બોલાવવાનું રાખ્યું. તેમના માટે ટૂંકા ગાળાનાં અધ્યાપનમંદિરો પણ ચલાવ્યાં.

તારાબહેન પાસે "ઘરમાં મોન્ટેસોરી" નામનું આહ્લાદક,દૃષ્ટિસંપન્ન પુસ્તક લખાવ્યું; નાનું છતાં વાંચનારને ઘણો પ્રકાશ આપે તેવું, સાદું સીધું, ઘરમાં બાળકને કેટલું, કેમ શિક્ષણ મળી શકે તેવી માર્ગદર્શિકા. ઇંદ્રિયોનો વપરાશ તો ત્યાં પણ થાય જ છે; ત્યાં કાંઈ બાલમંદિરનાં વૈજ્ઞાનિક સાધનો નહિ હોય. પણ જે સહજ સાધનો છે તેનો સ્વયં-સ્ફૂર્તિ, સ્વાતંત્ર્ય, સાચવીને ઉપયોગ થઈ જ શકે. તારાબહેને સાધનો ગણાવ્યાં, બટન બીડવાં, સૂપડી–સાવરણી વાપરવી, પીરસવામાં જમાડવામાં મદદગાર થવું વગેરે.

ઘરમાં કયાં બેઠી રમતો નથી ? હાથ કારીગરી નથી ? શીવણ-ગૂંથણ, રેંટિયો, રસોઈ–માટીકામ, રંગોળી કયાં નથી આ સાધનો ? અરે, ઘરના ખૂણામાં નાનું સંગ્રહસ્થાન પણ થઈ શકે.

આમાંથી જુગતરામભાઈની આંગણવાડીનો વેલો નીકળ્યો.

અલબત્ત, આ પુસ્તકની જોઈએ એટલી કદર નથી થઈ તે બેદની વાત છે.

પણ ગિજુભાઈએ વાલીઓને બરાબર પકડ્યા, તેમને નવી નવી રીતે સમજાવ્યા કે થોડાક જ ફેરફારથી ઘરમાં બાલમંદિરનું વાતાવરણ સર્જી શકાય તેમ છે. અને તે ન સર્જાય તો બાલમંદિરનાં કામને ધોઈ નાખી શકાય પણ છે.

શું કમાલ પુસ્તકો લખ્યાં !

"આ તે શી માથાફોડ", "મા–બાપ થવું આકરું છે". "મા–બાપોના પ્રશ્નો."

શી રમતિયાળ, છતાં ચોટદૂક શૈલી, સોરઠી બાનીના કેવા લહેકા; કેવા ચાબખા માબાપોને ? અને છતાં કેવી ધાર્મિક શિખામણ !

ગિજુભાઈ ભાષા બેલવવાના સ્વામી હતા, "પંદર–વીશ લીટી"નાં પ્રસંગચિત્રો; લાંબી લપ છપ નહિ, પણ નિશાન પાડયે જ છૂટકો. જુઓ–

"પણ મારી બાને કહેને"

'એલા લખુડા ત્યાં એકલો એકલો રસોડામાં શું કરતો હતો ?'

'કંઈ નહિ !'

'કંઈ નહિ કેમ ? કાંઈક ખાતો 'તોને ?'

'હા, તે મારી બાએ કીધું તું કે છાનોમાનો જઈને દૂધ પી આવ. મેમાનનાં આટલાં બધાં છોકરાં ભેળાં થયાં છે તે દૂધ કયાંથી કાઢવું ?'

'પણ એમ સૌને મૂકીને એકલાં પીવાય ?'

'પણ મારી બાને કહેને, એણે મને કીધું.'

આવા તો એક એકથી ચડે તેવા પ્રસંગો, સાચા અને વેર વેર ભજવાતા.

'કાગા લઈ ગયા', 'મારી બાને ખબર ન પડે હોં', 'એં એં એ', 'વાંચ્યા, તું શું વાંચતો તો ?', 'હું તો થાકી', 'જરા વિચાર્યું હોત તો ?' 'બા–બાપાને નવરાશ છે ?' 'પરાવલંબન', 'સ્વાવલંબન' 'વળગણી', "એવા હેવાજ નથી', 'નથી આવડતું", 'બા, દાડમ આપને !', 'એ મને જડયું", 'બીડી છાની કેટલી પીધી ?', 'શું કામ નથી માનતો ?' 'કેતું માનવું", 'મોટો શંખ',–'ઇ વળી ઢોંગ શા ?' 'રહેવા દેને દૂધડી રહેવા દેને !', 'બધું'ય ભાવવું જોઈએ;' 'એ બા, ધોવરાવને!', 'ગજુડો' 'બે રીતે', કેટ કેટલાં તેજકિરણો, કેટલા તળપદા રણકતા શબ્દો ને કેટલી લઢણો ? વાંચનારને ચોંટી જ જાય.

નાનાભાઈએ ઠીક જ કહ્યું છે,

આજે મારા મિત્ર ગિજુભાઈ બહાર આવે છે, ને કહે છે "સારી આલમનાં મા–બાપો તમને જે માથાફોડ લાગે છે તે માથાફોડ જ નથી, તબિયત ઠેકાણે રાખીને જૂઓ એટલે માથાફોડ ટળી જઈને એ સ્થાને કાંઈક બીજું જ દેખાશે."

ગિજુભાઈને કાંઈક અવનવું જ દેખાડવું છે. અલબત્ત કયાંક સુધારકનો ઉત્સાહ પણ ઊભરાય છે.

૬. બાલશિક્ષણના આર્ષદ્રષ્ટા ગિજુભાઈ*

ધીરુભાઈ ઠાકર

કલ્પના કરો કે જગત બાળક વિનાનું છે.
કેટલું તે ભયંકર વેરાન જેવું લાગશે ?
કલ્પના કરો કે મા–બાપો બાળક વિનાનાં છે.
કેટલાં તે ભૂંડાંભૂખ અને ભૂખડાં લાગશે ?
કલ્પના કરો કે ઘરો બાળકો વિનાનાં છે.
કેટલાં તે સ્મશાન જેવાં શૂનકાર લાગશે ?
કલ્પના કરો કે શાળાઓ બાળકો વિનાની છે.
કેટલી તે બિહામણી ને વરવી લાગશે ?
કલ્પના કરો કે બાગબગીચા બાળકો વિનાના છે.
કેટલા તે ઝાંખાં અને અટુલા લાગશે ?
કલ્પના તો કરી જુઓ.
બાળકો વિનાનું બધું કેવું લાગશે ?

*

બાલપુષ્પવેલને કઠોર કરસ્પર્શથી કરમાવો ના,
પણ પ્રેમનાં પાણી પાઈ પોષો.

આવાં આવાં સૂત્રો દ્વારા બાળક પ્રત્યે સમાજનું ધ્યાન ખેંચીને ગુજરાતમાં સૌપ્રથમ સાચા અર્થમાં બાલશિક્ષણની ઝુંબેશ ચલાવનાર ગિજુભાઈ હતા. બાલ દેવો ભવ તેમનો ધ્યાનમંત્ર હતો. ગુજરાતમાં રાજકીય સ્વતંત્રતા માટેનું આન્દોલન ચાલતું હતું તે અરસામાં જ ગિજુભાઈ–પ્રેરિત બાલ-સ્વાતંત્ર્યનું આન્દોલન પણ ચાલુ થયું હતું. આઝાદીની લડતની મહાન

---

* તા. ૩–૮–'૮૫ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે યોજાયેલા ગિજુભાઈ જન્મ શતાબ્દી કાર્યક્રમ પ્રસંગે આપેલું વ્યાખ્યાન, થોડાક ફેરફાર સાથે.

ઘટનાએ આ નાનકડી પ્રવૃત્તિને ઢાંકી દીધેલી, પરંતુ ગાંધીજીએ દેશના નવોત્થાનનો સર્વગ્રાહી કાર્યક્રમ ઘડ્યો હતો તેમાં ગિજુભાઈના નૂતન બાલશિક્ષણ સિદ્ધાન્તને મહત્ત્વનું સ્થાન મળ્યું હતું. ૧૯૨૪માં ગાંધીજીએ લખેલી બાળપોથી મહાદેવભાઈએ ગિજુભાઈને જોવા મોકલેલી. ગિજુભાઈએ તે જોઈને મહાદેવભાઈને પોતાનો અભિપ્રાય બેધડક મોકલી આપેલો કે 'આ બાળપોથી ગાંધીજીની ન હોત તો કચારની ટોપલીમાં ફેંકી દીધી હોત.' ગાંધીજી તે વખતે જેલમાં હતા. પણ ગિજુભાઈના અભિપ્રાયને માન્ય રાખીને તેમણે તે બાળપોથી છપાવી નહીં.

૧૯૧૫ની સાલમાં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ આવ્યા તે વખતે ગિજુભાઈ વઢવાણમાં વકીલાત કરતા હતા. તેમની પડોશમાં શાળા ચાલતી હતી. તેમાં બાળકોના ઘોંઘાટ અને શિક્ષકના ત્રાસ વચ્ચે ચાલતું શિક્ષણ જોઈને તેમને એની તરફ નફરત પેદા થયેલી. પોતાના બાળકને આ ત્રાસયુક્ત વાતાવરણથી બચાવીને કેવી રીતે શિક્ષણ આપી શકાય તેની તેમના મનમાં ગડભાંજ ચાલતી હતી. દરબાર ગોપાળદાસે તેમને વસોમાં મોન્ટેસરી પદ્ધતિનો પ્રયોગ કરી રહેલા મોતીભાઈ અમીન પાસે જવાનું સૂચન કર્યું. તે વસો ગયા. મોતીભાઈએ તેમને છોટુભાઈ પુરાણીએ લખેલું 'મોન્ટીસોરી પદ્ધતિ' પુસ્તક આપ્યું.

ગિજુભાઈએ ઊલટપૂર્વક તે પુસ્તક વાંચી નાખ્યું. તેમાં સમજાવેલી શિક્ષણપદ્ધતિથી તેઓ એવા પ્રભાવિત થયા કે કોઈ કીમતી ખજાનાની ચાવી મળી ગઈ હોય તેટલો આનંદ તેમને થાય છે. તેઓ એની નોંધ લેતાં કહે છે કે 'મારી મુંઝવણ હવે ટળી ગઈ છે. ઈટાલીમાં મોન્ટીસોરી નામની એક શિક્ષિકા છે. તેણે બાળકોની શક્તિ અને રુચિના અવલોકનને આધારે તેમને માટે વયકક્ષા અનુસાર નવો જ અભ્યાસક્રમ ઘડ્યો છે. આ અભ્યાસક્રમને અનુસરવાથી બાળક સ્વયંસ્ફુરણાથી વર્તે છે અને તેની શક્તિઓ ધીમે ધીમે વિકસતી જાય છે.'

પુત્ર પૂર્વ-પ્રાથમિક શિક્ષણ લેવા જેવડો થયો ત્યાં સુધીમાં પિતાએ પૂરતી સજ્જતા મેળવી લીધી હતી.. તેમણે મોન્ટીસોરીના સિદ્ધાન્તનો પ્રથમ પ્રયોગ પુત્ર પર કર્યો. મામા ભાવનગરમાં દક્ષિણામૂર્તિ શાળા ચલાવતા હતા ત્યાં તેમને બોલાવ્યા.

તે પહેલાં દક્ષિણમૂર્તિ સંસ્થાના કાનૂની સલાહકાર તો હતા જ. દક્ષિણમૂર્તિ છાત્રાલયના મદદનીશ ગૃહપતિની જગા મળી. પ્રો. નૃસિંહપ્રસાદ કાળિદાસ ભટ્ટ (નાનાભાઈ) સંસ્થાના નિયામક હતા. તેમણે ગિજુભાઈની પ્રતિભા પરખીને એક જ વર્ષમાં તેમને વિનયમંદિરના આચાર્ય તરીકે નિયુક્ત કર્યા. એક બિનઅનુભવી 'અંડર ગ્રેજ્યુએટ'ને શાળાનું સુકાન સોંપવા બદલ નાનાભાઈની ટીકા થઈ. પરંતુ થોડા જ વખતમાં ગિજુભાઈએ આગવી શિક્ષણશૈલી અને વિનયી વ્યવહારથી શિક્ષકો તથા વિદ્યાર્થીઓનો પ્રેમ જીતી લીધો. ચાર વર્ષ આચાર્યપદે રહ્યા તે દરમ્યાન શહેરની અન્ય શાળાઓના શિક્ષકોને બોલાવીને તેમની સાથે તેઓ શિક્ષણના પ્રશ્નોની નિખાલસ ચર્ચા કરતા. શિક્ષકોની ચર્ચાને અવલંબીને નૂતન શિક્ષણના પ્રગલ્ભ પ્રયોગો કરનારી દક્ષિણામૂર્તિ ગુજરાતમાં કદાચ પહેલી શિક્ષણસંસ્થા હશે. પછી તો તે પ્રચલિત શિક્ષણપ્રથાને ઉથલાવી પાડનારા અનેક ક્રાન્તિકારી વિચારોનું ઉદ્ભવસ્થાન બની રહી.

આ ચર્ચાસભાઓમાં શૈક્ષણિક સુધારાનો જેમ જેમ વિચાર થતો ગયો તેમ તેમ ગિજુભાઈને પ્રતીત થતું ગયું કે સુધારો પાયાથી શરૂ થવો જોઈએ. શિશુવયથી બાળકનું સુયોગ્ય ઘડતર થાય તે રીતે શિક્ષણની વ્યવસ્થા ગોઠવાવી જોઈએ. ૧૯૨૦માં દક્ષિણામૂર્તિ સંસ્થામાં બાલમંદિર શરૂ થયું. ગિજુભાઈએ બાલમંદિર સંભાળ્યું. હરભાઈ વિનયમંદિરના આચાર્ય થયા.

ગિજુભાઈનું ખરું કામ હવે જ શરૂ થાય છે. વિભિન્ન સ્વભાવ ટેવ અને વય–જૂથનાં બાળકોના સાન્નિધ્યમાં તેમનો આત્મા કોળી ઊઠે છે દરરોજ નવા પ્રશ્નો ઊઠે, નવા અખતરા થાય અને મોન્ટેસોરીના સિદ્ધાન્તો પરિસ્થિતિને માફક આવે તે પ્રમાણે લાગુ પડતા જાય. દિનરાત એનો જ વિચાર ચાલે. એક એક બાળક એટલે એક એક પ્રશ્ન. ઉચ્ચ કોટીના માનસશાસ્ત્રીને છાજે તેટલી ધીરજ અને સ્વસ્થતાથી બાળકોનાં વૃત્તિ–વલણ–વર્તનનું નિરીક્ષણ થાય અને નોંધાય. દરેકની ખાસિયત અને તેમાંથી ઊપસતા વ્યક્તિત્વને સમજવાનો પ્રયત્ન ચાલે. મોટા માણસના જેટલું જ માન અને ગૌરવ ગિજુભાઈ બાળકને આપતા. બે અઠવાડિયાં આ કામ ચાલ્યું તે દરમ્યાન તો તેમણે બાળકોનો પ્રેમ જીતી લીધો. આ આનંદની પળો તેમના જીવનની મહામૂલી અનુભૂતિ હતી.

તેઓ નોંધે છે : " બાળકોએ મને પ્રેમથી નવરાવી દીધો; મારું જીવન પલટી નાખ્યું. તેમને શીખવતાં હું ઘણું ઘણું શીખ્યો છું. તેમનું નિરીક્ષણ કરતાં હું આત્મચિન્તનની કળા શીખ્યો છું. તેમને નીચેથી ઉપર શિખર સુધી લઈ જતાં હું પણ ઊંચે ચડી શક્યો છું, મારા શિષ્ય બનીને ખરેખર તેમણે મને પુષ્કળ શીખવ્યું છે. "

ગિજુભાઈને મતે બાલશિક્ષણ સ્વતંત્ર ભારતનો પાયો બાંધવાનું કામ હતું. તેમાં હૃદય રેડીને પૂરો સહકાર આપવા માટે મિત્રો અને સાથી શિક્ષકો ઉપરાંત વાલીઓને તેઓ અનુરોધ કરે છે. ચીલાચાલુ શિક્ષણથી ટેવાયેલાં માબાપને ગિજુભાઈની વાતો વિચિત્ર ને ન સમજાય તેવી લાગતી. પરંતુ ગિજુભાઈ તો થાકયા વિના સતત તેમને કહ્યા જ કરે છે કે બાળકને ખીવરાવશો નહીં, બાળકને મારશો નહીં, બાળક તે સ્વતંત્ર વ્યક્તિ છે, તેને સ્વયંસ્ફુરણાથી સ્વતંત્ર રીતે કામ કરવા દો. વાલીઓને શાળામાં બોલાવીને, પત્રો લખીને તેમજ તેમની જાતે મુલાકાત લઈને તેઓ આ નવો શૈક્ષણિક અભિગમ વારંવાર સમજાવતા હતા.

ગિજુભાઈ શાળામાં કશી રોકટોક વિના બાળકને સ્વતંત્ર રીતે વર્તવા કે કામ કરવા દેતા. ઇન્દ્રિયવિકાસ અને બૌદ્ધિક વિકાસ થાય તેવી રમતોનાં સાધનો આપીને બાળકોને વર્ગમાં બેસાડે અને પોતે કશું બોલ્યા વિના તેમનું નિરીક્ષણ કરે.

ગિજુભાઈએ મોન્ટેસોરીના સિદ્ધાન્તોનું જડ અનુસરણ કે પાલન કર્યું નથી. મોન્ટેસોરીની નવા પ્રકારની શાળાના કરતાં તેનો અભિગમ તેમને ગમી ગયો હતો. તેનાથી તેમના અનેક પ્રશ્નોનું નિરાકરણ થઈ જતું. સ્વતંત્રતા, સ્વયંસ્ફુરણા અને સ્વાશ્રય : મોન્ટેસોરીના આ ત્રણ સિદ્ધાન્તોનો તેમણે વ્યાપક ફલક ઉપર પોતાના કાર્યમાં વિનિયોગ કરેલો છે. મોન્ટેસોરીની ફિલસૂફી તેમને મતે ગાંધીવિચારના વિસ્તરણરૂપ હતી. પ્રેમ, સ્વાતંત્ર્ય, સ્વાશ્રય અને માનવતાનાં મૂલ્યોનું જતન ઉલયને અભિપ્રેત હતું. મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનો બને તેટલાં સસ્તાં બનાવવાનો ગિજુભાઈનો ઉપક્રમ હતો. ત્રાસ અને જોહુકમીનો સામનો કરવાની તેમણે શિક્ષકોને ખાસ શીખ આપી હતી. તેઓ કહેતા કે હિંસા અને આતંકને દુનિયામાંથી વિદાય આપવી હોય તો બાળકોને શારીરિક શિક્ષા કરવાનું

બંધ કરેા. તેઓ બાળકોને ઇનામ આપવાની પ્રથાની પણ વિરુદ્ધ હતા. ઇનામ પ્રલોભન જગાડે છે અને તેમાંથી અનેક અનિષ્ટોનાં બીજ વવાય છે એમ તેમનું દૃઢ મંતવ્ય હતું. શિક્ષકની સફળતાની ચાવી આત્મ-સંયમમાં રહેલી છે એમ તેઓ વારંવાર કહેતા.

દક્ષિણામૂર્તિ બાલમંદિર ગિજુભાઈએ ૧૯૨૦થી ૧૯૩૬ સુધી ચલાવ્યું હતું. પૂર્વ-પ્રાથમિક શિક્ષકો માટે ૧૯૨૫માં તેમણે તાલીમ શાળા શરૂ કરેલી, જેમાંથી નૂતન બાલશિક્ષણનો ગિજુભાઈનો સંદેશ દૂર દૂરનાં ગામડાં સુધી પહોંચતો થયો હતો. શિક્ષકોનાં સંમેલન ભરીને તેમણે પ્રજામાં નૂતન બાલશિક્ષણ અંગેની જાગૃતિ ફેલાવી હતી અને નૂતન બાલશિક્ષણ સંઘ ઊભો કર્યો હતો. ગિજુભાઈ આ બધી પ્રવૃત્તિઓના પ્રાણ સમા હતા. વીસમી સદીની પહેલી પચીસી પછીના દાયકા દરમ્યાન સેંકડો નવદીક્ષિત શિક્ષકો અને હજારો બાળકો આ નવીન શિક્ષણભાવનાની હવાથી તાજગી અને સ્ફૂર્તિ અનુભવવા લાગ્યાં હતાં. ગિજુભાઈનાં પુરુષાર્થથી આમ આઝાદીના આંદોલનની સાથેસાથ નૂતન બાલશિક્ષણનું આંદોલન ગુજરાતમાં ફરી વળ્યું હતું. દુર્ભાગ્યે શિક્ષણની વિવિધ કક્ષાઓ વચ્ચે સંકલનનેા અભાવ હોવાથી તેનું શુભ પરિણામ માધ્યમિક અને ઉચ્ચ કક્ષામાં બહુ જોવા મળ્યું નહીં. સત્યાગ્રહની લડતમાં ગિજુભાઈએ એક શિક્ષકની હેસિયતથી ભાગ લીધેલેા. બારડોલી સત્યાગ્રહ વખતે તેમણે ખેડૂતો અને આદિવાસીઓની વચ્ચે રહીને પ્રૌઢ શિક્ષણનું કામ કર્યું હતું. સુરતમાં હતા ત્યારે સત્યાગ્રહસેનામાં તેમણે કિશોરોની વાનરસેનાનું એક નવું જ અંગ દાખલ કરેલું.

નવા પ્રકારના શૈક્ષણિક પ્રયોગ માટે નવાં પાઠ્યપુસ્તકો જોઈએ. ૧૯૨૫ સુધી પૂર્વ-પ્રાથમિક કક્ષા માટે કોઈ પાઠ્યપુસ્તક નહોતું, કશી વાચનસામગ્રી નહોતી. ગિજુભાઈએ આ ખોટ પણ પૂરી. તેઓ જન્મજાત લેખક પણ હતા. અથવા કહો કે તેમનામાં રહેલા શિક્ષકે અંદર બેઠેલા સર્જકને સક્રિય થવા પ્રેર્યો હતો. વહેલી સવારે શિક્ષકોના અધ્યાપન-વર્ગ ચલાવે અને મોડી રાત્રે બાળકો માટેનાં પુસ્તકો લખે તેવો તેમનો રોજિંદો ક્રમ હતો. તેમણે વિવિધ વયકક્ષાનાં બાળકો માટે વિવિધ પ્રકારનાં પાઠ્ય-પુસ્તકો લખેલાં છે. જમાનાજૂની સરકારી બાળપોથી પછી જુગતરામભાઈ સાથે તેમણે તૈયાર કરેલી 'ચાલણગાડી' ચારથી છ વર્ષના વયજૂથનાં

બાળકો માટેનું નૂતનશૈલીનું પહેલું પાઠ્યપુસ્તક હતું. પછી તો 'મોટી બહેન', 'સુંદર પાઠો', 'ભેરુ', 'બાંબાવાડિયું' વગેરે મળતાં ગયાં. 'બાલસાહિત્યમાળા', 'બાલવાર્તાઓ', 'બાલસાહિત્યવાટિકા', વગેરે ગ્રંથ-માળાઓ પણ આવતી ગઈ.

બાળકો માટેનાં પુસ્તકો તયાર કરવામાં ત્રણ બાબતોનું ખાસ ધ્યાન રાખવાનું ગિજુભાઈએ કહ્યું છે : (૧) તેની છપાઈ મોટા બીબામાં થવી જોઈએ. (૨) તેના વિષયવસ્તુની પસંદગી બાળકની આસપાસની દુનિયામાંથી થવી જોઈએ. (૩) રજૂઆત બાલભોગ્ય હોવી જોઈએ, ઇતિહાસ, ભૂગોળ, વૃક્ષો, પુષ્પો, પ્રાણીસૃષ્ટિ, કલાકસબ, સ્થળો વગેરેનાં પુસ્તકોમાં તેઓ ચિત્રો અવશ્ય આપતા. માનવપ્રેમ અને દેશભક્તિની ભાવના બધાં લખાણોમાં પ્રત્યક્ષ યા પરોક્ષરૂપે ધ્યાન ખેંચે. બાળસાહિત્યમાં સાહિત્યગુણ અવશ્ય જોઈએ એમ ગિજુભાઈ ભારપૂર્વક કહેતા, તેની પૂરેપૂરી તકેદારી રાખીને તેમણે કેટલું વિપુલ સાહિત્ય આપ્યું છે ! કાવ્યો, નાટકો, વાર્તાઓ, લોકવાર્તાઓ, લોકગીતો, પ્રવાસવર્ણનો, પત્રો, ડાયરીઓ, રેખા-ચિત્રો, અને વિજ્ઞાન તથા પ્રકૃતિ અંગેના પાઠો વ૦ આપ્યાં છે. તળપદી ભાષાનો તેમાં નિરૂપિત તળપદા જીવનના જેટલો જ સ્વાભાવિક પ્રયોગ તેમણે કરેલો છે. તેમણે સિદ્ધ કરેલી કક્ષાએ, પછીનો કોઈ બાલસાહિત્ય લેખક પહોંચી શકયો નથી. નાનાભાઈ અને હરભાઈએ સ્વકીય પ્રતિભાથી ગિજુભાઈએ સ્થાપેલી પરંપરાને પુષ્ટ કરેલી છે, જે પછીથી તારાબહેન, મોંઘીબહેન વગેરે દ્વારા ચાલુ રહેલી છે.

વાર્તા અને નાટક ગિજુભાઈએ અપનાવેલાં બીજાં સબળ શિક્ષણ-સાધનો હતાં. વર્તાકથન દ્વારા બાળકનું ધ્યાન ખેંચીને તેને ઇષ્ટ પ્રવૃત્તિમાં અભિમુખ કરી શકાતું. નાટક તો તેને માટે આત્મઆવિષ્કારનું આનંદ-જનક માધ્યમ રહેતું. ગિજુભાઈ બાળકોની સાથે અનેક વાર્તાઓને નાટકરૂપે ભજવતા. બાળકો હોંસે હોંસે ભજવવા તત્પર થાય એવાં તેમનાં નાટક છે. તેને સાહિત્ય કે રંગભૂમિના રૂઢ ધોરણે મૂલવવાને બદલે શૈક્ષણિક માધ્યમ તરીકે તેનો કેવો ઉપયોગ થયો છે તે દૃષ્ટિએ જોવાં જોઈએ. 'અંગારમણિ', 'દલા તરવાડી' ને 'રાજા સુપડકન્નો' જેવાં નાટકો તેઓ બાળકોની સાથે નાટકમાં ઊતરીને અત્યંત સ્વાભાવિક ક્રમમાં ભજવતા. 'શા માટે ?'માં તેમણે શાળા અને સમાજને 'શા માટે ?' એમ સતત પૂછ્યા કરતા બાળકના માનસને નિરૂપ્યું છે.

ગિજુભાઈએ શિક્ષણશાસ્ત્ર વિશે લખેલાં પુસ્તકોમાં 'વાર્તાનું શાસ્ત્ર' અને 'કલાકારીગરીનું શિક્ષણ' બાલશિક્ષણમાં વાર્તાકથન તથા હસ્તકલાનો કેટલો મોટો હિસ્સો છે તે સમજાવે છે. 'દિવાસ્વપ્ન' ગિજુભાઈનું શ્રેષ્ઠ સાહિત્યિક પ્રદાન છે. તેમણે બીજું કશું લખ્યું ન હોત અને એકલું 'દિવાસ્વપ્ન' લખ્યું હોત તો પણ શિક્ષણ અને સાહિત્યનાં ક્ષેત્રમાં તેમની કીર્તિ ચિરસ્થાયી રહી હોત. એ પુસ્તકમાં ગિજુભાઈએ પોતાનો શિક્ષક તરીકેનો સર્વ અનુભવ ઠાલવીને તેનો ઉચ્ચ આદર્શ સમજાવ્યો છે. શિક્ષકનો નૂતન આદર્શ લઈને આવેલા એક ઉત્સાહી શિક્ષકને એક વર્ષ માટે ચોથા ધોરણમાં તેની ઇચ્છા મુજબ પ્રયોગો કરવાની એક શિક્ષણાધિકારી છૂટ આપે છે. ગંદાં, અવ્યવસ્થિત અને તોફાની બાળકોને સ્વચ્છ, વ્યવસ્થિત, આનંદી અને શિસ્તબદ્ધ બનાવવા માટે શિક્ષક વાર્તાકથન, રમત અને રોચક પ્રવૃત્તિઓ દ્વારા કેવા પ્રયોગો કરે છે અને હેડમાસ્તર, શિક્ષકો તથા વાલીઓના વિરોધની વચ્ચે તે કેવો આગળ વધે છે તેનું સુંદર, રસપૂર્ણ આત્મકથનાત્મક નિરૂપણ 'દિવાસ્વપ્ન' લખીને ગિજુભાઈએ પછીની પેઢીના શિક્ષકો માટે એક પડકાર ઊભો કર્યો છે. તેમાં શિક્ષક અને શિક્ષણની સફળતાની વ્યવહારુ, એટલે કે અમલમાં મૂકી શકાય તેવી ચાવી છે. પરંતુ કલ્પના કે પ્રયોગશીલ સ્વભાવને અભાવે જડ ચીલાચાલુ શિક્ષણપ્રથાને અનુસરનારાને તે અશક્ય લાગે છે. 'દિવાસ્વપ્ન'માં શિક્ષણના આર્ષદ્રષ્ટાનું ભાવવિશ્વ ભાવિદર્શનરૂપે ઊતર્યું છે. 'બાળવાડી' અને 'આંગણવાડી'ના તેમણે સૂચવેલા પ્રયોગો શહેરમાં તેમજ દૂર દૂરનાં ગામડાંમાં જુગતરામ અને તારાબહેન દ્વારા આજ સુધી ચાલી રહેલા છે; જો કે તેનું સરકારીકરણ થયા પછી મૂળ ભાવના લુપ્ત થતી જાય છે. ૬૦૦૨૫૦૩

'ગિજુભાઈ બાળશિક્ષણના દ્રષ્ટા હતા. તેમણે બાળકોની યુનિવર્સિટીનું સ્વપ્નું સેવેલું. જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં એક સાંજે દક્ષિણામૂર્તિમાં ફરતાં ફરતાં તેમણે સાથીદાર શંકરભાઈને એક જગા બતાવતાં કહેલું કે "આ જમીન બાળવિદ્યાપીઠ માટે રીઝર્વ્ડ છે." સાથીદાર આશ્ચર્ય સાથે તેમની સામે જોઈ રહ્યા. પૂછ્યું, "બાળકોની યુનિવર્સિટી હોઈ શકે?" "કેમ નહીં?" તેમણે કહ્યું, "તેમાં બધાં પ્રકારનાં બાળકોના પ્રશ્નોનો અભ્યાસ થાય. વિકલાંગ બાળકોની ખાસિયતોનું નિરીક્ષણ થાય; 'બાળક'ને લગતા વિવિધ કક્ષાના અભ્યાસ-સંશોધનના કાર્યક્રમો ગોઠવી શકાય અને

તેના અધ્યાપનનો પ્રબંધ થાય. બાળક અનેક શક્યતાઓ, અપેક્ષાઓ અને ક્ષમતાઓનો બનેલો છે. આખી યુનિવર્સિટી તેને લગતી પ્રવૃત્તિઓથી ધમધમતી રહે. તેમાં શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમો, પ્રયોગશાળા અને કાર્યશિબિરો વગેરે પણ ચાલે. બાળ-વિદ્યાપીઠ એ રીતે માનવસંસ્કૃતિના ઉચ્ચતમ શિખરે પહોંચવા માટેનો રસ્તો દોરી આપે."

તેમનું બીજું સ્વપ્નું બાળ-વિશ્વકોશ (Children's Encyclopaedia) નું હતું. બાળવિશ્વકોશ એટલે બાળકો માટેનો ખાસ વિશ્વકોશ. સામાન્ય વિશ્વકોશની આવશ્યકતા કોઈ પણ ભાષા બોલતી પ્રજાને માટે આજે સ્વયંસ્પષ્ટ છે. સુપ્રસિદ્ધ ફ્રેન્ચ વિદ્વાન ડેનિસ ડિડેરોએ છેક અઢારમી સદીમાં વિશ્વકોશની ઉપયોગિતા વિશે બહુ સ્પષ્ટ ભાષામાં સમજાવેલું : એ કહે છે, " વિશ્વકોશનો હેતુ પૃથ્વીના પટ પર વેરાયેલા જ્ઞાનને એકત્ર કરવાનો, આપણા સહજીવી માનવોની સમક્ષ તેનું સંકલન રજૂ કરવાનો અને પછી આવનારાં માનવીઓ સુધી તેને પહોંચાડવાનો છે, જેથી વીતેલા સૌકાઓની મહેનત પછીના વખતમાં વ્યર્થ ન જાય અને આપણાં બાળકો આપણા કરતાં વધુ જ્ઞાનસમૃદ્ધ અને સાથે સાથે વધુ સુખી બને ને એ રીતે આપણે મૃત્યુ પામીએ તે પહેલાં મનુષ્ય તરીકેનું સાર્થક્ય સિદ્ધ કરી શકીએ." વિશ્વકોશ તૈયાર કરવામાં ભગીરથ પુરુષાર્થ રહેલો હોવાથી ડિડેરોએ તેને માટે A noble act deserving well of mankind (મનુષ્યજાતિને શોભે તેવું ઉમદા કાર્ય) એમ કહેલું છે. વિશ્વકોશના વીસમી સદીના સંયોજકોએ ડિડેરોએ દર્શાવેલું પ્રયોજન સિદ્ધ કરવા ઉપરાંત વિશ્વકોશને આધુનિક જીવનની વાસ્તવિક જરૂરિયાત પૂરી પાડવા માટેનું અત્યંત મહત્ત્વનું જ્ઞાનસાધન બનાવેલું છે.

આરંભમાં જ્ઞાનકોશ એક જ લેખકે તૈયાર કરેલો અને સંદર્ભગ્રંથને બદલે પાઠ્યપુસ્તકરૂપે તેનો ઉપયોગ થતો. પછી બે પ્રકારના વિશ્વકોશ પ્રચલિત થયા : (૧) સર્વસામાન્ય સ્વરૂપનો (general) વિશ્વકોશ, જેમાં વિવિધ જ્ઞાનશાખાઓના વિષયોની માહિતી અકારાદિ ક્રમમાં સામાન્ય વાચકને માટે ગોઠવીને રજૂ કરી હોય; (૨) નિષ્ણાતો દ્વારા વિવિધ વિષયોનાં અધિકરણો લખાવીને તેનું સંકલન નિષ્ણાતોના ઉપયોગ માટે કર્યું હોય તેવો. 'ચેમ્બર્સ' ઍન્સાઇક્લોપીડિયા' (૧૭૨૮), 'ઍન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' (૧૭૬૮) અને 'ઍન્સાઇક્લોપીડિયા અમેરિકાના' (૧૮૨૯)

જેવા દુનિયાભરમાં વ્યાપક પ્રસાર પામેલા કોશોની પહેલાં છેક ઈ. સ. પૂ. ચોથી સદીમાં પ્લેટોના બે શિષ્ય સ્પેન્સીઅસ અને ઍરિસ્ટોટલથી માંડીને અકારાદિક્રમની ધ્યાનપાત્ર વ્યવસ્થાવાળો જહોન હેરિસની સત્તરમી સદીના અંતભાગમાં 'લેકસીકન ટેકનીકમ' સાંપડ્યો ત્યાં સુધીમાં ગ્રીસ, રોમ, ફ્રાન્સ, ઇટાલી, ઇંગ્લેન્ડ, જર્મની અને અમેરિકામાં સંખ્યાબંધ કોશો રચાઈ ચૂકચા હતા.

બાળ-વિશ્વકોશની વાત કરીએ તો તેવો પહેલો કોશ સત્તરમી સદીમાં જહોન વેજુસીલે 'પેરા લાઈબ્રોરમ જુવેનિલિયમ' (Collection of Juvenil Books) તૈયાર કરેલો. પણ વીસમી સદીના આરંભમાં (૧૯૧૦) પ્રગટ થયેલ આર્થર મીકૃત બાળ-વિશ્વકોશે તથા 'જ્ઞાનપોથી' (Books of Knowledge) એ સાહિત્યરસિકો અને શિક્ષણકારોનું ધ્યાન ખેંચેલું. ૧૯૧૭-૧૮માં થોડાક શબ્દો અને ભરચક ચિત્રોવાળું 'ઉવલ્ડ બૂક ઑવ નોલેજ ઈન સ્ટોરી ઍન્ડ પિકચર' પ્રગટ થયું. તે એટલું બધું બાળકોને ગમી ગયેલું કે તેની સંખ્યાબંધ સંવર્ધિત આવૃત્તિઓ, દર વર્ષે પુરવણીઓ ઉમેરાતી જાય તે રીતે, પ્રગટ થયેલી. ૧૯૬૧માં તેની ૧૪૫ ભાગમાં ગ્રેઈલ આવૃત્તિ નીકળેલી.

એન્સાઈકલોપીડિયા બ્રિટાનિકાએ ૧૯૬૩માં 'બ્રિટાનિકા જુનિયર એન્સાઈકલોપીડિયા ફોર ચિલ્ડ્રન' બાર વર્ષની નીચેનાં બાળકો માટે તૈયાર કરેલો. અમેરિકામાં ફ્રેન્ક ઈ. કોમ્પટને 'સ્ટૂડન્ટ્સ એન્સા૦' ૧૮૯૪માં તૈયાર કરેલો તે ઘેર ઘેર ફરીને વેચેલો. 'કોમ્પટન્સ પિકચર્ડ એન્સા.' આ ક્ષેત્રમાં ક્રાન્તિકારી ગ્રંથ ગણાય છે. વાંચવા શીખતાં હોય તેવાં બાળકો માટે 'કોમ્પટન્સ યંગ ચિલ્ડ્રન્સ પ્રિસાઈકલોપીડિયા' સોળ ભાગમાં સચિત્ર પ્રગટ થયો હતો. 'ઑકસફર્ડ જુનિયર એન્સા૦' (દરેક ભાગમાં એક એક વિષય આવે તે રીતે) અગિયાર વર્ષની ઉપરનાં બાળકો માટે બાર ભાગમાં ઉપલબ્ધ છે.

પશ્ચિમના દેશોમાં ચાલી રહેલી બાળ-વિશ્વકોશની પ્રવૃત્તિની આ તો ઝલક માત્ર છે. અંગ્રેજીમાં એ પ્રકારના સંખ્યાબંધ વિશ્વકોશો પ્રગટ થયેલા છે. કૂટીબંધ પ્રકાશકો એમાં રસ લે છે. તેમાં બે બ્રિટિશ પ્રકાશકોનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ : હેમલિન અને ઑડહેમ. હેમલિનનો

'ઉવ્હોટ ડુ યુ નો ' અને ઑડહેમનો 'એવ્રી ચાઈલ્ડ્ઝ બૂક ઑવ્ ઉવ્હાય ઍન્ડ ઉવ્હેન ' બહુ જાણીતા છે. વાર્તા ઉપરાંત પ્રશ્નોત્તર રૂપે આ કોશોમાં વિવિધ વિષયોની માહિતી પીરસેલી છે. પ્રશ્નો મૂકીને બાળકના ચિત્તને વિચાર કરતું કરવું ને પછી તેની ઉત્તેજાયેલી જિજ્ઞાસાને સંતોષવી એ પદ્ધતિ અર્થપૂર્ણ અને રસ પડે તેવી હોય છે. અમેરિકન કોશોમાં 'માય ફ્રસ્ટ ગોલ્ડન એન્સા૦' ન્યુયૉર્કના ગોલ્ડન પ્રેસ તરફથી ૧૯૬૫માં પ્રસિદ્ધ થયેલો. તેમાં ૩૫૦ પાનાંના લખાણની વચ્ચે ૧૫૦૦ ચિત્રો છે. ત્રણથી આઠ વર્ષની વયના બાળકોને આ રમકડાં જેવું પુસ્તક કલ્પનાવિહાર તેમજ રસ પડે તેવા વસ્તુકથનને કારણે ખૂબ ગમી જાય તેવું છે.

બાળ-વિશ્વકોશનું નિર્માણ કરવાનું કામ મોટેરાંઓના કોશ કરતાં વધુ કઠિન, ખર્ચાળ અને તદ્દન ભિન્ન પ્રકારનું આયોજન માગી લે તેવું હોય છે. તેના આયોજકની દૃષ્ટિ કલ્પનાશીલ અને શિક્ષણની દૃષ્ટિએ સંગીન હોવી જોઈએ. સાચી અને ચોક્કસ માહિતી એ મોટી વસ્તુ છે. પણ બાળકો આગળ તે સુગ્રાહ્ય ભાષા અને રસપૂર્ણ શૈલીમાં પીરસાય તે પણ એટલું જ અગત્યનું છે. આને માટે ઍન્સા૦ બ્રિટા૦ જેવા કોશના આયોજકો છાપતાં પહેલાં કોશના વસ્તુનો શાળાઓમાં બાળકો પર પ્રયોગ કરી જુએ છે. ગિજુભાઈએ પણ એ પદ્ધતિએ જ પાઠ્યપુસ્તકો તૈયાર કર્યાં હતાં. બાળકને રસ ન પડે તેવું કશું ય તેને ન પીરસવું તેમ કહેવા કરતાં બાળકને રસ પડે તે રીતે તેને પથ્ય વાચન પૂરું પાડવા પ્રયત્ન કરવો એ ગિજુભાઈનો ઉદ્દેશ રહ્યો હતો. તેમની દૃષ્ટિ એમના જમાનાથી ઘણી આગળ દોડતી. વિજ્ઞાન કલા આદિના વિવિધ વિષયોની સમજ વ્યાપક થાય અને બાળક જ્ઞાનની દુનિયામાં સ્વયમેવ આગળ ધસવા પ્રેરાય તે માટે બાળ-વિશ્વકોશ ખૂબ ઉપયોગી નીવડે એમ તે કહેતા.

ભારતીય ભાષાઓના બાલસાહિત્યમાં વિશ્વકોશ હજુ ઉપલબ્ધ થયાનું જાણ્યું નથી. (આંધ્ર જેવા રડ્યાખડ્યા રાજ્યમાં તેનો પ્રયત્ન થયેલ છે.) ગુજરાતમાં તો સામાન્ય (general) વિશ્વકોશનું પણ નામનિશાન નથી, ત્યાં બાળ-વિશ્વકોશની કયાં વાત કરવી ? આપણે સંસ્કારી પ્રજા તરીકે જીવવું હોય તો સમજવું ઘટે કે આજનો બાળક વિજ્ઞાન અને યંત્રયુગમાં જન્મ્યો છે. ટેલિવિઝન, ટેઈપ રેકર્ડર, વિડિયો, રેડિયો, ટેલિસ્કોપ, અવકાશના ઉપગ્રહો, સુપરસોનિક વિમાનો, રડાર, સૂર્યશક્તિ, એન્ટિબાયોટિક દવાઓ,

પ્લાસ્ટિકની વસ્તુઓ વગેરેની આધુનિક સૃષ્ટિમાં એ જીવે છે. તે બધાં વિશે તેને પુષ્કળ કુતૂહલ છે. એ બધું જાણવા તે તલસે છે. માબાપ, ભાઈબહેન કે અન્ય મોટેરાંના કરતાં વધુ સમર્થ પકડ આસપાસની દુનિયા પર જમાવવાની તેને હોંશ હોય તે સ્વાભાવિક છે. ખરું પૂછો તો તેને માટે તો એ બધાંની વચ્ચે ટકી રહેવાનો પ્રશ્ન બને છે. તેને સતત એમ લાગે છે કે આ દુનિયા વિશે પોતે પૂરતી જાણકારી નહીં મેળવે તો ફેંકાઈ જવાનો છે. જ્ઞાનનો ખોરાક તે સુલભ હોય, પ્રિય હોય અને પ્રેમથી પીરસાતો હોય તો તે અક્કરાંતિયાની જેમ ખાવાનો છે. પણ ખોરાક તેની પહોંચની બહાર હશે તો જ્ઞાનભૂખ મરી જવાની અને કુતૂહલનો દીવો હોલવાઈ જવાનો. આજની સંકુલ દુનિયામાં બાળક આત્મશ્રદ્ધાથી ઊભો રહી શકે તે માટે વિશ્વકોશ બલિષ્ઠ સાધન બની શકે. ગિજુભાઈએ તેમના જમાનામાં તેની જરૂરિયાત બતાવી તે તેમની દીર્ઘદૃષ્ટિ સૂચવે છે. આજના જમાનામાં આ જ્ઞાનસાધનની જરૂરિયાત અગાઉના કોઈ પણ જમાના કરતાં વિશેષ છે. વિશ્વનાં અસંખ્ય વૈચિત્ર્યોનું દર્શન કરાવે તેવી બારી આ કોશ ઉઘાડી આપે છે. બાળકને માનવજાતિના પ્રતિનિધિ તરીકે જીવવાની પ્રેરણા અને શક્તિ તેમાંથી મળે છે.

ઈમારત ચણાતી હોય ત્યારે કુશળ સ્થપતિની દૃષ્ટિમાં તેની પાયાથી ટોચ સુધીની આકૃતિ રમ્યા કરતી હોય છે. એવું ગિજુભાઈની બાબતમાં હતું. બાળશિક્ષણનું આયોજન કરતાં કરતાં તેમની નજર તેના અંતિમ લક્ષ્યબિન્દુ સુધી પહોંચે છે એટલે બાળ-વિશ્વકોશના વિચાર સ્ફુરે છે. તેમના જમાનામાં બાળશિક્ષણક્ષેત્રે આવા ક્રાન્તિકારી વિચાર કરનાર કદાચ ભારતમાં ગિજુભાઈ પહેલા હશે. આજે પણ બાળ-વિશ્વવિદ્યાલયનો વિચાર ઘણાને અચરજ પમાડે તેવો નવો લાગશે. તે દૃષ્ટિએ જોઈએ તો ગિજુભાઈ ગુજરાતની સીમા ઓળંગીને ભારતભરમાં ગૌરવપ્રદ સ્થાનના અધિકારી બને છે. તેમની જન્મશતાબ્દી રાષ્ટ્રીય સ્તરે ઉજવવી જોઈતી હતી. પણ આપણે નમ્ર છીએ; કે પછી અળૂઝ છીએ ? શું શાં પૈસા ચારની મનોદશામાંથી બહાર આવ્યા નથી ?

એ જે હોય તે. ગિજુભાઈ સુસંકલિત શિક્ષણપ્રથાના હિમાયતી હતા. પૂર્વ-પ્રાથમિકથી સ્નાતકોત્તર કક્ષા સુધીનો સંકલિત અભ્યાસક્રમ શીખવાડતી હોય તેવી કોઈ યુનિવર્સિટીનો ખ્યાલ થઈ શકે ? કેટલાંક વર્ષ પહેલાં

જાપાનથી ઓસાકાની ગ્યુઈકી યુનિવર્સિટીના કુલપતિ ગુજરાત યુનિવર્સિટી-ની મુલાકાતે આવેલા. તે વખતે તેમણે પ્રસંગોપાત્ત વિધાન કરેલું કે તેમની યુનિવર્સિટીમાં આવો સંકલિત્ત શિક્ષણક્રમ ચાલે છે. આપણે ત્યાં પ્રાદેશિક અહમ્‌ને પોસવા સારુ લગભગ એક જ પ્રકારની યુનિવર્સટીઓ ઉમેરાતી જાય છે. ગિજુભાઈ જન્મશતાબ્દી નિમિત્તે તેમની સંકલ્પનાની નજીક આવે તેવી, પૂર્વ-પ્રાથમિકથી સ્નાતકોત્તર કક્ષા સુધીના ધ્યેયલક્ષી શિક્ષણના કાર્યક્રમને અમલમાં મૂકે તેવી યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી શકે ખરી ? કદાચ એ ન બને. પણ ભાવનગર ગિજુભાઈનું મુખ્ય કાર્યક્ષેત્ર હતું તેને રેસિડેન્શિયલ યુનિવર્સિટી મળેલી છે. એ યુનિવર્સિટી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં તો ન ફેરવાઈ શકે. પરંતુ અહીં બતાવ્યો તેવો, ગિજુભાઈને અભિપ્રેત લક્ષ્યગામી સુસંકલિત શિક્ષણનો કાર્યક્રમ દાખલ કરીને પોતાના અસ્તિત્વનું વિશિષ્ટ સાર્થકય સાધી ન શકે ? એમ થાય તો તેમના જન્મશતાબ્દી વર્ષમાં ગિજુભાઈને અપાયેલી મૂર્ત શ્રદ્ધાંજલિરૂપે તેમનું કાયમી સ્મારક સચવાઈ રહે.

---

૭. બાલસંસ્થાના પ્રખર પ્રવર્તક અને સંઘ-સંસ્થાપક સ્વ. ગિજુભાઈ

શેષ નામલે

ગિજુભાઈનો બાલશિક્ષણમાંનો સ્વાતંત્ર્યવાદ શરૂઆતમાં ખૂબ તીવ્ર બનેલા રાષ્ટ્રીય સ્વાતંત્ર્યવાદનું એક નવું દર્શન હતું. આ સ્વાતંત્ર્યવાદનું પરિણામ છેવટે આધ્યાત્મિક સ્વાતંત્ર્યવાદમાં થએલું દેખાય છે. નાનપણથી જ તેમના મનનું વલણ અધ્યાત્મ તરફ હતું; પરંતુ તેથી સાથે આધ્યાત્મિક મુક્તિ માટે ઐહિક–દરરોજના જીવન સાથે મેળ લાવવાનો તેમનો બુદ્ધિપૂર્વકનો પ્રયત્ન હતો. ઈ.સ. ૧૯૨૦ની આજુબાજુ ગાંધી–યુગની પ્રભા અત્યંત વેગથી વધતી હતી, ને તેની સાથે જ રાજકીય સ્વાતંત્ર્યની ચળવળનો વેગ વધતો જતો હતો. આ રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય ચળવળનો જ એક નવો તથા મૂલગ્રાહી મહત્ત્વનો મોરચો માંડી શકાશે એ કલ્પનાનું દર્શન એમને મેડમ મોન્ટેસોરીના સાહિત્યમાંથી થયું.

બાલસ્વાતંત્ર્ય એ જ પ્રજાસ્વાતંત્ર્યની ચાવી

પહેલા જ વર્ષની (૧૯૨૬–૨૭) 'શિક્ષણ પત્રિકા'માં એક ઠેકાણે તેઓ કહે છે કે, "સંઘનું કાર્ય એટલે બાળકોનો સ્વાતંત્ર્યની ચળવળ. સ્વાતંત્ર્ય એ મનુષ્યનો જીવન–હક છે. બાલ–સ્વાતંત્ર્ય એ પ્રજાસ્વાતંત્ર્યની અને મનુષ્યસ્વાતંત્ર્યની ચાવી છે. બાલસ્વાતંત્ર્યનો આજે એક પ્રચંડઘોષ કરીએ, અનેક યુગોથી બેડીમાં જકડાએલાં બાળકોને આજે સ્વાધીનતાની મુક્તિ આપીએ. આવી રીતે કરવાથી મનુષ્યને મનુષ્ય પાસેથી, રાષ્ટ્રને રાષ્ટ્ર પાસેથી અને પ્રજાને પ્રજા પાસેથી આપણે મુક્ત કરી શકીશું."

ગાંધીજીને પ્રજાસ્વાતંત્ર્યની ચાવીનું દર્શન ચરખામાં થયું; ગિજુભાઈને તે જ દર્શન બાળકમાં થયું. "मन एव मनुष्याणां कारणं बंधमोक्षयो :" ગિજુભાઈની વિચારસરણી આ સૂત્રને અનુસરીને હતી. આપણા અધઃ–પતનનું કારણ પારકી સત્તા કરતાં પણ આપણે પોતે જ છીએ,

એવી એમની ચોક્કસ માન્યતા હતી. તેથી આપણો ઉદ્ધાર કરવાની દૃષ્ટિથી એમણે બાલશિક્ષણને ટેકો આપ્યો. એ જ વર્ષની શિક્ષણ પત્રિકામાં બીજે એક ઠેકાણે તેઓ કહે છે, "બાલશિક્ષણના વિચારમાં જ મોટેરાંઓનું શિક્ષણ છે. બાળકને સ્વાતંત્ર્ય આપવાથી જ આપણે શિક્ષણનો યોગ્ય ફાયદો મેળવી શકીશું," એવો એમનો ચોક્કસ મત હતો. અનેક વર્ષો પરાધીન હોવાથી અધઃપતિત થએલા આ દેશનું પુનરુત્થાન કરનારી સ્વાતંત્ર્યની ચળવળના એક ભાગ તરીકે જ ગિજુભાઈએ બાલસ્વાતંત્ર્ય કાર્યને હાથ ધરેલું. સ્વાતંત્ર્યના આ કાર્યમાં શ્રી. કાકાસાહેબ કાલેલકરે એમને મદદ કરવી એવી વિનંતી એમણે કરી હતી.

ગિજુભાઈના મતે સ્વાતંત્ર્ય એટલે પરાધીનતામાંથી મુક્તિ, સ્વાધીનતા અથવા સ્વામિત્વ. ખરો સ્વતંત્ર મનુષ્ય જ ખરો નાગરિક, દેશભક્ત, ખરો પિતા, ખરો પતિ અને ખરી પત્ની થઈ શકશે. પરાવલંબી વ્યક્તિ એ મનુષ્ય તરીકે, જીવવાને પણ લાયક નથી. તેથી તેઓ કહેતા કે હું જો સ્વાતંત્ર્ય મેળવી શકીશ તો મોક્ષ પણ મેળવી શકીશ. સ્વાતંત્ર્ય મેળવી શકીશ તો યશ, પ્રેમ, પ્રભુતા અને પ્રભુ—બધું મેળવીશ. આ સ્વાતંત્ર્ય કોઈના આપ્યાથી મળતું નથી, એ કંઈ બહારથી આવતું નથી. પક્ષી સ્વતંત્ર રીતે ઊડે છે. તેમને સ્વાતંત્ર્ય કોણ આપે છે ? પોતાની જ પાંખથી તે ઊડે છે. આથી તેઓ સ્વતંત્ર છે. મારા મનથી હું સ્વતંત્ર બનીશ કે હું "સ્વતંત્ર" બની શકીશ. મન જ બાંધ—છોડ કરી શકે છે. તેથી જ નાનપણથી મનને પરાધીનતાની અથવા ગુલામગીરીની ટેવ પાડવી યોગ્ય નથી. દરેક બાળક શરીરથી અને મનથી એટલે વિચારથી સ્વતંત્ર થવું જોઈએ. તેથી મોટેરાંઓએ પોતાના વિચારો બાળકો પર લાદવાને બદલે બાળકોના વિચાર લેવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણા વિચારો તેમના ઉપર લાદવાથી તેઓ આપણા ગુલામ બનશે, અને તેમનો વિકાસ અટકશે. ગુલામગીરીમાં ઊછરેલી પ્રજામાંથી ઉત્તમ પુત્ર, પુત્રી, પતિ, પિતા, પત્ની, માતા અથવા નાગરિક ઉત્પન્ન થવા અશક્ય છે.

પરાધીનતામાંથી પતન

પરાધીન વ્યક્તિ અવાસ્તવિક અપેક્ષા કરતી હોય છે. આ અવાસ્તવિક અપેક્ષા પૂર્ણ કરવા માટે તેઓ પોતાનું વધુ પતન કરી લે છે.

પોતાની શક્તિનો ઉપયોગ ન કરવાની તેઓ પોતાની અશક્તિનો હ્રાસ કરે છે. તે જ પ્રમાણે બીજાની શક્તિનું શોષણ કરવાનો પ્રયત્ન કરે છે. આપણા સમાજમાં જે શોષણ (Exploitation) ચાલુ છે તેની પાછળ મનની પરાધીનતા છે. બીજાના શ્રમ ઉપર જીવવાની ઇચ્છા પરાધીન વ્યક્તિને જ જાગે છે. આ ઇચ્છા જેમ જેમ વધુ તીવ્ર થતી જાય છે તેમ તેમ પરાધીન મનુષ્ય બીજાનું વધુ ને વધુ શોષણ કરવાનો પ્રયત્ન કરે છે. તેનાથી તે પોતાના અને બીજાના નાશનું કારણ બને છે. સર્વનાશ કરનાર આ પરાધીનતાનો બાળકને અથવા વિદ્યાર્થીને શિક્ષણ-સંસ્થામાં સંપર્ક થવા ન દેવો.

સ્વાધીનતાનું શિક્ષણ

સ્વાધીનતાનું શિક્ષણ એ જ ખરું શિક્ષણ. તેની શરૂઆત ઘરમાં બાળકના આગમનથી જ થવી જોઈએ. શરૂઆતમાં બાળક અનેક રીતે અસહાય દેખાય છે, તો પણ તેની સ્વાભાવિક વૃત્તિ સ્વાધીન બનવા તરફ, સ્વતંત્ર બનવા તરફ હોય છે. કુદરતી, સ્વતંત્ર વિકાસને જ આપણે મદદ કરવી જોઈએ. અસહાયતાના વિકાસને આપણે પોષક ન બનતાં, બાળકની કાર્યક્ષમતાને આપણે પોષક બનવું જોઈએ.

આ રીતનું સ્વાતંત્ર્ય અને વ્યવસ્થા. એમાં વિરોધને સ્થાન જ નથી. જેમને સ્વ-તંત્ર વિકસાવવાનું છે તેનાથી "સ્વ-" ઉપરનો કાબૂ છોડી દઈને બેતાલપણું કરીને કેમ કામ થાય? વ્યવસ્થાનો વિરોધ કરનાર સ્વાતંત્ર્ય સ્થાપી શકશે નહિ. સ્વાતંત્ર્યની સાથે જ સ્વસંયમ આવવો જોઈએ. બાળક સ્વસંયમ કે સ્વયં શાસન કરી શકે તો જ તે સ્વતંત્ર થઈ શકે છે. આ સંયમ અથવા સ્વયંશાસન જીવનની સ્વભાવિક પ્રવૃત્તિમાંથી જ નિર્માણ થવાં જોઈએ. તેથી શિક્ષણનું માધ્યમ પ્રવૃત્તિ જ હોવી જોઈએ. આ પ્રવૃત્તિ બાળકે પસંદ કરેલી હોવી જોઈએ. આ પ્રવૃત્તિ કરતી વખતે બાળકને શિક્ષકનો ભય અથવા ઇનામની લાલચ ન આપવી જોઈએ. ભયથી કે લોભથી મનનો સ્વાભાવિક વિકાસ થતો નથી, મનનું સ્વ-તંત્ર પ્રસ્થાપી શકાતું નથી. તેથી ગિજુભાઈએ બાલશિક્ષણમાં શિક્ષા-બક્ષિસના ઉપયોગનો તીવ્ર વિરોધ કર્યો છે. સ્વશિક્ષણનો તથા ક્રિયાત્મક શિક્ષણને ટેકો આપ્યો છે.

કેળવણીની સામે આજનો પ્રશ્ન

રાજકીય દૃષ્ટિથી આપણે સ્વતંત્ર થઈ ગયા છીએ. પરંતુ ગિજુભાઈની દૃષ્ટિથી આપણે હજી 'સ્વતંત્ર' થયા નથી. ગિજુભાઈની દૃષ્ટિથી સ્વતંત્ર થવા માટે સમગ્ર રાષ્ટ્રના સર્વાંગી પ્રયત્ન હજુ તો શરૂ થાય છે. ગિજુભાઈના વિચારની આજના આપણા રાષ્ટ્રને ખૂબ જરૂર છે. ગિજુભાઈના ૬૮ મા જન્મદિવસ નિમિત્તે તેમના વિચારોનું પુણ્ય સ્મરણ ચોક્કસ રીતે માર્ગદર્શક થઈ પડશે. નૂતન બાલ શિક્ષણ સંઘે ગિજુભાઈનો આ જન્મદિવસ બાલશિક્ષણ જયંતિ સપ્તાહ તરીકે ઊજવવાનો ઉચિત કાર્યક્રમ રચ્યો છે. આ સપ્તાહમાં ગિજુભાઈનો, બાલશિક્ષણ અંગેના સંદેશાનો આપણે વધુમાં વધુ પ્રચાર કરવો જોઈએ. સંઘના કાર્ય અંગેની સ્પષ્ટતા કરતી વખતે ગિજુભાઈ કહેતા : 'જીવનનો સર્વાંગી વિકાસ કરનાર મંદિરનો પાયો નાંખવાનું તથા સ્વાતંત્ર્યની સંહિતા રચવાનું કાર્ય સંઘે કરવાનું છે.' તેમનો આ સંદેશો જેમને મળ્યો છે તેમણે તેનો પ્રચાર કરવાનો પોતાનો ધર્મ સમજવો જોઈએ.' આવા શબ્દોમાં ગિજુભાઈના મૃત્યુ સમયે બધા કાર્યકર્તાઓને ગાંધીજીએ આદેશ આપ્યો છે તે ધ્યાનમાં લઈને આપણે કાર્ય કરતા રહીએ તો જ આપણને ગિજુભાઈનો જન્મદિવસ ખરેખર ઊજવ્યાનું શ્રેય મળશે એવું મને લાગે છે.

---

૮. ગજવેલનું ગજું

જયેન્દ્ર ત્રિવેદી

આ અજસ્ર વૈચિત્ર્યભર્યા સંસારમાં વ્યક્તિને પોતાનું મનપસંદ કામ મળી રહેવું એ વિરલ સંયોગ છે. ૧૮૮૫થી ૧૯૧૫ સુધી વિવિધ વાચન-મનન વ્યવસાય-નોકરી વગેરે અનુભવોથી સમૃદ્ધ થનાર ગિજુભાઈના અંતઃસંઘર્ષને ૧૯૧૬માં તે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં જોડાયા ત્યારે જે શાંતિ મળી, જીવન-કાર્ય સાંપડી ગયાનો જે ઉમંગ થયો તેણે તેમની પાસે બે દાયકામાં બે સદીઓ જેટલું કામ કરાવ્યું.

"પળે પળે નાનાં બાળકોમાં વસતા મોટા આત્માનું હું દર્શન કરું છું. એ દર્શન મારામાં એ પ્રેરણા ઉપજાવી રહ્યું છે કે બાળકોના અધિકારોની સ્થાપના કરવાને જ હું જીવતો રહું અને એ કરતાં જ હું મરી જાઉં" કહેનાર ગિજુભાઈ ખરેખર એ માટે જ જીવ્યા અને થોડા સમયમાં જીવતર પાસેથી એટલું બધું કામ લીધું કે કામના અતિરેકથી જ સર્યા. આરામ લેવા સમજાવતા સંસ્થાના વડા નાનાભાઈને ગિજુભાઈએ કહેલું, "જે લોકો વધારે લાંબી આવરદા માગે છે તેના જેવા બીજા કોઈ મને મૂર્ખા નથી લાગતા. સો વર્ષની આવરદા માગવી અને પછી સો વર્ષમાં દસ વર્ષનું ય કામ ન કરવું એના કરતાં પચ્ચાસ વર્ષની આવરદામાં સો વર્ષનું કામ કરી છૂટવું એ મને વધારે ગમે ..... કામ કરવું ત્યાં સુધી આડુંઅવળું જોયા વિના કામ કરવું અને જે દિવસે છોડવું તે દિવસે એની સામે નજર ન કરવી તે મારી ફિલસૂફી છે."

આ છોડવાની તાકાત જેનામાં હોય છે તે જ જિંદગી પાસેથી લેવું હોય તેટલું કામ લઈ શકે છે. કબીરદાસ એને ઘરફૂંક મસ્તી કહે છે.

કબીરા ખડા બાઝાર મેં લિયે લુકાટી હાથ,
જો ઘર ફૂંકે આપકા હો ચલે હમારે સાથ.

આ ધરકૂંક મસ્તીવાળા જીવો જબરો આત્મસંઘર્ષ પણ સ્વાભાવિક રીતે જ અનુભવી ચૂકયા હોય છે.

સૂર સંગ્રામ હૈ પલક દો ચારકા,
સતી ધમસાન પલ એક લાગૈ;
સાધ સંગ્રામ હૈ રેનિદિન ઝૂઝના,
દેહ પરજંતકા ખેલ ભાઈ!

(કબીર)

પોતાની આસપાસ નાનપણમાં અને મોટપણમાં નિશાળોની જે અવસ્થા જોયેલી તેણે વર્ષો પછી આક્રોશ જગાવેલો કે, "મારા વિદ્યાર્થીઓને મારો આદેશ છે. ઘોડાના તબેલા જેવી આ ધૂળી નિશાળોને જમીનદોસ્ત કરો! માર અને બીકનાં આ બાલ-કતલખાનાંના પાયામાં સુરંગ ચાંપો, એને નેસ્તનાબૂદ કરો." આ લખવાની તાકાત ત્યારે જ આવી જ્યારે એમણે બાળમંદિર અને બાલઅધ્યાપન મંદિરની આદર્શ સંસ્થાઓ ચલાવી બતાવી. છતાં મુંબઈના મુખ્યમંત્રી ખેરસાહેબનું 'પ્રૌઢશિક્ષણ' ખાતાના પ્રધાન થવાનું નિમંત્રણ તેમણે નમ્રતાપૂર્વક નકારેલું.

વલભીપુરમાં નાનપણમાં ભણતા ગિજુભાઈને નિશાળ કરતાં શેરીએ વધુ ભણાવ્યા હતા. કોળી જુવાનોએ ભરવાડને મારી નાખેલો અને જંગલમાં દાટી દીધેલો. સામાની જબ્બર તરીકે ઓળખાતી એ જગ્યાએ બપોરે પણ લોક ફરકતું નહીં, ગિજુભાઈ અને એમના ગોઠિયાઓ હિંમત કરીને એ જળ પર ચડયા અને લોકમગજમાં જામેલાં વહેમનાં જળાં દૂર કર્યાં! પ્રાચીન નગરી વલભીપુરનાં ખંડેરોમાં રખડતા ગિજુભાઈને સતત લાગતું કે "આપણો દેશ અતિ પ્રાચીન છે. તેના ભૂગર્ભમાં સંસ્કૃતિનાં વહેણ વહી રહ્યાં છે. તેને પારખવાં, પોતાના જીવન દ્વારા બહાર લાવવાં, એ આપણું આજની પેઢીનું પરમ કર્તવ્ય છે."

નાનપણમાં નવરાત્રિમાં શેરીની ભવાઈની માંડવી શણગારતાં, પિત્તળપાનાં ચોડતાં, ગરબી રમતાં, ભવાઈના વેશ માણતાં ગિજુભાઈએ બાળકોને પછી નાટક દ્વારા શિક્ષણ આપવાના સફળ પ્રયોગો કરી બાળકેળવણીની કાયાપલટ કરી નાખી.

મામાને ત્યાં વધુ અભ્યાસ અર્થે ભાવનગર ગયેલા ગિજુભાઈને રાસનારાયણ વિશ્વનાથ પાઠક જેવા સહાધ્યાયી જ નહીં, અંગત મિત્ર સાંપડ્યા એ બન્નેનું સદ્‌ભાગ્ય હતું. શ્રી પાઠકે નોંધ્યું છે તે પ્રમાણે "પોતામાં કંઈક શક્તિ છે તે વખતે જાણતા નહોતા પણ ઉદ્યોગથી મહાન થવું એટલો સંકલ્પ તે વખતે પણ તેમનામાં જ્ઞાનપૂર્વકનો હતો. બેન્જામિન ફ્રાંકલીનનું જીવનચરિત્ર તેમનું પ્રિય પુસ્તક હતું. ફ્રાંકલીનનાં 'ગરીબ રિચાર્ડનાં વચનો' વાંચી તેઓ વારંવાર બોલતા "વપરાતી કૂંચી હંમેશાં ઊજળી રહે છે; તને જીવન વહાલું છે ? તો સમય વેડફી નાખીશ મા. કારણ જીવન સમયનું બનેલું છે; ઊંઘ મા, કારણ કે કબરમાં ઊંઘવાનો પુષ્કળ વખત મળશે."

નથુરામ શર્માના શિષ્ય શ્રી હરગોવિન્દમામાના ઉજ્જવળ ચારિત્ર્યની ગિજુભાઈ પર ઊંડી અસર પડી.

કૉલેજનું પહેલું વર્ષ પૂરું કર્યું ત્યાં આર્થિક મુશ્કેલીઓએ ગિજુભાઈને ઘેરી લીધા. મહત્ત્વાકાંક્ષાઓ મનમાં જ દબાવી દઈ અભ્યાસ છોડી દઈ મુંબઈની એક પેઢીમાં નોકરીએ રહેલા ગિજુભાઈને મુંબઈના સમુદ્રે પ્રેરણા આપી. એકવીસ વર્ષનો જુવાન આફ્રિકા નસીબ અજમાવવા ઊપડ્યો, કશી પૂર્વતૈયારી વિના વેપારાર્થે આફ્રિકા આવી ચડેલા ગિજુભાઈની આકરી કસોટીઓ થઈ. "મારી પાસે મૂડી ન હતી, વેપારની દુકાન પણ જિંદગીમાં જોઈ ન હતી. ચેક અને હૂંડી શું એ સુધ્ધાં હું જાણતો નહોતો. હું જાણતો હતો ફક્ત સ્કૉટનાં 'લે ઑફ ધી લાસ્ટ મિન્સ્ટ્રલ' અને 'આઈવનહો', 'ઉત્તરરામચરિત્ર' અને 'ભર્તૃહરિશતક', 'સરસ્વતીચન્દ્ર' અને 'કેકારવ'; અને હું વેપાર કરવા નીકળ્યો હતો !" વેપારી તરીકે પોતાને મોટું માંડું માનનાર ગિજુભાઈએ ખેતી કરવાનો તરંગી વિચાર કર્યો ત્યારે એમને કયાં ખબર હતી કે બાળશિક્ષણની ઉજ્જડ ધરતીને લીલીછમ બનાવનારી બાગબગીચાની ખેતી તેમના નસીબમાં હતી, બાળકોના મનોવ્યાપારનો મોટો વેપલો તેમની દ્વારા થવાનો હતો !

તારમાસ્તરને સારો પગાર મળે એ આશયથી તાર મોકલવા અને લેવાની લિપિ શીખ્યા. ગિજુભાઈનું સાહિત્ય હજુ ભારતની કેન્દ્રીય સરકાર અને પ્રાદેશિક સરકારોને પૂર્વપ્રાથમિક કેળવણીના મહત્ત્વ વિશે

અરજન્ટ તાર રાતદિવસ મોકલ્યા જ કરે છે પણ રિસિવિંગ એન્ડ સંપૂર્ણ બધિર છે. રાજીવ ગાંધીની નવી શિક્ષણનીતિના કાને પણ આ તારસંદેશ પહોંચ્યો નથી.

સોલિસિટર અને ઍડવોકેટ શ્રી જી. પી. સ્ટીવન્સને ત્યાં નોકરી મળી. કામકાજ અંગે માર્ગદર્શન લેવા ગિજુભાઈ તેમની પાસે જાય તો એક જ જવાબ મળે: "તારું ભેજું વાપર." આ સૂત્રે ગિજુભાઈને ભારે કેળવણી આપી. પછી તો જિંદગીભર તેમણે સૌની વાત વાંચી. સાંભળી પણ ભેજું પોતાનું જ વાપર્યું. ગાંધીજીએ યરવડા જેલમાં લખેલી બાળપોથી ગિજુભાઈને જોવા મોકલી હતી જેને ગિજુભાઈએ હિંમતથી નાપાસ કરેલી. પણ ગાંધીજીની વર્ધાયોજના નામે જાણીતી કેળવણીપદ્ધતિના તેઓ પુરસ્કર્તા હતા.

પણ ગિજુભાઈને આફ્રિકામાં જે કામમાં પોતે રચ્યાપચ્યા હતા તેથી સંતોષ ન હતો. પોતે અહીં મિસફિટ છે એમ લાગ્યું કે તરત ભારત પાછા ફરવાનો નિર્ણય લીધો.

મુંબઈની એક પેઢીમાં અંગ્રેજી પત્રવ્યવહાર સંભાળનાર ગિજુભાઈએ બે મહિનામાં એ નોકરી છોડી બેકારી સ્વીકારી. વકીલ થવાનું નક્કી કરી કાયદાનો અભ્યાસ શરૂ કર્યો. સંસાર ચલાવવા મુંબઈની એક શાળામાં શિક્ષકની નોકરી સ્વીકારી અને પરેલના મગનબાગમાં પાછી રા. વિ. પાઠક સાથેની ગોષ્ઠિ શરૂ થઈ, જેમાં ભળ્યા મહાદેવ દેસાઈ અને રવિશંકર રાવળ.

વઢવાણ કેમ્પમાં (સુરેન્દ્રનગર) જઈ વકીલાતનું પાટિયું મારનાર ગિજુભાઈ ખોટા કેસ લડતા ન હોવાથી વકીલાત જમી નહીં. વિધાતાએ લીલા એવી રચી કે એક વિધવા ગરાસણીના પોતે વકીલ બન્યા અને સામાવાળાએ ગિજુભાઈના પિતા ભગવાનજીભાઈને પોતાના વકીલ તરીકે રોકચા. ગિજુભાઈએ પિતાને કહ્યું કે, "ભાઈ સાચી છે, વાણિયો ખોટો છે." પિતાએ કહેલું, "બરાબર છે. હું હારવાનો છું, તું જીતવાનો છે. પણ ભાઈ પાસેથી અગાઉથી પૂરી ફી લઈ લેજે." ગરીબ ભાઈ પાસે કેસ લડવાના પૈસા જ કયાં હતા? આવા અનુભવોને કારણે ગિજુભાઈનું વકીલાતમાંથી મન ઊઠી ગયું, પણ બાળકોના સફળ વકીલ બનવાનો સમય આવી લાગ્યો હતો.

૧૯૧૩ના ફેબ્રુઆરી માસમાં ગિજુભાઈના ઘરે જન્મેલ પુત્ર નરેન્દ્રના ઉછેરે ગિજુભાઈની જીવનદિશા બદલી નાખી. દરબાર ગોપાળદાસે બાળ-કેળવણી વિશે ગંભીરતાથી વિચારતા ગિજુભાઈને સમાચાર આપ્યા કે "નવી બાલશાળા જેવી હોય, બાળશિક્ષણનું સાહિત્ય વાંચવું હોય તો વસો જાઓ ત્યાં શ્રી મોતીભાઈ અમીન તમને બધું બતાવશે." મોતી-ભાઈએ નિશાળ તો બતાડી પણ શ્રી છોટુભાઈ પુરાણીનું લખેલું 'મોન્ટીસોરી શિક્ષણપદ્ધતિ' નામનું પુસ્તક વાંચવા આપ્યું. અને ખૂબ ખેડાયેલી ખાતરથી ભરીપૂરી જમીનમાં નવા વિચારનું બીજ રોપાયું. જેમાંથી બાળકેળવણીનાં ઉપવનો વિકસ્યાં.

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનનું બંધારણ ઘડવા મામાએ ભાવનગર તેડાવેલા ગિજુભાઈનું આંતરિક બંધારણ પણ તેમને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના આજીવન સભ્ય બનાવીને જંપ્યું. માત્ર છાત્રાલય ચલા-વવું પૂરતું નથી તેમ લાગતાં વિદ્યાલય ખોલ્યું. પૂર્વપ્રાથમિક કેળવણી આપ્યા સિવાય સારું વિદ્યાલય ન બને તેવી પ્રતિતી થતાં હાઇસ્કૂલ હરભાઈને સોંપીને ગિજુભાઈએ ૧૯૨૦ની પહેલી ઓગસ્ટે બાળમંદિર શરૂ કર્યું.

પાંત્રીસ વર્ષના ઉધામા પછી જીવનકાર્ય જડી ગયું અને પછી ગિજુભાઈ બે દાયકા સુધી બાળશિક્ષણ, બાલસાહિત્ય અને બાલઅધ્યાપન-મંદિરના ક્ષેત્રે એવું તો અનરાધાર વરસ્યા કે આ બધાં ક્ષેત્રે ગુજરાતમાં આજે લીલો દુકાળ ભલે હોય, સૂકા દુકાળની કલ્પના કરવી હવે અશક્ય છે. રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લીધો. ગુજરાતભરમાં બાળમંદિરો બાલ-અધ્યાપન મંદિરો, બાળકેળવણીની પરિષદો છવાઈ ગઈ.

ગજવેલ પાસેથી પણ ચોવીસે કલાક કામ લેવાય તો એ મીણબત્તી બની જઈ શકે. એવું જ શરીર બાબતે બન્યું. આજીવન સભ્યે જીવનનાં વીસ વર્ષ આપવાં જોઈએ એવું બંધારણ નક્કી થયેલું. વીસ વર્ષે ગિજુભાઈ દક્ષિણામૂર્તિમાંથી છૂટા થયા. અતૂટ લાગતો સંસ્થા સાથેનો વજ્રતાંતણો સૂતરના તારની જેમ તોડી નાખ્યો. ગુજરાતે એમને સન્માની ધનનિધિ અર્પણ કર્યો જે તેમણે બાળશિક્ષણને પાછો સોંપ્યો. રાજકોટમાં બાલઅધ્યાપન મંદિર પોપટભાઈ ચૂડગરે શરૂ કરાવ્યું પણ તાવ, ઉધરસ, દમ, પક્ષઘાત વગેરેએ દેવલાલી–પંચગની–હરકિસનદાસ ઇસ્પિતાલ બધાને

હરાવ્યાં. છેલ્લી ઘડીએ પુત્રને લખી આપ્યું—Life is not eternal. I am closing my accounts !

જ્યાં એ નામું સમાપ્ત થાય છે ત્યાંથી ગુજરાતે નવું નામું નાખવાનું છે. શ્રીપુરાંતમાં પ્રયોગો અને પુસ્તકોની જબરી મૂડી બાકી બોલાય છે. ઉધાર ખાતે બે સ્વપ્ન છે : બાલવિદ્યાપીઠ (ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી) અને બાલજ્ઞાનકોશ (ચિલ્ડ્રન્સ એન્સાયક્લોપીડિયા).

ગુજરાત આ ઉધાર ચૂકવશે ? આ જન્મશતાબ્દી વર્ષે ગુજરાતે બતાવી આપવાનું છે કે માત્ર ગિજુભાઈ જ નહીં, ગુજરાતીઓ પણ ગજવેલના બનેલા છે. એમનું ગજું જબરું છે !

---

૯. ગિજુભાઇની બહુમુખી પ્રતિભા

યશવંત દોશી

ગુજરાતમાં, અને કદાચ ભારતભરમાં, બાળશિક્ષણને ક્ષેત્રે સૌથી મોટું, સૌથી અગત્યનું નામ ગિજુભાઈનું છે. અને ગુજરાતમાં તો બાળ-સાહિત્યના ક્ષેત્રમાં પણ ગિજુભાઈને ટપી જાય એવું નામ નથી મળ્યું. આનું કારણ એમની અનેકમુખી પ્રતિભામાં જોઈ શકાય.

એમની પાસે બાળસાહિત્યના સિદ્ધાંતોની સમજણ હતી, તો એ સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકી આપવાની આવડત હતી. બીજી રીતે કહીએ તો એ જેમ ચિંતક હતા તેમ સર્જક પણ હતા. બાળશિક્ષણના કામમાં એમને બાળસાહિત્યની જરૂર પડી અને એમણે પોતે જ, તારાબહેન મોડકની મદદથી, એ સાહિત્ય નિપજાવી લીધું.

ગિજુભાઈ આજન્મ શિક્ષક કે આજન્મ સાહિત્યકાર કહી શકાય એવા નહોતા એમ લાગે છે. અથવા એમ કહેવું વધુ સાચું ઠરશે કે એમને પ્રારંભથી પોતાનું જીવનકાર્ય જડી ગયું નહોતું પણ અમુક સંજોગોએ એમને સાચી દિશામાં ધકેલ્યા.

મોન્ટીસોરી શિક્ષણપદ્ધતિ સાથે ગિજુભાઈનું નામ એકાકાર થઈ ગયું છે પણ એ પદ્ધતિ ગુજરાતમાં લાવનાર એ પહેલા શિક્ષક નહોતા. પુત્ર નરેન્દ્રના શિક્ષણનો વિચાર પ્રચલિત શિક્ષણના ચોકઠાની બહાર રહીને એ કરતા હતા ત્યારે એમને દરબાર ગોપાળદાસે ખેડા જિલ્લાના વસો ગામમાં શિક્ષણપ્રયોગ કરતા મોતીભાઈ અમીનનું નામ આપ્યું અને એમનો મોન્ટીસોરી પદ્ધતિનો પ્રયોગ જોઈ આવવાનું સૂચવ્યું. આ સૂચનનો અમલ થયો અને એના સુભગ પરિણામરૂપે ગિજુભાઈ મોન્ટીસોરીના રંગે પૂરેપૂરા રંગાયા. દક્ષિણામૂર્તિના સ્થાપક નાનાભાઈ સ્વતંત્ર શિક્ષણ-દૃષ્ટિએ સર્જેલા વાતાવરણમાં ગિજુભાઈએ બાળમંદિરની પ્રવૃત્તિ એવી ઝડપથી વિકસાવી કે થોડાક સમયમાં એણે ગુજરાતમાં એક શૈક્ષણિક આંદોલનનું સ્વરૂપ લીધું એમ કહીએ તો ખોટું નહીં. આજે અંગ્રેજી

માધ્યમને લીધે કિંડરગાર્ટન અને નર્સરી સ્કૂલોની બોલબાલા થઈ છે એ વાત ખરી, પણ આ સ્થિતિ આવી તે પહેલાં લગભગ અડધી સદી સુધી મોન્ટીસોરી બાળમંદિરો ગુજરાતની શિક્ષણપ્રવૃત્તિનું એક મહત્ત્વનું અંગ બની રહ્યાં હતાં.

એક રીતે જોઈએ તો બાળશિક્ષણ કરતાં બાળસાહિત્યમાં ગિજુભાઈનું કામ વધુ કપરું હતું. શિક્ષણમાં એમને મોન્ટીસોરીનો સહારો મળી ગયો. શિક્ષણનું એક ઠીક ઠીક વિચારાયેલું શાસ્ત્ર મળી ગયું, એક અમલમાં મુકાયેલી અને સફળ થયેલી પદ્ધતિ મળી ગઈ. ગિજુભાઈએ પોતાના સ્થળ અને જરૂરિયાત અનુસાર એમાં ફેરફારો અવશ્ય કર્યા હશે. પણ બાળશિક્ષણના સિદ્ધાંતો અને તેના વ્યવહારનો એક તૈયાર પાયો તો તેમને સાંપડ્યો હતો. ઇમારત એ પાયા ઉપર ચણવાની હતી.

બાળસાહિત્યમાં એમને માર્ગદર્શન મળે એમ હોય તો તે લોકસાહિત્યની કવિતાવાર્તાઓનું અને દલપતરામ જેવા કેટલાક કવિઓની કૃતિઓનું. પણ આ બધો ભેળસેળિયો માલ હતો. એમાં સારું-નરસું બધું ભેગું હતું. અને એનું કોઈ શાસ્ત્ર નહોતું, એને કોઈ સિદ્ધાંતો સ્થપાયા નહોતા, એના કોઈ વ્યવહારુ નિયમો ઘડાયા નહોતા. એટલે જે કંઈ સામગ્રી ઉપલબ્ધ હતી તેમાંથી સિદ્ધાંતો અને નિયમો તારવવાનું કામ ગિજુભાઈને માથે જ આવ્યું. એમણે બાળસાહિત્યનું પોતાના પૂરતું એક કાચું-પાકું શાસ્ત્ર બનાવી લીધું અને એને વફાદાર એવું સાહિત્ય પોતે જ રચવા માંડ્યું.

ગિજુભાઈના બાળસાહિત્યનો વ્યાપ પણ જોવા જેવો છે અને એની ગુણવત્તા પણ નક્કર છે. બાળકોને સાહિત્ય દ્વારા આનંદ પણ આપવો અને સાથે સાથે વિવિધ વિષયોનું જ્ઞાન પણ આપવું એ બન્ને હેતુઓ સાધવાના હતા. સરસ વાત એ થઈ કે આ કામ માટે એમણે કોઈ વિદેશી જ્ઞાનકોશોનો આશરો ન લેતાં પોતાના જ રોજિંદા જીવનના અનુભવોને કામે લગાડ્યા. વનસ્પતિ, પ્રાણીઓ, ફૂલો, પતંગિયાં, તાર-ટપાલ જેવી સગવડો, આકાશી પદાર્થો, ભૂગોળ, વિજ્ઞાનનાં વિવિધ પાસાં, ગણિત, ભાષા, વ્યાકરણ – ટૂંકમાં આસપાસના જીવનમાં બાળકો જે કંઈ જોતાં હોય તે બધા વિશે કંઈક વ્યવસ્થિત જ્ઞાન આપવાનો એમણે પ્રયત્ન કર્યો.

આજની પ્રચલિત પરિભાષા વાપરીએ તો ગિજુભાઈના આ જ્ઞાન-વિજ્ઞાનના બાળસાહિત્યમાં કન્ટેન્ટ કરતાં ફૉર્મનું મહત્ત્વ વિશેષ હતું.

બાળકને એકસામટું ઘણું બધું જ્ઞાન આપી દેવાના આજના ઘણા લેખકોના ખોટા ઉત્સાહથી ગિજુભાઈ મુક્ત હતા. બાળક આનંદ લઈ શકે એટલું જ જ્ઞાન, અને એને એ સહેલાઈથી પચે અને એ એને આત્મસાત કરી શકે એવું જ જ્ઞાન, આપવાની પદ્ધતિ એમણે સ્વીકારી. પણ આ જ્ઞાન આપવાની જે રીત હતી, એ રીતમાં જે સ્પષ્ટતા, જે સરળતા, બાળકો સાથેની જે એકાત્મતા હતી તે જ એ પદ્ધતિનો પ્રાણ હતી.

શિક્ષણમાં જેને જ્ઞાતમાંથી અજ્ઞાત તરફ જવાનો સિદ્ધાંત કહે છે તેનો ગિજુભાઈએ પૂરો અમલ કર્યો. સાવ નાનાં બાળકોને પશુપંખીઓની વાત કરતાં ગાય, ભેંસ, વાછરડાં, કૂતરાં, બિલાડીની જ વાત કરી. પંખી, વનસ્પતિ, આકાશ, નાગરિક સેવાઓ વગેરેમાં પણ ઘરઆંગણાની જ વાતો યાદ કરાવી થોડીક નવી વાતો ઉમેરી આપી. આ માહિતીદાયક બાળસાહિત્ય ગિજુભાઈની વ્યાપક શિક્ષણદૃષ્ટિ, એમનો રસ, એમની મથામણ, એમની સર્જકતા ઘણી સારી રીતે દર્શાવી આપે છે.

બાળગીતો અને બાળવાર્તાઓમાં ગિજુભાઈને લોકસાહિત્યનો બહુ ઓછો ખપમાં આવ્યો. વાર્તાઓ એમણે જ્યાંથી મળી ત્યાંથી લીધી. એમાં પુરાણકથાઓ, લોકકથાઓ પણ છે અને ઍન્ડરસન અને ગ્રિમ ભાઈઓની વાર્તાઓ જેવી યુરોપની બાળવાર્તાઓ પણ છે. પણ ગિજુભાઈના શૈલીરસાયનમાં ઓગળીને એ બધી વાર્તાઓ રસપ્રદ ગુજરાતી બાળવાર્તાઓ બની ગઈ છે. અહીં કન્ટેન્ટ પારકું પણ ફ્રેમ ગિજુભાઈનું.

ગિજુભાઈની પ્રતિભાનું ખરું મહત્ત્વ આજના બાળસાહિત્ય સાથે તેમનાં લખાણોની તુલના કરીએ ત્યારે સમજાય છે. માહિતીદાયક બાળ-સાહિત્યમાં બાળવાર્તાઓમાં આજ સુધી ગિજુભાઈની તોલે આવે એવો કોઈ લેખક નીકળ્યો નથી. એમ કેમ ? એનું દેખીતું કારણ એ જણાય છે કે કોઈ પ્રતિભાશાળી લેખકોને બાળસાહિત્યમાં પડવાનું મુનાસિબ લાગ્યું નથી. ગિજુભાઈએ પોતે મથામણ કરીને એક કેડી પાડી. એમનામાં સારી સર્જનશક્તિ હતી અને તે પ્રસંગ મળતાં બહાર આવી. શિક્ષક અને સર્જક બંનેની પ્રતિભાનો એમનામાં થયેલો સમન્વય વિરલ છે.

આ વિષયમાં ચર્ચાતો એક મુદ્દો બાળસાહિત્યમાં શૈક્ષણિક દૃષ્ટિ વધુ મહત્ત્વની કે સર્જકશક્તિ વધુ મહત્ત્વની એ છે. બાળસાહિત્ય બાળકો માટે ખરું પણ એ સાહિત્ય તો હોવું જ જોઈએ. આપણા બાળસાહિત્યની

મોટી ખામી એ છે કે એમાં સાહિત્ય નથી. બાળકોને આ કે તે વસ્તુ શીખવી દેવાની વાત વધુ છે. વાર્તા તો આજેયે પારકી જ વપરાય છે પણ એ બાળકને આનંદ આપે એવી શૈલીએ કહેવાતી નથી. ભાષા સહેલી કરવાને બદલે કાલી બનાવી દેવાય છે. માહિતીદાયક અને જ્ઞાનવિજ્ઞાનની વાત બાળકને કહેવાની ફાવટ કયાંય દેખાતી નથી. એ વાતોમાં લેખક પોતાનું જ્ઞાન ઠાંસીને ભરવાની વધુ ચિંતા કરતો હોય છે. મોટે ભાગે એ જ્ઞાન પારકું, બે-ચાર ચોપડી વાંચીને લીધેલું પણ આત્મસાત નહીં કરેલું એવું હોય છે. એની ઉપર લેખકનું પૂરું પ્રભુત્વ હોતું નથી. એટલે બાળકની ભાષામાં, બાળકની ગ્રહણશક્તિની સીમમાં એ મૂકી આપવાનું લેખકથી બનતું નથી. માહિતી આપવાની બાબતમાં લેખક મોટી ફાળ ભરવા જાય છે તેને પરિણામે એ કયાંયનો રહેતો નથી, ગિજુભાઈએ પોતાના અને બાળકોના અનુભવવિશ્વની મર્યાદામાં રહીને જે કામ કર્યું એ આજની વધુ વિસ્તૃત મર્યાદામાં કરવાનું કોઈથી બન્યું નથી—ન તો બાળવાર્તાઓમાં કે ન જ્ઞાનદાયક સાહિત્યમાં.

ગિજુભાઈની બરાબરી કરવાનું જ નહીં પણ એમને ટપી જવા જેવું કામ પણ થયું હોય તો તે બાળકાવ્યોમાં. આનું દેખીતું કારણ એ છે કે ઉત્તમ સર્જકશક્તિ ધરાવતા ઘણાબધા કવિઓએ બાળકાવ્યો લખ્યાં છે. મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે ઉત્તમ ગુજરાતી કવિઓને બાળકવિતા લખવાનું ગમ્યું પણ ગુજરાતી નવલકથા—નવલિકાના ઉત્તમ લેખકોને બાળવાર્તાઓ લખવાનું કેમ ન ગમ્યું ? આનો જવાબ લેખકો પોતે જ આપી શકે.

૧૦. ગિજુભાઈની ધાર્મિક દૃષ્ટિ

નરેન્દ્ર બ્રહ્મભટ્ટ

સ્વ. ગિજુભાઈને તેમના મિત્રો, સ્નેહીઓ, શિષ્યો વગેરેએ તેમને પ્રખર કેળવણીકાર, અગાધ કાર્યશક્તિવાળા, અથાક પ્રયોગ શાસ્ત્રી, એમ જુદા જુદા સ્વરૂપે ઓળખ્યા છે. પણ એમનામાં રહેલી અતિશય ઊંડી આધ્યાત્મિકતા વિષે બહુ થોડા લોકોનું ધ્યાન ખેંચાયું છે એમ હું ધારું છું. એ જમાનાના સનાતની ગણાતા જૂના ધાર્મિક લોકો એમને નાસ્તિક જેવા માનતા. એ વખતના આચારવિચારનાં ધોરણો જોતાં અમારા કુટુંબનું વાતાવરણ વિધર્મી નહીં તો અધર્મી ગણાય તેવું હતું.

મને સ્પષ્ટપણે યાદ છે કે મારા ઘરમાં કોઈપણ જાતની પૂજા, અર્ચના કે મતમતાંતરનું પણ અસ્તિત્વ ન હતું. બાળમંદિરના સંગીતમાં પણ ઈશ્વરસ્તુતિ પછી તરત જ નાચની ગત વાગતી. બાહ્યોપચારમાં જેને ધર્મ કહી શકાય, તેવા કોઈપણ લક્ષણ ગિજુભાઈના આચારવિચારમાં ક્યાંયે દેખાઈ શકતાં નહોતાં.

પણ એ છતાં તેમનામાં એક અતિશય ઊંડી અને ગંભીર ધાર્મિક-વૃત્તિની ગુપ્ત ગંગા જેવી જે ધારા વહ્યે જતી હતી, તે કોઈ કોઈવાર પ્રસ્ફુટ સ્વરૂપે બહાર દેખાઈ જતી. વાચકને કદાચ નવાઈ લાગશે પણ એમના લેખનકાર્યનો સૌથી પ્રથમ ગ્રંથ તે 'કૈલાસ માનસસરોવર દર્શન' છે અને ત્યાર પછી વચમાં વચમાં 'ધર્માત્માનાં ચરિત્રો', 'ભગવાન બુદ્ધ' વગેરે સીધી શિક્ષણની યા સીધી બાલસાહિત્યની સૃષ્ટિથી પર એવી પુસ્તિકાઓ દ્વારા એમની એ વૃત્તિ પ્રગટ થયા કરતી.

બાળપણના એક સંસ્મરણે મારા ઉપર ઊંડી છાપ પાડી છે. મોંઘીબહેન—તેમનાં ભત્રીજી—એમના સુંદર કંઠસ્વરથી બ્રહ્માનંદનાં અનેક ભજનો રાતોની રાતો સુધી ગાયાં જ કરતાં અને અમે બધાં કુટુંબીજનો સાંભળ્યાં જ કરતાં. અતિશય કામના બોજા અને દબાણની વચ્ચે પણ

એવી આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં ગિજુભાઈ હંમેશાં લીન થઈ જતા અને બંને આંખોમાં અશ્રુ સહિત એ ભજનો સાંભળ્યા કરતા.

હું જ્યારે શાંતિનિકેતનથી પાછો ફર્યો ત્યારે કવિવર ટાગોરના સાહિત્ય અને આધ્યાત્મિક પરિચયથી મારી પોતાની દૃષ્ટિ વિશાળ બની; ભક્તકવિ મીરાં, કબીર, દાદુ અને બંગાળનાં mystics બાઉલોનાં કાવ્યોની રચનાઓ વાંચીને સમજતો થયો ત્યારથી તો ગિજુભાઈની આખી જીવનપ્રત્યેની દૃષ્ટિ મારી સામે સ્પષ્ટ થઈ ગઈ. જે વિશાળ માનવધર્મ, ઉપરકહ્યા ભક્તોએ ગાયો છે તેની જ જીવંત ઝાંખી કર્યા કરવાની તમન્નામાં જ એમને મેં જીવતા જોયા. અને બાળકેળવણીના સમગ્ર કામને એક નિષ્ઠાથી શરીરના ભોગે પણ વળગી રહેવાની પાછળ એમની સ્પષ્ટ ધાર્મિકવૃત્તિ જ દેખાઈ. એમના જીવનનાં છેલ્લાં જે સાતઆઠ વર્ષ હું એમની સાથે રહ્યો અને એ સમયના ગાળામાં તો મેં એમને સીધી યા આડકતરી રીતે આ ભક્તિપ્રધાન મનોવૃત્તિમાં જ જોયા. કેળવણીના વિષયને લગતાં પુસ્તકો સિવાય તેમણે છેલ્લાં વીસ વર્ષમાં બીજું ઘણું ઓછું વાંચ્યું હશે એવા ગિજુભાઈના પુસ્તકાલયમાં પણ પૉલ બ્રંટનનાં 'મેસેજ ફ્રોમ અરુણાચલ' જેવાં પુસ્તકો આવીને વસવા લાગ્યાં. ચીન, તિબેટ અને યુરોપનાં ભક્તિમાર્ગનાં લેખકોનાં બધાં પુસ્તકો અંગ્રેજી ભાષામાં અમારે ત્યાં ભેગાં થવાં લાગ્યાં. આજે પણ 'શિક્ષણ પત્રિકા'ની લાયબ્રેરી એ વાતની સાક્ષી પૂરે છે. મુ. હરભાઈ એમને ઘણીવાર ગમ્મતમાં કહેતા : 'તું તો હવે બગડી ગયો. તું ધર્મી થઈ ગયો.' એ મીઠી મશ્કરી સાંભળી સહી લેતા અને ગમ્મતમાં કહેતા કે 'હજી હું યવન મટયો નથી; કારણ કે ધર્મની બધી વાત આંખરે તો હું અંગ્રેજી ભાષા દ્વારા લઉં છું.'

એમના જીવનના છેલ્લા ભાગમાં જે લોકો એમના પરિચયમાં આવ્યા તે લોકોએ પણ વાતનો અનુભવ કર્યો જ હશે. ભક્તિરસનાં ભજનોની પ્રાર્થના અને રામકૃષ્ણ પરમહંસનાં વચનામૃતોનું વાચન એમનો નિત્યક્રમ થઈ પડ્યો હતો. એમના જીવનની સંધ્યામાં બીજાં અનેક કામો અને ઉપાધિઓ વચ્ચે પણ એમનું મન હંમેશાં ઈશ્વર કહો યા જગન્નિયંતાશક્તિ કહો, એના જ વિચારમાં મગ્ન રહેતું અને એને વિષેની જ વાતચીતો કોઈવાર મશ્કરી રૂપમાં અને કોઈવાર અતિશય ગંભીરપણે ચાલ્યા જ કરતી.

અને આ બધું માત્ર પુસ્તકિયા કે બુદ્ધિના વિહાર માટેનું એમને મન ન હતું એમ હું હંમેશાં જોઈ શકતો હતો. હંમેશનાં રોજિંદા કામોમાં, દુનિયાની કડવી, મીઠી, કડક, તાવણીઓમાં માનસ બહુ જ સ્વસ્થ અને નિર્મલ રીતે ચાલ્યા કરતું હતું. જે વિશાળ માનવધર્મ દાદુ કબીરે ગાયો છે તે કંઈક અંશે જીવનમાં ઉતારવાનો તેમનો યત્ન હતો, એમ કોઈપણ જાગ્રત માણસને લાગ્યા વિના રહેતું ન હતું. અધ્યાપનમંદિરની પ્રવૃત્તિ સાથે જે લોકો ઓછા યા વધુ પરિચયમાં આવ્યા હશે તે લોકો મારી આ વાત સ્પષ્ટપણે સમજી શકશે. અધ્યાપનમંદિરનું આકર્ષણ એમની નૂતન બાળશિક્ષણ પદ્ધતિ શીખવવામાં જ નહોતું સમાઈ રહેતું, કે નહોતી એની પ્રતિભા સૂકા બૌદ્ધિક પ્રવચનોમાં આવી જતી; પણ એ આકર્ષણનું મૂળ તો એ બધાને ઓતપ્રોત કરીને ભરી દેતી ગિજુભાઈની માનવધર્મની લાગણીને આભારી હતું. છેક નિરક્ષરથી માંડીને એસ. એ. સુધી ભણેલા એમના વિદ્યાર્થીઓને જીવનની દૃષ્ટિ મળે છે એમ લાગતું.

જીવનના અંતિમ દિવસોમાં પંચગનીમાં અર્ધાંગ–પક્ષઘાત થઈ ગયા પછી વાણીએ એમને જ્યારે દગો દીધો ત્યારે પણ મોંઘીબહેન પાસે માત્ર ઉત્કટ ભક્તિરસનાં ગીતો તેઓ સાંભળ્યા કરતા. અને અતિશય લાગણીવશ થઈને મુક્ત હૃદયે રડતાં રડતાં અનેકવાર કહ્યા કરતા કે મારાથી તો આ જન્મે કશું જ નથી થયું. આ શબ્દો તેમની આધ્યાત્મિક વૃત્તિની ભૂખ બહુ જ ઊંડી રીતે વ્યક્ત કરતા હતા.

હરકિશનદાસ હોસ્પિટલ નિવાસ દરમિયાન અમને અંતેવાસીઓને (મને, મારા દાસુકાકાને, ચંદુભાઈને) લખીને સૂચનાઓ આપતા કે નર્સો, ડોકટરો અને હોસ્પિટલના નોકરો સાથે ખૂબ માયાળુતાથી વર્તો. તે જ દિવસોમાં તેમને જોવા મળવા આવતાં તેમના હાથમાં સુગંધી ફૂલો મૂકીને નમસ્કાર કરતા. આવી તો ઘણીયે વાતો લખી શકાય. આ બધાં સંસ્મરણો અતિશય અંગત અને આળાં છે. એમના જીવનમાં જીવંતરૂપે દેખાતા જે વસ્તુઓએ મારી ઉપર વધુમાં વધુ અસર કરી છે એની મને ખાતરી છે કે એમના પરિચયમાં આવતા ઘણા માણસો મારા આ દૃષ્ટિકોણ સાથે સંપૂર્ણ સહમત થશે.

---

११. 'बाल देवो भव।' मंत्र के द्रष्टा : पुण्यश्लोक गिजुभाई बधेका

દર્શકે પોતાની લાક્ષણિકતાથી જવાબ આપ્યો : "મોટી શોધ અણુ કે પરમાણુશક્તિને હું નથી ગણતો. વીસમી સદીનાં આ વર્ષોમાં થયેલી શોધમાં મોટામાં મોટી શોધ હું બાલશિક્ષણશાસ્ત્રીની ગણું છું. મારી અફર શ્રદ્ધા છે કે જો માણસજાતને મુક્તિનો અને શાંતિનો અનુભવ લેવો હશે તો તેણે બાલશિક્ષણની આ શોધ પાસે આવવું પડશે. ત્યારે જ શાંતિનું અને સ્વાધીનતાનું સાચું પ્રભાત ઊઘડશે. વિશ્વશાંતિની એ ચાવી છે."

તેમણે આમ કેમ કહ્યું ?

આપણે જોઈએ છીએ કે લડાઈનાં પડઘમ વાગે છે કે તરત જ આક્રમકને સંબંધ સૈનિકો મળી રહે છે તે શા કારણે ? સૈનિકો નોંધવાની પડાપડી થાય છે. ઉનાળામાં ધરતી પર તરણું ય નથી હોતું અને વરસાદ પડતાં હરિયાળું ઘાસ ઊગી નીકળે છે તે શા કારણે ? ઘાસનાં સૂક્ષ્મ બીજો ત્યાં ધરતીમાં હતાં જ. વરસાદ પડતાં જ તે બીજ ફૂટી નીકળ્યાં. આક્રમક વૃત્તિનાં બીજ ત્યાં મનની ભૂમિમાં વેરાયેલાં જ હતાં. અનુકૂળ ઘડી મળતાં તે ફૂટી નીકળ્યાં. સંસ્કૃતિ, વિવેક, સારાસાર વૃત્તિ કશું ય ત્યાં કામ નથી આવતું. "my country-right or wrong....." કહીએ સૌ નીકળી પડે છે.

બાલશિક્ષણ અને બાલમાનસશાસ્ત્ર એમ કહે છે કે આ આક્રમક વૃત્તિ કંઈ બાળકમાં જન્મગત હોતી નથી. જિજીવિષા, સંરક્ષણની ઇચ્છા —આ વૃત્તિઓ જન્મગત હોય છે, પણ આક્રમણની વૃત્તિ તો કુશિક્ષણનું જ પરિણામ છે. અને યોગ્ય શિક્ષણ તેને રોકી શકે. આ યોગ્ય શિક્ષણ એટલે સમયસરનું શિક્ષણ અને પદ્ધતિસરનું શિક્ષણ.

ગિજુભાઈ આ વાત બરાબર સમજ્યા હતા. આથી જ તેમણે બાલશિક્ષણનું કામ ઉપાડ્યું હતું અને અપાર જહેમત ઊઠાવીને દીન,

હીન, દરિદ્ર ભારતમાં બાલશિક્ષણની સાંગોપાંગ સુવ્યવસ્થિત પદ્ધતિ અર્પણ કરી. આથી જ કિશોરલાલભાઈએ કહ્યું છે કે "અહિંસક સંસ્કૃતિનો પાયો નાખવામાં ગિજુભાઈએ આ રીતે બહુ મોટો ભાગ ભજવ્યો છે."

બાળકેળવણીનું કામ એ તો ખરેખર શાંતિ સ્થાપવાનું કાર્ય છે. શાંતિ સ્થાપવાનું કાર્ય માત્ર શ્રી રેગન, શ્રીમતી થેચર કે ગુર્બાચોવ સાહેબ જ નથી કરતાં. પરંતુ આદિવાસીઓનાં ઝૂંપડાંઓ વચ્ચે બાલવાડી ચલાવનાર બાલસેવિકા પણ કરી રહેલ છે. કારણ કે તે પોતાની સંભાળમાં મુકાયેલાં ભૂલકાંઓમાં આક્રમક વૃત્તિનાં બીજ ન રહે તેવી હિકમતથી કામ કરે છે. તેનો ફોટો કે નામ છાપાંમાં આવતાં નથી. પણ તેનું કામ ઓછા મહત્ત્વનું નથી. ઝાડનાં મૂળિયાં હંમેશાં અંધારામાં જ રહે છે. પણ વૃક્ષને તે જ પોષણ આપે છે અને તે જ વૃક્ષનો આધાર બને છે.

બાલશિક્ષણનું શાસ્ત્ર બીજી એક વાત પણ કહે છે કે માણસ અસામાજિક થશે કે સામાજિક, તે પ્રેમાળ થશે કે ખિન્નળ, તે અહંકારી થશે કે વિનમ્ર તેનો બહુ મોટો આધાર તેની બાલ્યાવસ્થામાં તેને કેટલો આદર મળ્યો, તેની સર્જનશક્તિને કેટલો અવકાશ મળ્યો કે રુકાવટ થઈ, તેને અપમાન અને નિરાશાનો કેટલો અનુભવ થયો, તેની તે ઉમરની જરૂરતો કેટલી પોષાઈ તેના પર છે. એ પાયાનાં વર્ષો જેનાં દુઃખ, અપમાન, નિરાશા, વિફલતા, અક્રિયતામાં જાય તેનું ચારિત્ર્ય પાછળથી વિકસવાનો સંભવ બહુ ઓછો છે. તેને હાથે સૃષ્ટિમાં સહકાર અને પ્રેમનું દાન થવાનો સંભવ લગભગ નથી.

બાળકને અપમાન અને નિરાશાના જે અનુભવો આપણા ઘરમાં, શેરીઓમાં ને શાળામાં થાય તે બાળકો ભૂલી નથી જતાં. તેમના હાથપગ નાના હોવાથી તે મૂંગાં રહે છે. પણ ચિત્તના ચોપડામાં તેઓ નોંધી રાખે છે અને મોટું થતાં સમાજ પાસેથી તેનો હિસાબ વસૂલ કરે છે. મોટી ઉંમરે તે બીજાને પીડિત કર્યા સિવાય રહી જ શકતો નથી.

મહાભારતમાં કર્ણનું પાત્ર આવું છે. બાળપણમાં ચારેબાજુ નિરાશા, અપમાન અને હાંસી મળતાં બદલો લેવા તે અધર્મને પક્ષે ગયો. તે વિદ્વાન, શાસ્ત્રનો જાણકાર અને મહાદાનેશ્વરી હતો. પરંતુ આક્રમણ કરનારાઓનું સોગઠું બન્યો. દુર્યોધન સાથે ભળી કૌરવ-પાંડવનું પાટે ન ચડવા દીધું. હજારો વર્ષ પર ભગવાન વ્યાસે કવિની દૃષ્ટિથી જે

જોયું તે બાલશિક્ષણકારોએ આજે વૈજ્ઞાનિક દૃષ્ટિથી શોધ્યું છે. હિટલર વિશે પણ એમ કહેવાય છે કે તેને નાનપણમાં ધનવાન યહૂદીઓના છોકરાઓએ ખૂબ જ પજવેલો અને પરિણામે આપણે જાણીએ છીએ કે યહૂદીઓની તેણે કેવી ભયંકર કત્લેઆમ ચલાવી !

ગિજુભાઈ આ વાત બરોબર સમજતા હતા. આથી જ બાળકોનાં વ્યક્તિત્વનાં થતાં ખૂન નિહાળીને તેઓ ઊકળી ઊઠ્યા હતા : " હું આપણાં લાખો બાળકોનો વિચાર કરું છું. આપણી આંખ આગળ લાખો બાળકો રેંસાતાં હોય અને આપણે ઊભા ઊભા જોયા કરીએ એ કેમ બને ? અત્યારે તો એક જ વાત. આ બાળકોનાં ખૂન થતાં અટકે તે માટે શંખ ફૂંકો અને જેઓના કાન બહેરા થઈ ગયા છે તેમના કાનને પણ ફોડી નાખે એવો અવાજ કરો."

બાલશિક્ષણશાસ્ત્રનું ત્રીજું વિધાન એ છે કે સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે. આક્રમકતાનો ઉપાય અંતઃતૃપ્તિ છે. જે સમાજ પોતાનાં બાળકો માટે તેમની વય, વૃત્તિ અને જરૂરિયાતો લક્ષમાં રાખીને સર્જનકાર્ય માટેની વ્યવસ્થા પોતાની શિક્ષણ વ્યવસ્થામાં યોજે છે તેને કોર્ટો, જેલો અને લશ્કરોનું બજેટ ઓછું કરવું પડે છે. જેને પોતાની પ્રવૃત્તિ કઈ તે જડી ગયું છે તેને બીજાના કામમાં દખલ કરવાની, બીજાની ટીકા કરવાની ફુરસદ જ નથી હોતી. ફૂલ પર બેઠેલી મધમાખીની જેમ પોતાની પ્રવૃત્તિમાંથી રસ ચૂસવામાં તે તલ્લીન બની જાય છે. બાળકોને સ્વાતંત્ર્ય આપીને સ્વયં સ્ફુરિત સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવા દઈએ તો અંતઃતૃપ્તિ માટેનો તેમનો માર્ગ ખુલ્લો થશે. અને બીજાને દખલ કરવાનું, બીજાની ઈર્ષ્યા કરવાનું, બીજાને હલકા પાડી મોટા થવાનું ઝેર તેમના સ્વભાવમાં નહિ પ્રવેશે. આ ઝેર આપણા સમાજમાં ઓછું છે ? કોઈક જરાક આગળ વધે તો રાજી થનાર કેટલા અને ઈર્ષ્યા કરનારા કેટલા ? ઈર્ષ્યાળુ વ્યક્તિઓ યુદ્ધની આગ ફેલાવનારાઓને સૂકા ઘાસની ગંજી જેવા ઉપયોગી નીવડે છે. આ વાત ગિજુભાઈની નજરથી બહાર ન હતી. આથી જ અપાર ધીરજ અને અપૂર્વ જાગૃતિપૂર્વક સ્વયંસ્ફુરિત સર્જનાત્મક પ્રવૃત્તિઓની ગોઠવણ એમણે પોતાના બાલમંદિરમાં કરી હતી.

ગિજુભાઈએ માબાપોને સમજાવ્યું કે "આપણે બધાં માબાપો અમદાવાદના માણેકનાથ બાવા જેવા છીએ. આ માણેકનાથ બાવો દિવસે

સાદડી વણતો અને રાતે ઉકેલી નાખતો. આથી બાદશાહે દિવસે જે કિલ્લો ચણાવ્યો હોય એ રાત્રે પડી જતો. માબાપ નહિ સમજે તો બાલમંદિર કે શાળાનું કામ ચાલવાનું નથી. અમે આ તમારું કામ કરીએ છીએ. રાત્રે સાદડી વીંખવાનું કામ થંભાવો અને બાળકના જીવનઘડતરનો જે મજબૂત અને વિશાળ કિલ્લો બાંધવાનું કામ શરૂ કર્યું છે તેમાં મદદગાર થાઓ. બાળકને જે વર્તાવ બાલમંદિરમાં મળતો હોય છે, જે શિક્ષણ, સંસ્કાર, સગવડો ત્યાં અપાતાં હોય તેનાથી જુદું ઘરમાં ન અપાય તે જુઓ. કારણ કે બાળકો આખરે તમારાં છે, તે તમારી સાથે વધારે રહે છે."

આ વાત માબાપ અને સમાજને ગળે ઉતારવા તેમણે કેટલા બધા પ્રયત્નો કર્યા. માબાપોની સભાઓ કરી. તેમને માટે સાહિત્ય લખ્યું. પત્રિકાઓ અને સામયિકો ચલાવ્યાં. સભા-સરઘસો કર્યાં અને નૂતન બાલશિક્ષણ સંઘ સ્થાપીને ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, સિંધ – બધેય વાતાવરણમાં એક જબરું મોજું ઊભું કર્યું.

ગિજુભાઈની આ વાતમાં ખાસ ખૂબી એ હતી કે તેમણે માબાપોના સ્વાભાવિક વાત્સલ્યને જાગ્રત કરીને આ કામ કર્યું. આખા સમાજમાં તેમણે અહિંસક રીતે મૂલ્યપરિવર્તન અને દૃષ્ટિપરિવર્તન કર્યું. એક પણ વ્યક્તિનું લોહી રેડાયા વિના થયેલી આ એક મહાન અને ભવ્ય અહિંસક ક્રાંતિ છે. અને તેથી જ જુગતરામભાઈએ ગિજુભાઈને, 'બાળકોના ગાંધી' કહ્યા છે.

બાલશિક્ષણશાસ્ત્રે બીજી એક વાત તરફ પણ આપણું ધ્યાન દોર્યું છે કે આપણા સમાજમાં જે લાંચરુશવતની બદી છે તેનાં મૂળ બાળપણના કુસંસ્કારોમાં છે. બાળકને એક પિપરમીટ આપીને આપણે ત્યાં આવેલા મહેમાનને નમસ્કાર કરાવીએ છીએ અને પૈસો આપીને કંઈ કામ કરવા મોકલીએ છીએ. બાળક બિચારું પિપરમીટ કે પૈસા માટે કામ કરે છે.

બાલશિક્ષણશાસ્ત્રે આપણા સમાજના આ ભયંકર સડાના મૂળ તરફ આપણું ધ્યાન દોર્યું છે. અને સમાજમાંથી એ સડો દૂર કરવાનો વૈજ્ઞાનિક માર્ગ ચીંધ્યો છે. આથી જ ગિજુભાઈએ પોતાના બાલ-મંદિરમાંથી અને બાલશિક્ષણની પદ્ધતિમાંથી ઇનામ અને હરીફાઈઓને દેશવટો આપ્યો હતો. અનેક અનિષ્ટોથી ભરેલી પરીક્ષાપદ્ધતિને રુખસદ આપી હતી અને સમગ્ર સમાજનું તે પ્રત્યે ધ્યાન દોર્યું હતું.

એક વખત ગિજુભાઈને કોઈએ પ્રશ્ન કર્યો : "તમારા બાલમંદિરમાં નવીન પદ્ધતિથી ભણેલાં બાળકો આ જગતમાં શું કરશે ?"

તેમણે જવાબ આપેલો : "તેઓ પરાધીન જગતમાં જીવવાની ના પાડશે અને સ્વાધીન જગતમાં જ જીવશે અગર મરી ફીટશે."

ગિજુભાઈની આ વાતનું મહત્ત્વ જરાય ઓછું આંકી શકાય તેવું નથી. ગાંધીજીએ અસહકારની અને સવિનય કાનૂનભંગની ચળવળોથી ભારતીય પ્રજાને આ વાત જ શીખવી હતી. પરાધીન દેશમાં જીવવાની સમગ્ર દેશની પ્રજા સાફ ના પાડી દે. આ વાત પ્રજાના ઘડતરમાં આવે એ માટે ગિજુભાઈએ તેને બાલશિક્ષણમાં દાખલ કરી. પોતે જ દાખલ કરી એમ નહિ પણ તે માટે શિક્ષણની વ્યવસ્થિત પદ્ધતિ ઊભી કરીને સમગ્ર દેશમાં હજારો બાલમંદિરોને એ રીતે કામ કરતાં કર્યાં. આનું પરિણામ કેવું ભવ્ય આવી શકે !

આ માટે જ એમણે બાલક્રીડાંગણની યોજના પણ અપી હતી. દેશનાં કરોડો બાળકોને સ્વચ્છ બનાવો, સુદઢ બનાવો, તેમને મુક્તપણે ખેલવા-કૂદવા દો. તેમના બાળપણને રસભર્યું અને આનંદભર્યું રહેવા દો. સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફુરણાવાળી પ્રવૃત્તિઓથી એમને તૃપ્ત થવા દો. તેમની સામાજિકતાને વિકસવા દો અને પછી જુઓ કે ભારતની પ્રજા કેવી બને છે !

ગિજુભાઈના કાર્યમાં આપણને insight (આત્મસૂઝ) અને foresight (દૂરંદેશીપણું) બંનેનાં દર્શન થાય છે. એને લીધે જ એમનું કાર્ય આટલું મહાન બની શક્યું હતું. એને લીધે જ તેઓ આવનારા યુગને ઓળખી શકતા હતા. આનાં મૂળ ક્યાં હતાં ?

હંમેશાં કોઈ પણ કામ ત્યારે જ પૂર્ણ રીતે સફળ થાય છે કે જ્યારે તે કામમાં જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય થયેલો હોય છે. ગિજુભાઈના કાર્યમાં પણ આ જ્ઞાન, કર્મ અને ભક્તિનો સુભગ સંયોગ થયેલો જોવા મળે છે. અને એથી જ બાલકલ્યાણના યુગ-વિધાયક તરીકે કામ કરી શક્યા. આપણા આજના શિક્ષણને તેજોમય બનાવવા ગિજુભાઈના જીવનની આ ચાવીનો ઉપયોગ કરીશું ?

હમણાં વડોદરા યુનિ.માં ગિજુભાઈ વિશે પરિસંવાદ ચાલતો હતો. ત્યારે એક પત્રકારે મને પૂછ્યું હતું કે અમારા વડોદરા શહેરમાં અમે

અઢી વર્ષનાં બાળકોની ટ્રાઈસિકલ ચલાવવાની હરીફાઈઓ યોજીએ છીએ. અને પછી તેમાં પ્રથમ ત્રણ વિજેતાઓને ઇનામ આપીએ છીએ. આ સ્થિતિમાં ગિજુભાઈના વિચારોની ઉપયુક્તતા કેટલી ? આજના હવેના યુગમાં ગિજુભાઈ ટકશે ખરા ? તેમના વિચારો બંધબેસતા અને ઉપયોગી થશે ?

મેં તેમને પૂછ્યું કે 'તમારા ઘરમાં નાનાં બાળકોના ઉછેરમાં કે અભ્યાસમાં કોઈ પ્રશ્નો ઊભા થાય છે ખરા ? અને ત્યારે તમે તેમાં કંઈ રસ્તો કાઢો છો ખરા ?

તેમણે કહ્યું કે 'હું અને મારી પત્ની અમારી પૌત્રીને નવરાવીએ છીએ ત્યારે તે ખૂબ રડે છે. તેને રડતી બંધ કરવા અને આનંદથી સ્નાન કરે તે માટે એ વખતે હું તેને એકબે વાર્તા કહું છું.' ત્યારે મેં તેમને કહ્યું હતું કે 'ગિજુભાઈના વિચારોની ઉપયુક્તતા આજના યુગમાં પણ લેશ માત્ર ઘટશે નહિ. આ જગત ઉપર જ્યા સુધી બાળકો જન્મ્યા કરે છે અને તેમને સુખરૂપ પ્રેમથી ઉછેરવા, તેમનો વિકાસ કરવા માબાપ અને શિક્ષકોનાં દિલમાં લાગણીઓ છે ત્યાં સુધી ગિજુભાઈની વિચારધારા અમર છે, અમર રહેશે. ગિજુભાઈના ગુરુ શ્રી નીલને પણ દૂરદૂર દક્ષિણ આફ્રિકામા અને અમેરિકામા આવો જ અનુભવ થયો હતો.'

દક્ષિણ આફ્રિકાના દારેસલામ શહેરમાં ભરાયેલા બાલશિક્ષણના સંમેલનના પ્રમુખસ્થાનેથી આપણા જાણીતા કેળવણીકાર શ્રી મનુભાઈ પંચોલીએ ગિજુભાઈને અર્પેલી અંજલિમાંથી એક-બે ફકરા જોઈને આપણે આજની વાત પૂરી કરીએ :

"……આજે મને સૌથી વિશેષ સ્મરણ થાય છે ગિજુભાઈનું. વર્તમાન ગુજરાતના ઘડતરમાં મારા નમ્ર મત પ્રમાણે ગિજુભાઈનો ફાળો ઘણોબધો છે.

"ગિજુભાઈને એમના જીવનમાં ઘણી સફળતા અને સન્માન મળ્યાં હતાં. વિદ્યાર્થીનો એ પ્રેમ તે એમના જેટલો બીજા કોઈને ભાગ્યે જ મળ્યો હશે. એમના કામની સફળતાનો આંક કાઢીએ તો તેમના મૃત્યુ પછી તે ઊલટો વધ્યો છે.

" ગુજરાતની કોઈ નિશાળમાં આજે શિક્ષા થઈ શકતી નથી. ગુજરાતમાં બાળકેળવણીએ—બાલવાડીએ શિક્ષણના માળખામાં અફર સ્થાન લઈ લીધું છે. બાળસાહિત્યના સર્જન માટે દર વરસે સરકાર

અનેક પ્રયત્નો કરે છે. બાલક્રીડાંગણો ઊભાં કરવાં એ પંચાયતોની એક ફરજ ગણાવા માંડી છે. સૌરાષ્ટ્રનાં નાનાં ગામડાંઓમાં પણ બાલક્રીડાંગણો ઊભાં થતાં જાય છે. એટલે આપણી કહેવત ગિજુભાઈના કામને આપણે લાગુ પાડી શકીએ કે "હાથી જીવતો લાખનો પણ મૂઓ સવા લાખનો". એનો અર્થ એ છે કે કોઈ પણ સાચો વિચાર એના પ્રવર્તક સાથે મરતો નથી. પણ પ્રવર્તકના અવસાન પછી તે પ્રવર્તક સદેહે જે કામ કરતો હતો તેના કરતાં અદેહે વધારે કામ કરે છે. દેહ કરતાં આત્માના બળની આથી મોટી સાબિતી બીજી કઈ હોઈ શકે ?

"આપણે સૌ તેમનું સ્મરણ કરીએ, તેમને પ્રણામ કરીએ અને તેમના અધૂરાં કામ પૂરાં કરવા કટિબદ્ધ બનીએ."

સંદર્ભ

૧. બાલશિક્ષણના પ્રણેતા ગિજુભાઈ —રા. ના. પાઠક
૨. શાંતિના પાયા —મનુભાઈ પંચોલી 'દર્શક'
૩. बालशिक्षणके पुरोधा गिजुभाई —रामनरेश सोनी
૪. શ્રી. ગિજુભાઈ બધેકાનું કેળવણીમાં પ્રદાન —ભારતલાલ પાઠક

૬૬. યુગપ્રવર્તક ગિજુભાઇ

ડો. નટુભાઈ કે. જોષી

વિશ્વક્ષેત્રે ડો. મારીઆ મોન્ટેસોરી અને ભારતમાં ગિજુભાઈનાં નામો વીસમી સદીના બાળશિક્ષણ ક્ષેત્રમાં ઇતિહાસમાં સુવર્ણાક્ષરોમાં અંકિત રહેશે. ડો. મારીઆ મોન્ટેસોરી અને ગિજુભાઈ એક સિક્કાની બે બાજુઓ કહીએ તો ખોટું નહીં. બંનેનું દર્શન તથા સર્જન એક સમાન અને છતાં વિશિષ્ટ, આગવું અને અનેરું. બાળશિક્ષણની અને બાળદર્શનની નૂતન પ્રયોગશાળાના બંને શિક્ષણશાસ્ત્રીઓ વિરલ અને યુગપ્રવર્તક વિભૂતિઓ ગણી શકાય. બંનેનું જીવન અનેક લોકો માટે પ્રેરણાદાયી બન્યું. એમનું કાર્ય શિક્ષણનું શાસ્ત્ર બન્યું. કુમળાં બાળકોને ઢોરમાર મારી ભણાવ્યાનો દાવો કરતી, 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે ઝમઝમ'ના કથનને સાર્થક કર્યાનું ગૌરવ અનુભવતી ભારતભરમાં પથરાયેલી ભારતના કલંકરૂપ બનેલી ધૂડિયા નિશાળોને સ્થાને કિલ્લોલતાં, કૂદતાં, નાચતાં, હસતાં ને ખીલતાં બાળકોનાં 'બાળમંદિરો'ના સર્જનનો યશ ભારતમાં પ્રધાનતઃ ગિજુભાઈને જ ઘટે છે. એમના હૈયે વસેલું બાળક શિક્ષણ-મંદિરોનો અધિષ્ઠાતા દેવ હતું અને શિક્ષક એનો અદનો ને વાત્સલ્યથી ભરેલો પૂજારી હતો. માતાપિતા એ ફૂલડાંઓને પોષનારાં માળી હતાં.

ગિજુભાઈને મન બાળશિક્ષણના નવા સિદ્ધાંતો કાંઈ શાબ્દિક સંતોષ માટે નહોતા. એમણે તો એમને આત્મસાત કર્યા અને તેમનું દર્શન સર્જનમાં પલટાવ્યું. એમને જણાયું કે બાળકનો વિકાસ એ કાંઈ હાડચામના પૂતળાનો જ વિકાસ નથી, પણ બાળક એ અનેક દિવ્યતા અને શક્યતાભર્યો જીવાત્મા છે. એની અંદર સુપ્ત અને ગુપ્ત સુંદરતા પડી છે. શિક્ષણનું કાર્ય એને પ્રગટાવવાનું છે, પોષવાનું છે, પ્રફુલ્લાવવાનું છે. ડો. મોન્ટેસોરીના શિક્ષણરહસ્યને તેમણે પૂરું ઝીલ્યું ખરું પણ પોતાના અવનવા અને સતત પ્રયોગોના નવનવા રંગોથી સમૃદ્ધ અને વિભૂષિત પણ કર્યું.

તેઓ તો જ્યાં જ્યાં સત્ય, શિવ અને સુંદર હોય, ત્યાં ત્યાં તેના પૂજારી હતા. તેઓ કહેતા "કેળવણીની દુનિયામાં હું એક જ વ્યક્તિ કે સિદ્ધાંતનો કેવળ ઉપાસક નથી, પરંતુ એની સાથે સત્યના મુખનું દર્શન કરવા સ્વાનુભવથી પુરુષાર્થ કરી રહ્યો છું." ગિજુભાઈ એમના બે દાયકા જેટલા ટૂંકા ગાળાના બાળશિક્ષણ કાર્યનો આટલો બધો વિસ્તાર કરી સંગીન સર્જન કરી શકયા એનું રહસ્ય એમના આ બાળદર્શનમાં રહેલું છે.

જ્યાં સાચી સાધના, ત્યાગ અને તપ હોય છે ત્યાં અન્ય સર્વ સિદ્ધિ કુદરત જ ઊભી કરી આપે છે. ગિજુભાઈના આ અહાલેકે એમને તારાબહેન મોડક, જુગતરામ દવે જેવા સંનિષ્ઠ મિત્ર, મોંઘીબહેન બધેકા, નર્મદાબહેન રાવળ અને મનુભાઈ જેવા સહકાર્યકરો અને નાનાભાઈ ભટ્ટ અને હરભાઈ જેવા હેતાળ શુભેચ્છકો સાંપડયા. ભારતના બાળ-શિક્ષણનું ભગીરથ કાર્ય આમ આ રીતે જ આરંભાયું.

બાળશિક્ષણની સાચી સિદ્ધિ અને સફળતા શિક્ષકના અખંડિત વહેતા પ્રેમ અને વહાલ પર આધારિત હોય છે. ગિજુભાઈ એમના બાળપ્રેમને આધારે તો 'મૂછાળી મા'નું બિરુદ પામ્યા. બાબલો, બચુડો, રૂડકી, ભગલો, મંજુડી, નાથિયો બાળમંદિરમાં પ્રવેશે કે તુરત જ ગિજુભાઈનો બારણા પાસે ઊભા રહી આવકાર દેતો સાદ ટહુકી ઊઠે, "આવો બાબુભાઈ, કેમ છો બચુભાઈ? પધારો, પધારો રૂડકીબહેન, અરે ભગુભાઈ બોલો તો ખરા? મંજુબહેન મજામાં ને? અરે,વાહ નટુભાઈ તમે તો આજે ખરા રંગમાં છો!"

મુલાકાતી વાલીઓ બાળકોને અપાતા આ માનથી આશ્ચર્ય પામતા અને એ આશ્ચર્ય પામે એમાં નવાઈ પણ શી? કારણ વડીલોએ કયારેય બાળકનું મહત્વ સમજવાની કોશિશ કરી હોય ત્યારે ને? બાળકને ઢોર-માર મારી અધમૂવું કરી મૂકતા વડીલોએ કયારેય બાળકોને માન આપ્યું હોય ત્યારે ને?

એકવડિયું શરીર, ઓડિયા જેવા માથે જરાક વાંકા વાળ, મોટી મૂછો, બાંય ઊંચી ચડાવેલું પહેરણ અને ફરફરતું ધોતિયું પહેરી પ્રત્યેક પળે ગિજુભાઈ બાળકો વચ્ચે લહેરફરે અને એ કુમળાં ફૂલડાંઓને જોઈ

જોઈ આનંદે, મીઠું મીઠું મલકે, એ જોઈને બાળકોય હસે અને ખીલે નહીં તો શું કરે?

પ્રારંભની પ્રાર્થના થાય અને ગિજુભાઈનો પગરવ થતાંની સાથે જ સર્વત્ર શાંતિ છવાઈ જાય, ગીત ગવાય અને ગિજુભાઈ સૌ પ્રથમ ઝીલે. રાસગરબામાં પણ સૌથી આગળ. અને 'ધનિયો હનમ', 'દલા તરવાડી' કે 'છેલણ બીબિયાં'નાં નાટકો ભજવાય ત્યારે ગિજુભાઈ અસ્ત્રો લઈને, કે દલાની પાધડીમાં કે મિયાંના રોફમાં જ્યારે પધારે ત્યારે તો એ જોઈને બાળકો તો પેટ પકડીને હસી પડે. વાર્તા કહેવા માંડે ત્યારે તો આંખો ફાડી, કાન સરવા કરી બધાં બાળકો એકધ્યાન થઈને બેસી જાય. બપોરે બાળકો સાથે પોતે પણ નાસ્તો કરવા બેસે ત્યારે તો નાસ્તાની મીઠાશ ઓર વધી જાય. નાસ્તા પછી સૌ ઘેર જવા રવાના થાય ત્યારે 'આવજો'ના રણકારે બાળમંદિરિયું ગૂંજી ઊઠે. આમ 'મૂછાળી મા'ના હેતની હેલી છલકાઈ જાય.

ગિજુભાઈ કદી સાધનો કે સિદ્ધાંતની જડતામાં જકડાતા નહીં. એમનું લક્ષ્ય હંમેશાં મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનો વડે બાળકનો ઇન્દ્રિય વિકાસ સાધી, એનો સર્વાંગી અને સમગ્ર વિકાસ સાધવાનું રહેતું. બાળમંદિરમાં રહીને ગિજુભાઈએ કદી કોઈને કશું શીખવ્યું નથી, ઊલટાનું બાળકના નિરીક્ષણે તેઓ જે કંઈ શીખ્યા એ જ એમના જીવનની મહામૂલી મૂડી હતી. પ્રતિદિન પ્રત્યેક બાળકની સૂક્ષ્મ નિરીક્ષણ નોંધ, શિક્ષણનું એન્સાઈકલોપીડિયા જ બની જતું. આ કાર્ય વધુ સંગીન અને સફળ બને તે માટે તો એમણે અધ્યાપનમંદિર શરૂ કર્યું હતું.

આવનાર તાલીમાર્થીનો ગિજુભાઈ સાથેનો પરિચય અને સંપર્ક કાંઈ અજબ હતો. તેઓ પ્રવૃત્તિની ધમાલ વચ્ચે પણ દરેકના વડીલ, મિત્ર કે બાપુ બની જતા. પ્રત્યેક ગોપીને કાન સરખો લાગે તેમ ગિજુભાઈ સર્વને અંતરે સરખું સ્થાન ધરાવતા હતા. આખો દિવસ અને મોડી રાત સુધી કાર્યરત રહેનારા ગિજુભાઈ સાચા અર્થમાં કર્મનિષ્ઠ, કર્મયોગી, કર્મઠ યુવાન હતા.

દરેકની અંદર સુષુપ્ત પડેલી ગૂઢ શક્તિઓને ઢંઢોળવાનું કાર્ય ગિજુભાઈનું હતું. પણ એ બાળક હોય કે યુવાન હોય, બાળકની શક્તિનું કામ કઢાવવાની કળા એમની પાસે હતી. સૌ મળીને કામ કરે

એના કરતાં પણ વિશેષ કાર્ય એ એકલા કરતા હતા. એમને જ્યારે જુઓ ત્યારે એ લખતા જ હોય. દિવસ આખો બાળકો સંગે અને સવાર-સાંજ તાલીમાર્થીઓ સાથે એ ટહુકતા જ હોય; જ્યાં જ્યાં ગિજુભાઈ ત્યાં ત્યાં જીવન, ચેતના, ઉલ્લાસ અને આનંદ પથરાઈ જતાં હતાં. એમનું ચિંતન અને મનન આચરણમાં પરિણમતું. એમનામાં બે યોગનો સમન્વય હતો. અંતરમાં ભક્તિયોગ, બાહ્યમાં કર્મયોગ હતો. એમનું સમગ્ર જીવન એક મહા ઉપાસનારૂપ હતું અને તેથી તો એ રંગ અન્યમાં જગવી શકતા હતા.

ગિજુભાઈના બાળકેળવણી ક્ષેત્રે આ ક્રાંતિકારી પરિવર્તનોને કારણે ગામેગામ અને શહેરેશહેર બાળમંદિરો કાઢવાના પ્રયાસ ચાલ્યા. માબાપોને એમનાં બાળકોને સમજવા અને સહાય કરવા સાચી દૃષ્ટિ આપી. રાજ્યોના સંચાલકોનો બાળકેળવણી ક્ષેત્રે રસ જાગૃત થયો. ભારતમાં 'બાળયુગ'ની ઉષા પ્રગટી. બાળકમાંની દિવ્યતાને સમજવાની દૃષ્ટિ પ્રકટાવવાનું માન ગિજુભાઈને ફાળે જાય છે.

બાળશિક્ષણક્ષેત્રે પ્રગટેલો ઉત્સાહ સક્રિય બની રહે એ માટે 'શિક્ષણ-પત્રિકા' શરૂ કરી. એમાં પાઠવેલ સંદેશ શિક્ષણકાર્યનો મંત્ર બની રહ્યો. ભારતની અન્ય ભાષાઓ ઉપર પણ આની ઊંડી છાપ પડી. આખું ભારત ત્યારે બાળપ્રવૃત્તિ ઉપર મીટ માંડી રહ્યું.

ગિજુભાઈ જેવા પ્રેમાળ હતા એવા જ શિસ્તબદ્ધ અને વહીવટકર્તા પણ ખરા. એમના એક એક બોલ પર તો એમના શિષ્યો જીવન સુદ્ધાં દેવા તૈયાર થઈ જતા. આવા જૂથ પાસેથી તેઓ વિપુલ બાળસાહિત્ય, શિક્ષણસાહિત્ય ઊભું કરી શકયા. ૮૦ બાળપુસ્તકોની 'દક્ષિણામૂર્તિ બાળસાહિત્યમાળા', ૨૫ પુસ્તકોનું 'બાળસાહિત્ય ગુચ્છ', શિક્ષણશાસ્ત્રોની 'મોન્ટેસોરીમાળા', ભાષાશિક્ષણ અને અક્ષરજ્ઞાન યોજનાનાં એમનાં પ્રકાશનો હજી લાંબા સમય સુધી શિક્ષણક્ષેત્રનું સંગીન અને માર્ગદર્શક તથા અમૂલ્ય ધન બની રહેશે.

આમ ગિજુભાઈએ ભારતના બાળદર્શન અને બાળશિક્ષણક્ષેત્રે જે પ્રદાન કર્યું છે એનું માપ કાઢવું અઘરું છે. એમણે સેંકડો અધ્યાપકો તૈયાર કર્યા, અસંખ્ય બાળમંદિરો સ્થાપ્યાં અને શિક્ષકોને શિક્ષણનું ધર્મદર્શન કરાવ્યું, અનેક વાલીઓને નવી દૃષ્ટિ આપી, હજારો બાળકોને

કિલ્લોલતાં કર્યાં, સમાજમાં એમનું સ્વતંત્ર અસ્તિત્વ સન્માનાવ્યું, શિક્ષણ-ક્ષેત્રે આમ એમણે નવી ક્રાંતિનાં પગરણ માંડ્યાં.

એમના સ્વાનુભવે એમણે શીખવ્યું કે, શિક્ષણ એ ધંધો નથી, પવિત્ર જીવનધર્મ છે. એમણે શીખવ્યું કે ભણતર ભણાવવાની વાત નથી, પરંતુ બાળકમાં પડેલ આંતરિક શક્તિને પ્રગટાવવાની પ્રક્રિયા છે. બાળક પ્રભુનો દૂત છે. માનવજીવનની ઇમારતી ઇંટો છે. માનવમંદિરનો સાચો દેવ બાળક છે. એને ચાહો, સત્કારો એમાં જ માનવજીવનનું સાચું શ્રેય સમાયેલું છે. બાળકને મારશો કે હડધૂત કરશો એ તમારી જાતને હડધૂત કરવા બરાબર છે એમ માનજો.

ગિજુભાઈના જીવનની પ્રત્યેક પળ બાળકના વિકાસ માટેનો યજ્ઞ હતી. એમનું વાચન વિચારમાં અને વિચાર આચરણમાં ઊતર્યા. આજે જ્યારે માનવમાંથી માનવતા મિટાતી જાય છે, હૈયાનાં હેત હડસેલાઈ રહ્યાં છે, બાહ્ય મોહજાળમાં અંતરના ઐશ્વર્યને માનવ વિસરવા માંડ્યો છે ત્યારે બાળદર્શન અને બાળશિક્ષણના ગિજુભાઈના આ યુગકાર્યનું મહામૂલું વર્તમાન મૂલ્યાંકન સમજવા જરાક જેટલો પણ પ્રયાસ કરીશું તો પણ એમાં આપણું શ્રેય છે, આપણી પ્રેરણા છે, આપણું બળ છે એમ આપણે સમજવું રહ્યું.

---

૧૭. શ્રી ગિજુભાઈ બધેકાનું કેળવણીને પ્રદાન

ડા. શાસ્ત્રી જયેન્દ્ર દવે

૧. ભૂમિકા :

ગુજરાતમાં અને કદાચ સમગ્ર ભારતમાં બાળ કેળવણીના અગ્રદૂત અને "મૂછાળી મા"નું બિરુદ પ્રાપ્ત કરનાર સ્વ. શ્રી ગિજુભાઈ બધેકાની બે લાક્ષણિકતાઓ નોંધવી ઘટે. એક તો એ કે પોતાના જ સંતાનની કેળવણીની બાબતમાં ગાંધીજીની જેમ ચિંતિત થનાર તેઓ સાચા અર્થમાં પિતા હતા. મહાત્માજીને દક્ષિણ આફ્રિકામાં હવે રોકાઈ જ જવું પડશે એવું લાગ્યું, એટલે પોતાનાં બાળકો સાંભરી આવ્યાં; કારણ ? કારણકે પિતા તરીકે તેઓ એ વખતે એમ માનતા હતા કે, બાળકોની કેળવણી તેમનાં માત-પિતા (એમાં જો માત્ર પિતા જ શિક્ષિત હોય તો સવિશેષ પિતા)ની સીધી દેખરેખ નીચે જ થાય. "તેમાં બહારની મદદ ઓછામાં ઓછી હોય." ઘરે પુત્રનો જન્મ થતાં આ પિતા – ગિજુભાઈનું આખું જીવન જ બદલાઈ ગયું ! પુત્રના શિક્ષણની ચિંતા થવા માંડી. કારણ ? કારણ કે "આ નિશાળો તો આંકણિયું અને મોંપાટ (મુખપાઠ) સિવાય કાંઈ છે ?" આવી નિશાળમાં છોકરાને કેમ મોકલાય ? પિતા તરીકેની તેમની આ વૈયક્તિક મમતાએ તેમને શિક્ષક–સ્વરૂપ–સમષ્ટિમાં પરિવર્તન પામવાની ફરજ પાડી !! આ એમની એક લાક્ષણિકતા. શિક્ષક થયા પછી એમની બીજી લાક્ષણિકતા એટલે ઇઝરાયેલના મહાન તત્ત્વચિંતક માર્ટિન બ્યુબરની જેમ આ જગતના અંતિમ વાસ્તવ (ultimate reality)નું દર્શન બાળકમાં કર્યું.[૧] શાથી બાળક જ વાસ્તવ છે ? પ્રશ્ન નાનો છે; પણ એનો ઉત્તર વિગતે આપવો પડે એટલે ઘણું વિષયાંતર અને વધુ વિસ્તાર થઈ જવાનો ભય હોવાથી અહીં એ પ્રશ્નને અનુત્તરિત રહેવા દઈ આગળ વધવું વધુ ઇષ્ટ ગણાય. બાળકના વાસ્તવને સમજાવતાં ગિજુભાઈ કહે છે :

---

૧. Martin Buber : **Between Man and Man**, Collins, The Fontana library, VIIth imp. 1971, P. 109

"જેઓ ચોપડી જ વાંચીને જ્ઞાન લેવાની મુરાદ રાખે છે તેઓ મહેતાજી થશે. જેઓ બાળકને વાંચીને જ્ઞાન મેળવશે તેઓ કેળવણીશાસ્ત્રી થશે. બાળક-માત્ર કેળવણીકાર માટે સમર્થ, અદ્વિતીય અને મહાન ગ્રંથ છે."[૨] બાળક જ શિક્ષકની મુખ્ય શિક્ષણોપયોગી સામગ્રી (instructional material) હોવાનું આ વિચારકે પોતાના શિક્ષક જીવનમાંથી પુરવાર કરી બતાવ્યું. તેથી જ તેમનું જીવન અને કર્તૃત્વ શાસ્ત્રીય અભ્યાસનો વિષય છે. હજી એમાં અભ્યાસને ઘણો અવકાશ છે. એ અવકાશની ગવેષણા (inquiry) કરી તે અંગેનાં દિશાસૂચનો કરી શકાય.

૨. બાલમંદિર :

ઈ.સ. ૧૯૨૦માં એમના જીવનના ૩૫મા વર્ષે બાલમંદિર શરૂ થયું અને તેઓ બાળકના શિક્ષક બન્યા. આ બાલમંદિર શરૂ કરીને ચલાવવાનું કામ તે પણ સાચા અર્થમાં ચલાવવાનું કામ કેટલું અઘરું હતું એ જાણવા તો એમનું સમગ્રે જીવનચરિત્ર જ વાંચવું પડે. આજે તો બાલમંદિરની વિભાવના એટલી બધી ઘસાઈ ગઈ છે કે, દુકાનમાંથી છૂટો થયેલો કાપડિયાનો ગુમાસ્તો પણ બાલમંદિર સ્થાપી શકે ! પણ એ વખતે ગિજુભાઈએ બાલમંદિરના પોતાને અજાણ્યા એવા પ્રદેશમાં તન્મય બનીને એક ઉપાસનાની જેમ એ કામ ઉપાડ્યું. ગિજુભાઈની દૃષ્ટિ માત્ર બાળકોને વિકસાવવાની નં હતી, પણ બાળકોના માધ્યમથી વાલીઓને કેળવવાની હતી. બાલમંદિરનો વિચાર લોકોના ગળે ઉતારી લોકોને બાલસમ્માનની ભૂમિકાએ લઈ જવા એ એમનું જીવનકર્મ હતું. એ માટે એમણે અધ્યાપનમંદિરો શરૂ કરાવ્યાં, આંદોલનમાં જોડાયા ને જેલમાં ગયા તો ત્યાંય કામ-તો એમણે બાલમંદિરનું જ કર્યું, શિક્ષણ-વિસ્તરણ સેવા (Extension services) શરૂ કરાવી, અને સવિશેષ તો આશ્ચર્યકારક કહી શકાય એવી મૌલિકતાથી વિપુલ પ્રમાણમાં શિક્ષણનાં શાસ્ત્રીય લખાણો લખ્યાં ! ! એમનાં "વાર્તાનું શાસ્ત્ર" અને "દિવાસ્વપ્ન" પુસ્તકો વાંચ્યા પછી, શિક્ષણમાં પડેલા વાચકને પોતે નવો જન્મ લીધો હોવાનો અનુભવ ન થાય તો જ આશ્ચર્ય ! કેટલા ઓછા સમયમાં કેટલા વ્યાપક પ્રદેશની એમણે પિછાણ કરી, તેની સાથે આત્મિક નાતો જોડી તેને ભાવિ સમાજ માટે વ્યવસ્થિત અભ્યાસ તેમ

---

૨. ભારતલાલ પાઠક : **ગિજુભાઈનું કેળવણીમાં પ્રદાન**, આર. આર. શેઠની કંપની, અમદાવાદ, ૧૯૭૮, પૃ ૧૬.

જ પ્રયોગનું ક્ષેત્ર બનાવી આપ્યું એ સમજવું એ જ શિક્ષકજીવનનું પરમ સદ્‌ભાગ્ય ગણાય.

૩. શિક્ષણ-ચિંતનની પૃષ્ઠભૂમિ :

કોઈ પણ ચિંતક-વિચારકનું કશાક વિશેનું (જેમ કે શિક્ષણ વિશેનું) ચિંતન શાથી ઉદ્‌ભવ્યું? એ પ્રશ્નની તપાસ–ગવેષણા (inquiry) ખૂબ જ રસપ્રદ બનવાની શક્યતા છે. સામાન્ય રીતે ચિંતન ઉદ્‌ભવનું મોટામાં મોટું પરિબળ તો જે તે પ્રવર્તમાન પરિસ્થિતિ પ્રત્યેનો કયાંક અસંતોષ, કયાંક અણગમો તો કયાંક સર્જનાત્મક સ્તરે કેન્દ્રાપસારી (divergent) વિચાર-ક્ષમતા ધરાવનાર માણસનું 'જે કાંઈ છે તેના કરતાં કંઈ જુદું હોય? હોય તો જે છે તે કેવું લાગે?' એ પ્રશ્ન તરફ પ્રેરાવામાં રહેલું હોય છે. ગિજુભાઈની બાબતમાં પણ આ પરિબળ તો હતું જ. તેમને એ વખતની "નાના બાળકને ચોંટિયા ભરીને મારતાં મારતાં નિશાળે નાખી આવવાની પ્રથા" અને શાળામાંની "આંકણિયું અને મોંપાટની શિક્ષણ-પ્રથા" જોઈને "પોતાનો અંતરાત્મા કકળી ઊઠતો" હોવાની અનુભૂતિ તો થતી જ. અલબત્ત, આવી માત્ર સર્જનાત્મક અનુભૂતિ પૂરતી નથી, કારણ કે આવી અનુભૂતિ લાગલી જ માણસની અભિવ્યક્તિને માર્ગ મોકળો કરી આપતી હોઈ, માણસ સીધો જ નાનો મોટો કવિ બની જતો હોય છે. ગિજુભાઈએ પોતાના સર્જનાત્મક અનુભવોને અભિવ્યક્ત કરવા માટે લાગલું જ શબ્દનું તેમને હાથવગું માધ્યમ ન અપનાવી લેતાં, કર્મનું માધ્યમ – શિક્ષણના કર્મનું માધ્યમ અપનાવ્યું. કર્મનું માધ્યમ અપનાવે-નાર માણસ પાસે જે કેટલીક વૈયક્તિક ક્ષમતાઓ હોવી જોઈએ. તેનો તેમના સમગ્ર જીવનગત શિક્ષણપ્રયોગમાંથી સાર કાઢવામાં આવે તો તેમનાં શિક્ષણ ચિન્તનનું ખરું પરિબળ જાણી શકાય. આ પરિબળ એટલે—

[૧] શિક્ષક અને સવિશેષ બાલશિક્ષક માટે આવશ્યક એવાં ખંત, ચીવટ અને સખત પરિશ્રમ. આ વૈયક્તિક લાક્ષણિકતા વિના સર્જનાત્મક અનુભવ ક્યારેય નક્કર ચિન્તનમાં પરિણમે જ નહિ;[૩] કારણ કે યુનિવર્સિટીની કે બીજી કોઈ વ્યવસ્થિત તાલીમ યા શિક્ષક

૩. 'સર્જનશીલતા'ની સંકલ્પના તથા શિક્ષણમાંના તેના કર્તૃત્વ માટે જુઓ–શાસ્ત્રી જયેન્દ્ર દવે : **સર્જનશીલતા અને તેનો શૈક્ષણિક ફલિતાર્થ**, બાલ-ગોવિંદ પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૬.

થવાના વાતાવરણના અભાવે એમણે પોતાની મેળે કચાંક પુસ્તકની મદદથી, પણ મોટે ભાગે તો જાતઅનુભવથી જ બાળકો સાથે-નિત્ય નવીન પરિસ્થિતિઓ સાથે એક સર્જકની જેમ કામ પાડીને તેમાંથી ચિંતન તારવ્યું.

[૨] પ્રયોગમાંથી યોગ્ય તારણ પર આવવા માટેની સંવેદનશીલતા એ એમની બીજી લાક્ષણિકતા. એમની સંવેદનશીલતા સમજવા જેવી છે. આ સંવેદનશીલતા પેલા શબ્દના વેપારીની શબ્દના માધ્યમથી પોતાની ભાવનાના આવેગને માર્ગ આપી દેવાની રેચકતા (cath-arsis)ના સિદ્ધાંત પર ઊભેલી સંવેદનશીલતા નહિ, તથા પોતાના પ્રયોગ્ય વિષયને હસ્તગત કરીને તારણ પર આવી જવાની નિષ્ઠુર-રુક્ષ એવી વૈજ્ઞાનિક સંવેદનશીલતા પણ નહિ. આ સંવેદનશીલતા તો શિક્ષકની. કલા અને વિજ્ઞાનના વૈભવથી આકર્ષાઈને શિક્ષકને એ બેમાંથી એક ખાનામાં જોઠવી દેવાની કે બેયમાં અડધો અડધો જોઠવી દેવાની લાલચ ગિજુભાઈ જેવા શિક્ષકને જોઈને જતી કરવા જેવી છે. જે બાળક મળ્યું તેને સમજવાનો જ એમણે પ્રયત્ન કર્યો. એમ અસંખ્ય બાળકોને સમજતાં સમજતાં તેઓ એમ કહે છે : "હું મને શીખવી શકયો. બાળકને વાંચીને શિક્ષક થયો !!" બાળકને બાળકની પરિસ્થિતિમાં સમજવાની સંવેદનશીલતામાં જ ખરા ગિજુભાઈ પ્રકટ થાય છે. એ રીતે બાળકને સમજી લીધા પછી એમણે શબ્દનું માધ્યમ સ્વીકારી જે કાંઈ લખ્યું તે દેખીતી રીતે જ એમનું પોતાનું-મૌલિક લખાણ થયું. શિક્ષકની આવી સંવેદનશીલતામાં વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ, કુસુમાદપિ – કઠોરતા અને સુકુમારતા ઉભયનો સમાન રીતે સમાવેશ થાય છે. એનું કારણ એ છે કે, બાળકની સાથે કામ પાડવું જેટલું પ્રાણ-દાયક-પ્રજીવક પૂરું પાડનારું છે એટલું જ કઠિન છે.[૪] બાળકનો પ્રેમ જીતી

---

૪. કઠિનતાનો ખ્યાલ ગિજુભાઈનાં પુસ્તકોમાંથી મળે જ છે; સ્વયં મોન્ટેસોરીએ જે અનુભવો નોંધ્યા છે, તે પણ આશ્ચર્યચકિત કરી દેનારા છે. જુઓ :— છોટાલાલ ખા. પુરાણી : **મોન્ટેસોરી શિક્ષણપદ્ધતિ,** પ્રકાશક—લેખક, વડોદરા, ૧૯૧૭.

લેવાનું ઘણું સહેલું છે. કારણ કે, એ અલ્પજીવ છે.[૫] બહુ સહેલાઈથી તમારા તરફ ખેંચાઈ આવશે; પણ પછી એના તરફ સહેજ પણ ખેંચાઈ ગયા વિના એને ખેંચાયેલું રાખવું – એના પ્રેમને નિભાવવાનું ઘણું કપરું છે. શબ્દના ઉપાસક કવિ કલાપીએ મૃગલા અને ભરતને વિષય બનાવીને બાળપ્રેમના રહસ્યનું ભવ્ય કાવ્ય તો જરૂર કર્યું છે; પણ ધન્ય છે મા મોન્ટેસોરી અને ધન્ય છે મૂછાળી મા ગિજુભાઈ ! કારણ ? કારણ કે : "બાળકોને હું ગમું નહિ તેવું કરું [પેન્સિલ માટે લાયક ન હોય તેને પેન્સિલ ન આપું, તેને ખોટું લાગે તો લાડ ન લડાવું, ભા–ભાપા કરીને ન મનાવું. સ્તુતિ પણ ન કરું] તો પણ તેઓ મને ચાહે છે; એનું કારણ **મારા મનનું પોચાપણું નહિ, પણ હૃદયનું આર્દ્ર-પણું છે.**" આવી બાળક પરની આર્દ્રમુખત્યારી એટલે ગિજુભાઈની સંવેદનશીલતા.

આમ, ગિજુભાઈના શિક્ષણ-ચિંતનમાં એમની વૈયક્તિક વિશેષતાઓએ જ ઘણા મહત્ત્વના પરિબળ તરીકે કામ કર્યું છે એમ કહી શકાય.

૪. શિક્ષણ-ચિંતન :

ઉક્ત મુદ્દાઓના સંદર્ભમાં શ્રી ગિજુભાઈનાં શિક્ષણ-ચિંતનને સમજવાનો પ્રયત્ન થઈ શકે. ગિજુભાઈએ દક્ષિણામૂર્તિના માધ્યમથી શિક્ષણજગતમાં પદાર્પણ કર્યું ત્યારે વીસમી સદીના એ શરૂઆતના તબક્કે ભારતમાં એક બાજુ મહાત્મા ગાંધી અને બીજી બાજુ એમના વિચારોના પ્રભાવ નીચે આવેલા શ્રી નાનાભાઈ ભટ્ટ જેવા અનેક શિક્ષણ-કારોએ – "અંગ્રેજીના માધ્યમથી પશ્ચિમી જ્ઞાનકારીને ભારતીય પ્રજામાં સંક્રમિત કરવાની નેમ ધરાવતી શિક્ષણ પ્રથા"ની નબળાઈઓથી સુપેરે પરિચિત થઈ, તેને જાકારો આપી કોઈ નવી શિક્ષણ વિચારધારા, પદ્ધતિ અને પ્રણાલી શોધવી અનિવાર્ય શરૂ કરી દીધી હતી. એ પર્યાવરણમાં ગિજુભાઈએ પોતાનું કામ શરૂ કર્યું. કામ કરવાની જે રીત એમણે અપનાવી તે પોતે શિક્ષક હોઈ, શિક્ષકની પોતાની, શિક્ષક માટેની,

---

૫. "અહોહો ! અલ્પ જીવોના પ્રેમમાં બલ છે બહુ !
ખેંચાતા પ્રેમથી તે સૌ ખેંચી પ્રેમ વહી શકે."
[કવિ કલાપી : **કલાપીનો કેકારવ**, કાવ્ય-'**ભરત**'માંની પંક્તિઓ.]

શિક્ષક વડે જ થતાં સંશોધનની–ક્રિયાત્મક સંશોધન (Action Research)ની રીત હતી એમ કહી શકાય. એમાંથી ફલિત થતાં તારણોને નોંધાં પાડીને તેમણે લખાણો દ્વારા પોતાનું ચિંતન રજૂ કર્યું. મોટામાં મોટી સમસ્યા તો મોતીભાઈ અમીન પાસેથી માતા મોન્ટેસોરીનાં લખાણો મેળવી, વાંચી, અભ્યાસ કરી લીધા પછી : "આ તો કોઈક વિદેશી બાઈએ પોતાના દેશની સામાજિક પરિસ્થિતિમાં શોધેલો ઉકેલ છે. આપણો સમાજ, પરિસ્થિતિ અને કામ કરનાર વ્યક્તિ (ગિજુભાઈ પોતે) સૌ જુદા જ છે. એ પરિસ્થિતિમાં મોન્ટેસોરીનો વિચાર બેઠો જ બંધબેસતો કઈ રીતે થઈ શકે ? એમાં કયાંક ફેરફાર કરવો જ પડે. કેવી રીતે કરવો ?" આ હતી મથામણ. કોઈ પણ સંશોધકનું સાચુકલું અને સ્તુત્ય એવું કોઈ સંશોધનાત્મક વલણ હોય તો તે આ છે. મોન્ટેસોરીનો પૂર્ણ અભ્યાસ કરી એમણે "મોન્ટેસોરી પદ્ધતિ" વિશે પોતાની રીતે પુસ્તક લખ્યું. એના આધારે મોન્ટેસોરીનાં દર્શનમાંથી નવાં દર્શનો કરવાનો માર્ગ ખુલ્લો હોવાનું એમને પ્રતીત થયું. જેમ કે :

[૧] ઇન્દ્રિયવિકાસમાં સ્વાદ અને ઘ્રાણની બાબતોના પ્રયોગ, ખગોળ, ભૂગોળ જેવા વિષયો પરત્વેના બાળકોના સ્વાભાવિક પ્રતિચાર (Responces) અંગેનાં અવલોકનનો હજી બાકી જ છે એવું તેઓ જોઈ શકયા.

[૨] દેશ-કાળની ભિન્નતાથી ઉદ્ભવતા સાંસ્કૃતિક તફાવતને ધ્યાનમાં રાખવા છતાંય મોન્ટેસોરીના મૂળ સિદ્ધાંતને વ્યાઘાત ન પહોંચે એ વિચારવાની જવાબદારી એમણે લીધી. ઇટલીનાં બાળકો તેમના સાહજિક ખોરાક દેડકાંને પથરા મારીને મારી નાખવામાં મજા લે તો મોન્ટેસોરી એ અનુભવને સ્વીકારે, પણ ગિજુભાઈ સ્વયં એ સ્વીકારી શકે ખરા ? બાલમંદિર મોન્ટેસોરીઅન પણ રહે અને તે તેના સ્વરૂપમાં ઇટલી કે અમેરિકાનું બાલમંદિર ન બની જાય, એટલે કે ભારતીય બાલમંદિર બને – ભારતીય મોન્ટેસોરીઅન બાલમંદિર બને એ માટે મોન્ટેસોરીના મૂળ સિદ્ધાંતથી વિયોજિત થયા વિના તેના અભિગમમાં, સાધનોમાં, પ્રક્રિયામાં અને પદ્ધતિમાં કેવા ફેરફાર કરવા જરૂરી છે ? એ નક્કી કરવામાં ગિજુભાઈએ પોતાનામાં રહેલા ચિંતકને પૂરેપૂરો સરાણે ચડાવ્યો હોવાનું જોઈ શકાય છે.

૪.૧. શિક્ષણ : બાલશિક્ષણની વિભાવના :

બાલશિક્ષણ વિશેની ગિજુભાઈની મૂળભૂત વિભાવના બાળક પર કેન્દ્રિત છે. બાળકના "સ્વતંત્ર વ્યક્તિત્વના સ્વીકાર"ના વિચારને એમણે કેન્દ્રમાં રાખ્યો છે. આવો સ્વીકાર એટલે શિક્ષક અને બાળક (વિદ્યાર્થી)-ની વચ્ચેની પારસ્પરિકતાના સિદ્ધાંતનો સ્વીકાર. તેઓ કહે છે : બાળકોને "શીખવવામાં ખરું તો હું જ શીખ્યો છું. તેમને નીચેથી ઊંચે લઈ જતાં સાથે સાથે હું પણ ચડતો ચાલ્યો. તેમનો ગુરુ થતાં મેં તેમનું ગુરુપણું સમજી લીધું." એમના આ નિખાલસ એકરારમાં જ એમની વિભાવનાનો પડઘો પડે છે. આ એક એવી ભૂમિકા છે જે બાળકના સ્વતંત્ર—અપ્રતિમ (unique) વ્યક્તિત્વને પિછાણી તેને પ્રમાણવાની દિશામાં જવાની ફરજ પાડે છે. અર્થાત્ આ વિભાવના "બાળકને ઓળખવાની અને પછી તેને તેના પોતાના 'સ્વ'ને ઓળખતો કરવાની" છે. બાળકના સ્વની શોધ (discovery of self)ની છે. કારણ કે—

(૧) પ્રત્યેક બાળકને પોતાના ગમા-અણગમા છે. બધા જ ગમા-અણગમા કોઈક અજ્ઞાત વૈયક્તિક કારણસર છે. એ કારણ શિક્ષકે શોધી કાઢવાનાં છે.

(૨) પ્રત્યેક બાળકને પોતપોતાની શક્તિઓ, લાગણીઓ અને સવિશેષ તો પોતાની રીતનો વિવેક છે; શિક્ષકે એ બધાંનો સંવાદ સાધતા જવાનું હોય છે.

આમ, બાળકના 'સ્વ'ને પિછાણવાની મથામણમાંથી જ શિક્ષકનો 'સ્વ' પ્રકટ થતો જાય અને ઉભયની વચ્ચે જેમ જેમ સંવાદ સધાતો જાય તેમ પેલું બાળક વિકસતું જાય અને તેમ તેમ શિક્ષક પણ વિકસતો જાય એ એમની વિભાવનાનું હાર્દ છે.

૪.૨. સ્વાવલંબન, પર્યાવરણ અને કુદરત પરિચય :

ગિજુભાઈના શિક્ષણ-ચિંતનમાં સ્વાવલંબનનું મહત્ત્વ ઘણું છે. બાળકના વિકાસક્રમમાં તેનો કુદરતી ઝોક સ્વાભાવિક રીતે જ સ્વાશ્રયી બનવા તરફનો છે. બાળક જેમ જેમ વિકસતું જાય તેમ તેમ તેની પ્રત્યેક ક્રિયામાં પ્રત્યેક તબક્કે સ્વયં વિકસવાની, પોતાની મેળે કશું કરતા જવાની, પોતે જ શીખતા જવાની તમન્ના દેખાઈ આવે છે. આ તમન્નાને ઉત્તેજવાને બદલે ઘરમાં તો તેને પરાવલંબી બનાવવાનો જાણે

કાર્યક્રમ ચાલતો હોય એવું જ લાગે એ તો ઠીક, પણ બાળક સ્વયં કશું કરી શકે તેવી અનુકૂળતા ઘરમાં હોય જ નહિ. જેમ કે બાળક પોતાની જાતે પોતાનાં કપડાં, પોતાનું બાવાનું, રમકડાં લઈ શકે તે માટે એ પહોંચી શકે તેવી જગ્યાએ રાખવાને બદલે કોઈકની પાસે માગવું પડે એટલી ઊંચી જગ્યાએ ચડાવી દેવાની પ્રતિકૂળતા જ દેખાઈ આવે. બાળકને તેનાં કામો કરતાં શીખવવાને બદલે તે તે કામો કરી આપવામાં જે કે વાલી કે શિક્ષકના પક્ષે ઘણી સરળતા છે, પણ તેને કારણે બાળક શીખવાના ક્રમમાંથી બાદ થઈ જતાં તેને શીખવાની ટેવ જ પડતી નથી, અને જે કાંઈ કેળવાય છે તે માત્ર પરાવલંબન છે; જેના ફલિતાર્થો તેના વૈયક્તિક જીવન તેમજ સમગ્ર સામાજિક જીવનમાં ઘણો વ્યાઘાત પહોંચાડનારા બની રહેવાની શક્યતા છે.

સ્વાવલંબનનો પાયો ઘરમાં છે. તે જ રીતે બાળકના વિકાસને માટેના યોગ્ય પર્યાવરણનો પાયો ઘર ઉપરાંત શાળામાં પણ છે. બાળકના વિકાસને પોષક એવા પર્યાવરણનું નિર્માણ કરવાની જવાબદારી શાળાની છે. મોન્ટેસોરીના વિચાર પ્રમાણે બાળકના જીવન માટે "ઉત્તમમાં ઉત્તમ પરિસ્થિતિનું નિર્માણ કરી આપવામાં આવે" તો બાળકનો વિકાસ-અભ્યાસ આપોઆપ શક્ય બની જાય. અર્થાત્ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે વિકસવા માટે જે કાંઈ જરૂરી હોય તે બધું જે વાતાવરણમાં સુલભ થાય તેવા પર્યાવરણનું નિર્માણ શાળામાં થાય તો જ અભ્યાસ શક્ય બને. એ માટે ખુલ્લી હવા, સ્વચ્છતા, સમશીતોષ્ણ વાતાવરણ, બાગ, અગાશી, રમતનું મેદાન, પૌષ્ટિક ખોરાક, વ્યવસ્થિતતા તથા વિશાળતા અને સવિશેષ તો સાધનો વગેરેની નાજુકતા સાથે ખૂબ સાવધાની, સંભાળ, દરકારપૂર્વક કામ પાડવાના સતત અનુભવો મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ. **નાજુકતાની સાથે કામ પાડવાના નિરંતર અનુભવો બાળકને અવ્યવસ્થા, અનિયંત્રિતતા અને કઠોરપણામાંથી મુક્ત કરાવે છે.** મેડમ મોન્ટેસોરીના આ મૂળ ગૃહીત (assumption) સાથે ગિજુભાઈ સંમત થયા છે, અને સૌ કોઈએ સમજીને સંમત થવા જેવું છે. એ જ રીતે શાળાનું પર્યાવરણ બાળકના સૌંદર્યબોધને વિકસાવનારું બની રહેવું જોઈએ.

આની સાથે જ ગિજુભાઈએ કુદરતના સંસર્ગની વાત પર ખૂબ ભાર મૂકયો છે. કુદરત જ કેળવણીનો મોટો સ્રોત હોવાનું અહીં દેખાઈ

આવે છે. કુદરત દ્વારા થતી કેળવણીમાંથી નીતિ-શિક્ષણ આપોઆપ જન્મે છે. કુદરત સાથે સધાતો પ્રેમ સ્વયં માનવપ્રેમમાં પરિણમે છે. બાગકામ અને પ્રાણીરક્ષણનું કામ બાળકમાં નૈતિક વિકાસનાં બીજ રોપે છે. કુદરતની કેળવણીમાં સ્વયં શિક્ષણનો સ્રોત રહેલો જ છે. આ જગત પ્રત્યેની ફરજનું જે ભાન બાળકને સલાહસૂચન કે ધાર્મિક-નૈતિક શિક્ષણથી નથી થતું તે કુદરત સાથેના સંપર્કમાં કુદરતી ન્યાયના પ્રત્યક્ષીકરણથી આપોઆપ થાય છે. પોતાના સંપર્કમાં રહેનારને ઉદારતા અને સમભાવનો પાઠ આપનારી કુદરત બાળકમાં રહેલી ધીરજ તેમજ શ્રદ્ધાને સ્વાભાવિકતાથી ઉત્તેજે છે.[૬] આમ, કુદરતમાં કેળવણી આપવાની શક્તિ છે. એ જો સમજાય તો કુદરતી કેળવણી લેવાની વ્યવસ્થા કરવાનું અઘરું નથી. રમતગમતનાં મોટાં મેદાન કે સંગીતનાં મોંઘાં વાદ્યોની સગવડ ન થાય તે સમજાય, પણ બાગાયત માટે થોડાક વાર જમીન તથા શાળામાં ચકલાં-કબૂતરાંને રહેવાની જ થોડીક જગ્યા કે છેવટે ફૂલઝાડનું એકાદ કૂંડું તો વગર મુશ્કેલીએ મૂકી શકાય. જો આટલી સગવડ થાય તો, ગિજુભાઈ કહે છે, તે આધ્યાત્મિક કેળવણી માટે બસ થઈ જાય.

૪.૩. સ્વનિયમન :

ગિજુભાઈના ચિંતનમાં સ્વનિયમન વિશેનું ચિંતન ખૂબ નોંધપાત્ર છે. સ્વનિયમન એક બાજુ સ્વાતંત્ર્યના વિચાર પર આધારિત છે. તો બીજી બાજુ તે એવી સ્વયંસ્ફુરણાને તાકે છે જેના પરિણામે સમગ્ર શિક્ષણક્રમ તથા શક્ય હોય તો સમાજજીવનમાંથી ઇનામ અને સજાના વિચારને સંપૂર્ણપણે રુખસદ આપી શકાય. સ્વાતંત્ર્ય એટલે એમની દૃષ્ટિએ વિકાસાત્મક પરિસ્થિતિમાં પ્રવૃત્તિ પસંદ કરવાની તથા સ્ફુરણા થાય ત્યારે પ્રવૃત્તિ કરવાની છૂટ. આવું સ્વાતંત્ર્ય જ બાળકને આપોઆપ સ્વાવલંબન તરફ દોરી જઈ શકે. આવું સ્વાતંત્ર્ય દેખીતી રીતે જ પ્રવૃત્તિમાં પડેલા બાળકને વધારે વ્યક્ત થવાની મોકળાશ કરી આપે. પરિણામે તેનો સ્વભાવ બહાર આવે. જો બાળક સ્વયંસ્ફુરણાથી સ્વતંત્ર રીતે પ્રવૃત્તિ કરતું થાય તો સજા અને ઇનામની પ્રથાનો ક્રમશઃ અંત

---

૬. ગિજુભાઇ બધેકા : **મોન્ટેસોરી પદ્ધતિ**, પ્રકા. નાનાભાઇ અને ગિજુભાઇ, ભાવનગર, વિ. સં. ૧૯૮૮, પૃ. ૩૦૪–૩૦૯.

આવતો જાય. સ્વયંસ્ફૂરણા અને સ્વાતંત્ર્યનું પરિપક્વ સ્વરૂપ એટલે જ સ્વનિયમન; કારણ કે નિયમનનું પ્રથમ પ્રભાત પ્રવૃત્તિમાંથી ઊગે છે. એ પ્રથમ પ્રભાત ઉગાડવા માટે તેને પ્રવૃત્તિ પસંદ કરવાનું સ્વાતંત્ર્ય તથા પ્રવૃત્તિ કરવાની સ્વયંસ્ફુરણા થાય તે માટે તેને શાળાએ પર્યાવરણ પૂરું પાડવાનું છે. કોઈક ક્ષણે કોઈ એકાદ પ્રવૃત્તિમાં બાળકને અપૂર્વ રસ લાગી જાય છે; તન્મયતાની એ ક્ષણે તેણે નિયમનના રાજમાર્ગ પર પગલું મૂકી દીધું હોય છે. શિક્ષકે એ ક્ષણ જોઈ લેવાની છે. પછી એવી શ્રેણીબદ્ધ ક્ષણો આવતી જાય. પ્રવૃત્તિ કરનાર અને પ્રવૃત્તિ (ધ્યાતા અને ધ્યેય)ની વચ્ચે સંવાદિતાની તન્મયતા (ધ્યાન)નો વિસ્તાર થતો જાય; પછી એને તમારા કોઈ ઇનામની પડી હોતી નથી, તમારે એને કયાંય સજા કરવી પડતી નથી. ઇનામ અને સજાનાં અનિષ્ટનો આપોઆપ છેદ ઊડી જાય છે.

૪.૪. ઇન્દ્રિય શિક્ષણ :

મેડમ મોન્ટેસોરીના પ્રભાવ નીચે ગિજુભાઈએ ઇન્દ્રિયોની કેળવણી પર ખૂબ ભાર મૂકયો છે. આ ચિંતનમાં ઇન્દ્રિયવિકાસ બુદ્ધિવિકાસનો પુરોગામી છે. બુદ્ધિનો વિકાસ ઇન્દ્રિયોના વિકાસને આભારી છે. મેડમ મોન્ટેસોરી ઇન્દ્રિય-પ્રત્યક્ષીકરણ (perception) થવાથી માણસને વસ્તુઓની જાણ-પરિચય થાય એવા ઉપલક ખ્યાલને ઇન્દ્રિયોની કેળવણી માનતા નથી, કારણ કે પ્રત્યક્ષીકરણમાં થતો બોધ તો નર્યો બૌદ્ધિક હોઈ શકે. પદાર્થોની ઓળખ અને તેના વિશેની માહિતી ધરાવનારમાં તથા પદાર્થના સંપર્કજન્ય અનુભવથી જેને આનંદ મળે છે તે બન્નેમાં મોટો તફાવત છે. આ તફાવત ઘણો સૂક્ષ્મ છે. પ્રદર્શન બતાવનાર ભોમિયો વસ્તુઓથી પરિચિત તથા તેની માહિતી તેમજ ઇતિહાસની હકીકતથી ભરેલો હોય, છતાંય તેની ઇન્દ્રિયો બિનકેળવાયેલી હોય તો તે જોનારાઓને મદદ કરવાને બદલે નુકસાન જ કરે. ઇન્દ્રિયોની કેળવણીનો વિચાર માત્ર ઇન્દ્રિય-પ્રત્યક્ષીકરણ (sensory perception) સુધી જ મર્યાદિત ન હોતાં ઇન્દ્રિય અનુભવ (sensory experience) સુધી વિસ્તરેલો છે. તેથી જ મોન્ટેસોરીની જેમ જ ગિજુભાઈ ઇન્દ્રિયોની કેળવણીને ઇન્દ્રિયોની સંસ્કારિતા (sensory culture) કહે છે. અર્થાત્ ઇન્દ્રિય કેળવણીનો ઉદ્દેશ ઇન્દ્રિયગમ્ય પદાર્થોના સંસર્ગમાં

આવવાથી બાળકને થતા અનુભવ, લાગણી કે ધક્કાને ઉચ્ચતમ, સૂક્ષ્મતમ અને શિષ્ટતમ બનાવવાનો છે

૪.૫. સર્જનાત્મક અભિવ્યક્તિ :

બાલશિક્ષણમાં મહત્ત્વનું પાસું અભિવ્યક્તિ અને સવિશેષ તો સર્જનાત્મક અભિવ્યક્તિનું છે. આજે આપણાં ઘરો અને શાળાઓ બાળકોની સર્જનાત્મક અભિવ્યક્તિનાં કતલખાનાં બનતાં જાય છે. હૃદયની નિર્મળ ભાવનાઓના વિકાસમાં અભિવ્યક્તિના વિકાસની તકો બાળકોને કેટલી લાભદાયી બની શકે તે તો ગિજુભાઈ જેવાના અસંખ્ય અનુભવો પરથી જ જાણી શકાય. અભિવ્યક્તિની અસરકારકતા પ્રમાણવામાં ગિજુભાઈ મોન્ટેસોરીના કરતાં પણ ઘણા આગળ છે. મોન્ટેસોરીએ ચિત્ર, સંગીત અને લોકશણગાર પર ભાર મૂકયો છે. ગિજુભાઈએ તો એમના કરતાંય આગળ વધીને બાલવાર્તા, બાલનાટક, લોકગીતો, લોક-વાર્તાઓ તથા કલાસંગ્રહ વગેરે અનેક નવી ઉમેરી છે. તેઓ સ્વયં નાટકોની રચના કરતા તથા બાળકોની સાથે તેનો વેશ કાઢીને ભજવતા. તેમાં એકવાર તો તેમના ભૈરવના ભીષણવેશથી એક બાળક ડરી ગયેલું તથા કેટલાંય પોતાના ગિજુભાઈને આવા ભયંકર જોઈને રડી પડેલાં. બાળકોને વાર્તા કહેતાં કહેતાં એમણે જે "વાર્તાનું શાસ્ત્ર" વિકસાવ્યું તે તો સમગ્ર ભારતીય વાઙ્મયનું અનુપમ પુસ્તક છે. એ પુસ્તકની પ્રસ્તાવનામાં કાકાસાહેબ કહે છે : "આ વાર્તાનું શાસ્ત્ર' એકલા શિક્ષકોને જ ઉપયોગી નથી, ગ્રંથકારો, સાહિત્યાચાર્યો, ભાટચારણો, હરિદ્રાસ પુરાણીઓ અને નાટકકારો સૌને હવે પછી આ 'વાર્તાનું શાસ્ત્ર' વાંચ્યા વગર છૂટકો નથી."[૭] વાત તદ્દન સાચી છે. એ પુસ્તક વાંચ્યા પછી ખૂબ તાજગી – કંઈક નવું વાંચ્યાની સંતૃપ્તિ અનુભવાય છે. અભિવ્યક્તિનાં પાસાંની સરેઆમ ઉપેક્ષા કરીને શાળામાં થતા જોડણી, જોડાક્ષર, વ્યાક-રણના શિક્ષણની પાયમાલીની દાસ્તાન તેમના શબ્દોમાં વાંચવા જેવી છે. એમણે પોતાની શાળાને 'કલામંદિર' બનાવવી પડે એવી પરિસ્થિતિનું સર્જન કર્યું.

૪.૬. શિક્ષણપ્રક્રિયામાં શિક્ષક :

નાનાં બાળકોના શિક્ષણક્રમમાં શિક્ષકનું સ્થાન મહત્ત્વનું અને

---

૭. દ. બા. કાલેલકર : **રહસ્ય**, ગિજુભાઇ : **વાર્તાનું શાસ્ત્ર**, પ્રકા. નૂ. કા. ઝટ્ટ શ્રી દક્ષિણા મૂર્તિભવન, ભાવનગર, વિ. સં. ૧૯૮૧, પ્રસ્તાવના, પૃ. ૫.

છતાં પ્રકટપણે કેટલું કસોટીરૂપ છે તેનો સ્પષ્ટ ખ્યાલ ગિજુભાઈએ શિક્ષક તરીકે પોતાને થયેલા અનુભવો દ્વારા આપ્યો છે. બાળ-શાળામાં માત્ર સિદ્ધાંતો જાણનાર કે શાળામાં પ્રયોજાતા સાહિત્યનો પરિચય અને ઉપયોગ જાણનાર શિક્ષકનું કામ નથી. આ શાળામાં આવેલો શિક્ષક ભણાવવા માટે આવેલો શિક્ષક નથી, પણ તે વૈજ્ઞાનિક છે. બાળકોને જે-તે વિષય શીખવવો એ એક વાત છે તથા બાળકોને પોતાની રીતે વિકસતાં અવલોકવાં એ વાત જ જુદી છે. ભણાવવાની યોજનામાં બાળકને અવલોકવાની વાત જ ભુલાઈ જાય, પણ અવલોકવાની યોજનામાં ભણાવવાની વાત સ્વાભાવિક રીતે જ સમાવિષ્ટ થઈ જાય. આ શિક્ષક વિજ્ઞાનશાસ્ત્રી છે એમ કહેવાનો આશય એ છે કે, તે જૂના આચારવિચારોને છોડી નવું સ્વીકારવાની તૈયારીવાળો, અમુક પરિણામ લાવવા માટે પ્રયોગ ન કરતાં, જે પરિણામ આવે તેને સમજી જરૂર પડચે પ્રયોગની પ્રક્રિયા બદલનારો, માત્ર બાળકના દેહમાપન (Anthropometry) તથા મનોમાપન (Psychometry)ની જાણકારીના ઘમંડવાળો ન હોતાં, જેને જીવનનું ગંભીર રહસ્ય અને સત્યોની શોધમાં જતાં કુદરતનાં ગૂઢ રહસ્યો માટે પ્રેમ ઉત્પન્ન થયો છે, અને "જે આ પ્રેમમાં પોતાની જાતને કેવળ ભૂલી જાય છે એટલે કે આ પ્રેમમાં પોતાની જાતના વિચારને જેણે છેક મારી નાખેલો છે."[૮] આવો માણસ–શિક્ષક સ્વાભાવિક રીતે જ વાણીના સંયમવાળો હોય. એ જ રીતે તે એટલો સાવધ હોય કે જેથી બાળકને કચાંય અન્યાય ન થઈ જાય તેની કાળજી રાખી શકે. એનો યોગ્ય અર્થ એ થાય કે આવી શાળાના શિક્ષકને બાળકના વ્યક્તિત્વમાં પૂરો વિશ્વાસ હોય. આવા શિક્ષકો તૈયાર કરવાના પડકારને ઝીલીને જ્યારે ગિજુભાઈએ શિક્ષણ-વિસ્તરણ સેવા તથા અધ્યાપન મંદિરો ખોલવાનું બીડું ઝડપ્યું ત્યારે તેમની સમક્ષ મેડમ મોન્ટેસોરી જે રીતે શિક્ષકોને તૈયાર કરતાં તે રીત હતી, એટલે કે, શિક્ષકોને :

૧. વિજ્ઞાનની સહાય વડે ચેતનસૃષ્ટિના સાદામાં સાદા બનાવોને અવલોકવાની શક્તિ પ્રાપ્ત કરવા પ્રેરવા, સૂક્ષ્મદર્શી બનાવવા.
૨. વનસ્પતિના જ્ઞાન દ્વારા તેના વિકાસક્રમને કેવી રીતે અવલોકવો તેના માટે પ્રેરવા. નાનાં જંતુઓનાં અવલોકનો દ્વારા જીવનશાસ્ત્રના નિયમોનો અભ્યાસ કરાવવો.

---

૮. ગિજુભાઈ બધેકા : **મોન્ટેસોરી પદ્ધતિ** આ. ૬. પુ., પૃ. ૯૨, ૯૩.

૩. બાળકની સ્થૂળ માનસિક અને આધ્યાત્મિક આવશ્યકતાઓ કેવી રીતે અવલોકવી તે શીખવવું.

આમ, આ ચિંતકની દૃષ્ટિએ શિક્ષકની વાચાળતા કરતાં તેનું મૌન વધુ મહત્ત્વનું, શીખવવાની ક્ષમતા કરતાં બાળકોને અવલોકવાની ક્ષમતા વધુ મહત્ત્વની તથા પોતે ભૂલ કરે જ નહિ એવા અભિમાનના કરતાં નમ્રતાથી પોતાની ભૂલો શોધવી અને સ્વીકારવી એ વધુ મહત્ત્વનું બની રહે છે.

૫. બાલશિક્ષણની પદ્ધતિ :

શિક્ષણની વિભાવના તેમ જ શિક્ષણના સિદ્ધાંતોની રચના કરવી એ પ્રમાણમાં સહેલું છે; પણ પ્રત્યક્ષ પ્રયોગ કરીને કોઈ પણ સ્તરના શિક્ષણની પદ્ધતિ નીપજાવવી અને તેનાં પરિણામો નોંધાતાં જઈ, તેમાં ફેરફાર કરતાં કરતાં તેના સુવ્યવસ્થિત શાસ્ત્રનું નિર્માણ કરવાનું કામ લગભગ અશક્ય કહી શકાય એટલી હદે કપરું હોવા છતાંય કોઈ પણ શિક્ષક, શિક્ષણકાર અને શિક્ષણચિંતકનું એક માત્ર જીવનકાર્ય છે.

તેમણે બાલમંદિરનું મકાન તૈયાર કરાવ્યું. બાલમંદિર માટે આવશ્યક સાધનસામગ્રી વસાવડાવી તથા સવિશેષ તો એ વખતને જે સમાજ બાલમંદિર જેવી શાળા વિશે કશું જાણતો જ ન હતો એ સમાજમાં હવે શરૂ થનારા બાલમંદિરનો ખૂબ પ્રચાર કરાવી સમાજને પોતાનાં બાળકો તેમાં મૂકવા આકર્ષ્યો, અને એમ એ બાલમંદિરનો પ્રથમ દિવસ આવી પહોંચ્યો...પહેલે જ દિવસે સવારે આઠ વાગ્યે ત્રીસ-પાંત્રીસ બાળકો ભરેલી મોટર ભોં ભોં કરતી આવી ઊભી, તેમાંથી **"ફૂલનાં પાર્સલ જેવાં છોકરાં ઊતર્યાં."** તેમને સામે જઈ આવકાર્યાં, નમસ્કાર કર્યાં. બન્ને એકબીજાને અજાણ્યાં ! અને ઘરમાંથી, શેરીમાંથી, ગંદકીમાંથી, સંકટમાંથી છૂટેલાં એ બાળકો બાલમંદિરના સરસ ઓરડામાં, સાધનસામગ્રીથી સમૃદ્ધ ઓરડામાં આવીને સાધનો—રમકડાં પર જે તૂટી પડ્યાં, રીડિયોરમણ થઈ પડ્યો, છોકરાં બધું રમણભમણ કરવા માંડ્યાં. ગિજુભાઈને થયું : "આ મોન્ટેસોરી પદ્ધતિ?" બે દિવસ પહેલાં ગિજુભાઈ વિનયમંદિરના આચાર્ય હતા; આચાર્યની ખુરશીએથી હુકમો છોડી શિસ્ત સ્થાપતા ! પણ "અહીં કઈ નોટીસો

કાઢવી ?'' પ્રથમ ત્રણ કલાકમાં જ બાલમંદિર બંધ કરવું પડે એવા બે ગમખ્વાર બનાવો બની ગયા, પણ ભંગવાને જ બચાવ્યા. આ પરિસ્થિતિમાં ગિજુભાઈ કહે છે. ''મારું મન મૂંઝાતું હતું. હું એકલો જાણતો હતો કે આમાં નથી મોન્ટેસોરી ને નથી કચાંય સ્વાતંત્ર્ય. આ તો નરી અંધાધૂંધી છે.'' એ અંધાધૂંધી બીજે દિવસે થોડી ઓછી થઈ, કારણ કે પહેલા દિવસના ત્રણ કલાકની યાતના અને પ્રતારણામાંથી છૂટી, ઘરે જઈ એમણે બીજે દિવસે ભાવનગરનાં ઘરોમાંથી પેલાં ''કૂલનાં પાર્સલો'' મોટરમાં આવે પછી શું કરવું ? અને જે કાંઈ કરવું તે કેવી રીતે કરવું ? તેનો વિચાર કર્યો. કશુંક શીખવવા માટે બાળકોને વ્યવસ્થિત કરવાની બે જ તરકીબો છે – એક તો વાલીએ કે શિક્ષકે સોટી લઈને ફરી વળવું, બેચાર તમાચા લગાવી સજ્જના ડોઝ વધારતા જવું. એની મેળે છોકરાં સીધાં દોર થઈ જાય. આ રીત ખૂબ સહેલી છે. સદીઓ સુધી વાલીઓ અને શિક્ષકોએ આ જ રીત અપનાવી છે. એને કારણે શિક્ષણ નિષ્ફળ ગયું છે; પરિણામે સમાજોના સમાજો નિષ્ફળ નીવડ્યા છે. બીજી રીત છે – શિક્ષક અને વાલીના પોતાના વર્તન દ્વારા બધું જ ક્રમશઃ શીખવતા જવાની. ગિજુભાઈ નોંધે છે : ''મેં તેમને બહાર જતાં, આવતાં, બેસતાં, ઊઠતાં, વાતો કરતાં, હસતાં, ફરતાં બતાવ્યું. આવું આવું જે બધું એક રીતે સંસ્કારિકતાનું અંગ છે ને સામાજિક જીવન માટે આવશ્યક છે તે બાળકોને ગમે છે. કારણ કે બાળકને તેના સર્વતોમુખી વિકાસમાં તે પણ સાધવું છે. બાળક વ્યક્તિની પરિપૂર્ણતા તરફ જાય છે. તેની સાથે જ સહજીવનમાં પણ આગળ ચડવા માગે છે. માટે જ સંસ્કારિતા અને આચારનું વાતાવરણ તેનો વિકાસક ખોરાક છે. તે ધરતાં તે લઈ લે છે.''

આમ, ઉક્ત અંધાધૂંધીના પ્રથમ ત્રણ કલાકમાંથી એ જ બાળકોને બીજે, ત્રીજે દિવસે ક્રમશઃ વ્યવસ્થામાં લઈ જઈ, એમની જ મદદથી વ્યવસ્થામાંથી વ્યવસ્થા પ્રકટાવતા જઈ એમણે મોન્ટેસોરીના સિદ્ધાંતોથી વિયોજિત થયા વિના પદ્ધતિ વિકસાવી. એ પદ્ધતિમાં તેમણે સંગીત, ઇન્દ્રિય શિક્ષણ, શાંતિની રમત, જીવનવ્યવહારનાં કામો જેવાં કે નાસ્તો કરવો, પીરસવું, વાટકા સાફ કરવા, આંગણું અને ઓરડા સાફ કરવા, બાગાયતનાં કામ કરવાં, શાક સમારવું, ખાંડવું, ભરડવું,

અનાજના દાણા છૂટા પાડવા, હાથ-પગ સાફ કરવા વગેરે કામો કરતાં કર્યાં. એ જ રીતે લાકડાની ઈંટો, બંગલાપેટી, માટીકામ, મોતીકામ, કાતરકામ જેવી મુક્ત વ્યવસાયની અનેક વ્યવસ્થિત એવી પ્રવૃત્તિઓનો સમાવેશ કર્યો. આની સાથે જ ગુજરાતી ભાષાશિક્ષણને મોન્ટેસોરી પદ્ધતિ પ્રમાણે ગોઠવવા માટે ગિજુભાઈએ જે પ્રયત્ન કર્યો છે તે તો એક સંપૂર્ણ પ્રયોગનિષ્ઠ અભ્યાસ (Experimental Research) માગી લે તેવી બાબત છે. એમની ભાષાશિક્ષણના પ્રયોગો – 'પ્રાથમિક શાળામાં ભાષાશિક્ષણ', 'ચિઠ્ઠીવાચન', 'વ્યાકરણપોથી' જેવાં પુસ્તકોમાં સંગ્રહાયેલાં છે. તેમને પોતાને ગણિત પ્રત્યે અરુચિ હતી, પણ પોતાની અપ્રીતિથી બાળકોને સહન કરવું ન પડે તે માટે ખાસ ગણિત શિક્ષણના પ્રયોગો પ્રસિદ્ધ ગણિતી અને ખગોળશાસ્ત્રી અધ્યાપક હરિહર ભટ્ટને લઈ આવી તેમની પાસે કરાવ્યા હતા. એ જ રીતે વાર્તાપ્રવૃત્તિ, બાળ-નાટકો, ચિત્રકામ, બાળરમતો, બાળપ્રવાસો, શણગાર-સુશોભન જેવી અસંખ્ય પ્રવૃત્તિઓના અમલીકરણની વિવિધ પદ્ધતિઓ અને અભિગમો તેમણે પોતાના અનુભવના આધારે વિકસાવ્યા.

૬. ઉપસંહાર :

આમ, સમગ્ર બાલશિક્ષણને ગુજરાતમાં ધૂળિયા શાળામાંથી બહાર કાઢી એક નવી અને પ્રાણવાન દિશામાં મૂકી આપવાનું ભગીરથ કાર્ય શ્રી ગિજુભાઈએ કર્યું. એની સાથે જ એ નૂતન શિક્ષણપદ્ધતિના પ્રચાર, પ્રસાર તથા શિક્ષકો તૈયાર કરવા માટે અધ્યાપનમંદિરોની શરૂઆત તથા સામાજિક સ્તરે બાલશિક્ષણના સાચા ખ્યાલને વેગવંત બનાવવા માટે સભાસરઘસો, નૂતન બાલશિક્ષણ સંઘ, શિક્ષણવિસ્તરણ પ્રવૃત્તિઓ, મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનોનું ઉત્પાદન થાય તે માટે આજીવન પરિશ્રમ કર્યો. જો કે "બાલવિદ્યાપીઠ" – ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપનાનું એમનું સ્વપ્ન હજી સાકાર થવું બાકી છે.

આખા દિવસ અને સમગ્ર જીવન દરમિયાન પ્રત્યક્ષ શિક્ષણના સખત પરિશ્રમની સાથે તેમણે વિપુલ પ્રમાણમાં બાળકો માટેના સાહિત્ય, શિક્ષકોને નવી દૃષ્ટિ અર્પતા સાહિત્ય તથા મા-બાપ તેમજ સમાજને શિક્ષણ વિશેના ખોટા ખ્યાલોમાંથી મુક્ત થઈ બાળકોના વ્યક્તિત્વને સમજતા કરે એવા સાહિત્યનું સર્જન કર્યું. એમની સાહિત્યસાધનાથી

પ્રસન્ન થઈ કાકાસાહેબે તેમને 'બાલસાહિત્યના બ્રહ્મા'નું બિરુદ આપ્યું હતું. ગુજરાતે તેમની સાહિત્યસાધનાની કદર કરી તેમને શ્રી રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત કર્યો હતો. તેમના જીવનદર્શનનો પ્રાણમંત્ર હતો — "પળે પળે નાનાં બાળકોમાં વસતા મોટા આત્માના હું દર્શન કરું છું. એ દર્શન મારામાં એ પ્રેરણા ઉપજાવી રહ્યું છે કે બાળકોના અધિકારોની સ્થાપના કરવાને જ હું જીવતો રહું અને એ કામમાં જ હું મરી ખૂટું." આ પ્રેરણાથી પ્રભાવિત થઈને એમણે બાળકેળવણી માટે ભેખ લીધો — ફકીરી ધારણ કરી. અસ્તુ. *

---

* શ્રી ગિજુભાઇ જન્મશતાબ્દી ઉજવણી સમિતિ આયોજિત નિબંધ સ્પર્ધામાં આ વિષયમાં સમગ્ર સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કરેલ નિબંધ.

૧૮. ગિજુભાઈ અને બાલઅધ્યાપન પ્રવૃત્તિ

જયંત શુકલ

સ્વ. ગિજુભાઈને મેં જોયા નથી, જાણ્યા નથી અને તેઓની વાણીથી માણ્યા નથી. પણ કોણ જાણે કેમ, ગિજુભાઈની નિકટતાનો ખૂબ જ અનુભવ કરી રહ્યો છું.

ગિજુભાઈના સાથીદાર આદરણીય તારાબહેન મોડકનો હું ઓગણીસો ચુમ્માલીસની સાલનો શિશુવિહાર મુંબઈનો વિદ્યાર્થી.

ગિજુભાઈ સંસ્થાપિત દક્ષિણામૂર્તિના બાલમંદિરનો એક વખતનો થોડા સમય માટેનો શિક્ષક.

વર્ષો સુધી પૂજ્ય તારાબહેન મોડકનો સહવાસી, ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર, મોરડી વિકાસવાડી યોજનાનો અનુભવશૂન્ય પ્રથમ શિક્ષક. એ ગિજુભાઈનો પરિચય મેળવવાની પ્રયોગશાળાઓ ગણી શકાય.

સતત ત્રીસ વર્ષ એકધાર્યું બાલશિક્ષણનું કાર્ય કરવાની સાંપડેલી અનેકવિધ સંસ્થાઓથી ગિજુભાઈના વિચારો, ચિંતનો, મનનો અને તેઓની કાર્ય કરવાની પદ્ધતિઓના અભ્યાસે મારા જીવનમાં અને કરેલા શિક્ષણ કાર્યમાં મોટો ફાળો આપ્યો છે.

ગિજુભાઈનાં ભત્રીજી પૂજ્ય મોંઘીબહેન બધેકા મે જ ચોપડી ભણેલાં, પણ હિન્દી, બંગાળી, મરાઠી અને અંગ્રેજી પુસ્તકોના અનુવાદો કર્યા છે. તેમણે ગિજુભાઈ જીવ્યા ત્યાં સુધી જ નહિ બલ્કે પોતાના જીવનના અંત સુધી, ગિજુભાઈએ કંડારેલી બાલશિક્ષણની કેડીઓને જીવંત રાખી, તેવી અનુભવી વ્યક્તિ સાથે મુંબઈ અને ભાવનગર ખાતે રહેવાનો અનેરો અવસર મને મળ્યો છે. ગિજુભાઈનાં અનેકવિધ પાસાંઓ પછી તે જીવન-લક્ષી હોય કે શિક્ષણલક્ષી હોય, તેનાં વર્ણનો સાંભળવાની, સમજવાની અને જીવનમાં ઉતારવાની તક પૂ. મોંઘીબહેન દ્વારા મને મળી છે.

ગિજુભાઈ અને બાલઅધ્યાપન મંદિરોની પ્રવૃત્તિઓ :

ગિજુભાઈએ શરૂ કરેલા ભાડાના મકાનનું બાલમંદિર. તે બાલ-

મંદિરના પ્રથમ ત્રણ શિક્ષકો શ્રી મોંઘીબહેન બધેકા, શ્રી નર્મદાબહેન રાવળ અને શ્રી મનુભાઈ મોરારજી ભટ્ટ.

બાલમંદિર શરૂ કર્યા પછી તેઓએ અનેકવિધ પ્રયોગો શરૂ કર્યા. બાળકમાં રહેલી અખૂટ શક્તિનાં દર્શન મેડમ મોન્ટેસોરીના પુસ્તકમાંથી તો થયેલાં, પણ પ્રયોગો પછી દર્શનની સાર્થકતા સમજાઈ.

સને ૧૯૨૦માં બાલમંદિરની સ્થાપના થઈ. સંસ્થામાં કામની, પ્રયોગોની અને નવા આયોજનની પૂર્ણ મુક્તતા મળતાં ગિજુભાઈ એક પછી એક નવી યોજના અને શિક્ષણની નવી દૃષ્ટિ મૂકતા ગયા.

ઈ. સ. ૧૯૨૨માં ટેકરી ઉપરના દક્ષિણામૂર્તિ બાલમંદિરનું ઉદ્‌ઘાટન પૂજ્ય કસ્તુરબાના વરદ હસ્તે કરવામાં આવ્યું. ત્યારબાદ બાલ-શિક્ષણનો પ્રચાર અને પ્રસાર કરવા "બાલ અધ્યાપન મંદિર"ની યોજના વિચારી.

સમગ્ર ગુજરાત અને રાષ્ટ્રનાં બાળકો સુધી મારી શિક્ષણની ભૂમિકા પહોંચે અને બાળકોનો સર્વાંગી સુસંવાદી વિકાસ થાય તે વહેલોપાતો બાલઅધ્યાપન મંદિર શરૂ કરવાનો ગિજુભાઈએ નિર્ણય તો કર્યો પણ આ અધ્યાપન મંદિરમાં પ્રવેશ કોને આપવો તે પ્રશ્ન ઊભો થયો. આ ભણવા આવશે કોણ ? અને કેટલા ?

ગિજુભાઈમાં આત્મવિશ્વાસ, શ્રદ્ધા અને બાળકોમાં રહેલી અખૂટ શક્તિના વિકાસ માટેની નિષ્ઠા ભરપૂર હતી. તેઓએ બાલઅધ્યાપન મંદિરમાં ભણવા આવવા માટે સૌને આવાહન આપ્યું.

પ્રવેશ મેળવવા અંગેની લાયકાત પોતે નક્કી કરી. બાલઉછેરની, બાલવિકાસની પ્રવૃત્તિમાં બાળકોને પ્રેમ અને હૂંફ આપી શકે અને કામ કરી શકે તેવાં કોઈપણ ભાવનાશીલ ભાઈબહેન આ અધ્યાપનમાં પ્રવેશ મેળવી શકશે.

જાહેરાત કર્યા પછી કેટલાય સમય સુધી કોઈનો પત્ર કે આવવાની જાણ કરતી માહિતી આવી નહિ. ફક્ત બેત્રણ વ્યક્તિઓના પત્રો એવા આવ્યા કે એમાં બેચાર દિવસ પછી નિર્ણય કરી જણાવીશું.

ગિજુભાઈએ બાલઅધ્યાપન મંદિર શરૂ કરવાના લીધેલા નિર્ણય પછી તે અંગેની પૂર્વતૈયારી, સામાન્ય અભ્યાસક્રમ અને આપવાનાં વ્યાખ્યાનોનું આયોજન પણ કરી રાખેલું.

અધ્યાપન મંદિર શરૂ કરવાના નક્કી કરેલા દિવસની આગલી રાત્રે બાલઅધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને આપવાનું પ્રથમ વ્યાખ્યાન ગિજુભાઈએ તૈયાર કર્યું.

બીજે દિવસે બાલઅધ્યાપન મંદિરના સમયપત્રક પ્રમાણે તેઓ જે ઓરડામાં વ્યાખ્યાન આપવાના હતા ત્યાં પહોંચી ગયા. અધ્યાપકને બેસવાની નક્કી કરેલી બેઠકે બેઠા. થોડીક ક્ષણ, વ્યાખ્યાન કોને આપું ? સામે કોઈ વિદ્યાર્થી બેઠેલો તો છે નહિ ! તેવો વિચાર કર્યો. પણ બીજી જ ક્ષણે અંતર પ્રેરણાથી તૈયાર કરેલા વ્યાખ્યાનને વાચા આપી. કોઈ સાંભળે છે કે નહિ ? સામે કોઈ બેઠું છે કે નહિ ? આની પરવા કર્યા સિવાય પોતાની વિશિષ્ટ આગવી શૈલીથી વાતો કરવા માંડી.

ઓરડાની ચારેય દીવાલો સૂમસામ આ વાતો સાંભળી રહી હતી. દીવાલોમાં લાગણી અને ભાવનાની ભાતો દેખાતી હતી. બાળકો માટે કંઈક કરી છૂટવું જોઈએ તેવી તમન્ના તરવરાટ કરતી હતી. દીવાલને પણ કાન હોય છે, તેને પણ બારીઓ છે, હવાની આવ-જા છે. મારી વાતનો પડઘો દીવાલો જરૂર પાડશે. આ શ્રદ્ધાએ ગિજુભાઈએ તૈયાર કરેલ પ્રથમ વ્યાખ્યાન પૂરું કર્યું.

વ્યાખ્યાનનો સમય પૂરો કરી પોતે કાર્યાલયમાં આવ્યા. કાંઈક લખવા બેઠા ત્યાં એક ભાઈએ પ્રવેશ કર્યો.

"નમસ્કાર સાહેબ."

" આવો, આપ ક્યાંથી આવો છો ?" ગિજુભાઈએ પૂછ્યું.

"વઢવાણથી આવું છું."

" આપનું નામ ?"

"મારું નામ ભોગીભાઈ પરીખ."

"બોલો, શું કામ છે ?"

"આપના બાલઅધ્યાપન મંદિર અંગેની જાહેરાત વાંચી હું ભણવા આવ્યો છું."

સરસ. ચાલો, એક વિદ્યાર્થી તો આવી ગયા. ગિજુભાઈએ પોતાની શ્રદ્ધાનો ઊંડો શ્વાસ લીધો અને રાજી થયા. આવેલ ભોગીભાઈ પરીખ માટે રહેવા, ઊતરવા અને જમવા અંગેની વાતચીત કરી, વ્યવસ્થા કરી ગિજુભાઈ ઘરે આવ્યા.

દીવાલને પણ દિલ હોય છે. દીવાલે, મારી વાતને, મારી શ્રદ્ધાપૂર્વક કહેલી બાળપ્રેમની ભાવનાને ખૂબ રસપૂર્વક પીધી તેનો મને આનંદ છે. આમ મનોમન સંતોષ મેળવી લીધો.

સાંજના કાર્યાલય પહોંચ્યા ત્યારે ત્યાં બે ભાઈઓ બેઠેલા. તરત ગિજુભાઈએ નમસ્કાર કર્યા. સામેથી બંને ભાઈઓએ પણ નમસ્કાર કર્યા. ગિજુભાઈએ પોતાની બેઠક લીધી અને પૂછ્યું, " બોલો ભાઈઓ, ક્યાંથી આવો છો ?"

"વઢવાણથી."

"આપનું નામ ?"

"મારું નામ વજુભાઈ દવે."

બીજાને પૂછ્યું :

"આપનું નામ ?"

"મારું નામ ગોવિંદભાઈ ઠાકર. અમે બાલ અધ્યાપન મંદિરમાં પ્રવેશ મેળવવા આવ્યા છીએ."

"આવો, ભાઈ ભોગીભાઈ પરીખ આવ્યા છે. તમે તેઓને મળો એટલે રહેવા-જમવા તથા બીજી વ્યવસ્થા તમને જણાવશે." આ રીતે ફક્ત ત્રણ વિદ્યાર્થીઓથી અધ્યાપન મંદિરની શુભ શરૂઆત થઈ.

આવેલ વિદ્યાર્થીઓ માટે સાહજિક રીતે, પોતીકાપણાના વાતાવરણમાં રહેવા અને ભણવાની સ્વાભાવિક રીત ગિજુભાઈએ અપનાવી.

ત્રણચાર ગોદડાં પાથરી ગિજુભાઈ વર્ગ ચલાવતા. સાહજિક, પારિવારિક એકત્રિત થયેલા સભ્યોની જેમ તેઓને શિક્ષણની વાતો કરતા.

ગોદડામાં બેસવાનું, ભણવાનું, સમજવાનું અને જરૂર પડયે ગિજુભાઈને પૂછવાનું. આવું સહજ વાતાવરણ આ ત્રણેય વિદ્યાર્થીઓને મળ્યું. કયારેક ગોદડામાં સૂતાં સૂતાં આ વિદ્યાર્થીઓ ગિજુભાઈને સાંભળે. કયારેક ગિજુભાઈ સૂતાં સૂતાં આ વિદ્યાર્થીઓને શિક્ષણશાસ્ત્ર સમજાવે.

આમ આ પ્રથમ બાલ અધ્યાપન મંદિર "ગોદડા અધ્યાપન મંદિર" તરીકે ઓળખાયું.

બાલ અધ્યાપન મંદિર એક મહિનો, ત્રણ મહિના અને છેલ્લે એક વર્ષના ગાળાની મુદતથી ચાલ્યું. એ જ રીતે ત્રણ વિદ્યાથી, ત્રીસ વિદ્યાર્થી અને પછી સો વિદ્યાર્થીઓ સુધીની સંખ્યાએ પહોંચ્યું.

આ અધ્યાપન મંદિરમાં ચાર ચોપડીથી માંડી બી. એ. સુધીના અભ્યાસ સુધી પહોંચેલાઓને બાલશિક્ષકો તરીકે તૈયાર કર્યા.

શિક્ષક માટેની ગિજુભાઈની કલ્પના બહુ સરળ, સાદી અને સામાજિક ભાવનાવાળા હતી. મારા શિક્ષકો નિષ્ઠાવાળા, બાળપ્રેમી અને ભાવિ સમાજની નવી રચના કરી છૂટવાની તમન્નાવાળા હોવા જોઈએ. મારો બાળશિક્ષક એ જ થઈ શકે કે—

— જે બાળકોમાં અખૂટ શ્રદ્ધા રાખે છે.
— જેનામાં ભાવિ સમાજ, સમૃદ્ધ, સુદૃઢ બનાવવાની તીવ્ર તમન્ના છે.
— જે બાલપ્રેમી છે. બાળકોના દરેક કાર્યને સમજવાની અને અવલોકવાની જેનામાં શક્તિ છે.
— જે બાળકોના હાસ્યમાં દેવાંશી આનંદ માણી શકે છે.
— જે બાળકોની નિર્દોષતાને પોતાની આંખોમાં ઢાળી શકે છે.
— જે બાળકોની પ્રસન્નતાનો પમરાટ પામી શકે છે.
— જે બાળકને ઘરનું ઘરેણું, આંગણાની શોભા અને બાલમંદિરનો દેવ ગણે છે.
— જે કુદરતની સુંદરતામાં બાળકની સુંદર કૃતિ જોઈ શકે છે.
— બાળપૂજા એ પ્રભુપૂજા સમજીને વર્તન, વહેવાર કરી શકે છે.

આ હતી ગિજુભાઈના અધ્યાપન મંદિરમાં પ્રવેશ મેળવવાની યોગ્યતા. આવા અનેક બાલશિક્ષકો તેઓએ તૈયાર કર્યા.

ગિજુભાઈના કામને અને નામને જાણી રાજકોટ ટ્રેનિંગ કૉલેજના આચાર્યા પૂ. તારાબહેન મોડક ભાવનગર આવ્યાં. ગિજુભાઈના કાર્યને, શૈક્ષણિક ભૂમિકાને સમજી તેઓશ્રી ગિજુભાઈના કામમાં સાથીદાર બન્યાં.

વિવિધ પ્રદેશોમાંથી પણ વિદ્યાર્થીઓ આવવા લાગ્યા, જેમાં રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા એવા કેટલાય બાલશિક્ષણના કાર્યમાં જોડાયા.

પૂ. તારાબહેન મોડક અધ્યાપક અને ગૃહમાતા તરીકે કામે લાગ્યાં. ઈ. સ. ૧૯૨૫–૨૬માં રામનારાયણ ના. પાઠક પણ વિદ્યાર્થી હતા. મહારાષ્ટ્રમાંથી શ્રી શેષ નામક જેઓ બી.એ. સુધી ભણેલા તે પણ વિદ્યાર્થી તરીકે જોડાયા. તેમણે બાલશિક્ષણ ક્ષેત્રે અનોખી ભાત પાડી છે. શિક્ષણના પ્રયોગો કરી રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર સુધી બાલશિક્ષણની યોજનાઓ મૂકી છે. આજે નિવૃત્ત જીવન મુંબઈમાં ગાળે છે.

ગિજુભાઈએ બાલઅધ્યાપન મંદિરના અભ્યાસક્રમમાં ખૂબ જ સાહજિકતા રાખી હતી. કોઈ ચોકઠું નહિ. કોઈ પરીક્ષાકેન્દ્રી વલણ નહિ. ફક્ત શિક્ષક બાળકમય બને અને બાળકનો શારીરિક, માનસિક, શૈક્ષણિક, સામાજિક અને આધ્યાત્મિ. વકાસ સાધવાની પ્રવૃત્તિઓ સમજે તે પૂરતું હતું.

આ રીતે બાલક્રીડાંગણ, બાલવાર્તાઓ, બાળગીતો, બાળનાટકો, જીવન-વ્યવહારની ઘરગથ્થુ પ્રવૃત્તિઓ, જ્ઞાનેન્દ્રિયોના શિક્ષણ માટે ઇન્દ્રિય-શિક્ષણનાં સાધનો અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ જેમાં હસ્તકલા, ચિત્રકામ, માટીકામ, રંગકામ, સૃષ્ટિસૌંદર્યનો પરિચય, માનવજીવનનો પરિચય, વનસ્પતિસૃષ્ટિનો પરિચય, ભૌગોલિક પરિચય, જીવસૃષ્ટિનો પરિચય બાળકોને મળે તેવી પ્રવૃત્તિઓ કેમ અને કેવી રીતે ગોઠવાય તેના પાઠો અપાતા. પ્રવાસ દ્વારા અનુભવ કરાવાતો અને વિદ્યાર્થીઓએ તેમાં પ્રત્યક્ષ જોડાવાનું રહેતું. આ હતો અભ્યાસક્રમ.

ગિજુભાઈ ભણાવતા અને સાથે સાથે પ્રત્યક્ષ અનુભવ કરાવતા. શિક્ષકના હૈયાસૂઝ કેટલી છે તેનો કયાસ પણ કાઢતા. આમ બાલ-અધ્યાપનની પ્રવૃત્તિ વેગવંત બની.

અધ્યાપનના સમય બાદ ગિજુભાઈ જે ભણાવતા, જે અનુભવો થતા, જે પ્રયોગો કરતા, જે પરિણામો જોતા તે બધા લખાણમાં મૂકતા. રાતદિવસ અથાગ પરિશ્રમ સાથે તેઓએ અનેક પુસ્તકો લખ્યાં, જે શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ શિક્ષકોને અને માબાપોને ઉપયોગી થયાં.

બાલસાહિત્ય પણ લખવા માંડયું. ગિજુભાઈ અને તારાબહેન બંને સાથે લખે અને તેનું પ્રકાશન દક્ષિણામૂર્તિ કરે. ગિજુભાઈ અને તારાબહેને પુસ્તકો પર પોતાનું ટૂંકું નામ આપેલું ગિ. તા. આ રીતે અનેક બાલસાહિત્ય લખ્યું.

અધ્યાપન ચલાવતાં ચલાવતાં બાળકો સાથે કામ કરતાં કરતાં અનેક ચિંતન, મનન કરતાં ગિજુભાઈને લાગ્યું કે ફક્ત બાળકો માટે બાલમંદિર ચલાવવાથી કે અધ્યાપન દ્વારા શિક્ષકો તૈયાર કરવાથી હજારો બાળકોના પ્રશ્નો હલ નહિ થાય. આ માટે માબાપોને પણ કેળવવા પડશે. માબાપોએ બાળકોના ઉછેરનું શિક્ષણ મેળવવું પડશે. તેઓની પ્રવૃત્તિઓને અને વલણોને પણ સમજવા પડશે તો જ આ શિક્ષણ સાર્થક રહેશે. આ માટે વાલીશિક્ષણની યોજના કરી.

ઈ. સ. ૧૯૨૬માં મોન્ટેસોરીનું બીજું સંમેલન ગિજુભાઈના પ્રમુખસ્થાને અમદાવાદમાં મળ્યું. આ સંમેલનમાં બાલશિક્ષણનો પ્રચાર અને પ્રસાર સમગ્ર રાષ્ટ્રમાં થાય અને તેની પ્રવૃત્તિઓ પાંગરે તેવા એક એકમની આવશ્યકતા ઉપર ગિજુભાઈએ ભાર આપ્યો.

આમાંથી નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાપના થઈ. વિવિધ પ્રદેશોમાંથી આવેલા પ્રતિનિધિઓએ પોતપોતાના પ્રદેશમાં આ સંઘ દ્વારા બાલશિક્ષણનું કાર્ય કરવાની બાંહેધરી આપી.

સંઘે બાલશિક્ષણના કાર્યને વ્યાપક બનાવ્યું મધ્યપ્રદેશના શ્રી કાશીનાથજી ત્રિવેદીએ પોતાના પ્રદેશમાં આ કાર્યને વેગવંત બનાવ્યું. હિન્દી શિક્ષણપત્રિકા ચલાવી.

ગિજુભાઈએ શિક્ષક, બાળક અને માબાપ આ ત્રણેયને ઉપયોગી એવું "શિક્ષણ પત્રિકા" મુખપત્ર શરૂ કર્યું. તેને સારો એવો આવકાર મળ્યો.

અધ્યાપનના વિદ્યાર્થીઓને શિક્ષણ પત્રિકાના કામમાં પણ જોડ્યા. કેટલાક બાલકવિઓ બન્યા, કેટલાક વાર્તાકાર બન્યા, કેટલાક પ્રયોગો લખતા થયા. આમ શિક્ષણ પત્રિકાએ ભણાવનારને અને ભણવા આવનારને લખતા કર્યા.

માબાપો પણ આ પત્રિકામાં પોતાનાં બાળકોના પ્રશ્નો મૂકતાં થયાં. પ્રશ્નોના જવાબો મળતા ગયા અને બાળકોની સમસ્યાઓ સમજતા થયા.

આ પત્રિકા બાળક, બાલશિક્ષણ, બાળશિક્ષક અને માબાપની સાંકળરૂપ બની. જેથી બાળક માટે સૌનો અભિગમ બદલાયો, બાળકો તરફનો દૃષ્ટિકોણ કેળવાયો, બાળકના સ્વતંત્ર અસ્તિત્વનો ખ્યાલ આવ્યો.

બાળકના વિકાસમાં ઘર મહત્ત્વનું અંગ છે. તેનું વાતાવરણ સુમેળવાળું અને સુખમય બને તેવી વર્તણૂક કરવાનો ખ્યાલ આવ્યો.

આ રીતે ગિજુભાઈ, તારાબહેન અને મોંઘીબહેને સતત લેખનકાર્ય કર્યું. ઈ. સ. ૧૯૧૬ થી ૧૯૩૬ સુધી દક્ષિણામૂર્તિ સંસ્થામાં કામ કર્યું અને તે સંસ્થામાંથી મુક્ત થયા. પૂ. તારાબહેન મુંબઈ ગયાં અને ત્યાં બાલશિક્ષણનું કાર્ય શરૂ કર્યું. મરાઠી શિક્ષણ પત્રિકા ચલાવી અને અત્યારે પણ ચાલે છે.

ઈ. સ. ૧૯૩૬ના બાળમેળામાં ગિજુભાઈ પ્રમુખ બન્યા અને કચ્છનો પ્રવાસ કર્યો. ઈ. સ. ૧૯૩૭માં તેઓનું સન્માન થયું અને થેલી અર્પણ થઈ.

ગિજુભાઈના મનમાં દક્ષિણામૂર્તિમાંથી મુક્ત થયા પછી પણ બાલ અધ્યાપન મંદિર ચલાવવાની તમન્ના ખરી. ઈ. સ. ૧૯૩૮માં બિમારીની પથારીએ હોવા છતાં રાજકોટમાં તેમણે બાલ અધ્યાપનનો વર્ગ શરૂ કર્યો.

બાલશિક્ષણના જીવે માંદગીના બિછાને બેસીને પણ સર્વ વિદ્યાર્થીઓને ભણાવ્યા. વિદ્યાર્થીઓ પણ ગિજુભાઈની સારવાર કરતા ગયા અને ભણતા ગયા.

માંદગી વધી. તેઓને મુંબઈ લઈ જવાયા. તા. ૨૩ જૂન ૧૯૩૯ના રોજ બાલશિક્ષણપ્રેમીનો આત્મા 'પંચમહાભૂતમાં વિલીન થયો.

ગિજુભાઈના સમગ્ર જીવનનું તારણ કાઢીએ તો ફક્ત અઢારેક વર્ષના બહુ ટૂંકા ગાળામાં, ટૂંકી જિંદગીમાં બાળકો માટે અખૂટ શક્તિ ખર્ચી છે, અનેકવિધ સાહિત્ય સર્જ્યું છે. અને શિક્ષણશાસ્ત્રનાં મૂલ્યો સમજાવતાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. તદ્‌ઉપરાંત અનેકના જીવનમાં ઉત્તમ એવો બાળપ્રેમ પ્રસાર્યો છે.

આજ ગિજુભાઈ નથી પણ તેમનો આત્મા આપણી સાથે છે. ગિજુભાઈ જીવી ગયા, જીવે છે અને જીવશે, જ્યાં સુધી આ સૃષ્ટિ ઉપર બાળક અવતરશે ત્યાં સુધી.

---

૧૯. આજના શિક્ષણમાં ગિજુભાઇ ક્યાં ?

ગુલાબભાઈ જની

આજે જ્ઞાનનો વિસ્ફોટ થયો છે. ફૂદકે અને ભૂસકે જ્ઞાનની નવી નવી ક્ષિતિજો ખૂલતી જાય છે. એકવીસમી સદીને આવકારવા થનગની રહેલું વિશ્વ નવા જ ખ્યાલો, નવા જ પડકારોનો સામનો કરી રહ્યું છે.

એલ્વિન ટોફલરે તેના "The Third Wave" પુસ્તકમાં જણાવ્યું છે કે હવે કોમ્પ્યુટર, ઇલેકટ્રોનિકસ, અવકાશ તથા મહાસાગરો-માંથી પ્રાપ્ત થયેલાં નવાં દ્રવ્યો અને જનીનશાસ્ત્ર મળીને એક નવી સંસ્કૃતિનું સર્જન થશે. શિક્ષણમાં સમૂળી ક્રાંતિ આવશે. ઘણું ખરું શિક્ષણવર્ગને બદલે વર્ગની બહાર ચાલતું રહેશે અને અનિવાર્ય શિક્ષણનાં વર્ષો ઘટશે.

ભારતની વાત કરીએ તો વડાપ્રધાન રાજીવ ગાંધીએ 'નવી શિક્ષણ નીતિ'ની હિમાયત કરી છે. દેશ શિક્ષણની નીતિમાં આમૂલ પરિવર્તન ઝંખી રહ્યો છે. આજની શિક્ષણ પ્રણાલિકા જીર્ણશીર્ણ થઈ ગઈ છે તે બધા સ્વીકારે છે.

સમગ્ર કેળવણીની પ્રથામાં જો આમૂલ પરિવર્તન લાવવું હશે તો સહુ પ્રથમ બાળકેળવણી પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાવવો પડશે. આજે તો શહેરોમાં અંગ્રેજી માધ્યમની શાળાઓનો મોહ વધતો જાય છે. મોન્ટેસોરી પદ્ધતિ અને ગિજુભાઈએ પ્રબોધેલ સિદ્ધાંતો પ્રમાણે આજે કાર્ય કરતાં બાલમંદિરો ઓછાં જોવા મળે છે. જાણે કે ગિજુભાઈ ભુલાઈ જતા હોય તેમ લાગે છે.

પરંતુ જો આપણે કેળવણીમાં નવા પ્રાણ પૂરવા હશે તો ગિજુભાઈના વિચારો સમજી, વિચારીને અમલમાં મૂકવા પડશે. આ માટે સહુ પ્રથમ ગિજુભાઈનું બાળશિક્ષણ ક્ષેત્રે પ્રદાન સમજી લેવું પડશે.

ગિજુભાઈનું બાલશિક્ષણનું દર્શન અને તેને વ્યવહારમાં મૂકવા માટેની પદ્ધતિ અને સાધનો એ બધું મોન્ટેસોરી પદ્ધતિના પ્રથમ પરિચયે

ઊભા થયેલ પ્રેમનું પરિણામ છે. પણ પછી તે પ્રેમ વ્યક્તિ કે તેનાં ઉપકરણોથી આગળ વધીને એક સ્વતંત્ર અને વિશાળ આંદોલન રૂપે વિસ્તર્યો.

ગિજુભાઈએ બાળકેળવણીની ફિલસૂફીમાં, બાળશિક્ષણની પદ્ધતિમાં, બાળકેળવણીના પ્રસારમાં, બાળસાહિત્યસર્જનમાં એમ અનેકવિધ રીતે નવપ્રદાન કરેલ છે.

તેઓએ 'બાળકોનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે' તેનો સ્વીકાર કરાવ્યો, બાલસન્માન, બાળકની આશામહેચ્છા ઓળખી બાળકને સ્વતંત્ર રીતે સ્વાવલંબી રીતે કામ કરવાની તક આપો તે વાત તેમણે કહી.

બાળશિક્ષણની પદ્ધતિમાં સંગીત દ્વારા શિક્ષણ, ઇન્દ્રિય શિક્ષણ, જીવનવ્યવહારનાં કાર્યો, કુદરત પરિચય, વાર્તા અને બાળનાટકો, બાળરમતો અને ચિત્રકામ પર ભાર મૂક્યો.

ગિજુભાઈનું બાળવાર્તા સાહિત્યના સર્જન ક્ષેત્રે અનેરું પ્રદાન છે. આજે તેમની કેટલીક વાર્તાઓ નવા સંદર્ભમાં બદલવાની જરૂર છે. પણ વાર્તારસ બાળકોનો યુગોથી એકસરખો રહ્યો છે. એ તત્ત્વને ગિજુભાઈએ પકડયું હતું. આજે પણ તે વાત એટલી જ સાચી છે. 'Oxford'-ની બાળવાર્તા શ્રેણીમાં "The oldman and Pig"ની વાર્તા આપણી 'કચેરીમેં જઉંગા' વાર્તાને આબેહૂબ મળતી આવે છે.

ગિજુભાઈએ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણનો મંત્ર આપ્યો. આજની વ્યાખ્યાનપદ્ધતિ કરતાં આ પદ્ધતિ ચડિયાતી સાબિત થઈ છે. બાળકોને તો પ્રવૃત્તિ જ ગમે છે. નાનકડાં બાળકોના નાના હાથ અદ્‌ભુત કામ કરી શકે છે તે ગિજુભાઈએ આપણને બતાવ્યું. આજના સંદર્ભમાં તે વધુ જરૂરી છે.

ગિજુભાઈનું સહુથી અગત્યનું પ્રદાન વાલીશિક્ષણ માટે સર્જેલ સાહિત્યનું ગણવું જોઈએ. 'માબાપ થવું આકરું છે' એ પુસ્તક વાંચ્યા પછી એક વાલીએ કબૂલ કર્યું કે 'આ પુસ્તક વાંચ્યા પછી મારા બાળક તરફની મારી દૃષ્ટિ બદલાઈ ગઈ.'

આજે સહુથી વધુ જરૂર છે વાલીશિક્ષણની – માબાપ પોતાના બાળકને સમજે, તેની જુદી જુદી પ્રવૃત્તિમાં રસ લ્યે, પ્રેરણા અને પ્રોત્સાહન આપે.

ગ્રામ્ય ક્ષેત્રનાં બાળકો માટે ગિજુભાઈના વિચારોમાંથી પ્રેરણા લઈ મુરબ્બી શ્રી જુગતરામભાઈ તથા તારાબેન મોડકે આંગણવાડી તથા બાલવાડીના જે પ્રયોગો કર્યા છે તેને વધુ વિસ્તારવાની જરૂર છે. આપણા મોટા ભાગનાં બાળકો ગ્રામ્યક્ષેત્રમાં વસે છે. તેમના વિકાસ માટે આ પદ્ધતિ ઉપકારક અને સફળ પુરવાર થઈ છે.

શિક્ષકો માટે ગિજુભાઈ રચિત 'દિવાસ્વપ્ન' આજે પણ એટલું જ માર્ગદર્શક બની રહે તેવું છે.

'બાળકોના ગાંધી', 'બાલસાહિત્યના બ્રહ્મા', 'મૂછાળી મા' વગેરે જેવાં બિરુદોથી સન્માન પામેલા ગિજુભાઈની સમગ્ર ગુજરાતમાં તથા ભારતમાં જન્મશતાબ્દી ઉજવાઈ રહી છે તે જ બતાવે છે કે તેમના વિચારો કેટલા શાશ્વત હતા અને છે.

---

૨૦. ક્ષિતિજ વિસ્તારની ભૂખ

જ્યોતિભાઈ દેસાઈ

મધ્ય પ્રદેશના ઊંડાણના આશ્રમની વાત છે. ઉત્સાહથી ભરેલા આચાર્ય અને બાળકો મળ્યાં. "અમારા આશ્રમને પચ્ચીસ વર્ષ થવાનાં કોઈ વિશેષ રૂપે આ પચ્ચીસમી જયંતી ઊજવીએ તો ?"

બાળકો દ્વારા જ ઉત્સવ ઊજવીએ ! તેઓ કહે તે કરવું અને બાળકોને મુક્ત મેદાન આપવું !

ચાર ટુકડીઓ પાડીને ઉત્સવની પૂર્વતૈયારી કરવાનું વિચારાયું ! પણ ઉત્સવમાં કરવું શું ?

બાળક ઇચ્છે તે !

અને તેમને સૂઝે તે !

દરેક વર્ગમાંથી ચાર ટુકડીના સભ્યો નોંધાયા. ચારે ટુકડી ભેગી થઈ અને પોતાની ટુકડીઓનાં નામ પાડ્યાં.

સુભાષ ટુકડી, ગાંધી ટુકડી, નહેરુ ટુકડી લાલબહાદુર શાસ્ત્રી ટુકડી !

સુશોભન, સર્જન, સમુંનમું કરવું, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવા, એવા ચાર અંગો દરેક ટુકડી ખીલવી શકે તેમ સૂચવાયું. પાયાની શરતો કેટલીક મુકાઈ.

(૧) સુશોભન માટે
- (ક) બજારમાંથી કાગળ કે કોઈ ચીજ ખરીદીને નહીં લાવવાની.
- (ખ) ફૂલ કે પાંદડાં તોડવાનાં નહીં.
- (ગ) પ્રાપ્ત સાધનો ચારે ટુકડીએ સરખે હિસ્સે જરૂર પ્રમાણે વહેંચી લેવાં.

(૨) સર્જન
- (ક) ટુકડીના દરેક સભ્યને કાંઈક કરી આપવાની સગવડ મેળવી આપવી.
- (ખ) કોઈ ચાર/પાંચ જણની મંડળી ભેગી થઈને સર્જન કરી શકે.

(૩) **સાંસ્કૃતિક કાર્યક્રમ** દરેક સભ્યને કાંઈક તો તક મળે જ તેમ ટુકડીએ ગોઠવવું, પછી તે પડદો ખેંચવાનું કે મેકઅપ કરવાનું ભલે હોય.

(૪) **સમુંનમું** બે કલાકના શ્રમ દ્વારા કોઈક મહત્ત્વની સમૂહની આવશ્યકતા ઊભી કરવી યા સમાજની મુશ્કેલી દૂર કરવી.

પ્રારંભમાં આ શરતો અને બાળકોના જ ઉત્સવની વાત વિશે આચાર્ય સહિત તમામ શિક્ષકો શંકાશીલ જ નહીં "નર્યું ગાંડપણ" એવો જ વિચાર લાગેલો. ભલા, આ ૫૩૦ની વાનરસેના શી રીતે આ બધું સમજશે ? થોડા ચૂંટેલા વિદ્યાર્થીઓ દ્વારા અમે કાર્યકર્તાઓ/ શિક્ષકો મળીને ગોઠવી લઈએ.

પણ બાળકોની વાત જુદી હતી. કેમ જાણે આવા પ્રસ્તાવની વાટમાં જ બેઠેલાં હતાં ! વાત મુકાય મુકાય ત્યાં ૧૫/૨૦ મિનિટમાં તો ચમત્કારિક ઉત્સાહનું વાતાવરણ સર્જાઈ ગયું. અને તમામ ૫૩૦નાં ચહેરા ખીલી ઊઠ્યા. અને ધૂમ મચી ગઈ. શું શું કરી શકાય ? ક્યાં શું કરીશું ? દરેક ટુકડી પોતાનાં આયોજનો વિચારવામાં, અને સર્જનો કરવામાં અને નાટકો અને જે, કહો તે તમામ ! આ કરીએ ને તે કરીએ. કોઈ બાળકને જાણે ફુરસદ ન મળે. "અમારે ઉત્સવ ઊજવવાનો છે !"

પ્રશ્નો આવ્યા. આવે જ ને !

"અમારી પોતાની પાસે હોય તે રંગ તો વપરાય ને ?"

"ગેરુ અને ચૂનો ન લાવી શકાય ? બજારમાંથી તે લાવવાની છૂટ તો મળવી જ જોઈએ !"

"આ પાણીની પરબની લીલ કાઢવા કાથા દોરી તો અમે લાવવાના જ. અને તોરણ માટે સૂતળી તો તમે ના કહો તો ય લાવવાના જ !"

"મંજૂર ભાઈ ! મંજૂર ! ઉત્સવ તમને ઠીક લાગે અને તમને સમાધાન થાય તેવો જાતમહેનતનો અને સ્વખુશીનો કરવો છે !"

અને ગણતરીના કલાકોમાં જાદુ જ થયો. શાળાનો ચહેરો બદલાઈ ગયો. જાણે સૂકી ધરતી પર મેહુલો વરસ્યો ! ધરતીનું કણ કણ જેમ સુવાસિત થઈ આમંત્રણ આપે તેમ આશ્રમનાં તમામ નાનાંમોટાં "બાળકો"-

નાં મન ભીંજઈને સુવાસિત થયાં. શિક્ષકોને આચાર્યને જે હતા તે બધા કયાં કામે લાગી ગયા અને કેવા રંગે ચઢયા તે તો ખબરે ન રહી !

બે બે ઓરડાવાળા કાટખૂણે ઊભેલા મકાનની શાળા અને આશ્રમના વાતાવરણને જે નવું રૂપ મળ્યું, ત્યારે એક પ્રસન્નતાની અને ઉત્સાહની ભરતી આવી. એવી જબરી ભરતી આવી કે આવનાર ને જોનાર તેમાં ઘસડાઈ જ જાય ! ભારે થઈ શાળાનાં બાળકોએ ઉત્સવ ખરેખરો ચગાવ્યો !

"સાચું કહીએ, અમે અમારાં બાળકોને ઓળખતાં જ ન હતા." આચાર્યે કબૂલાત કરી !

આપણા આજનાં બાલમંદિરોમાં મોન્ટેસોરીનાં તમામ સાધનો અને ભલભલું ફર્નિચર, મકાન, બધું વસાવેલું જોઈએ છીએ, પણ તેથી કાંઈ તે બાલમંદિર થઈ જાય ?

અરે, બહેન ! ધારો કે આ બાળકો સાધનો સમજણપૂર્વક વાપરે તેવું ગોઠવાઈ જાય ને તો પણ કામ તો અધૂરું જ રહે !

પાયાની વાત એ છે કે બાળકોને પોતાની સીમિત ક્ષિતિજને વિસ્તારવાની તીવ્રતમ ભૂખ હોય છે. આ ભૂખને ઓળખનાર હતા ગિજુભાઈ !

આપણા આ જ મોન્ટેસોરીનાં સાધનો, અને કદાચ આપણા કરતાં જુનવાણી મકાન, પણ એ બધાંય જે પરિવેશમાં બાળકો સામે આવતાં તેમાં એક પડકાર ભરેલો હતો. એવો પડકાર કે બાળક કાયમ રાજા પાટમાં જ બાળમંદિરના સમય દરમ્યાન રહે. અને પછી એનો કેફ ચઢે તો જિંદગી આખો એ ગિજુભાઈએ આપેલા કેફમાં જ જીવે !

એક નાનું ગણાતું પણ મહત્ત્વનું બાળનાટકનું અંગ લઈએ. ગિજુભાઈએ આ સાધનને તો બરોબર ઓળખી લીધેલું અને શું ખીલવેલું ?

બાવાજી બનો કે ચેલા, શિયાળ બનો કે સિંહ, સસ્સારાણા બનો કે સિપાઈ. નિર્ણય બધો તમારો. શબ્દોય તમારા અને પહેરવેશ પણ જેવા કરી લાવો તે મંજૂર. એની એ વાર્તા અને એનો એ ખેલ, પણ નિત્ય નૂતન અને બાળકે બાળકે નવા ખેલ રચાયા !

શિયાળ આવું હોય ને તેવું હોય તેવું કોઈ સૂચન નહીં. બાવાજીને દાઢી રાખવી હોય તો દાઢી ને ચોટલીથી ચાલે તો તેમ ! બાળક કરે તે નાટક ને બાળક કરે તે અભિનય ! ટીકા ટિપ્પણી નહીં ને દિગ્દર્શન નહીં ! સજાવટ/ફજાવટ બધું જ બાળકોને મુબારક.

"બાળ દેવો ભવઃ નહીં, બાળકો જ બ્રહ્મા !" આપણે ગિજુભાઈની વાત કરીએ છીએ ને !

વાર્તા કહેતી વખતે વિગત જે આવી તે કબૂલ. ઝીણીમોટી બાબતોની રજૂઆત અભિનય સાથે થાય. મિયાં ફૂસકીની જેમ ભોંઠપ અનુભવવાનું કે બડાશ હાંકવાનું યથાતથ થતું હોય. પણ તેનો પડઘો પાડવાની જરૂર નહીં. લગાવો જે લગાવવું હોય તે !

આવો એક સમજણપૂર્વક બાળકોને સ્વતંત્રપણે ખીલી ઊઠવાને યોગ્ય તક આપવાનો મોકો આપવાનું ભાગ્યે જ ગોઠવવાનું દેખાય ત્યારે થાય : "અલ્લા, ઓ ગિજુભાઈ, આ તમારાં બાળનાટકો, અરે આપણાં બાલમંદિરો કચારે જીવતાં કરીશું ?"

ચાલો આપણામાં પડેલા ગિજુભાઈને જાગ્રત કરીએ અને બાલમંદિરોમાં પ્રાણ પૂરી દઈએ. ગિજુભાઈની શતાબ્દી ઊજવવી છે ને ?

૨૧. ગુજરાતી બાલસાહિત્યનો અરુણોદય : ગિજુભાઈ

મૂળશંકર મો. ભટ્ટ

ગુજરાતના પ્રજાજીવનમાં આધુનીકરણની પ્રક્રિયા શરૂ થઈ. તેમાં અનેક ક્ષેત્રોમાં અગાઉ કદી ન થઈ હોય તેવી કેટલીય પ્રવૃત્તિઓની માંડણી થવા લાગી. અંગ્રેજી શાસન સ્થિર થયાની સાથે આ પ્રક્રિયા શરૂ થઈ. તેમાં અંગ્રેજી શાસનના આગમન સાથે પશ્ચિમમાંથી આવેલા નવા વિચારપ્રવાહોનો ઘણો મોટો ફાળો ગણવો જોઈએ. વિવિધ ક્ષેત્રોમાં પરંપરાગત આચારવિચારોની સામે નવી જ રીતે વિચારનારા ને તેની સામે જેહાદ પોકારનારાઓનો એક નવો યુવાવર્ગ અસ્તિત્વમાં આવ્યો. આ સમગ્ર પ્રવૃત્તિને માટે તે કાળે 'સુધારો' એવું એક વ્યાપક અર્થવાળું નામ આપવામાં આવ્યું હતું. ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રોમાં કેટલાએક મૂલગામી સુધારાઓની શરૂઆત થઈ. અલબત્ત તેમાં ધ્વજવાહકોની સંખ્યા ઘણી નાની હતી. પશ્ચિમના વિચારોને ઝીલનાર એક નાનો બૌદ્ધિકોનો વર્ગ આમાં મોખરે હતો. પણ તેમના વિચારોના પ્રચાર માટેનાં તે કાળે ઊભાં થતાં જતાં સાધનો – વર્તમાનપત્રો, છાપખાનાંઓ ને વાહનવ્યવહારનાં ઝડપી સાધનો – ની સહાયથી તે વધુ અસરકારક રીતે કામ કરી શકયો.

'સુધારા'ના આંદોલનને વેગ આપવામાં અર્વાચીનોમાં આદ્ય એવા નર્મદનો મોટો ફાળો છે, તે વાત હવે સર્વસ્વીકૃત છે. અલબત્ત તે માટેની ભૂમિકા બાંધવામાં દુર્ગારામ મહેતાજીની માનવધર્મસભાએ કામ કર્યું છે, તેનો ઉલ્લેખ કરવો જોઈએ.

આ સુધારાની પ્રવૃત્તિનું એક ઉત્તમ પ્રદાન તે સાહિત્યક્ષેત્રમાં જે નવું ખેડાણ થયું તેને ગણવું જોઈએ. એકલા નર્મદે જ સાહિત્યમાં કેટલા નવા નવા વિષયોને ખેડ્યા ? ગદ્યનિબંધો, ઇતિહાસ, જીવનચરિત્રો, આત્મકથા, શબ્દકોશ, ધર્મચિંતન, વર્તમાનપત્ર આ બધા વિષયોમાં

તેની કલમ ફરી વળી છે. કવિ દલપતરામે કાવ્યના ને પદ્યના માધ્યમ દ્વારા પણ આ સુધારાપ્રવૃત્તિને ઠાવકી રીતે સભારંજની શૈલીમાં ટેકો આપ્યો.

શિક્ષણક્ષેત્રે નવી જ ઢબની નિશાળો સરકારી કેળવણીખાતા મારફતે શરૂ કરવામાં આવી. આવી પહેલી ગુજરાતી શાળા ૧૮૨૬માં સુરતમાં નીકળી. આ નવી ઢબનું શિક્ષણ આપવા માટેના દસ શિક્ષકો મુંબઈમાં તાલીમ લઈને આવ્યા. તેમાં દુર્ગારામ મહેતાજી પણ ખરા.

આની સાથે સાથે જ પ્રાથમિક શિક્ષક માટેની વાચનમાળા તથા વ્યાકરણ, ભૂગોળ, પદ્યકથા વગેરેની રચના માટેનો ઉદ્યોગ પણ શરૂ થયો. હોપ વાચનમાળા આ દિશામાં સૌથી પહેલો વ્યવસ્થિત પ્રયોગ ગણાય. તેમાંથી આપણને સૌથી પહેલાં બાલકાવ્યોના નમૂનાઓ મળે છે. કેટલીક બોધકથાઓ પણ આ વાચનમાળામાં મૂકવામાં આવી હતી. હોપ વાચનમાળામાં મોટા ભાગનાં કાવ્યો દલપતરામે રચ્યાં હતાં. વાચનમાળામાં ક્રમિક ઢબે બાળકો માટેનાં કાવ્યો રચવામાં વિષયની પસંદગી, ભાષાની કક્ષા, રજૂઆતની શૈલી આ બધું દલપતરામે તેમના તે કાળના બાળ-જીવનને ને નવા સુધારાની હવાને લક્ષમાં રાખીને રચ્યું છે. તેમાંય ઘણી જગ્યાએ નિર્ભેળ કાવ્યતત્ત્વ પણ ડોકિયાં કરી જાય છે.

આ ઉપરાંત પણ કેળવણીખાતા તરફથી પ્રાથમિક શિક્ષણ લેતાં બાળકોને માટે બાસ પુસ્તકો તૈયાર કરાવવાનું કામ પણ ચાલતું હતું પણ તે મોટે ભાગે અંગ્રેજી પુસ્તકોમાંથી મરાઠીમાં ઉતારેલાં પુસ્તકોનું ભાષાન્તર હતું. તેની ભાષા અત્યંત કઢંગી, તરજુમિયા, નિષ્પ્રાણ હતી. આ જ અરસામાં 'બાલમિત્ર' નામનું એક પુસ્તક બે ભાગમાં પ્રસિદ્ધ થયું હતું. તે કોઈ ફ્રેંચ પુસ્તકના અંગ્રેજી ભાષાન્તર પરથી કરવામાં આવેલ મરાઠી ભાષાન્તરનું ભાષાન્તર હતું. તેમાં કેટલીક જ કથાઓનું વસ્તુ સારું છે, પણ તે કાળના છોકરાઓ પણ તેનો મર્મ માણી શકતા હશે કે કેમ તેની શંકા છે; અત્યારે તો તે પુસ્તકનું મહત્ત્વ માત્ર ઐતિહાસિક જ રહ્યું છે. આવું સાહિત્ય તે કાળે પ્રગટ થયું હતું. 'બુદ્ધિપ્રકાશ' માસિકમાં દલપતરામે અનેક નાનીમોટી કથાઓ લખી છે, એનો ઉલ્લેખ મળે છે. દુર્ભાગ્યે આ બધું અત્યારે હાથવગું નથી. અલબત્ત પ્રયત્ન કરવાથી તે ગુજરાતના કોઈ ને કોઈ જૂના ગ્રંથાલયમાંથી મળી આવે. તેના પરથી આપણને તે કાળના બાલસાહિત્યની શૈલી, સ્વરૂપ, હેતુ વગેરેનો સ્પષ્ટ ખ્યાલ આવે.

અત્યારના કાળના સંદર્ભમાં તે કાળનાં બાળકોને જોવાની ને તેની કેળવણી માટેની વિચારસરણી અને તેને અનુરૂપ તૈયાર થતું બાલસાહિત્ય જોઈએ તો એક વાત એ તરી આવે છે કે તે કાળે નીતિમત્તા, સત્યાચરણ, આજ્ઞાંકિતપણું, નિયમિતતા, નમ્રતા વગેરે ગુણો બાળકોમાં આવે તે માટેની ચિંતાની હદ સુધીની સભાનતા શિક્ષકવર્ગ અને લેખકવર્ગમાં હતી. ૧૯મી સદીમાં—જેને વિક્ટોરિયન યુગ કહેવામાં આવે છે તે યુગમાં—ઊછરી રહેલી અંગ્રેજ સમાજની નવી પેઢી તરફ પણ ત્યાંના વડીલોની મુખ્યત્વે આ જ દૃષ્ટિ હતી. બાળક એક નાના કદનો સદ્‌ગૃહસ્થ છે, એમ માનીને તેના સદ્‌ગૃહસ્થના બધા આચારો, શિષ્ટાચારો, સામાજિક વર્તન વગેરે કેળવવા તરફ શિક્ષણનો ને શિક્ષણના એક સાધનરૂપે લખાતી વાર્તાઓ, કાવ્યો વગેરેનો ઝોક પણ મુખ્યત્વે આ રહેતો. તે કાળે બ્રિટનમાં કેટલીએક ઉત્તમ બાલકથાઓ લખાઈ છે ને પરંપરાગત પરીકથાઓનું સંશોધન પણ પ્રગટ થયું છે. પણ તે બાળકોના રોજબરોજના વ્યવહારમાં કે કેળવવાના માર્ગમાં ઉપયોગી ગણાતું ન હતું. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં છેલ્લે છેલ્લે પેસ્ટેલોજી, ફ્રોબેલ, ડૉ. મોન્ટીસોરી વગેરે બાલકેળવણીકારોના પ્રયત્નોથી આ દૃષ્ટિમાં પરિવર્તન આવ્યું. પણ તે બહુ જ ધીમું આવ્યું. આપણે ત્યાં તો તે પરિવર્તનનું પહેલું પગરણ સ્વ. ગિજુભાઈના આગમન પછી આવ્યું, એમ કહેવું જોઈએ.

આપણે ત્યાં અંગ્રેજી ઢબની નવી નિશાળો શરૂ થયા પછી તે માટેનું સાહિત્ય માટેનું મુખ્ય કારખાનું મુંબઈમાં ઘણા વખત સુધી રહ્યું. અને ત્યાં મરાઠીભાષી વિદ્વાનો, કેળવણીકારો મુખ્યત્વે તંત્ર સંભાળનારા હતા. ને અંગ્રેજી અમલદારો તેમને દોરવણી આપનારા હતા. એટલે કોઈ સ્વતંત્ર એવું બાળકો માટેનું સાહિત્ય શિક્ષણના કાર્યક્ષેત્રમાં પ્રવેશે એવી સ્થિતિ ન હતી. વળી આ શિક્ષણનો લાભ લેનારની સંખ્યા પણ પ્રમાણમાં ઘણી નાની હતી. એ કાળે બાળકો માટેનું સાહિત્ય તૈયાર કરનાર ગુજરાતી વિદ્યાપ્રચારકોમાં બાળકોને ઉત્તમ એવા નીતિના સંસ્કારો આપવાનો ઉત્સાહ હતો તેટલી તે માટેની ભાષા પણ અત્યંત સરલ, મધુર, આકર્ષક બને તેની કાળજી ન હતી – દલપતરામ, નર્મદ વગેરે તે કાળે ગુજરાતી ભાષામાં નવું ચેતન, સ્ફૂર્તિ, ચોટ વગેરે લાવી બતાવતા હતા. પણ આ વિદ્વાનોની નજર મુંબઈના કેળવણીખાતાના ઉપરીઓ તરફ વધારે હશે, એમ દેખાય છે. બાળકો તેમની નજરમાં નહિ હોય

એમ દેખાય છે. નહીં તો ઠેઠ ૧૮૫૪માં પ્રગટ થયેલ 'ડાડસ્લીની વારતાયો' માં શ્રી રણછોડભાઈ ગિરધરભાઈ જેવા નિષ્ઠાવાન શિક્ષકે આવી ભાષા ન વાપરી હોત. એક નાનો નમૂનો મારા અગાઉના એક નિબંધમાંથી ઉતારું છું : "એક શહીંએ ઘણાએક પશુઓને મારી ને ખાધાં તેના અજીરણે કરીને તેહને મોટો એક રોગ થયો. તારે તે જંગલના સરવે પશુ ઝુંડેઝુંડ ને ટોલેટોલાં તેહના સમાચારને આવીયાં એક શિયાલ માત્ર નહોતો આવીયો. તે શંધી જોઈને વરુએ શહીં રાજા આગલ શીઆલની ચુગલી ખાધી..." વ. વ.

આ ભાષાન્તરને મૂળ મરાઠી સાથે સરખાવી જોવું જોઈએ. તેની વાક્યરચનામાં મરાઠીની છાંટ ચોખ્ખી દેખાય છે. પણ ચોટામાં લુંટાણી એવી ગુજરાતી વાણીના લૂંટારાઓનું પગેરું કાઢનાર દલપતરામે ઠેઠ મુંબઈમાંથી પારસીને પકડ્યા એ વાત તેણે લખી છે. તે સાચી ઠેરવે એવું પણ આમાં છે. પારસી બોલીની પણ આમાં અસર છે. વળી બીજી એક વાત એ પણ તરી આવે છે કે આ લખાણમાં ભાગ્યે જ જોડાક્ષરો આવે છે. તે તે કાળના પારસીઓના ચલાવેલા છાપખાનાનાં બીબાં ગોઠવનારાઓની કળા હશે કે હજી જોડાક્ષરોના ટાઈપો પૂરા તયાર થયા નહિ હોય, કંઈ ખબર નથી. પણ સિંહ જેવા સાદા ને જોડાક્ષર વગરના શબ્દની જગ્યાએ 'શહી" શું કામ વાપર્યો હશે, તે સમજાય નહિ તેવી વાત છે. અસ્તુ. અહીં ધ્યાન ખેંચે તેવી વાત એ છે કે તે કાળે આપણું બાલસાહિત્ય અત્યંત બાલદશામાં હતું. માત્ર તેનો પોષાક પ્રૌઢકક્ષાનો હતો. ઈસપકથા, પંચતંત્રની કથાઓ પણ તેમાં રહેલ વાર્તાતત્ત્વ કરતાં ઉપદેશતત્ત્વને જ ઉપસાવવામાં આવતું હતું. આવી ચોપડીઓ જે શિક્ષણખાતાથી સ્વતંત્ર રીતે રચાતી તેમાં 'મુંબઈ કેળવણીખાતાએ ધનામ માટે મંજૂર કરેલી" એમ લખાયેલું ઘણી ચોપડીઓ પર જોવા મળતું. આમ ઘણાં વરસો સુધી જે કંઈ નાનું મોટું બાલસાહિત્ય રચાયું તે શિક્ષણખાતાની આંગળી પકડીને ચાલતું હતું. બોધકથાઓ, કહેવતકથાઓ, દૃષ્ટાંતકથાઓ, પૌરાણિક-કથાઓની રચના શરૂ થઈ ગઈ હતી. પણ તે ખાસ બાળકોને લક્ષમાં રાખીને લખાયેલી નહોતી પણ તેમાં બાળકો રસ લઈ શકે તેવું ઘણું હતું.

વીસમી સદીના આરંભકાળે ગુજરાતના સમગ્ર સાંસ્કૃતિક જીવનમાં નવચેતનાનો પ્રવાહ વેગ પકડવા લાગ્યો. તેનું બીજારોપણ અગાઉ કહ્યું

તેમ, અંગ્રેજી કેળવણીની ઉચ્ચવિદ્યાની સંસ્થા – કૉલેજોમાં – અભ્યાસ કરીને બહાર પડેલા ઉત્તમ સાહિત્યકારો, શિક્ષકો, વહીવટદારો, તત્ત્વજ્ઞો, ધર્મચિંતકો, સમાજસુધારકોનો જે મોટો ફાલ નીકળ્યો તેમના પુરુષાર્થનો આમાં મોટો ફાળો હતો. આપણા દેશની પ્રાચીન ભવ્ય પરંપરાનું પુનર્મૂલ્યાંકન અને પ્રતિષ્ઠાપન થવા લાગ્યું. આપણા શિક્ષિત લોકોના ચિંતનમાં મૌલિકતાનું તત્ત્વ ઉમેરાવા લાગ્યું. બે સંસ્કૃતિનાં ઉત્તમ તત્ત્વોને એકબીજા સાથે એકરસ કરીને એક આધુનિક તત્ત્વદૃષ્ટિ પ્રગટ કરવા તરફનું વલણ વધવા લાગ્યું. અને એના જ ફળસ્વરૂપ વીસમી સદીના પ્રારંભકાળથી આપણા શિક્ષણક્ષેત્રે ને સાહિત્યક્ષેત્રે કેટલાંક નવાં પ્રસ્થાનોનો આરંભ થયો. એમાં અહીં આપણને જે પ્રસ્તુત છે તે બાળકોના વ્યક્તિત્વ વિશેની સંકલ્પનામાં આવેલ પરિવર્તનને મહત્ત્વનું સ્થાન મળ્યું. શરૂ-આતમાં ફ્રોબેલની કિંડરગાર્ટન પદ્ધતિનું અત્યંત પ્રાથમિક અને લગભગ નિષ્પ્રાણ કહેવાય તેવું કેટલુંએક અનુકરણ સરકારી ને કેટલીએક બિનસરકારી શાળાઓમાં દાખલ કરવામાં આવ્યું. કેટલાંએક અભિનયગીતો 'આવો આવો આમ, એ બાળકો તમામ, આપણે ઉમંગે કરીયે કાપણીનું કામ' અભિનય સાથે ગવડાવવામાં આવતાં હતાં ને કોઈ 'અતિથિવિશેષ' કે 'ડીપોટી'ના આગમન વખતે આ પ્રયોગો થતા ને ધનામો વહેંચાતાં. બાળકોમાં આ ગીતો ગાતાં કોઈ સ્વયંસ્ફૂર્તિની તાજગીનો અનુભવ ભાગ્યે જ થતો. આ માટે રચાતાં કાવ્યોમાં પણ પ્રૌઢવર્ગ તરફથી આપવામાં આવતા 'ડહાપણ'નું તત્ત્વ પણ રહેતું.

આમાં પહેલવહેલું પ્રાણપૂરક તત્ત્વ ૧૯૧૫માં આપણા સુપ્રસિદ્ધ બાલકવિ સ્વ. ત્રિભુવન વ્યાસે એક પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે કામ કરતાં ઉમેર્યું. તેમણે 'ટ્રેન' નામનું અભિનયગીત બાળકો પાસે ગવરાવ્યું. કવિ નાનાલાલ તે વખતે કેળવણીખાતાના ઇન્સ્પેકટર હતા. આ ગીતથી તેઓ પ્રભાવિત થયાની નોંધ સ્વ. ત્રિભુવનદાસની અપ્રસિદ્ધ આત્મકથામાં મળે છે. આજે પણ એ ગીત બાળકો સ્વતંત્ર રીતે ગાઈને માણી શકે તેવું છે. આ કવિએ બાલકાવ્યના દલપતરામકાળથી એકધારા ચાલ્યા આવતા ઘોરણમાં નવું જ પગરણ માંડ્યું.

પણ આ પછી એક જ દસકામાં બાલસાહિત્યે પોતાનું પ્રતિભાવાન સ્વરૂપ પ્રગટ કર્યું.

સ્વ. ગિજુભાઈએ દક્ષિણામૂર્તિ ભવન સંસ્થાના તાજગીભર્યા ને નવા જ ઉન્મેષો પ્રગટ કરતા વાતાવરણમાં બાલકેળવણીની દિશામાં એક નવા જ અભિગમનો વેગીલો પ્રવાહ વહેવડાવવા માંડ્યો. મોન્ટીસોરી પદ્ધતિના પ્રાણને તેમણે પકડ્યો ને તેમાં પોતાનું મૌલિક ચિંતન, આપણી સામાજિક અને આર્થિક પરિસ્થિતિનું આકલન ઉમેરીને બાલકેળવણીને એક નવી જ દિશા આપી. સ્વ. ગિજુભાઈમાં પ્રતિભા તો હતી જ, પણ મિશનરી ધગશ, ગતિશીલતા, પ્રયોગો કરવા માટે જરૂરી સાહસ અને ધૈર્ય હતાં. પણ આ બધા ગુણોને અભિવ્યક્ત કરવા માટે સમર્થ એવી કલમ તેમની પાસે હતી. તેમણે બાળકો માટે લખ્યું, બાળકોનાં માબાપો માટે લખ્યું, શિક્ષકો માટે લખ્યું, વિદ્વાન વિચારકો માટે પણ લખ્યું. તેમણે આ બેય ક્ષેત્રમાં શિક્ષણક્ષેત્રમાં ને સાહિત્યક્ષેત્રમાં પોતાની શક્તિનો ઘોધ વહેરાવ્યો. અનેક યુવાનોને તેમણે આકર્ષ્યા ને આ પ્રવૃત્તિમાં તેમની શક્તિ અનુસાર જોતર્યા: અનેકને વાર્તાઓ લખતા કર્યા, અનેકને બાલ-મંદિરનું સંચાલન કરતા કર્યા, અનેકને બાલસાહિત્યના પ્રચારકો બનાવ્યા. ગુજરાતમાં જોતજોતામાં બાળકોનો યુગ બેસી ગયો. બાળકો પ્રત્યેની પરાપૂર્વથી ચાલી આવતી માન્યતાઓ પર પ્રહારો થવા લાગ્યા. બાળકના વ્યક્તિત્વની પ્રતિષ્ઠા સ્થપાઈ. સમજુ ને શિક્ષિત માબાપોનાં બાળકો પ્રત્યેનાં વલણોમાં ઝડપથી પરિવર્તન આવવા લાગ્યું. આ જેવી તેવી સિદ્ધિ નથી. જેવું કામ ગાંધીજીએ આ ગુલામ દેશના પ્રજાજીવનમાં નવી સ્ફૂર્તિ લાવવાનું કર્યું, તેવું જ કામ નાનકડા એવા બાલકેળવણીના ક્ષેત્રમાં ગિજુભાઈએ કરી બતાવ્યું.

આના જ એક ભાગરૂપે સ્વ. ગિજુભાઈએ બાળકો માટેના સાહિત્યનો મોટો ઘોધ વહાવ્યો. બાળવાર્તાઓના પાંચ ભાગ, બાલસાહિત્યમાળાની ૮૦ પુસ્તિકામાં બાલસાહિત્યગુચ્છનાં ૨૫ પુસ્તકો તેમની પાસેથી ઘોધમાર મળવા લાગ્યાં. ધણાનું લક્ષ્ય નથી ગયું તેવું કામ પણ તેમણે કર્યું છે. તેમણે શ્રી જુગતરામભાઈને સાથે રાખીને બાળકોને વાચનમાં પ્રવેશ કરાવવા માટેની નાની નાની પુસ્તિકાઓ – ચણીબોર, ચાલણગાડી, રાયણ, મોટીબેન આજે લગભગ અપ્રાપ્ય છે. પણ બાળકને અક્ષરજ્ઞાન આપવા માટે કક્કો બારાખડીની ચીલાચાલુ પદ્ધતિની સામે શબ્દો ને નાનાં નાનાં વાક્યોના પરિચયથી વાચનમાં પ્રવેશ કરાવવાની તેમણે પદ્ધતિ તૈયાર કરી આપી. પ્રૌઢોને વાંચતા કરવા માટે પણ આવી વાચનમાળા તેમણે

તૈયાર કરી હતી.

ગુજરાતી સાહિત્યના નવા યુગનાં દ્વારો આ રીતે ગિજુભાઈના અને તેમના સાથીઓના પુરુષાર્થથી ખૂલ્યાં. બીજી બાજુથી ગાંધીયુગમાં આપણા સમગ્ર રાષ્ટ્રનો કાયાકલ્પ થઈ રહ્યો હતો. એટલે આપણી નવોદિત પ્રતિભાઓએ સાહિત્યનાં અનેક ક્ષેત્રોને અજવાળવા માંડ્યાં. બાલસાહિત્યમાં પણ નવાં સર્જનો પ્રગટ થવા લાગ્યાં. કેટલાએક કવિલેખકો ગિજુભાઈના પ્રત્યક્ષ સહવાસની અસર નીચે પોતાની કૃતિઓ પ્રગટ કરવા લાગ્યા. સોમાભાઈ ભાવસાર તથા તેમના ભાઈ મૂળજીભાઈ ભક્ત, મોંઘીબેન, રામભાઈ પાઠક, હેમુભાઈ, શંકરભાઈ શાહ, વસંત નાયક વગેરેએ કાવ્ય, નાટક, વાર્તાઓ, પ્રસંગચિત્રો, પ્રવાસવર્ણનો વગેરેમાં નાનીમોટી રચનાઓ કરી. બાલમિત્ર, બાલજીવન, ગાંડીવ વગેરે બાલમાસિકોમાં પણ બાળકો માટે અત્યંત રસમય, ઉપયોગી અને તેમની કલ્પનાશક્તિને ને જિજ્ઞાસાને ઉત્તેજના આપે એવું પણ ઘણું પ્રગટ થવા લાગ્યું. 'કુમાર' 'કિશોર' માસિકોનો પણ આમાં ઘણો મોટો ફાળો હતો. આ બધી પ્રવૃત્તિઓને પ્રથમ ચાલના આપવાનું તથા તેનું ગૌરવ સાહિત્યમાં ને વાચકોમાં સ્થાપવાનું પ્રથમ પગલું ગિજુભાઈએ ભર્યું એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

છેલ્લી વાત. અત્યારે બાલસાહિત્યે જથ્થામાં, વિષયોની વિવિધતામાં, રંગરૂપમાં, વેચાણમાં ઘણો વિસ્તાર કર્યો છે. બીજી ભાષાઓમાંથી પણ ઘણું બાલસાહિત્ય આપણાં બાળકો માટે ઉપલબ્ધ થવા લાગ્યું છે. વાચકવર્ગ પણ વધ્યો છે. પણ તેમાં ગિજુભાઈના જીવન ને કવનમાંથી પ્રગટ થતી બાલપ્રેમની જ્યોતનો પ્રકાશ બહુ દેખાતો નથી. તેમાં અપવાદ નથી એવું પણ નથી, પણ આપણી આ ઊગતી પેઢીને આપણે આપણા જ્ઞાનવિજ્ઞાનનું, કલ્પનાનું, શબ્દકળાનું જે કંઈ ઉત્તમમાં ઉત્તમ છે, તે આપીને તેને રસથી ને આનંદથી તરબતર કરી દઈએ એવું ઉત્કટ વાત્સલ્ય ક્યારેય નથી. તે અત્યારના લેખકોમાં બિલકુલ નથી, એવું હું નથી માનતો પણ બાળકો કરતાં બન્નેરે આપણો કબ્જો કદાચ વધારે લીધો હશે. ગિજુભાઈના સમગ્ર બાલસાહિત્યનો જથ્થો આજે એક માતબર પ્રકાશક પાસે ૪૦ વરસ પહેલાં રૂ. ૧૦૦૦/-માં કોપીરાઈટ સાથે ખરીદાઈ ગયો હતો, તે આપણામાંથી ઘણા નહિ જાણતા હોય. ગિજુભાઈને

તેમના તે કાળના સાથીઓની નજરમાં બાળક હતું, બનર નહિ. તેનો અર્થ એવો નથી કે લેખકોએ બનરની કે પૈસાની પરવા ન કરવી પણ બેમાંથી પહેલું કોને મૂકવું તે પ્રશ્નનો જવાબ તો ગિજુભાઈના સ્પિરિટથી અપાવો જોઈએ, એમ હું માનું છું. ગિજુભાઈ કેવળ બાલસાહિત્યના લેખક ન હતા, પણ બાલસાહિત્યના નવા પ્રભાતના છડીદાર હતા. આ દૃષ્ટિએ પણ ગિજુભાઈના સાહિત્યનો અભ્યાસ આધુનિક લેખકોએ કરવાની જરૂર છે.

---

૨૨. આપણું બાળસાહિત્ય અને ગિજુભાઇ

શ્રદ્ધા ત્રિવેદી

ગુજરાતી બાળસાહિત્યનો પ્રારંભ આમ તો ઈ.સ. ૧૯મી સદીના પૂર્વાર્ધથી થયેલો ગણવામાં આવે છે. પણ તેના સમર્થ પુરસ્કર્તા તરીકે તો સદાય યાદ રહેશે ગિજુભાઇ (ગિરિજાશંકર ભગવાનજી બધેકા : જ. ઈ. ૧૮૮૫–અવ. ઈ. ૧૯૩૯). ગુજરાતી બાળસાહિત્યનો વિચાર કરીએ છીએ ત્યારે એક વાત એ સ્પષ્ટ દેખાઇ આવે છે કે તે અંગ્રેજીના સંપર્કે બાદનું, નવી કેળવણીના ઉદયનું જ ફળ છે. એક સાદી સરળ વ્યાખ્યાથી સમજીએ તો એમ કહી શકાય કે બાળકો જેને માણી શકે તેવું સાહિત્ય તે બાળસાહિત્ય. પણ બાળક સમજી શકે તેવી ભાષામાં, તેનાં અનુભવજગત અને કલ્પનાજગત સાથે સંબંધ ધરાવતું કે એવો સંબંધ ધરાવવાની ક્ષમતાવાળું વસ્તુ લઈ, તેના મનોગર્ભનું ઘડતર-પોષણ કરે ને મનોરંજન પણ કરે – જ્યાં બાળક કેન્દ્રમાં હોય અને ભાવક તરીકે રહેલા બાળકના મનને જ નજર સમક્ષ રાખીને લખાયું હોય એવું સાહિત્ય તે સાચું બાળસાહિત્ય – આવો સ્પષ્ટ અભિગમ એ અર્વાચીન યુગની નીપજ છે. આથી એમ કહી શકાય કે ગુજરાતી બાળસાહિત્યનો ઇતિહાસ વસ્તુતઃ ૧૯મી અને ૨૦મી સદીનો જ ઇતિહાસ છે.

ગુજરાતી બાળસાહિત્યના વિકાસપ્રચારમાં અનેક પરિબળોએ ભાગ ભજવ્યો છે, જેમાં કેળવણી મુખ્ય છે. કેળવણીવિષયક વિચારણા સમયે થયેલી જોવા મળે છે. ગુજરાતમાં ગાંધીજી અને ગિજુભાઈએ કેળવણીના ક્ષેત્રે આસ કરીને બાળઘડતરના સંદર્ભે પાયાની વિચારણા કરી છે. કેળવણીના કેન્દ્રમાં બાળક હોવો જોઈએ અને તેનો સર્વાંગી વિકાસ એ જ કેળવણીનો મુખ્ય હેતુ છે. આ કેળવણીને અમલમાં મૂકવા બાળસાહિત્ય અનિવાર્ય સાધન છે. આમ બાળકેળવણી અને બાળસાહિત્ય પરસ્પર ગાઢ રીતે સંકળાયેલાં છે. બાળકેળવણીના અનુસંધાને પાઠ્ય-પુસ્તકો અને ઇતરવાચનનું સાહિત્ય પૂરું પાડવાનો પ્રશ્ન એરણ ઉપર આવતાં, એમાંથી બાળકાવ્યો, બાળવાર્તાઓ–કથાઓ, બાળચરિત્રો, બાળ-

નાટકો, ઉખાણાં–જોડકણાં આદિ સર્જવા લાગ્યાં. ને આમ આપણે ત્યાં બાળસાહિત્યનો પ્રારંભ વાચનમાળાઓ નિમિત્તે થયો એમ કહી શકાય. જોકે ચોક્કસપણે પ્રારંભ કયારથી થયો હશે તે આંગળી મૂકીને કહી શકાય તેમ નથી. છતાંય એટલું જરૂર કહી શકાય કે મુદ્રણયંત્રના આરંભ સાથે, પત્રકારત્વના પ્રોત્સાહનથી, બાળકેળવણીના નિમિત્તે જ બાળસાહિત્યનો પ્રારંભ થયો હોય એમ લાગે છે. આ સાહિત્યે પ્રારંભમાં અંગ્રેજી, પછી સંસ્કૃત, પછી મરાઠી સાહિત્ય – સામગ્રીનાં રૂપાંતરો દ્વારા પોતાને ઊભું કર્યું છે – ટકાવ્યું છે. પછી લોકસાહિત્ય, પૌરાણિક સાહિત્ય, પંચતંત્ર-હિતોપદેશ અને પશ્ચિમના બાળસાહિત્યના અનુવાદ-રૂપાંતરથી પુષ્ટ થયું. ટૂંકમાં આપણા બાળસાહિત્યે પ્રારંભમાં રૂપાંતરાદિથી પોતાનું કામ ચલાવ્યું હતું.

આ બાળસાહિત્યના મુખ્ય પ્રભેદો છે બાળકાવ્યો, બાળવાર્તાઓ, અને બાળનાટક ચરિત્ર આદિ. ગિજુભાઈ આવ્યા તે પૂર્વેની આ ક્ષેત્રોની સ્થિતિનો પ્રથમ આછોપાતળો ખ્યાલ કરી લઈએ. બાળકાવ્ય ક્ષેત્રે જોઈએ તો ગિજુભાઈ આવ્યા ત્યાં સુધીમાં ગણતર સંખ્યામાં જ બાળકાવ્યો મળ્યાં છે. તે પહેલાં આપણા લોકસાહિત્ય પાસે જોકે ઉખાણાં-જોડકણાં કે કેટલાંક બાળગીતોનો વારસો હતો. વળી આપણા મધ્યકાલીન કવિઓએ રામ અને કૃષ્ણની બાળલીલાઓ નિમિત્તે બાળકાવ્યો આપ્યાં છે. હિંમતલાલ ગ. અંજરિયાએ 'મધુબિન્દુ'માં બાળકાવ્યોનો જે સંચય આપ્યો છે તે જોતાં આ સ્પષ્ટ થાય છે.

બાળવાર્તા–કથા ક્ષેત્રે ગિજુભાઈ પૂર્વે કેટલુંક સારું કામ થયેલું જોવા મળે છે. શ્રી મુનિકુમાર ભટ્ટના મતે બાળકો અને કિશોરો માટેનાં પુસ્તકો સૌથી પ્રથમ રાજકોટના નાગરદાસ મૂળજી ધ્રુવે (૧) પ્રગટ કરેલાં અનુવાદ રૂપે. જ્યારે બીજા મતે બર્કવીનના–'Children's Friend'ના અનુવાદ રૂપે મળેલું પુસ્તક 'બાલમિત્ર' (ભા. ૧–૧૮૩૧)ને 'પ્રથમ શુદ્ધ બાળભોગ્ય રચના' લેખવામાં આવે છે. આ સિવાય પણ કથાક્ષેત્રે નોંધપાત્ર કૃતિઓ મળી છે જેમાં 'કેટલીક ડાહ્યલીની વાતોનું ભાષાંતર' (૧૮૨૬), પંચતંત્ર હિતોપદેશનાં કેટલાંક નોંધપાત્ર ભાષાંતરો-રૂપાંતરો, ઇસપની કથાઓનાં ભાષાંતરો-રૂપાંતરો, અરેબિયન નાઈટસની કથાઓનાં રૂપાંતર-ભાષાંતર, સિંદબાદ અને ગુલીવરની મુસાફરીની કથાઓ આદિનો

સમાવેશ થાય. ગિજુભાઈ આવ્યા તે પૂર્વે શામળ દ્વારા ચાલુ રહેલી બત્રીસપુતળી અને વૈતાળ પચીસીની કથાઓ પણ બાળકોને મળતી રહી છે. આ બધાં રૂપાંતરો-અનુવાદોમાં શંગારગૌરી દ્વારા થયેલું. 'Chamber's short stories'નું 'ટૂંકી કહાંણીઓ' (૧૮૮૧) રૂપાંતર નોંધપાત્ર સ્થાન ધરાવે છે. આ બધાં સાથે અકબરબિરબલના નિમિત્તે વિનોદ-ચાતુરીપૂર્ણ કથાઓનો પ્રવાહ પણ ચાલુ રહેલો મળે છે. મંછારામ ઘેલાભાઈ 'મૂરખો' અને 'ચતુરસિંગ'માં વિનોદાત્મક અને હાસ્યરસાત્મક કથાઓ આપે છે. ધરછારામ સૂ. દેસાઈ 'Evening at Home'નું 'બાળકોનો આનંદ'માં ભાષાંતર કરી વ્યવહારજ્ઞાન સાથે આત્મિક ઉન્નતિ અને ચારિત્ર્યઘડતરની કથાઓ આપે છે જેમાં સંવાદનું તત્ત્વ પ્રાધાન્ય ભોગવે છે. શારદાબહેન મહેતા પૌરાણિક વારસો બાળકો સમક્ષ રજૂ કરે છે પૌરાણિકથાઓ આપીને. જયસુખલાલ જોષીપુરા 'અલકાનો અદ્‌ભુત પ્રવાસ' નામે રચના 'Allice in the wonderland'ના રૂપાંતર રૂપે આપે છે અને બાળકની મનોસૃષ્ટિને રજૂ કરે છે. પણ વિપુલતાની દૃષ્ટિએ તો નોંધપાત્ર બની રહે છે શ્રી હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા. 'ટચૂકડી સો વાતો'ના પાંચ સંગ્રહોમાં ઐતિહાસિક કથાઓ, જૈન-જૈનેતર પ્રાચીન સાહિત્યની વાતો, ભાટ-ચારણાદિ પાસેથી મેળવેલી વાતો અહીં તેઓ રજૂ કરે છે. આમ કથાક્ષેત્રે જોઈએ તો રસવૈવિધ્ય તો ગિજુભાઈ પૂર્વે આવી ગયું હતું.

બાળકાવ્ય અને બાળકથાના મુકાબલે બાળનાટકો અને બાળચરિત્રોના ક્ષેત્રો ખૂબ નબળાં માલૂમ પડે છે. ગિજુભાઈ અને જુગતરામભાઈએ જ સારાં ભજવવા યોગ્ય નાટકો આપ્યાં છે એમ જણાય છે. ચરિત્રક્ષેત્રે પણ ખાસ આનંદદાયક સ્થિતિ નથી. પ્રાણલાલ મથુરદાસ અને આનંદ-રાવ ચાંપાજી પાસેથી અનુવાદરૂપે મળેલો 'કોલંબસનો વૃત્તાંત' (૧૮૩૯) અને મહાશંકર વિ. લલ્લુભાઈ ભટ્ટ ઉર્ફે મહેશ્વર શર્માકૃત 'સાવિત્રી ચરિત્ર' ઉલ્લેખનીય છે.

આમ ગિજુભાઈ ગુજરાતી બાળસાહિત્યમાં પ્રવેશ્યા ત્યાં સુધીમાં ભાષાંતર-રૂપાંતર-સંચયન દ્વારા બાળસાહિત્યનો સંગીન પાયો નંખાઈ ચૂકયો હતો. એમાંય બાળકથાઓના ક્ષેત્રે રસ અને વિષયવૈવિધ્ય પણ હતું.

આમ છતાં 'આપણું બાળસાહિત્ય અત્યારે બહુ જ નિર્ધન અવસ્થામાં છે'[૨] તેવી ઈ.સ. ૧૯૨૦માં રજૂ થયેલી ફરિયાદમાં તથ્ય પણ હતું. દેખીતું એક કારણ એ લાગે છે કે તે વખતે અર્વાચીન બાળસાહિત્યની વિભાવનાને ધ્યાનમાં રાખી ઝાઝું બાળસાહિત્ય ઉપલબ્ધ નહોતું. જે રચાયેલું હતું તેનું પ્રમાણ નહીંવત્ જ લેખાય. વળી ઠીક ઠીક પરોપજીવી હતું. બાળમાનસ અને શુદ્ધ કલાદૃષ્ટિ – આ બંનેને ધ્યાનમાં રાખી લખાયેલું સાહિત્ય પ્રમાણમાં બહુ ઓછું હતું. બાળસાહિત્ય એટલે શું? તેની સમજ પણ જોઈએ તેવી સ્પષ્ટ નહોતી, ત્યાં બાળસાહિત્યના સંગીન વિકાસની તો આશા જ કયાંથી રહે? મોટા ભાગે ઉપદેશપ્રધાન–બોધ-પ્રધાન સાહિત્યથી જ સંતોષ મનાતો હતો. બાળકને નીતિબોધ આપવામાં જ ઇતિશ્રી ગણાતી હતી. ગિજુભાઈનું કાર્ય આ પરિસ્થિતિના સંદર્ભમાં જ જોવું-તપાસવું જોઈએ. તો જ તેને યોગ્ય ન્યાય આપી શકાય.

ગિજુભાઈ બાળસાહિત્યમાં પ્રવેશ્યા તે અરસામાં જ ગાંધીજીનો પણ ભારતના રાજકીય જીવનમાં પ્રવેશ થયો હતો. ગાંધીજીના પ્રવેશથી સાંસ્કૃતિક પરિવર્તનો શરૂ થયાં હતાં. સાથે સાથે કેળવણી ક્ષેત્રે વિદેશમાં ને દેશમાં પાયાની વિચારણાઓ ચાલતી હતી. શિક્ષણપ્રથામાં બાળકની થતી અવહેલનાએ ગિજુભાઈ જેવાને બાળકેળવણીની દિશામાં મૂળભૂત રીતે વિચાર કરવા પ્રેર્યા. એ અરસામાં ઈ.સ. ૧૯૧૩માં તેમને ત્યાં પુત્ર નરેન્દ્રનો જન્મ થયો, જેણે તેમને ગુજરાતભરનાં બાળકોના પિતા બનાવ્યા. પોતાના બાળકને સારામાં સારી કેળવણી કઈ રીતે આપવી તેના મનોમંથનના પરિણામે તે 'બાળસાહિત્યના બ્રહ્મા' બન્યા. બાળકેન્દ્રી કેળવણી અને બાળમનને રુચે–ઘડે–વિકસાવે તેવા સાહિત્યની જરૂરિયાત તેમણે જોઈ. આ બધાંના પરિણામે બાળકેળવણીશાસ્ત્રી ગિજુભાઈ અને બાળસાહિત્યકાર ગિજુભાઈ આપણને મળ્યા. એક સ્થળે તેમણે લખ્યું છે: 'જેઓ ચોપડા વાંચીને જ જ્ઞાન લેવાની મુરાદ રાખે છે તેઓ મહેતાજી થશે. જેઓ બાળકને વાંચીને જ્ઞાન મેળવશે તેઓ કેળવણીશાસ્ત્રી થશે.'[૩] ગિજુભાઈ આ અર્થમાં કેળવણીશાસ્ત્રી બની રહ્યા.

ગિજુભાઈ પૂર્વે ગુજરાતી ભાષામાં આપણે આગળ જોયું તેમ બાળ-સાહિત્ય હતું તો ખરું, પણ બાળમનને કેન્દ્રમાં રાખી, બાળકને સ્વમાંથી સર્વ તરફ દોરી જતું અને તેના વ્યક્તિત્વનું સાચું ઘડતર કરનારું–

એના વ્યક્તિત્વને સમજી, તેને સાનુકૂળ એવું ધ્યેયનિષ્ઠ સાહિત્ય ગિજુભાઈએ 'દક્ષિણામૂર્તિ' સંસ્થા નિમિત્તે આપ્યું – જે ગુજરાતી બાળસાહિત્ય માટે સીમાવર્તી ઘટના ગણાય.

ગિજુભાઈએ બાળકેળવણી અને બાળસાહિત્યને પોતાનું જીવનકાર્ય બનાવ્યું. આના અનુષંગે તેમણે અનેક પ્રયોગો કર્યા. આ પ્રયોગોમાંથી તેઓ ઘણું શીખ્યા. અનુભવોને આધારે પોતે જે શીખ્યા તેમાંથી જ તેમણે બાળકો માટે સાહિત્ય રચ્યું અને સાથે સાથે તેમણે બાળકોના વાલીઓને–માતાપિતાને, શિક્ષકોને અને સમાજના બૌદ્ધિકવર્ગને પણ બાળકના ઘડતર-વિકાસ માટે સભાન અને સક્રિય કરવા પુરુષાર્થ કર્યો. શિક્ષણ કેવું જોઈએ તેના પ્રયોગો કર્યા અને બાળસાહિત્ય કેવું હોવું જોઈએ તેના નમૂનાઓ રચી બતાવ્યા. 'દક્ષિણામૂર્તિ' સંસ્થાએ તેમને આ કરવા મોકળી અને વિશાળ ભૂમિકા પૂરી પાડી. નાનાભાઈ, જુગતરામ, મૂળશંકરભાઈ, તારાબેન આદિ અનેકોના સથવારે બાળકોને પથ્ય એવું વિપુલ પ્રમાણમાં બાળસાહિત્ય આપી તેમણે એની ઊણપ ટાળવાના પ્રયત્નો કર્યા; પોતે તો લખ્યું સાથે બીજાઓ પાસે પણ લખાવ્યું.

ગિજુભાઈએ બાળકેળવણી વિશે કેટલીક પાયાની મહત્ત્વની વાતો કહી. બાળકોને પણ મોટેરાં જેવું સ્વમાન હોય છે. તેનામાં રહેલી શક્તિઓનું મૂલ્ય જરાય ઓછું ન આંકવું જોઈએ. આપણે તો માત્ર તેનો વિકાસ થાય તેવી મોકળાશ આપવી જોઈએ અને તેવું વાતાવરણ ઊભું કરવું જોઈએ. ટૂંકમાં, જીવનલક્ષી અને સર્વાંગીણ બાળકેળવણીને લક્ષમાં રાખવી જોઈએ. આમ તે જરૂરિયાતને પહોંચી વળતું બાળસાહિત્ય તે 'દક્ષિણામૂર્તિ' દ્વારા તબક્કાવાર સતત આપતા રહ્યા. આથી એમ કહી શકાય કે 'દક્ષિણામૂર્તિ' દ્વારા તેમણે જે વિપુલ બાળસાહિત્ય આપ્યું તેનાં મૂળમાં બાળકેળવણી જ કારણભૂત છે. સાહિત્યકાર ગિજુભાઈના ઘડતરમાં કેળવણીકાર ગિજુભાઈનો ફાળો ખૂબ છે. ગિજુભાઈ કેળવણીકાર કે શિક્ષક ન હોત તો એ બાળસાહિત્યના સર્જક-ચિંતક પણ ન હોત. ગિજુભાઈએ આપેલા આ વિપુલ બાળસાહિત્યમાં બોધ છે, જ્ઞાન છે, મનોરંજન છે - આનંદ છે. વળી એમાં કલ્પનાના અવનવા પ્રદેશોમાં મુક્ત ઉડ્ડયન-વિહાર પણ છે. બાળકને ઘરમાં, ઘરમાંથી આંગણામાં, આંગણામાંથી શેરીમાં - એમ ક્રમશઃ બહારની વધુ ને વધુ વિશાળ અને સંકુલ દુનિયામાં સંભાળ ને સ્નેહપૂર્વક, આનંદોલ્લાસથી લઈ જવાનો એમનો ઉપક્રમ

બાળસાહિત્યમાં દૃષ્ટિગોચર થાય છે. તેમની ગ્રંથમાળાઓ આ દૃષ્ટિએ જોઈએ તો ખૂબ સાર્થક નીવડે એવી છે. બાળકને આસપાસની પરિસ્થિતિથી વાકેફ કરી તેની સાથે તેને જોડવામાં આવે છે. અહીં તેને ભાષાનું જ્ઞાન પણ આપવામાં આવે છે. અને સાથે સાથે તેનામાં રહેલી શક્તિઓને તે કાર્યમાં સાકાર કરે તેમ પણ કરવામાં આવે છે. ટૂંકમાં એમ કહી શકાય કે માત્ર બોધ–જ્ઞાનના ભાર તળે દટાતા બાળકને, તેમાંથી બહાર કાઢી, મુક્ત મને તે વિકસી શકે તેવી પરિસ્થિતિ નિર્માણ કરવાનો તેમનો સફળ પ્રયત્ન બાળસાહિત્યમાં ડોકાય છે. આ બાળકેળવણી અને બાળસાહિત્યના વિકાસ વિસ્તાર પાછળ એમની આત્મસૂઝ અને દૂરંદેશીપણું પણ દેખાય છે. 'દક્ષિણામૂર્તિ'ની ગ્રંથમાળાઓએ અને લોકસાહિત્યમાંથી તેમણે ભેગી કરેલી વાર્તાઓએ આપણા બાળસાહિત્યના વિકાસની નવી શક્યતાઓ અને નવી દિશાઓ ખોલી આપી. ઈ. સ. ૧૯૨૧થી ૧૯૪૦ દરમ્યાન પ્રગટ થયેલા આ સાહિત્યથી ગુજરાતી બાળસાહિત્ય સમૃદ્ધ બન્યું. જો કે આ જ ગાળા દરમ્યાન 'ગાંડીવ' દ્વારા પણ ઠીક ઠીક સત્ત્વશીલ બાળસાહિત્ય પ્રગટતું હતું. 'દક્ષિણામૂર્તિ' અને 'ગાંડીવ' – આ બે સંસ્થાના સત્ત્વશીલ બાળસાહિત્યને કારણે ૨૦મી સદીનો ત્રીજો અને ચોથો દાયકો ગુજરાતી બાળસાહિત્યનો સુવર્ણકાળ – સમૃદ્ધિનો કાળ બની રહે છે.

ગિજુભાઈએ આપેલા બાળસાહિત્યમાં વિષયવૈવિધ્ય અને સ્વરૂપવૈવિધ્ય તો છે જ, પણ સાથે સાથે તેની બાળભોગ્યતા પણ એટલી જ ધ્યાનાર્હ છે. તેમણે કથાઓ, કાવ્યો, ચરિત્રો અને નાટકો તો આપ્યાં છે સાથે પત્રસ્વરૂપ પણ આપ્યું છે. 'દક્ષિણામૂર્તિ'ની ગ્રંથમાળાઓ અને ઇતર સાહિત્યજીવનના તમામ પાસાંને સ્પર્શવાનો પ્રયત્ન કરે છે – બાળમાનસને લાગેવળગે છે ત્યાં સુધી. તેમાં પ્રવાસની વાત છે, કહેવત-ઉખાણા ને જોડકણાં છે ને તેમાં મધ્યકાલીન કવિઓની કાવ્યપ્રસાદી પણ છે. તેમાં હસવા-હસાવવાની આખી ગ્રંથમાળા છે. તો 'ચેલૈયો' જેવી કરુણરસની કથા પણ છે. આમ છતાં બાળકો માટે જ લખવાનું છે, એવા સ્પષ્ટ ખ્યાલથી જ એમણે લખ્યું છે. આથી તેમણે કથાનકો માટે લોકસાહિત્ય, ઇતિહાસ પુરાણ કે વિદેશી સાહિત્યસામગ્રીનો આધાર લીધો હોવા છતાં, તેને યથાતથ ન મૂકી દેતાં, ગુજરાતી બાળક ભોગવી શકે તે માટે જરૂરી ફેરફારો કર્યા છે. એટલે કે રૂપાંતરની પ્રક્રિયાનો પૂરો લાભ લીધો છે. આથી, તેમની-

વાર્તાઓ બાળકો આજે પણ ખૂબ જ પ્રેમથી વાંચે છે – માણે છે. કેટલીક લોકકથાઓને ગિજુભાઈની રૂપાંતરકલાનો એવો તો લાભ મળ્યો છે કે તે ગિજુભાઈની વાર્તાઓ તરીકે, વધુ લોકપ્રિય કે બાળપ્રિય બની ગઈ છે. લોકસાહિત્ય તેમની મોટાભાગની વાર્તાઓની ગંગોત્રી છે, પણ તેનું બાળ-ભોગ્ય રૂપાંતર ગિજુભાઈને હાથે થયું હોવાથી તે ગિજુભાઈની વાર્તાઓ તરીકે પ્રચલિત થઈ ગઈ છે.

આ વાર્તાઓને બાળપ્રિય બનાવવામાં ગિજુભાઈના કવિત્વનો પણ ફાળો છે. કેટલીક વાર્તાઓ તો સંપૂર્ણ પદ્ય રૂપે જ મળી છે. તેમાંનાં જોડકણાં અને પદ્યપંક્તિથી જ ઘટનાઓનું જળવાતું સાતત્ય કે પુનરાવર્તન – આ બે તત્ત્વોથી ઘણી વાર્તાઓને બાળકો રમતા રમતાં કંઠસ્થ કરી લે તેવી થઈ છે. તે સાથે સાથે પદ્યપંક્તિઓ કે તેમાંની ઘટનાઓ (જેમકે 'આનંદી કાગડો' કે 'વાણિયા બદ્ધણિયા')થી કથાઓ વ્યવહારજીવનનો સ્પર્શ ધરાવે છે તેમ જ બાળકોને જીવનના કેટલાક મૂલ્યોનો બોધ પણ કરાવે છે. તેમનો બાળપ્રેમ, 'ભટુરિયા' જેવી કથામાં રાખને બે હતી કરી બાળકને બચાવવા સુધી પહોંચી જાય જેવી ઘટના દ્વારા વ્યક્ત થાય છે. તેમ જ બાળવાર્તાકાર તરીકેની ગિજુભાઈની વાર્તાકલાનો પણ પરિચય થાય છે.

આ કથાઓમાં બોધનો ભાર નથી, છતાંય બાળક સ્વસમજશક્તિથી તેમાં રહેલા સારાનરસાનો ભેદ સમજી શકે તેવી એની રજૂઆત તો છે જ. હેતભાવ ધરીને લેખક બોધ આપે છે પણ તે વાર્તાકલાને એટલું જ જ મહત્ત્વ આપીને. બીજું, ગિજુભાઈ પૂર્વે પણ બાળકાવ્યો કે બાળકથાઓ હતાં. તેના કરતાં તેમનાં કાવ્યો કે કથાઓમાં જે મહત્ત્વનો મુદ્દો ધ્યાન ખેંચે છે તે વયાનુસારી સમજશક્તિના વિકાસ પ્રમાણેની રજૂઆત. બાળકને કેન્દ્રમાં રાખવું, તેના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરીને ચાલવું, તેના પર બોધનો ભાર ન નંખાય તેનું તો ખાસ ધ્યાન રાખવું ને આ સાથે તેને આનંદ તો મળવો જોઈએ – આ બધી બાબતોને લક્ષમાં રાખી, તેઓ સમજી શકે તેવી જ રીતે તેમને જગત સાથે સાંકળવા – આ રીતે તેમણે બાળકો માટે સાહિત્ય સર્જ્યું. આથી જ નાનાં બાળકોની જેમ જ કિશોરાવસ્થાએ પહોંચેલાં બાળકો અને કિશોરો પણ તેમની સર્જનશક્તિનો લાભ મેળવી શક્યાં છે.

ગિજુભાઈએ જે કાંઈ સાહિત્ય બાળકો પાસે રજૂ કર્યું છે તેમાં લોકસાહિત્યનો ઉપયોગ ભરપૂર કર્યો છે. આમ છતાંય તે બાળકો માણી શકે એ માટે જે કાંઈ કરવું પડે તે બધું જ તેમણે કર્યું છે. બાળકની કલ્પના-સૃષ્ટિ અને અનુભવસૃષ્ટિને સતત ધ્યાનમાં રાખી છે સાથે સાથે માનવ-હૃદયના સૂક્ષ્મતમ ભાવોથી તેને ભરી દીધું છે. તેમની કેટલી કથાઓને અત્રે એ રીતે યાદ કરીશું ? ને આ બધું છે તો સાથે સાથે તેમની બાળકથા-ઓમાં ઘટનાક્રમ અને ઘટનાસંખ્યા પણ બાળમનને ધ્યાનમાં રાખી રજૂ કર્યા છે. વળી પ્રાસયુક્ત પદ્યરચના અને જોડકણાં – આ બે તત્ત્વને લીધે તમની બાળકથા લોકપ્રિય બની તે તો ખરું જ. કયારેક તો કથાતત્ત્વ કરતાં પણ લયતત્ત્વ પર તે વધુ ભાર મૂકે છે. કથનગત અર્થસભરતા કે તર્કબદ્ધતા કરતાં કથનરીતિ, લયાત્મકતા અને ચિત્રાત્મકતા – આ બધાં પર સવિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. તેનું કારણ બાળમન તેમની નજરમાં હતું તે છે. ક્રમશઃ તેમની કથાઓ ગદ્યપ્રધાન બને છે તે પણ એટલું જ નોંધપાત્ર છે. આ કથાઓ મનોરંજનના ભોગે બોધ નથી આપતી અને છતાંય બાળકને અવશ્ય કંઈક સમજાવતી જાય છે. બાળકની આસપાસનાં જ પશુ-પંખી વિષયક કથાઓ સવિશેષ હોવાથી બાળકને આત્મીયતાનો અનુભવ પણ કરાવે છે. તો અહીં સામાજિક કથાઓ પણ છે, જે તેને વાસ્તવિક દુનિયાની સારી-નરસી હકીકતોથી પણ વાકેફ કરે છે. આ બધી વસ્તુ તેના વ્યક્તિત્વને નક્કર રીતે ઘડવામાં મદદ કરે છે.

ગિજુભાઈએ બાળકોને લગતાં અનેક પાસાંઓને માટેની ગ્રંથમાળાઓ આપી બાળકને અનેકવિધ વિષયોમાં રસ લેતાં અને કાર્ય કરતાં કર્યાં, બાળવાર્તાઓ આપી તેમને સંતોષ્યા, તો સાથે સાથે 'વાર્તાનું શાસ્ત્ર' પણ રચી આપ્યું. વાર્તાકળાનાં અનેક પાસાંઓની તેમાં શાસ્ત્રીય છણાવટ કરી છે. આમ, તે માત્ર વાર્તાઓ લખીને જ અટક્યા નથી, પણ તે કેવી રીતે કહેવી, તેમાં શું ન કહેવું, તે કયારે કહેવી, તેના કેટલા પ્રકારો પડી શકે, નીતિતત્ત્વ કે નાટક સાથે તે કેવી રીતે જોડાયેલી છે – આદિ વિશે પણ ખૂબ ઝીણવટથી વિચાર કર્યો છે.

આમ, ગિજુભાઈ પૂર્વે જે બાળસાહિત્ય ઉપલબ્ધ થયું છે તેને નજર સમક્ષ રાખીને ગિજુભાઈના પ્રદાનને જોઈએ તો એ સ્પષ્ટ થાય છે કે ગુજરાતી સાહિત્યમા બાળસાહિત્યને સાચું સ્થાન અપાવનાર તરીકેનું શ્રેય તેમને ફાળે જાય છે. ગિજુભાઈ પછી પણ બાળસાહિત્ય ક્ષેત્રે સતત વિકાસ-

પ્રચાર થતો રહ્યો છે. મુદ્રણકલાની પ્રગતિ, ચિત્રકલાના સાથથી, દૃશ્ય-શ્રાવ્ય સાધનોને લીધે બાળસાહિત્યે પણ અનેક રીતે સમૃદ્ધિ પ્રાપ્ત કરી છે. અનેક પ્રતિભાશાળી સર્જકોએ તેને સમૃદ્ધ કરવામાં પોતાનો ફાળો આપ્યો છે. છતાંય ગિજુભાઈએ 'દક્ષિણામૂર્તિ' નિમિત્તે આપેલી ગ્રંથમાળાઓ આજે પણ બાળઘડતર માટે એટલી જ ઉપયોગી રહે છે. તેમની બાળવાર્તાઓ બાળકોને આનંદ આપતી રહી છે અને બાળવાર્તા વિષયકની તેમની વિચારણા આજે પણ પ્રમાણભૂત ગણાય છે, જે ગુજરાતી બાળસાહિત્યમાં તેમના ઊંચા સ્થાનને અક્ષત ટકાવી રાખે છે.

પાદટીપ

૧. ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ, કાર્યવાહી : સને ૧૯૪૪–૪૫, 'લલિતેતર 'વાડ્મય' – શ્રી મુનિકુમાર મ. ભટ્ટ, પૃ. ૪૪.

૨. (તા. ૨, ૩ અને ૪ એપ્રિલ ૧૯૨૦ના રોજ મળેલા) છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ અને નિબંધસંગ્રહ, ઈ. ૧૯૨૩, 'બાળ-સાહિત્ય, કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈ, પૃ. ૭૬.

૩. 'ગુજરાત' વર્ષ ૨૬, અંક ૩૬, તા. ૧૦થી ૧૬ જાન્યુ. '૮૬, પૃ. ૩૦.

૨૩. બાલસાહિત્યની ભાષા : 'આંખે અચરજ ને કાને કૌતુક'

રમેશ ર. દવે

આ લેખ માટેના સ્વાધ્યાયના આરંભે જ યશવંત દોશીનું વિધાન "બાલસાહિત્યની ભાષા કેવી હોવી જોઈએ એ વિશે ઊંડાણથી વિશ્લેષણની પદ્ધતિએ, ગુજરાતીમાં બહુ વિચારાયું નથી' વાંચ્યું અને એની યથાર્થતાની તપાસના ખ્યાલ સાથે મળ્યા તેટલા સંદર્ભો ચીવટપૂર્વક જોયા. માત્ર હિમ્મતલાલ ગણેશજી અંજરિયાના અપવાદ સિવાય, દોશી કહે છે એ મુજબ આ દિશામાં નોંધપાત્ર કામ કરનાર કોઈ ન મળ્યું. આ સ્થિતિ શોચનીય ગણાય. અંજરિયાએ પણ દિશાસૂચન માત્ર કર્યું છે. તેઓ લખે છે : 'બાળકો માટેના કાવ્યની ભાષા બને તેટલી ઘરગથ્થુ અને બાળભાષણને બને તેટલી અનુસરતી હોવી જોઈએ – બાસ સહેલી તો હોવી જ જોઈએ, અને મધુરતાથી તો ભરેલી જ હોવી જોઈએ.'

ઉપર્યુક્ત વિધાનમાં બાલકાવ્યની ભાષા માટે વપરાયેલાં વિશેષણો 'ઘરગથ્થુ', 'સહેલી' અને 'મધુર' માત્ર બાલકાવ્યની ભાષાને માટે જ નહીં, સમગ્ર બાલસાહિત્યની ભાષાને માટે અનિવાર્ય બને છે. સૂચિત વિશેષણો દ્વારા ઘર, આંગણ અને શેરીની દુનિયામાં વપરાતી બાળકોને માટે પરિચિત ભાષા એવો નિર્દેશ મળે છે. કારણકે સહેલું અને અઘરું એ તો આખરે પરિચિત અને અપરિચિત સાથે સંદર્ભાતાં સાપેક્ષ વિશેષણો છે. ટૂંકમાં, અંજરિયા અનુસાર બાલસાહિત્યની ભાષા તેના વાચક-(બાલ)વર્ગના વયજૂથના વાક્‌વ્યવહારોમાં પ્રયોજાતાં શબ્દો, વાકયો અને લઢણોમાંથી નીપજી આવતી હોય તેમ જ તે મધુર હોય તે હિતાવહ છે. પણ આટલું પૂરતું નથી. બાલસાહિત્યની ભાષા પદ્યાત્મકતા, પ્રવાહિતા, લયબદ્ધતા, રવાનુકારિતા અને પ્રાસાદિકતા વડે સર્જાતા માધુર્યથી સમૃદ્ધ

હોય અને બોલીમાંની પ્રાદેશિકતાના વિકલ્પે ભાષાના સર્વસુલભ માન્ય રૂપની નજીક હોય તે પણ જરૂરી છે. વળી સામાસિક શબ્દપ્રયોગો, લાંબાં મિશ્ર વાક્યો અને એવા પેરેગ્રાફને બદલે બાળકોને કહેવાની વાત પરિચિત શબ્દપ્રયોગો, ટૂંકાં અને સાદાં વાક્યો તેમજ મુદ્દાસર આવતા પેરેગ્રાફમાં કહેવાય તે આવશ્યક છે.

સૂતી વખતે હાલરડાં અને નહાતી-ખાતી વેળાએ સાંભળેલાં જોડકણાંથી કેળવાયેલા બાળકનો કાન વય વધતાંની સાથે, દાદા-દાદી કે નાના-નાની દ્વારા થતાં બાલવાર્તા કે બાલકાવ્યોના વાચન સમયે સૌ પ્રથમ ગદ્યનો પરિચય પામે છે. યશવંત દોશીએ બાળકના મનની આ સ્થિતિનું સરસ નિદાન કર્યું છે : 'બાળકને ભાષાનો પહેલાં પરિચય ગદ્યથી નહિ પણ પદ્યથી થાય છે. અને એ યોગ્ય છે...એટલે લય, ધ્વનિ, સ્વરમાધુર્ય એ બધાંનો અનુભવ તો બાળકને થવા માંડ્યો જ હોય છે. પણ આ પછી ગદ્યને માર્ગે ચઢતાં એને શિખર પરથી ખીણમાં પટકાયાનો અનુભવ ન થાય એ જોવાનું કામ બાલસાહિત્યકારોનું છે.'[૧]

આ શી રીતે થઈ શકે ? પ્રશ્નની સાથે જ ગિજુભાઈએ રચેલી બાલવાર્તાઓનું સ્મરણ થઈ આવે છે. મૂળે પાંચ ભાગોમાં વિભાજિત એ વાર્તાઓનું પછીની આવૃત્તિ વેળાએ તારાબહેન મોડકે કરેલું પુનર્વિભાજન બાળકની સૂચિત મનોદશાને લક્ષ્યમાં રાખીને થયેલું છે. આ રીતે થયેલા નવા વિભાજનમાં પ્રથમ ભાગમાં જોડકણારૂપે લખાયેલ અથવા મોટે ભાગે જોડકણાથી વિકાસ પામતી 'કહાણી કહું કૈયા', 'કૂકડી પડી રંગમાં' અને 'પાલીમાં પાંચ ઊંદરડા' જેવી અર્થબોધકતાની દૃષ્ટિએ મોંમાથા વિનાની (નોન્સેન્સિકલ) પદ્યાત્મક વાર્તાઓ છે. એમાં આવતાં –

કૂકડી પડી રંગમાં, કૂકડો શોક ઢંગમાં,
પીપળ પાન ખર્યાં, ભેંશશીંગ પડ્યાં.
નદી નપાણી, કોયલ કાણી.

–જેવાં પદ્યોમાંની પ્રાસયોજનાથી સર્જાતી પ્રવાહિતા અને માધુર્ય એ વાર્તાઓને શિશુજીભે રમતી કરી દે છે. આવી જ એક વાર્તા છે, 'કાગે મારું મોતી લીધું'. એમાં પણ કાગડે ખૂંચવી લીધેલ મોતી મેળવવા કાબરબેન વિવિધ વ્યક્તિઓ

---

૧. 'ગ્રંથ' ઓક્ટો. ૧૯૬૮; પૃ. ૧૪ 'વિવેચનની એક બંધ દિશા', યશવંત દોશી

પાસે ફરિયાદ કરીને મદદ મેળવવા મથે છે. કામરની એ પદ્યદેહી ફરિયાદોમાં વ્યક્તિદીઠ એક એક ચરણ ઉમેરાતું રહે છે અને વાર્તા પૂરી થાય એ પહેલાં બાળકને એક સરસ જોડકણું કંઠસ્થ થઈ જાય છે, જેનો સામૂહિક થતો પાઠ મનને મોહી લેતો હોય છે. આ રીતે કહેવાતી-સંભળાતી બાલ-વાર્તાઓ વડે બાળકની સ્મરણશક્તિ તો કેળવાય જ છે; સાથોસાથ જોડકણા ઉપરાંત વાર્તાના ગદ્યઅંશોનું, વાર્તાના મૂળ વસ્તુને વફાદાર રહી પોતાની સર્જનશક્તિ અનુસાર પુનર્સર્જન કરી લે છે, અને એમ થતાં બાળકની સર્જનશક્તિ પણ વિકસે છે.

પણ બાળકના વિકાસની સાથે તેને આવાં પદ્યો અને જોડકણાં સુધી સીમિત ન રાખતાં ગદ્યનો પરિચય કરાવવો જરૂરી બને છે. અલબત્ત, એમનું આવું સ્થિત્યંતર પણ કાળજીપૂર્વક થવું જોઈએ. એ માટે જોડકણાં અને પદ્યોનો સાથ છોડીને ગદ્ય કને આવતા બાળકને પદ્યરંગી – પદ્યગંધી ગદ્યની મદદ મળે તે જરૂરી છે. ગિજુભાઈની 'ડોશી અને તેના દીકરા' વાર્તામાં આવું પદ્યગંધી ગદ્ય મળે છે. એક ડોશીને એનો દીકરો પોતાના ભાઈઓ અને બાળા શી રીતે મૃત્યુ પામ્યાં એનો હિસાબ એ વાર્તામાં ડોશીના સવાલો અને દીકરાના ઉત્તરો રૂપે સધાતા સંવાદમાં આમ અપાયો છે :

ડોશી : કરને વીહા વાત
દીકરો : માડી ! ગઢે / કોઠે દાબ્યા સાત
ડોશી : મેર, મુઆ મદ્દી
દીકરો : મારી ! નવ તાણી ગઈ નદી.
ડોશી : અરરર !
દીકરો : માડી ! ત્રણને થઈ ગ્યું ટરરર !
ડોશી : હેં હેં ?
દીકરો : માડી ! બેને દાબ્યા ભેંહે !
ડોશી : ઓહોહો !
દીકરો : પછી એક મૂઓ ડોહો
ડોશી : અરેરેરે !
દીકરો : અને હું એક આવ્યો ઘેરે !

અહીં પ્રાસ છે, રવાનુકારિતા પણ છે ને છતાં એ બન્ને પદ્યના વિકલ્પે ગદ્યમાં સિદ્ધ થયાં છે. એક વધુ દૃષ્ટાંત તપાસીએ. ગિજુભાઈ-રચિત બાલસાહિત્યમાળાની એંશી પુસ્તિકાઓ પૈકી 'શેરીમાં' શેરીની એક વિરલ પળ આમ તાદૃશ થાય છે : 'મૂરખ ગધેડું ને નવરાં છોકરાં : શેરી આખી દોડમદોડ !' વળી શેરીમાં કોણ કોણ વસે છે એની વાત પણ પદ્યની પાસે બેસીને કરાઈ છે : 'પાંચમાં પુછાય એવા પૂંજીજી હોય ને ગાંડામાં ખપે એવા ગગજીયે હોય.' અહીં 'ગાંડામાં **ગણાય** એવા ગગજી' લખીને ગકાર દ્વારા સધાતી વર્ણસગાઈનો અતિરેક સંયમપૂર્વક ટાળ્યો છે અને **ખપે** શબ્દના ઉપયોગથી વૈવિધ્ય અને સચોટતા નીપજાવ્યાં છે તે નોંધી શકાય.

બાલસાહિત્યનો ઉપયોગ બાળકો બહુધા સાંભળીને કરવાનાં. આ ભૂમિકાએ શબ્દ તેના ઉત્તમોત્તમ નાદમાધુર્ય સાથે તેમાં પ્રયોજાય તો જ ચંચળ ચિત્ત ધરાવતાં બાળકો તેમાં તલ્લીન થઈ શકે. ભાષાગત માધુર્ય માટે સગોત્રીય શબ્દચયન અને તેનાથી સર્જાતી પ્રવાહિતા અને પ્રાસાદિકતા ખાસ્સાં ઉપાદેય બને. વળી ઉત્તરવયે તો સાંભળતાં ત્રાસ થાય એવા કર્કશ અવાજો સાથે આજનાં બાળકોએ પનારું પાડવાનું જ છે તો, આ સ્થિતિમાં જ્ઞાનેન્દ્રિયોના વલણ કેળવવાની વયે, ઉત્તમ સમયે એની શ્રવણમધુર નાદસૃષ્ટિ સાથે વધુ ને વધુ સમ્પર્ક થાય તે લાભદાયી છે. 'કાગડો અને કોઠીંબુ' વાર્તામાં આવતા આ પદ્યમાં ઉચિત શબ્દ-પસંદગીથી સધાતાં નાદમાધુર્ય, લયાત્મકતા અને ગેયતા જુઓ :

કુત્તા, કુત્તા કુત્તાદેવા,
આંગણ આવ્યા કાગદેવા,
મારો મરગલા, લઉં શિંગલડી,
બોદું માટૂડી, દઉં કુંભારને
ઘડે ઘડૂલો, સીંચું પાણીડાં,
ધોઉં ચાંચુડી, ખાઉ કોઠીંબું,
બડુક બડુક વાગે !

અહીં દરેક ચરણમાં પ્રયુક્ત પ્રથમ વર્ણની પુનરાવૃત્તિ, અનુસ્વારના ઉપયોગથી સર્જાતું સંગીત, શિંગડી, માટી, ઘડો, પાણી, ચાંચ જેવા

શબ્દોમાં મધ્યવર્તી અને પરવર્તી વર્ણવૃદ્ધિથી સધાતી લયબદ્ધ જેવતા તેમ જ બડુક બડુક જેવા રવાનુકારી શબ્દપ્રયોગ વડે પ્રસ્તુત પદ્યની પ્રભાવકતા વધી છે તે સ્વયંસ્પષ્ટ છે. અન્ય વાર્તાઓમાં પણ આ પ્રવૃત્તિનાં દષ્ટાંતો મામલિયો, દૂધલડાં, ઘીવલડાં (ઘી) મળી આવે છે. શબ્દોની રવાનુકારિતા સાથે શૈશવને સીધો નાતો છે. આ લખનારે જ નહીં, વાંચનારે પણ બે હાથે કલ્પિત સ્ટીયરીંગ ફેરવવાની સાથે મોટરનાં વિવિધ હોર્ન અને રેલવે એન્જિનની તીણી વ્હિસલ કે વરાળ છોડવાના અવાજ શબ્દોની રવાનુકારિતાની મદદથી નીપજાવ્યા હશે. 'પીરુ અને' નામની પુસ્તકામાં સંગૃહિત 'અલિયો ઘાંચી' વાર્તામાં શબ્દરવનો સરસ ઉપયોગ થયો છે. ઘાંચણે ઘડેલ રોટલો અલિયા ઘાંચી દ્વારા **'હડફ દેતોકને'** હળવેકથી પડખામાં મૂકી દેવે.; અલિયાના પડોશી, અફીણના પાકા બંધાણી બાપુ દ્વારા **'ઈહીં ઈહીં'** ઉધરસ, **એહેં એહેં''** શ્વાસ એને **'હંહે હંહે'** બોંબારા બાવા; ધાડ પડતાં **'ધડિયાંગ ધડિયાંગ ધડિયાંગ'** ઢોલ વાગવો; **'હમ્મહમ્મા'** તલવાર હાલવી અને **'ડફક ડફક'** ડોકલાં હેઠાં પડવાં.

કાને પડતા શબ્દોની મદદથી રચાતા કલ્પનાલોકમાં સફર કરવા શિશુમન ઊડું ઊડું થતું હોય છે. એની એ ઉત્કંઠાને મદદ મળી રહે એ માટે બાલસાહિત્યમાં નિરૂપિત પ્રસંગ અને ઘટનાનું આલેખન એ બાળકના મનોલોકમાં તત્કાલ તાદશ થતાં રહે એ રીતે થવું જોઈએ. બાલસાહિત્યના સર્જકની ભાષામાં વિવિધ દૃશ્યચિત્રો આલેખવાની તાદશીકરણની ક્ષમતા – ચિત્રાત્મકતા બહુ મોટો ભાગ ભજવી શકે. એક ઉદાહરણથી આ વાત વધુ સ્પષ્ટ થશે : 'સવાર પડે ને શેરીમાં બોલાચાલો થાય. રામાકાકા આ ઘેરથી આવે ને દેવાકાકા સામે ઘેરથી આવે. શેરીમાં બેઠાં બેઠાં દાતણ કરે ને અલકમલકની હાંકે. શેરીની બાઈઓ સાદ પાડે : 'એ મીઠીવહુ, આવો છો કે ? નદીએ જાઉં છું, પાણી ભરવા', રામકાકી : 'એ ઊભાં રહો, અવલબા ! આ ઘંટી ઉધરાવીને આ આવી.' શેરીના ચોકે નવી વહુ ને નાથી વહુ ઊભાં હોય ને જીવીબા ને રાધાબાની રાહ જોતાં હોય. ત્યાં તો પેલી દૂધવાળી ઊભી શેરીમાં ચાલી આવી. ભગવાનજીદાદાને બડકી બબડાવીને સાદ કર્યો : 'એ દાદા ! દૂધ લઈ જજો.'

ભાષાના બોલીગત પ્રાદેશિક પ્રયોગોથી બાલસાહિત્યના સર્જકે બચવું જોઈએ. ઘરગથ્થું વપરાશમાં લેવાતી ભાષાના ઉપયોગનો આગ્રહ રાખવા જતાં પ્રાદેશિક શબ્દપ્રયોગો અને એના અતિરેકની ભીતિ સર્વત્ર છે. શક્ય હોય ત્યાં સુધી બાલસાહિત્યનો લેખક તેની ભાષાના માન્ય રૂપની વધુ ને વધુ નજીક રહે તે ઇષ્ટ છે. નાગરદાસ મૂળજી ધ્રુવે આરંભેલ બાલસાહિત્ય-લેખનની પરંપરાને વધુ સમતોલ અને વિપુલ માત્રાના સાહિત્યસર્જન વડે પુષ્ટ કરનાર ગિજુભાઈની બાલવાર્તાઓ તથા વિવિધ કથામાળાઓની પુસ્તિકાઓની ભાષામાં વદાડ, હામા હામા કરવા, બહોતાળ, હડફો, ઠાણિયો, બાનડી, ઠઠ્યા રે'વું, ડાંખરાં થવું, વેને ચડવું જેવા અર્થબોધ સંદર્ભે અવરોધક બનતા શબ્દપ્રયોગો મળે છે. આ પૈકીના વદાડ, બહોતાળ, ઠાણિયો અને બાનડી તો લુપ્તપ્રાય થતા ગયેલા શબ્દો છે. ઉત્તર ગુજરાત, કચ્છ કે નીચે દક્ષિણ ગુજરાતના લોકોને સૂચિત શબ્દો દ્વારા પડતી મુશ્કેલી, કલ્પી શકાય તેવી છે. વદાડને બદલે વાદ, બહોતાળને બદલે છૂટ, રેલમછેલ, ઠાણિયાને બદલે (ઘોડીને ઠાણ બંધાવવાનું કામ કરતો) ઘોડાહારમાં કામ કરતો નોકર, બાનડીને બદલે નોકરડી જેવા વિકલ્પોથી કામ લઈ શકાયું હોત. અલબત્ત આવા લુપ્ત થતા જતા શબ્દપ્રયોગોથી બાળકોને વાકેફ તો જરૂર કરવાં જોઈએ પણ એ પ્રક્રિયા ક્રમશઃ થાય તેમ જ તેમાં અતિરેક ન થઈ બેસે તેનો ખ્યાલ રાખવો જોઈએ. વળી અપરિચિત શબ્દનો ઉપયોગ, તેની આસપાસના પરિચિત શબ્દો અને સંદર્ભો સાથે કરાય તો બાળકોને પક્ષે સરળતા અને સુગમતા ઊભી થશે. આમ કરવા જતાં કથન અલબત્ત જરા લંબાશે, પરંતુ સામે પક્ષે એનાથી થનારા લાભની તુલનામાં તે નિર્વાહ્ય બનશે. ગિજુભાઈએ આ અભિગમ એમની વાર્તાઓમાં દાખવ્યો પણ છે 'કૂકડી પડી રંગમાં' વાર્તામાં 'ગોલો' શબ્દથી બાળકોને તેઓ આમ પરિચિત કરે છે : 'ત્યાં એક રાજાની રાણીની ગોલીનો વર ગોલો વાણિયાની દુકાને કાંઈ ચીજ લેવા આવ્યો' નવા રૂઢપ્રયોગના ઉપયોગો વખતે પણ તેઓ આવી કાળજી દાખવે છે. 'સોના કર્યા સાઠ' વાર્તાના મિયાં વિશેનું આ કથન જુઓ : 'મિંયાંની દાનત બોરા ટોપરા જેવી; એને પૈસા દેવાનો સ્વપ્નેય વિચાર નહીં. વાણિયો ઉઘરાણીએ આવે પણ મિયાં આડાદોઢા જવાબ આપે.' બન્ને દૃષ્ટાંતોમાં નવા શબ્દ અને શબ્દપ્રયોગને 'રાજાની રાણીની ગોલીનો

વર' અને 'એને (મિંયાને) પૈસા દેવાનો સ્વપ્નેય વિચાર નહીં' તથા 'મિંયા આડાદોઢા જવાબ આપે' બાળકો સમજી શકે એ માટે પરિચિત શબ્દો અને શબ્દપ્રયોગોની વચ્ચે મૂકચા છે.

બોલીગત પ્રાદેશિક શબ્દપ્રયોગોની માફક, બાળકોના શબ્દભંડોળ (વકેબ્યુલરિ)ની બહારના શબ્દોનો ઉપયોગ પણ કૃતિના રસાસ્વાદમાં મુશ્કેલી સર્જે છે. બાળકવિતાક્ષેત્રે સુરેશ દલાલનું નામ સુવિદિત અને પ્રતિષ્ઠિત છે. એમના 'અલકચલાણું' નામના જોડકણાં અને બાલકાવ્યોના સંગ્રહમાં સંગૃહિત બાવીશ જ કૃતિઓમાં કેશ, ખંજન, મયૂરકંઠ, શોષાઈ જવું, સ્વરૂપ–આભા, વિધાયક, બોગદું, નૌયા, કાજ (કારણ), વ્યોમ, નક્કર, બળવો, પરમાણું, નગદનાણું, સૂરમાં ન્હાવું – એવા શબ્દોની ભરમાર છે. સંગ્રહના પુરોવચનમાં સ્વ. વેણીભાઈ પુરોહિતે સાચી ટકોર કરી છે : 'ભાષાનાં બાળકો ઘણીવાર બાળકોની ભાષાની બહુ ચિંતા કરતાં નથી, ઉપેક્ષા પણ કરતાં હોય છે. પરંતુ બાળકો તો તમારી બોલીને સાંભળીને પોતાની બોલી બોલે છે. બાલકાવ્યોમાં આવી, બાળકોએ અપનાવેલી બોલી અને બાળકને સમજતી, બાળકને મનગમતી સૃષ્ટિ હોય તો જ તેમાં સ્વાભાવિકતા રહે છે.' બાલકવિતાની ભાષાની આવી જ અરાજકતા આપણા એક બીજા મહારથી ચન્દ્રવદન મહેતાનાં બાલકાવ્યોમાં પણ જોવા મળે છે. 'વાવાભાઈ', 'ફ્રીડી', 'એરોપ્લેન' અને 'ખિસકોલીની જાત્રા' જેવાં હોંશે હોંશે ગાવાં ગમે એવાં બાલકાવ્યો ધરાવતા સંગ્રહ. 'દૂધના દાણા'માં બડી ફજર, વંશવેલ વિસ્તરતી, અલૌકિક, હું કરધરું, 'ફળવું'ના અર્થમાં 'ફળિયો', દિનકર જેવા શબ્દો અને પૃ. ૩૬થી ૪૦ સુધીનાં ચાર પૃષ્ઠોમાં પ્રાસયોજનાની મથામણમાં પાંચ વાર **જ્યાંય** અને **ત્યાંય**નો વ્યાયામ એમણે કરવો પડ્યો છે. બાલસાહિત્યને ડાબા હાથનો ખેલ માનીને ચાલવાનું વલણ આ સ્થિતિ માટે જવાબદાર જણાય છે. આપણો કલમે ઊતર્યું તે સિદ્ધ, ફરીવાર જોવા-તપાસવાની જરૂર જ નહીં – એવા છેતરામણા આત્મવિશ્વાસનું આ પરિણામ છે. નહીં તો ચાંદામામા જેવા, બાલકાવ્યોના સમર્થ કવિ અને ગદ્યસ્વામીને ઉપર ચીંધી એવી સાદી સીધી પ્રાસયોજના માટે આવાં વલખાં મારવાં પડે? આ સ્થિતિ ન સર્જાય એ માટે બાલસાહિત્યના સર્જકે યાદ રાખવા જેવી વાત, 'દે તાલ્લી'ના પ્રવેશદ્વારા પાસે ઊભા રહીને એના કવિ રમેશ પારેખે કરેલી સ્વીકારોક્તિમાં સહજ સ્ફુટ થાય છે. એ લખે છે : 'બાળકો

માટે લખવું સહેલું નથી એમ કહેવાય છે. મારો અનુભવ પણ એથી જુદો નથી. બાળસાહિત્યના સર્જકે ફરીવાર પોતાના શૈશવમાં પ્રવેશ કરવો પડે છે... નેહા અને નીરજના સાંનિધ્યમાં મને આવું જાણવાનું અને સમજવાનું પ્રાપ્ત થયું. એમણે પોતાનું કુતૂહલ ઉછીનું આપી તેમની સાથે સાથે મને ફેરવ્યો હતો તે ક્ષણોનું આ સંભારણું છે.' વાત સાવ સાચી છે. આંખે અચંબો ને કાને કૌતુક ધરીને જ પ્રવેશવા જેવું છે આ શબ્દોના શિશુલોકમાં.

અને અંતે છેલ્લી વાત. વિષયવસ્તુ અને શબ્દોની પસંદગીમાંથી પાર ઊતર્યા-પછી જેનો સામનો કરવાનો આવે છે એ બે સમસ્યા છે, વાકચરચના અને ફકરો ! યશવંત દોશીએ આ સમસ્યાને આમ ખોલી છે : 'બાલસાહિત્યની ભાષા સરળ હોય તે સૌ સ્વીકારશે. પણ સરળ એટલે કેવી ? જોડાક્ષરો વિનાની ? ટૂંકાં વાકચોવાળી ? એક એક શબ્દનું એક એક વાકચ બને એવી ? એક એક વાકચનો એક એક પેરેગ્રાફ બને તેવી ? આ બધાના પ્રયોગો આપણે કરી ચૂકચા છીએ. એમાંની કેટલીક વાત સારી છે, કેટલીક બિનજરૂરી છે. પણ બાળકો માટેની સરળ, પ્રવાહી, ખૂણા-ખચકા અને ખાડા · ટેકરા વિનાની ભાષા આપણે નિર્માણ કરી શકચા નથી.'[૨]

વાકચરચનામાં અને ફકરા પાડવામાં નવોદિત દ્વારા થયેલ પ્રયોગો અને તેમાંનો અતિરેક ઉપર્યુક્ત અવતરણમાં સ્પષ્ટ નિર્દેશાયો છે. એક શબ્દનું વાકચ અને એક એક વાકચનો એક ફકરો ભાષામાં કેવા ખચકા અને ખાંડાટેકરા સર્જે છે તે પણ દષ્ટવ્ય છે. તો શું કરવું ? સાદાં, ટૂંકાં અને પોતાનામાં પૂર્ણ (સ્વયંપૂર્ણ) એવાં વાકચો અને મુદ્દાસર ફકરા પાડવાની કાળજીથી આ સવાલ સરળ બને. બાલસાહિત્યનો વાકચવિન્યાસ કેવો હોવો જોઈએ, એ માટેનું એક ઉત્તમ દષ્ટાંત આ રહ્યું : 'એક હતો રાજા, એ બહુ જ ભલો. રૈયતને વહાલો. રૂપે ને ગુણે દેવ જેવો. બધી વાતે સુખી. પણ એક વાતનું દુઃખ. એની ઉમ્મર આધેડ થવા આવી પણ એકેય ફરજંદ નહીં. રાજા તો જેમ તેમ મન વાળે, પણ રાણીને વાંઝીઆપણાનું દુઃખ હૃદયમાં શલ્યની પેઠે ખૂંચે.'[૩]

૨. એજન પૃ. ૧૩.

૩. 'અજવાળી રાત' (પ્રકા. કુમાર કાર્યાલય : અમદાવાદ)માંની 'રાજકુમારી રૂપાંદે' વાર્તાનો આરંભ.

પ્રકારની દૃષ્ટિએ મિશ્ર અને સંયુક્ત વાક્યની રચનાને નિવાર્ય બનાવી લેખકે સાદાં વાક્યોથી કહેવાની વાત નાનાં નાનાં એકમોથી કહી છે તેથી બાળકની ગ્રહણશક્તિ બોજ ન અનુભવતાં સ્ફૂર્તિથી વાર્તાનો આનંદ માણે એવી તક સતત જળવાઈ રહે છે. વળી રાજાનાં વિશેષણો એક વાક્યમાં ઢગલો નથી થઈ ગયાં અને દરેક વિશેષતા માટે અલગ વાક્ય થતાં, વાક્યાન્તે આવતા વિરામે લગી અટકી પોતાના મનમાં રચાતી રાજાની પ્રતિમાનું ક્રમશઃ મૂર્તિવધાન કરવા બાળકને પૂરતો સમય અને મોકળાશ મળે છે અને બાલસાહિત્યકારે આ સિવાય બીજું કરવાનું પણ શું ? એને જે કહેવું છે તે બાળકની નાનીશી અંજલિમાં સાહજિકતાથી ઝીલાય અને છલકાઈ ન જાય એ રીતે સંગ્રહાય એની કાળજી જ લેવાની છે માત્ર !

---

૨૪. ગિજુભાઈનું શિક્ષણ-સાહિત્ય ક્ષેત્રે પ્રદાન

ડૉ. બળવંત જાની

ગિજુભાઈ બધેકાએ શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે જે કંઈ વિરલ કામગીરી કરી એ વિશે આપણે પ્રતિભાવ પ્રસ્તુત કરવાનો ઉપક્રમ મેં અત્રે જાળવ્યો છે. શિક્ષણમાંય ખાસ કરીને બાળકેળવણી ક્ષેત્રે ચિરંજીવ બની રહે એ કોટિનું તેમનું પ્રદાન છે. અપાર વત્સલતા, નિર્દોષ અને નિખાલસ પારદર્શક હૃદય, બાળસુલભ કૌતુક, નિર્વ્યાજ પ્રેમ – મિત્રો બનાવવાની આવડત – એ શિક્ષક ગિજુભાઈના વ્યક્તિત્વનો વૈભવ છે. કવિ નહાનાલાલે બાળકોને 'પ્રભુના પયગંબરો' કહેલા, પણ એ પયગંબરોનો સાચો અર્ઘ્ય તો ગિજુભાઈએ જ આપ્યો. સાહિત્યમાંય બાળસાહિત્ય ક્ષેત્રે તેમણે જે પ્રદાન કર્યું છે એ જેટલું વૈવિધ્યપૂર્ણ અને વિપુલ છે એટલું જ સત્ત્વશીલ પણ છે. તેમના આ પ્રદાનથી ખૂબ જ ઉચિત રીતે કાકાસાહેબ તેમને 'બાલસાહિત્યના બ્રહ્મા' કહીને મૂલવેલ છે.

૩૧ વર્ષની વયે તો બાળકેળવણી અંગેના કાર્યમાં જોડાયેલા. ૨૩ વર્ષ સુધી સતત પ્રત્યક્ષ રીતે બાળશિક્ષણને લગતી પ્રવૃત્તિઓ કરતા રહેલા, શ્રી ગિજુભાઈનું સાહિત્યસર્જન અને સંપાદન, શિક્ષણના એક ભાગરૂપે જ થયેલ હોઈ એ બન્નેનો અહીં એક સાથે જ વિચાર કર્યો છે. ૫૪ વર્ષે તેમનું અવસાન થયેલું. આ ૨૩ વર્ષના ટૂંકા ગાળામાં તો તેમણે આ બન્ને ક્ષેત્રે ઘણું બધું કાર્ય કર્યું. બાળકેળવણીકારો ઘડ્યા, બાલમંદિરો, અધ્યાપનમંદિરો અને અનેક પ્રકારના બાળઘડતરને લગતાં પ્રવૃત્તિધામો સ્થાપ્યાં અને પ્રચાર કર્યો. અનેક સભાઓ, સંમેલનો દ્વારા આ પ્રવૃત્તિના પ્રચાર સાથે સાથે બાળશિક્ષણ અને સાહિત્યવિષયક ૧૫૦ જેટલાં પુસ્તકો પણ રચ્યાં. આવું ગંજાવર કાર્ય તેઓ ૨૩ વર્ષના ટૂંકા ગાળામાં કરી ગયા એ તેમના વ્યક્તિત્વનો એક વિરલ અંશ બની રહે છે. તેમના અદમ્ય ઉત્સાહ અને સમર્પણભાવનાથી ભર્યાભર્યા પ્રતિભાવન વ્યક્તિત્વનાં અહીં દર્શન થાય છે.

બાળકોમાં ભારતીય સંસ્કારોનું સિંચન થાય અને બાળક ભારતીય સંસ્કૃતિનો વાહક બની રહે, ઉદ્‌ગાતા બની રહે તથા એનું પ્રાણવાન પ્રતીક બની રહે એવા શુભાશયને સંસિદ્ધ કરવા તેમણે એક ચોક્કસ પ્રકારની પદ્ધતિથી ભરી-ભરી બાળકેળવણીનું માળખું ઘડી આપ્યું, એટલું જ નહીં એને કાર્યાન્વિત પણ કરી જોયું. માત્ર સિદ્ધાંતો નહીં એનો વિનિયોગ પણ કરી જનારા ગિજુભાઈ, આ કારણે ભારતીય શિક્ષણ-શાસ્ત્રીઓની હરોળમાં પોતાના સ્થાનના અધિકારી છે.

નાનાભાઈએ જે 'ઘડતર અને ચણતર'ની પરિભાષા યોજી છે, એમાં ઘડતર એટલે આ પ્રકારની બાળકેળવણી. એની ઉપર જ ચણતર થઈ શકે. આમ ઘડતરની એક બહુ મોટી પ્રક્રિયા ગિજુભાઈ આપી ગયા. આ પ્રક્રિયા-પદ્ધતિમાંથી તેમની ઊંડીસૂઝનાં દર્શન થાય છે. આ ચોક્કસ પ્રકારની બાળકેળવણી પદ્ધતિથી બાળકમાં ખરા અર્થમાં અનૌપચારિક રીતે રાષ્ટ્રપ્રેમ જાગૃત થવાની પ્રક્રિયા શકય બનેલી. બાલ્યાવસ્થાથી જ બાળકને ખ્યાલ આવે કે, માત્ર હું અન્ય બાળકો, મારું કુટુંબ કે સમાજ એટલે જ રાષ્ટ્ર નહીં પણ સમૃદ્ધ પ્રકૃત્તિ–પરિવેશ, વનસ્પતિ, પશુ-પંખી, જળચર જીવસૃષ્ટિ પણ રાષ્ટ્રનું એક અંગ છે. આ તમામ પ્રત્યે સહાનુભૂતિ નહીં પણ સમભાવ, દયા કે કરુણા નહીં, પણ પ્રેમ પ્રગટે એ માટે કુદરત સાથે સંનિકટત્વ સાધી આપતાં કેટલાંક ઘટકો ગિજુભાઈની બાળકેળવણી વિભાવનામાં નિહિત છે. વૃક્ષછોડ, પશુપક્ષીઓ સાથે દોસ્તી અને એ દ્વારા એના ઉમદા સ્વભાવના ગુણો, બાબતોને જીવનમાં ઉતારવાની શીખ આપીને ગિજુભાઈએ બાળકને એક પ્રકારનું રાષ્ટ્રીય વ્યક્તિત્વ આપ્યું. ભાવાત્મક એવી રાષ્ટ્રીય એકતાનો, બાળકની પ્રવૃત્તિમાં આ નિમિત્તો સહજ રીતે પ્રવેશ શકય બન્યો !

મોન્ટીસોરીનું સીધું અનુકરણ, અનુસરણ તેઓએ કર્યું નથી. ખરી રીતે તો એ પદ્ધતિનું તેમણે ભારતીયકરણ – ગુજરાતીકરણ કર્યું છે. આપણાં નિરામિષાહારી અને અહિંસક પ્રકૃતિનાં બાળકો આ કારણે તો પતંગિયા કે ઇયળ જેવા નાના જીવો જોડે પણ પૂરા સમભાવથી વર્તતાં થયાં, સહુને નમસ્કાર કરતા થયાં. બાળકેળવણી પદ્ધતિમાં ગિજુભાઈનાં જે કેટલાંક તત્ત્વો છે, એમાં આ કુદરતનું સાન્નિધ્ય અને એ દ્વારા કુદરત-પ્રેમ તથા રાષ્ટ્રપ્રેમ બાળકમાં રોપાય-વિકસે એ ઘટકતત્ત્વ, તેમની વિરલ

વૈચારિક પ્રતિભાનું પરિચાયક છે. આ બધું જે માધ્યમથી બાળકને આપ્યું છે એ માધ્યમરૂપે વાર્તાઓ, ગીતો, જોડકણાં અને પ્રાચીન-મધ્યકાલીન-અર્વાચીન કથાનકોયુક્ત વિપુલ સાહિત્ય તેમણે આ ઉદ્દેશને પાર પાડવા સર્જ્યું. આ ઉદ્દેશયુક્ત સાહિત્ય એનું ધ્યેય તો પાર પાડે જ પણ એ ઉપરાંત સાહિત્યતત્ત્વની દૃષ્ટિએ પણ એ ઊતરતી કક્ષાનું નથી. એનું ભાવવિશ્વ એની અભિવ્યક્તિનું સ્વરૂપ અને ભાષાકર્મ આપણા અભ્યાસનો વિષય બને એ કક્ષાનાં છે.

બાળકોને ઉત્તમ પ્રકારની કેળવણી મળી રહે એ માટે સુંદર અને સ્વચ્છ એવા વિદ્યાલયનો એ જમાનામાં તેમણે આગ્રહ સેવેલો, શિક્ષકોને પણ ઉદાત્ત ગુણવાળા અને પ્રેમાળ બનીને બાળકોની સાથે હૃદયપૂર્વક ભળી જવાની હાકલ કરેલી, કુદરત વચ્ચે રહીને એનાથી સુપરિચિત થઈ, સમૂહભાવના વિકસે એ માટે બાળકોને પૂર્ણ સ્વાતંત્ર્ય અર્પીને સ્વાવલંબન અને સ્વનિયમનની શિક્ષા આપવા માટે અનેક કાર્યક્રમો આપેલા. સાથોસાથ બાલક્રીડાંગણની યોજના પણ તેઓએ મૂકી. આ યોજના માત્ર બાલમંદિર પૂરતી જ મર્યાદિત ન રાખી ગામડે ગામડે આવાં બાલક્રીડાંગણો શરૂ કરવાં અને એ નિમિત્તે ધૂળમાં રસ્તે રઝળતાં બાળકોને આનંદ-પ્રમોદ દ્વારા અંગસૌષ્ઠવની અનૌપચારિક શિક્ષા અપાઈ. આ નિમિત્તે શરીરસ્વાસ્થ્ય સુધર્યું, અને બાળકને પ્રસન્ન, તથા શિષ્ટાચારપૂર્ણ આદર્શ બાળક બનવા તરફ વાળ્યા. આ ક્રીડાંગણોમાં બાળકો મુક્ત રીતે પૂરા સ્વાતંત્ર્યથી વિહરે, એવી વ્યવસ્થા સાથે તેની દેખરેખ રાખવા અને તેનું ઘડતર કરવા માટે શિક્ષકોને પણ તેઓએ કેળવ્યા. પછી તો આ યોજના વધુ ને વધુ વિસ્તરીને આજે સારી રીતે વિકસી છે. ખૂબ જ વ્યાપક એવું ગિજુભાઈનું આ પણ એક આગવું પ્રદાન છે.

પોતાની બાળકેળવણી વિભાવનાનુસાર એક આખા શિક્ષકવર્ગને પણ તેમણે તૈયાર કર્યો. પછી તો આ આખી પ્રક્રિયા એક સાતત્યરૂપે વિસ્તરતી રહી, અહર્નિશ, સતત સખત પરિશ્રમ કરતા રહીને શિક્ષકોને તેમણે ઘડ્યા, આ શિક્ષકોને માટે વ્યવસ્થિત રીતે અધ્યાપનમંદિરો સ્થાપ્યાં. બાળકેળવણી માટેનાં સાધનોના ઉત્પાદન માટેની યોજના ઘડી અને એને કાર્યાન્વિત કરી. દેશી રાજ્યોને પણ આ પ્રકારનાં કેળવણી-ધામો પોતાના વિસ્તારમાં પ્રારંભવા સતત આગ્રહ અને વિનંતી કરતા

રહીને જે ઝડપથી તેમણે આ આખી કેળવણીપ્રક્રિયાનો પ્રચાર-પ્રસાર કર્યો એ પણ એક વિરલ ઘટના છે. ગિજુભાઈની પ્રતિભાશક્તિનો એ પણ એક પુંજ છે. આમ શિક્ષણપદ્ધતિ, એ પદ્ધતિ મુજબ શિક્ષણ આપનાર શિક્ષકવર્ગને કેળવવાની પદ્ધતિમાંથી તેમની વૈચારિક કક્ષાનો પરિચય મળી રહે છે.

ગિજુભાઈને તેમના સાહિત્યસર્જન બદલ 'રણજિતરામ સુવર્ણ-ચંદ્રક' એનાયત કરવામાં આવેલો. તેઓ એક આગવા હેતુથી જ સાહિત્ય-સર્જન તરફ વળેલા એ હકીકત છે, અને એ હેતુ પરિપૂર્ણ થાય એ રીતે જ સાહિત્ય સર્જતાં ટૂંકાં અને સચોટ વાક્યો રસળતી ભાષાશૈલી, મૌલિક ઉપમાઓ અને બાલમાનસને ઘડનારાં તત્ત્વોથી નિહિત એવું સંવેદનપૂર્ણ કથાનક આજના સંદર્ભમાં આસ્વાદ્ય બની રહે છે.

તેમણે જે બાલવાર્તાઓ કે બાલગીતોનાં સંપાદનો ઉપરાંત અનુભવ-કથાનકો અને અન્ય જે ચિંતનાત્મક સાહિત્ય સર્જ્યું છે કે સંપાદિત કરીને મૂકયું છે એ બધું વિપુલ સાહિત્ય, બાળકેળવણીનો ઉદ્દેશ પાર પાડીને એક સ્વતંત્ર રૂપની સાહિત્યકૃતિઓ તરીકે પણ ટકી રહે એ કોટિનું છે. એમાંથી એમની સર્જકપ્રતિભાના દર્શન થાય છે. તેમણે લખેલ નાટકો મુખર લાગે છે. તેથી વાર્તાઓ-ગીતો એવા મુખર નથી લાગતાં. તેમની 'આમકડો તેમકડો જઈ જંબુડિયે જણુકડો' વાર્તામાંથી મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાનો એક રસ્તો તો છે પણ કથાનકને નિરૂપવાની તેમની રીતિમાંથી તેમની અભિવ્યક્તિકળાશક્તિનાં દર્શન થાય છે. 'ખડખડ ખડખડ ખોદત હે'માં વચ્ચે આવતાં લયાન્વિત મુક્તકો 'ખડખડ ખડખ ખાદત હે, લાંબી ડોકે જોવત હે' કે 'નાનીને ઘેર જવા દે'માં વચ્ચે આવતા 'નાનીને ઘેર જવા દે

ખૂબ તાજું થાવા દે
પછી મને ખાજે.'

જેવી તેમની લયાન્વિત કાવ્યપંક્તિઓથી વાર્તા વધુ રસપૂર્ણ બનતી પણ જણાય છે. તેમની અભિવ્યક્તિની આ પણ એક વિશિષ્ટતા છે કે વચ્ચે વચ્ચે ગીતો મૂકીને વાર્તાના ધ્વનિને સતત ગુંજતો રાખવો. 'સામસામી ખેંચાણી', 'ભટુરિયા' જેવી કંઈ કેટલીય વાર્તાઓને આના ઉદાહરણ તરીકે ચીંધી શકાય.

ગીતોનાં જે સંપાદનો છે તેમાં તેમણે બાળમાનસને સ્પર્શતાં પ્રચલિત લોકગીતો એકઠાં કરીને મૂક્યાં છે. ઉપરાંત તેમણે રચેલાં ગીતો પણ બહુધા બાળકના મનની ગતિવિધિને વિષયસામગ્રી રૂપે પસંદ કરીને રચાયેલાં હોય છે. કેટલાંક કથાગીતો અને રાષ્ટ્રભક્તિકાવ્યો પણ ગિજુભાઈની કવિપ્રતિભાનાં દ્યોતક છે. લોકગીતોના ઢાળમાં આલેખાયેલ સંવેદનાપૂર્ણ કે કુતૂહલપૂર્ણ વર્ણ્યવિષય અને ચિત્રાત્મક વર્ણનો એમનાં બાળગીતોનું ધ્યાનાર્હ અંગ છે. તેમણે બાળવાર્તાકથન અને લેખનની પદ્ધતિ માટેનું પુસ્તક 'વાર્તાનું શાસ્ત્ર ભાગ–૧, ૨' પણ લખ્યું છે. અહીં તેમણે બાળવાર્તાનું કળાશાસ્ત્ર આલેખ્યું છે. આજે આપણી પાસે કાવ્ય-રચના કે અન્ય સાહિત્યસ્વરૂપો માટે એનું કોઈ અંતિમ કળાશાસ્ત્ર નથી, ત્યારે એ સમયમાં તેમણે આલેખેલું વાર્તાનું કળાશાસ્ત્ર આજે પણ બાળવાર્તાલેખન અને કથન માટે અત્યંત ઉપયોગી થઈ પડે એ કોટિનું છે.

તેઓ વિચારક હતા. ઊંડી સૂઝવાળા હતા. તત્પરિણામે આટલું બહોળું આ પ્રકારનું શાસ્ત્ર રચીને બાળલેખકો માટે એક કેડી કંડારતા ગયા. આ રીતે સતત બાળવાર્તાઓનું સર્જન થતું જ રહે એવી તેમની ઊંડી અભીપ્સાનું પણ અહીંથી દર્શન થાય છે.

વાર્તાલેખનની અને કથનની પદ્ધતિ તો આપી, પણ આ ઉપરાંત બાલશિક્ષણ આપવા માટેની પદ્ધતિના ગ્રંથો પણ તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. આ કારણે તેમની અનુપસ્થિતિમાં પણ એક ભવ્ય અને અત્યંત આવશ્યક એવું કાર્ય સતત ચાલ્યા કરે છે. 'મોન્ટીસોરી પદ્ધતિ', 'બાલશિક્ષણ મને સમજાયું તેમ', 'કલાકારીગરીનું શિક્ષણ' આ બધા ગ્રંથોમાંથી રસળતી ભાવવાહી શૈલી દ્વારા વિષય અંગેનું મુદ્દાસર અને વિશદ જ્ઞાન મળી રહે છે.

આમ બાળશિક્ષણ પદ્ધતિ, શિક્ષકોને કેળવવા માટેની પદ્ધતિ, બાળકોને કેળવવા માટે અનૌપચારિક માધ્યમના ભાગરૂપે વાર્તાઓ, ગીતો અને નાટકો તથા બાળવાર્તાઓનું લેખન અને કથન માટેનું શાસ્ત્ર અને બાળકેળવણીનું વૈચારિક ભૂમિકારૂપ સાહિત્ય પણ સર્જ્યું. પણ આ બધું આખરે તો બાળશિક્ષણ અંગેના તેમના કાર્યમાંથી જ નીપજી આવેલ છે. છતાં સત્ત્વશીલ અને કેટલુંક તો પ્રશિષ્ટ રૂપનું છે, અને એ કારણે જ આજ પર્યંત બાળશિક્ષણમાં તો ઉપયોગી રહ્યું છે, ઉપરાંત આજે પણ અર્થપૂર્ણ અને સ્પર્શક્ષમ લાગે છે એ એક ઘટના છે.

---

૨૫. ગિજુભાઈની બાળવાર્તાઓ

જયેન્દ્ર ત્રિવેદી

જેમ બાળ શિક્ષણમાં તેમ બાળસાહિત્યમાં પણ ગિજુભાઈનું પ્રદાન અવિસ્મરણીય છે. ગિજુભાઈએ પોતે બાળસાહિત્ય રચ્યું છે, રચાવ્યું છે; બાળવાર્તાઓ લખી છે, લખાવી છે; વાર્તાનું શાસ્ત્ર પણ રચ્યું છે. પણ આ લેખમાં ગિજુભાઈ દ્વારા સંપાદિત બાળવાર્તાઓના પાંચ ભાગને જ નજર સમક્ષ રાખવામાં આવ્યા છે.

બાલમંદિર ચલાવતા ગિજુભાઈને તરત સૂઝયું કે ગામેગામ બાલમંદિર ઊભાં કરવાં હશે તો તાલીમબદ્ધ શિક્ષકોની સેના ઊભી કરવી પડશે. ૧૯૨૫ આસપાસ તેમણે પહેલું અધ્યાપનમંદિર ચલાવ્યું. બેંતાલીશ જેટલાં ભાઈબહેનો એ અધ્યાપનમંદિરમાં જોડાયાં. સૌ તાલીમાર્થીઓ તેમજ અધ્યાપકોને ગિજુભાઈએ ઘેરઘેર પ્રચલિત લોકવાર્તાઓમાંથી બાળકોને ગમે તેવી વાર્તાઓ વીણી લાવવા કહ્યું. 'વાર્તા' નામે એક હસ્તલિખિત સામયિકમાં આ વાર્તાઓ સંગ્રહવામાં આવી. ગિજુભાઈએ અમુક તાલીમાર્થીઓ પાસે આ વાર્તાઓની સારી નકલ કરાવીને 'પ્રેસ કૉપી' પણ તૈયાર કરાવી. તાલીમાર્થીઓમાં ચર્ચા ચાલેલી કે વાર્તાઓ જેવી મળી છે તેવી જ પ્રકાશિત કરવી જોઈએ કે એને જરૂર પડયે સુધારવી પણ જોઈએ ? ગિજુભાઈએ એવો અભિપ્રાય આપ્યાનું કહેવાય છે કે, જેવી છે તેવી, કાંઈ પણ સંશોધન કર્યા વિના આ વાર્તાઓને પ્રજા સમક્ષ મૂકી દઈએ. એ રીતે આ વાર્તાઓનું પ્રકાશન થયું.

એ રીતે ગિજુભાઈના કુશળ સંપાદનનો જેને લાભ મળ્યો નથી એવી આ પાંચ ભાગમાં થઈને એકસો છ જેટલી વાર્તાઓ, આજે લગભગ ચાર દાયકાથી ગુજરાતી બોલતી પ્રજામાં હોંશભેર વંચાતી આવી છે. સપ્ટેમ્બર ૧૯૨૯માં ગિજુભાઈએ નોંધ્યું છે કે "બાળવાર્તાઓને દસ વર્ષ પહેલાં સંગ્રહવા માંડેલી. જે સંગ્રહ થયો તેના પાંચ ભાગ બહાર આવ્યા. એનાં યશભાગી એક નહિ પણ અનેક છે...જૂના સંગ્રહોમાં કમ ન હતો.

વાર્તાઓ જડતી ગઈ તેમ છપાતી ગઈ. આ વખતે સંગ્રહોમાં ક્રમ મૂકવામાં આવ્યો છે. પાંચ શ્રેણીમાં બધી વાર્તાઓને શ્રીમતી તારાબેને વિભાગી નાખી છે."

આ બાળવાર્તાઓની જૂનામાં જૂની આવૃત્તિ તો મને ન મળી પણ મારા નાનપણમાં મેં વાંચેલી ટચૂકડા કદમાં છપાયેલી આવૃત્તિ પણ ક્યાંયથી હાથ ન આવી, પરિણામે અત્યારે બજારમાં જે છેલ્લામાં છેલ્લી આવૃત્તિ ઉપલબ્ધ છે તેનો ઉપયોગ આ લેખ તૈયાર કરવા માટે મેં કર્યો છે. મારી સ્મૃતિ દગો ન દેતી હોય તો નાનપણમાં સાંભળેલી અને વાંચેલી વાર્તાઓમાં અને અત્યારે ઉપલબ્ધ વાર્તાઓમાં ક્યાંક ક્યાંક પાઠભેદ છે એવી મન પર છાપ પડી છે અને પાઠમાં થયેલો ફેરફાર વાર્તાકલાની દૃષ્ટિએ વધુ સારો નથી થયો એમ પણ લાગે છે. ગિજુભાઈએ અને દક્ષિણામૂર્તિએ ઉતાવળમાં આવી જઈને નજીવી રકમમાં આ વાર્તાઓ (અને અન્ય સાહિત્ય પણ) જેના બધા હક્કો શ્રી. આર. આર. શેઠની કંપનીને આપી દીધા, જેથી પાછળથી કોઈ સુયોગ્ય સંપાદકનો લાભ પણ આ વાર્તાઓ મેળવી શકી નહીં. વાર્તાઓએ ગિજુભાઈને કીર્તિ આપી અને આર. આર. શેઠને ધન. આ પરિસ્થિતિનું એક પરિણામ એ આવ્યું છે કે આજે ગુજરાતનાં બાળકોને આ પાંચે ભાગોના પૂરા સેટ માટે પોણા તેર રૂપિયા જેટલી મોટી રકમ ખરચવી પડે છે. આ વાર્તાઓની લોકપ્રિયતાથી દોરવાઈ, વાર્તાઓમાં સહેજ ફેરફાર કરી, થોડી નવી વાર્તાઓ ઉમેરી, થોડી જૂની વાર્તા કાઢી નાખીને અન્ય સંગ્રહો નથી થયા એમ નહીં – શ્રી સોમાભાઈ, કિસાભાઈ પટેલની 'રસીલી બાલવાતો' આના ઉદાહરણ રૂપે જોઈ શકાય – છતાં ગિજુભાઈની બાળવાર્તાઓની લોકપ્રિયતામાં આજે પણ ઓટ આવી નથી. શ્રી સોમાલાલ શાહનાં ચિત્રોએ વાર્તાઓને આકર્ષક બનાવી છે પણ આ વાર્તાઓને પુષ્કળ રંગબેરંગી ચિત્રો દ્વારા સજાવી-શણગારી, પ્રમાણમાં લગભગ પડતર કિંમતે ગુજરાતનાં બાળકોને ભેટ આપવાનો સમય હવે આવી લાગ્યો છે. સરકાર, ગુજરાતી સાહિત્ય પરિષદ કે એવી કોઈ સંસ્થા શ્રી આર. આર. શેઠની કંપનીને વિશ્વાસમાં લઈને આ કામ કરી શકે.

આજે આ વાર્તાઓ ફરીથી એક વખત વાંચતાં કે બાળકો સમક્ષ વાંચી બતાવીને એમના પ્રતિભાવોનો અભ્યાસ કરતાં એક વાત તરત સૂઝે

છે કે આ વાર્તાઓનું પુનઃસંપાદન થવું જોઈએ, એના ક્રમમાં ફેરફાર કરવો જોઈએ, કેટલીક વાર્તાઓમાં થોડું કાઢવું-ઉમેરવું જોઈએ, તો કેટલીક વાર્તાઓને સાવ રદ પણ કરવી જોઈએ. આમ કરીએ ત્યારે એક વાતનું સતત સ્મરણ રાખવું ઘટે કે એ વાર્તાઓ બાળકો સમક્ષ કહેવા માટે છે. બાળક વાંચતું થાય ત્યારે પોતાની મેળે ભલે વાંચે, પણ મૂળે તો વાર્તાઓ કહેવા માટે છે અને વાર્તા કહેવાની કળાની દૃષ્ટિએ જ આ વાર્તાઓનું પુનઃસંપાદન થવું જોઈએ.

પહેલાં નોન્સેન્સિકલ વાર્તાઓને લઈએ. દુનિયાના ઘણાખરા દેશોમાં બાળકોને આરંભમાં કદાચ આવી વાર્તાઓ જ કહેવાતી હશે. આ વાર્તાઓનું ગદ્ય, સર્વથા પદ્યથી પ્રભાવિત રહેતું હોય છે અને કયારેક તો વાર્તાકારનું સમગ્ર ધ્યાન વાર્તામાં કેવળ પ્રાસની રક્ષા કરવા તરફ જ કેન્દ્રિત થયું હોય છે. અર્થને ભોગે પ્રાસની જાળવણી કરવામાં અહીં કશું ખોટું થતું નથી. બાળક અર્થની આંગળી પકડવાને બદલે લયની લહેરમાં તણાવું વધુ પસંદ કરે છે. આ સંગ્રહોની સર્વપ્રથમ વાર્તા 'કહાણી કહું કૈયા' ગુજરાતભરમાં બહુ જ પ્રચલિત થઈ છે. અંત્યપ્રાસાનુરાગી આ રચના કોઈ પણ બાળક સમક્ષ લયબદ્ધ રીતે વાંચી સંભળાવો. 'સૂઈ સંચાવે દોરો' કે 'કાઢે એટલા કાળિયા' જેવી પંક્તિઓ એને થોડી સમજાય, ન સમજાય તેમ છતાં એ અર્થ સ્પષ્ટ કરવા ઊભો રહેતો નથી, એના આનંદની ગતિ તો વાર્તાપ્રવાહની સાથે બમણી-તમણી થતી જ ચાલે છે. વાર્તામાં આવનાર પાત્રો કંઈક લે છે અને કંઈક આપે છે. જેની પાસે જે હતું તે તેણે રાજીખુશીથી આપ્યું – ગાયે દૂધ, મોરે પીંછી, પાદશાહે ઘોડો, કુંભારે ઘડૂલો વગેરે. કઈ વસ્તુની માર્કેટ-વૅલ્યુ શું છે એની સદ્‌ભાગ્યે બાળકને ખબર નથી એટલે એ બાવળને ઘોડો આપીને એની પાસેથી શૂળ મેળવવામાં સંકોચ નથી અનુભવતું. આ જાતની વાર્તાઓને વાર્તાકાર ઇચ્છે એ પ્રમાણે લાંબી-ટૂંકી કરી શકાય. બાળકને રાજી કરીને વાર્તા પૂરી કરી શકાય. આ વાર્તામાં છેવટે માદેવજી પાસેથી લાડવા મેળવવામાં આવે છે. ઘરમાં સૌએ લાડવા ખાધા, પણ કાકાના ભાગના લાડવા કાળિયો કૂતરો આવીને ખાઈ ગયો. કોઈ એમ પૂછે કે ત્યારે કૂતરાના ભાગના લાડવા પણ માદેવજી પાસેથી લઈ લેવા હતા ને, તો એને કહેવાનું કે વાર્તાકાર જેને ચીડવવા કે ખીઝવવા ઇચ્છે તેનું નામ દઈને જે લાડવો બાકી રાખી મૂકે

તે કાળિયો કૂતરો આવીને ખાઈ જાય. વાર્તામાં જે બાળકનું નામ આ રીતે લેવામાં આવે તેનું મોં જુઓ તો ખબર પડે કે સાચોસાચ લાડવો ગુમાવ્યાનું એને કેટલું દુઃખ છે !

મોંમાથા વિનાની વાર્તાઓમાં પહેલી છે 'એક હતી ઊ, તેને થઈ ટૂ'. એટલે શું ? એવો પ્રશ્ન તમારે નહીં પૂછવાનો. આવી ચાર-પાંચ વાર્તાઓ પહેલા ભાગમાં આરંભમાં જ આપી છે. 'કાંટાની અણી પર વસ્યા ત્રણ ગામ, બે ઉજ્જડ અને એકમાં વસ્તી જ નહિ' જેવી અર્થહીન પણ બાળકને તરત ગમી જાય એવી આ વાર્તાઓ ભાંગીને એમાંથી એક સારી અર્થહીન વાર્તા બનાવી હોય તો કંઈ ખોટું નહિ, જોકે આવી અર્થહીન વાર્તાઓમાં પણ, 'તેને (ગાયને) આવ્યા ત્રણ વાછડા, બે ખોટા અને એક સાચો જ નહિ' જેવી પંક્તિઓ નહિ મૂકવી જોઈએ, કારણ વાછડા સાથે સાચા-ખોટાના ભાવનો મેળ બેસતો નથી. આગળ 'તેને આપ્યા ત્રણ ત્રાંબિયા, બે ખોટા અને એક સાચો જ નહિ' પંક્તિમાં સાચા-ખોટા શબ્દો સાર્થક છે.

એક જ વાર્તાને સહેજ ફેરફાર સાથે આ વાર્તાસંગ્રહોમાં વારંવાર મૂકવામાં આવી છે. 'જૂકા પેટે ફૂટ્યા' અને 'ઊંટપગ સડે'માં તત્ત્વની દૃષ્ટિએ બહુ ભેદ નથી. આવી એકબીજીને મળતી વાર્તાઓનો ક્રમ શ્રી તારાબેને મોટે ભાગે પોસેપાસે જ ગોઠવ્યો છે, પરંતુ આ બન્ને વાર્તાઓ વચ્ચે જુદી જ પદ્ધતિની બીજી પાંચ વાર્તાઓ ગોઠવી દીધી છે. એવી જ રીતે 'પાલીમાં પાંચ ઉંદરડા', 'એક ઉંદરની વાર્તા', 'સાત પૂંછડિયો ઉંદર' એક જ વાર્તાનાં જૂજવાં રૂપ છે. 'સાત પૂંછડિયો ઉંદર' ત્રણેયમાં સૌથી વધુ વિકસિત અને સૌથી લોકપ્રિય બનેલ છે એટલે એની નબળી આવૃત્તિ જેવી આગળની બન્ને વાર્તાઓ રદ કરવામાં આવે તો કશું ખોટું નથી. એવી જ રીતે 'કાગે મારું મોતી લીધું' અને 'કાગડો અને ઘઉંનો દાણો' પહેલી પેઢીનાં પિતરાઈ જેટલો નજીકનો સંબંધ ધરાવે છે. શ્રી તારાબેને આ વખતે સારી વાર્તા પહેલાં મૂકી છે અને નબળી વાર્તા પછી મૂકી છે. અંતની દૃષ્ટિએ પણ 'કાગે મારું મોતી લીધું' ચડિયાતી છે કારણ 'કાગડો અને ઘઉંનો દાણો' વાર્તાના અંતમાં વાર્તાકાર જાણે વાર્તા કહેતાં કહેતાં થાકીને 'પ્રોઝેક' શૈલીમાં બધું ઝડપથી સમેટવા માંડે છે. 'નાનીને ઘેર જવા દે' અને 'દીકરીને ઘેર જવા દે' વાર્તાઓ પણ તત્ત્વની

દૃષ્ટિએ સમાન છે. 'એક ચકલીની વાર્તા' અને 'રાજા હું રે પનોતી'માં જે યુક્તિ પ્રયોજેલી છે તેનો જ 'કચેરી મેં જાઉંગા' વાર્તાના અંતમાં ફરી ઉપયોગ કરી લીધો છે. 'હોલાહોલી' વાર્તાનો અંત પણ 'એક ચકલીની વાર્તા'ના અંતને બિલકુલ મળતો છે. 'ભટુરિયાંની વાર્તા'નો વિકાસ 'ભટુડીની વાર્તા' રૂપે થયો છે તો 'કાકીડા દેડકીની વાર્તા' સહેજ વૃદ્ધિ પામીને 'એક દેડકીની વાર્તા' રૂપે આવી છે. 'ભણેલો ભટ' અને 'ભોળો ભટ' વાર્તાતત્ત્વની દૃષ્ટિએ સમાન છે. 'વાદીલો કાગડો' વાર્તાનો કાગડો 'પોપટ અને કાગડો' વાર્તામાં પણ વાદીલો જ રહ્યો છે અને 'વાદીલો હજામ' તો બ્રાહ્મણની સાથે વાદ કરતાં, નવા નાકે દિવાળી કરવા જતાં હતું તેટલું 'નાક' પણ ગુમાવી બેસે છે! 'શિયાળભાઈ, બોર પાકયાં'માં ડોશી શિયાળભાઈને નોતરીને લોઢીને લાલચોળ તપાવીને 'એ સોનાના પાટલા' પર બેસાડે છે તો 'ચકાચકીની વાર્તા'ના ચકારાણા ગોવાળણભાઈને એ જ રીતે દઝાડે છે. 'ડોશી અને વાંદરી'માં ત્રીજીવાર એવી જ આબેહૂબ યુક્તિ કરવાને બદલે વાર્તાકાર લોઢીને બદલે છીપરને લાળચોળ કરાવવાનો અતિ શ્રમ કરાવે છે! 'મગર અને શિયાળ'ની વાર્તા થોડા શાબ્દિક ફેરફારો સાથે 'મગર અને જોવાળિયો' બનીને આવે છે, 'સોનભાઈ અને રૂપભાઈની વાર્તા' 'સોનભાઈ અને બાવો' વાર્તામાં લગભગ ફરીવાર કહેવાઈ છે. આમ એકસરખી વાર્તાઓ બાજુબાજુમાં મૂકવાની પાછળ, લોકજીભે ચડેલી વાર્તામાં કેવા કેવા ફેરફાર થતા જાય છે એ દર્શાવવાનો ઉદ્દેશ જ કદાચ હશે!

જોડકણાં આવતાં હોય તેવી વાર્તાઓ બાળકોને બહુ ગમે છે. વાર્તાના પ્રવાહમાં પદ્યનો પ્રાસ ભળતાં નાનાં બાળકોને વાર્તા સાંભળવામાં મજા પડે છે અને યાદ રાખવામાં સરળતા થઈ પડે છે. 'કાગે મારું મોતી લીધું' કે 'કૂકડી પડી રંગમાં' કે 'કાગડો ને કોઠીંબું' આ જાતની સરસ રચનાઓ છે. કાબરનું મોતી કાગડો ઉપાડી ગયો તો ન્યાય અને મદદ મેળવવા એ લીમડા પાસે, એ ન માનતાં સુતાર પાસે, એ ન માનતાં રાજા પાસે ને એમ રાણી, ઉંદર, બિલ્લી, કુત્તો, ધોકો, આગ, દરિયો અને હાથી પાસે જાય છે પણ કોઈ દાદ દેતું નથી. છેવટે નાનકડો મચ્છર મદદે આવે છે અને ટપોટપ બધાં, હેરાનગતિથી બચવા, મદદ કરવા તત્પર થાય છે અને કાબરને મોતી પાછું મળતાં કાબર કરતાંયે વધુ સંતોષ વાર્તા સાંભળનાર બાળકને થાય છે. એને બિચારાને કયાં ખબર છે કે મોટું થઈને એ જે સમાજમાં જવાનું

છે ત્યાં આજે પણ કાગડાઓ કાબરોને આમ જ લૂંટી લેતા હોય છે. લોકશાહી કે અન્ય સમાજરચનામાં કાબર જેટલી ધીરજ અને ખંત હોય તો જ કદાચ ન્યાય મળી શકે છે નહીં તો તટસ્થોની ઉદાસીનતા અજાણતાં જ 'બળિયાના બે ભાગ'નું સમર્થન કરે છે! આમાં લીમડાથી માંડીને મચ્છર સુધીનો આગળપાછળનો ક્રમ બાળકને યાદ રાખવો પડે છે અને એની સ્મૃતિની દુનિયામાં ક્રમબદ્ધતાનો ગુણ અનાયાસે જ ખીલતો રહે છે. 'કાગડો ને કોઠીંબુ' પણ આવી જ સરસ રચના છે. ગંદી ચાંચ ધોવા માટે કાગડાને કૂવા પાસે, કુંભાર પાસે, ટીંબા પાસે, મૃગલા પાસે, કૂતરા પાસે, ગાય પાસે, સીમ પાસે, લુહાર પાસે ક્રમશઃ જવું પડે છે, પણ પુરુષાર્થી કાગડો આ બધો શ્રમ જરા પણ કંટાળા વગર કરે છે અને કોઠીંબુ બાધે છૂટકો કરે છે. કર્મ અને ફળનો સૂક્ષ્મ સંબંધ આ વાર્તામાંથી બાળકોને અજાણપણે જ મળી રહે છે એવો સાર આ વાર્તામાંથી કાઢવાનું ન ગમે તો કઈ ચીજ ગામડામાં કોની પાસેથી મળે એવી સામાન્ય માહિતી બાળકોને અહીં મળી જાય છે એ તો સ્વીકારવું પડશે જ ને? ગમ્મત સાથે જ્ઞાન આપતી આવી વાર્તાઓની જેટલી પ્રશંસા કરીએ એટલી થોડી છે.

આ જાતની વાર્તાઓમાં 'જૂકા પેટ ફૂટ્યા' અને 'ઊંટપગ સડે'માં આમ શાથી થયું એમ સહાનુભૂતિપૂર્વક પૂછનાર પણ શાપ પામીને દંડાય છે પરંતુ 'કૂકડી પડી રંગમા' વાર્તામાં કૂકડાને થયેલ શોકમાં, પોતાની જાતે જ શાપ વહોરીને દુઃખી થયેલ પીપળો, ભેંશ, નદી, કોયલ, વાણિયો, ગોલો, ગોલી, રાણી, કુંવર અને રાજાને ક્રમશઃ વાર્તાકાર બતાડે છે. રાણી, કુંવર અને રાજા તો શોકમાં ભાગ લેવા નાચવા, વગાડવા માડે છે. આમ ઉપરની બન્ને વાર્તાઓ કરતાં આ વાર્તા એક કદમ આગળ હોવા છતાં ક્રમમાં એને વચ્ચે મૂકી છે.

પંચતંત્ર અને હિતોપદેશની વાર્તાઓની જેમ આ વાર્તાઓમાં પણ પશુપંખીઓનો સંસાર ઠીકઠીક બહોળો છે. બાળકોએ જેને જોયાં છે અને જેમના વિષે સાંભળ્યું છે તેવાં જ પશુપક્ષી મોટે ભાગે આ વાર્તાઓમાં આવ્યાં છે. ગિજુભાઈનો પરમ મિત્ર ગધેડો અહીં ગેરહાજર છે એ નોંધવું જોઈએ. ઉંદર, કાગડો અને શિયાળ વારંવાર આવે છે.

કાગડા અને શિયાળની ચતુરાઈ બતાવતી વાર્તાઓ અહીં છે તો એ બન્નેને લુચ્ચાઈના કારણે સજા ભોગવતાં પણ આપણે જોઈએ છીએ. ચતુરાઈ અને લુચ્ચાઈની વચ્ચે સીમારેખા ખેંચવી કઠણ છે. હંસ પાસે કાગડાભાઈને હારતાં (હંસ અને કાગડાની વાર્તા) અને ઉંદર પાસે શિયાળ-ભાઈને હારતાં (શિયાળની વાર્તા) પણ આપણે જોઈએ છીએ. સિંહ, વાઘ વગેરેને – ડાકણને પણ – આ વાર્તાઓમાં બીતાં આપણે જોઈએ છીએ. બિવડાવે એવાં પ્રાણીઓને પણ બીતાં જોવામાં બાળકોને બહુ મજા પડતી હોય છે, કદાચ આ પ્રાણીઓ તરફનો એમનો ભય પણ એથી ઓછો થતો હોય !

આ શ્રેણીની વાર્તાઓમાં સર્વાધિક પ્રસિદ્ધ 'પોપટ ને કાગડો'ની વાર્તા છે. ખૂબ ધન કમાઈને લાવતા પોપટ અને ગંદકી લઈને આવતા કાગડાનો તફાવત દેખાડીને વાર્તાકારે સારી ને નરસી રુચિનો ખ્યાલ આપ્યો હશે ? આ વાર્તામાંનાં

"પોપટ ભૂખ્યો નથી,
પોપટ તરસ્યો નથી,
પોપટ આંબાની ડાળ,
પોપટ સરોવરની પાળ,
પોપટ ટૌકા કરે."

એ જોડકણાંનો ઉપયોગ ઘરથી બહાર ગયેલા પુત્રોને ઘરે પત્ર લખતી વખતે કરતા મેં જોયા છે. વાર્તાનો પોપટ માને આવો રૂડો સંદેશો મોકલ્યા કરે છે અને જ્યારે કમાઈને આવે છે અને બહારથી અવાજ કરી માને જગાડે છે ત્યારે 'કોઈ ચોરબોર હશે' એમ માની બારણું નહીં ઉઘાડતી માને બતાવવામાં વાર્તાકારનો શો હેતુ હશે ? કાકી, બહેન, કંઠે વગેરે પાસેથી પણ આ જ રીતે નિરાશ થયેલો પોપટ અંતે મોટી મા પાસે જાય છે અને ત્યાં બારણાં ઊઘડતાં ધનનો ઢગલો કરે છે. કાગડાઓની વાર્તાઓમાં 'આનંદી કાગડો' વાર્તા કહીને વાર્તાકારે 'સુખદુઃખે સમે કૃત્વા'નું ભારે રમ્ય ઉદાહરણ પૂરું પાડ્યું છે. જીવનમાં દરેક પરિસ્થિતિને, દુઃખને પણ સુખપૂર્વક આવકારનાર આ કાગડો સાવ અણજાણમાં બાળકના હૃદયમાં કેવડી મોટી વાતનું બીજ રોપી જાય છે! આવી થોડીક વાર્તાઓ

પણ જીવન તરફની સ્વસ્થ દૃષ્ટિ ઘડી કાઢવા માટે કેવી સમર્થ નીવડી શકે ! ઉંદરોની વાર્તાઓમાં 'સાત પૂંછડિયો ઉંદર' વાર્તાના ઉંદર જેટલો જ બાળકોને ગમતો ઉંદર 'કચેરી મેં જઊંગા' વાર્તાનો છે. બાલમનોવિજ્ઞાનના અભ્યાસી કેટલાક વાર્તાકારો હવે આ વાર્તામાં ફેરફાર કરવાનું સૂચવે છે. આ વાર્તામાં કેન્દ્રીય સ્થાન ભોગવતું આ જોડકણું–

"કચેરી મેં જઊંગા,
સિપાઈ કું બોલાઊંગા,
બડે માર દેઊંગા.
તમાસા દેખૂંગા"

હવે સ્વરાજ્ય આવ્યા પછી બદલવું જોઈએ એમ તેમને લાગે છે. આઝાદ ભારતમાં કચેરી અને સિપાઈની બીક નહીં રાખવી જોઈએ એવું વાર્તામાં આવવું જોઈએ એમ તેઓ માને છે અને એટલે વાર્તા કહેતી વખતે બીકના માર્યા બધા ઉંદરનું કામ કરી દે છે એમ કહેવાને બદલે 'કચેરીની, સિપાઈની બીક બતાવે છે? તો તો કામ નથી કરી દેવાનાં, જા, ધમકીને બદલે વિનંતી કર તો વળી કામ કરી દઈએ' આવું કંઈક તેઓ આ વાર્તામાં લાવે છે, પણ આવી વાર્તાઓ ભારે વ્યંગ્યગર્ભ હોય છે, કવિતાની જેમ આવી વાર્તાઓની વ્યંજનાઓ પણ યુગે યુગે બદલાતી રહે છે. ઉંદરની જગ્યાએ રાજકર્તા પક્ષના કોઈ નાનામોટા કાર્યકરને કલ્પી સરકારી નોકરોને ઉદ્દેશીને

'મિનિસ્ટર પાસ જઊંગા,
બદલી કરાઊંગા,
બડા દંડ દેઊંગા,
તમાસા દેખૂંગા'

કહેતાં તમે સાંભળ્યા નથી ? આવી વ્યંગ્યગર્ભ વાર્તાઓ આ સંગ્રહોને અમરતા બક્ષે છે. હમણાં ગુજરાતના ધારાસભ્યોએ વિધાનસભામાં પોતાના પગારભથ્થામાં વધારો કરી લીધો ત્યારે 'ગુજરાત સમાચાર'ના ઠોઠ નિશાળિયા'એ 'દલા તરવાડી'ની વાર્તાનો સદુપયોગ નહોતો કર્યો ? વાર્તાનો દલો તરવાડી,

'વાડી રે ભાઈ વાડી,
શું કહેા છેા દલ્લા તરવાડી ?
રીંગણાં લઉં બે ચાર ?
લે ને ભાઈ દસ બાર !'

એમ પેાતાની મેળે જ સામસામા સવાલજવાબ કરીને નિરપરાધ ચિત્તો રીંગણાં તેાડતેા તેમ લેાકસભા કે વિધાનસભાના સભ્યેા કે કહેવાતી જાહેર સંસ્થાઓના ટ્રસ્ટીઓ કે કંપનીઓમાં ચેરમેનેા ઘણીવાર પેાતાની મેળે પેાતાનેા પગારવધારેા નથી કરી લેતા ? 'વશરામ ભૂવા' નથી આવતા ત્યાં સુધી જ દલા તરવાડીઓ આમ રીંગણાં તેાડી શકે છે. હજુ આપણા સામાજિક જીવનમાં આ વાર્તાનેા ઉત્તરાર્ધ આવવેા બાકી છે ! 'મા મને છમ વડુ" વાર્તા વાંચતાં કેન્દ્રીય સરકાર પાસે વિવિધ પ્રેાજેક્ટેા માગતી પ્રાદેશિક સરકારેા કે પ્રાદેશિક સરકાર પાસે યુનિવર્સિટી કે કેમ્પસ માગતા જિલ્લાઓ યાદ નથી આવતા ? 'ઠાગઠૈયા કરું છું" વાર્તાના કાગડામાં મહેનતમાં જરાયે મદદ કર્યા સિવાય નફામાં પૂરેા ભાગ માગનાર અનેક જાતના 'સ્લીપિંગ પાર્ટનરેા'ને ન જોઈ શકાય ? જીવનમાં હજુ જેની પ્રતીક્ષા છે તે 'પેાએટિક જસ્ટિસ' આ વાર્તાઓના અંતમાં જોવા મળે છે એ હજુ આપણું સદ્‌ભાગ્ય છે. આંગણામાં આવેલા દેડકાને ઓળખી ન શકનાર અને 'ચણે તેા ચકલું નહિ તેા મેાર તેા ખરેા' એમ ગેાળ ગેાળ રિપેાર્ટ આપનાર વહેતા ભાભાઓ જેવી સમિતિઓ કે કમિશનેા આ દેશમાં ઓછાં છે ?

'ચાંદાભાઈનું ચાંદરણું", 'લેાભી દરજીની વાર્તા' કે 'બેતલીની વાર્તા' જેવી વાર્તાઓ બેાટું કરવા જતાં પકડાઈ જવાથી ઉત્પન્ન થતી ભેાંઠપનેા અનુભવ વર્ણવે છે. 'સાત મૂરખાઓ' શુદ્ધ મેવકૂફીજન્ય આનંદ આપે છે કારણ મૂર્ખાઓ હાસ્યરસનું પહેલેથી અને સર્વત્ર આલંબન બનતા આવ્યા છે. 'રળેા ગઢવી', 'ભેાળેા ભટ', 'ભણેલેા ભટ', 'ટગમગ ટગમગ જેમ ત્યારે તે વળે જ બાવી'તી ને ?' જેવી વાર્તાઓ મૂર્ખાઈ પર વિજય મેળવતી ચતુરાઈની વાર્તાઓ છે. 'મા મને મંતેાલે તલ્લી રે તલ્લી'માં મનેાવિજ્ઞાનનેા જાણકાર પ્રધાન ચતુરાઈપૂર્વક રાણીઓ તેાતડી છે એ જાણી લે છે તેા 'બેાલીબાઈની વાર્તા'માં ચતુર પ્રધાન બિસકેાલી-રાણીને પકડી પાડે એ પહેલાં જ શંકર-પાર્વતીની મદદ મેળવી

લેવામાં આવે છે. લોકવાર્તામાં દયાળુ પાર્વતી અને ઉદારમના શંકર બાળલોકવાર્તામાં પણ આવવાં તો જોઈએ ને ? જો કે 'દેવલાં રે દેવલાં' વાર્તાની ગરીબ ડોશીનાં ગભરુ છોકરાઓને અંતમાં શેવ અને ઘીગોળ મળ્યાં તે આપણને ગમે જરૂર પણ જે ચમત્કારને રસ્તે એ આવ્યાં તે યોગ્ય છે ? 'વખત જેવખત' વાર્તામાં શ્રદ્ધાના જે તત્ત્વની વાત છે તે બાળકને આપવા જેવું છે ખરું ?

'સસાભાઈ સાંકળિયા'ની વાર્તા દર્શાવે છે કે એક યુક્તિથી એક ફાવે પણ બીજો ન પણ ફાવે, તો 'કરતાં હો સો કીજીએ' વાર્તા ખોટી નકલનું પરિણામ બતાવે છે. ભાવાર્થ સમજ્યા વગર આજ્ઞાનું પાલન કરનાર વ્યક્તિએ 'કાને ટોટી, સાથે ચોટી'ની ડોશીની સ્થિતિ સમજવી જોઈએ. કાગડાને, કૂતરાને, મોરને, પાડાને પરણવાની સાફ ના પાડનારી જૂ બાઈ ઉંદરના.

"ખા રોટલો ને ઘીગોળ, પી દૂધ દહીં,
પહેર પટોળાં ને ઓઢ ચીર"

શબ્દોથી મુગ્ધ બનીને હા પાડે છે ત્યારે બાહ્ય સુખોથી અંજાઈને સાસરિયું પસંદ કરનારી કન્યા નથી યાદ આવતી ? પોતાના બાળપણમાં પિતાએ કરેલું અત્યંત સ્નેહભર્યું વર્તન જુવાનીના તોરમાં ભૂલી જનાર પુત્ર માટે કે એ રીતે ઉપકારનો બદલો તુમાખીથી આપનારાઓ માટે 'બાપા, કાગડો' વાર્તા ભારે સૂચક બની રહે તેવી છે !

જીવનમાં સદ્‌ગુણો છે તો દુર્ગુણો પણ છે. એટલે આ બાળવાર્તાઓમાં છેતરવાની વૃત્તિનું વર્ણન કરતી 'ઘી ચોર્યે ઘી સ્વાહા' કે 'અગ્રે અગ્રે વિપ્ર' કે "સોના કર્યા સાઠ' જેવી વાર્તાઓ પણ હોય તો નવાઈ શી ? હા, ઘી ચોર્યે વાર્તામાં બ્રાહ્મણને ઝાડા થઈ જતાં ઘી ચોરવાની સજા મળી રહે છે પણ અન્ય વાર્તાઓમાં છેતરનાર સફળ જ થાય છે. જીવનમાં આવું બને છે માટે વાર્તાઓમાં પણ બને તો વાંધો નહિ એમ આપણે જરૂર દલીલ કરી શકીએ અને વાર્તાકલાનું રક્ષણ થતું હોય તો નીતિસિદ્ધાંતોની થોડી ઉપેક્ષા થાય તોપણ મને વાંધો નથી, પણ 'સોના કર્યા સાઠ'માં નથી મનોરંજન, નથી ઉપદેશ, નથી આનંદ આપનારું કોઈ તત્ત્વ. મિયાંભાઈની નાગાઈ ચતુરાઈ ગણાતી હોય તો મારે કશું કહેવાનું નથી.

આજની દૃષ્ટિએ અરુચિકર લાગે એવી વાર્તાઓ પણ છે. પાદવાની, પવન છોડવાની કે વાહરવાની શારીરિક ક્રિયા આદિકાળથી હાસ્ય ઉત્પન્ન કરતી આવી હોય તોયે આજે તો એનું વર્ણન કરતી વાર્તાઓ ગમતી નથી. હજુ હમણાં જ બાલમંદિરમાં જતી થયેલી અને જેને હજુ વાંચતાં આવડતું નથી એવી એક બાળકીને મેં આ વાર્તાઓ સંભળાવી તો તેનો તાત્કાલિક પ્રતિભાવ આ હતો : 'આવું ગંદું તે કાંઈ વાર્તામાં આવતું હશે?' એ કદાચ મુંબઈમાં વસવાને કારણે આવી બાબતમાં વધારે 'ચોખલિયા' વૃત્તિની હશે પણ અન્ય સ્થળોએ પણ આ ક્રિયાનું ભલે રમૂજી વર્ણન પણ બાળકોને આહ્લાદક લાગતું હશે કે કેમ તેમાં મને શંકા છે. 'ઊ અને ટૂ ની વાર્તા' સંવાદાત્મક છે. તેનો અંતિમ સંવાદ છે 'પાદું કેમ?' 'ઢમ ઢા.' અભિનય સાથે આ વાર્તા કહેનાર શિક્ષક કદાચ હાસ્ય ઉત્પન્ન કરી પણ શકતા હશે પણ આજે એ અરુચિકર લાગે છે. 'દીકરીને ઘેર જવા દે' વાર્તાની ડોશી ભંભોટિયામાં પેસી છેક ઘર સુધી પહોંચી જાય છે અને પાછળ આવનારાં જનાવરોની આંખમાં ધૂળ નાખવા, રાખના એક મોટા ઢગલા પર બેસી જોરથી પવન છોડે છે જેથી બધાંની આંખમાં રાખ ઊડે છે અને ડોશી લાગ જોઈને ઘરમાં પેસી જાય છે. ડોશીને ઘરમાં પેસાડવા માટે બીજી યુક્તિ ન યોજી શકાય? ઘડીભર માની લઈએ કે બાળકને મન કોઈ શારીરિક ક્રિયા સારી કે ખરાબ હોતી નથી એટલે એને કહેવાતી વાર્તામાં આવું આવે તો એ સ્વાભાવિક ગણાવું જોઈએ, પણ એકાદ વાર આવે તો ગમ્મત ખાતર પણ ચલાવી લઈએ પણ આ જ યુક્તિનો આધાર લઈને રળો ગઢવી પણ ડોશીનું ઘન પડાવી લે ત્યારે બહુ ગમ્મત પડતી નથી. 'હોરો ને હોરી'ની વાર્તાનું 'થીમ' ભલે મૂર્ખાઈનું વર્ણન હોય પણ એ વાર્તાનું કેન્દ્રબિંદુ તો આ શારીરિક ક્રિયા જ છે. ભેંશ દોવા બેઠેલી હોરીથી વાહરી જવાયું અને એને એનો એટલો સંકોચ થયો કે આ ભેંશ સાંભળી ગઈ, એ જોવાળને કહેશે, એ આખા ગામને કહેશે, ફજેતી થશે એવા કાલ્પનિક ભયથી હોરો ને હોરી ગામ છોડીને ચાલી જવા તૈયાર થયાં! એ બન્નેની કે 'હોરીજી વાહર્યાં છે' એ વાતનો ગામમાં પ્રચાર ન થવો જોઈએ એવી આજ્ઞા ઢોલ ટિપાવીને પ્રસારિત કરનાર રાજાની મૂર્ખાઈ આપણું ધ્યાન ખેંચે છે, પણ સભ્ય સમાજમાં આવી શારીરિક ક્રિયા એક જાતનો સંકોચ

તો ઉત્પન્ન કરે જ એની નોંધ તો આ વાર્તાના આધારે પણ આપણે લઈ શકીએ.

વાર્તાઓમાં અસાવધાનીવશ અસ્વાભાવિકતા પણ કયાંક કયાંક આવી ગઈ છે. ચતુર કાગડાને 'કાગડો અને ઘઉંનો દાણો' વાર્તાની ખેડૂત સ્ત્રી પથ્થર ફેંકી નીચે પાડી દે છે તો 'અદેખી કાબર' વાર્તામાં પાંજરામાંથી ઊડી ગયેલો પોપટ પાછો પોતાની મેળે પાજરામાં આવીને બેસે છે (ગુલામીની ટેવ સમજવી ?) વળી 'હજામ અને બાંડો વાઘ' વાર્તાનો વાઘ બાંડો હોવા છતાં 'ઊંચી પૂંછડી લેતોકને' છે તો 'વાણિયો ને કાગડો' વાર્તામાં વાણિયાના મોંમાં કાગડાની ચાચ પકડાણી હોવા છતાં કાગડો 'કોણ, કાકો નંદ કે ?' એવા શબ્દો બોલી શકે છે !

કેટલીક વાર્તાના અંત ટૂંકાવવાથી વાર્તા વધુ સારી બને તેમ છે. 'ચકાચકીની વાતો'માં ખીચડી ખાઈ જનાર અને કૂતરા પર જૂઠું આળ ચડાવનાર ચકીને રાજા કૂવામાં નાખે ત્યાં વાર્તા પૂરી થવી જોઈએ. પછી ચકી બધાંને વિનંતી કરે અને સાઠિયાના ગોવાળણને દયા આવતાં એ ચકાને બહાર કાઢે અને ફરી ચકો એ ગોવાળણ સાથે પોતાની દુષ્ટતાનું પ્રદર્શન કરે એ બહુ જરૂરી નથી. તે જ રીતે 'જૂ બાઈની વાર્તા'માં જૂ બાઈ ઉંદર સાથે પરણે ત્યાં વાર્તા પૂરી થવી જોઈએ. પછી ઉંદર ગાડા નીચે ચગદાઈ જાય અને જૂ બાઈ માથે છેડો નાખી મોં વાળીને

'કાગડાને ન મોહી, કૂતરાને ન મોહી,
મોતી ચણંતા મોરને ન મોહી, ઢચૂક ઉંદરડા ! ઢચૂક.
પાડાને ન મોહી, પીપળાને ન મોહી, ઢચૂક, ઉંદરડા ! ઢચૂક.'

એમ રોવે એથી કંઈ વાર્તાનો વિકાસ થતો નથી. આમાંથી કોઈને મોહી હોત તો એ પણ મરી શંકત ! કે પછી આ બધામાં ઉંદર સાથે મોતનું જોખમ વધારે માટે જૂબાઈએ ભૂલ કરી એમાં વાર્તાકારને બતાવવું હશે ?

આ વાર્તાઓ કહેવાતી ત્યારે રાષ્ટ્રભાષા બનનારી હિંદી ભાષાના પ્રચારની ઝુંબેશ ખાસ શરૂ થઈ નહોતી. પણ આ વાર્તાઓમાં ઠેર ઠેર હિન્દી ભાષાનો જેટલો અશુદ્ધ તેટલો જ મીઠો પ્રયોગ જોવા મળે છે. 'જૂકા પેટ ફૂટચા', 'કંચેરી મેં જાઉંગા', 'ધાસકા પૂળા ખા જા', 'બડબડ બડબડ બોલત હે', 'દો બાઘ દો બાઘનિયાં', 'કરતા હો સો કીજીએ',

'વખત બેવખત' વગેરે વાર્તાઓનાં તો શીર્ષકો પર પણ હિંદીનો પ્રભાવ છે. એમાં સિપાહી, મિયાંભાઈ કે સાધુએ હિંદી બોલવું જોઈએ એવી માન્યતા હશે કે હિંદી પ્રદેશોમાંથી આ વાર્તાઓની આયાત થઈ હશે? કાકાસાહેબે આ વાર્તાઓને સહેજ ફેરફાર સાથે બધે વિચરતી જોઈ છે એમ તેમણે પ્રસ્તાવનામાં નોંધ્યું છે. ગિજુભાઈએ બે પંચમી બાળ-વાર્તાઓને ગુજરાતી રૂપ આપી દીધું છે એવી ટકોર પણ તેમણે કરી લીધી છે પણ એ બે વાર્તાઓ કઈ તે તેમણે અકબંધ રાખ્યું છે! આ વાર્તાઓનાં પ્રાણીઓ પણ હિંદી બોલે છે.

'કિસકી ડોશી કિસકા કામ,
ચલ ભંભોટિયા અપને ગામ'

પંક્તિઓ તો 'કચેરી મેં જાઉંગા'ની જેમ તરત હોઠે ચડી જાય છે, પણ 'કાણી ચકલી' વાર્તાની ચકલી જ્યારે 'સબ મિલે ભાઈ, ફાંદની રંગ છાછુ' બોલે છે ત્યારે ભાષા અસ્પષ્ટ જ રહે છે.

બાળકોને ગમ્મત અને ચતુરાઈની જ વાર્તાઓ ગમે છે એવું નથી. કરુણ વાર્તાઓ પણ બાળકો પર ભારે પ્રભાવ મૂકી જાય છે. 'માના દેગમશી', 'હોા આંબાભાઈ, હોા લીંબાભાઈ' અને 'સોનભાઈની વાર્તા' આનાં ઉત્તમ ઉદાહરણો છે. આ વાર્તાઓ સાંભળતી વખતે બાળકોના ચહેરા ઢીલા ઢફ થતા જતા જોઈને વાર્તાકાર પામી જાય છે કે વાર્તા બાળકની અંદર સોંસરવી ઊતરી રહી છે. 'ગુડા–ગુડીની વાર્તા' કે 'હોા આંબાભાઈ, હોા લીંબાભાઈ'ની વાર્તા સુખાંતમાં પરિણમે છે એટલે એ ચહેરાઓ પર ફરી સંતોષ ને આનંદની લહેરખી ફરી વળે છે. પણ 'માના દેગમશી' અને ખાસ કરીને 'સોનભાઈની વાર્તા' સાંભળ્યા પછી બાળકોને થોડીવાર કચાંયે ચેન નથી પડતું એ જાતઅનુભવની વાર છે. આ બન્ને વાર્તાઓની કરુણતામાં સામ્ય એ છે કે બન્નેમાં ભાઈ જેવો ભાઈ ઊઠીને બહેનને પરણવા માગે છે – પહેલી વાર્તામાં અજાણપણે, તો બીજીમાં જાણી જોઈને, એટલે 'માના દેગમશી'નો ભાઈ, બહેનની ઓળખાણ પામતાં શરમ અને ભોંઠપ અનુભવે છે અને પસ્તાવો સહન ન થતાં બારીઓથી કૂદીને આત્મહત્યા કરે છે, પણ સોનભાઈ ભાઈના હઠથી ત્રાસીને રૂખડાના ઝાડ પર ચડી જાય છે અને જેમ જેમ સગાંસંબંધીઓ સમજાવવા આવે છે તેમ તેમ રૂખડો ઊંચો જતો જાય છે. એવી લહેકાદાર ભાષામાં આ

સંવાદો બોલાય છે કે બાળકો એકચિત્તે વાર્તામાં ડૂબી જાય છે. દા. ત., મા સોનબાઈને સમજાવે છે :

ઊતરો રે મોરાં સોનબાઈ ગોરાં !
મોતી તોરણ રજે ભરાય છે;
ફૂલની માળા કરમાઈ જાય છે;
રાતો ચૂડલો રજે ભરાય છે;
બ્રાહ્મણ બેઠો બોટી થાય છે;
લગનવેળા વહી જાય છે.

સોનબાઈ જવાબ આપે છે :

નહિ ઉતરું રે, નહિ ઉતરું રે !
આજ તું થા છો સગી રે માડી;
કાલ તું થાશે સગી રે સાસુ;
વધ વધ રૂખડા વધી જજે.

છેવટે સોનબાઈની, વાર્તાકારની અને સૌ સાંભળનારની ઇચ્છાને માન આપીને રૂખડો ઠેઠ આકાશ સુધી પહોંચી જાય છે અને પરમેશ્વર સોનબાઈને બોંચી લે છે ત્યારે સૌને 'હાશ' થાય છે ! ગુજરાતનાં બાળકોને આ વાર્તાઓ રૂપી પરમેશ્વર ઘરે ઘરે સાંપડો !

---

૨૬. બાલોપનિષદ—ગિજુભાઈની બાળવાર્તાઓ

ભારતલાલ પ્રે. પાઠક

ઉપનિષદ એટલે સરળ ભાષા, અર્થભરી વાણી, અત્યંત લાઘવ, જે કંઈ કહેવું હોય તે વાર્તા દ્વારા રસભરી રીતે કહેવાનું, આબાલવૃદ્ધ સૌને માટે રસપૂર્ણ, જીવનસંદેશથી સભર અને સ્ફટિક સમ નિર્મળ-પ્રાંજલ ભાષા. ઉપનિષદો વિશે આપણા મનમાં આવો ખ્યાલ છે. ગિજુભાઈની બાલવાર્તાઓ વાંચતાં પણ આવો ખ્યાલ આપણા મનમાં ઊભો થાય છે. અને તેથી તેમની બાલવાર્તાઓ ઉપનિષદ—બાલોપનિષદ (બાળકો માટેનું ઉપનિષદ) કહેવાનું મન થઈ જાય છે.

મહાકવિ કાલિદાસ વિશે કહેવાય છે કે—

काव्येषु नाटकं रम्यं, तत्र रम्यं शकुन्तलं,
तत्रापि च चतुर्थोङ्कः, तत्र श्लोक चतुष्टयम् ।

કાવ્યોમાં નાટકો શ્રેષ્ઠ છે, નાટકોમાં શાકુન્તલ શ્રેષ્ઠ છે. શાકુન્તલ નાટકમાં ચોથો અંક ઉત્તમ છે અને ચોથા અંકમાં ચાર શ્લોકો સૌથી ઉત્તમ છે. ગિજુભાઈના સમગ્ર પ્રદાનને નિહાળતાં પણ એક આછી આછી આવી લાગણી થાય છે કે ગિજુભાઈનાં જીવનકાર્યોમાં—સમગ્ર બાલશિક્ષણ અંગેના તેમના કાર્યમાં તેમનું સાહિત્યપ્રદાન શ્રેષ્ઠ છે. સાહિત્યપ્રદાનમાં તેમનું બાલસાહિત્યસર્જન ઉત્તમ છે. અને ગિજુભાઈના બાલસાહિત્યમાં તેમની બાલવાર્તાઓ હીરાકણીઓ સમી સર્વશ્રેષ્ઠ છે. આજે આ લેખમાં આપણે શ્રી ગિજુભાઈની આ બાલવાર્તાઓ ઉપર એક વિહંગદૃષ્ટિ કરીએ.

૧૯૨૦–૨૧માં ગિજુભાઈએ બાલમંદિરમાં કામ કરવાનું શરૂ કર્યું. કામ કરતાં કરતાં બાલશિક્ષણમાં તેમને બાલવાર્તાઓનું મહત્ત્વ સમજાયું. તેઓ બાલવાર્તાઓ એકઠી કરતા અને બાળકોને એ કહેતા. બાળકો સાથે પ્રેમ બાંધવામાં, બાળકોની અભિમુખતા સાધવામાં, બાળકોના ભાષા-

વિકાસમાં અને બાળકોના સમગ્ર જીવનવિકાસમાં આ વાર્તાઓ તેમને ખૂબ ખૂબ મદદરૂપ બનતી હતી. બાલવાર્તાઓ એકઠી કરવાના આ કામમાં મોંઘીબહેન, જડીબહેન, નર્મદાબહેન, મનુભાઈ, કમળાબહેન, રામભાઈ, હેમુભાઈ, તારાબહેન મોડક, નાનાભાઈ ભટ્ટ વગેરે સૌ સાથીદારોની મદદ લીધી. "મોંઘી, કાલે એક-બે બાલવાર્તાઓ કયાંકથી સાંભળતી આવજે ને. આપણે બાળકોને કહીશું." મોંઘીબહેન બીજા દિવસે બે-ત્રણ વાર્તાઓ આડોશપાડોશમાંથી સાંભળતાં આવે. તારાબહેન મોડક અને નાનાભાઈ ઇતર ભાષાઓમાંથી વાર્તાઓ લાવ્યાં. ગિજુભાઈ પાસે બાલમંદિરમાં કન્નડ પટાવાળો હતો. ગિજુભાઈએ તેને પણ પૂછ્યું : "રંગાભાઈ, તમારા ઘરમાં બાળકોને કઈ વાર્તાઓ કહો છો ? મને કહો. આપણે બાલ-મંદિરનાં બાળકોને કહીશું."

આમ બધી વાર્તાઓ એકઠી થઈ. શ્રી તારાબહેને એ વાર્તાઓને ક્રમમાં ગોઠવી. શ્રી રવિશંકર રાવળ અને સોમાભાઈ શાહે એમાં સુંદર ચિત્રો કરી આપ્યાં. અને પછી આ બાળવાર્તાઓ પ્રગટ થઈ. પ્રથમ આવૃત્તિમાં આ વાર્તાઓ ક્રમસર છપાઈ નહોતી. જેમ જેમ ગિજુભાઈ પાસે વાર્તાઓ એકઠી થઈ તેમ તેમ સંગ્રહ કરીને છપાવી. ૧૯૨૯માં બીજી આવૃત્તિ વખતે શ્રી તારાબહેને ક્રમમાં ગોઠવીને પાંચ ભાગમાં આ વાર્તાઓ છપાવી. ૧૯૭૯માં શ્રી આબિદ સૂરતીએ કરેલાં રંગીન ચિત્રો સાથેની આવૃત્તિમાં દસ ભાગમાં આ વાર્તાઓ આર. આર. શેઠની કંપનીએ છાપી છે. દસ ભાગમાં લગભગ સોએક વાર્તાઓ છે.

આ વાર્તાઓમાંના વિષયો બાળકોની દુનિયામાંના છે. પશુઓ, પંખીઓ અને માણસો આ વાર્તાના વિષયો છે. ચકલી, પોપટ, મોર, કાગડો, કલબલ કરતી કાબર, હંસ, બગલો વગેરે પંખીઓ આ વાર્તાઓમાં છે. સિંહ, વાઘ, ભેંસ, ઊંટ, બિલાડી, બકરી, ઉંદર, સાપ, ખિસકોલી, જૂ, મગર, કૂકડો, શિયાળ, કાકીડો, દેડકી, કાચબો વગેરે પ્રાણીઓ આ વાર્તાઓમાં દેખાય છે. માનવપાત્રો પણ ખૂબ આવે છે. રાજા, પ્રધાન, સિપાઈ, ડોશી, સુથાર, દરજી, મોચી, રાણી, દાસી, બેડૂત, બેડૂતની સ્ત્રી, વાણિયો, વાણિયણ, બ્રાહ્મણ, બ્રાહ્મણી, હજામ, ચોર, લૂંટારા વગેરે અનેક પાત્રો અને તેમનાં પણ વિધવિધ રૂપ અહીં નિરૂપાયાં છે. લોભી વાણિયો, બાઉધરી વાણિયણ, લુચ્ચી બેમલી, મૂર્ખ પુત્રવધૂ, વિદ્વાન રાજકન્યા, "વાણિયા બદાણિયા" વાર્તામાંના ચતુર વાણિયા, "સસાભાઈ સાંકળિયાં"

વાર્તામાંના બીકણ બાવાજી, વાદીલો હબ્બમ, ચતુર દલો તરવાડી, તરવાડીની રીંગણાપ્રેમી વહુ, એમનાથી ય હોશિયાર વશરામ ભૂવો, "ઘી ચોર્યે સ્વાહા" વાર્તામાંના ઘીલોભી બ્રાહ્મણ-બ્રાહ્મણી—કેટલાકને યાદ કરશું ? ટૂંકમાં કહીએ તો બાળકોની આજુબાજુની સમગ્ર દુનિયા જાણે અહીં દૃષ્ટિગોચર થાય છે. કોઈ વાર્તામાં પાત્રની હોશિયારીની વાત આવે છે. જેમકે "વાણિયા-બદાણિયા", "દીકરીને ઘેર જવા દે" વગેરે વાર્તાઓ આવી છે. તો કોઈ વાર્તાઓમાં પાત્રોની મૂર્ખાઈ રજૂ થઈ હોય છે. જેમકે "કાને ટોટી માથે ચોટી", "રાજા અને ખિસકોલી" જેવી કોઈ વાર્તામાં ઈશ્વરની કરુણાની વાત આવે છે. પાર્વતીજીની વિનંતીથી ભગવાન શંકર ખિસકોલીને સોળ વરસની સુંદરી બનાવી દે છે. માનવસ્વભાવોનું તો કેવું સુંદર પ્રતિબિંબ આ વાર્તાના વિષયો તરીકે છે. કચેરીમેં જાઉંગા, પેમલો અને પેમલી, સાત પૂંછડિયો ઉંદર, આનંદી કાગડો, ટીડા-જોશી, બાપા કાગડો, વાદીલો હબ્બમ, કાકીડો અને દેડકી વગેરે વાર્તાઓ આ પ્રકારની વાર્તાઓ છે. મા મને છમવડું એ વાર્તાનું નાનું કુટુંબ-સુખી કુટુંબનો મહિમા બતાવે છે. કુટુંબનિયોજનના કાર્યકર્તાઓની નજર હજુ આ વાર્તા ઉપર ગઈ લાગતી નથી.

આ વાર્તાઓમાં વિવિધ રસ જોવા મળે છે. સોનબાઈની વાર્તામાં આકાશ સુધી રૂખડો વધે છે ત્યાં તથા પાર્વતીની કૃપાથી શંકર ખિસકોલીને સોળ વરસની સુંદરી બનાવે છે ત્યાં અદ્‌ભુત રસ દેખાય છે. ભટૂડીનાં બચ્ચાંને ખાઈ જનાર વાઘનું પેટ ફાટયું અને બચ્ચાં તેમની મા પાસે દોડી આવ્યાં ત્યાં પણ અદ્‌ભુત રસ છે. સોનબાઈને બાવો ઉપાડી જાય ત્યાં, ગુડોગુડી વાર્તામાં દાસી રાણીનાં કપડાં પહેરીને રાણી થઈ ગઈ અને રાણીને દાસી થવાનો સમય આવ્યો ત્યાં કરુણરસ છે. વાર્તાઓના અંતમાં જ્યાં સુખાન્ત પરિસ્થિતિ ઊભી થતી હોય છે ત્યાં બધે શાન્તરસ છે. કચેરીમેં જાઉંગા બોલતો ઉંદરડો અને ટશુકલાઈની વાર્તામાંના વાઘબાબાના ભાણિયા વીરરસનું દર્શન કરાવે છે. હાસ્યરસ તો સર્વત્ર વિલસે છે. હાસ્યરસનું સામ્રાજ્ય સર્વત્ર છે. બાળકોનો સૌથી વધુ પ્રિય રસ પણ હાસ્યરસ જ છે ? ને તમામ વાર્તાઓમાં અન્ય રસની જોડાજોડ આ હાસ્યરસ તો ડોકિયાં કરતો જ હોય છે. હોરો અને હોરી, બોલે તે બે બાય, દલા તરવાડી, વાદીલો હબ્બમ, વાણિયા બદાણિયા વગેરે વાર્તાઓમાં હાસ્યરસનાં જાણે પૂર ઊછળે છે, આ બાલવાર્તાઓનો બાલભોગ્ય અને

લોકભોગ્ય બનાવવામાં આ હાસ્યરસનો ફાળો જેવો-તેવો નથી. બાલ-વાર્તાઓમાંના આ હાસ્યરસ વિશે શ્રી તારાબહેન મોડકે એક લેખમાં વિશદતાથી સુંદર ચર્ચા કરી છે. જિજ્ઞાસુ વાચકોએ એ લેખ વાંચવા જેવો છે.

આ બધી વાર્તાઓમાંની ભાષા તો ખરેખર ઉત્તમ છે. સરળતા, બાલભોગ્યતા અને મધુરતા અદ્‌ભુત છે. ગિજુભાઈ ઉપર મા સરસ્વતીના ચારેય હાથ હોય એવું લાગે છે. નાનાં નાનાં ટૂંકાં વાકયો, શબ્દોના સાથિયા પુરાતા જાય અને અર્થના રંગ ઊપસતા જાય. વર્ણનકલા અને શબ્દચિત્રો ઉપસાવવાની અજબ એવી એમને ફાવટ છે. જોડાક્ષરોનો ઉપયોગ બને ત્યાં સુધી ટાળે છે. જનસમાજની બોલચાલની સૌરાષ્ટ્ર તરફથી ભાષા તેઓ વાપરે છે. લાઘવનો ગુણ તો તેમના સમગ્ર બાલસા-હિત્યનો પ્રધાન ગુણ છે. મોટાઓ માટેના સાહિત્યમાં લંબાણ કે પ્રસ્તાર કંઈકેય સહ્ય બને. ગોવર્ધનરામના "સરસ્વતીચંદ્ર" ગ્રંથના વાચકો લંબાણને કંઈક સહન પણ કરે. પરંતુ ગિજુભાઈના આરાધ્ય દેવ એવાં બાળકો આવું લંબાણ ઓછાં સહન કરે ? લાઘવના ગુણથી જ આ વાર્તાઓ વર્ષો સુધી બાલભોગ્ય અને લોકભોગ્ય રહી છે. ઉપનિષદોમાં અને ઈસપની કથાઓમાં આવું લાઘવ જોવા મળે છે. "ગધેડું" પુસ્તિકામાંની "દાદાની શિખામણ" નામની બે પાનાની વાર્તા લાઘવના ગુણથી જ સુંદરમ્‌ની વાર્તા "માજા વેલાનું મૃત્યુ"ની જોડાજોડ ઊભી રહી શકે તેવી બની ગઈ છે.

ગિજુભાઈની ભાષાનાં થોડાં ઉદાહરણ જોઈએ :

૧. "વેલો મેં ગાયને નાખ્યો, ગાયે મને દૂધ આપ્યું, દૂધ મેં મોરને પાયું, મોરે મને પીંછી આપી, પીંછી મેં પાદશાહને આપી, પાદશાહે મને ઘોડો આપ્યો....." ("કહાણી કહું કૈંય" વાર્તા)

૨. "એક હતો બ્રાહ્મણ અને એક હતી બ્રાહ્મણી. એમને સાત છોડીઓ. બ્રાહ્મણ ઘરનો બહુ જ ગરીબ. રોજ બિચારો સાત ગામ માગે ત્યારે માંડમાંડ પેટનું પૂરું થાય.

એક દિવસ બ્રાહ્મણને વડાં ખાવાનું મન થયું એણે બ્રાહ્મ-ણીને કહ્યું : "આજ તો વડાં ખાવાનું મન થયું છે."

("મા મને છમ વડું" વાર્તા)

૩. એક હતો કણબી અને એક હતી કણબણ. એક એકનું માથું ભાંગે એવાં. એક એકને પહોંચી વળે એવાં.

સાંજનો વખત હતો. કણબી ખેતરેથી આવી ખાટલે બેઠો બેઠો થાક ખાતો હતો ત્યાં તો કણબણ રાંધણિયામાંથી બોલી : "એ સાંભળ્યું કે? મારે પિયરથી ઓલ્યો સાંડણ ભરવાડ આવ્યો છે. ઈ સમાચાર લાવ્યો છે કે ત્યાં દુકાળ પડ્યો છે ને ખાવા મળતું નથી. મારાં માબાપ ડૂબળાં થઈ ગયાં છે. એટલે કહું છું કે આજ ને આજ જઈ ને ગાડું ભરી ઘઉં નાખી આવો અને આ ટીલડી ગાય પણ સાથે લેતા જજો સમજ્યા ? ("લે રે હૈયા ભરૂ"—વાર્તા)

ભાષાની ઉત્તમતા તો ગિજુભાઈના સમગ્ર બાલસાહિત્યમાં અદ્‌ભુત છે. ગણપતિ બાપા, કબાટ, ગધેડું, તિરંદાજ, છેલ્લો પાઠ વગેરે પુસ્તિકાઓ તેનાં સુંદર ઉદાહરણો છે. લંબાણના ભયે તેમાંનાં અવતરણો અહીં મૂકતો નથી.

ગિજુભાઈની ભાષાની બાલભોગ્યતા અને રસપ્રચૂરતાને લીધે જ ગુજરાતના વિદ્વાનોએ ગિજુભાઈને બાલસાહિત્યનાં સમ્રાટ તરીકે નવાજીને ૧૯૩૨માં રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત કર્યો હતો. ગિજુભાઈની ભાષાની આ ઉત્તમતાનું એથી વિશેષ બીજું કયું પ્રમાણપત્ર હોઈ શકે? આ વાર્તાઓને લખાયે અડધી સદી કરતાં પણ વધારે વર્ષો થઈ ગયાં છે. અને છતાંય આ વાર્તાઓ ગુજરાતના બાલસાહિત્યમાં ટોચની કક્ષાએ બિરાજે છે. આ વાર્તાઓનાં નવાં નવાં સંસ્કરણો (એડીશન) થતાં જાય છે અને પેઢી દર પેઢીનાં ગુજરાતી બાળકો તથા માબાપો એનો લહાવો માણતાં રહે છે. દિવાનબહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ કહ્યું હતું : " આવા બીજા ગિજુભાઈ ગુજરાત અને કાઠિયાવાડને મળતાં દાયકાના દાયકાઓ વહી જશે.'

આ બધી વાર્તાઓને રસભરી બનાવવામાં વાર્તાઓમાંનાં કાવ્યો અને જોડકણાંઓએ પણ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. "કહાણી કહું કૈયા, સાંભળ મારા છૈયા" એ વાર્તા પદ્યમય વાર્તા છે. ભટુરિયાં, ઘી ચોયે ઘી ચોયે સ્વાહા, ટશુકભાઈ વગેરે વાર્તાઓમાં સુંદર જોડકણાં છે.

હાથડા તે થોભશે સાંગો—સરવણ,
પગડાં તે ઝાલશે લાખો—લખમણ;

માથડાં તે કાપશે ટશુકભાઈ
ને દીવડો તે ઝાલશે ડોહલીબાઈ.

આ બધાં જોડકણાંઓથી આ વાર્તાઓ બાળકોને જલદી જલદી કંઠસ્થ થઈ જાય છે. તેમાં ખૂબ ખૂબ રસ પડે છે અને આ જોડકણાંઓથી આ વાર્તાઓ ઉત્તમ કવિઓનાં કાવ્યો જેટલી રસમધુર બની ગઈ છે. રીધમ (તાલબદ્ધતા) અને ગેયતા પણ વાર્તાનાં જરૂરી અંગો છે. અમુક શબ્દો કે વાક્યો એક ખાસ પ્રકારના તાલ અને લય સાથે રીપીટ (પુનરાવર્તિત) થતાં હોય તો વાર્તા વધુ અસરકારક બની જાય છે. ગિજુભાઈની વાર્તાઓમાં આવી તાલબદ્ધતા, ગેયતા અને પુનરાવર્તન ખૂબ આવતાં હોય છે. લે રે હૈયા ભરૂ, સસાભાઈ સાંકળિયા, દલા તરવાડી, ઘી ચોર્યે ઘી ચોર્યે સ્વાહા, આનંદી કાગડો, વાણિયા બદાણિયા, ટણુન ટોકરો વગાડતા રળા ગઢવીની વાર્તા, દીકરાને ઘેર જવા દે, હાથના લેશું હજાર... વાળી ખીલીબાઈની વાર્તા, ઠાગાઠૈયા કરતા કાગડાભાઈ, કાગે મારું મોતી લીધું—આ બધી વાર્તાઓ આવાં જોડકણાં અને ગીતગુંજનોથી ભરેલી છે.

વાર્તાઓને નથી હોતા દેશ કે નથી હોતા પરદેશ. એ તો આંતરરાષ્ટ્રીય નાગરિકત્વ ધરાવનાર ચિરપ્રવાસી જેવી હોય છે. એક દેશમાંથી બીજા દેશમાં જરાય રોકટોક વગર મુસાફરી કરતી હોય છે. ગિજુભાઈની વાર્તાઓમાં કોઈ વાર્તા પંજાબથી આવી છે (કૂકડી પડી રંગમાં), તો કોઈ વાર્તા કર્ણાટકના ગેરસપ્પાના ધોધ પાસેથી આવી છે (ગોળ કેરી ભીતરડી ને શેરડી કેરા સાંઠા–ભટુડીની વાર્તા). નકો નકો રાજા, કચેરીમેં જાઉંગા, કીસકી ડોશી કીસકા કામ ચલ ભંભોટિયા અને ગામ-વાળી ભંભોટિયાની વાર્તા – આ વાર્તાઓ મરાઠી વાર્તાઓ છે. મરાઠી માબાપો પોતાનાં બાળકોને રાજાપેક્ષા માઝી ટોપી ચાંગલી, પળ રે ભોપળ્યા ટુણુક ટુણુક વાર્તાઓ કહેતાં હોય છે. ભંભોટિયાની વાર્તા ગુજરાત અને મહારાષ્ટ્ર બંને પ્રદેશમાં કંઈક ફેરફાર સાથે પ્રચલિત છે. ગુજરાતમાં ઘેટાનું બચ્ચું મુખ્ય પાત્ર છે. નાનીને ઘેર જઈને પાછું આવે છે ત્યારે ભંભોટિયામાં બેસીને ઘર સુધી આવ્યું. પણ જેવું ભંભોટિયામાંથી નીકળી ઘરમાં પેસવા જાય છે ત્યાં શિયાળ, વાઘ વગેરે તેને ખાઈ જાય છે. મરાઠી વાર્તામાં આવો કરુણરસ નથી. ત્યાં તો જમાનાની ખાધેલ ડોશી મુખ્ય પાત્ર છે. દીકરીને ઘેરથી પાછા ફરતી વખતે ભંભોટિયામાં બેસીને આવે છે અને ઘરમાં પેસતી વખતે રાખના ઢગલા પર બેસીને એવા જોરથી

પાદે છે કે પેલા શિયાળ-વાઘની આંખમાં રાખ ઊડે છે અને ત્યાં તો ડોશી ઘરમાં પેસી જાય છે. દેશપરદેશની આ બધી વાર્તાઓને ગિજુભાઈએ ગુજરાતી રૂપરંગ એવાં તો લગાડી દીધાં છે કે તેઓ સંપૂર્ણ ગુજરાતી બની ગઈ છે.

સમાજ વર્ષોથી આ વાર્તાઓ પોતાનાં બાળકો માટે વાપરતો હતો. ગિજુભાઈએ એ વાર્તાઓની શક્તિને પિછાની અને એટલે જ આ વાર્તાઓને બાળકો સમક્ષ તેઓ લઈ આવ્યા. પ્રસ્તાવનામાં શિક્ષકોને કડક સૂચના પણ આપી કે "મોટા પંડિત બની વાર્તા કહેશો નહિ. જ્ઞાન આપવા બેસશો નહિ. તટસ્થ રહીને કહેશો નહિ. વાર્તામાં તમે પોતે નહાજો અને બાળકોને નવરાવજો. બાળકો હોંશેહોંશે વારંવાર તે સાંભળશે. પરંતુ બાળકોને ગોખાવશો નહિ. તેમની પાસેથી કઢાવશો નહિ. પરીક્ષા માટે તો ભણાવશો જ નહિ."

આ વાર્તાઓ શૈક્ષણિક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની છે માટે ગિજુભાઈએ પોતાના ગુરુ મેડમ મોન્ટીસોરીના અભિપ્રાયથી વિરુદ્ધ જઈને બાળકેળવણીમાં આ વાર્તાઓને ઘણું ઘણું સ્થાન આપ્યું છે. ગિજુભાઈ પોતે ઉત્તમ બાલશિક્ષક બની શક્યા તેમાં પણ આ વાર્તાઓનો ફાળો ઘણો બધો છે જે ગિજુભાઈની ડાયરીઓનાં પાનાં જોતાં માલૂમ પડે છે. આ વાર્તાઓ બાળકોને શિક્ષણમાં, શાળામાં અને શિક્ષકમાં રસ ઊભો કરે છે. શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેના સંબંધો ખૂબ જ ગાઢ, પ્રેમભર્યા અને તાદાત્મ્યભર્યા બનાવે છે. શિક્ષણમાં આ વાત કંઈ ઓછી અગત્યની નથી. વળી આ વાર્તાઓમાંની ભાષા બાળકોના વાચનને પુષ્ટ કરે છે. આ વાર્તાઓ હોંશેથી વાંચતાં વાંચતાં બાળકો વાચનમાં કુશળ બની જાય છે. જોડિયા શબ્દોનું વાચન, કહેવતો અને રૂઢિપ્રયોગોના અર્થ સમજવાની શક્તિ. જોડકણાં અને કાવ્યતત્ત્વને પણ માણી શકવાની ક્ષમતા અને ભાષાની વ્યંજનાને પારખી શકવાની તાકાત બાળકોને આ ભાષા આપે છે. આમ બાળકોના ભાષાકીય શિક્ષણમાં આ વાર્તાઓ ઘણો બધો ફાળો આપી શકે છે. વળી આ વાર્તાઓ પરથી ભજવાતાં નાટકો પણ બાળકોની ભાષાસમૃદ્ધિનો ખૂબખૂબ વિકાસ કરે છે.

આ વાર્તાઓ બાળકોને સમાજનું સ્પષ્ટ અને આબેહૂબ દર્શન કરાવે છે, માનવજીવનના અનેકવિધ સ્વભાવનું દર્શન બાળકો પાસે રજૂ

કરે છે. આ વાર્તાઓ સંસારનું ડહાપણ બાળકોને હસતાંરમતાં શીખવી દે છે. આમ આ વાર્તાઓ બાળકોના જીવનઘડતરમાં અનેક રીતે ઉપયોગી થાય છે. અને ખરી ખૂબીની વાત તો એ છે કે "કચેરીમેં જઉંગા" જેવી વાર્તા બાળકોને નાનપણમાં આનંદ આપે, મોટી ઉંમરે સમાજનું દર્શન કરાવે અને વિદ્વાન બન્યા પછી Haves અને Have-nots (હેવ્ઝ અને હેવનોટ્સ)ની લડાઈનો માનવઇતિહાસનો સુંદર બોધપાઠ પણ સમજાવી જાય.

બાળપણથી માંડીને જીવનના અંત સુધી આ વાર્તાઓ બાળકોને શિક્ષણ આપી શકે તેમ છે. વાણિયા-બદ્રાણિયાની વાર્તા કપરા સમયમાં આપણે કેમ રસ્તો કાઢવો એની સાંસારિક શિખામણ આપે છે. "કહાણી કહું કૈયા" વાર્તા સ્મૃતિશક્તિને વિકસાવે છે. ભટુડીની વાર્તા આત્મ-સન્માન જગાડે છે. કેટલાક લોકો મેડમ મોન્ટીસોરીની જેમ એવી ફરિયાદ કરે છે કે આ વાર્તાઓ બાળકોને દિવાસ્વપ્નોમાં રાચતા કરી મૂકે છે. પરંતુ આ વાર્તાઓનો ઊંડો અભ્યાસ કર્યા પછી ગિજુભાઈને આ દલીલ સાચી લાગી નથી. ઊલટું આ વાર્તાઓ તો બાળકોના સર્વાંગી ઘડતરમાં માના દૂધની જેમ અત્યંત જરૂરી અને પોષક છે. લોકસાહિત્ય જેમ લોકોને પોષે છે તેમ આ બાળવાર્તાઓ બાળકોના મન, બુદ્ધિ અને લાગણીઓને વિકસાવે છે, પોષે છે. આ વાર્તાઓ બાળકના હૃદયમાં કરુણા પણ જગાડે છે અને વિપત્તિ સામે ઝઝૂમવાનું બળ પણ આપે છે. શિક્ષણનું બીજું કયું અંગ આટલા બધા રસથી બાળકોનો આટલો બધો વિકાસ કરી શકે તેમ છે ?

જાણીતા કેળવણીકાર સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટે નોંધ કરી છે કે આ બાળવાર્તાઓમાં આપણને અત્યંત રસ પડે છે તેનું એક કારણ એ છે કે આપણા સ્વભાવનું તેમાં પ્રતિબિંબ પડતું હોય છે. સાત પૂંછડિયા-ઉંદરની વાર્તા એટલા માટે આપણને ગમે છે કે આપણે બધા પણ કંઈક અંશે તેના જેવા જ હોઈએ છીએ. એક પૂંછડીવાળા ઉંદરને બધાએ ખીજવ્યો તો તે પૂંછડી પણ કપાવી આવ્યો. કોઈ છોકરીને તેની મા ત્રણસો-ચારસો રૂપિયાની કીંમતી સુંદર સાડી અપાવે, પણ જો બહેનપણી એમ કહે કે આ સાડી તારા સ્કીન કલર સાથે જરાક ઓછી મેચ થાય છે તો આ છોકરી એની માની કેવી દશા કરી નાખે ? દલા તરવાડી, બોલે તે બે બાય, ઘી ચોર્યું સ્વાહા, કચેરીમેં જઉંગા, આનંદી

કાગડો, ઠાગાઠૈયા કરું છું, કાકીડો અને દેડકી, દેડકો અને ખીસકોલી – આ બધી આવી આપણાં પ્રતિબિંબો રજૂ કરનારી વાર્તાઓ છે.

"નકો નકો રાજા" મૂળ મરાઠી વાર્તા. સંત કવિ જ્ઞાનેશ્વરે આધ્યાત્મિક બોધ આપવા આ વાર્તા લખેલી છે :

કાંટચાચ્યા અણીવાર વસતી તીન ગાંવ,
દોન ઓસાડ એકા વસેચિના વસેચિના.
વસેચિના તેથેં આલે તીન કુંભાર,
દોન થોટે એક ઘડેચિ ના ઘડેચિના.

વાર્તાના અંતમાં જ્ઞાનદેવે ધર્મની ગૂઢતા બતાવી છે. પણ અહીં વાર્તાના અંતમાં બાળકેળવણીકાર ગિજુભાઈએ પીંછીનો એક લસરકો માર્યો અને આ આધ્યાત્મિક વાર્તાને ઉત્તમ બાળવાર્તા બનાવી દીધી :

"એ વાત કરી ત્રણ છોકરાને,
બે ભૂલ્યા અને એકને આવડી જ નહિ."

વહતા ભાભાની વાર્તા, ભટુડીની વાર્તા, કચેરીમેં જાઉંગા, ખીલીબાઈની વાર્તા – આ વાર્તાઓ કાકાસાહેબને ખૂબ ગમી છે. આ બાળવાર્તાઓની પ્રસ્તાવનામાં તેમણે એક એક વાર્તા લઈને વિષદતાથી છણાવટ કરી છે. જિજ્ઞાસુ વાચકોએ એ પ્રસ્તાવના વાંચવા જેવી છે.

પેમલા પેમલીની વાર્તાનું શીર્ષક શૃંગારિક લાગે છે. પરંતુ વાર્તામાં કયાંય શૃંગારરસ ગોત્યો જડતો નથી. ઊલટું ત્યાં તો well adjusted family life (સ્વસ્થ દાંપત્યજીવન) જોવા મળે છે. ગોવર્ધનરામે સરસ્વતીચંદ્ર ગ્રંથના પહેલા ભાગમાં કુમુદને પડયું પાનું નિભાવી લેવાની બહુ શિખામણ આપી હતી. પણ બિચારી કુમુદ તે શિખામણને અનુસરી શકી નહોતી. પરંતુ ગિજુભાઈની વાર્તામાંનો આ પેમલો આ શિખામણને બરાબર હૃદયમાં રાખે છે. પેમલી ગમે તેવી છે પણ તેને તેણે સ્વીકારી લીધી છે. "હોરો અને હોરી"ની વાર્તામાં છાની રાખવાની વાતનો આપણે કેવો ઢંઢેરો પિટાવીએ છીએ તેનું સુંદર આલેખન છે. "કાને ટોટી માથે ચોટી" વાર્તામાં વહુને મૂરખી બતાવી છે. પણ તેમાં ખરેખર મૂર્ખાઈ જ હશે ! બીજો ભાવ હશે જ નહિ એવી ખાતરી થતી નથી. "કાકીડો અને દેડકા"ની વાર્તા લોકવાર્તા તરીકે અત્યંત સુંદર છે. તેની ભાષા લાઘવવાળી અને ખૂબ બળકટ છે. તેથી ગિજુભાઈ આ વાર્તાને આ સંગ્રહમાં મૂકવા લલચાયા છે. પોતાને એલેકઝાન્ડ્રિયાની રૂપગર્વિતા ક્લિયોપેટ્રા જેવી

માનતી એક દેડકી કાકીડા સાથે પ્રેમલગ્નથી પરણી છે. એકવાર એક હાથી આ દેડકીની નજીકથી પસાર થાય છે. તો દેડકી કહે છે : "એલા છપ્પરપગા હાથીડા, જરા જોઈને ચાલ. રૂડું રતન ચગદાશે." છેને ભાષા બરાબર જોંધવા જેવી. એક જ વાક્ય, બોલનારના પાત્રને સાંગોપાંગ સ્પષ્ટ કરી દે. આવાં ત્રણ વાક્યો ઉપર આ વાર્તા બંધાયેલી છે. પરંતુ કાકાસાહેબ તો ગાંધીજીના અંતેવાસી. એટલે ગિજુભાઈનો કાન પકડીને કહે છે કે આ વાર્તા લોકવાર્તા તરીકે ઉત્તમ છે. પરંતુ બાળવાર્તા તરીકે ઉત્તમ ન ગણાય. વાર્તામાંની ભાષા ગમે તેવી સુંદર અને ઉત્તમ હોવા છતાં વાર્તામાંના ભાવો નાના બાળકની કક્ષાની બહારના છે. માટે આ સંગ્રહમાંથી આ વાર્તા દૂર કરવી. ગિજુભાઈએ આ વાત પ્રેમથી સ્વીકારી હતી. પરંતુ ત્યાં તો ગિજુભાઈ બિમાર પડ્યા, ગુજરી ગયા અને નવી આવૃત્તિમાંથી આ વાર્તા દૂર કરવાનું રહી ગયું. આ બાળવાર્તાઓના સંગ્રહો તૈયાર કરતી વખતે ગિજુભાઈ કેવા જાગ્રત કેળવણીકાર અને પ્રયોગશાસ્ત્રી હતા તે વાતની આ વાર્તા સાક્ષી પૂરે છે.

આ વાર્તાઓ ઉપર એક આક્ષેપ એવો થાય છે કે તેમાં ઘણીવાર ગ્રામ્યતા જોવા મળે છે. પાદવું, પોદળો કરવો વગેરે વાતો આ વાર્તાઓમાં આવે છે. અને ઘણા લોકોનાં નાકનાં ટેરવાં ચડી જાય છે. ગ્રામ્યતા ન હોય તો સારું એ વાત ખરી. પરંતુ ગાંધીયુગ જીવનની કોઈ ક્રિયાઓને જીવનમાં હલકી ગણતો નથી. જીવનની આ બધી સ્વાભાવિક ક્રિયાઓને ગિજુભાઈ સ્વાભાવિકતાથી અને નિર્દોષતાથી જુએ છે અને રજૂ કરે છે. બાળકોને પણ જાતીયતાનું શિક્ષણ આપવો અને શિક્ષકોએ આપવું જોઈએ એવી માન્યતાના આ યુગમાં આવી વાતોને ગ્રામ્ય ગણતા રહીશું તે ચાલશે ? બીજું, ગ્રામ્યતા એ કંઈ અનીતિ નથી. ગ્રામ્યતા કાઢવા જતાં સમાજમાં દંભ જ ઘણીવાર પેસી જાય છે. ગ્રામ્યતા જો તદ્દન નિર્દોષ હોય તો બાળપણમાં બાળકો ભલે તેનો પરિચય કરે. સહેજ મોટી ઉંમરે તે ગ્રામ્યતા તરફ તેમનું ધ્યાન ખેંચવું. કાકાસાહેબ કહે છે કે "સાહિત્યના નવેનવ રસનો યથાકાળે બાળકને પરિચય તો થવો જ જોઈએ. હા, નિર્દોષતા એ તેની પહેલી શરત છે." ગિજુભાઈની વાર્તાઓમાંની નિર્દોષતા વિશે તો બે મત છે જ નહિ. શ્રી તારાબહેન આ મુદ્દા વિશે નોંધે છે કે "આ વાર્તાઓ તો ડોશીમાઓ રાત્રે ઘરમાં પથારી પાસે બેસીને બાળકોને સંભળાવે છે. તેથી તે વખતે ને તે સ્થળે

એ ગ્રામ્યતા બહુ ખૂંચતી નથી. બહુ બહુ તો શિષ્ટ વાતાવરણમાં અથવા વાર્તાના જલસો ગોઠવાયો હોય ત્યાં આવી વાર્તાઓ ન કહેવી. ત્યાં કહેવાની વાર્તાઓ પસંદ કરતી વખતે આવી વાર્તાઓને બાદ કરી શકીએ. પણ તેમનો સદંતર ત્યાગ જરૂરનો નથી ને ઇષ્ટ પણ નથી.”

આ વાર્તાઓ અનેક ગુણો ધરાવે છે તો એને એની મર્યાદાઓ પણ હોય. આ મર્યાદાઓ ધ્યાનમાં લઈને શિક્ષક જો બરાબર કાળજી ન રાખે તો આ વાર્તાઓ ઝાઝો લાભ ન કરે. આ વાર્તાઓનો ઉપયોગ કરતી વખતે શી શી કાળજી રાખવી જોઈએ એ અંગે ગિજુભાઈએ “વાર્તાનું શાસ્ત્ર” એ નામનું એક અભ્યાસપૂર્ણ પુસ્તક લખેલ છે તેમાં નોંધ કરી છે. વાર્તાઓ બાળકોની કક્ષા જોઈને પસંદ કરવી જોઈએ. કદીક આ વાર્તાઓ બાળકને કહીએ તો કદીક વાર્તા વાંચી પણ શકાય. આ વાર્તાઓ શિક્ષકે હૃદયના આનંદથી કહેવી જોઈએ, વેઠ ઉતારીને નહિ. નહિ. તો આ વાર્તાઓ બાળકને રસ આપી શકશે નહિ. આ વાર્તાઓ જે પ્રમાણભાન સાચવીને લખાયેલ છે એ રીતે જ એ બાળકો પાસે રજૂ થવી જોઈએ. જેમકે વાર્તામાં વાઘ ભટૂરિયાંને ખાઈ ગયો એમ વાત આવે તો એક જ વાક્યમાં તે રજૂ કરાય. લંબાણથી કે કરુણરસની અતિજમાવટ કરીને ન કરાય. નાનાં બાળકો ડરવા લાગે, રડવા લાગે. બાળકો તરફ હૃદયમાં અત્યંત વાત્સલ્યભાવ રાખીને બાળકોને કહીએ તો આ વાર્તાઓ ખૂબ ખૂબ લાભ આપે છે.

બાળકો આ વાર્તાઓ વાંચીને મોટાં થયાં તો ગિજુભાઈએ તેમને માટે તૈયાર કરી કિશોરકથાઓ ભાગ–૧, ૨. બાલવાર્તાઓનું વાર્તાવસ્તુ સાદું અને ઓછાં પાત્રોવાળું છે. તેમાં પશુપંખીઓ પાત્રો તરીકે વિશેષ આવે છે. કિશોરકથાઓની વાર્તાઓ વધુ લાંબી, વધારે સંકુલ વાર્તા-વસ્તુવાળી છે. પશુપંખીનાં પાત્રો ઓછાં આવે છે. તેમાં જાદુ, સાહસ વગેરે નવા વિષયોનો પ્રવેશ થયેલો છે. ભાષા કંઈક વધારે ઊંચી કક્ષાની જોવા મળે છે. જોકે ગિજુભાઈની ભાષાની રસાળતા, પ્રવાહિતા, મધુરતા, સુંદર શબ્દચિત્રો વગેરે તો યથાવત્ છે જ. એક ઉદાહરણ “ઝાકળનો પ્યાલો” વાર્તામાંથી રજૂ કર્યા વગર રહી શકતો નથી :

“એક હતી રાજકુંવરી. મનમોજી ને તરંગી. માબાપની લાડકી. બોલ્યો બોલ હેઠો ન પડે.

"ટેકરીઓ વચ્ચે કિલ્લો. એમાં એનો રાજમહેલ."

"કુદરત એની ગોઠણુ. સવાર અને સાંજ, બપોર ને રોંઢો. દીકરી ડુંગરમાં ફર્યા જ કરે. ઊંડી ઊંડી ખીણો ઊતરે, મોટામોટા પહાડ ચડે, વનઘટામાં ભટકચા કરે. મોજ પડે તો મહેલે આવે ને મોજ પડે તો ન પણ આવે. કોઈ રાત નદીકાંઠે, કોઈ રાત ડુંગરટોચે ને કોઈ રાત ઝાડ નીચે. ફુલફુલ જેવી આનંદી, નદી જેવી નિર્મળ, નિશિગંધ જેવી ગંધવતી.

"અઢાર વર્ષ વીતી ગયાં. દેશપરદેશથી શ્રીફળ આવે છે. રાજા વિચાર કરે છે : "હવે કુંવરી મોટી થઈ. એમ ને એમ તે કાંઈ રખાશે?"

ભાષા કેવી અદ્‌ભુત છે? ઉમર ખય્યામની કોઈ ઉત્તમ ગઝલ ધીરે ધીરે આપણા હૃદયમાં પ્રવેશતી હોય તેવી આ ભાષા છે. આ કિશોર-કથાઓમાંની એક વાર્તા વીર વિક્રમ વિશેની છે. શ્રી મેઘાણીભાઈએ પણ દાદાજીની વાતોમાં વીર વિક્રમ વિશેની એક વાર્તા લખેલી છે. શ્રી ગિજુ-ભાઈની વાર્તા મેઘાણીભાઈની વાર્તાની લગોલગ ઊભી રહે છે. જરાય નીચી નહિ. સરખાવવા જેવી મજાની આ બંને વાર્તાઓ છે.

છેલ્લે આપણે શ્રી કાકાસાહેબે લખેલી આ બાળવાર્તાઓની પ્રસ્તાવના-માંથી એક અવતરણ જોઈને આપણી વાત પૂરી કરીએ :

"આ બાળવાર્તાઓમાં કળા છુપાયેલી છે. તાત્ત્વિક બોધ અદૃશ્ય રૂપે વસે છે. જનસ્વભાવનું તેમાં મૂક વર્ણન છે. મુગ્ધ બાળકોને તે આશુતોષ આહ્લાદ આપનારી છે. શિક્ષકોને તે ઉત્તમ મદદગાર છે. અનુભવી અને ઉત્સાહી લોકોને એટલી જ પ્રાર્થના છે કે આ વાર્તાઓ સુધારવા પ્રયત્ન કરશો નહિ. આ વાર્તાઓનું ધ્યાન ધરો. ધ્યાનથી તેમાં તદાકાર થાઓ અને પછી જે તમને સ્ફૂરે તે બાળકો પાસે મૂકજો. તમને આ વાર્તાઓ બાળદુનિયામાં પ્રવેશ કરવાની માર્ગદર્શિકા થાઓ એવી મારી પ્રાર્થના છે."

[આ લેખ તૈયાર કરવામાં નીચેનાં પુસ્તકોનો આધાર લીધો છે. જિજ્ઞાસુ વાચકોને તે પુસ્તકો વાંચવા ખાસ ભલામણ છે. શ્રી ગિજુભાઈની જન્મશતાબ્દીના આ વર્ષમાં ગુજરાતમાં ઘેરઘેર અને શાળાએ શાળાએ આ બાળવાર્તાનાં પુસ્તકો પહોંચે તેવી ખૂબ ખૂબ શુભેચ્છા છે. વળી નેશનલ બુક ટ્રસ્ટ આ વાર્તાઓનો ભારતની અન્ય ભાષાઓમાં અનુવાદ

કરે અને ગુજરાત બહારના લોકો માટે—બાળકો, શિક્ષકો અને માબાપો માટે સુલભ કરે તો તે પણ એક ખૂબ મોટું અને સુંદર બાલશિક્ષણનું કાર્ય થયું ગણાશે. ઇન્દોરવાળાં શ્રી કાશીનાથજી ત્રિવેદીએ હિન્દીભાષી લોકો માટે તો હિન્દી અનુવાદ તૈયાર કરીને આ કામમાં શુભ શરૂઆત કરી જ દીધી છે.]

સંદર્ભગ્રંથો :

૧. બાળવાર્તાઓ ભાગ–૧થી ૧૦ લેખક—ગિજુભાઈ
૨. કિશોરકથાઓ ભાગ–૧, ૨ લેખક—ગિજુભાઈ
૩. બાળવાર્તાની ખૂબી (બાળવાર્તાઓની પ્રસ્તાવના) લેખક—કાકા કાલેલકર
૪. વાર્તાનું શાસ્ત્ર લેખક—ગિજુભાઈ
૫. દાદાજીની વાતો લેખક—ઝવેરચંદ મેઘાણી
૬. બાળવાર્તાઓનો વિનોદ લેખક—તારાબહેન મોડક

૨૭. ગિજુભાઈનો વિનોદ

રતિલાલ બોરીસાગર

બાળશિક્ષણના ક્ષેત્રે ગિજુભાઈને મળેલી અપ્રતિમ સફળતાનું રહસ્ય શું ? બાળકો પ્રત્યેનું એમનું અપરિમેય વાત્સલ્ય, બાળકો માટેનો એમનો આદરભાવ, બાળમાનસની કોઠાસૂઝ – ગિજુભાઈનાં આ બધાં પાસાં આપણને તરત યાદ આવવાનાં. આ બધાં પાસાંનો ઉચિત રીતે જ મહિમા થયો છે. એમાંય એમનો પુરુષશરીરમાં રહેલા માતૃહૃદયનો મહિમા એમને 'મૂછાળી મા'નું બિરુદ આપી ગુજરાતે એ વખતે જ યોગ્ય રીતે કરેલો. પરંતુ ગિજુભાઈની સફળતામાં એમની વિનોદવૃત્તિએ ઘણો મોટો ભાગ ભજવ્યો હતો એ હકીકત પણ આપણા લક્ષમાં રહેવી જોઈએ. અરેખર તો બાળકો સાથે પ્રત્યક્ષ કામ પાડનારને પ્રેમાળ હૃદયની જોડેજોડ જ વિનોદવૃત્તિનો ખપ પડે છે. પ્રેમાળ હૃદયવાળા માણસમાં પણ જો વિનોદવૃત્તિનો અભાવ હોય તો બાળકો એમનો પૂર્ણ સ્વીકાર નહિ કરે. જેમ તપોવનમાં વિનીતવેશે જ પ્રવેશ થઈ શકે તેમ બાલદેવતાના પ્રવેશમાં વિનોદવેશે જ દાખલ થઈ શકાય. બાળકોની પરીક્ષા બહુ કડક હોય છે. હાસ્યવિનોદના અભાવવાળા પ્રેમાળ શિક્ષકનો આદર કદાચ એ કરશે, પણ એમના પર રીઝશે તો નહિ જ.

ગિજુભાઈમાં ભરપૂર વિનોદવૃત્તિ હતી. એમના અવસાન પછી એમના પરિચયમાં આવેલા અનેક મહાનુભાવોએ એમને જે શ્રદ્ધાંજલિઓ આપેલી એનો સંચય 'સ્મરણાંજલિ' નામે પ્રસિદ્ધ થયો હતો. આ પુસ્તકમાં ગર્દભ પર સવાર થયેલા ગિજુભાઈનો ફોટોગ્રાફ છે. મારી દૃષ્ટિએ આ 'રર સીન' છે. બાળશિક્ષણના ક્ષેત્રે દેશભરમાં પ્રતિષ્ઠિત થઈ ચૂકેલો માણસ તદ્દન હળવોફૂલ ન હોય તો આવી રીતે પોઝ આપી જ ન શકે. આજુબાજુ સાથીઓ ઊભા છે અને ગિજુભાઈ કેવી મસ્તીથી ગર્દભ પર સવાર થયેલા છે ! સિંધના એમનાપ્રવાસ દરમિયાન લેવાયેલો આ ફોટોગ્રાફ જોઈને એમના બાલશિષ્યો કેવા રાજીના રેડ થઈ ગયા હશે ! આવો માણસ જ બાળકો સાથે બાળક બનીને ભળી શકે. ગર્દભ પર

સવારી કરેલો ફોટો પડાવીને ગિજુભાઈએ બાળશિક્ષણના ક્ષેત્રે કામ કરનારા સૌને એક માનદંડ પૂરો પાડ્યો છે.

વ્યક્તિનું ઘડતર એના જન્મ પછીનાં પહેલાં છ-સાત વર્ષ દરમિયાન જ થઈ જાય છે એમ સ્વીકારાયું છે. એટલે પ્રારંભનાં વર્ષો અત્યંત કીમતી છે. પણ બાળકનું ઘડતર કોરા ઉપદેશથી ન થઈ શકે. સીધો ઉપદેશ તો બાળકને અડે જ નહિ. પણ હાસ્ય પાછળ બાળકો ગાંડાં થાય ! એમને જે રમાડે હસાવે એમની દરેક વાત હોંશે હોંશે કાને ધરે. એટલે ગિજુભાઈએ વિનોદી ટુચકાઓ અને વાર્તાઓમાં બાળકોને ડુબાડી દીધાં હતાં. હાસ્યનો ગિજુભાઈએ બાળકોના ઘડતરમાં એક સબળ સાધન તરીકે ઉપયોગ કરી જાણ્યો. એટલે બાળશિક્ષણના ક્ષેત્રે હાસ્ય ગિજુભાઈનું સાધ્ય પણ હતું અને સાધન પણ હતું. બાળકોને ખૂબ આનંદ કરાવવો એ એમનું લક્ષ્ય હતું. એટલે નિર્દોષ હાસ્યવાળી વાર્તાઓ કે એવા ટુચકાઓ એ બાળકોને કહેતા. આ અર્થમાં હાસ્ય એમના માટે સાધ્ય હતું. પણ એમણે શિક્ષણના ક્ષેત્રે પ્રવાંઠી લગાવી હતી. પોતાની પાસે આવતાં બાળકોનું ઘડતર કરવાની જવાબદારી એમણે સ્વીકારી હતી. એટલે બાળકોને હસાવતાં હસાવતાં જ્યાં સ્વાભાવિક તક રહેલી હોય ત્યાં એમનાં મનોવલણો બાંધવાનું કામ પણ એમણે હાસ્ય પાસેથી લીધું છે. આ અર્થમાં હાસ્ય એમને મન સાધન પણ હતું. સુકથાની મદિરામાં ઉપદેશરસ ભેળવીને પાવાની વાત 'સરસ્વતીચંદ્ર'માં ગોવર્ધનરામે કરી હતી તેમ સુહાસ્યની મદિરામાં ઉપદેશરસ ભેળવવાનો પુરુષાર્થ ગિજુભાઈએ કર્યો હતો. પરંતુ હાસ્યની અને શિક્ષણની એમની અસલ સૂઝને કારણે આમાં કયારેય કૃત્રિમતા કે આયાસ પ્રવેશી શકયાં નહોતાં. હાસ્યના પોતને ઢીલું પાડીને ઉપદેશ આપવાની ચેષ્ટા એમણે કયારેય કરી નહોતી.

હાસ્યવિનોદ માટે ગિજુભાઈએ મુખ્યત્વે તૈયાર સામગ્રીનો વિનિયોગ કર્યો છે. પણ તેથી કરીને એમની સર્જકતાને ઓછપ આપી શકાશે નહિ. અહીં બહુ સ્વાભાવિકપણે આપણને મેઘાણી યાદ આવે છે. લોકસાહિત્યની તૈયાર સામગ્રીનો વિનિયોગ કરીને મેઘાણીએ 'સૌરાષ્ટ્રની રસધાર'ની વાર્તાઓ આપી. પણ એ વાર્તાઓને મેઘાણીની સર્જકતાનો સ્પર્શ ન સાંપડ્યો હોત તો એ વાર્તાઓ આટલી રસાળ ન બની હોત. એ જ

રીતે આ ટુચકાઓ, બિરબલની વાતો કે અન્ય બાળવાર્તાઓની સામગ્રી તૈયાર હતી એ ખરું છે, પણ એ તૈયાર સામગ્રીને બાળશિક્ષણના સિદ્ધાંતો પર કસીને ગિજુભાઈએ પસંદ કરી હતી. અર્ધો વિજય તો આ પસંદગીમાં જ રહેલો છે. પસંદ કરેલી સામગ્રીને બાળભોગ્ય શૈલી અને ભાષામાં ઢાળવાનું કામ ગિજુભાઈએ કર્યું. અહીં એમની સર્જકતા પૂરેપૂરી કામે લાગી હતી. ટુચકો કે વાર્તા એમણે મલાવીને કહ્યાં છે. એમાં રહેલું વિનોદનું તત્ત્વ પૂરેપૂરું ઊઘડી આવે એની એમણે પૂરી કાળજી લીધી છે. આ કૃતિઓની સામગ્રી તૈયાર મળેલી હોવા છતાં એના પર ગિજુભાઈની મુદ્રા સ્પષ્ટપણે અંકાયેલી છે.

'હાસ્યવિનોદ ગ્રંથમાળા'માં ૪૩ વિનોદ ટુચકા સંગૃહીત થયા છે. કેટલાક ટુચકાઓનું હાસ્ય બાલસહજ નિર્દોષતામાંથી નિષ્પન્ન થાય છે. કેટલાક ટુચકાઓમાં બાળકોની ચાતુરી પ્રગટ થાય છે. કેટલાક ટુચકાઓ દૃષ્ટાંતકથાના પ્રકારના છે. આમાં વાત બહેલાવીને રજૂ થઈ છે. અને અંતની ચમત્કૃતિથી હાસ્યનિષ્પત્તિ થાય છે. અજ્ઞાન, ભોળપણ, બાધાઈમાંથી નિષ્પન્ન થતા હાસ્યના કેટલાક ટુચકાઓ છે. ક્યારેક શબ્દરમતથી પણ હાસ્ય નિષ્પન્ન કરાય છે. બાળકોને હસાવવા માટેના ટુચકા બાળભોગ્ય હોવા જોઈએ. બે-ત્રણ અપવાદો બાદ કરતાં બધા જ ટુચકા બાળભોગ્ય છે. બાળકો ટુચકાઓમાં રહેલો વિનોદ માણી શકે તેવી સરળ ભાષામાં ટુચકા રજૂ થયા છે. લાઘવ ટુચકાનું આવશ્યક અંગ છે. એકાદ ટુચકાનું બિનજરૂરી લંબાણ બાદ કરતાં બધા ટુચકાઓમાં નિશાન તરફ સીધી ગતિ છે.

'ગપગોળા' શીર્ષક નીચે કેટલાક સમૃદ્ધ ગપ્પાં સંધરાયાં છે. ગપગોળા એ હાસ્યનો સમૃદ્ધ ધંધાકો છે. હાસ્યમાત્રમાં અત્યુક્તિ તો હોવાની જ. નબળી હાસ્યેન્દ્રિયવાળાઓ હાસ્યકૃતિઓને પણ પ્રતીતિકરતાનાં નોર્મલ ધોરણોથી તપાસવા જાય છે. પરિણામે હાસ્ય એમના કલ્પનામાંથી સરકી જાય છે. એમાંય ગપગોળાનું હાસ્ય તો સમજણા થયા પછી કેટલાક ભાગ્યશાળીઓ જ માણી શકે છે. પણ બાળકોને આવા પ્રશ્નો નડતા નથી એટલે અહીં રજૂ થયેલા ગપગોળા બાળકોને તો પેટ પકડીને હસાવી શકે તેમ છે.

આ ગ્રંથમાળામાં કેટલીક હળવી વાર્તાઓ પણ છે. કેટલીક નિર્ભેળ હાસ્ય પૂરું પાડે છે તો કેટલીકમાં જીવનઘડતરનો ખ્યાલ પણ રખાયો છે. બધી કૃતિઓ વિશે વિગતથી વાત કરવાનું શક્ય નથી પણ બે-એક વાર્તાઓ વિશે વાત કરીએ. 'ચોંડાજી ગુજરી ગયા' અને ચતુર હજામડીની વાર્તા 'પેટ ભરીને હસો' હાસ્યબાલવાર્તાનાં ઉત્તમ ઉદાહરણો છે. કરશન ભગતનો ગધેડો ગુજરી ગયો. ભગતે એની પાછળ મૂછો મૂંડાવી. ગધેડાનું નામ ચોંડાજી હતું. ચોંડાજીના અવસાનને કારણે પોતે મૂછ મૂંડાવી છે એવું ભગતે અરજણ સોનીને કહ્યું ને ચોંડાજી કોણ છે એની ખાતરી કર્યા વગર એણેય મૂંછો મૂંડાવી. પછી તો ચાલ્યું. ચોંડાજી કોઈ મોટો માણસ હશે એવું સમજી એકનું જોઈ બીજાએ એમ કાનજી માળીએ, રૂપસંગ ખવાસે, દેવા સોનીએ, ભીમા પટેલે, ફોજદારે, સુતારે, ધાંચીએ, મોચીએ, લુહારે એમ બધાએ મૂંડાવ્યું: એ તો ઠીક પણ વહીવટદારે, મોજણીદારે, દીવાનસાહેબે – અરે રાજાએય મૂંડાવ્યું. અંતે ચોંડાજી વિશે ઘટસ્ફોટ તો થયો પણ ત્યાં સુધીમાં સૌનો મૂછમુંડનવિધિ પૂરો થઈ ગયો હતો. બહુ મજાવીને આ વાર્તા કહેવાઈ છે. આમાં ભરપૂર હાસ્ય છે. સાથે સાથે આંધળા અનુકરણની ઠેકડી દ્વારા બાળકોના ઘડતરનો પણ સફળ પ્રયાસ છે. 'પેટ ભરીને હસો' ચતુર હજામડીની વાર્તા છે. વાર્તા ઘણી લાંબી છે, પણ હજામડીની ચતુરાઈના પ્રસંગો એવી રીતે ગૂંથાતા આવે છે કે લંબાણ અનુભવાતું નથી. અહીં હજામડીના પતિને બાઘો બતાવ્યો છે. સ્ત્રીઓને તર્કો નહોતી મળતી એટલે એમની બુદ્ધિનો પરિચય નહોતો થતો છતાં સ્ત્રીઓની બુદ્ધિ વિશે ધરાદાપૂર્વક અવળી છાપ ઊભી કરાતી – એ યુગમાં આ શિક્ષણકારે આવી વાર્તાઓ દ્વારા બુદ્ધિ એ માત્ર પુરુષોનો ધન્ધો નથી એ સંસ્કારનું સિંચન પણ કેવું પરોક્ષ રીતે કર્યું હતું ! આ વાર્તા ગિજુભાઈની વાર્તાકલાનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

'બોખલું' વિનોદનો એક વિશિષ્ટ પ્રકાર છે. માનવજીવનમાં ધાર્યું ન થાય એવું તો ઘણું બનવાનું. આવું થાય ત્યારે ખસિયાણા પડી જવાને બદલે એ પરિસ્થિતિ પર હસી નાખવાની તાલીમ બાલ્યકાળથી મળવી જોઈએ. 'બોખલું' આવી તાલીમ આપવાનું કામ કરે છે. હરભાઈ, ગિજુભાઈ, તારાબહેન વગેરે મોટા મોટા શિક્ષણકારોનાં બોખલાં પણ અહીં આપ્યાં છે. પરિચિત નામોને કારણે બાળકોને એમાં અવશ્ય

મન્ને પડે. સાથે સાથે ચાટ પડી જવા જેવી સ્થિતિમાંથી જન્મતી લઘુતાગ્રંથિમાંથી પણ બાળકો ઊગરી જાય છે. બાલશિક્ષણમાં ગિજુભાઈની કેવી ઊંડી દૃષ્ટિ હતી તેનો ખ્યાલ આ બોખલાં આપે છે.

'બાળકોનો બીરબલ' ભાગ–૧ અને ૨માં બીરબલની વાર્તાઓ અપાઈ છે. બીરબલ બાળકોનું પ્રિય પાત્ર છે. અહીં બીરબલ કે અકબર ઇતિહાસના બીરબલ કે અકબર નથી. અહીં તો બાળકોના બીરબલ અને અકબર છે. બીરબલની ચાતુરી પ્રગટ કરવા માટે અકબરને વારંવાર ઓછી સમજ દાખવતો બતાવવામાં આવે છે. પણ આવા પ્રકારના પાત્રાલેખનને કારણે હાસ્યના ફુવારા ઊડે છે. બીરબલની વાર્તાઓ સર્વભોગ્ય છે. શહેર અને ગ્રામવિસ્તારનાં બધાં બાળકો એનો આનંદ લૂંટી શકે એમ છે. બાળવાર્તાસાહિત્ય બીરબલની વર્તાઓને કારણે સારી પેઠે સમૃદ્ધ બન્યું છે. 'બીચડી પકાતા હૂ" 'મોઢું જોયું" 'ચોર પકડાયે.' વગેરે ખૂબ જાણીતી વાર્તાઓ છે. એકંદરે, બીરબલની બધી વાર્તાઓ બાળકોને રસ પડે તેવી છે. આ વાર્તાઓ સરસ રીતે કહેવાઈ છે. આ વાર્તાઓ સાંભળ્યા પછી બાળકોને બીરબલ સાથે જીવનભરની દોસ્તી બંધાઈ જાય છે.

'ગિજુભાઈની બાળવાર્તાઓ'ના દસ ભાગમાં સંગૃહીત થયેલી વાર્તાઓમાં ગિજુભાઈએ હાસ્યની છોળો ઉડાડી છે. ગીતો અને વાર્તાઓ બાળકોને જીતી લેવાનાં અસરકારક સાધનો છે. આ સાધનોનો ગિજુભાઈએ ભરપટ્ટે ઉપયોગ કરી જાણ્યો છે. બાળકોના જીવનઘડતર માટે પણ વાર્તાઓ એક અસરકારક સાધન છે. પરંતુ વાર્તાઓમાં બાળકોને રસ પડવો જોઈએ, મન્ન પડવી જોઈએ એ પહેલી શરત છે. એટલે ગિજુભાઈએ નર્યા શિક્ષણકારની જેમ જીવનઘડતરનો ઉત્સાહ નહોતો દાખવ્યો, એક કલાકારની જેમ બાળકોના જીવનને યોગ્ય ઘાટ આપવાનો પુરુષાર્થ કર્યો હતો. આ પુરુષાર્થમાં વાર્તાઓ એમને ખૂબ કામમાં આવી હતી. આ પુસ્તકાઓમાં સંગૃહીત થયેલી તમામ વાર્તાઓ મનોરંજક છે, પરંતુ કેટલીક વાર્તાઓ હાસ્યથી ભરપૂર છે. સ્વચ્છ અને નીરોગી હાસ્યથી સભર એવી વાર્તાઓ પામીને ગુજરાતનાં બાળકો ન્યાલ થઈ ગયાં છે. 'ભોળો ભટ', 'ડોશી અને તેના દીકરા' (ભાગ–૧), 'વહતા ભાભા', 'ભણેલો ભટ' (ભાગ–૨), 'સાત પૂંછડિયો ઉંદર', 'બોલે તેબે ખાય', 'સોના સાઠ', 'કરતા હો સો કીજીયો' (ભાગ–૩), 'મા મને મંતોલે તલ્લી રે તલ્લી', 'છ મૂર્ખાઓ', 'લખ્યા બારુ', 'દો બાધ દો બાધનિયાં' (ભાગ–૪), 'પેમલો–પેમલી', 'સાત

સામી ખેંચાણી', 'ખડખડ ખડખડ ખોદત હૈ' (ભાગ–૫), 'ટીડા જોશી', 'ઠાગા ઠૈયા કરું છું' (ભાગ–૬), 'હોરો ને હોરી', 'તડતડ તૂંબડી તડંતડા', 'કાંટાની અણી', 'વાદીલેા હબ્બમ', 'દલેા તરવાડી' (ભાગ–૭), 'બેટું નગર', 'આનંદી કાગડેા', 'કાને ટોટી માથે ચોટી', 'બેતલી', 'વાણિયા બદ્દાણિયા', 'રળેા ગઢવી' (ભાગ–૮), 'ઘી ચોર્યે ઘી ચોર્યે સ્વાહા !', 'નંદના ફંદ ગોવિંદ જાણે' (ભાગ–૯), 'કચેરીમેં જાઉંગા', 'કેડ કંદોરા ને કાછડી –અમે ત્રણ જણા', 'રેંટિયેા કહે હું રણેશરી', 'ઊંટ પગ સડે' (ભાગ–૧૦) – આ બધી હાસ્ય વાર્તાઓ છે.

ગિજુભાઈની વાર્તાઓ મુખ્યત્વે ગ્રામ પરિવેશની વાર્તાઓ છે. પશુપક્ષીની વાર્તાઓ કદાચ બધાં બાળકેા માણી શકે, પણ ગ્રામપરિવેશ-વાળી વાર્તાઓ માણવાનું શહેરી વાતાવરણમાં જ ઊછરેલાં બાળકેા માટે થેાડું મુશ્કેલ છે.

ગિજુભાઈની વાર્તાઓનેા વિનોદ મુખ્યત્વે જાતિગત લાક્ષણિકતાઓ પર છે. આમાં કેાઈ જાતિને ઉતારી પાડવાનેા હેતુ જ છે નહિ. એ જમાનામાં આ વાર્તાઓથી કેાઈની લાગણી દુભાઈ નહેાતી સૌએ આ વાર્તાઓનું નીરોગી હાસ્ય માણ્યું હતું. પરંતુ અત્યારે જાતિભેદ ભૂંસવાનું આપણું લક્ષ્ય છે, જાતિગત લાક્ષણિકતાઓ પણ ભૂંસાતી જાય છે ત્યારે આ વાર્તાઓમાંની ઘણી વાર્તાઓનેા વિનોદ હવેની પેઢીનાં બાળકેા માણી શકશે ખરાં ? એવેા પ્રશ્ન સહેજે થાય છે. આ વાર્તાઓ આપણેા સમૃદ્ધ વારસેા છે. હવેની પેઢીનાં બાળકેા માણી શકે એ રીતે આ વાર્તાઓનું નવસંસ્કારણ કરી શકાય કે કેમ તે અંગે શિક્ષણકારેા અને સાહિત્યકારોએ વિચારવું જોઈએ.

હાસ્યમાં સુરુચિનેા પ્રશ્ન બહુ મહત્ત્વનેા છે. ગિજુભાઈની વાર્તાઓમાં 'હોરો ને હોરી' (ભાગ–૭) જેની વાર્તા સુરુચિપૂર્ણ ગણાય ? — એવેા પ્રશ્ન ઉદ્ભવી શકે. પરંતુ મને લાગે છે કે બાળવાર્તાઓ પૂરતેા આ પ્રશ્ન બાળ-કેાના પરિપ્રેક્ષ્યમાં વિચારવેા જોઈએ. આ રીતે વિચારીએ તેા આવી વાર્તા માણવામાં બાળકેાને કશી મુશ્કેલી પડે તેમ મને લાગતું નથી. આ વાર્તાઓમાંની ઘણી વાર્તાઓ નાનપણમાં મેં મારાં બા પાસેથી સાંભળેલી. એકની એક વાર્તા અનેકવાર સાંભળેલી. એમાં આ વાર્તા પણ હતી. આ વાર્તા કહેતાં મારાં બાને કે સાંભળતાં મને કે મારાં બાળ-મિત્રોને સુરુચિનેા પ્રશ્ન નડ્યો નહેાતેા. આજે એવું લાગતું હેાય તેા એ

રુચિ પરિષ્કૃત થવાનું પરિણામ છે કે નિખાલસતા ને નિર્દોષતા ઓછી થવાનું પરિણામ છે તે વિચારવું જોઈએ. બાળકોની વાર્તાઓને આપણી રુચિ કે આપણા તર્કશાસ્ત્રથી તપાસવા જઈશું તો અજાણપણે બાળકોના અધિકાર પર તરાપ મારી બેસીશું.

ગિજુભાઈના ટુચકાઓ અને વાર્તાઓનો વિનોદ વાંચવા કરતાં સાંભળવાથી વધુ સ્ફુટ થાય તેવો છે. બાળકોને આ વાર્તાઓ અને ટુચકાઓ સરસ રીતે કહી બતાવવાં જોઈએ. ટી.વી., રેડિયો કે ટેપરેકોર્ડર જેવાં માધ્યમોની સહાયથી આ વાર્તાઓ અને ટુચકાઓની ઉત્તમ રજૂઆત થઈ શકે. આ સાધનો સુલભ બન્યાં છે ત્યારે ગિજુભાઈનો નરવો વિનોદ ઘેર ઘેર પહોંચાડવાનો પુરુષાર્થ આપણે કરવો જોઈએ. જેમને માટે આ વાર્તાઓ છે તેઓ આ વાંચે એવો આગ્રહ રાખવા જઈશું તો એમાંનું હાસ્ય બાળકો સુધી પૂરેપૂરું નહીં પહોંચે. છેવટે માબાપોએ અને શિક્ષકોએ બને એટલી સરસ રીતે આ વાર્તાઓ બાળકોને વાંચી સંભળાવવી જોઈએ. અલબત્ત, આ નાછૂટકાનો ઉપાય છે. ઉત્તમ વાત તો બાળકોને આ ટુચકાઓ અને વાર્તાઓ ઉત્તમ રીતે કહી સંભળાવવાં તે જ છે.

---

૨૮. બાળકાવ્યનાં લક્ષણો

[ગિજુભાઈની બાલકવિતા]

સુન્દરમ્

"બાળકાવ્યનાં લક્ષણો : ગિજુભાઈની બાલકવિતા સંદર્ભે"

– આ રીતે મને લખવાનું કહેવામાં આવ્યું છે.

ગિજુભાઈએ બાલકવિતા લખી છે, અને તેથીયે વિશેષ આપણે ત્યાં પથરાયેલી ઘણી બાળકવિતાને ભેગી કરી છે.

બાળકોને અંગે જે લખાય છે તે કરતાં બાળકવિતા, જે બાળકો પોતે સમજતાં હોય, અને તેની મજા માણતાં હોય, તેની સાથે નાચી ઊઠતાં હોય — તે એક જુદી વસ્તુ છે.

ગિજુભાઈ આવ્યા અને આપણાં ઘરોમાં ખોટાંસાચાં લાડમાં ઊછરતું, કે માબાપની, શિક્ષકોની ઢીંકો–ચૂંટિયા–ધોલધપાટ, ગાળો–ભાંડણ પામતું બાળક એક દેવ જેવી પ્રતિષ્ઠા પામ્યું. જે બાલી છોકરાંની નિશાળ હતી તે 'બાળમંદિર' બની રહ્યું.

એટલે મોન્ટીસોરી પાસેથી આ ચેતનાની દીક્ષા લીધી, પણ એ દીક્ષિત–આત્મા બાળચેતના અંગેનો એક મહાન ઋષિ થઈને રહ્યો.

અને બાળકો તરફના અભિગમમાં કવિતા–ગીતો તો હોય જ. એટલે એમણે પોતે પણ કવિતા લખવા માંડી પણ તેમનું પહેલું કાવ્ય મેં વાંચ્યું —

'ઊભું હતું ઊભું હતું,
ચાર પગે ઊભું હતું.'

ત્યારે મને શુષ્કતાનો ઘણો અનુભવ થયો. અને અર્થની દૃષ્ટિ તો એક મોટા દરિયા જેવી છે.

'ગાતી ગ્રંથમાળા'માં ગોઠવેલો 'કાવ્યસંગ્રહ' તેનાં પચાસેક જેટલાં પાનનાં ૨૫ કાવ્યો આપણી સુપરિચિત કવિતાની મધુર ઝલક બતાવી આપે છે.

'જળકમળ'થી માંડી 'પછી શામળિયો બોલિયા, તને સાંભરે રે' સુધીની.

આમાં જીવનનાં ઊંડાં રહસ્યો નિર્મળ વાણીમાં છે, તો જીવનનાં બીજાં પાસાંને આછું સ્પર્શે છે.

આ સંગ્રહમાં મુકાયેલાં, બાસ તો 'બાળ જોડકણાં'નાં ૧૬૦ જેટલાં કાવ્યો સાચી, કલ્પનાસભર કાવ્યસૃષ્ટિ છે, અને ગિજુભાઈની એ સાચે જ મોટી પ્રશસ્ય કાવ્યકૃતિઓ અને કવિ-કાર્ય છે.

એમાં બાસ તો વિનોદ અને આનંદનું તત્ત્વ નોંધપાત્ર છે.

એક-બે જોઈએ.

(૪૬)

'દરિયે વહાણ ડોલાવી દ્યો'

'રામ રામ રામૈયા,
સીતાજીને સામૈયાં;
સામૈયામાં ત્રાંસાં ઢોલ,
વાજાં વચ્ચે રામ ઢોલ;
રામ ઢોલ વચ્ચે પોલંપોલ,
દરિયે વહાણ ડોલંડોલ.'

(૪૭)

'થાંભલા હીરે જડી દ્યો'

'મણિનગરનાં બેન મણિ,
સાકરની છે એક કણી;
સાકર કીડી બાવા ગઈ,
રાત બધી ડબલાંમાં રહી;
ડબલું મૂસા વેારાનું,
ઝભલું એનું દોરાનું;
ઝભલે ઝભલે આભલાં,
ને હીરે જડ્યા થાંભલા.'

આ એમણે વરત બાંધ્યાં હતાં. - ૩૮ જેટલાં છપાયાં છે.

પછીથી તેના લયમાં, શબ્દમાં, અર્થરચનામાં સારો સુધારો, માધુર્ય, કલ્પનાત્મકતા આવ્યાં છે, અને આ પરથી એમને થોડાઘણા માર્ક આપીને પણ કવિ કહી શકાય છે.

ખરી રસસૃષ્ટિ તો તેમણે સંપાદિત કરેલી આ વિવિધ સામગ્રી મેં ત્રણ પુસ્તકમાં – 'જોડકણાં', 'બાળજોડકણાં', 'ગાતી ગ્રંથમાળા' જોઈ છે.

આ બધી શબ્દરચનાઓનું આગવું લયમાધુર્ય છે, શબ્દસૌંદર્ય છે, અને અર્થસામર્થ્ય છે.

બબ્બે શબ્દો તાલમાં ગોઠવાઈને આવે તો થનંગનતા આવતા જાય છે.

'ઓળી ઝોળી, પીપળ પાન.'

'કૂકડે કૂં
ખેતરે જાઉં, દાણા ખાઉં, પાણી પીઉં
ભુર્ર્ર્ કરતો ઊડી જાઉં.'

મોટે ભાગે ચાર ચાર માત્રાનાં આ મનહર છંદનાં જ ટૂંકાં લાંબાં સ્વરૂપો છે.

શબ્દસૌન્દર્ય વિશે તો ઝાઝું કહેવાનું હોય નહિ.

'ડોશી ડમકું,
શેર કંકું.'

'ઝૂલ મકનિયા ઝૂલ,
તારી સૂંઢમાં કમળફૂલ.'

'આજ દિવાળી, કાલ દિવાળી,
ગામનાં છોકરાં ખાય સુંવાળી.'

આ 'જોડકણાં' માટે તો ગિજુભાઈને માટે ખાસ ચંદ્રક બનાવીને આપવો જોઈએ.

એમની સાથે તેમની બીજી બાજુ જેવાં બનેલાં તારાબેનનું સ્મરણ પણ ચિરંજીવ બની રહેવાનું છે.

આ અનેકવિધ સૃષ્ટિમાં અનેક વિષયો અને રસો છે. અહીં સંપાદિત થયાં છે તે ઉપરાંત પણ ઘણું ઘણું છે. અમે નાના હતા ને સાંભળેલું આ એક-બે યાદ આવે છે.

'અલ્લક દલક, અલ્લક દલક,
ઝાંઝરિયે જમાડી જન;
એક પડચો ભૂખ્યો,
ને થાળી લઈને ઊઠ્યો,
થૂઈ અને થપ્પા'

'ભાઈ તો મારો ડાહ્યો,
ને પાટલે બેસી નાહ્યો;
પાટલો ગયો ખસી,
ને ભાઈ તો ઊઠ્યો હસી.'

જીવનની પારાવાર મુશ્કેલીઓ–નાસીપાસીઓ–આપત્તિઓમાં આનંદની આ શક્તિ અને જ્યોતિ આપણા જીવનની તપસ્યા અને સિદ્ધિનું એક મહાકાર્ય છે.

૨૯. ચાહનાનો ચેતોવિસ્તાર – ચિત્રાત્મક, ચિત્તહારી

('દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય ગ્રંથમાળા'ની બે'સી પુસ્તિકાઓમાં)

યોગેન્દ્ર વિ. ભટ્ટ

આપણા ભારતને ગાય, ગંગા અને ગાયત્રીના 'ગ' સાથે તો પુરાતન-સનાતન, ભાવસંબંધ–જીવનસંબંધ રહ્યો છે. અર્વાચીન કાળે ગુજરાતના 'ગ' એ અન્ય બે આગવા 'ગ'થી આ પરંપરા જાણે લંબાવી છે. એક ગરવો 'ગ' ગાંધીજીનો અને બીજો ગરવો 'ગ' ગિજુભાઈનો ! બંને વકીલાતનું ભણ્યા, બન્ને માનવ-વ્યક્તિત્વના સ્વીકાર-અધિકારને સ્થૂળ બળથી પ્રત્યક્ષ ઉવેખાતાં જોઈને કોઈ ધન્ય ક્ષણે જાણે પોતાનું જીવનકાર્ય પામી ગયા અને કોઈ પરમ આરાધ્યની ઉપાસના કરતા હોય તેમ જાણે તેની પાછળ મચી પડ્યા. બન્નેએ આમ જીવનભર અણધારી–વિલક્ષણ પરમાર્થ–વકીલાત પણ કરી. બન્નેએ બીજાં અનેકોને જાણે વશીકરણથી આકર્ષ્યાં અને પલટાવ્યાં, બન્નેએ પોતાની સાધનામાં જાણે સર્વસ્વ સમર્પી દીધું. બન્નેએ ઇતિહાસે જેની નોંધ લેવી પડે એવું કામ કરી-કરાવી એક આખો યુગ પલટાવ્યો ને પ્રવર્તાવ્યો. સમય જાય છે તેમ તેમ બન્નેનું જીવનકાર્ય વધુ ને વધુ મહિમામાળું થતું–લાગતું જાય છે. પ્રવાહ-પ્રાપ્ત કાર્યક્ષેત્ર બન્નેનું જુદું–જુદું ભાસે પણ મૂળે તો તે એક જ હતું... તે હતું માનવીનું ચિત્ત, માનવીનું જીવન. બન્નેને મૂળભૂત વાતો–કાર્યોમાં જ રસ હતો. બન્નેના જીવનમાં પ્રેમ, સક્રિયતા, આનંદ–રસ ઊભરાય છે. બંને એકબીજાના જાણે પૂરક છે. આવાં આ વિલક્ષણ બન્ને સમકાલીન વ્યક્તિત્વોને પરસ્પર માટે અત્યંત ભાવ-આદર હોય તે સહેજે સમજાય તેવું છે.

આ લખનારે તો ગિજુભાઈને પ્રત્યક્ષ જોયા-સાંભળ્યા નથી...પણ જીવનના પ્રથમ દસકામાં તેમને એટલા વાંચ્યા તો છે કે ગિજુભાઈ અજાણ્યા–દૂરના રહ્યા નથી. નાનપણમાં 'દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય ગ્રંથમાળા'ની પુસ્તિકાઓ વાંચતાં વાંચતાં ગિજુભાઈનો ચહેરો જોવાનું

જ જાણે બાકી રહેતું, તેમને સ્પર્શવાનું જ જાણે બાકી રહેતું; બાકી એ લખાણોમાં, એ સંબોધનોમાં, 'તમારો દોસ્ત ગિજુભાઈ' એ સહીમાં પૂરા ગિજુભાઈ હાજરાહજૂર અનુભવાતા. જીવનના પ્રથમ દસકામાં ભાષાના, સાહિત્યના અને જીવનના, કંઈક ને કંઈક સંસ્કારો ગિજુભાઈનાં આ લખાણોએ આપ્યા. ત્યારનું બાલમાનસ 'ગિજુભાઈ તો અમારા' એવો ભાવ અનુભવતું...એમ આજે ચાલીસ વર્ષો પછીયે યાદ આવે છે. પિતાજી દક્ષિણામૂર્તિના – ગિજુભાઈના વિદ્યાર્થી અને પછી સાથી કાર્યકર. અમ સૌ સંતાનો માટે તેમણે ઘરમાં સરસ નાની લાયબ્રેરી બનાવેલી. તેમાંથી 'દ. મૂ. ગ્રંથમાળા'ની નાનકડી એંશી પુસ્તિકાઓ વારંવાર વાંચ્યા-ઉથલાવ્યા કરી છે. તેમાંનાં કેટલાંક પ્રસંગ-ચિત્રો, કેટલાંક પાત્રો, કેટલીક ઉક્તિઓ, કેટલાક ભાષા-પ્રયોગો મનમાં કાયમી સ્મરણ છોડી ગયાં છે. બચપણમાં તો એ બધું જાણવા-માણવાની રીતે જ વાંચવાનું બન્યું હોય. ત્યારે તો એ શાબ્દિક દુનિયાનાં રસ-માહિતી-વૈચિત્ર્ય જ આકર્ષે અને એ જ પામી પણ શકાય. પણ આજે જરા મોટી ઉંમરે એ બધું ફરી વાંચી જતાં એ શબ્દ-પુરુષાર્થની ભવ્યતા, તેની પાછળની પકવ-દીર્ઘ દૃષ્ટિ, તેમાં રહેલું આયોજન-કૌશલ... એ બધું જ ઊડીને આંખે વળગે છે. ગુજરાત મહાન શિક્ષકો મેળવવામાં કેવું તો સદ્‌ભાગી રહ્યું છે એ વાત ધ્યાન પર આવે છે. ઊછરતાં-ભણતાં અગણ્ય-નંગણ્ય બાળકોનાં પોતીકાં જીવનમાં-જગતમાં-વ્યક્તિત્વમાં-સુખદુઃખમાં-શરીર-મન-દૃશ્યમાં, તેમનાં ઘડતર-વિકાસમાં ગિજુભાઈ અને તેમના સાથીઓએ પચાસ-સાઠ વરસ પહેલાં જે રસ સૂઝ-જહેમત દાખવ્યાં છે... તે આજેય સુખદ આશ્ચર્ય જગાવે તેવાં લાગે છે. એમનો એ શિક્ષણયજ્ઞ, એમનો એ સાહિત્યયજ્ઞ એમને એક ઋષિની કોટિમાં સ્થાપે છે. ગુજરાત કદીયે ગાંધીજી અને ગિજુભાઈના ઋણમાથી મુક્ત થઈ શકે? કેવી રીતે ? આ પ્રશ્ન ઉદ્યમી ગુજરાતે વિચાર્યા કરવા જેવો ખરો.

* * *

'દ. મૂ. ગ્રંથમાળા'ની એંશી પુસ્તિકાઓનું લેખન અને સંપાદન-કાર્ય મુખ્યત્વે ગિજુભાઈ બધેકા અને તારાબહેન મોડકે કર્યું છે. આમાં એકલા ગિજુભાઈને નામે જ ચોસઠ પુસ્તિકાઓ તો છે ! કોઈ જબરા પારંગત એકલમલ્લની જેમ જાણે ગિજુભાઈ ઘોધમાર લખ્યે જ ગયા છે. અને એમની કલમને કચાંય થાક લાગ્યો નથી, લખાણની તાજગી કચાંય

ઘટી નથી. બાળકો માટે કાંઈપણ લખવા બેસે છે ને જાણે ગિજુભાઈનો માંહ્યલો કેળે છે. એમણે એટલા જીવંત રસથી–સચ્ચાઈથી–તાદાત્મ્યથી આ બધું લખ્યું છે કે પૂરા પાંચ-છ દસકા પછી... આજે પણ આ લખાણ તરત સ્પર્શે છે, આકર્ષે છે, ખેંચી જાય છે. આપણી જીવનસ્થિતિ અને શૈલી... બાહ્ય સમય-સંયોગે-ઠીક ઠીક બદલાઈ ગઈ છે ને બદલાઈ રહી છે એ સાચું; પણ તેમ છતાં ગિજુભાઈની આ શબ્દની દુનિયા હજી એવી ને એવી ધબકતી અનુભવાય છે. આ ગ્રંથમાળામાં તારાબહેન, કમળાબહેન, જુગતરામભાઈ, કાકાસાહેબ જેવાઓનું પણ કંઈક ને કંઈક દૈવતવાળું લખાણ લેવાયું છે. સંપાદિત અન્ય પુસ્તિકાઓમાં આ ઉપરાંત પણ પણ અન્ય વ્યક્તિઓના સાથ-સહકાર ગિજુભાઈને મળ્યા હશે. પણ લગભગ બધી જ પુસ્તિકાઓમાં 'દક્ષિણામૂર્તિ'નું આગવું ધોરણ સાચવતો ગિજુભાઈ અને તારાબહેનનો હાથ વરતાય છે.

'દ. મૂ. ગ્રંથમાળા'ની આ બેંશી પુસ્તિકાઓમાં, વાંચવા માટે, પ્રારંભે કોઈ ચોક્કસ ક્રમ કે વર્ગીકરણ દેરાવીને જણાવાયાં નથી. જોકે તેને પહેલીવાર તૈયાર કરી પ્રગટ કરતી વખતે સહેજે તેમાં કોઈક ક્રમિકતા તો સચવાઈ જ હશે. પણ પછી પુનર્મુદ્રણોમાં આ બેંશી પુસ્તિકાઓને દસ મુખ્ય નામ-વિભાગોમાં, આઠ-આઠની સંખ્યામાં વહેંચવામાં આવી છે. જો કે એ પછી પણ વાંચવા માટે તો આ મુખ્ય વિભાગોને કે તેમાંની પુસ્તિકાઓને ક્રમાંકિત કરવામાં નથી જ આવ્યાં. મોજ પડે ત્યારે મોજ પડે તે પુસ્તિકા બાળક વાંચે એ વાતનો પણ એક મહિમા જરૂર છે; પણ તેમ છતાં આ બેંશી પુસ્તિકાઓને વાચનદૃષ્ટિએ ક્રમાંકિત કરી શકાય તેમ છે, કરવા જેવી છે એમ લાગે છે. (વળી એમ થયા પછી પણ બાળકને પોતાની મરજીના ક્રમે પુસ્તિકા વાંચવાની સગવડ તો રહે જ છે.) આ બેંશી પુસ્તિકાઓનું હાલ જે નામકરણ-વિભાગીકરણ થયું છે તે પણ અત્રતત્ર ફેરવિચાર તો માગે છે. 'ગિજુભાઈ શતાબ્દી' નિમિત્તોના છેલ્લા પુનર્મુદ્રણમાં હવે આઠ-આઠ પુસ્તિકાઓ બે પાકા પૂંઠા વચ્ચે સાથે બંધાઈ ગઈ હોવાથી આપોઆપ તે ત્યાં ક્રમાંકિત થઈ ગઈ છે. પણ તેમાં રખાયેલો ક્રમ પણ પુનઃ વિચાર માગતો જણાય છે.

આ બેંશી પુસ્તિકાઓ ગુજરાતી બાલસાહિત્યનું અમૂલ્ય ધન છે, ગુજરાતી બાળકો પાસે લૂંટાવવા જેવો ખજાનો છે. એમાં રસિકતા છે, સજીવતા છે, સરળતા અને સ્વાભાવિકતા છે; એમાં પરિચિત દુનિયા

છે અને દૂરની અજાણી દુનિયાને છે; એમાં કથારસ છે, નાટ્યાત્મકતા છે; એમાં વર્તન-વાણી-વિચાર ને ભાવ-સંવેદનો છે; એમાં બાલભોગ્ય ચિત્રાત્મકતા, રમતિયાળપણું તેમજ સૂક્ષ્મ-સૂચક ગાંભીર્ય અને ભાવ-શબલતા પણ છે. એમાં બાળકોની નિકટતમ-નિરામય દુનિયા છે અને આપણાં ઘરોની–શેરીની–ગામની–પ્રદેશની અને દૂરના દેશ-કાળની અલક-મલક-સંકુલ દુનિયાને છે. બાળકોની પોતીકી દુનિયાનો તાર અહીં સહજપણે પ્રકૃતિ સાથે, વિશ્વ સાથે, વિશ્વમાનવ સાથે, પરંપરા અને પ્રગતિ સાથે; સંસ્કૃતિ સાથે, સનાતન માનવમૂલ્યો સાથે સંધાઈ જાય છે.

આ પુસ્તિકાઓ નિર્ભેળ આનંદરસ પીરસવા સાથે સતત જાણે બાળકોના ચિત્ત-ઘડતરને, ચિત્ત-વિકાસને લક્ષ્ય કરે છે. ચિત્ત એ જ આખરે તો મનુષ્યનાં સુખદુઃખનો મૂળ આધાર છે; તેના જીવનની ગતિ-દિશાનું નિયામક તત્ત્વ છે. તે ચિત્ત સ્વસ્થ રહે, વિકસે અને સહજપણે કુમાશ તેમજ સામર્થ્યનો સમન્વય સાધે... એવો આ પુસ્તિકા-સર્જકોનો જાણે હેતુ વરતાય છે.

* * *

ભાષા-શિક્ષણનો અને વાંચન-શિક્ષણનો પ્રારંભ કરાવવા માટે લખાયેલી 'પાઠપોથી ગ્રંથમાળા' નામે ઓળખાવાયેલી શ્રેણીની આઠ પુસ્તિકાઓનો પહેલાં વિચાર કરીએ. આમાં 'શબ્દપોથી'માં પસંદ થયેલા શબ્દોમાંયે દૃષ્ટિપૂર્વકની પસંદગી થયેલી જણાય છે. પરિચિત જગતથી અપરિચિત જગત તરફ જવાનો ઉપક્રમ અહીં છે. અહીં બાળકોના અનુભવજગતમાં સમાતી પશુ-પંખી-જીવસૃષ્ટિ અને ચીજવસ્તુને લગતા શબ્દો છે, રામાયણ–મહાભારત જેવા સાર્વજનીન સાહિત્યનાં પાત્રનામો છે, ઇતિહાસ અને લોકશ્રુતિનાં વ્યક્તિવિશેષનામો છે, સંતો અને વીરો છે, લોકઉત્સવો છે, પ્રદેશનાં અને દેશ-પરદેશનાં થોડાં સ્થળનામો છે. આમ શબ્દશિક્ષણના નાના નિમિત્તો પણ સંપાદકો બાળકની આધાર-ભૂમિ જેવા અનુભવજગતને અને દેશકાળના સીમાડા વટાવતી વ્યાપક ક્ષિતિજદૃષ્ટિને સાંકળીને જાણે આગળ વધ્યા છે.

આ જ રીતે 'વાક્યપોથી'માં પણ પરિચિતથી અપરિચિતનો વિકાસદોર સચવાયો છે. બોલાતી ગુજરાતી ભાષાની અવનવી છટાઓ-વાક્યભંગીઓ-બોલીલહેકા વગેરે ભાષાશિક્ષણની રીતે ઉપયોગી ગુણો તો

તેમાં છે જ. 'ચિઠ્ઠીપોથી' પણ ભાષાશિક્ષણનું કામ આગળ ચલાવે છે. 'નાના પાઠો' અને 'મોટા પાઠો'થી આ ગ્રંથમાળાનાં લાક્ષણિક લખાણો જાણે શરૂ થાય છે. બાળક પોતાની જાતને અને આસપાસના જગતને ભાષા-સાહિત્ય દ્વારા હવે જાણે જાણવા-માણવાનું ને સમજવાનું શરૂ કરે છે. વિષય-પસંદગી અને રજૂઆત-શૈલી એ બન્ને બાબતોમાં બાળક ઊભો છે તે બિંદુ અને તેણે પહોંચવાનું છે તે બિંદુ એમ બન્નેનો ખ્યાલ રખાયો છે. 'નાના પાઠો'માં શરીરપરિચય સંભાળ, ઘર-સગપણ-સંબંધો, ઘરકામો, રમતો, બજાર અને ધંધાર્થીઓ, સ્વચ્છતા-સુઘડતા, ગાય, શ્રીકૃષ્ણ એવા વિષયોની સરળ-રોચક રજૂઆત છે. 'મોટા પાઠો'માં અનેક જીવ-જંતુ-પશુપંખી-વેલવૃક્ષની વાતો છે. અહીં માખી-મચ્છર ને કરોળિયો પણ છે અને મખમલિયું ને પતંગિયું પણ છે. જૂ-માંકડ અને કાગડો-ચીબરી પણ છે અને ચકલી-પોપટ, હોલું-પારેવાં પણ છે. અહીં શેળાયે છે ને ખિસકોલીયે છે, બોરડીયે છે ને તુલસીયે છે. વિસ્તારભયે આ યાદી જતી કરીએ...પણ લેખકની નજર જીવન અને કુદરતના સાર્વત્રિક એવા પરિચય-સ્વીકારની સ્પષ્ટ જણાય છે. સારું કે ખરાબ એવા વિરોધી ખાનાંની રીતે નહીં પણ જીવનના એક વિશિષ્ટ અંગ તરીકે જ દરેકનો જાણે અહીં પ્રેમથી પરિચય કરાવાઈ રહ્યો છે. પૂર્વગ્રહરહિત, પોતીકાં ભાવે, વાસ્તવિકતાનો અખિલાઈભર્યો પરિચયસ્વીકાર એ ચેતોવિસ્તારની પહેલી ને પાયાની જરૂરિયાત અહીં જાણે સચવાય છે. જીવનરસને લાગેવળગે છે ત્યાં સુધી ટીડકું ને મોર, ગલૂડિયું ને ઘોડો, ગરોળી ને દેડકું...બધું જ અહીં સમરસ છે, સમ-કક્ષ છે.

'જુગતરામના પાઠો'માં પણ આ વાત સચવાય છે. અહીં પણ 'ઝાડ'થી લઈને 'ભગવાન' સુધીના વિષયોની બાલભોગ્ય રજૂઆત છે. અહીં ગરીબ 'રામાડોસાંની છાપરી' પણ આવી છે અને 'કપિલા ગાય' પણ આવી છે. અહીં 'હઝરત ઉમર' પણ છે અને 'વીર અંગદ' પણ છે. અહીં 'સુરત' પણ છે અને 'નર્મદાની સહેલ' પણ છે.

'કમળાબહેનના પાઠો'માં પણ ઘરગથ્થુપણું સચવાય છે. 'વરસાદ', 'બાવાજીની ટેકરી', 'ઘંટી', 'રમવા આવે છે કે?' જેવી વિષય-વિવિધતા અહીં પણ છે.

આ ગ્રંથમાળાની બધી પુસ્તિકાઓનો એક સાથે વિચાર કરીએ તો અહીંતહીં કોઈક વિષયો પુનરાવર્તન પામે છે એમ કહી શકાય, પણ

મુદ્દો એ છે કે તેમ છતાં એ વિષય-લખાણ પુનરાવર્તનગંધી, નીરસ કે નિરુપયોગી નથી જણાતું. આનું કારણ એ છે કે આવે પ્રસંગે આવા લખાણના લેખક, કક્ષા કે શૈલી કંઈક ને કંઈક તો બદલાયું જ હોય છે. એટલે આ ગ્રંથમાળામાં દેખાતું પુનરાવર્તન ફરતી-ચડતી ગોળ સીડીની શૈલીનું છે, એમ કહેવું રહ્યું.

'વ્યાકરણપોથી' તો ભાષાશિક્ષણને ધ્યાનમાં રાખીને જ લખાયેલી પુસ્તિકા છે.

* * *

આ પછી 'જ્ઞાનવર્ધક ગ્રંથમાળા' નામે ઓળખાવાયેલી શ્રેણીની આઠ પુસ્તિકાઓનો વિચાર કરીએ. 'આપણું પોતે' પુસ્તિકા, બાળકોને પ્રિય એવી જોડકણાં-શૈલીથી, શરીર-અવયવોનાં પરિચય-માહિતી આપે છે. 'સાજા રહીએ' પુસ્તિકા સ્વચ્છતા-સુટેવોની વાત સમજાવે છે. 'સવારથી માંડીને' પુસ્તિકા દેશી-ગ્રામીણ વાતાવરણની પીઠિકામાં માનવીય દિનચર્યા-જીવનચર્યાને સરસ રીતે ઉપસાવે છે. સમયનો અહીં સમય, પ્રકૃતિ, સજીવસૃષ્ટિ, વ્યક્તિ, કુટુંબ, સમાજ એવા વિવિધ સંદર્ભે વ્યાપક અને જીવંત-અખંડ એવો અનુભવ થાય છે. ગિજુભાઈએ અહીં જીવન કાર્યોના અને ધંધાદારીઓના ઉલ્લેખોમાં લગભગ તમામ સામાજિક-આર્થિક સ્તર નિરૂપ્યા છે. માસ્તર, મિસ્ત્રી, મજૂર, માગણ, ચોર... બધાં અહીં છે. આ યાદી ઘણી લાંબી-સમૃદ્ધ છે. વ્યક્તિ, પ્રસંગ, સ્થળ-કાળ, વાતાવરણ, વાણી બધું જ અહીં – આ લખાણમાં અદ્‌ભુત એકત્વ ધારણ કરે છે.

'એમ કેમ?' પુસ્તિકા કોશેટો, ધોળું મીઠું, લોહચુંબક એવી વિવિધ ચીજો વિશેની જિજ્ઞાસાને પ્રસંગ-સંવાદથી સંતોષે છે અને સંકોરે છે. 'પૂછું?' પુસ્તિકા પ્રશ્નોત્તર-શૈલીથી પરિચિત તેમજ અપરિચિત એવા વિવિધતાસભર સામાન્ય જ્ઞાન તરફ દોરી જાય છે. 'નાની વાતો' જીવ-પ્રાણીનાં પાત્રોવાળી બાળવાર્તાઓને જોડકણાં શૈલીથી નિરૂપે છે. કહેવતોનાં મૂળ' પુસ્તિકા કેટલીક જાણીતી કહેવતોના કથા-પ્રસંગોનો વાર્તારસ આપે છે.

'બાળકોના લેખો' પુસ્તિકા થોડાં પરિચિત બાળકોનાં ખરેખર લખાયેલાં નાનાં લખાણો રજૂ કરે છે. આવી પુસ્તિકાથી બાળકોને ભણા

શકતું પ્રોત્સાહન સ્વયંસ્પષ્ટ છે.

* * *

'ગાતી ગ્રંથમાળા' નામે ઓળખાવાયેલી શ્રેણીની આઠ પુસ્તિકાઓ ભાષાશિક્ષણ, સાહિત્ય આનંદ, કુતૂહલ-તર્ક-અનુમાનશક્તિ, લોકજીવન-નિરીક્ષણ-તારણ-જીવનબોધ વગેરેને યોજે છે. તેમાં જોડકણાં, વરતસંગ્રહ, દૂહા–સોરઠા, કાવ્યો, કહેવતો એવું વૈવિધ્ય છે. કાવ્યો નરસિંહ અને મીરાંનાં જ છે અને સારાં છે, પણ ભાવાર્થની રીતે બધાં બાળભોગ્ય કે બાલકક્ષાને અનુરૂપ ગણાવી શકાય તેવાં ન હોય તે દેખીતું છે. હા, આવી રચનાઓનાં મધુર ગાન-વર્ણનના બળકોને પડનારા સંસ્કારનું મૂલ્ય નોંધી શકાય. અહીં કેટલીક રચનાઓ એ દૃષ્ટિથી જ પસંદગી પામી જણાય છે.

* * *

'હાસ્યવિનોદ ગ્રંથમાળા' નામે ઓળખાવાયેલી શ્રેણીની આઠ પુસ્તિકાઓ હાસ્યવિનોદ અને કલ્પના-ગપગોળાની રસભરી સૃષ્ટિ ખડી કરે છે. તેમાં ટુચકા, હાસ્ય-જોડકણાં, હાસ્ય પ્રસંગો, હાસ્યવાર્તાઓ, હાસ્ય-ચરિત્ર એવી વિવિધતા આવે છે. પરંપરાથી પ્રચલિત એવા બીરબલ-શૈલીના કથા-પ્રસંગો, વ્યવહારમાં અનુભવાયેલા સાચા પ્રસંગો અને કેવળ મૌલિક તરંગવાળા કાલ્પનિક પ્રસંગો એમ ત્રિવિધ રૂપે અહીં સામગ્રી મળે છે. 'લખડા ગાંડા'ના બહારથી હાસ્યનિમિત્ત જણાતા ચરિત્ર-નિરૂપણમાં અંદરથી તે જ્ઞાની હોવાનો ઇશારો પણ મુકાયો છે તે નોંધવું જોઈએ. 'ગધેડું ને ઘોડું' જેવી રચનામાં સંતુલિત ઢબની વાક્યરચનાનો એક વિશિષ્ટ તુલના-આનંદ મળે છે. ગિજુભાઈએ એકથી વધુ વાર તેમનાં લખાણોમાં ગધેડાને એકસાથે હાસ્ય-સાહિત્ય અને ફિલસૂફીનો જે રીતે નિમિત્ત-પ્રેમભાજન બનાવ્યો છે તે રીત-હકીકત પણ ચેતોવિસ્તારના વિશ્વને કયાંય, કશે સીમા ન હોવાની વાતને જ જાણે કઢાવે છે. દંશ-કડવાશ વગરની નિર્દંભ સ્વસ્થ પ્રસન્નતા, જાત અને જગતની વિચિત્રતા-મર્યાદા પર હસવાની અને હસવા દેવાની ખેલદિલી એ ચિત્તનાં સ્વાસ્થ્ય અને વિકાસ-ક્ષમતાના સંદર્ભે એક મહત્ત્વની આવશ્યકતા છે. આ ગ્રંથ-માળાની પ્રાપ્તિની એ રીતેય મૂલવણી કરી શકાય.

આ ચાર ગ્રંથમાળાઓ વાચનનો પ્રારંભ કરતાં નાનાં બાળકોની ભૂમિકાનું પહેલું એક વર્તુળ પૂરું કરતી હોય એમ લાગે છે.

* * *

આ પછી 'પશુપક્ષી ગ્રંથમાળા' નામે ઓળખાવાયેલી શ્રેણીનો વિચાર કરી શકાએ.

'મોતિયો' પુસ્તકામાં ત્રણ લખાણ બાળકોને અતિપ્રિય એવાં કૂતરાં-ગલૂડિયાં વિશે, એક લખાણ બિલાડી વિશે અને એક લખાણ બકરી વિશે છે. બધાં લખાણો જાણે નાની બાળવાર્તાઓ બની રહે છે. તેમાં આ પ્રાણીઓનું વ્યક્તિત્વ, તેમની વિલક્ષણતા-આકર્ષકતા, બાળમનમાં અનુભવાતું તેમની સાથેનું ભાવાનુસંધાન... બધું રમતા રમતાં પ્રગટ થઈ રહે છે. સાહિત્યરૂપે-શબ્દરૂપે થયેલા આ ચિત્રણમાં તેની આસ્વાદ્યતા વાસ્તવિક અનુભવ કરતાંયે જાણે કાંઈક વિશિષ્ટ બની રહે છે. ('પાંચાની બકરી' નામની વાર્તા ઝાકિરહુસેનની જાણીતી હિંદી વાર્તા 'अब्बूखाँका बकरी'નો સરળ અનુવાદ જણાય છે. કે પછી આ બન્ને વાર્તા ત્રીજા કોઈ આધાર પર ટકી હશે ? 'अब्बूखाँकी बकरी' વાર્તાના અંતની સચોટતા જો કે અહીંની વાર્તામાં પૂરી સચવાઈ નથી. મૂળ વાર્તામાં અંતે મરતી બકરીનાંયે શૌર્ય-સાહસ-અડગતા જ વાચકના દિલમાં રણકયા કરે છે. અહીંના અનુવાદમાં અંતે હાર-નિષ્ફળતાની કરુણતા જ પ્રમુખ થઈ ગઈ છે.)

'મંગેશનો પોપટ' પુસ્તકામાં તારાબહેન પોપટ માટેની માનવલાગણીને કરુણરસથી ઘૂંટે છે. 'અમારે ત્યાં દિવાળી નથી'માંની સુખી-સમૃદ્ધ અને દુઃખી-ગરીબ એવાં બે ઘરોની તુલનાત્મક રજૂઆત ધ્યાનાકર્ષક-વિચાર-પ્રેરક છે. આપણી આર્થિક-સામાજિક સાંયોગિક વિષમતાનો મુદ્દો જે શૈલી-સિફતથી અહીં બાળકો પાસે મુકાયો છે તે નોંધપાત્ર છે. આસ-પાસના જગતને જોવા-જાણવાનું ને પોતીકું અનુભવવાનું થયા પછી ચેતોવિસ્તારનો બીજો તબક્કો દુઃખી-પીડાગ્રસ્તો-અભાવગ્રસ્તોની જાણકારી મેળવવાનો ને તદર્થે સંવેદન અનુભવવાનો છે. અહીં તે ડગલું હવે જાણે સ્પષ્ટ ભરાય છે. પરિચયની-ભાવનાની-સંવેદનાની વાત ટાલ્લાં કે વેવલાવેડા ન થઈ જવા દેવા હોય તેમ પરિચિત વિષયોને વાસ્તવની-હળવાશની ભૂમિકાએથી જોવાનું પણ અહીં બને છે. 'પશુપક્ષીઓ તો પાઠમાં જ સારાં' અને 'અમારી લડાઈ' (ઊંદરડા સાથેની) આ રીતે

ધ્યાન ખેંચે છે. ચાટ પડેલા ખુલ્લા મોંની વાત 'બોખલુ'માં હળવાશથી જ નિરૂપાય છે, પણ તેમાંય 'બોખલુ' પ્યાલા જેવડુંથી માંડીને ક્રમશઃ આકાશ જેવડું સુધીની ગતિ કરી ગયું છે તે નોંધવા જેવું છે. ચેતોવિસ્તારની વળી કશી સીમા હોઈ શકે?

'મારી ગાય' પુસ્તકામાં ગિજુભાઈએ કાલ્પનિક વાર્તા દ્વારા જે ગૌસ્તોત્ર રચ્યું છે તે આફરીન પોકારાવે તેવું છે. અનુદારતા, લોભ, બળજબરી, ચોરી જેવાં અવગુણ-મર્યાદા શ્રી-સમૃદ્ધિને ટાળે અને સમર્પિત સેવા જ તેમાંથી ઉગારે એવું જીવનમૂલ્ય પણ તેમાં સહજ-સુંદર રીતે વણાયું છે. ગાપ્રાતિ તો તેમાં પૂરી ઘૂંટાયેલી છે જ. આ એક પુસ્તકા પણ ગિજુભાઈનાં શૈક્ષણિક, સાહિત્યિક દૃષ્ટિ-કાશલના ગજનો પુરાવો આપી રહેનારી લાગે છે. આ વાર્તાની ગાય આપણા મનમાં એક ન ભુલાનારું પાત્ર બની રહે છે.

'ગધેડુ' પુસ્તકામાં ગિજુભાઈની હળવી કલમ ખીલી છે. ગધેડાને તેમાં કથક પાત્ર તરીકે તેમણે અનેક સંદર્ભે બોલતો કરી દીધો છે. એટલે રસિકતા વધી છે. 'કોણ કહે છે, માર્યા વિના ન ચાલે?' જેવી વાલી અને શિક્ષકોને ઉપયોગી બાલવાર્તા પણ તેમાં શોભે છે. ગાય વિશે લખવાનું હોય કે ગધેડા વિશે, ગિજુભાઈ એમનો હૃદયરસ બન્ને પર મુક્ત મને ઢોળે છે. માણસો અંગેનો અસ્પૃશ્યતાભાવ સુધારવાનો પ્રારંભ પશુપંખી અને જંતુજાતની દુનિયા અંગેનો અસ્પૃશ્યતાભાવ સુધારવાથી કરવો રહેશે તે વાત સહેજે અહીં સૂઝીને સચવાઈ ગઈ છે, 'ચીડિયાખાનુ' પુસ્તકા દેશવિદેશનાં પ્રાણીઓની રસિક પરિચયકથા આપીને બાળકોના જિજ્ઞાસાજગત અને રસજગતના પરિઘને વિસ્તારે છે.

'મહાસભાઓ' પુસ્તકા વિવિધ જંગલી પ્રાણીઓ, પંખીઓ અને ફૂલોને જીવંત પાત્રોની જેમ અનુભવતાં-બોલતાં-વર્તતાં ચીતરે છે. માહિતી-પરિચય, નાટચરસ, જીવનવિચાર-મીમાંસા, વ્યંજના બધું તેમાં એકરસ થઈ રહે છે. કુસંપ અને મિથ્યાભિમાનથી થતા ગેરલાભની વાત વગર ઉપદેશે સમજાવવાનો એ એક સફળ પ્રયાસ બની રહે છે.

'કયાંથી આવ્યા?' પુસ્તકા કપાસિયા, માટી અને જોડા જેવી સીધીસાદી લાગતી પણ મહત્ત્વની વસ્તુઓની આત્મકથા શૈલીએ રસભરી પરિચય-રજૂઆત કરે છે. આપણા સમાજમાં અહીંતહીં ઊંચાં થઈને

પોતાની હાજરી પુરાવ્યા કરતા ઉપલા વર્ગના ખરા આધારરૂપે રહેલા નીચેના અદૃશ્ય ગ્રામીણ-શ્રમજીવી વર્ગની મહત્તા ઉવેખાઈ ન જાય તેનો સાદ્યંત સ્નેહસમજભર્યો ખ્યાલ આ ગ્રંથમાળામાં એક યા બીજા નિમિત્તે સચવાયો છે તે હકીકત ખાસ ધ્યાન ખેંચે છે.

'મારા ગોઠિયા' પુસ્તિકા પણ સામગ્રી-શૈલીની રીતે નોંધપાત્ર બની રહે છે. ભણીગણી શહેરમાં જઈ વસેલા ગિજુભાઈએ અહીં પોતાનાં બાલમિત્રોને સંભારીને શબ્દોમાં પ્રત્યક્ષ કર્યાં છે. બાળપણના સખ્યને મોટપણના પુનર્મિલનના બિંદુએથી તેમણે જોયું-વર્ણવ્યું છે. તે તે પાત્રોની વ્યક્તિગત ખાસિયતો સાથે તેમાં વધુ સ્પર્શી જનારું તત્ત્વ તો સ્નેહભાવ-મમત્વનું જ છે. સમાજની નજરે તો નાણાં-કામગીરી-સત્તા-કીર્તિની દૃષ્ટિએ એ બધાંય પાત્રો લખનાર-સંભારનાર કથકથી પાછળ જ છે...પણ અહીંની રજૂઆતમાં આ સ્થિતિ-અંતર લેખકના સાચુકલા સખ્યસ્નેહથી ભરાઈ-ઊભરાઈ જાય છે. લેખક એ સૌ પાત્રોનો ગૌરવ-મહિમાયે કરે છે અને દોસ્તી-પ્રેમના ઐક્યને યે ઉપસાવે છે. લેખક સમવયસ્ક બાલ્યના ગામડિયા હસનાને સ્વસ્થ-સુખી-જુવાન દેખાતો વર્ણવે છે અને પોતાની ભણેલી-શહેરી વ્યક્તિમત્તાને તેની તુલનામાં ફિક્કી ને ઘરડી વર્ણવે છે. મૂળે માસ્તર એવો રામચંદ પાનવાળો વકીલસાહેબને (લેખકને) માન આપવા માગે છે, પણ વકીલસાહેબ પોતે તો તેમનો જૂનો નિશાળિયો હોવાની વાતને જ આગળ કરે છે ને બન્નેની આંખો ભાવથી ભીની થાય છે ! માસ્તર વિશ્વાની, -તેના આ ઉપરી સાહેબ જેવાના ઘરમાંયે દોસ્ત તરીકે જ થયેલી આગતાસ્વાગતા વિશ્વાની આંખમાંયે આંસુ આણી દે છે. ગરીબ મગનો અને પૈસાદાર વકીલ પોતપોતાની જુદી જીવનસ્થિતિને પ્રારબ્ધ સિવાય અન્ય રીતે સમજવાનું મુશ્કેલ હોવાનું અનુભવે છે. અહીં જબરી 'કનુડી' અને ચપળ-ફરંદા 'લટપટ'નાં તરવરિયાં સ્મરણચિત્રો પણ છે અને 'લલાટપટ લિખિતં' અને 'રહેમતખાન ગવૈયો' જેવાં લપિયાં વ્યક્તિત્વોના રમૂજી ચિત્રો પણ છે. આ શ્રેણીની પુસ્તિકાઓ આમ એકંદર તો બાળકના મૈત્રીવિશ્વને સંભારતી-વિસ્તારતી કથાઓની શ્રેણી જ બની રહે છે.

'જીવનપરિચય ગ્રંથમાળા' નામે ઓળખાવાયેલી શ્રેણીની આઠ પુસ્તિકાઓ 'ઘરમાં', 'આંગણામાં', 'શેરીમાં', 'કુદરતમાં', 'બાળશાળામાં' એમ બાલવાચકને વિસ્તૃત પરિચય-આનંદયાત્રા કરાવે છે. 'ભો ભો ભોં'

માં વાહનયાત્રાઓનાં રમ્ય શબ્દચિત્રો છે. પુસ્તકોનો 'કબાટ' પોતાની આત્મકથા કહે છે અને 'ટપાલપેટી' બાળકો પરના અને બાળકોએ લખેલા વિષય-વૈવિધ્યવાળા, સરળ-સ્વાભાવિક, નાના કાગળો આપે છે. 'ઘરમાં' પુસ્તિકામાં 'ઓળીઝોળી', 'બા માંદી છે' જેવા આનંદ તેમજ શોકના પ્રસંગો છે, 'અંતકડી' અને 'સ્વયંપાક' જેવા બાલઉત્સવો છે અને 'બિચારો ભૂખ્યો છે' જેવા પ્રસંગમાં ઘરની હૂંફ-સહાનુભૂતિને બહારના અજાણ્યા, ભૂખ્યા-અશક્ત એવા માગણ-ભિખારી સુધી સહજ રીતે વિસ્તારવાનો સફળ પ્રયાસ પણ છે. એ ભૂખ્યા અને ઉઘાડા માણસને જોઈને પ્રસંગના બાલપાત્રને 'રોવું' પણ આવે છે. એ વૃદ્ધ ભિખારીને ઘરમાંથી રોટલી-ગોળ ને છાશ સાથે પહેરણ તો અપાય જ છે...પણ 'આવા દુઃખી બીજાય ઘણા છે'...એ વાસ્તવ પણ ઘરનું માતૃત્વ બાળકોના ધ્યાન પર મૂકે છે તે નોંધપાત્ર છે. 'અંતકડી'માં ગુજરાતી ઉપરાંત મરાઠી-હિન્દી-સંસ્કૃત કાવ્યપંક્તિઓ પણ ઉલ્લેખાય છે...તે ય નોંધવું જોઈએ.

'આંગણામાં' પુસ્તિકા 'તુલસીક્યારો' ને 'આંબા'ની વાત કરવા સાથે જ 'ગૂંદી' અને 'આકડા'ના સૌંદર્યની વાત પણ મન મૂકીને કરે છે.

ગિજુભાઈની નજર કોઈ દિશા-ખૂણાને જાણે ભૂલતી નથી.

"આંબાના પાંદડાને અડ નહીં, એમ એ બળી જાય. જો, આંબો પાણી પી રાજી થઈને હલે છે..." – આવી સૂક્ષ્મ, કોમળ-મધુર સંવેદનાઓ પણ અહીં છે.

'ગૂંદી' તો જાણે ઘરમાંનું જ જીવતું જાગતું એવું દસમું સભ્ય છે અને બાલપાત્ર શારૂની તો એ ખાસ બહેનપણી છે એવું નિરૂપણ 'શાકુંતલ'ના કણ્વઆશ્રમ અને વનસંસ્કૃતિની યાદ જગાવી જનારું, મનોહર બની રહ્યું છે. અહીં 'ચીબરી'ના બચ્ચાનું સભ્ય-સૌંદર્ય પણ છે અને બચુની મિત્ર એવી પાણી-કૂંડીનિવાસી આજ્ઞાંકિત દેડકી અચાનક કાગડાના મોંએ જતાં વીલા પડી ગયેલા બચુનો સ્પર્શી જનારો શોક પણ છે.

'શેરીમાં' પુસ્તિકા શેરીજગતની દિનચર્યા-માસચર્યા-ઋતુચર્યાને જીવંતપણે રજૂ કરે છે. શેરી-આગંતુકોનાં ગમનાગમન તેમાં સુંદર રીતે સુંદર રીતે નિરૂપાયાં છે. પશુ-પંખી-કુદરત-માણસો-ઉત્સવો બધું જ

તેમાં છે. તાજી વિયાયેલી ભેાતી કૂતરીથી માંડીને હાથી સુધીનેા વૈવિધ્ય-વ્યાપ તેમાં છે.

'કુદરતમાં' પુસ્તિકા તારા, ઝાડ, ટાઢ, વસંત, વા-ધૂળ, વાદળ, વરસાદ, પૂર, વરાય વગેરેનાં મનેાહર ચિત્રેા આપે છે. અહીં રજૂઆતની ન્હેડકણાં-શૈલી નવીનતા આણે છે. અહીં પગ પાસેની કુદરત છે તેમ ક્ષિતિજનું સૌંદર્યદર્શન પણ છે. 'બાળશાળામાં' પુસ્તિકા બાલમંદિરના કાર્યક્રમેાને, શાળાનાં વાતાવરણ-જીવનને પ્રસંગ-સંવાદ સાથે વ્યક્ત કરે છે. શણગાર, રાસ, લડાઈ-રમત, બેારખાવા એવી પ્રવૃત્તિવિષયની અહીં વિવિધતા છે. 'રજા પહેલાં અને પછી'ના લખાણમાં બાળકેા વિના શિક્ષકને બાલમંદિરમાં કેવું સૂનું લાગે છે તે હૃદયધર્મની વાત પણ સહજપણે કહેવાઈ છે. 'ભેાં ભેાં ભેાં' પુસ્તિકા ગાડું, મેાટર, ટ્રેઈન, હેાડી, આગબેાટ એમ વિવિધ વાહનેાની યાત્રાનેા આનંદ-ચિતાર પ્રસંગ-સ્મરણ-વર્ણન દ્વારા આપે છે. વાહન ગમે તે હેાય, લેખકનેા નિરૂપણ-રસ-આનંદ જરાય આછેા વરતાતેા નથી. 'કબાટ' પુસ્તિકાનાં પુસ્તકેાની આત્મકથા સજીવારેાપણ શૈલીની ચમત્કૃતિ સાથે સંવાદાત્મક ઢબે સરસ રજૂ થઈ છે. બાલવાચકનેા સંવેદનતંતુ વનમાં ઊગેલાં વૃક્ષેા સુધી લંબાવીને જેડી દેવામાં લેખક સફળ થાય છે. 'ટપાલની પેટી' એક નવા લેખનપ્રકાર વિશેનેા પરિચય-રસ કેળવવાની રીતે મહત્ત્વની બની રહે છે.

* * *

'અવલેાકન ગ્રંથમાળા' નામે ઓળખાવાયેલી શ્રેણીમાં 'છાણાં થાપી આવ્યાં' નામક તારાબેનની પુસ્તિકામાં શહેરનાં મધ્યમવર્ગીય બાળકેાને ગ્રામીણ ઘર-વાતાવરણ વચ્ચે સહજ, રમતિયાળપણે લઈ અવાયાં છે. એ બાળકેા માટે એ જાણે કે એક નાનકડેા સાહસ-પ્રવાસ જ છે. રેઢા ઘરના આંગણામાં મનની મેાજે એ બાલપાત્રેા છાણાં થાપે છે, વાછડી પંપાળે છે, ધંટી ફેરવવાનેા નિષ્ફળ પ્રયાસ કરે છે... અને પછી અચાનક ઘરધણી આવતાં ભાગે પણ છે ! માધાની દેવુ એ છેાકરાંને કહે છે—

"એવું ગેાબરું કામ અમારું; તમ જેવાનું ઈ કામ નંઈ બાપા !" પણ આ બાળકેાનેા ઉત્તર છે કે "અમને છાણાં થાપવાં બહુ ગમે છે. એમ તેા કાલેય આવશું ને છાણાં થાપશું.' —આ સમગ્ર નિરૂપણમાં ભારે સાહજિકતા-જીવંતતા સચવાયાં છે. આ જ પુસ્તિકામાં 'ગાડાવાળેા"

પણ છે અને મહારાષ્ટ્રિયન નાનો ઘરઘાટી સ્વજન જેવો 'અમારો વિઠ્ઠલ' પણ છે.

કાકાસાહેબ લિખિત 'ઓતરાતી દિવાલો'ની બે સંક્ષેપ-પુસ્તિકાઓ બહુ સહજ રીતે આ માળામાં ગોઠવાઈ ગઈ છે. અહીં પણ ખૂણાખાંચરાનાં જીવજંતુથી માંડીને આંગણાનાં અનેક પંખી-પશુ-છોડ-વૃક્ષોનું રસિક-માર્મિક અવલોકન-ચિત્રણ છે. અલબત્ત, આ બન્ને પુસ્તિકાઓની ભાષા-રજૂઆત આ ગ્રંથમાળાની અન્ય પુસ્તિકાઓ જેવી કે જેટલી સરળ-બાલભોગ્ય નથી...પણ વિષય-સામગ્રીથી બાલભોગ્યતા અને લેખકના કૌતુકરસથી તે મર્યાદા નભી જાય તેવી તો બની રહે છે.

'ગામમાં' પુસ્તિકામાં ગિજુભાઈએ બાળકોને ભાવનગરના બજાર-પ્રવાસે ઉપાડ્યાં છે. ભાતભાતની દુકાનો, દુકાનદારો, ધંધાની વિગતો, સ્થળો આમાં સ્થાનિક નામ-વિગતોના સંદર્ભો સાથે આવે છે. કૌતુક-માહિતીરસ, પ્રવાસના આનંદ-ઉત્સાહ અને બજારના ધંધાર્થીઓમાંયે ઊભરાતું પ્રવાસી બાળકો માટેનું વાત્સલ્ય એક અમીટ છાપ છોડી જાય છે. ગિજુભાઈની સાહિત્યનિર્માણશક્તિનો પરિચય આ કૃતિ પણ કરાવે છે.

'મામાની જળ્ય' પુસ્તિકા ઉદ્દેશ્ય-સામગ્રીની રીતે જરા આગવી બની રહે છે. ચિત્તની ક્ષિતિજો વિસ્તરવાની પ્રક્રિયામાં એક તબક્કે પૂર્વગ્રહો-વહેમો-શંકા-બીકથી મુક્ત થવાનું પણ જરૂરી બની રહે છે. તેમાંથી મુક્ત થયા વગર જગતમાં કયાંય, કોઈની સાથે સાચો ને પૂરો પરિચય-સંબંધ સ્થપાઈ શકતો નથી. હા, સાચાં જોખમોની જાણકારી સ્વસ્થતા-સલામતી માટે જરૂરી છે, અને પાણીમાં ડૂબવા જતા બચ્ચાને બચાવવાની વાત કરવા જેવા પ્રસંગોએ અન્ય સ્થળે ગિજુભાઈ તે વાત સૂચવે પણ છે. પણ રૂઢિ-પરંપરાના અવૈજ્ઞાનિક-અતાર્કિક વહેમ-ડર તો ચેતોવિસ્તાર દ્વારા જગત સાથે સ્નેહતાદાત્મ્ય અનુભવવા વચ્ચેનું મોટું વિઘ્ન જ છે. રૂપાયિત જગતને આંતર્બાહ્ય રીતે તે અકારણ વિરૂપ બનાવે છે. જળ્યનો મામો, આંબલીની મેલડી, નવરાત્રીનું સ્મશાન, વાવનો જિન એવા પ્રસંગચિત્રણો દ્વારા અહીં ગિજુભાઈએ નિર્ભયતા-સાહસ-બૌદ્ધિકતા દ્વારા વહેમ-ભયના નિવારણનો સરસ-સચોટ પ્રયત્ન કર્યો છે. બીજી ઘણી પુસ્તિકાઓમાં છે તેમ અહીંયે લેખક એક પાત્ર બનીને સંકળાતા હોવાથી સ્વાનુભવકથનની સ્વાભાવિકતા-રસિકતા લક્ષાણમાં આવી છે. બીકની

ક્ષણોનું પણ બરાબર વર્ણન કરીને લેખક પ્રસંગની પ્રતીતિજનકતા, અવાંતરે બીકનું મિથ્યાપણું ઉપસાવે છે.

'વાડામાં' પુસ્તકો ઋતુ ઋતુનાં શાકભાજીને સજીવારોપણની સંવાદાત્મક શૈલીએ રજૂ કરે છે. 'ધોબીડો ધૂએ છે' પુસ્તકો જુદી જુદી કામગીરી સાથે સંકળાયેલ વ્યક્તિઓનાં સહાનુભૂતિભર્યાં પરિચય-ચિત્રો આપે છે. થોડા શબ્દોમાં પણ અહીં જાણે બાહ્ય નખશિખવર્ણન અને આંતરચરિત્ર બન્ને મળે છે. અહીં પણ લેખકની નજર સામાજિક કે આર્થિક રીતે બહુ ઊંચાં, મોભાવાળા ગણાતાં પાત્રો તરફ નથી તે વાત ધ્યાન ખેંચે છે. ભારતીય પરંપરાના તળપદા દેશી જીવનની ભાત-સુગંધ બધાં ચરિત્રોમાં છે. 'ધોબી-ધોબણ'ની દિનચર્યા અને શ્રમ-શાંતિ, 'ચાઉસ'ની ફરજ અને એકલતા, 'રેવો પૂજારી'ની જીવનશૈલી અને જીવન-ભાવના, 'હાજે પગી'નું જીવનપરિવર્તન, 'કાળો પાણીવાળો'ની ચોકસાઈ અને ભલમનસાઈ, 'ઘુઘો ગાડીવાળો'ની પ્રામાણિકતા અને કાળજી, 'પાચો ભરવાડ'નાં પશુપ્રેમ અને સ્વાસ્થ્ય, 'દેવો જોશી'નાં જ્ઞાનતેજ, સંતોષ અને સમભાવ—આ બધું નિરૂપણ લેખકની ગુણાનુરાગીવૃત્તિ પ્રગટ કરે છે. ગુણદર્શનવલણ એ ચેતોવિસ્તારની પ્રક્રિયાને કેવું મદદ કરનાર વલણ છે તે ભાગ્યે જ સમજાવવું પડે તેમ છે.

'ગામડામાં મળજો' પુસ્તકો પણ આ જ રીતે ગ્રામનિવાસી ધંધાર્થીઓને શબ્દોમાં જીવંત કરે છે. બધાં જ ચરિત્રવર્ણનો અનુભવાયેલાં ઐતિહાસિક લાગે છે. અહીં પાત્રો-ગ્રામપરિવેશ-પ્રકૃતિ-વસતિ બધું એક થઈ ગયેલું અનુભવાય છે. 'રઘો પટેલ'નું કર્મઠ-ભર્યું ભર્યું જીવન, 'મેઘા સોની'ની સ્વભાવ-વાણીની મધુરતા, 'પુની ભરવાડણ'ની ઉદારતા-ધર્મભીરુતા, 'રૂડી કોળણ'નું વાત્સલ્ય, 'રતનો ભગત'ની પ્રામાણિકતા...આમ એમાં વૈવિધ્ય સચવાય છે. 'ટીડો મીણિયો'ની 'દિવસે ચલમ - રાતે બોંબો'ની જીવનશૈલીને અને 'પ્રાગો બોખરી'ની "જબરુ માણસ—ડાહ્યું માણસ—વાતે હોંશિયાર—ખાવે હોંશિયાર—પૂછવા ઠેકાણું—પ્રભુનું માણસ"...જેવી વાસ્તવિકતાને, વ્યક્તિત્વસંકુલતાને પણ લેખક ન્યાય આપે છે.

* * *

'ચાલો પ્રવાસે ગ્રંથમાળા' નામે ઓળખાવાયેલ શ્રેણીની પુસ્તિકાઓ ગામડું શહેરનાં મુલાકાતસ્થળો, વતનનાં પર્યટનસ્થળો, પ્રદેશ, પાડોશી

રાજ્ય રાષ્ટ્રનાં યાત્રા-પ્રવાસ સ્થળો, પરદેશયાત્રા વગેરેનું રસવાહી પરિચય-બયાન આપે છે. શહેરનો છોકરો ચંપક ગામડામાં મહેમાન બને છે અને ગામડાના મિત્ર રમણીક સાથે ઢેંકવો, સાતકોશિયો, ખળાવાડ, લોકોનાં ઘર વગેરે વિસ્મય-પ્રેમથી જુએ-ઓળખે છે.

"બળદ તો અમારું ધન કહેવાય ને એના ઉપર અમારું જીવતર..." એવું ખેડૂતવેણ અહીં છે. "હવે ગામડું ભૂખમરેગું થવા બેઠું છે ઈ પણ બતાવો, નહિ તો ચંપકને ઊજળું એટલું દૂધ લાગશે..." —આવો વાસ્તવ-નિર્દેશ પણ અહીં છે. અને ચંપકને અહીં "ભાંગીને ભૂકો થઈ ગયેલ કોળીવાડો, ઊભડિયાનાં દૂબળાં ઢોર, ગંદકીથી સડતો ઢેઢવાડો, જ્યાં ત્યાં પડેલ ઉકરડા, પડી ગયેલા કૂવા ને પુરાઈ ગયેલ વાવો" પણ સંભારીને બતાવવામાં આવ્યાં છે. આથી ચેતોવિસ્તારની પ્રક્રિયા કેવળ લાગણીવેડા —'રોમેન્ટિસિઝમ'માં સરી જતી બચી જાય છે. વાસ્તવને તેના અસલ સ્વરૂપ ઓળખ્યા-સ્વીકાર્યા પછી થયેલું ચિત્તનું અનુસંધાન જ દીર્ઘજીવી-સાર્થક ઠરી શકે તે વાતનો લેખકને જાણે ખ્યાલ છે.

ભાવનગરનાં અને આસપાસનાં સ્થળોએ થયેલા પ્રવાસોનાં વર્ણનોમાં થઈ ચૂકેલા અનુભવોની જીવંતતા—સ્વાભાવિકતા છે. પરિચિત પાત્રનામોનો પણ સહજ ઉપયોગ તેમાં છે. 'ગુજરાત અને મહારાષ્ટ્ર'માંનું ગુજરાતનું ભક્તિ-પરિચય-સ્તોત્ર તો મોટાએ પણ માણવા જેવું છે. ગુજરાતનાં સૌંદર્ય-વિવિધતા-મહત્તાના સંદર્ભે ગિજુભાઈ અહીં જાણે મન મૂકીને વરસે છે. પ્રકૃતિ, સ્થળવિશેષ, વ્યક્તિવિશેષ, ઇતિહાસ, જીવનરીતિ... બધું જ અહીં એટલું ભાવપૂર્ણ રહી સ્વાભાવિક રીતે ગૂંથાતું આવે છે કે લખાણ મૂળે માહિતીનું હોવા છતાં જાણે કાવ્ય જેવો આનંદ આપે છે. આ આમ તો મહિમા-સ્તોત્ર છે...પણ તેમાંય ગુજરાતમાંની જ્ઞાતિભેદ, કોમી કલહ, ગરીબી, અનારોગ્ય, ગામડાંની ઉપેક્ષા, ખોટી આધુનિકતા, વૈભવશોખ જેવી વાસ્તવ-મર્યાદાઓ તરફ અંગૂલિનિર્દેશ કરવાનું લેખક ચૂકચા નથી તેથી તે નોંધવું જોઈએ. 'ગિરિશિખરો', પુસ્તિકા 'ગિરનાર', આબુરાજ અને હિમાલયને ખડાં કરે છે. 'આફ્રિકા સાંભર્યું' અને 'રોજનીશી પુસ્તિકાઓ આફ્રિકા પ્રવાસનાં સ્થળો, માણસો, પ્રસંગો, પશુઓ, ભાષા વગેરેનું નાવીન્ય સાદ્યંત વાર્તારસ-સંવાદકળા સાચવીને આપે છે. 'રોજનીશી'માં વળી મુક્ત સ્મરણનોંધનો નવો લખાણપ્રકાર પણ આવી જાય છે.

'દાદાદશ'ને' પુસ્તિકા સ્વજનો-પાડોશીઓની પરિચય-કથા આપે છે, જેમાં આપણા દેશી જૂની રખાવટવાળા ગૃહજીવનની સુગંધ-નરવાં પ્રેમ અને વાત્સલ્ય પમરે છે. બા, માશી, મામા, કાકા, દાદી, ભાભુ, ભાભી એવું ચરિત્રવૈવિધ્ય અહીં છે.

* * *

'રમ્યકથા ગ્રંથમાળા' નામે ઓળખાવાયેલ શ્રેણીની પુસ્તિકાઓ હવે જાણે બાળકોના સુલભ અને રોજિંદા એવા મૂર્ત અનુભવજગતની વાતો પૂરી થયા પછીના તબક્કામાં પ્રવેશે છે. હવે પ્રાચીન કથાસાહિત્ય, ઇતિહાસ, લોકવાર્તા અને કલ્પનાકથાનાં પાત્રો-પ્રસંગો-ભાવનાઓ સુધી ચિત્તસંવેદનતંતુ જોડવાનો ઉપક્રમ આરંભાય છે. બધેય વાર્તાસાહિત્યનો આનંદ તો સાથે છે જ. 'ગણપતિબાપા' ગણપતિચરિત્રને મોહક રજૂઆત-શૈલીથી ત્રણ પ્રસંગ-પગલાંમાં જ ઉપસાવે છે. 'પીરુ અને' પુસ્તિકા લોકવાર્તાનાં ઓઠાં-ઉદાહરણોને નિરૂપે છે. પુત્રપ્રેમ, પરાક્રમ, વફાદારી, ખડતલપણું...આવાં રસબિંદુઓ તેમાં છે. જો કે 'એક ખુદા'ની એકનિષ્ઠાની વાત અને 'ગોપીચંદ ભર્તુહરિ'ની હાટડીની માયાની વાત બાલભોગ્ય થાય છે કે કેમ તે પ્રશ્ન રહે છે. 'કૂતરાનો ન્યાય'નું કથાનક કંઈક અસ્પષ્ટ જ રહે છે. 'શિવાજી મહારાજ' એક સારું ચરિત્ર થયું છે. 'ચેલૈયો'ની કથા કે તેનો મહિમા આજ હવે વિવાદાસ્પદ લાગી શકે. 'કાચબો અને કાચબી'ની કથા ભરોસાનું સત કે ઈશ્વરભક્તિને અને 'માધાવાવ'ની કથા પારમાર્થિક બલિદાન-મહિમાને સારી રીતે વ્યક્ત કરે છે. 'રૂપસિંહ અને રામસિંહ' રાજકુમારોની દુનિયાની અદ્‌ભુત રસની કિશોરકથા છે; પણ તેમાં 'ભંગી' પાત્રની બલપાત્ર તરીકેની રજૂઆત આજે બદલાયેલા-અકળાયેલા સામાજિક વાતાવરણ-સંદર્ભે કદાચ કોઈને કઠે પણ ખરી. અલબત્ત, વાર્તામાં આમ 'ભંગી' શબ્દના ઉપયોગ ખાતર લેખક પર કશુંય હેત્વારોપણ કરવામાં તેમને ભારે અન્યાય કરવા જેવું છે તે સ્પષ્ટ છે,

'તીરંદાજ' પુસ્તિકા સ્વીટ્ઝર્લેન્ડ, હોલેન્ડ, પોલેન્ડ અને કોરિયાના કિશોર-નાયકોનાં હિંમત-સ્વસ્થતા-કૌશલ્ય-રાષ્ટ્રપ્રેમ-ફરજ જેવા ગુણોની રસકથા આપે છે. 'મકનો ને રાક્ષસ' કલ્પનાકથાના આનંદલોકમાં લઈ

જાય છે. તો 'હંસ અને હંસા' પ્રીતિ, મૈત્રી, વાત્સલ્ય સ્નાશ્રય અને મધુર ગૃહજીવનની સરળ-સુંદર શબ્દછબીઓ આપે છે.

* * *

'કથાનાટચ ગ્રંથમાળા' નામે ઓળખાવાયેલી પુસ્તિકાઓમાં બાળનાટકો : ભાગ ૧,૨'માં આપણી કેટલીક સરસ બાળવાર્તાઓને બાળનાટકો રૂપે મૂકી છે. આમાં નાટકની એક વિશેષ સાહિત્ય-સ્વરૂપ તરીકેની નવીનતા-ઉપયોગિતા વાર્તારસ સાથે સચવાય છે. એમાં નિર્મળ-નિર્દોષ આનંદ છે, મનુષ્ય-સ્વભાવ-પરિચય છે અને બાલસ્તરને અનુરૂપ જીવનરહસ્ય, જીવનસત્ય અને સંસ્કાર-ઘડતરની વાત પણ છે. આ વાર્તાઓ પોતે તો નાનાં બાળકોના સ્તરની જ છે પણ તેનું આવું નાટચરૂપ ભજવણીની દૃષ્ટિથી મોટાં બાળકોના સ્તરનું ગણાવવું હોય તો ગણાવી શકાય.

'હરિશ્ચંદ્ર' પુસ્તિકામાં ટેક-તપ, 'ગોપીચંદ' પુસ્તિકામાં વૈરાગ્ય-જ્ઞાન-સંયમ, 'બુદ્ધચરિત્ર'માં ત્યાગ-જ્ઞાન-કરુણા બધું સારી રીતે ઊપસે છે.

'છેલ્લો પાઠ' પુસ્તિકામાંના જાપાન, તિબેટ અને ફ્રાંસના ઇતિહાસ-શિક્ષક, ભૂગોળશિક્ષક અને માતૃભાષાના શિક્ષકોની પ્રસંગ-કથાઓ ભાવાત્મક સ્તરે સૂક્ષ્મતાથી પણ જબરી ચોટ મારે છે અને આમ આ આખી ગ્રંથમાળામાં નિરૂપિત ચેતોવિસ્તારની સંકલિત સોપાનશ્રેણીમાં પરિચિત પ્રકૃતિ-સૃષ્ટિ, પરિચિત કુટુંબ-વ્યક્તિઓ, સમાજ, ઇતિહાસ... એમ કરતાં કરતાં હવે જાણે વિદ્યા-સંસ્કાર-ભાવના સુધીનું સ્તર સંકળાઈ જાય છે.

'છેટાં રે'ને માબાપ' પુસ્તિકા અસ્પૃશ્યતા-નિવારણના તાકીદના પ્રશ્નને–યુગધર્મને બહુ જીવંત રીતે દૃષ્ટિપૂર્વક આલેખે છે... અને એમ અંત્યોદયથી પરમાત્મા સુધાના ચેતોવર્તુળને જાણે પૂરું કરે છે.

આપણાં અસ્પૃશ્ય ગણાતાં માનવસભ્યોને ટ્રેઇનમાં ટિકિટ લેવામાં–ચડવામાં–બેસવાની જગ્યા મેળવવામાં રોજિંદા ઘરવપરાશે પીવાનું પાણી મેળવવામાં કે ગંભીર બીમારીમાં અનિવાર્ય જરૂરી સારવાર મેળવવામાંયે વારેવારે જે અસહ્ય વેઠવું પડે છે તેનાં ખરેખરાં કરુણ-અન્યાયી સ્થિતિચિત્રો ગિજુભાઈ એકએક લસરકે અહીં ઉપસાવે છે. તેમાં અધિકાર-સ્વમાનની પ્રાસંગિક ઉપેક્ષાથી માંડીને તે નિષ્ઠુર કમોત સુધીનાં

સ્તર આવ્યાં છે. કહેવાતા ઊંચાઓનાં અજ્ઞાન, રૂઢિ, દંભ પણ તેમાં છે; સહન કરીકરીને હવે ભાગેલા નવા જમાનાનું જોર પણ તેમાં છે... અને અસ્પૃશ્ય અને ઈશ્વર વચ્ચેનું સહજ કે લાયકાતથી સિદ્ધ થયેલું પરમ અદ્વૈત પણ તેમાં છે. પરિસ્થિતિ, વિચિત્રતા-વિષમતા, પ્રશ્નો, સંવેદનો અને ઉકેલ...એમ બધું લીલયા અહીં પ્રગટ થાય છે, સૂચવાય છે.

હેતુ-સામગ્રીની રીતે અન્ય તમામ પુસ્તકાઓથી જુદી પડી જતી 'સંપાદકોનું કથન' નામની પુસ્તિકા તો આ આખી ગ્રંથમાળાને ઝીલવા-સમજવા-મૂલવવાની વૈચારિક સ્તરે એક વ્યાપક અને નક્કર, સ્પષ્ટતા-ભૂમિકા પૂરી પાડે છે. તેનું સાચું સ્થાન આ ગ્રંથમાળાને આરંભ-મધ્યમાં અને અંતે એમ ત્રણેય સ્થળે આ પુસ્તિકા આમ તો બાલવાચકોના વાલીઓ-શિક્ષકો માટે છે. 'દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય ગ્રંથમાળા'નું આ કામ કેવાં વિશિષ્ટ દૃષ્ટિ અને વિચાર-આયોજનપૂર્વક થયું છે તે તેમાં ઠીક સ્પષ્ટ થયું છે. આમા બાળમાનસનો–બાળસ્થિતિનો વિચાર તો છે જ, સાથે આપણાં કુટુંબનો, પ્રદેશનો, દેશનો, યુગનો, સંસ્કૃતિનો, વિશ્વનો અને ભવિષ્યનો વિચાર પણ છે. જીવનની વાસ્તવિકતા અને ગંતવ્ય બન્નેનો સ્વીકાર-સમન્વય તેમાં છે. પ્રકૃતિ-સૃષ્ટિની, વ્યક્તિની, જીવનની સમગ્રતાનો તેમાં મહિમા છે.

આ ગ્રંથમાળા આખરે તો શબ્દોની–સાહિત્યની દુનિયા છે... પણ જો તે જીવન-આચારમાં પ્રેરક-પૂરક થાય તો જ તેના સંપાદકોને ખરો સંતોષ થવાનો છે. સારી સારી વાતો વાંચીને જ બધું સરખું–પૂરું થઈ ગયાની સાર્થકતા અનુભવે તેવા નિષ્ક્રિય, આરામખુરશીવાળા 'વાંચણિયા' વાચકો તેમને અપેક્ષિત નથી એ મુદ્દો સંપાદકો એ ખાસ નોંધ્યો છે તે ધ્યાનપાત્ર છે. આટલું બધું અને આવું ઉત્તમ વાચન આપ્યા પછી પણ એ વાચનને તેમણે જિવાતા જીવનનો સગવડિયો વિકલ્પ નથી ગણ્યું; અર્થાત્ શબ્દ-સાહિત્ય દ્વારા સધાતા મૂલ્યવાન ચેતોવિસ્તારનો એથીયે વધુ મૂલ્યવાન વ્યવહાર-ધરતી પર મૂર્ત સાક્ષાત્કાર પણ તેમણે ઇચ્છ્યો જ છે. આ 'બાલસાહિત્યમાળા' એ રીતે જીવનની, જીવન વડે રચાયેલી, જીવન માટેની બાલસાહિત્યમાળા છે એમ સહેજે કહી શકાય. જે વાચન વાચનની અને જીવનની એમ ઉભયની એક સાથે મહત્તા અને મર્યાદા સમજાવે તે ઉત્તમ વાચન એમ આપણે કહી શકીએ. આ રીતે 'દ. મૂ. બાલસાહિત્ય ગ્રંથમાળા'નો આ વૈજ્ઞાનિક-કલાત્મક પુરુષાર્થ આપણા બાલશિક્ષણકારોને

અને બાલસાહિત્યકારોને અદ્યાપિ પ્રેરક અને માર્ગદર્શક બની રહે તેવો છે.

* * *

કવિગુરુ રવીન્દ્રનાથે ગાયું છે:

'યુક્ત કરો હે સબાર સંગે, મુક્ત કરો હે બંધ'

મને સૌ સાથે જોડો અને બધાં બંધનોમાંથી મુક્ત કરો.

આમ તો મનુષ્ય-જીવનનું આ એકમાત્ર અને પરમ કર્તવ્ય-ગંતવ્ય છે. 'આત્મવત્ સર્વભૂતેષૂ'નો અનુભવ કરીને જ અહીં સાચી મુક્તિ પામી શકાય છે, વ્રજમાં વૈકુંઠ ઉતારી શકાય છે. આવું સૌ સાથેનું પરિચય-સ્નેહનું ચિત્તાનુસંધાન અનુભવીને જિવાતાં જગત-જીવનમાં જ પ્રેમમય મુક્તિનો રસસિદ્ધ અનુભવ આપવાની, કહો કે એવી બાલદીક્ષા આપવાની ક્ષમતા આ એંશી પુસ્તિકાઓમાં જાણે ભરી પડી છે.

વ્યક્તિ અને સમાજના સ્વસ્થ-સુખી-સાર્થક જીવન માટેની જરૂરી બાબતોમાં સૌંદર્યદૃષ્ટિ, પરિચય-સ્નેહસંબંધ, કરુણા, જીવન અવલોકન-તારણ, વૈજ્ઞાનિકતા, સ્વરનઝંબના, સક્રિયતા, આત્મનિરીક્ષણ, સહકાર અને હિંમત તેમજ કષ્ટસહનની ધૃતિ ગણાવી શકાય. આ પુસ્તિકાઓમાં આ બાબતોના સંસ્કાર-ધબકાર સંભળાય છે.

આ પુસ્તિકાઓની રજૂઆત-ભાષાશૈલીનું જે વૈશિષ્ટય સૌંદર્ય-સામર્થ્ય છે તે તો એક અલગ અભ્યાસલેખનો વિષય બને તેમ છે. આ લખનારે તો વચ્ચે-વચ્ચે તે વિશે ન લખવા માટેય લોભ-સંવરણની મહેનત કરવી પડી છે. અર્વાચીન ગુજરાતી ગદ્ય ઘડવામાં ગિજુભાઈનું પણ નોંધપાત્ર અર્પણ છે. તેની શાસ્ત્રીય નોંધ કદાચ પૂરી, ગુજરાતી વિવેચનક્ષેત્રે ન લેવાઈ હોય તેમ બને એ સમયગાળામાં ગાંધીજી અને ગિજુભાઈ બન્નેના ગદ્યમાં એક ઘરગથ્થુપણું, પોતીકાપણું, સાદગી, સુગઠિતતા, સચેતનતા, પ્રાસાદિકતા અનુભવાય છે. સાહિત્યિક છટા અને અલંકાર સંદર્ભે ગિજુભાઈનું ગદ્ય ગાંધીજીથી આગવું પણ બને છે. બોલાતી ભાષાને અને લેખિત ગદ્યને એકરસ કરવામાં પણ ગિજુભાઈનો મોટો ફાળો છે.

હા, આ પુસ્તિકાઓમાં ગુજરાતના પ્રદેશવિશેષ એવા સૌરાષ્ટ્ર-ઝોલિ-લવાડની ભાષા અને રહેણીકરણીની પ્રમુખતા છે. ગુજરાતના જ અન્ય બોલી-પ્રદેશવાસીને તે એ રીતે થોડું નવું કે અપરિચિત લાગે. પણ આવું વૈવિધ્ય પ્રસંગે અસ્વાદ્ય પણ બનતું હોય છે. ખરેખર તો પ્રદેશ વિશે-

ષનાં બાળકો માટે થોડું પ્રાદેશિક એવું આગવું પરિચિતસ્વાભાવિક સાહિત્ય રચાય તે પણ પસંદ કરવા જેવું છે. એ સંદર્ભમાં આ પુસ્તિકા નમૂનારૂપ ગણીને ચાલી શકાય તેવું છે. આખા ગુજરાતે આ પુસ્તિકાઓને ઠીક ઠીક ઝીલી-માણી છે. એ હકીકત સ્વીકાર્યા પછી પણ આ કે આવી પુસ્તિકાઓને તમામ બાળકો માટેના સાર્વત્રિક બાલસાહિત્ય તરીકે જ જોવા-મૂલવવાની એવી અનિવાર્યતા નથી જણાતી. બાલસાહિત્યના સ્તરે પ્રાદેશિકતાનાં સ્થાનિકતાનાં સ્વીકાર-સંભાળ એ વૈજ્ઞાનિક વલણ જ છે.

બદલાયેલા સમય-સ્થિતિ-સંયોગ સંદર્ભે આ પુસ્તિકાઓમાં અહીં-તહીં કયાંક કશુંક મઠારવું-ફેરવવું-ઉમેરવું' પડે એમ પણ બને. જો કે આવી જરૂર પ્રમાણમાં ઓછી જ રહેવાની. 'ઢેઢે' કે 'ઢેઢડી' શબ્દ, આપણને લેખકોનાં ઉચ્ચાશયની અને સાહિત્યિક જરૂરિયાતની પ્રતીતિ હોવા છતાં હવેના દુઃખ-ગેરસમજના વાતાવરણમાં કદાચ સર્વસ્વીકૃત નહીં બને એમ સ્વીકારવું રહ્યું.

ગુજરાતી બાલવાચકને આ પુસ્તિકાઓમાં મળ્યું છે તેવું સાચુકલું, દૃષ્ટિવાળું, વૈવિધ્યપૂર્ણ, રોચક અને નરવું બાલસાહિત્ય ભારતની અન્ય કોઈપણ ભાષાના બાલવાચકને એકસાથે કયારેય મળ્યું હશે કે કેમ તેવો પ્રશ્ન મનમાં જાગે છે. આ ગ્રંથમાળા એ રીતેય અદ્વિતીય હોવાનો પૂરો સંભવ છે.

આ ગ્રંથમાળા એક બાજુથી બાળકના મન-સ્વભાવધર્મની સનાતનતા અને બીજી બાજુથી આપણા યુગધર્મની પ્રાસંગિકતા એમ બન્નેને એક સાથે જે જીવંત રસાત્મકતાથી સહજ રીતે એક-મૂર્તરૂપ કરે છે તે તેનું મોટું અર્પણ છે.

બાળકોનાં ચિત્ત-માનસ-કલ્પનામાં જે કોમળ ભાવના, નિર્દોષતા, સચ્ચાઈ, કુતૂહલ, વિસ્મય, આનંદ, લગાવ હોય છે તે બધું આ પુસ્તિકાઓનાં પાને પાને જાણે પ્રગટે છે. આ લખાણો એવો એક પ્રબળ ચિત્તસંસ્કાર પાડે છે કે આ તમામ પ્રકૃતિ, જીવન, જગત, વસ્તુઓ, સંબંધો, પ્રસંગો... બધું બહુ સુંદર છે, ભર્યું ભર્યું રસભર્યું છે, ચાહવાયોગ્ય છે, મહિમાવંતુ છે; તેમા રહેલ સુંદરતા, વિલક્ષણતા, વૈચિત્ર્ય એમ બધેથી તમે જીવનરસ લૂંટો અને ઘૂંટો.

વળી આ સામગ્રીની રજૂઆત-શૈલીમાં પણ સાદ્યંત ઊંડી પ્રીતિ, સમજ, સમભાવ, ઋણબુદ્ધિ, થનગનાટ, હોંશ, સક્રિયતા, પુરુષાર્થનાં ભાવ-

વલણ દેખાય છે. જાતઅનુભવની સચ્ચાઈ-સાહજિકતા તેમાં ભળ્યાં છે. સરળતા, પ્રાસાદિકતા, ચિત્રાત્મકતા, વાર્તારૂપ, નાટચાત્મકતા, હળવાશ, ભાવસઘનતા વગેરે તો અત્રતત્રસર્વત્ર છે જ.

વાસ્તવનાં પરિચય સ્વીકાર અને આદર્શનાં ઝંખના-તલસાટ બન્ને તેમાં છે...અને એ ઉભયનાં મીમાંસા-સમન્વય પણ તેમાં છે. તળપદા લોકજીવનના અનુભવ-અવલોકનનો ધબકાર તેમાં છે. દૃશ્ય ગ્રામીણ વાતાવરણની ઝીણીઝીણી લાક્ષણિક વિગતો તેમાં છે. શહેર-ગામડું, ભણેલાં-અભણ, પૈસાદાર-ગરીબ, સુંદર-અસુંદર, મોટાં-નાનાં, સુખ્યાત-કુખ્યાત, સ્થૂળ-સૂક્ષ્મ...બધાંનાં રજૂઆત-તોલન તેમાં છે. આથી સમગ્રતયા તેમાં એક દૃષ્ટિપૂર્વકની સમતુલા સધાય છે. કથ્યવસ્તુસામગ્રી, દૃષ્ટિશૈલી અને ભાવક પરની અસર એમ ત્રિવિધસ્તરે એ સમતુલા અનુભવાય છે.

વિષય ગમે તે હોય પણ કલમ-પીંછીના બે-ત્રણ લસરકે જ આખું ચિત્ર-વાતાવરણ ખડું કરી દેવાની ગિજુભાઈની શબ્દશક્તિ નાનામોટા ભાવકનું માથું ડોલાવે તેવી છે. તેમની સંવાદ-નિર્માણકળા પણ એવી જ અદ્‌ભુત છે. આ ગ્રંથમાળાનાં લખાણો પરથીયે કોઈ અજાણ વ્યક્તિ તરત તારવી શકે તેમ છે કે વ્યક્તિ તરીકે ગિજુભાઈ અત્યંત પ્રેમાળ, સરળ, ચકોર, પુરુષાર્થી, રમૂજી, સૌંદર્યપ્રેમ અને જીવનરસથી ઊભરાતા-છલકાતા માણસ હશે !

જીવનમાં બીજા વિકલ્પોયે શક્ય હોય ત્યારે તો સાત્ત્વિક અહંકાર-વિલય સિવાય બાળકો આગળ કે બાળકો ખાતર નાચવું-કૂદવું-ગાવું-લખવું શક્ય નથી. ગિજુભાઈ આ સાત્ત્વિક સાધના સિદ્ધ કરી ચૂકયા હતા. તેમના જીવંત સંપર્કમાં આવી શકેલાં તે રીતે સદ્‌ભાગી બન્યાં-છીએ. બાકીનાંઓનું સદ્‌ભાગ્ય તો ગિજુભાઈનાં લખાણો જ છે. એ લખાણોનો પ્રવાહ, તેનું સ્વરૂપ...વર્ડઝવર્થના પેલા કાવ્ય-ઓળખ-શબ્દોની યાદ આપે છે : "The spontaneous overflow of powerful feelings...recollected in tranquility..." અને ગિજુભાઈમાં વસેલા કાંતદ્રષ્ટા કેળવણીકાર-કલાકારને 'કવિમનીષી' કહેવા બાધ્ય કરે છે.

આ ગ્રંથમાળાનાં લખાણો તેના સર્જકો-સંપાદકોનો ખુદનો ચેતો-વિસ્તાર સધાયા પછીનાં કે સધાતાં-સધાતાં જ લખાયેલાં લખાણો છે. તે સરસ, સચોટ, પ્રતીતિકર કેમ ન બને ? આ લખાણોમાં તેનાં લેખકો

પૂરા Involve થયેલા અનુભવાય છે. આ નિષ્ઠાતાદ્ધાત્મ્ય, ભાવતાદ્ધાત્મ્ય, શૈલીતાદ્ધાત્મ્ય એ આ આખી ગ્રંથમાળાનું જાણે જીવાતુભૂત તત્ત્વ જણાય છે.

આ સંસારમાં ઘણીઘણીવાર નાનાં, સુલભ અને સરળનાં યોગ્ય સ્વીકાર-કદર થતાં નથી. કોઈ સ્થૂળ શક્તિ-સંપત્તિ કે કોઈ અભિમાન-ખ્યાલનો ઉચ્ચગ્રહ તેમને અવગણે-નકારે છે. આ સ્થિતિમાં ગાંધીજીએ નાના ગણાતા માણસમાં રહેલી મહાનતા બહાર આણી; અને ગિજુભાઈએ નાના શરીરમાં રહેલા મહાન આત્માને પ્રીછ્યો-ઉપાસ્યો. એ રીતે એ બન્ને મહાત્મા હતા.

વિશ્વશાંતિના વડલાને મ્હોરાવવા માટે મહાત્મા ગાંધીએ મુક્ત ધરા-ગગનની પ્રાથમિક-સાંયોગિક અગત્ય પિછાણી અને એ વડલાની અનેક શાખા-પ્રશાખાઓની ચિંતા પણ તેમણે જીવનભર કરી...અને મહાત્મા ગિજુભાઈએ જાણે એ જ વડલાનાં કયારા-મૂળિયામાં પોતાનો જીવનરસ રેડી દીધો. સ્વસ્થ-મુક્ત વ્યક્તિ અને સ્વસ્થ-મુક્ત વિશ્વની ખેવના-કુરબાની સંદર્ભે આમ બન્ને વ્યક્તિત્વો 'એકમેવાદ્વિતીયમ્' જણાય છે.

આ લખનારની એ એક કમનસીબી છે કે તેને બચપણમાં ગિજુ-ભાઈને ખભે રમવા નથી મળ્યું... પણ એ જ ગિજુભાઈનાં લખાણો-શબ્દોમાં નિરાંતે રમવા-આળોટવાનું તેને મળ્યું છે... તે એનું પરમ સદ્‌ભાગ્ય રહ્યું સમજાયું છે. એથી જ આજે આ લખાણ દ્વારા, ગિજુ-ભાઈના કદી ન ફેડી શકાનારા ઋણને નહીવત્ પણ ચૂકવવાનો નાનકડો બાલ-આયાસ કર્યાનો જ આનંદ અનુભવાય છે. શિશુનો તો પ્રણામ-પ્રયત્ન પણ કાલોઘેલ્લો જ રહેવાનો !

---

૩૦. બાલકાવ્ય અને ગિજુભાઈ

ભાનુપ્રસાદ પંડ્યા

કાવ્યજાતિમાં બાલકાવ્યનું સ્વરૂપ અનેક રીતે નિરાળું અને વિશિષ્ટ બની રહે છે. કાવ્યનાં સરેરાશ લક્ષણોમાંથી કેટલુંક એમાં અવશ્ય હોય, પણ એ એના બાલભાવકના આસ્વાદના અધિકારની રૂએ ઘણી બાબતોમાં જુદું પડી જાય છે. આથી એનાં વિષય, આયોજન અને નિરૂપણરીતિમાં એ ઘણું વૈશિટ્ય દાખવે છે. કાવ્યપુદ્‌ગલ રચવામાં એના રચયિતાએ સહજ એવી ભાવપ્રવણતા સાથે સૂઝ અને સાવધાની રાખવાનાં રહે છે.

બાલકાવ્યના સર્જકે સૌ પ્રથમ તો બાળકની મુગ્ધતાની સરહદમાં પ્રવેશવાનું રહે છે. કવિચિત્તનો લીલામય વિસ્મયસ્પન્દ એમાં ઝીલાઈ ઊઠતો હોય. બાળકની ભાવસૃષ્ટિ તો 'કૌતુકની દુનિયા' (The world of wonders) છે. એટલે બાળકાવ્ય ભલે ગમે તે વયના કવિ દ્વારા રચાયું હોય પણ તે નર્યા 'શિશુલોકની યાત્રા' કરાવી રહે, એમાં એનું સાર્થક્ય. એમાં સ્નેહ-વાત્સલ્યનો સ્પન્દ હોય, રિસામણાં-મનામણાં નિમિત્તે રોષ, મસ્તી અને તોફાન હોય, નિરામય ચાતુરી કે અકૈતવ લુચ્ચાઈ હોય, કેવળ નિર્દોષ રમૂજ ઉત્પન્ન કરતો કાવ્યતર્ક હોય, પ્રકૃતિ-દર્શનની ચિત્રાવલિ હોય – પણ એથી એમાં સર્વત્ર પેલાં ભોળપ, મુગ્ધતા, નિખાલસતા અને કૌતુક હાજર હોય. એથી એમાંનાં ભાવસ્પન્દો ધૂળમાં ઊપસતાં પંખી-પગલાંની જેમ બાલભાવકના ઉરમાં સદ્ય અંકિત થઈ જાય અને પુખ્તનેય એના એ રમ્ય અતીતમાં ખેંચી જાય ! ગિજુભાઈએ બાલકાવ્ય પાસે આવી અપેક્ષાઓ રાખી છે.

બાલકાવ્યમાં આમ નિર્વ્યાજ, નિર્ભેળ અને અકૃત્રિમ સ્પન્દનોને વ્યક્ત થવાનો ભારે અવકાશ છે. એ કવિતામાં ફૂલોનો અર્થ 'રંગ અને સુગંધ' છે, તારાનો અર્થ 'ટમકતું તેજ' છે, સાગરનો અર્થ 'ભરતી-મોજાં, વહાણ અને ઓટ' છે. વરસાદનો અર્થ 'છમછમિયાં' છે. જેમ લોકગીતમાં ગહન કે સંકુલ વ્યંજના-ધ્વનિને સ્થાન નથી, તેમ તેમાં સીધાં અને સહજોત્થ એવાં સંવેદનોને પામીએ છીએ તેમ બાલકવિતામાં પણ વ્યક્તિ,

પ્રકૃતિ અને પદાર્થજગતનો આપણે મોઢામોઢ (Face to face) પરિચય કરીએ છીએ.

બાલકવિતાના ભાવવિશ્વમાં એક એવો ચમત્કાર થવો જોઈએ કે જડપદાર્થને ચૈતન્ય મળી જાય. એમાં પથ્થર, ડુંગર, નદી, પવન, ફૂલ વગેરે બોલતાં થઈ જવાં ઘટે. સચરાચર જગત બાલદેવતાની સમક્ષ પોતાનાં હૃદય અને વાણીના આગળા ખુલ્લા કરી નાખે તે રીતે એમાં માનવીય સંબંધોનું અને લક્ષણોનું આરોપણ થાય. આથી જ મીનીમાસી, બકરીબેન, કાગડાભાઈ, વડલાદાદા, ફૂલરાણી – એમ વિશ્વના પ્રાણીપદાર્થો એમાં આત્મીય સંબંધોથી સંકળાઈ જાય. કવિતામાત્ર ચિત્તનો વિસ્તાર કરે છે એમ કહેવાયું છે, તો બાલકવિતા પણ આ રીતે એ લક્ષણને વફાદાર રહેવી જોઈએ. બાલકાવ્યસર્જક એમાં બાળકોને રસ પડે એવા સંબંધોનું આરોપણ કરે એ આવશ્યક છે. એમાંથી એ પ્રસન્નમધુર, કરુણગંભીર અસર ઉત્પન્ન કરી શકે. બાલકાવ્ય રચયિતા કયારેક કુદરતી ગુણોને, સંબંધોને ઊલટાવીને, એમાંથી રમૂજભરી વિસંગતિઓ પણ સર્જી શકે. અંગ્રેજીમાં જેને વૈતથ્ય કે વિસંગતિભરી જોડકણાં–પંક્તિઓ (Nonsensical Verses) કહેવાય છે, તેવો સાયાસ વ્યુત્ક્રમ સાધીને પણ સર્જક બાલકાવ્ય રચી શકે. જેમ કે,

It is mind-night and the setting sun-
Is slowly rising in the west.
The rapid rivers slowly run.
The frog is on his downy nest.
The pensive goat and sportive cow
Hilarious, leap from bough to bough.

આપણે ત્યાં પણ આવાં 'બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી' જેવાં કાવ્યો મળે છે.

બાલકાવ્યનો ઉપાડ પણ આકર્ષક તેમ જ બાલકાવ્યભોક્તાને એમાં સીધો પ્રવેશ કરાવી દે તેવો હોય. તેની પંક્તિ ટૂંકી અને તાલ-લયના ઠેકા કે છલાંગવાળી હોવી આવશ્યક. એમાં અમુક શબ્દોનાં આવર્તનો પણ અપેક્ષિત. સ્વ. મેઘાણીના 'કિલ્લોલ' સંગ્રહમાં આનાં ઘણાં દૃષ્ટાન્તો

મળે, પણ આ પંક્તિ માત્ર તમે વાંચી શકશો નહિ, પણ સીધા ગાવા જ માંડશો :

નાના થૈને, નાના થૈને નાના થૈને રે,
કે બાપુ, તમે નાના થૈને રે...

શિશુહૃદય સાથેનું તાદાત્મ્ય પણ ગીતનો ઉપાડ કવિને આપી શકે. લોકકવિતામાં પણ લોકગીતની ઉપાડની પંક્તિ આપણા પર ભૂરકી નાખ્યા વગર રહેતી નથી. એટલે ગિજુભાઈએ વારંવાર આવા ઋજુ હૃદયના તાદાત્મ્યની અપેક્ષા બાલકાવ્ય માટે રાખી છે. ઉગ્ર પંડિતબુદ્ધિ બાળકાવ્યમાં અવરોધક બને. એમાં તો બહુશ્રુત કવિ-સર્જકને પણ બાળવિશ્વના સ્તરે ઊતરવું અનિવાર્ય બને છે.

બાલકાવ્યમાં બાલમાનસને વાસ્તવની ધરતી પરથી ઊંચકે પણ તેનો સંબંધ સાવ અળગો ન કરી દે એવી કલ્પનાનો પ્રયોગ થવો ઘટે. આથી કહેવું જોઈએ કે બાલકવિતામાં એનો સર્જક કલ્પના (Imagination) કરતાં તરંગબુદ્ધિ (Fancy)નો પ્રયોગ વિશેષ કરે તે જરૂરી ખરું. એમાં અલંકારો ન હોય એવું નથી, પણ એ અલંકરણો બાળ-કલ્પનાની ભ્રમણરેખા (Orbit)ની મર્યાદામાં રહીને એનું સૌંદર્ય પ્રગટ કરે. બાલકવિતામાં મુખ્યત્વે ઉપમા, ઉત્પ્રેક્ષા કે દૃષ્ટાન્ત-રૂપક જેવા અર્થાલંકારો વધુ પ્રયોજાય. જો કે વર્ણસગાઈ, યમક, અંત્યાનુપ્રાસ આદિ શબ્દાલંકારોને તો ત્યાં સ્વૈરવિહાર કરવાનું મોકળું મેદાન મળી શકે તેમ છે !

ગીતમય અભિવ્યક્તિ બાલકવિતાને વિશેષ અનુકૂળ રહે. છન્દોમય લય હોય તો તેમાં પણ સવૈયા, ચોપાઈ, હરિગીત, ખંડહરિગીત, મનહર વગેરે સારું કામ આપી શકે. બાલગીત વધુમાં વધુ બેત્રણ કડી અથવા અંતરાનું સામાન્યતઃ હોય. અલબત્ત કથાકાવ્ય હોય તો તે દીર્ઘરચના પણ બની શકે. પરંતુ ત્યાંય કડીએ કડીએ પ્રસંગોના વળાંકો લેતું, આંખોને વિસ્મયથી વિસ્ફારિત કરતું જિજ્ઞાસાતત્ત્વ વધુ પંક્તિઓનો ભાર લાગવા ન દે એવું એનું સંવિધાન હોવું ઘટે. પણ ગીતકવિતામાં કે લાંબી રચનામાં પંક્તિએ પંક્તિએ પ્રાસયોજના બાલકવિતામાં અનિવાર્ય બને. અહીં બાલઉછેરગૃહનાં જોડકણાં (Nursery Rhymes)ને યાદ

કરવાં જોઈએ. અંગ્રેજી જ્ઞાનકોશ એની આવી સમજ આપે છે : A nursery rhyme may be defined as a rhyme or a verse perserved in the world of children.* એના દૃષ્ટાન્ત તરીકે આવી પંક્તિઓ મળે છે :

'Rain, Rain go away
Come again another day.'

જ્ઞાનકોશ એ મતલબનું પણ સૂચન કરે છે કે આવી રચનાઓ હજારો વર્ષોથી દેશકાળના સીમાડા ભેદીને વિશ્વમાં તરતી રહી છે. અલબત્ત, એ બધી બાલસંસ્કાર કેન્દ્ર (Nursery)માં જ ઉદ્ભવી છે એવું નથી. પુખ્ત-પ્રૌઢો દ્વારા જોડાઈને કંઠોપકંઠ વહેતી આવી છે. એ અનામી કવિઓનો માનવસંસ્કૃતિને મળેલો વારસો છે. આવા જોડકણાં, વરત-કાવ્યો, ઉખાણાં આદિમાં સ્વૈરવિહારી પ્રાસયોજના તરંગલીલા દ્વારા રમૂજ કે ચાતુરીને વ્યક્ત કરવાનો આશય રાખે છે. ક્યારેક તો સર્જક કેવળ પ્રાસ મેળવીને જ સંતોષ માનવાનું રાખે તો પણ ચાલે. જ્યારે બાલકાવ્ય કે બાલગીતકાવ્યમાં અમુક ચોક્કસ ભાવસંવેદનનું વ્યવસ્થિત નિરૂપણ હોય. એમાં ભાવવિકાસ અપેક્ષિત. જોડકણું કે ઉખાણું તો એમાંની તરંગલીલાને થોડા પ્રાસોમાં વીંટીને ફેંકે છે અને એ રંગીન પરપોટાની જેમ ફૂટીને વિસ્મયનો અનુભવ કરાવે છે. બાલકાવ્ય તરીકે બાલગીત આની સરખામણીમાં વધારે ઘાટીલી રચના બને છે. ઉપાડ કે ધ્રુવપંક્તિ એમાંથી સહજ રીતે ગતિ કરતાં કડી કે અંતરાઓ, એમાંનો બાલમાનસ-અનુરૂપ તર્ક, એનો ભાવસ્પન્દ અને ચોટભર્યું લાઘવ - આ સઘળું પ્રાસયોજનાની માવજતથી દીપી ઊઠે છે. ગિજુભાઈ સંપાદિત ગીતોમાં આ તત્ત્વ સદ્ય આપણા હાથમાં આવે છે.

'ગવાય નહિ તે ગીત નહિ' - એવું જે સૂત્ર ગીતના સંદર્ભમાં મળે છે, તે બાલગીત-કાવ્યને પણ એટલું જ સ્પર્શે છે. એમાં ટૂંકા તાલબદ્ધ ઢાળ હોય કે ટૂંકી ચાલનો છંદ હોય કે પછી પ્રલંબ ઢાળ-લય-છંદ હોય પણ ગેયતા તો સિદ્ધ થવી રહી. છન્દોમાં - આગળ ઉલ્લેખ કર્યા તે ઉપરાંત ભૂજંગી, તોટક, અને ઇંદ્રવજ્રા જેવા છન્દો ઉપકારક નીવડી શકે. એમા લોકગીતસદૃશ સરળતા આવવી જોઈએ. ગિજુભાઈ

---

* Princeton Encyclopedea for Poetry & Poetics. P. 579–80

સંપાદિત 'બાલલોકગીતસંગ્રહ'માં એ તત્ત્વ છે. ગેયતાની અપેક્ષા બાલગીત પાસે એટલા માટે રહે કે તદ્દન સીધાસાદા વાચ્યાર્થરમણીય ભાવસંવેદનનું કાવ્ય પણ બાળકના મૃદુમધુર કંઠથી ગવાતાં તે પ્રભાવક બની શકે. 'કેવી હતી કે કેવી નૈં, મા મને કોઈ દિ' સાંભરે નૈં!'–એ પંક્તિ બાળકંઠે ગવાતાં ઘણાની આંખને એ ભીની કરે છે. કાવ્યસંવેદન માનવસંબંધોનું હોય, પ્રકૃતિદર્શનનું હોય, રાષ્ટ્રપ્રેમનું હોય કે પરીના અદ્‌ભુત લોકનું હોય પણ ગીતમય અભિવ્યક્તિમાં જ્યારે બાલસ્વરનો તાંતણો પરોવાય છે, ત્યારે શબ્દો આર્દ્ર બને છે અને એને જાણે પાંખો ફૂટે છે. બાલગીતમાં છન્દની ભાંગતોડ કે કેવળ અછાંદસ ગદ્યાળુતા અને જટિલતા ઘણીવાર નભી શકતાં નથી.

બાલકાવ્યની પદયોજના પણ એના ભાવપરિવેશને અનુરૂપ હોય. આથી એમાં જો ત્રણ શ્રુતિના શબ્દથી ચાલતું હોયા તો ચાર કે પાંચ શ્રુતિનો શબ્દ યોજાય નહિ. ભલે ગમે તેટલી સીધીસાદી હોય પણ સામાસિક પદાવલિને તો બાલકાવ્યરચનામાંથી ટાળવી જ રહી. બાળકને ગમી જાય, સીધાં હોઠે ચડી જાય એવાં પદોને મૈત્રી બાલકવિતામાં ભારે કામયાબ નીવડે. તેમાં પણ જો બાળકની વાતચીતના બોલને કાવ્યમાં સહજતાથી ગૂંથી શકાતા હોય તો કાવ્ય માણનાર બાળક ન્યાલ થઈ જાય. કેટલાંક પદોનું આવર્તન-પુનરાવર્તન પણ થતું રહેવું જોઈએ. એ પ્રકારની યોજના બાલકાવ્યને ખૂબ ઉપકારક થાય. બાલકવિતાની પદરચના એના યોગ્ય અર્થમાં 'પ્રાસાદિક' હોય. સ્વચ્છ જળમાં કે સ્વચ્છ દર્પણમાં જેમ પ્રતિબિંબ સદ્ય ઊપસી આવે તેમ કાવ્યભાવ બાલકાવ્યની પદરચનામાંથી ઝિલાઈ આવે. આથી બાલકવિતાની 'ભાષા'નો પ્રશ્ન વિચારતાં કહેવું જોઈએ કે એ બાલવાણીમય અથવા બાલવાણી-નિકટ હોય. પ્રશિષ્ટ ભાષાનું એના પર ઓછામાં ઓછું આક્રમણ હોય.

બાલકાવ્યનો નિરૂપણ-અભિગમ મુખ્યત્વે વર્ણનાત્મક કે કથનાત્મક હોય એ વધુ અપેક્ષિત. એ યથાવકાશ નાટ્યાત્મક અને ચિત્રાત્મક પણ બને. બાળકાવ્ય એમાંના ભાવસ્પન્દનું કથન-વર્ણન-આલેખન કરે, પણ સૂચન-ધ્વનનનો એનો આશય ન હોય. સ્વ. ત્રિભુવન વ્યાસના 'વનવાસી પોપટજી, તુજને પિંજર કેમ ગમે?' એ બાલગીતનો સંદર્ભમાં જ્યારે કોઈએ એમાં બંદીવાન રાષ્ટ્ર કે વ્યક્તિનું સૂચન છે એમ કહ્યું ત્યારે એમાં પ્રૌઢ ભાવકનું અર્થારોપણ દાખલ થતું લાગ્યું! ખરેખર

કવિને તો પોપટની પરિસ્થિતિનું જ વર્ણન કરવું છે. અને ધ્વનિ લેવા જઈએ તો શબ્દાર્થની કલામાંથી આ કે તે એમ બીજાં સૂચનો પણ લઈ શકાય ! બાલકાવ્યના નાજુક પુદ્‌ગલ પર આવો કોઈ અર્થભાર લાદવાની જરૂર ન હોય.

ગિજુભાઈના આગમન પહેલાં આપણે ત્યાં બાલભોગ્ય લોકગીતો હતાં, જોડકણાં હતાં, મધ્યકાલીન કવિઓનાં સરલ પદો હતાં, પણ બાલકાવ્યનો, બાલવાર્તાનો કે સમગ્રતયા બાલસાહિત્યનો કોઈ આદર્શ નહોતો. ગિજુભાઈએ બાલમાનસનો અભ્યાસ કર્યો. પાશ્ચાત્ય બાલ-સાહિત્ય અને શિક્ષણનું અધ્યયન-ચિંતન-મનન કર્યું. મેડમ મોન્ટેસોરીએ એમની દૃષ્ટિની ક્ષિતિજોને વિસ્તારી એ ખરું, પણ એમના પોતાનામાં સ્વકીય કહી શકાય તેવી બાળકોને ઓળખવાની દૃષ્ટિ અને સૂઝ હતી. ગિજુભાઈને આપણે 'બાલ-અંતર્યામી' કહી શકીએ. એ સમયે પ્રાપ્ત બાળપોથીઓ, બાલશિક્ષણપદ્ધતિ વગેરેથી તેઓ સંતુષ્ટ નહોતા. એમનું પ્રયોગશીલ માનસ બાળસાહિત્ય પરત્વે સક્રિય બન્યું.

ઈ. સ. ૧૯૨૦–૨૧માં ગાંધીજી હજી ગુજરાત વિદ્યાપીઠ સ્થાપવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે એમણે 'ચાલણગાડી' જેવી પૂરક બાળ-પોથીઓ પ્રકટ કરવા માંડી. સ્વ. જુગતરામભાઈ દવેનો એમાં પૂરો સહ-યોગ સાંપડ્યો. પછી તો બાલલોકગીતસંગ્રહ, બાલસાહિત્યમાળા, બાલસાહિત્યવાટિકા – એમ બાળકોને ગમ્ય અને રુચ્ય થઈ પડે એવું સાહિત્ય પ્રકાશિત થવા માંડ્યું. સંપાદક અને લેખક ગિજુભાઈની કલમ અને સંયોજનદૃષ્ટિ પૂરપાટ વહેવા માંડી. અન્ય લેખકોએ પણ ગિજુભાઈની કેડીએ પગલાં માંડ્યાં. જાણે ગિજુભાઈની 'વિદ્યાપીઠ' પણ શરૂ થઈ !

ગિજુભાઈએ આપણને બાલકાવ્યનો આદર્શ આપ્યો છે. બાલ-લોકગીત સંગ્રહ ભાગ–૧ અને ૨, તથા 'ગાતી ગ્રંથમાળા'ની આઠ પુસ્તિકાઓ પર દૃષ્ટિપાત કરતાં એમની બાલકવિતાની સંકલ્પના સમજાઈ જાય છે. તેમણે 'કહેવતો', 'જોડકણાં', 'રમતજોડકણાં' આદિનો સંચય કર્યો. તારાબહેન એમની સાથે રહ્યાં. આમાંથી ઘણું બધું લોકકંઠે હતું, કેટલુંક ગ્રંથસ્થ લોકસાહિત્યમાં કયાંક સંધરાયું હતું. એમણે રાતદિવસ જોયા સિવાય આ બધું એકત્ર કર્યું. એને કયાંક પરિમાર્જિત કર્યું,

વર્ગીકૃત કર્યું, સંકલિત કર્યું, નવું રચ્યું અને બાળકોની સમક્ષ અર્પણ કર્યું. 'કહેવતસંગ્રહ'માં એમણે લગભગ સાડા ચારસો જેટલી કહેવતો એકત્ર કરી. એ કહેવતોમાં પ્રાસબદ્ધ પંક્તિઓ છે, એ કયાંક પદ્યાત્મક પણ છે અને એમાં લાઘવની ત્રેવડ છે. 'ઝાડીને કણ અને હાથીને મણ' એ ભલે જાણીતી કહેવત છે. પણ 'કોણ વસ્યું ને કોણ વસે ? ધરતી બેઠી હસે !' એ કહેવતમાં કાવ્ય નથી એમ કોણ કહેશે ? કયાંક તો પ્રચલિત દોહરાઓમાંથી પણ કહેવત જેવી પંક્તિઓ તેઓ વીણી લાવ્યા છે. જેમકે "કણબી વાંસે કરોડ, કણબી કોઈ વાંસે નહિ.' એ કહેવત જેવું વિધાન લઈ લીધું અને બીજાં ચરણો 'હળથી બાંધે હોડ પેટ ભરે પાદશાહનાં !' છોડી દીધાં ! પણ જે બે ચરણો લીધાં એ પણ ભાવમર્મને ઘૂંટતાં જણાય છે. 'એક દીવે દિવાળી ને ઘણે દીવે દિવાળી !' પણ લાઘવમાં બે પરિસ્થિતિનું બયાન કરી દે છે. કહેવતોમાંની ઘણી તેમણે સંપાદિત કરી છે, તો કેટલીક નવી ઉમેરી પણ છે. તેમાંથી બાળકોને ગમ્મત, વ્યવહારજ્ઞાન અને કયારેક કવિતા એ બધું સાંપડે છે.

'ગાતી ગ્રંથમાળા'ના સંપુટ 'ઊભું હતું, ઊભું હતું'ના લેખક ગિજુભાઈ પોતે છે, પણ તેમણે પહેલાં આ ગ્રંથમાળામાં 'કાળા હાથ, કાળી દાઢી' શીર્ષકવાળા સંચયમાં આડત્રીસ 'વરત' રૂપે 'બકરી', 'સિંહ', 'ઊંટ' આદિ પ્રાણી વિશેનાં, સૂર્ય, ચંદ્ર, તારા વગેરે અંકાશી તત્ત્વોના તેમજ ઋતુ ઋતુનાં અષ્ટપંક્તિ લઘુ બાલકાવ્યોનું સંપાદન કરી આપ્યું. એમાં પશુ, પંખી, વનસ્પતિ, દેવો – જેવી સૃષ્ટિનાં સુંદર ચિત્રાંકનો આપ્યાં છે. જેમકે 'ઘડિયાળ' વિશેનું વરત કાવ્ય 'કટ કટ કરે/દિવસ ને રાત ફરે'/ચાવી ખાય, ચાવી પીએ/પાણી નહિ, અન્ન નહિ' – એવો ઉપાડ ધરાવે છે. તેમાં 'ચાવી ખાય, ચાવી પીએ'ના ક્રિયારૂપ પર કેવો શ્લેષ છે ! એમણે પોતે રચેલાં આડત્રીસ 'વરત કાવ્યો' 'ઊભું હતું, ઊભું હતું'માં ગ્રંથસ્થ કર્યાં છે. એ માત્ર 'જોડકણાં' નથી. એમાં બાળકનો પૂર્વાનુભવ જાગ્રત થાય એવો ચિત્રગુણ છે, વર્ણનની વ્યવસ્થા છે, ભાવ ઉદ્બુદ્ધ કરે તેવી પ્રેરકતા છે. 'દેવદર્શને' – એ વરત કાવ્યમાં એનાં લક્ષણો પ્રતીત થતાં દેખાય છે. આપણે એ પંક્તિઓને અહીં અવતારીએ :

દીપ સાથે થાળી મહીં
અક્ષત ને પુષ્પ ભર્યાં,
કપાળે કુમકુમતણા

ચાંદલાને કર્યો છે,
ચાલી જાણે રાજરાણી
દેવના મંદિર ભણી,
દીપ સાથે થાળી માંહી
અક્ષત ને પુષ્પ ભરી.
('ગાતી ગ્રંથમાળા' : 'ઊભું ઊભું હતું', પૃ. ૩૪)

અહીં મનહરની ચાલ પકડાય છે, એટલું જ નહિ પણ દેવદર્શને જતી નારીનું ચિત્ર અંકાય છે. આવાં કાવ્યોમાં જ્યાં બાળકોને–કિશોરોને અપરિચિત એવા તત્સમ્ કે અન્ય શબ્દો યોજાયા હોય એના પાદટીપમાં અર્થો આપ્યા છે. જેમકે ઉપરના કાવ્યમાંના 'અક્ષત' અને 'દીપ' જેવા શબ્દો આવ્યા તો તેમણે એના અર્થો આપ્યા છે. ગિજુભાઈનો એક આશય આવા શબ્દો પ્રયોજીને પણ બાળકોના શબ્દભંડોળને વધારવાનો છે. અલબત્ત, જે આવાં ઓળખકાવ્યો (વરત કાવ્યો) સંપાદિત સંપુટ 'કાળા હાથ, કાળી દાઢી'માં છે, તેના કરતાં પોતે રચેલાં કાવ્યોમાં ભાગ્યે જ કોઈ કઠિન શબ્દો એમણે યોજ્યા છે. બાળકલ્પનાની કાળમાં ન પકડાય એવા અલંકારોનો પણ એમાં ક્યાંય પ્રયોગ નથી. આને 'વરત કાવ્યો' એટલા માટે કહ્યાં છે કે એમાં જેનું વર્ણન થયું છે, તેને બાળકોએ વરતી કાઢવાનું (ઓળખી બતાવવાનું) છે. એટલે 'ઉખાણાં' પ્રકારનાં આ 'વરત કાવ્યો' છે. પરંતુ ગિજુભાઈની વિશેષતા અહીં રૂઢ ઉખાણાંથી આગળ જઈને મૌલિક અભિગમથી બાળકોની જિજ્ઞાસા, અનુમાનશક્તિ અને કલ્પનાની સીમાને વિસ્તારવામાં પ્રગટ થાય છે. વાસ્તવ-કલ્પનાની સરહદે બાળકોને કાવ્યાનંદ માણતાં કરવાનો તેમનો હેતુ દેખાઈ આવે છે. તેથી આ 'વરત કાવ્યો' 'ઉખાણાં' કે 'જોડકણાં' બનવાને બદલે બાલકાવ્યો બને છે. એની રચના પાછળ બાળકની દૃષ્ટિએ પશુપંખી, વનસ્પતિ અને દેવસૃષ્ટિને અવલોકનારો સર્જક કામ કરી રહ્યો છે. 'ઊભું હતું, ઊભું હતું'નાં બાલકાવ્યોને એ રીતે તપાસવાં-માણવા જેવાં છે.

'ગાતી ગ્રંથમાળા'માં ગિજુભાઈએ 'કાવ્યસંગ્રહ' શીર્ષકથી એક સંચય તૈયાર કર્યો છે. એમાં એમણે નરસિંહ, મીરાં અને પ્રેમાનંદ જેવા આપણા સુપ્રસિદ્ધ મધ્યકાલીન કવિની રચનાઓમાંથી કિશોરો માણી શકે એવી રચનાઓનું સંપાદન કર્યું છે. આમ, નાનાં ભૂલકાંનાં જોડકણાં, નિશાળે જતાં બાળકોનાં કાવ્યો અને 'જોડકણાં' – 'રમત જોડકણાં' તેમ જ કિશોર-

ભોગ્ય કાવ્યમય કહેવતો તથા કાવ્યો – એમ ત્રિવિધ કક્ષાએ સંપાદન-સર્જન એમણે કર્યું છે. એમાં તારાબહેન મોડકનો સહયોગ તેમને સારો એવો સાંપડ્યો છે.

'કાવ્યસંગ્રહ' તો સૌને આસ્વાદ નીવડે તેવો થયો છે. એમાં 'જમો તો જમાડું રે જીવન મારા', 'સખી, આજની ઘડી રળિયામણી', 'જળકમળ છાંડી જને બાળા' જેવાં નરસિંહ મહેતાનાં જાણીતાં પદકાવ્યો છે; 'બંસીવાલા, આજો મેરા દેશ', 'રામ રમકડું જડિયું' જેવાં મીરાંનાં પદો છે, તો 'પછી શામળિયો બોલિયા તને સાંભરે રે' – એ પ્રેમાનંદનું 'સુદામાચરિત્ર'માંનું ગુજરાતપ્રસિદ્ધ 'કડવું' પણ છે. અહીં પાદટીપમાં અઘરા શબ્દોના અર્થો સતત આપવા પડ્યા છે. 'કર તું ફકિરી, કયા દિલગીરી' એ મીરાનું હિન્દી પદ પણ એમાં છે ! ત્રિશોરાને શબ્દવૈભવી બનાવવાનો આશય હોય તે ખરું પણ આ સંપાદન કરતી વખતે પુખ્ત અને પ્રૌઢ વાચકો પણ તેમની સામે છે. આજે જ્યારે પ્રૌઢશિક્ષણનો રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ આપણે યુદ્ધને ધોરણે ઉપાડ્યો છે, ત્યારે ગિજુભાઈની 'ગાતી ગ્રંથમાળા'નું આ પ્રકાશન અત્યંત ઉપયોગી થાય તેમ છે.

બાલકાવ્યનો આદર્શ આપનાર, બાળમાનસને ઠેઠ સુધી સતત જોનાર અને બાલસાહિત્યક્ષેત્રે સતત પ્રયોગો કરનાર ગિજુભાઈમાં મેડમ મોન્ટેસોરી અને પંડિત વિષ્ણુ શર્મા અને લોકકવિ એકીસાથે વસતા જણાય છે ! કાકાસાહેબે એમને યોગ્ય રીતે જ 'બાલસાહિત્યના બાવા' કહ્યા છે.

---

૩૧. ગિજુભાઇની કવિતા

ચંદ્રકાન્ત શેઠ

ગુજરાતના બાળકેળવણીના ઇતિહાસમાં ગિજુભાઈનું પ્રદાન કેટલું મહત્ત્વનું છે તે સૌ જાણે છે. આ જીવન અને જગતને સુંદર કરવું–રૂપાળું કરવું–ઉન્નત કરવું હશે તો બાળકોના ઘડતર પર સૌથી વધુ ધ્યાન આપવું જ રહ્યું. જે પ્રકારનો ભાવિ મનુષ્ય આપણે વાંછીએ છીએ તેને અનુરૂપ કેળવણીનો ઉપક્રમ પણ વિચારવો જ રહ્યો. બાળકોને કયા તબક્કે કયા પ્રકારનું વાચન આપવું, કયા પ્રકારની કેળવણી આપવી, તેનો ઠરેલ ચિત્તે સવિવેક વિચાર કરવો જ રહ્યો. બાળકને અક્ષરજ્ઞાન તો આપવાનું જ છે, પરંતુ એ જ આપીને વિરમવાનું નથી. એમને લખતાંવાંચતાં શીખવવાનું છે, પરંતુ એટલું જ કરીને અટકવાનું નથી. બાળકોને એમના પોતાનામાં અને એમની આસપાસની સમગ્ર સૃષ્ટિમાં રસ લેતાં કરવાનાં છે. તેઓ સમય સમયનાં રંગરૂપ નિહાળે, વનસ્પતિસૃષ્ટિ, પશુસૃષ્ટિ, પક્ષીસૃષ્ટિ અને મનુષ્યસૃષ્ટિ આદિ સાથે ઘરોબો બાંધે, સાગર, નદી, પહાડ, જંગલ, આકાશ, વાદળ, સૂરજ, તારા, ચાંદ વગેરે કુદરતનાં વિવિધ રૂપો સાથે તેઓ પોતાનો સ્નેહસંબંધ સ્થાપે – આ રીતે સમગ્ર ચરાચર સૃષ્ટિ સાથે સ્નેહસંવાદે બંધાતાં તેમની આત્મસમૃદ્ધિ વધે, તેમનો ચેતોવિસ્તાર સધાય એ ભાવના ગિજુભાઈએ બાળકેળવણી આપતાં–બાળસાહિત્યનું સર્જન કરતાં સતત પોતાની દૃષ્ટિ સામે રાખી છે.

ગિજુભાઇ તોલ્સ્તોય કે રવીન્દ્રનાથની કોટિના બાળસાહિત્યસર્જક નથી જ. વળી તે બાળકથાઓના સર્જક તરીકે જેટલા પ્રભાવક છે તેટલા બાળકાવ્યોના સર્જક તરીકે પ્રભાવક નથી; આમ છતાં તેમની બાળકથાકાર તરીકેની સિદ્ધિમાં તેમની કવિતાવૃત્તિનુંયે પ્રદાન ઓછું મહત્ત્વનું નથી. 'કાણી ચકલી', 'ઊંટપગ સડે', 'રોંટિયો કહે હું રણેશરી', 'કાજે મારું મોતી લીધું', 'કહાણી કહું કૈયા', 'દેડકો અને ખિસકોલી', 'ઘી ચોયે', ઘી

ચોયે' સ્વાહા', 'કાગડો અને કોઠીંબુ', 'સોનેરી વાળ' આદિ અનેક વાર્તાઓમાં તો ગદ્યની સાથે પદ્ય કવિતા ચાલે છે. પદ્યના સંગે ગદ્યનેય એક અનોખો લયાત્મક સ્પર્શ પ્રાપ્ત થાય છે. એમની આ બધી વાર્તાઓમાંથી જો પદ્ય કાઢી લેવામાં આવે – એમાંનું કવિતાતત્ત્વ ગાળી કાઢવામાં આવે તો વાર્તાઓ સાવ ફિક્કી લાગે. ગિજુભાઈ ભલે પદ્યકાર તરીકે, કવિ તરીકે કોઈ દાવો ન કરે; પરંતુ એમને શબ્દને જેવાં ને જેટલાં લાડ લડાવ્યાં છે તેવાં ને તેટલાં લાડ બહુ ઓછા કવિઓ લડાવી શક્યા છે. ગિજુભાઈમાં બાળકવિતા માટેનો ઉમળકો ધ્યાનાર્હ છે.

ગિજુભાઈના સમગ્ર બાળસાહિત્ય પાછળ – બાળકથાઓ અને જે થોડાં બાળકાવ્યો છે તેની પાછળ લોકસાહિત્યની સમૃદ્ધ પરંપરાનું મજબૂત પીઠબળ છે. લોકસાહિત્યના શબ્દે ગિજુભાઈને બાળસાહિત્યના સર્જનમાં નોંધપાત્ર દિશાસૂચન અને ગતિબળ આપ્યાં છે. એમનાં અનેક જોડકણાં, એમના બાળકાવ્યના અનેક લહેકા-લહેજા પાછળ આપણા લોકજીભે રમતા શબ્દનો જાદુ કામ કરી રહેલો પ્રતીત થાય છે. ગિજુભાઈના બાળસાહિત્યનું પરમ આકર્ષણ તે આ લોકસાહિત્યે ઘડાઈને કામણગારા બનેલા શબ્દનો એમના જ સર્જનમાં જે રીતે સંચાર-ઉઘાડ થાય છે એ છે.

એ ખરું કે ગિજુભાઈની કવિતામાં કલ્પનાની સીધી ઉડાણો મર્યાદિત છે. ગધેડા માટે 'યોગી જેમ ઊભું હતું', ભેંશ માટે 'હાથી જેમ હાલી આવે', સાગર માટે 'છાતી પરે કોટિ કોટિ જહાજોને ધારે છે', સરસ્વતી માટે 'કુવિચાર વન કાપે' જેવી કલ્પનાનિર્દેશક વર્ણનોક્તિઓ એમની કવિતામાં શોધવી પડે છે. ચાંદરડાંથી ખોબો ભરવાની, પાંચીકાની રીતે એમને ઉછાળવાની વાત તેઓ કરે છે. તેઓ સવાર પડતાં મોગરો, મોગરા પાછળ ગુલાબ અને ગુલાબ પછી ચંપો ઊઠવાનો નિર્દેશ કરે છે. તારલા અને ચંદ્રમાને વાતો કરતાંયે કલ્પે છે; પરંતુ ગિજુભાઈ ગગનવિહારના મુકાબલે ધરતીની ધૂળમાં ખૂંદવાનું સવિશેષ પસંદ કરે છે.

ગિજુભાઈનાં આંખ-કાન ઘણાં ચપળ છે. એમણે કવિતામાં ચરાચર-સૃષ્ટિમાંથી કેટકેટલાંને સંડોવ્યાં છે ! ગાય, ભેંશ, બકરી, ઘોડો, બિલાડી, કૂતરો, ગધેડું, કોયલ, કાગડો, મોર, ચકલી, હોલો, પોપટ, કબૂતર, કૂકડી, ચીબરી, ખિસકોલી, સસલું, ગરોળી, કાકીડો, શેળો, દેડકું, પતંગિયાં, ટીડડાં,

કરોળિયો, માખી, મચ્છર, જૂ, કીડી તેમજ મધમલિયાં, તુલસી, લીમડી પીંપર, બોરડી વગેરે એમની કવિતામાં સહજભાવે ઉપસ્થિત છે. વાઘરણ, છાણુવાળી, શાકવાળી, ભરવાડ, કુંભાર, મોચી, દરજી, સુતાર, લુહાર, ઉજમ, કંદોઈ, ટપાલી, કારકુન, ડોકટર આદિ પણ એમના પદ્યના – કવિતાના વિષયો છે ! ગણપતિ, મુરલીધર અને સરસ્વતી પણ એમના કવિતાવિશ્વમાં ડોકરાઊડ્યું છે. વળી રાગડી, ટાઢ, રમકડાં, બંસી, ગીણુણત્તી જેવા વિષયો પર પણ એ લખે છે. સંધ્યા ને સવાર, રાત ને ચાંદની તો કવિતામાં હોય જ. ટૂંકમાં જે વાતાવરણમાં, જે પરિસ્થિતિમાં બાળકો ઊછરે છે, લરેફરે છે તે વાતાવરણને – પરિસ્થિતિને તેઓ કવિતામાં મૂર્ત કરવા મથે છે. એમની આ મથામણમાં ઉત્સાહ છે, ચકચાઈ છે. પરંતુ એટલા પ્રમાણમાં કલાની સફાઈ કદાચ કોઈને ન લાગે એ બનવાજોગ છે. ગિજુભાઈમાં બાળ-હિતનો સજાગ કરકર બેઠો જ છે, પરંતુ એના પર સજાગ ચાંપતી નજર તો સાંનિધ્ય બાળકોળવણીકારની સતત હોય છે જ; એથી મોટે ભાગે તો ઇષ્ટ પરિણામો જ આવે છે; આમ છતાં કયારેક કોળવણીકારની સજાગતા કલાની એકાગ્રતામાં મરિકંપિત વ્યવધાન ઊભું કરતી લાગે ખરી. બાળસાહિત્ય-સર્જનમાં સરળતા અને સાહજિકતા જાળવવા માટેની સજાગતાએ કયારેક સૂક્ષ્મ કળાકારી પ્રત્યે એમને અજાગૃતાં બેપરવા બનાવે છે.

ગિજુભાઈની ઉપર્યુક્ત મર્યાદાને વટી જઈને એમનું બાળદેય માટેનું જેમ ઊભરાય છે. એમના બાળસાહિત્યસર્જનમાં એનું જોમ, એનું આકર્ષણ, એની મૂળી આપણને ન્યાલ કરી દે એવી છે. બાળકને કોની સાથે કેવળ વીરનો દેદરકે બાંધવા એ સતત ઉત્સુક હોય છે. મામા, મામી, કોઈ, કુમા, કાકા, કાકી, દાદા, દાદી, બહેન, ભાઈ – આવા અનેક સંબંધોની મીઠપ તેઓ બાળકને પ્રત્યક્ષ કરાવવા મથે છે. જીવજંતુઓ સાથે, પશુપંખીઓ સાથેય દોસ્તીનો નાતો કેળવવાનો એ પ્રયાસ કર છે. અકકડી કોયડે કાચ, કીડી કોયડે કંદર – કોની સાથે વાત માંડવામાં – વાત જમાવવામાં એમને કોઈ મુશ્કેલી પડતી નથી. મામાને 'કે માતાજી, મુજને અમે કાલાઘેલા કરીને લખે.' એવી પ્રાર્થના કયાંયેકયાંય જ કરવામાં આવી છે. બાકીકાના સાથેય તેઓ મૂંઝવણથી વાત માંડી શકે છે. અકકડી કે, 'અકકડી કેન' પદને આવે, પરંતુ એકબીજે 'કેળવણી-[illegible]' અને એના [illegible] કરવામાં ઊણા ઊતરે છે. કીડી-

ભાઈને કાગડાભાઈ, બિલ્લીમાશી ને ઉંદરમામા, આવી આત્મીયતાવાળા સંબંધોએ જ ગિજુભાઈની કવિતાસૃષ્ટિ મનોહર છે.

ગિજુભાઈ કોઈ નિરાશાવાદી કે હતાશાવાદી વલણથી બાળકોના આનંદને લઈ જતા નથી. એમનો શબ્દ જિંદાદિલીમાં મદદ કરનારો, સ્નેહરસે મધુર એવો શબ્દ છે. રોગિષ્ઠ મનોવલણોથી, ભોળવિલાપક્રમોથી કે ખોટી છોળથી એ શબ્દ બચતો રહેલો છે. એમના શબ્દમાં તથી કોક આનંદલક્ષી, લીલામય નરવાપણું પ્રતીત થાય છે. ગિજુભાઈ બાળકો સમક્ષ રચનાત્મક-સર્જનાત્મક-વિધેયાત્મક અભિગમે જ શબ્દની વાત બોલે છે અને એમાં બોલે છે. ગિજુભાઈ બીકણની વાત જરૂર કરે છે પણ એ કરતાંય 'અરે ભાઈ! એને છોડી દોને!' – એ જ ભાવ-અભિવ્યક્તિ કરે છે. એમનામાં કોક સર્જક કરુણા–બોધાર્થનું વલય રહેલું છે, જે એમના શબ્દને અકોહોણો બનાવતાં બચાવે છે. તેઓ ક્યારેક ચુકવની વાત કરે છે, પણ ત્યાં અટકતા નથી. કે ચુકવ કરી બાકી કિલાનો છે એમ સાધોસાધ બતાવીને જ તેઓ રહે છે. કોક ને બારેય કો 'જવા દો, જવા દો' જ કરે છે, કેમ કે દેહના વિના કોની દેણા અમૂર્ત્ય તે એમને મંજૂર નથી. વેલ પરથી જો ફૂલ ખરી છે તો ગિજુભાઈનાં બાળકોને તે જોઈને ફૂલ બનતાં નથી, બનેલો ફૂલ બને છે, તેમાં તો વેણી ગૂંથતાં ને હાર કરતાં, નાનાં બાળો ચાલ બરાબરે કોકમાંક ફૂલ થઈ પડે છે! ગિજુભાઈ આ દુનિયામાં જે કાંટા છે તેની વાત ભૂલાવતા નથી, કેમ કે એ એમની કોઠાસૂઝભરની દૃષ્ટિને (અને સર્જકની દૃષ્ટિનેય) અગત્ય કે તાત્ત્વિક વાત લાગે છે. એમને કવિતા માં બાદબાકીમાં નકલી કેળ પસંદ નથી. તેથી તેમની કવિતામાં વાસ્તવિક-અવાસ્તવિક અભિગમની પ્રતિષ્ઠા કરવાવિકલ્પમાં જ પ્રતીત થાય છે. તેઓ કોક કોક બોધ-વિભાવ્ય આપે છે, પણ કરતાં કરતાં કેવળ બાળની બને બોધી બાતાં બતાં કરવા કરવાની વાત કરવું ચૂકતા નથી. ગિજુભાઈને બોધક કીકકીનો કરતાં પણ બાકી લીધે તોફાનોના કાર્ય કોકને કરાવવો અભિગમ ગમે છે. તેઓ બાળકના નાના નાના કાર્યોને જોવાં બોધ અભિવ્યક્તિ બની રહેલું જણાય છે. કોઈ કોઈ કરવા, કોઈ કોઈ કરતાં એ કવિતા જોવું જ કુતિકર કોક છે. અને આ કોને તેઓ કોક કરવાની વાતને બને બોધ કે કોક તેઓ. કવિતા કોઈ કોઈ કોઈ બાળકને તેઓ બાકીની બને કે કોકીનો તેઓ બોધ છે તેવો

સૃષ્ટિ સાથે મેળ જોવાનું જ ગમે. કુદરતના ખોળે જે સૌન્દર્યમાધુર્ય છે તેને ઓળખવા-પરખવાની શક્તિ અને ઉત્સાહે જ ગિજુભાઈને બળ મળ્યું છે.

ગિજુભાઈ, જેમ બાળકો એમની આસપાસના જગતમાં રસ લેતા થાય એ માટે, બાળકો ભાષામાં રસ લેતા થાય એ માટેય કંઈક કરી છૂટવા ઘણા ઉત્સાહી દેખાય છે. એમની કવિતામાં તેમ વાર્તામાં ખરી ખૂબી કહેણીની છે. તેઓ એવી રીતે એવા શબ્દોમાં વાત કરે છે કે બાળકોને તે હોંશે હોંશે અને વળી વળીને સાંભળવી ગમે. બાળકોને રસપૂર્વક, મોટેથી એમની કવિતા વાંચવી ગમે એવી એમાં લયચ્છટા હોય છે. નહાનાલાલનો 'ડોલન' શબ્દ પ્રયોજીને કહી શકાય કે એમની કવિતામાં – પછી તે પદ્યમાં હોય કે ગદ્યમાં – વાણીનું એક વિલક્ષણ ડોલન હોય છે. બાળકોને એ ડોલનથી ઝૂમવાનું ગમે છે. ગિજુભાઈનું જોડકણું હોય કે કવિતા, એમાં ઢોલક આવે ને 'ઢુમ ઢુમ ઢુમ, ઢુમ ઢુમ ઢુમ' ન આવે એ તો બને જ કેમ? એમના જોડકણામાં 'વાણિયા' સાથે બદાણિયા આવી જ જાય, પછી ભલે આવી બધી લીલા પાછળ લોકકવિતાનો સીધો ધક્કો હોય!

ગિજુભાઈ 'છૈયા' શબ્દ પ્રયોજે એટલે એના મેળમાં રહે એવા "કૈયા" શબ્દ પણ તે ઉપજાવીને જ રહે છે. 'કહાણી કહું કૈયા! સાંભળ મારા છૈયા.' ગિજુભાઈની શ્રવણરસિકતાનો અણસાર એમની કથનશૈલી બરોબર આપે છે. આ કથનશૈલી જેમ ગદ્યમાં તેમ પદ્યમાંયે ઠીક ઠીક પ્રભાવક રહે છે. બાળકોને ગમી જાય એ રીતે ભાષાની કહેણીના કેવા કેવા કામિયાઓ સંભવે છે તેનો કોઈ રસિક અભ્યાસીએ ગિજુભાઈની વાર્તાઓ તેમ કવિતાને આધારે, એમના નાના-મોટા 'પાઠો'ને આધારે ઝીણવટભર્યો અભ્યાસ કરવા જેવો છે. એમના 'નાના પાઠો' અને 'મોટા પાઠો'માંના કેટલાકનો તેમ જ 'બારેક ટોપરાં'માંનાં પદ્યોનો તેમજ 'ઊભું હતું, ઊભું હતું'માંનાં વરતોનો કાવ્યરૂપોની દૃષ્ટિએ પણ અભ્યાસ કરવા જેવો છે.

ગિજુભાઈ બાળકોનું ગજું, એમના નાના નાના હાથ અને નાના નાના પગ જોઈને જ જે તે વસ્તુ એમની આગળ ધરે છે. ગિજુભાઈ એમના બાળપ્રેમનો જાદુઈ દંડ ચલાવીને કોઈ 'આંબા'ને 'આંબાભાઈ'

'ટીંબા'ને 'ટીંબાદેવ' બનાવી શકે છે તો 'કુત્તા'ને 'કુત્તલા', 'માટી'ની 'માટુડી'યે લીલયા બનાવી શકે છે. એમના બાળકાવ્યમાં પ્રવેશનાર અનેકને તે વામનાવતાર લેવાની ફરજ પાડે છે!

બાળકોને શબ્દોની માધુરી સાથે અનુભવનીયે માધુરી આપવાનું ગિજુભાઈને ગમે છે. ગિજુભાઈ સૂર, રંગ, સુગંધ, સ્પર્શ, સ્વાદ વગેરેની રમણીયતાને દબાવીને તેઓ કશુંયે શિક્ષણ-કશોયે બોધ આપવા માગતા નથી. તેમની વાઙ્મય-નિર્મિતિમાં પ્રથમ ભૂમિકા તો બાળકોના આસ્વાદ્ય-રસની જ છે. બાળકોને મજા આવે એ શરતે અને એ રીતે તેઓ શબ્દને ગદ્ય અથવા પદ્યના પ્રવાહમાં સરવા-તરવા દે છે. એ શબ્દ બાળકોને કયાંના કયાં પહોંચાડે છે! એ શબ્દની મદદથી અજવાળા પર સરી શકાય છે, સુગંધમાં તરી શકાય છે, વિના પાંખે ઊડી શકાય છે અને વિના હોડીએ સાત સમંદર પણ પાર કરી શકાય છે! ગિજુભાઈ શબ્દ દ્વારા બાળકોને જીવન અને જગત કેવું જીવવા જેવું, માણવા જેવું છે તે અવિરત ઉત્સાહે દર્શાવતા રહે છે. જેના કારણે જ બાળકવિતા સાર્થક થાય છે, અને જે ન હોય તો બાળકવિતામાં મોટી ઊણપ વરતાયા કરે છે તે તત્ત્વ તો છે બાળકોમાં ઊંડી શ્રદ્ધા અને ગાઢ સ્નેહ. શબ્દો કયાંક મોળા હોય, પ્રાસ-વર્ણાનુપ્રાસ સરખી રીતે ન મળ્યા હોય, કલ્પનાયે ચીલાચાલુ સામાન્ય હોય આવું બધું એમની કવિતામાં અવારનવાર જોવા મળે છે. પરંતુ એ ઊણપોને ઢાંકી દે એવું એક તત્ત્વ એમનામાં માતબરપણે છે. એમના શબ્દોમાં બાળકો માટેના સ્નેહનું વજન છે, એમની બાળકવિતામાં બાળકોની સાથે ઉત્સાહથી દોડવા કરતા બાળપ્રેમી મનનો સહજ આનંદાવેગ છે. ગિજુભાઈને મનમાં સતત થયા કરે છે: 'બાળકો માટે હું શું શું કરું? મારી પાસે જે શબ્દો છે એ શબ્દોથી બાળકોનો લીલારસ અને જીવનરસ હું કેમ બઢાવું?' એમનો આ હૃદ્‌ગત ભાવ એમના સર્વ કવિકર્મનું પ્રબળતમ આકર્ષણ છે. એ આકર્ષણે જ એમની કવિતા અનેક બાળકોને 'બારેક-ટોપરાં' જેવી મીઠી લાગે છે.

ગિજુભાઈની કવિતા બાળક વાંચે, મોટેથી વાંચે અને ડોલે નહીં એ કેમ ચાલે? સૌ એમની કવિતા સાથે વાંચે, એમાંના લહેકાલહેજાનો બરોબર સ્વાદ લે એમ તો થવું જ જોઈએ. એમની બાળકવિતા એકાંતમાં વાંચવાની વસ્તુ જ નથી, બાળકોની વચ્ચે, બાળકોની સાથે, એક કહે

ને બીજી રીતે એ રીતે બોલવા-માણવાની વસ છે. કેવળ શુદ્ધ કવિતાનાં ધોરણોએ તપાસવા જતાં એમની બાળકવિતામાં કેટલીક તકલીફો જરૂર જણાય, પરંતુ બાળશિક્ષણની–બાળઘડતરની દૃષ્ટિએ એમની બાળકવિતા પ્રાસાદિક અને ઘણી પથ્ય છે એમ કહી શકાય. ગિજુભાઈની બાળ-કવિતાની આજેય બાળમંદિરોને ગરજ છે જ – અને એ પ્રકારની પ્રતીતિમાં જ એમની બાળકવિતાના સર્જક તરીકેની સિદ્ધિ છે.

---

૩૨. ગિજુભાઇનાં બાળનાટકો

ડૉ. રવીન્દ્ર ઠાકોર

આજે તો આપણે ત્યાં બાળકો માટે ઘણું ઘણું લખાય છે, અને બાલસાહિત્ય તરીકે ઓળખાય છે. તેમાંનું કેટલું સાચું બાલસાહિત્ય હશે-છે તે કહેવું મુશ્કેલ છે. આજે પણ ટકોરા મારીને સાચું કહી શકાય તેવા બાલસાહિત્યની ઊણપ છે. બાળકોની કલ્પનાશક્તિને મોકળાશ આપી તેમને તેમની સ્વતંત્ર દુનિયામાં વિહરવા દે અને તે દ્વારા તેમનો સ્વતંત્ર પણ સાચો વિકાસ સાધે તેવું સાહિત્ય જવલ્લે જ પ્રાપ્ત થાય છે. જો કે, બાલસાહિત્યના લેખકો આજે આ અંગે કંઈક સભાન થયા છે. એટલે ઝાઝો ખાલીયો વરતાતો નથી. પરંતુ જ્યારે આવું કશું જ નહોતું ત્યારે બાલસાહિત્ય દ્વારા બાળકોનાં આત્મવિકાસ, શિક્ષણ, ઘડતર કરનાર; તેમને આનંદ દ્વારા શિક્ષણ દેનાર ગિજુભાઈએ બાલસાહિત્ય ક્ષેત્રે ઘણું મોટું કામ કર્યું છે. 'દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા' દ્વારા તેમણે ૮૦ જેટલાં પુસ્તકો આપ્યાં અને બાળકોનું સંસ્કારસિંચન કર્યું. ગિજુભાઈ એટલે બાળકોની 'મૂછાળી મા'. મા જેમ પળેપળે, હસાવતાં, રમાડતાં, લડાવતાં, હુલાવતાં-ફુલાવતાં બાળકોનું સંસ્કારસિંચન કરે તેમ બાળકોના પ્રત્યક્ષ સંપર્ક દ્વારા સર્જાયેલા આ બાલસાહિત્ય દ્વારા તેમણે પણ માની જેમ જ બાળકોનું ઘડતર કર્યું. જ્યારે આપણા સાહિત્યમાં બાલસાહિત્યની ઊણપ વરતાતી હતી ત્યારે ગિજુભાઈનું આ પ્રદાન મૂલ્યવાન બની રહે છે.

આ બાલસાહિત્યમાળામાં 'સંપાદકોનું કથન' નામની એક પુસ્તિકા-માંના સંપાદકોનાં શબ્દો મહત્ત્વના છે. બાળકો માટે તંદુરસ્ત વાચન હોવાની જરૂર અમને પૂરેપૂરી ભાસી છે. તેમની ઊગતી જિજ્ઞાસા શું શું માગતી હતી તે અમે નજરોનજર જોઈ શકતાં હતાં. જોઈતા સાહિત્યને અભાવે તે અમારે પૂરું પાડવું પડ્યું... બાળપણથી જ વાચનને જીવનમાં યોગ્ય સ્થાન આપવાથી ભાવિ તંદુરસ્ત પ્રજાજીવનનું બીજ દેખાય છે... વાર્તાનું ખૂબ ચાલ્યું તેથી બાલસાહિત્યની બીજી અનેક બાજુઓ

તદ્દન પડી રહેલી જણાઈ. બાલસાહિત્યની ઘણી દિશાઓ ઉઘાડવાની આવશ્યકતા આ માળા કાઢવાની પાછળ છે એમ દેખાશે.... માળામાં એક એવો પ્રયત્ન પણ છે કે બાળકોનું વાચન હોવા છતાં તે સાહિત્ય પણ રહે.

આમ 'દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા'ના સર્જન-પ્રકાશન પાછળ એક નેમ છે. તેમાં વાર્તા, પ્રકૃતિપરિચય, મનુષ્યપરિચય, પ્રવાસ, ભૂગોળ, વિજ્ઞાન, વિનોદ ચાતુર્ય, ભાષાશિક્ષણ જેવા વિષયોનું સાહિત્ય – બાળકોની કલ્પનાને ખીલવી તેમના વિકાસને મોકળો મન દિશા આપે તેવું સાહિત્ય છે. અને આ માળામાં ગિજુભાઈનું સર્જન મહત્ત્વનું પ્રદાન બની રહે છે એટલે જ ગિજુભાઈને બાલસાહિત્યના આદ્યની પ્રતિષ્ઠા અર્પવી પડે જ. જો કે, આ માળામાં નાટક કવિતાનું પ્રમાણ ઝાઝું નથી છતાંય ગિજુભાઈનાં નવેક જેટલાં નાટકો મળી રહે છે તે પણ આપણું સદ્‌ભાગ્ય છે.

બાળનાટકોનું સર્જન આપણે ત્યાં આજે પણ ઝાઝું થતું નથી અને બાળનાટકો બાળનાટ્યરંગભૂમિ વિશે હજીય ભાતભાતની દલીલો થયા જ કરે છે ત્યારે કશીય દલીલમાં પડ્યા વિના ગિજુભાઈએ બાળકોના વિકાસ તથા આનંદ માટે સહજપણે આ નાટકો આપણને આપ્યાં છે તેમ નિઃશંકપણે આપણે કહી શકીશું.

નાટકની દૃષ્ટિએ જોઈએ તો કદાચ આ નાટકોમાં સંપૂર્ણ નાટ્યતત્ત્વ ઓછું લાગે, નાટકની એકતાનો કે સુગ્રથિતતાનો ખ્યાલ ઓછો દેખાય. અનેક દૃશ્યોમાં આ નાટકો વહેંચાતાં જણાય છે. નાટકની ક્રિયાની સૂક્ષ્મતાનો કોક દોષ કાઢે, પરંતુ આપણે યાદ રાખવું ઘટે કે બાળકોના પ્રત્યક્ષ અનુભવમાંથી, બાળકો સાથેના પૂરા 'ઇન્વોલ્વમેન્ટ' દ્વારા લખાયેલાં આ બાળનાટકો છે અને આજે જ્યારે બાળનાટકોને નામે માત્ર સંવાદો જ સાંપડે છે તેવું તો આ નાટકોમાં નથી જ. ગિજુભાઈનાં બાળનાટકોમાં નાટ્યતત્ત્વ તો રહેલું જ છે તેની ના નહિ પડાય અને પ્રત્યેક નાટકનો અંત આપણને તેની ચોટ, તેના વળાંક દ્વારા નાટકનો અનુભવ કરાવે છે અને બાળકોને તો આનંદવિસ્મયના વિશ્વમાં મૂકે છે. પરોક્ષપણે તેમનાં હૃદયમાં કશુંક સોંસરવું ઊતરી જાય છે. આમ, ગિજુભાઈનાં બાળનાટકો એક અર્થમાં સાચે જ નાટકો બની રહે છે. આનંદનો વિષય તો એ

છે કે આજે પણ જ્યારે આપણે ત્યાં બાળનાટકોની ઊણપ છે ત્યારે ગિજુભાઈએ બાળકોની કલ્પનાને વિકસાવે, તેમને રંજન આપે, ભજવણીની શક્યતાઓ મોકળી કરે અને પરોક્ષપણે, માની જેમ સંસ્કાર સિંચન કરે તેવાં થોડાં પણ થોડાં બાળનાટકો આપણને આપ્યાં છે.

આ નાટકોના સંવાદો, તેની ભાષા જ આપણું ધ્યાન ખેંચે છે. ભાષામાં સરળતા, સાહજિકતા અને પ્રાસાદિકતા છે. બોલચાલની લઢણનો રણકો સંવાદોની ભાષામાંથી ઊઠે છે. લહેકાનો એક નોખો લહેજો પ્રગટ થાય છે. બાળકોનો પોતાનો લહેકો. 'દલા તરવાડી', 'સુપડકન્નો રાજા', 'ટીડો જોશી', 'સસાભાઈ સાંકળિયા', 'ટાઢું ટબૂકલું' જેવાં નાટકોમાં આપણને બાળકોની પોતાની સરળ, સહજ, પ્રાસાદિક ભાષાનું–સંવાદોનું દર્શન થાય છે. અને છતાંય તે 'નાટક'ની ભાષા છે. સંવાદોની એકવિધતા નહિ પણ નાટકની ક્રિયાશીલતાનાં આ નાટકોની સંવાદભાષામાં દર્શન થાય છે. ગિજુભાઈએ બાળકોને જ પોતાની સંમુખ રાખ્યાં છે એટલે ગદ્યની સાથે સાથે પદ્યની–જોડકણાંની પંક્તિઓ પણ દેખાય છે.

સાવજનાં કાળજાં લાવે છે,
વાંદરો ભાઈબંધ આવે છે,
સાવજનાં કાળજાં લાવે છે.

૦

હું સિંહથી ન બીઉં,
હું વાઘલાથી ન બીઉં,
બીઉં હું એક ટાઢા ટબૂકલાથી !

૦

ધમ ધમ ધનિયા હજામે,
ધનિયા હજામે,
ધનિયા હજામે,
ધમ ધમ ધનિયા હજામે.

૦

વાડી રે ભાઈ વાડી !
શું કહો છો દલા તરવાડી ?

જેવા પ્રયોગો ગિજુભાઈના સંવાદોને સચોટતા અર્પી તેમને બાળ-માનસના અભ્યાસી તરીકે પ્રતિષ્ઠિત કરે છે.

વૈવિધ્ય તો આ નાટકોમાં ભારોભાર ભરેલું છે. નાટકોની સૃષ્ટિ જ વૈવિધ્યવંતી છે. સહુ પ્રથમ આપણને વિષયવૈવિધ્યનાં દર્શન થાય છે. 'દળભંજનજી'માં શિયાળ, શિયાળ્ય ને સિંહની વાત પાછળ શૂરની કાયરતા છે, 'ટાઢું ટબૂકલું'માં માનવભ્રમનું દર્શન થાય છે, 'ખડબડ ખડબડ ખોદત હૈ'માં બાળકના વિસ્મયલોકને પ્રગટ કરી માનવીની મૂર્ખાઈના વરદાનરૂપ પરિણામની વાત કરી જાય છે, 'ઠાકોર અને રંગલો' નાટ્યાત્મકતાનું કૌતુક સાધી કુતૂહલતાને પોષે છે, 'સસાભાઈ સાંકળિયા' અન્યની નકલ કરવાના શિક્ષાત્મક પરિણામનો બોધ આપે છે. 'ટશુકભાઈ' અદ્ભુત રસનું આલેખન કરી, કલ્પનાને પોષી નાટ્યાત્મક અંત સાધે છે. 'ટીડો જોશી' પણ માનવીને વિધિ દ્વારા જીવનમાં મળતી તકની વાત કરે છે ને 'સુપડકન્નો રાજા' કે 'દલા તરવાડી' માણસની મર્યાદાને તેથી તેને મળતી શિક્ષાનું આલેખન કરે છે. તેમણે બાળકોને સરળ ભાષામાં, નાટક દ્વારા પરોક્ષ બોધ આપ્યો છે. પાત્રવૈવિધ્ય પણ અહીં છે. પ્રાણી-સૃષ્ટિનો પાત્ર તરીકે ઉપયોગ પણ સુંદર રીતે કર્યો છે. પંચતંત્ર કે હિતોપદેશની જેમ, સિંહ, સિંહણ, શિયાળ, સસલું, વાંદરો જેવાં પ્રાણી-પાત્રોનો ઉપયોગ કરી, બાળકોનાં કૌતુક, રંજન અને વિસ્મયને વિહરવાની મોકળી તક આપી તેમને નાટકમાં રસ લેતાં કર્યાં છે. વળી ધનિયો હજામ, ટીડો જોશી, ઠાકોર, રંગલો, રાજા, વોરા-વોરી જેવાં વિવિધ સ્વભાવ-લાક્ષણિકતાઓ ધરાવતાં પાત્રો પણ અહીં છે. ટીડો જોશી, દલો તરવાડી, સુપડકન્નો રાજા જેવાં પાત્રો તો આજ લગી બાળકોનાં પ્રિય, ચિરસ્મરણીય પાત્રો બની રહ્યાં છે. ગિજુભાઈ આ વિવિધ પાત્રસૃષ્ટિ દ્વારા કૌતુક, રંજન સાધે છે ને સંસ્કારસિંચન કરે છે – જીવનવિકાસશિક્ષણની દિશા ચીંધે છે.

બાળકોનાં કૌતુક-વિસ્મયને પોષવાનું કામ આ નાટકોએ કર્યું છે અને તે દ્વારા બાળકો માટેની એક રસસૃષ્ટિ ઉપસાવી છે. વિષય, પાત્રો કે અંતમાં આપણને આની પ્રતીતિ થાય છે. ટીડા જોશીની પરિસ્થિતિ-વિષમતા, સુપડકન્ના રાજાની વિવશતા, પેટમાં વાત ન રાખી શકવાથી થડને વાત કહેવાની ધનિયા હજામની વાત, 'ટાઢું ટબૂકલું'ની ડોશીની મર્યાદા,

'ખડબડ ખડબડ બોડત હૈ'માં બ્રાહ્મણની મૂર્ખતા અને નસીબની બલિહારી જેવાં વિષયો તથા પાત્રો બાળકમાંના શિશુવિસ્મયને પ્રત્યેક પળે પોષે છે, તેમની રસસૃષ્ટિને જાગૃત કરે છે અને નાટ્યાત્મકતા સાધે છે.

સૌ પ્રથમ જોયું તેમ અહીં દૃશ્યબાહુલ્ય છે — પ્રત્યેક નાટકમાં. કદાચ તે આ નાટકોની મર્યાદા બનતી હશે. છતાંય નાટકની ગતિનું સાતત્ય વહેતું જ રહે છે. દૃશ્યે દૃશ્યે નાટક આગળ વધતું રહે છે અને પોતાનું ધ્યેય સિદ્ધ કરે છે. ગતિનો વિકાસ આલેખાય છે અને નાટ્યાત્મકતાની ભાવાનુભૂતિ થાય છે. આ બાળનાટકો છે તે દૃષ્ટિએ તેમને જોવાં જોઈએ. આ નાટકોમાં ગિજુભાઈએ બાળકોની નાટ્યાત્મક સૃષ્ટિ ઉપસાવી નાટક સાધ્યું છે. તે સહુમાં તખતાલાયકી અને અભિનયની પૂરેપૂરી ક્ષમતા છે એટલે પણ તે સારું નાટક બને છે.

આમ, ગિજુભાઈનાં બાળનાટકો આપણા બાળનાટ્યસાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન છે. તેમણે બાળકો સાથે રહીને, તેમને સમજીને નાટકો આપ્યાં અને તેમની સૃષ્ટિ વિકસાવી-ઉપસાવી તેમને જીવનવિકાસની તક આપી, દિશા ચીંધી સાચાં બાળસાહિત્યની ને બાળનાટકોની કેડી કંડારી — કદાચ તે ભવિષ્યમાં રાજમાર્ગ બનશે તે અપેક્ષાએ.

તેમની શતાબ્દી નિમિત્તે, તેમને વંદના કરતાં આપણે શ્રદ્ધા રાખીએ કે તેમણે ચીંધેલી આ બાળનાટકોની કેડી એક ઉજ્જ્વળ બની રહે!

---

૩૩. દિવાસ્વપ્ન : કોનું ? કોનાં માટે ?

દીપક પ્ર. મહેતા

ગિજુભાઈને બીજું કશું જ ન લખ્યું હોત અને માત્ર 'દિવાસ્વપ્ન' જ લખ્યું હોત તો પણ એક સમર્થ શિક્ષણશાસ્ત્રી તરીકે એમનું નામ અંકિત થયું હોત.

'દિવાસ્વપ્ન' શીર્ષક એક રીતે છેતરામણું છે. ગિજુભાઈએ એમાં પોતે જે કંઈ વાંચ્યું, વિચાર્યું, વાગોળ્યું ને વાસ્તવની ધરતી પર ઉતાર્યું હતું તેનું એમાં અનુભૂતિના રણકા સાથે નિરૂપણ કર્યું છે. એ કંઈ નર્યા શેખચલ્લીનાં તરંગો કે કલ્પનાનું ઉડ્ડયન નથી કે નથી એમાં લગીરેય મનોવૈજ્ઞાનિક શબ્દ 'દિવાસ્વપ્ન' જેવી તરંગકથા. શેખચલ્લીનાં તરંગોને સ્થાને અહીં તો છે નક્કર આકાર અને આચાર.

સ્વ. નાનાભાઈ ભટ્ટ ગ્રેજ્યુએટ થયા પછી ભાવનગર રાજ્યમાં પ્રાથમિક શાળાના શિક્ષક થવાની માગણી કરેલી. ભાવનગરના શિક્ષકો એ સાંભળી ખળભળી ઉઠેલા. છેવટે એક વર્ષ માટે મહુવામાં એમણે કામગીરી કરેલી.

પોતાના વડીલ સાથીદારના જીવનની આ વાસ્તવિક ઘટનાનો આધાર લઈ ગિજુભાઈએ લક્ષ્મીરામનું પાત્ર સર્જ્યું છે. વાંચેલું હોય તેના પર ચિંતનમનન ચાલે અને તે પછી શક્ય તેવું ને તેટલું આચરણમાં ઊતરે એ ગાંધીયુગની ઘણીખરી વ્યક્તિઓની સર્વસાધારણ લાક્ષણિકતા છે. ખુદ ગિજુભાઈ પોતે પણ મેડમ મોન્ટેસોરીનાં પુસ્તકોના વાચન, મનન, ચિંતનથી પ્રેરાઈને જ સ્વ. મોટાભાઈ–નાનાભાઈના નિમંત્રણથી એ વખતના વઢવાણ કેમ્પ (હાલનું સુરેન્દ્રનગર)ની ધીકતી વકીલાત છોડીને ૧૯૧૬માં દક્ષિણામૂર્તિમાં આજીવન સભ્ય તરીકે જોડાઈને વિનયમંદિરના આચાર્ય બનેલા. ૧૯૧૮થી ૧૯૨૦ દરમ્યાનનાં બે વર્ષ પોતે મોન્ટેસોરીનાં

પુસ્તકોમાંથી પ્રેરણા લઈને બાળશિક્ષણના પ્રયોગો કર્યા અને ૧૯૨૦ થી વિનયમંદિરનું આચાર્યપદ છોડીને આજીવન 'બાળકોના વકીલ' અને "મૂછાળી મા' બનેલા.

એ વખતની ધૂડી નિશાળની કઠોર વાસ્તવિક ભોંય પર લક્ષ્મીરામ નામના જુવાને, વિદ્યાધિકારીની સંમતિ અને ટૂંકથી એક વર્ષ માટે ચોથા ધોરણને સંભાળ્યાની ને પોતાની રીતે પ્રયોગ કર્યાની વિગત ગિજુભાઈએ આલેખી છે.

પ્રારંભમાં જ ઉપરી સાહેબે કરેલ ટકોર : "રહેવા દો તો ? છોકરાં ભણાવવાં અને તેમાંય પ્રાથમિક શાળાનાં છોકરાંને, એમાં તો નેવાનાં પાણી મોભે ચડાવવાં પડે છે. વળી તમે તો લેખક અને વિચારક રહ્યા. ટેબલ પર બેસીને લેખો લખવાનું સહેલું છે, કલ્પનામાં ભણાવી દેવું પણ સહેલું છે; અઘરું છે માત્ર પ્રત્યક્ષ કામ કરવું અને તે પાર ઉતારવું." (આપણાં વિદ્યાલયો ને શિક્ષકતાલીમવિદ્યાલયોની નબળી કડી આ ટકોર કેવી દર્શાવી આપે છે !) લક્ષ્મીરામ કહે છે : "એટલે જ તો મારે જાત-અનુભવ મેળવવો છે. મારી કલ્પનામાં મારે વાસ્તવિકતા આણવી છે." (દરેક કક્ષાના શિક્ષકોએ યાદ રાખવા જેવી આ વાત છે.)

એ પછી લક્ષ્મીરામના પ્રાથમિક શાળાના પ્રત્યક્ષ કામના પ્રારંભનું જે આલેખન છે તે ગિજુભાઈના બાલમંદિરના પ્રયોગમાં પ્રારંભમાં પોતે અનુભવેલી મૂંઝવણોથી રચાયેલું છે. લક્ષ્મીરામની નોંધ યાદ કરીએ. "હું પણ કેવો મૂરખ કે પહેલે જ દિવસે એ કામ ઉપાડ્યું. (શાંતિની રમતનું). પ્રથમ મારે એમનો કંઈક પરિચય સાધવો જોઈએ. કંઈક મારે માટે તેમને રસ અને પ્રેમ ઊપજવાં જોઈએ. પછી તેઓ મારું કહેવું કંઈક સાંભળે અને કરે. આ છોકરાંઓને જ્યાં નિશાળ નહીં પણ રજા ગમે છે ત્યાં કામ કરવું એટલે તો ભગીરથે ગંગા આણવી."

એ પછી બાળકથી બુદ્ધાં તમામના હૃદયમાં પ્રવેશવાની ગુરુચાવી (માસ્ટર કી) જેવી વાર્તા લક્ષ્મીરામ બીજે દિવસે વર્ગમાં અજમાવે છે. "ગઈ કાલના રજા, રજા, રજા શબ્દોને બદલે આજે વાર્તા, વાર્તા, વાર્તા શબ્દો વાતાવરણમાં ગાજી રહ્યા...વાર્તા એક અદ્‌ભુત જાદુ છે તે વાત સાચી : એકસોને એક ટકા સાચી !" આમ વાર્તાકથનનું શૈક્ષણિક

મહત્ત્વ ને વિદ્યાર્થીઓનાં દિલ જીતવા તથા શાંતિ સ્થાપવા કેટલું બધું સબળ માધ્યમ છે તે વાત આપણા મનમાં સ્પષ્ટ ને સચોટ ઠસી જાય છે. શાળાના અન્ય શિક્ષકોનો પ્રતિભાવ નોંધવા જેવો છે. (આજે પણ આ નઠોર વાસ્તવિકતા છે.) 'ભાઈશાબ', આ તો ભારે કરી ! અમારા વર્ગના છોકરાઓ પણ વાર્તા માગે છે.' મેં કહ્યું : 'થોડીએક કહેતા જાઓ તો ?" તેઓ કહે, 'પણ એવું આવડે છે કોને ? એકેય વાર્તા આવડતી હોય તો ને ?' હું મનમાં હસી રહ્યો." (આ લેખના લેખકનો પણ એ સ્વાનુભવ છે કે કશીયે પૂર્વતાલીમ વગર વીસેક વર્ષની વયે પ્રાથમિક શાળામાં શિક્ષક થયો ત્યારે વિદ્યાર્થીઓએ મને વાર્તા દ્વારા જ અપનાવ્યો હતો. બાલ-મંદિરથી માંડીને મહાવિદ્યાલય સુધીના મારા શિક્ષણકાર્યમાં વાર્તાકથનની સબળતા ને સફળતા સતત અનુભવાતી રહી છે. ખુદ આ 'દિવાસ્વપ્ન'નું વાર્તાકથન પણ અધ્યાપનના તાલીમાર્થીઓ, પ્રાથમિક-માધ્યમિકના શિક્ષકો કે પછી ગામડાં કે શહેરના વાલીઓ સમક્ષ અસરકારક રહ્યું છે). લક્ષ્મીરામ ઉપરી સાહેબના પ્રશ્નના ઉત્તરમાં કહે છે : 'વાર્તા દ્વારા આજે વ્યવસ્થા શીખવાઈ રહી છે, અભિમુખતા કેળવાઈ રહી છે. ભાષાશુદ્ધિનો અને સાહિત્ય નો પરિચય અપાઈ રહ્યો છે."

લક્ષ્મીરામ પછી ધીમે ધીમે એના વિદ્યાર્થીઓને અંગત સ્વચ્છતા તરફ લઈ જાય છે. વર્ગમાં પોતાના ખર્ચે એક નાનકડો અરીસો, દાંતિયો ને રૂમાલ વસાવે છે. શિક્ષણમાં, સ્વચ્છતાની આ પાયાની વાત, આજે પણ એટલી જ ઉપેક્ષિત નથી ? લક્ષ્મીરામ છોકરાઓને રમાડવા લઈ જાય છે. શેરીમાં હો, હો ને દેકારો કરતા તથા 'અમે જીત્યા, તમે હાર્યા,' એવા હાકલા-પડકારા કરતા છોકરાઓને તે કહે છે : "રમતી વખતે નકામું બોલવું નહીં. હારવા-જીતવાની વાત નહીં. રમવું એટલે રમવું, દોડવું ને મજા લેવી. હારવું, જીતવું ને માથાં ફોડવાં આપણે ન જોઈએ." વાલીસભા બોલાવવાનો અખતરો લક્ષ્મીરામ કરે છે. "આને સભા કહેવી કે કેમ ? ચાલીસ માબાપોને આમંત્રણ કર્યું હતું ત્યારે માત્ર સાત જ પિતાઓ આવ્યા હતા." (આજે પણ શહેરની સારી ગણાતી શાળાઓની વાલીસભાઓમાં પણ હાજરી કેટલી હોય છે તે તપાસવા જેવું છે.)

વાર્તા, રમતો, પુસ્તકાલય, આદર્શવાચન, રમત, સ્વચ્છતા અને વ્યવસ્થા પછી ત્રીજા માસે લક્ષ્મીરામ 'ડિકટેશન' – શ્રુતલેખન શરૂ કરાવે

છે. વિદ્યાર્થીઓની ખોટી ટેવ કઢાવી સાચી રીત શીખવે છે. અહીં એક સરસ શૈક્ષણિક સિદ્ધાંત સંવાદ દ્વારા સ્ફૂટ થાય છે. 'પણ નંબર અને ચડઊતરી ?' મેં કહ્યું : 'આ મારી વાર્તા સાંભળો છો તેમાં ચડઊતરી છે ?' 'ના.', આ રમત રમીએ છીએ તેમાં કે કોઈ ઊંચા છો કે નીચા, કોઈ જાડા છો કે પાતળા છો, કોઈ પૈસાદાર છો ને કોઈ ગરીબ છો એમાં નિશાળમાં ચડઊતરી છે ?' 'ના.' ત્યારે એમ જ 'આપણા વર્ગમાં' ચડઊતરી જ નથી જોઈતી. કવિતા આવડે તે ગાય, ન આવડે તે યાદ કરે. એકને ન આવડે તો આવડતું હોય તે ન આવડે તેને શીખવે.' અને પછી પ્રસંગ આવે છે બાજુના વર્ગમાં મારતર મારે છે તેનો. આખા પ્રસંગને અંતે છોકરાઓ કહે છે : "તો તો મારવું નહીં. માર તો વાગે ! ન આવડે તો વધારે ભણાવજો." (પ્રાથમિક શાળાઓનાં બાળકો આજે પણ આ જ કહેવા માગે છે કારણ કે ગિજુભાઈ શતાબ્દીના આ વર્ષમાં પણ નિશાળોમાંથી શારીરિક સજા હજુ સાવ નિર્મૂળ નથી થઈ.) એ પછીના પ્રસંગમાં એક સન્યાસી ધર્મોપદેશ કરવા આવે છે. લક્ષ્મીરામ કહે છે : "પણ સ્વામીજી ! ધર્મ મોઢામાં નથી રહેતો. એ તો અંતરમાંથી જાગે ત્યારે ખરો. તે માટે પણ વખત આવે ત્યારે. આપને એમ નથી લાગતું કે આ બધું અકાળે લાદવા જેવું છે ?...ધર્મોપદેશ નાનાં બાળકો પાસે ન કરાય. તેમને તો આજે સ્વસ્થ શરીર, તંદુરસ્ત મન, નિર્મળ બુદ્ધિ, અથાક ક્રિયાશક્તિ, એ આપવાં જોઈએ. તેમને બધી રીતે બળવાન બનાવવાં જોઈએ...ધર્મને આપણે જીવવા પ્રયત્ન કરીએ, માબાપો પ્રયત્ન કરે, શિક્ષક પ્રયત્ન કરે.. પાઠ્યપુસ્તકોમાં ધાર્મિક પુરુષો ને પ્રસંગોની વાતો આવે તેમ પુરાણો અને ઉપનિષદોની વાર્તાઓ પણ તેમને કહીએ. આટલા સંસ્કાર કહો તો સંસ્કાર ને આટલી પૂર્વતૈયારી કહો તો પૂર્વતૈયારી બસ છે." શાળામાં ધાર્મિક શિક્ષણનું સ્થાન કેવું, કેટલું ને શી રીતે આપવું તેના એક બસમોટા નિબંધ કરતાં આ ટૂંકા સંવાદો વધારે માર્ગદર્શક છે.

એ લક્ષ્મીરામ ઇતિહાસના પાઠ્યપુસ્તકને અને તેની શૈલીને શુષ્ક ગણીને વાર્તારૂપે વિદ્યાર્થીઓ સમક્ષ મૂકે છે અને આ પ્રયોગ સફળ રહે છે. (અહીં પણ સ્વ. રણજીતરામ વાવાભાઈ તથા સ્વ. નાનાભાઈએ દક્ષિણામૂર્તિમાં ઇતિહાસને વાર્તાકથનરૂપે શીખવવાનો જે સફળ પ્રયોગ કર્યો હતો તેના અનુભવનો રણકો છે.) અને આમ છ માસ પૂરા થાય છે. શાળામાં

મોટાસાહેબ આવવાના છે. આજે પણ ઈન્સ્પેકશન કરવા આવતા અધિકારીઓની ખુશામતમાં કૃત્રિમ શણગાર ને પ્રવૃત્તિઓના ઢોંગ મોટા ભાગની શાળાઓમાંથી ગયા નથી તો આ તો છે તે યુગની શાળા ! લક્ષ્મીરામ મક્કમતાથી, પોતાના વર્ગને તે ઢોંગમાંથી બાકાત રખાવી સ્વતંત્ર પ્રયોગ રજૂ કરે છે. લક્ષ્મીરામનો વર્ગ પ્રાર્થના કર્યા પછી 'કચેરી મેં જઉંગા'નો ખેલ રજૂ કરે છે. લક્ષ્મીરામ પોતે રાજા નહીં પણ રાજાના સિપાઈ બને છે ! રંગભૂમિ સાદી છે. વેશભૂષાનો ઠઠારો નથી. છતાં જે અસરકારકતા છે તે છે સાહજિક વાચિક અને આંગિક અભિનયની. પછી લક્ષ્મીરામ પોતે પહેલાં વાર્તા કહીને. સ્ક્રિપ્ટ તૈયાર કર્યા સિવાય બાળકો કેવી રીતે જુદાં જુદાં પાત્રોના સંવાદ સાહજિકતાથી તૈયાર કરે છે તેની વિગતે સમજ આપે છે. ઉપરી સાહેબ અંગ્રેજ છે. તે પ્રતિભાવ આપે છે : "I can not but congratulate both the teacher and the taught for the real treat they gave as. This is true education. All recitation and cramming is a thing of Purt It's ugly, Soulkilling." (સિંગક અને વિદ્યાર્થીઓને અભિનંદન ઘટે છે. આ જ ખરી કેળવણી છે. ગોખીને સંવાદો બોલવાનો કાળ હવે ગયો. એ રીત બેહુંદી અને આત્માનો નાશ કરનારી છે)

છ માસ તો પૂરા થઈ ગયા છે. "હજી ભૂગોળ અને વ્યાકરણનો તો મેં સ્પર્શ કર્યો નથી, હવે વ્યાકરણને ઉપાડું." અને પછી લક્ષ્મીરામ વ્યાકરણ શિક્ષણની શુષ્કતાની વિગતે છણાવટ કરી, પ્રશ્નોત્તરી અને પૂંઠાની મદદથી ક્રિયાત્મક રમતો દ્વારા જે સરળતાથી, સહજતાથી, રમતાં રમતાં એ છોકરાંઓને નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ વગેરે શીખવે છે એ તો 'દિવાસ્વપ્ન'માંથી જ (પૃ. ૭૧ થી ૮૬) જિજ્ઞાસુ વાચકે વાંચીને માણવું. એ પછી આવે છે પરીક્ષા. લક્ષ્મીરામ પોતાની રીતે પરીક્ષા અપાવરાવે છે. એકાદ-બે નમૂના જોઈએ "વિદ્યાર્થીઓએ વાર્તાઓ કહી. એક શિક્ષક કહે : 'આ શેની પરીક્ષા ?' મેં કહ્યું, 'ભાષા ઉપરના કાબૂની, વાર્તાકથનની આવડતની, સ્મૃતિવિકાસની, અભિનયની !' પછી 'વરતો અને ઉખાણાં અભ્યાસક્રમમાં કયાં છે ?' એ સવાલના જવાબમાં કહે છે : 'આની પાછળ જિજ્ઞાસા, વિકાસ, વિકાસ અને જ્ઞાનવૃદ્ધિ છે અને છોકરાઓ તો આ રમત પાછળ ગાંડા છે." ત્યાર પછી શબ્દોની રમત ચાલી, જેમાં

કાઈએ ગામોનાં, કાઈએ નદીઓનાં, ડુંગરનાં એવાં જ નામો બોલવાનું નક્કી રાખ્યું હતું. આ રમતોથી સ્મૃતિ, બુદ્ધિશક્તિ, શબ્દભંડોળ અને સામાન્યજ્ઞાન વધે છે. એ પછી સફાઈની ડ્રીલ, ઝાડ ઉપર વ્યવસ્થિત ચડવા-ઊતરવાની ઘોંઘાટ વગર ભમરડે રમવાની ને છેવટે અંગત સ્વચ્છતાની પરીક્ષા અપાવે છે. પછી રજૂ થાય છે સંગ્રહપ્રદર્શન. વિદ્યાર્થીઓએ વાંચેલ પુસ્તકોની નોંધ, હસ્તલિખિત માસિક. પછી લક્ષ્મીરામ કબૂલે છે: "ભૂગોળ અને ગણિતમાં મારાથી કશું બન્યું નથી. પણ બાર માસે તે કરી બતાવવાનું તો છે જ!"

છ માસિક પરીક્ષા પછી એકવાર લક્ષ્મીરામ અને શિક્ષકો વચ્ચે જે ચર્ચા થાય છે તેમાં એક બાજુ રીઢા ને પેઢી ગયેલા શિક્ષકોની માયકાંગલી મનોદશા ને બીજી બાજુ સાચા શિક્ષક લક્ષ્મીરામની સ્પષ્ટ વિચારસરણી ને ખુમારીનાં સરસ દર્શન થાય છે. આ પછી ઉપરી અધિકારી સાથેની વાતચીતમાં લક્ષ્મીરામ પરીક્ષા વિશે જે અભિપ્રાય આપે છે તે સંભારી લઈએ. "જ્યાં સુધી ગમે તે વિદ્યાર્થી ભણવા બેસે છે ને જ્યાં સુધી ગમે તે શિક્ષક ભણાવે છે ત્યાં સુધી પરીક્ષા જોઈશે જ. પરીક્ષા ત્યારે જ કાઢી નાખીએ કે જ્યારે અંદરથી ભણાવવાની હોંશે વિદ્યાર્થી ભણવા આવે અને સામેથી ભણાવવાની કળાવાળો શિક્ષક ભણાવવાની હોંશથી ભણાવવા બેસે. પણ હાલની (૧૯૮૬માં પણ!) ભાડૂતી સ્થિતિમાં પરીક્ષાને પેસવાની જગા છે." એ પછી લક્ષ્મીરામ નૂતન પદ્ધતિએ ભૂગોળ પણ શીખવે છે. રહી જાય છે માત્ર ગણિત. (ગિજુભાઈને ગણિત નહોતું ફાવતું એટલે સ્વ. હરિહરભાઈને એ માટે ખાસ બોલાવેલા ને મોન્ટેસોરી પદ્ધતિ અનુસાર ગણિતશિક્ષણનાં સાધનો પણ વિકસાવેલાં.)

પછી લક્ષ્મીરામની મૌલિક પદ્ધતિ પ્રમાણે વાર્ષિક પરીક્ષાઓ પૂરી થાય છે.

ઉપરી અધિકારી કહે છે: "ઇનામો વ્યક્તિગત આપવાથી વિદ્યાર્થીમાં અભિમાન કે નિરાશા થાય છે. ઇનામની રકમનો લાભ સહુને મળવો જોઈએ. અને ઇનામની નિરર્થકતા બતાવનાર અને આ સદ્પ્રયોગ બતાવનાર ભાઈનો (લક્ષ્મીરામનો) હું જાહેરમાં આભાર માનું છું...તેમણે મારા વિચારોમાં ફેરફાર કર્યો છે. મારા અંતરમાંથી સંભળાયું છે કે પ્રાથમિક શાળાની આ જૂની ઘરેડનો હવે અંત આવવો જોઈએ. અમારા જેવા શિક્ષકો

અને અધિકારીઓએ હવે રાજીખુશીથી રજા લઈ આ નવી પેઢીના કેળવણીના કલ્પક વિચારકોને જગા આપવી જોઈએ.”

કમનસીબે હજુ પર એ ઉપરી અધિકારીનો સદ્‌સંકલ્પ સાકાર થયો નથી. હજુ પ્રાથમિક શાળા તેની જૂની ઘરેડમાંથી બહાર આવી નથી. લક્ષ્મીરામનો આ પ્રયોગ ગુજરાતના શિક્ષકોએ હજુ આત્મસાત કરવો બાકી છે. એટલે અંશે આ ‘દિવાસ્વપ્ન’ આજે પણ ‘દિવાસ્વપ્ન’ છે ! આજેય પણ ..હા,...આજેય પણ.

---

૩૪. કેાયડેા ઉકેલવાની ચાવી

(કળાકારીગરીનું શિક્ષણ ભા. ૧-૨ પરની નોંધ)

અનિલ ભટ્ટ

ખળખળ વહેતાં ઝરણામાં જે તાજગી, જીવન્તપણું અને પ્રાણ દેખાય તેવેા જ અનુભવ સ્વ. ગિજુભાઈના લખાણેા વાંચતા થાય. શબ્દેા જીવતા થઈ ચક્ષુપ્રત્યક્ષ થતા લાગે. ગિજુભાઈ બાળકેાના પ્રેમી છે. બાળકની વેદના તે તેમની વેદના બને છે; બાળકનું હાસ્ય, આનંદ, સુખ, સંતેાષ તે બધું જાણે તેમની વાણીમાં આવીને વસેલું દેખાય. બાળપ્રાણના તેઓ મરમી-મલમી હતા. તેમનાં બધાં લખાણેામાં આ લક્ષણ તરવરે છે; પણ તે બધામાંયે 'કળાકારીગરીનું શિક્ષણ'નું અલગ સ્થાન છે.

ગિજુભાઈના સ્વાનુભવમાંથી ૧૯૩૪-૩૫માં તે અવતર્યાં પણ આજેયે સૌ બાળપ્રેમીઓ માટે તે પુસ્તકેા એ વિષયમાં ગીતા જેવાં, જેટલાં જ ઉપયેાગી છે. આ પુસ્તકેાનેા અભ્યાસ કરી, શિક્ષણમાં ઉતારે તેને જ શિક્ષક થવાનેા અધિકાર છે તેવું નિઃસંકેાચ કહેવાનું મન થાય. બાળકને જેટલા દૂધ-રેાટલાના પેાષણની જરૂર છે તેથી વધુ સમજણપૂર્વકના વર્તાવની જરૂર છે.

કળાકારીગરીના લખાણની શરૂઆત કરતી વખતે ગિજુભાઈનેા વકીલ સ્વભાવ જાગૃત થયેલેા છે. પેાતાના અસલી વતી તેઓ ખૂનનેા આરેાપ સમાજ સમક્ષ મૂકે છે. "રાજ્ય રૂઢિ કે ધર્મની સત્તા કેળવણીકાર પાસે નથી એથી જીવન સામેના ગુન્હાઓનેા નથી એકકે પીનલ કેાડ નથી એને કેાઈ નિંદ્ય લેખતું કે નથી એને ધાર્મિક ભય. જીવનની સામેનેા એવેા એક ગુન્હેા બાળકની સર્જનશક્તિના ખૂનનેા છે." (પૃ. ૫૪)

અકસ્માતમાં ઘાયલ થયેલા બાળકને જોઈ અરેરાટી છૂટે, પાંપણેા ભીની થઈ ઊઠે છે; પણ બાળકેા સાથેના વ્યવહારમાં આપણે બાળકની સર્જનશક્તિને અવરેાધી, વિકૃત કરી, નિર્બળ કરી કાયમને માટે તેને અપંગ, પાંગળાં, લાચાર નથી કરી મૂકતાં ? ગિજુભાઈ કહે છે, આવા

બાળનાં મુખ્ય સ્થળો ઘર અને શાળા છે. કોઈ ઘર પાસેથી પસાર થઈએ તો શું સંભળાય છે ? 'મારા રોયા ! આ નવાં લૂગડાં બગાડ્યાં ?' 'આ લોટનો ઉંદરડો કર્યો ?' કાં તો કયાંક ચડતાં પડી ગયો હોય, રડતો હોય ને મોટરા ઉપરથી તેને ઠમઠોરતા હોય. બાળકને કુળદીપક કરવો છે પણ વર્તાવ કુળવેરી થાય તેવો હોય છે.

બાળકને ગૂમડું થાય અને થોડા દિવસે મટી જાય પણ તેનો ડાઘ જીવનભર રહે તેમ અપમાન, ધાક-ધમકી, માર એ બધાના ડાઘ જીવનભર રહે છે. નાનો છે, નબળો છે એટલે મૂંગે મોઢે સહી લે છે; પણ મનના ખૂણામાં ભરાઈ રહેલ અપમાન-તિરસ્કાર પોતે મોટો થતાં નાના પર અજમાવે છે. મોટાથી બીવું અને નાનાને બીવરાવવા એ જાણે જીવનમંત્ર બની જાય છે; અને તેનો વેલો વધ્યા જ કરે છે. અને આપણે આશા રાખી બેઠા છીએ વિશ્વશાંતિની.

ગિજુભાઈ કહે છે : 'ઘર કરતાં શાળા મોટું કતલખાનું છે. બસ ! લખો, વાંચો, ગોખો. અર્થ વિના, રસ વિના, અનુભવ વિના. જ્યાં ગોખવાનું જ હોય ત્યાં શિક્ષણ નિષ્ફળ છે. એમાં કળાનાં સર્જનો અસંભવિત છે. કળાનું મૂળ ઊંડા અને તીવ્ર અનુભવમાં છે."

પુસ્તક પ્રગટ થયા પછીના લાંબાગાળામાં ઘરોમાં, શાળાઓમાં કોઈ ફેરફારો થયા દેખાતા નથી. હા, આંકણી-સોટી નથી. પણ લખો, વાંચો, ગોખોમાંથી બહાર નીકળી શકયા નથી. અને એટલે જ ભય, ધાક-ધમકી પર જ બધો દોરમદોર રહે છે. ગિજુભાઈએ કહ્યું છે તેમ "કોઈ વાર સર્જન થાય છે તો તેને પણ આપણે ધનામ, સ્પર્ધાની મનોવૃત્તિથી કલૂષિત કરી દઈએ છીએ." પરિણામે લાલચુ અને એકબીજા સાથે સહકાર નહીં પણ સ્પર્ધા કરનારો, સરમુખત્યારી વલણોવાળો સમાજ જ રહે છે. ગિજુભાઈને નથી સાંભળ્યા તે જ કારણે ભાષાવાદ, પ્રાંતવાદ, કોમવાદ, ત્રાસવાદનાં કષ્ટદાયી કુરૂપ સ્વરૂપો ઉદ્ભવતાં રહે છે.

ગિજુભાઈ કહે છે : "સર્જનના પ્રખર દુશ્મનો શિક્ષા, ધનામ, પરીક્ષા અને પ્રદર્શન છે. શિક્ષાના ભયથી મનુષ્ય કાં તો છૂપાં સર્જનો કરે છે અથવા તો તેના પ્રાણ ભયભીત થઈ ભાગી જાય છે. છૂપાં કે વિકૃત સર્જનનાં જવલંત દૃષ્ટાંતરૂપે આજની જેલો, દવાખાનાંઓ, અનાથઆશ્રમો અને પાગલઘરો પડેલા છે. ધનામ અને સ્પર્ધાએ ઉત્પન્ન

કરેલ આજના સ્વાર્થી વેપારો, યુદ્ધો અને રાજનીતિઓ આપણી સામે જીવંત છે. એક તરફ પરીક્ષાથી બહિર્મુખ થઈ ગયેલ મનુષ્ય કેટલો ઉપલકિયો, દંભી, ઢોંગી અને ઠગ થયેલો છે, તો બીજી તરફ એ જ કારણે તે કેટલો નિરાશ, નિરુત્સાહ, આત્માનું પણ અપમાન કરનારો થઈ ગયેલો છે, તે આપણે જોઈએ છીએ. પ્રદર્શનોએ આપણને પરજીવી, ખુશામતખોર ને ગુલામ બનાવ્યા છે. ગૃહ કે શાળા જો બાળકોને આમાંથી બચાવી લે તો સાચાં સર્જનોની આશા છે.''

(૨)

પ્રકાશ માટે વનસ્પતિ ઝંખે તેમ બાળક પોતાની આંતરિક ભૂખને સંતોષવા, પોતાના વિકાસની કેડી કંડારવા સર્જન શોધતો હોય છે.

આજે છે તેથી ઉચ્ચતર ચૈતન્યનું પ્રાગટ્ય કરવું તે દરેક સજીવ પ્રાણીની ભૂખ છે. આ માટે બાળક વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિ શોધે છે. આ સમજાવવા ગિજુભાઈ મેડમ મોન્ટેસોરીના નિયમો યાદ કરે છે.

૧. બાળક સ્વભાવથી જ પોતાના સ્વયંભૂ વિકાસને સાધી શકે તેવું પ્રાણી છે.

૨. પોતાનામાં છૂપી રહેલી શક્તિઓને વિકસાંવવાની બાળકમાં કુદરતી વૃત્તિ છે.

૩. બાળકમાં પોતાના સુસંગત આંતરિક વિકાસને આવશ્યક એવાં સાધનો ઉપર વિજય મેળવવાની વૃત્તિવલણ કુદરતી રીતે જ છે.

બાળક આ માંગે છે; તેની આંતરિક ભૂખ છે, શી રીતે પૂરી પાડશું ? તેનો જવાબ, કળાકારીગરીનું શિક્ષણ આપે છે. ગિજુભાઈ કહે છે, બાળકને પોતાની ક્ષુધા તૃપ્ત કરે તેવું સાધન મળી જાય છે ત્યારે તે પોતાનું વ્યક્તિત્વ પોતાની મેળે ઘડવા લાગી જાય છે અને સાથે સાથે પોતાના આંતરસ્વભાવને, વૃત્તિઓને તથા પસંદગી-નાપસંદગીઓને વ્યક્ત કરવા લાગે છે. આ સર્જનાત્મક પ્રવૃત્તિ દ્વારા Doing Hand, Knowing Head; Feeling Heartવાળા જીવતાં પૂર્ણ વિકાસગામી માનવને પામવાની મથામણ છે.

આ માટેની પહેલી શરત એ છે કે બાળક રાજીખુશીથી આ બધું કરતો હોવો જોઈએ. રાજીખુશીથી હોય તો જ ''જે જે શક્તિઓને

ભૂખ છે તે તે શક્તિઓને તૃપ્તિ મળે, આ તૃપ્તિમાં, આ સ્વાભાવિક હાજતના સંતોષમાં કેળવણીની ધતિકર્તવ્યતા છે.” (પૃ. ૧૨)

એટલે આપણને બાળકને માટે ઉપયોગી લાગે તેવી બધી જ પ્રવૃતિ સ્વેચ્છાએ જ હોય. આપણે શિક્ષકે હોંશે હોંશે બાળકની ચિંતા કરી ભોજનથાળ પીરસવાનો છે. શું લેવું, શું ન લેવું તે બાળક પર છોડવાનું છે.

ક્રિયાત્મકવૃત્તિ, જ્ઞાનાત્મકવૃત્તિ અને ભાવનાત્મકવૃત્તિ આ ત્રણે બાળકમાં ઓછેવત્તો અંશે, કચારેક એકી સાથે તો કચારેક ક્રમિક હોય છે. આ ત્રણે સાધવાની તેની સ્વાભાવિક ભૂખ છે.

(૩)

જ્ઞાનના વિષયોની ભરભાર બળપણથી જોતાં ગિજુભાઈને લાગ્યું કે “બુદ્ધિના વિષયો શીખવીએ તે પહેલાં હૃદયના વિષયો શીખવવા જ જોઈએ. માણસનું હૃદય વિકસ્યું હશે તો તેની બુદ્ધિ તેને સારે માર્ગે લઈ જશે.” આજે સમાજમાં જે મૂંઝવણભરેલી સમસ્યાઓ છે એ સહદ્અંશે એકાંગીબુદ્ધિ વિકાસના પરિણામે છે. બુદ્ધિએ આપેલ જ્ઞાન કયાં વાપરવું તે પ્રશ્ન પણ છે જ. સારી બંદૂક બનાવી યુદ્ધોને ઉત્તેજન આપવામાં કે દુઃખી લોકોને વધુ સારા રોટલો આપવામાં, તે આજે વિશ્વ સામેનો પ્રશ્ન છે. શોષણ નહીં પણ સહકાર, તે વિચાર પણ વ્યવહારમાં ત્યારે જ આવે કે જ્યારે એકાંગી બુદ્ધિ પોતાના સ્વાર્થો છોડી, સમાજમાં સહકારી વૃત્તિમાં સહાયરૂપ થાય, ત્યારે જ તે સાર્થક બને.

(૪)

“કારીગરીના વિષયો એટલે મૂળભૂત કળાઓને અવલંબીને ઉત્પન્ન થયેલી કળાઓ એવો અર્થ છે” (પ્રવેશકમાંથી) ત્યાર પછી “રેંટિયામાં ક્રિયાશક્તિ, બુદ્ધિશક્તિ અને કલ્પના શક્તિના વિકાસને ભૂમિકા આપવાની જે સાહજિકતા પડી છે તે તેને કેળવણીવિષયક કિંમત આપે છે” એમ ગિજુભાઈએ લખ્યું છે તેનો અર્થ અહીં કળા એટલે જીવન-કળા-જીવનયોગ. જીવનમાં ઉદ્ભવતાં આનંદ, જ્ઞાન અને પુરુષાર્થ સમગ્રનો ખ્યાલ છે.

પુસ્તકમાં કેળવણીની દૃષ્ટિએ જીવનોપયોગી સર્જનાત્મક પ્રવૃત્તિઓ કેવી રીતે ઉપયોગી થઈ શકે તથા તેની શિક્ષણવિષયક કિંમત કેટલી

છે તે વિશદ અને વિવિધ દૃષ્ટિકોણથી કારીગરીનાં પ્રકરણોમાં બતાવ્યું છે. આ દૃષ્ટિમાં આજની કેળવણીનો કોયડો ઉકેલવાની ચાવી આ પુસ્તકે આપી છે.

ગિજુભાઈ કહે છે, 'બાળકને પ્રવૃત્તિ મળતાં તેઓ તોફાની આપો-આપ મટી જાય છે. પ્રવૃત્તિ દ્વારા કર્મેન્દ્રિય જ્ઞાનેન્દ્રિયને કામે લગાડે છે, એકાગ્ર થાય છે અને આજુબાજુની પરિસ્થિતિ ભૂલી જઈ શાંત અને સ્વસ્થ બને છે. પરિણામે બાળકો બળવાન, પ્રસન્ન અને માબાપો તરફ ઉપકારની લાગણીભર્યાં અને પ્રેમાળ બને છે. આવી પ્રવૃત્તિને કેળવણી-શાસ્ત્ર સર્જનાત્મક પ્રવૃત્તિ કહે છે.'' (ભાગ–૨ પૃ. ૭૭)

આની સાથે જ સીવણ અને ભરતગૂંથણના પ્રકરણમાં ગિજુભાઈનું એક કથન ધ્યાન ખેંચે છે. ''શીવણના નમૂના એ દૃષ્ટિએ અને એવા બનાવવા જોઈએ કે જેને જીવન સાથેનો સંબંધ હોય. તેના શાસ્ત્રની ચોપડીમાં લખેલા નમૂના બનાવીને ત્યાં અટકવું, તેમાં નુકસાન છે.'' (પૃ. ૫૯)

જીવનની સમાજોપયોગી પ્રવૃત્તિ બાળકની ભૂખ સંતોષી શકે તો તે વધુ સારી કેળવણી આપી જ શકે; કારણ કે દરેક કેળવણીએ આખરે સમાજમાં જીવવાનું છે અને આવતી મુશ્કેલીઓને દૂર કરવાની ક્ષમતા કેળવણી દ્વારા પ્રાપ્ત કરવાની છે.

રેંટિયાકામમાં બાળકની ક્રિયાત્મકવૃત્તિ, જ્ઞાનાત્મકવૃત્તિ તથા ભાવનાત્મકવૃત્તિ ત્રણેના વિકાસની તકો ગિજુભાઈએ જણાવી છે. તેવી જ તકો ખેતીકામ, બાગકામ, સફાઈકામ તથા સમાજોપયોગી કાર્યમાં રહેલી છે. ગિજુભાઈએ જે કસોટીઓ આપી છે તેમાંથી ઉપરની પ્રવૃત્તિઓને પસાર થતી મેં જોઈ છે. એટલે આ પ્રકરણો વાંચતાં મારો શિક્ષકજીવ પુસ્તકને માથે મૂકી નાચવા લાગે છે.

પ્રયોગશાળાની શોધ જીવનશાળામાં સાર્થક થાય તેમ ગાંધીનો વિચાર બાલમંદિરમાં સાર્થક થયો. હવે આપણે રાહ જોઈએ કે ગ્રામ-શાળામાં તે કયારે જીવંત ને વ્યાપક બને.

નઈતાલીમમાં સમાજોપયોગી ઉત્પાદક શ્રમકાર્ય કેળવણીના આ મૂલ્યથી વધુ નક્કર ભૂમિકા પ્રાપ્ત કરે છે, તે વિશેષ આનંદની વાત છે.

(૫)

ગિજુભાઈએ સૂચવેલ વાતાવરણના વિભાગમાં શાંતિની રમતવાળું પ્રકરણ આંતરિક શાંતિ, સ્વસ્થતા માટે, જ્યારે અન્ય પ્રકરણ બાહ્ય વાતાવરણ માટે ખૂબ ઉપયોગી છે.

કુદરતનો પરિચય, પ્રદર્શન અને સંગ્રહાલયવાળાં પ્રકરણો સૌંદર્યનો આનંદ મેળવવામાં મદદરૂપ થાય છે. તેમજ કુદરતી કળા માણવાની નવી દૃષ્ટિ આપી જાય છે.

શાંતિની રમત ખરેખર તો બાળકોનું ધ્યાન છે. અને જેઓએ તેનો અનુભવ કર્યો છે તેમને જીવનના કોલાહલમાં, મૂંઝવણોમાં તે ધ્યાન શાંતિ અને સ્વસ્થતા આપનારા નીવડ્યા છે.

પુસ્તકમાં શિક્ષકો માટે કેટલીક પાયાની વાતો કરી છે. 'આપણે જે બાબતનું જ્ઞાન આપવાનું છે તેનું સમગ્ર સ્વરૂપ પહેલાં આપણે યથાર્થપણે સમજવું જોઈએ, પછી એ આખા સ્વરૂપને તેનાં ભિન્નભિન્ન ઉપસ્વરૂપોમાં અનુક્રમે વિભાગી નાખવું જોઈએ અને એ ક્રમિક વિભાગોને અનુક્રમે આપણે બાળક પાસે રજૂ કરવા જોઈએ.''

નાચ વિશે લખતાં લખે છે. 'મને લાગે છે કે જ્યોત જગાવવા પ્રથમ આપણે સળગવું જોઈએ.' બાલમંદિરમાં ભણતો તે વખતના ગિજુભાઈ નજર સામે આવે છે. માથે છોગાળો કટકો બાંધ્યો છે, કમરે ફટકો છે. મોઢામાં લાકડાની બંસરી છે અને ગિજુભાઈ મોરલીનું નૃત્ય કરે છે. થોડીવારે બીજા પણ ઊભા થઈને નાચવા લાગે છે. સૌના મન પર નાચ, દિલરુબાના સૂર, તાલ સવાર થઈ જાય છે.

પણ આજે જોઈએ છીએ કે જ્યોત જગાવવાના શબ્દો છે પણ સાથે જરૂરી ઉત્સાહ નથી. આજનું શિક્ષણ કામ નથી ચાલતું તેનું સૌથી મોટું કારણ પ્રાણ વગરનું કાર્ય જ છે.

દરેક પ્રકરણમાં શિક્ષકની સજ્જતા અને સાધનો વિશેની વિગતો એવી રીતે રજૂ થઈ છે કે પોતાની સૂઝ ઓછી હોય તેવા શિક્ષકો પણ તે નોંધને અનુસરે તો તાત્કાલિક કામ ચાલે. પણ પ્રાણ તો ગિજુભાઈ જેવો બાળપ્રેમ, બાળકના સમ્યક્ ને સમગ્ર વિકાસ માટે ચિંતનમનન, તન્મયતા અને પુરુષાર્થની અપેક્ષા રાખે. ગીત શીખવવું છે તો મોજથી ગાવું જોઈએ. ગિજુભાઈ મોજથી ગાતા નાચતા હતા; તેવું આપણે શિક્ષકો કયારે ગાશું ? કયારે નાચશું ?

૩૫. બાલમંદિર અને ગૃહમંદિરના માર્ગદર્શક ગિજુભાઇ

અમૃતલાલ યાજ્ઞિક

બાલમંદિરના દ્રષ્ટા, સર્જક અને શિલ્પી ગિજુભાઈએ શિક્ષણ-સૃષ્ટિના પાયામાં નવું બળ પૂરી ગુજરાતી સમાજના શક્તિસંચારને ગતિશીલ બનાવ્યો છે તે એક ઐતિહાસિક ઘટના છે. તેમની જન્મ શતાબ્દી પ્રસંગે આ અંગેનાં બે પુસ્તકો માતપિતાને સંસ્કારદૃષ્ટિ આપે તેવાં ફરી પ્રગટ થયાં છે: (૧) 'આ તે શી માથાફોડ !' (૨) 'માબાપ થવું આકરું છે. ગૃહમંદિરમાંથી બહાર નીકળીને બાળકો બાલમંદિરમાં જાય, ત્યારે બન્નેનો સંવાદ હોય તો બાળકનાં પ્રકૃતિદત્ત શક્તિબીજોમાંથી કુદરતી રીતે અંકુરો ફૂટે, છોડ ઊગે અને વિકાસ પામે.

આજની અંધારભરી દેખાતી શિક્ષણસૃષ્ટિમાં સાચા બાલશિક્ષણ દ્વારા સાંસ્કારિક અને ચૈતસિક સંપત્તિ વધે તેનું પ્રારંભિક માર્ગદર્શન આ પુસ્તકોમાંથી મળે છે. બાળમનની સમજણ માટેની મૂલ્યવાન સામગ્રી તેમાં રહેલી છે. આ પુસ્તકો માબાપ અને શિક્ષકો માટે ખૂબ ઉપયોગી થઈ પડશે તે નિશંક છે.

ખરું જોતાં, બાલશિક્ષણનાં આ સનાતન મૂલ્યો છે. બધા દેશોના કેળવણીકારોએ તે એક કે બીજા સ્વરૂપે પ્રબોધેલાં છે. ગિજુભાઈએ સ્વયંપ્રજ્ઞાથી બાલમંદિર વિશેની વિભાવના વિચારી, પ્રયોગો દ્વારા તેનો અનુભવ કરાવી તેની સુગંધ ચારે બાજુ પ્રસરાવી છે. એટલે જ બાલમંદિર અને ગિજુભાઈ એકબીજાનાં પર્યાય બની ગયાં છે.

શિક્ષણના ઇતિહાસમાં બાલવાડી (કિંડર ગાર્ટન)ની વિભાવના આપી તેનો પ્રયોગ કરનાર પ્રથમ ફ્રોબલ હતો તે જાણીતી હકીકત છે. ત્યાર પછી બાલશક્તિનો આંતરબોધ કેવી રીતે બાળકને સ્વાતંત્ર્ય આપી રમાડીને બહાર કઢાય તેવી શિક્ષણવિભાવનાનો પ્રયોગ કરનાર મેડમ

મોન્ટીસોરી હતાં. આ બંને વિભાવનાનો સંવાદ ગિજુભાઈમાં જન્મજાત હતો. બાલવાડીમાંથી **બાલમંદિર** નામ પાડયું તેમાં જ ગિજુભાઈની પ્રતિભાનું દર્શન થાય છે. વાડી-બગીચામાં ફૂલના છોડ જેમ કુદરતી રીતે ઊગે અને ખીલે, પછી તેમાંથી સુંદર ફૂલો ખીલે ને સુગંધી ફેલાવે, તેમ સમાજરૂપી બગીચામાં બાળફૂલોના છોડને ઉછેરાય એમ ફ્રબલે કહ્યું. બાળકને સ્વાતંત્ર્ય આપી, રમતાં કરી, રસ પાડી, શીખવાય તો તેમની અંદર રહેલી શક્તિ બહાર ખીલી શકે. આવી રીતે બાળશિક્ષણ અપાવું જોઈએ એમ મોન્ટીસોરીએ કહ્યું. ગિજુભાઈ એક ડગલું આગળ ગયા. બાળકમાં રહેલી દિવ્ય ગુણોની શક્તિને રમતગમત, સ્વાતંત્ર્ય અને સંભાળ લઈ જ્યાં શિક્ષણ અપાય તે સ્થળને વાડી કે શાળા નહીં પણ મંદિર, બાળમંદિર કહેવું જોઈએ. ગિજુભાઈએ આવાં બાળમંદિરમાં જે પ્રયોગો કર્યા તેની વિચારસામગ્રી આ બંને પુસ્તકમાં આપેલી છે તે નોંધપાત્ર છે.

બાળકનું વર્તન અને તેના વર્તન પાછળની મનોવૃત્તિ ન સમજનાર માબાપને બાળઉછેર કરવામાં મૂંઝવણ અને મુશ્કેલીઓ પડે છે ત્યારે, બાળકની નિર્દોષ શક્તિ ખીલવવાની સૂઝ ન હોવાથી, 'આ તે શી માથાફોડ !' એવા ઉદ્‌ગારો તેઓ કાઢે છે. ગિજુભાઈએ આ પુસ્તકમાં બાળકમાં રહેલી સાચી કુદરતી શક્તિને ખીલવી બાળકનું કઈ રીતે સંસ્કારઘડતર કરાય તેની માર્ગદર્શક સામગ્રી આપી સમાજને નવપ્રકાશ આપ્યો છે. તેમની કહેવાની રીત ઉપદેશકની નથી. સમજાવટથી બાળકની સાથે કેમ કામ લેવાય અને કરાય તેના પ્રસંગો તેમણે રસભરી શૈલીમાં આલેખ્યા છે તે આ બંને પુસ્તકોમાં દેખાઈ આવે છે. માબાપને જાણે શિક્ષણ આપતા હોય તેમ બાળકેળવણીનો સ્પષ્ટ માર્ગ બતાવવાની ગિજુભાઈની અનોખી રીત આ પુસ્તકમાં જણાઈ આવે છે.

'આ તે શી માથાફોડ !'માં બે રીતોનું દર્શન કરાવતાં બે પ્રસંગ-ચિત્રો જોવાથી વગર ઉપદેશે ગિજુભાઈનું મંતવ્ય આપણી સમક્ષ પ્રગટ થાય છે :

"(૧) કેમ બા રમીને આવી કે ? આજ શેની રમત રમ્યાં ? જરા કામમાં મદદ કરીશ કે ? આ એક ઓંઠવાડ પડ્યો છે તે તું કાઢ, ત્યાં હું શાક સમારું; ને પછી...આજે વાળું કરીને લેસન વહેલું કરી લેજે..."

"(૨) આ રખડીને આવી ! કામ નહિ, કાજ નહિ ને દિ' આખો રખડ રખડ ! લ્યો હવે એંઠવાડ કાઢો. આ સવારની સંજવારી પડી છે તે કોણ કાઢશે ? ...એક ભણતાં આવડયું છે, ને પટપટ જવાબ દેતાં આવડયું છે ! ઈ મારે ભણતર નથી જો'તું...જઈશ મા કાલથી ભણવા; ને જવું હોય તો પહેલું કામ ને પછી ભણતર !" (પૃ. ૧૬) એક બીજું પ્રસંગચિત્ર જોઈએ. તે માબાપ સાથેના સંવાદનું છે :

૩	૪
એં...એં...એં...	એં...એં...એં...
રોતો કેમ આવ્યો?	રોતો કેમ આવ્યો ?
રમુએ મને માર્યો.	મનુએ મને પછાડ્યો.
હશે; રમતાં લાગીયે	એને પછાડવો તો ને,
જાય. એમાં શું ?	રોયા ! માલ વિનાના!

(પૃ. ૨૦)

આ બંને પ્રસંગોમાં ગિજુભાઈની નિરીક્ષણશક્તિ તેમ જ વગર કહ્યે કહેવાની શૈલીનો કેવો સુરેખ પરિચય થાય છે ! પણ આવા તો અનેક પ્રસંગો 'આ તે શી માથાફોડ !'માં છે. માથાફોડનું રૂપાંતર કરી બાળપ્રેમ ઉત્પન્ન કરવામાં જ ગિજુભાઈની પ્રતિભાનું સાચું દર્શન થાય છે.

પછી શિક્ષણમાં રસ પાડવા માટે બાળકને વાર્તા કેવી રીતે કહેવાય તેનો પ્રસંગ સમજવા જેવો છે. (પૃ. ૧૮) ગિજુભાઈએ પછીથી 'વાર્તાનું શાસ્ત્ર' નામે પુસ્તક પણ લખ્યું છે. ગિજુભાઈએ આ પુસ્તકમાં અનેકવિધ પ્રસંગો આપી બાળશિક્ષણ માટેનું અમૂલ્ય ભાથું આપ્યું છે. એ માટે તો આ પુસ્તક વાંચવું જ જોઈએ એવા ઉદ્‌ગારો નીકળી જાય છે. પણ માબાપને બાળકની દૃષ્ટિ સમજવા માટે ને જાગ્રત કરવા માટે એક પ્રસંગચિત્ર કલ્પના કરી ગિજુભાઈએ દોર્યું છે તે બતાવ્યા વિના સંતોષ નથી થતો :

"ધારો કે તમારું બાળક તમને કહે કે બાપા, હું જરા લખું છું; તાણીને વાતો કરીને મને ખલેલ ન પહોંચાડો.

"ધારો કે તમારું બાળક તમને કહે કે તમે મોટાઓ નિયમિતપણે પોતાનું કામ નથી કરતા એ ઠીક નહીં.

"ધારો કે તમારું બાળક કહે કે જુઓ, તમે બા બાપા અંદર અંદર લડશો તો તમને ઘરમાં નહીં આવવા દઈએ, તમને જમવા નહીં દઈએ....

"ધારો કે તમારું બાળક કહે કે તમને બરાબર કાગધંધો નથી આવડતો માટે માસ્તર રાખવો પડશે...તો ?"

બાળપ્રેમી ગિજુભાઈ જ આવું કલ્પનાચિત્ર દોરી શકે.

આ રીતે માબાપના માર્ગદર્શક બની ગિજુભાઈ કહે છે તેનું સમર્થન કરીને નાનાભાઈ ગિજુભાઈના શબ્દોમાં જ કહે છે :

"સારી આલમનાં માબાપો ! તમને જે માથાફોડ લાગે છે તે માથાફોડ જ નથી. તમારી તબિયત ઠેકાણે રાખીને જુઓ એટલે માથાફોડ ટળી જઈને તમને એ સ્થાને કંઈક બીજું જ દેખાશે..."(પ્રસ્તાવના)

'માબાપ થવું આકરું છે' એ પુસ્તકમાં માબાપને દૃષ્ટિ આપી બાળકની સાથે કેમ વર્તાય તેનાં મર્મદર્શી પ્રસંગચિત્રો આપ્યાં છે. પ્રથમ, સંવાદ-પ્રસંગ 'મારી સાથે કેમ નહીં ?' અર્થસૂચક રીતે આલેખ્યો છે :

"રમણલાલ : તું એમનો ન્યાયાધીશ થાય છે માત્ર ? તું એમનો કાંઈ મિત્ર થોડો થાય છે ?

ગજાનન : એટલે ? મિત્ર થવું એટલે ? એ બાપથી કેમ બની શકે ?

રમણલાલ : એમાં જ ખૂબી છે, ને ત્યાં જ બાળકોના અંતઃકરણની ચાવી છે. એ ચાવી હાથમાં આવે એટલે બધાં તાળાં ઊઘડે છે. પછી તો તેઓ આપણી પાછળ ફરવાનાં; નવા નવા સવાલો પૂછવાનાં...અને કહીએ તે વેગે વેગે ને હોંશે હોંશે કરવાનાં." (પૃ. ૨)

એ જ પ્રસંગમાં બાપ બાળકનો મિત્ર કેવી રીતે બની શકે તે પણ સરસ રીતે દર્શાવ્યું છે. બાળકે પ્રેમથી વ્યવસાયગ્રસ્ત ડાક્તરને સાચા પિતા કેવી રીતે બનાવ્યા તેનું પ્રસંગચિત્ર ખૂબ મહત્ત્વની દૃષ્ટિ આપનારું બન્યું છે. એટલે એના સમાપનના ઉદ્‌ગારો ગિજુભાઈની વાણીમાં જ સાંભળીએ :

"તે દિવસથી જ લક્ષ્મીદાસભાઈએ ક્લબમાં જવાનું બંધ કર્યું; એટલું જ નહીં પણ પ્રેક્ટિસને બહુ વિશાળ કરવાનું માંડી વાળી કાંઈક ઘરમાં રહેવું, બાળબચ્ચાંઓ સાથે આનંદ લેવો એ તરફ જવાનું શરૂ કર્યું..." (પૃ. ૧૧)

એવો જ અન્ય પ્રસંગ વર્ણવવા ગિજુભાઈએ જે મર્મસૂચક કહ્યું છે તે આજના કામધંધામાં ડૂબેલા પિતાએ વિશેષ રૂપે સમજવા જેવું છે :

"...બેદરકારીથી જેમ દરદી ગુમાવી બેસાશે અને ધંધાને ધક્કો લાગશે એમ તે માનતો, **તેમ જ તે બાળકો પ્રત્યેની બેદરકારીથી પ્રેમ ગુમાવી બેસાશે અને પિતૃત્વના દરજ્જાને કલંક લાગશે એમ માનતો.** દર સાંજે તે કાં તો છોકરાંઓ સાથે ફરવા જતો. બાગમાં જતો તો બાળકોને ઝાડોનાં તથા ફૂલોનાં નામો અને જતો કહેતો..." (પૃ. ૧૩૧)

આ જ રીતે 'તેડકાં બાળકો' વિશેનો લેખ ખૂબ મર્મદર્શી છે. બાળકને પ્રેમથી ગૂંગળાવવાથી અથવા મોટાઈ બતાવવા નોકરોની પાસે કામ કરાવવાને લીધે તેની સ્વતંત્રતા ગુમાવ્યાથી તેને કેટલું નુકસાન થાય છે તેનું સુંદર ચિત્રવિવરણ કર્યું છે. (પૃ. ૫૪–૫૭)

'બાળકોને શું ગમે છે ?' (પ્રકરણ–૩૦, પૃ. ૧૦૯) અત્યંત અર્થ-સૂચક થઈ પડે તેવું મહત્ત્વનું હોવાથી સહુએ વાંચવા જેવું છે. તેની થોડી ઝાંખી થાય તે માટે અહીં માત્ર સ્પર્શરેખા આપી છે તે લક્ષમાં લેવી :

"લોકો એમ માને છે કે બાળકોને અવ્યવસ્થા ગમે છે...તે માન્યતા ખોટી છે. બાળકોને વ્યવસ્થા પ્રિય છે, કારણ કે મનુષ્યનું માનસ વ્યવસ્થાપ્રિય છે...બાળક બિચારું નાનું હોવાથી મોટી અવ્યવસ્થા વ્યવસ્થિત કરી શકતું નથી...બાળકની અવ્યવસ્થા એ તો એ બિચારાની મૂંઝાયેલ સ્થિતિ છે, અને આપણા અવ્યવસ્થિત વાતાવરણમાંથી તે ઉત્પન્ન થયેલી હોય છે !...બાળકોમાં કેટલી અમાપ ક્રિયાશક્તિ રહી છે તેનાથી તેઓ (માબાપો) અજ્ઞાત જ રહી જાય છે !" (પૃ. ૧૧૧)

બાળકના જીવનઘડતરમાં માબાપનું આચરણ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. માબાપ જે બોલે કે આચરે તેનો પ્રભાવ બાળકના કોમળ ચિત્ત ઉપર પડે. તેનાં બે નાની વાતનાં ઉદાહરણો કેવાં અર્થસૂચક છે !

૧. "એ વળી મારી સામે શું બોલે !...ને એક ડાંગ મારી તે માથું ફોડી નાખ્યું."

૨. "ભાઈ ! નવો ન્યાયાધીશ તો ઠીક છે; લાંચ આપે તેનું કામ થાય." પછી ગિજુભાઈ કહે છે :

"...બાળકોને આપણો વિચાર કરવાની અને સાચું ખોટું પારખવાની શક્તિ આપીશું ને દુનિયા વિશે અભિપ્રાય બાંધવા છૂટાં મૂકીશું, કે તેમને આપણા જ અભિપ્રાયમાં ઉછેરી તેમના પોતાના અભિપ્રાયોનો નાશ કરીશું ?" પ્રશ્નમાં જ ઉત્તર છે. (પૃ. ૯૧) ત્યાર પછી જે તે માબાપ વાતો કરીને બાળકમાં કેવા સંસ્કાર પાડે છે તે અંગે સમાપન કરતાં કહે છે : "આપણે એટલું યાદ રાખીએ કે 'છોકરાંઓને કાન છે.'"

બાળકોને માત્ર પોતાની આજ્ઞાની સત્તા બતાવવા માબાપ કેવા હુકમો કરી બાળકનું સ્વાભાવિક સ્વાતંત્ર્ય હણી લે છે તે વિશે 'આપણા હુકમો'માં ઉદાહરણો આપ્યાં છે. (પૃ. ૯૫) એક પ્રસંગ જોઈએ :

"એ રમુ ! તું કયાં જાય છે?"

રમુ કહે : "નાના કાકા કહે છે કે પેલી બારી નીચે છાંયો છે. ત્યાં રમો."

"ત્યાં નથી જવું; પેલી કોટડીના ખૂણા પાસે બેસો." ગિજુભાઈ માબાપને કેળવણીમાર્ગ દર્શાવતાં કહે છે તે ખાસ નોંધપાત્ર છે : "લોકો એમ માને છે કે બાળકોને કામ કરવું ગમતું જ નથી માટે બાળકો પાસે પરાણે કામ કરાવવું જોઈએ. પણ આ માન્યતા તદ્દન ખોટી છે. બાળકો કુદરતી રીતે ક્રિયાપ્રિય છે. પણ મોટાંઓના જગતમાં તેમને કામની સગવડ મળતી નથી, તેમને યોગ્ય સાધનો મળતાં નથી, તેમને માટે સ્થળ મળતું નથી..." (પૃ. ૧૧૦)

બાળકોને બચી ભરવા વિશે પણ કેવી કાવ્યાત્મક રીતે ગિજુભાઈ કહે છે!

"માબાપનો પ્રીતિનો ઉમળકો બચીથી શમે છે. બચી એ કુદરતી બક્ષિસ છે, ઊછળતા હૈયાનો આવિર્ભાવ છે, પ્રેમથી હલમલી રહેલા જ્ઞાનતંતુઓનો વિરામ છે, પ્રેમના અંતરની શાંતિ છે, પ્રેમપાત્ર ઉપર અંતરનો અભિષેક છે! ટૂંકામાં બચી એ અંતરને અંતરથી ઝીલવાનો પ્રકાર છે. આથી ઊભરાતા અંતરવાળી ગાય વાછરડાને ચાટવા લાગે છે... આથી મા પોતાનો ઉમળકો બાળક ઉપર બચીથી ઠાલવે છે." (પૃ. ૧૨૨)

પણ આવાં અનેક માર્મિક ઉદાહરણો 'માબાપ થવું આકરું છે'માં ગિજુભાઈએ આપ્યાં છે. પછી ફલશ્રુતિરૂપ, બાળકેળવણીના માર્ગદર્શક વિચારોની ફલશ્રુતિરૂપ, તેમણે કહ્યું છે તે સહુએ યાદ રાખવા જેવું છે :

"અમૃતની દૃષ્ટિ અને વિષની દૃષ્ટિ જાડી અને ઝીણી બંને છે. બાળકને પ્રસન્નતાથી બોલાવીએ ને જવાબ આપીએ એ જાડી દૃષ્ટિ; બાળક કાંઈ કરે અને તે પ્રેમથી નિહાળીને મનમાં ખુશી થઈએ તે ઝીણી દૃષ્ટિ. બાળક આપણી પાસે ઇનામ નથી માગતું પણ કદર માગે છે...વિષની દૃષ્ટિ (જાડી) એટલે કે આપણે બાળકના પ્રયત્નને હડધૂત ગણીએ, મૂરખ ગણી હસી કાઢીએ વગેરે..આપણે બાળકને કશું કડવું વેણ કહીએ નહીં...પણ આપણો ચહેરો તેને આદર આપતો ન હોય, આપણી વાણી તેને ઠંડી ને સૂકી લાગતી હોય...તે બધું બાળકને દુઃખરૂપ થાય છે...આપણી દૃષ્ટિ બદલાય છે, જ્યારે આપણી દૃષ્ટિ અમૃતની મટી વિષની થાય છે....આપણે બાળકોને અમીદૃષ્ટિથી ઉછેરીએ...એમાં (બંનેનું) ઉભયનું કલ્યાણ છે." (પૃ. ૧૩૯)

આ રીતે ગિજુભાઈનાં બંને પુસ્તકોનું પ્રકાશન માબાપની અને શિક્ષકોની અમીદૃષ્ટિ ઉઘાડવામાં સહાયભૂત બને તેવું છે. એ જ શતાબ્દીનું શ્રેય છે.

---

૩૬. 'વાર્તાનું શાસ્ત્ર'

તખ્તસિંહ પરમાર

'બા વાલતા કો', 'દાદાજી વાલતા કો' 'મમ્મી, ટેલ અસ એ ફાઈન સ્ટોરી' એવા ઉદ્‌ગાર પ્રત્યેક દેશમાં, પ્રત્યેક ઘરમાં, પ્રત્યેક દિવસે સાંભળવા મળે. બા, દાદાજી, મમ્મી કે પપ્પાને વાર્તા કહેવી પણ પડે. એ વાર્તા રસિક રીતે કહેતાં બધાંને ન પણ આવડે. બાળકની જિજ્ઞાસા બધાં ન પણ સંતોષી શકે.

તો, એ વર્તા કેવી રીતે કહેવી, તે અંગે કઈ કઈ બાબતો વિચારવા જેવી છે તેના વિચાર આજીવન શિક્ષક ગિજુભાઈ 'વાર્તાનું શાસ્ત્ર'માં કરે છે. અંગ્રેજી ભાષામાં (યુરોપની બીજી ભાષાઓમાં પણ હશે) વાર્તા કહેવાની કળા વિશે અનેક પુસ્તકો છે. પોતાને મનગમતા વિષય પર જે મળે તે વાંચી લેવાની વૃત્તિ ધરાવનાર ગિજુભાઈએ એ પુસ્તકો વાંચ્યા પણ હશે, દેશદેશની વાર્તાઓનાં ય અનેક પુસ્તકો વાંચ્યા હશે. જે વાંચવું તેના પર વિચાર કરવો, તેનો જીવનમાં પ્રયોગ કરવો અને પ્રયોગાત્મક અનુભવના આધારે ગુજરાતી ભાષામાં લખવું તે વૃત્તિના પરિણામે ગિજુભાઈએ જે કાંઈ લખ્યું તેને સર્જકતાનો ઓપ મળ્યો. 'વાર્તાનું શાસ્ત્ર' એ સર્જકતાથી વંચિત ન જ રહે.

૧૯૧૬માં બીકતી વકીલાત છોડી શ્રી દક્ષિણામૂર્તિમાં મદદનીશ ગૃહપતિ તરીકે જોડાયા; થોડા સમય બાદ વિનય મંદિરના આચાર્ય થયા. કિશોરો પાસે 'ધર્માત્માઓના ચરિતો', 'બુદ્ધ' કે રામાયણ-મહાભારત-ભાગવત-ઉપનિષદોમાંથી જે કથાઓ તેમણે કહી હશે તેનો પ્રભાવ કિશોરોના ચિત્ત પર કેવો પડ્યો. તેમનો પ્રતિભાવ કેવો હતો તેની નોંધ ગિજુભાઈના શિક્ષક-ચિત્તે બરાબર લીધી હશે. ૧૯૨૦ના ઓગષ્ટની બીજી તારીખે, બાળમંદિના પ્રથમ દિને બાળકોએ એમને મૂંઝવી દીધા ત્યારે વાર્તા એમની મદદે કેવી રીતે આવી તેની વિગતો તેમણે જ

'બાલમંદિરનાં પાંચ વર્ષ' એ વારંવાર વાંચવા જેવા લેખમાં આપી છે તેમ 'દિવાસ્વપ્ન'માં પણ વાર્તાનો જાદુ આલેખાયો છે.

'ધર્માત્માઓનાં ચરિતો' લખતાં, 'ગિજુભાઈની બાળવાર્તાઓ'નું, એ વાર્તાઓ કહેતાં કહેતાં, સંપાદન કરતાં ગિજુભાઈએ વાર્તાશાસ્ત્ર વિશે જે વિચાર્યું હશે તેનો પરિપાક 'વાર્તાનું શાસ્ત્ર'. બાલમંદિરની સ્થાપના પછી માત્ર ત્રણ વર્ષે એ લખવા માંડ્યું ઑક્ટોબર ૧૯૨૩માં ને માત્ર એક મહિનામાં એ પૂરું કર્યું. વિષય પરનું તેમનું પ્રભુત્વ, શિક્ષણક્ષેત્રે કશુંક પ્રદાન કરવાની તેમની લગની અને અવિરત શ્રમ કરવાની તેમની વૃત્તિની ઝાંખી આ રીતે તેમણે કરાવી. પ્રકાશન થયું ૧૯૨૫માં. બીજી આવૃત્તિ થઈ ૧૯૩૭માં ને ત્રીજી આવૃત્તિ ડિસેમ્બર ૧૯૮૫માં.'[૧]

જોવા જેવું એ છે કે ગુજરાતી ભાષામાં ટૂંકી વાર્તાઓ વિશે – વાંચવાની ટૂંકી વાર્તા વિશે શ્રી ફરામજી માસ્તર, ફિરોજશાહ મહેતા કે રણજીતરામ મહેતાએ થોડોક, અછડતો વિચાર માત્ર કરેલો, ટૂંકી વાર્તાની મીમાંસા કરતું, તેના કલા સ્વરૂપની ચર્ચા કરતું પુસ્તક તો ૪૦–૪૫ વર્ષો પછી મળવાનું હતું ને તે પણ આ પ્રકારનું સર્વાંગસંપૂર્ણ તો નહિ જ – લેખો પણ દશકા પછી મળવાના હતા ત્યારે ગિજુભાઈએ આ પુસ્તક આપ્યું, વિવેચનના પુસ્તકોની સંખ્યા પણ અત્યંત અલ્પ હતી, ત્યારે આપ્યું. આ પુસ્તકનાં પ્રકાશન પછી ૬૧ વર્ષે પણ આ વિષય પર બીજું પુસ્તક આપણને પ્રાપ્ત થયું નથી. કદાચ, ભારતીય ભાષામાં આવું પુસ્તક નહિ હોય.

આ પુસ્તકના બે ખંડનાં તેર પ્રકરણોમાં વાર્તા વિશેના અનેક મુદ્દાઓની છણાવટ થઈ છે.

કલા માત્ર આનંદ આપવા માટે છે. એટલે વાર્તા પણ આનંદ આપવા, ઘણા વિષયો શીખવવા, કલ્પનાશક્તિ ખીલવવા, વિદ્યાર્થીની ભાષા શુદ્ધિ સાધવા, પ્રજાની સંસ્કૃતિનો સુપરિચય કેળવવા, નિબંધ લખતા શીખવવા, અને સ્મરણશક્તિ ખીલવવાના ઉદ્દેશથી કહેવાની જોઈએ તેવું પ્રતિપાદન પ્રથમ પ્રકરણમાં થયું છે. કળાના તેમજ આનંદના સ્વરૂપની થોડી ચર્ચા પણ આ વિષે તેમણે કરી લીધી છે.

૧. આ લેખમાં પૃષ્ઠ નિર્દેશ ત્રીજી આવૃત્તિ પ્રમાણે થશે.

અનેક પ્રકારની વાર્તાઓમાંથી, બાળકોનાં વય અને રુચિને લક્ષમાં રાખીને કયા પ્રકારની વાર્તા તેમને કહેવી તેની વિચારણા બીજા પ્રકરણમાં થઈ છે.

નાનાં બાળકોને જોડકણાંવાળી વાર્તાઓ અને પરીકથાઓ વિશેષ ગમે. તેમની પાસે અનીતિભરી વાતો; લગ્નની ભાવનાને નહિ પોષનારી વાતો; બાળલગ્નને પુરસ્કારની વાતો, બહારવટિયા, ધનાઢ્યો અને બહારવટિયાનું મહત્ત્વ વધારનારી વાતો; બીભત્સ વાતો અને ભૂત, પ્રેત, ડાકણ વગેરેની ભય પ્રસરાવતી વાર્તાઓ ન જ કહેવાય તેનું પ્રતિપાદન અંગત અનુભવનું વર્ણન કરી ગિજુભાઈ કરે છે. સદ્‌ગુણનો, નીતિનો જય થાય તેવું વાર્તામાંથી ફલિત થવું જ જોઈએ. "વાર્તાઓ કલ્પિત ભલે હોય, પણ કલ્પનામાં પણ વિવેક, મર્યાદા, નીતિમયતા સારાસારપણું તો જોઈએ જ. દુષ્ટ માણસોનો વિજય થાય અને ભલા માણસોને દુઃખ વેઠવું પડે, આળસુને વિના શ્રમે વૈભવ મળે ને ઉદ્યમી જીવનભર દરિદ્ર રહે, પ્રામાણિક માણસ મૃત્યુ સુધી હેરાન હેરાન થઈ જાય અને અપ્રામાણિક માણસને કોઈ પણ જાતની શિક્ષા ન થાય, એવી વિચારસરણી જેમાં હોય તેવી વાતો આપણે બાળકોના સાહિત્યમાંથી કાઢી નાખવી જોઈએ."[૨] એનો અર્થ એવો નથી કે "દરેક વાર્તા નીતિની જોઈએ."[૩] ગિજુભાઈમાં રહેલો જાગૃત શિક્ષક નોંધે છે કે Nonsense tales ને, તદ્દન નાનાં બાળકોને કહેવાતી વાર્તાને આ વિધાન લાગુ ન પડે.

એટલું જ નહિ પણ, માત્ર નીતિનું ગાણું ગાનાર વાતો સામે, ચોખલિયાવેડા નિરૂપતી વાતો સામે, બાળકમાં દેવ જોનાર, તેમની સ્વતંત્રતા માટે જીવનભર મથનાર ગિજુભાઈ લાલ આંખ કાઢે છે. આ પ્રકારની વાર્તાઓનાં દૃષ્ટાંતો આપી અભિનિવેશપૂર્વક પોતાની અસંમતિ જાહેર કરે છે. તે છતાં ગ્રામ્ય વાર્તા કહેવા સામે તેમને કોઈ વાંધો નથી.

ત્રીજા પ્રકરણમાં બાળકના વયજૂથ પ્રમાણે વાર્તાઓની શ્રેણીઓ ગોઠવી આપે છે. ધ્વનિપ્રિય બાળકોને જોડકણાંની વાતો, જોડકણા પ્રધાન વાતો, પ્રાણીઓની અને આસપાસના બનાવોની વાર્તાઓ, તેમ ક્રિયાપ્રધાન વાર્તાઓ ગમે. જરા મોટી વયનાં બાળકોને કુદરતના બનાવો અને દૃશ્ય સંબંધી વાતો, પૌરાણિક વાતો, ભૂતપ્રેતની વાતો, લોકવાર્તાઓ, દંતકથાઓ

---

૨. પૃ. ૪૬. ૩. પૃ. ૪૭.

'તથા પરીઓની વાર્તાઓ ગમે. કિશોરવયમાં ઐતિહાસિક વાર્તાઓ, ઐતિહાસિક દંતકથાઓ, બહારવટિયાની વાતો અને મહાકાવ્યોમાંથી લીધેલ વાર્તાઓ ગમે. યુવાનોને પ્રેમકથાઓ તથા અદ્‌ભુત રસની વાર્તાઓ ગમે.

પ્રથમ બે શ્રેણીની વાર્તાઓનાં દૃષ્ટાંતો બાળવાતોમાંથી આપી વિષયને રસપ્રદ બનાવે છે. ભૂતપ્રેતની વાતો અંગે, અંગત દૃષ્ટાંત આપી, તે ભય ફેલાવે તેવો સંભવ નોંધે છે.

વાંચવાની વાર્તાને કહેવા યોગ્ય કેમ બનાવવી, ટૂંકી વાર્તાને લાંબી કેમ બનાવવી, લાંબી કથાને ટૂંકી કેમ બનાવવી, પરપ્રાંતીય કે પરદેશી ભાષામાં કહેવા માટે લખાયેલી વાર્તાને ગુજરાતી સ્વરૂપ કેવી રીતે આપવું તેનું સદૃષ્ટાંત[૪] અત્યંત રોચક, શૈક્ષણિક દૃષ્ટિએ અતિ મૂલ્યવાન નિરૂપણ ચોથા પ્રકરણમાં થયું છે.

ટુચકાઓ વાર્તા નથી, ઓઠાંઓ વાર્તા નથી તેવું મહત્ત્વનું પ્રતિપાદન કેટલીક અ–વાર્તાઓનાં દૃષ્ટાંતો દ્વારા કર્યું છે.

વાર્તાની પસંદગી, વાર્તાનો ક્રમ, તેને કથન યોગ્ય બનાવવાની કળા અંગે વાત કર્યા પછી વાર્તા કહેવાની પદ્ધતિનું નિરૂપણ કરતાં તે કેટલાક મહત્ત્વના મુદ્દાઓ પ્રસ્થાપિત કરે છે. વાર્તા કહેનારની ભાષા સાદી અને શિષ્ટ જોઈએ. વિષયાંતર ન થવું જોઈએ. વાર્તા કહેનાર વાર્તાના રસમાં તરબોળ થવો જોઈએ, એકરૂપ થવો જોઈએ. પણ નાટકિયા વેડાથી ચેન–ચાળાથી, મોટા મોટા ઘાંટા પાડવાથી હાસ્ય રસિક વાર્તામાં મોટે મોટે હસવાથી, વીર રસની વાર્તામાં આવેશમાં આવી જવાથી, કરુણ રસની વાર્તામાં ડુસકાં ભરવાથી તેણે દૂર રહેવું જોઈએ,[૫] તેને વાર્તાની પસંદગી કરતાં આવડવી જોઈએ, તેની વિવેકશક્તિ ખીલેલી હોવી જોઈએ.

વાર્તા કહેવા માટે વાર્તાનો સમય સામાન્ય રીતે, આપણા જીવન-વ્યવહારની દૃષ્ટિએ અનુકૂળ, પણ મુસાફરીમાં કોઈ સ્થળની મુલાકાતમાં, કોઈ વ્યક્તિ, પશુ, પક્ષી, જંતુ ને જોતાં; કોઈ પ્રસંગની વાર્તા નીકળતાં તેની વાર્તા થાય; પર્વોની ખાસ વાર્તાઓ જે તે પર્વે કહેવાય; ભાગવત-રામાયણના સપ્તાહો થાય. ચૈત્રમાં ઓખાહરણ વંચાય – ને આ કથાઓ દિવસે સંભળાય. શાળામાં વાર્તા દિવસના ભાગમાં ગમે ત્યારે કહેવાય,

---

૪. દૃષ્ટાંતો 'બાળવાર્તા'માંથી લીધાં છે.

૫. આપણા સૌનો અનુભવ હશે કે કેટલાક વાર્તા કહેનારાઓ આવું બધું કર્યા કરે છે ને અપરસમાં રાચે છે.

તેના કોઈ નિશ્ચિત તાસની જરૂર નહીં. નિશ્ચિત તાસની વ્યવસ્થા કૃત્રિમતા આણે. (આવી કૃત્રિમતા વાર્તા કહેવાની હોય ત્યાં આવી છે.)

સાતમા પ્રકરણમાં શાળાકક્ષાએ ભિન્ન ભિન્ન વિષયનાં શિક્ષણમાં, વાર્તાકથન પદ્ધતિનો સફળતાપૂર્વક વિનિયોગ કેમ થાય; કોઈ પણ સ્થળ, જંતુ, પક્ષી, ઇતિહાસ, ભૂગોળ એ બધાનું જ્ઞાન વાર્તા દ્વારા કેમ અપાય, કોઈ ગીતની, ચિત્રની, લેખકના પ્રથમ પુસ્તકની, નિર્જીવ પદાર્થની વાર્તા કેવી રોચક થાય તેની વાત કરતાં ગિજુભાઈનો શિક્ષક-આત્મા બરાબર કોળે છે : "વાતપ્રવાહ, ઉદક પ્રવાહ અને વરાળિયો કાંઈ જેવા તેવા બળવાન રાક્ષસો નથી કે જેની વાતો સાંભળતાં આપણા રૂંવાડાં ઊભા ન થાય. રેશમની ઉત્પત્તિની કે ઊધઈના પરાક્રમની, કીડીના કોઠારની કે એકાદ જનાવરની ફોસિલની વાત કાંઈ ઓછી ચમત્કૃતિભરી નથી....આ આખું જગત અને તેના ચમત્કારો એક મહાન અને અદ્‌ભુત મહાકથા કે મહાભારત છે."[૭] આગળ કહે છે : "પત્થરના પૃષ્ઠની ચોપડી એ એક વાર્તા બને ને કાગળના પાનાની ચોપડી એ વળી બીજી વાર્તા બને."[૮] "ગુલાબનો મુસાફરી'ની વાર્તા, દરિયાનાં બાળકોની વાતો, હવાના રાજાઓની વાતો, આપણા શરીરમાં રહેનારાંની વાતો, એવી એવી વાતોથી કુદરતને લગતા વિષયો આપણે બાળકો પાસે રજૂ કરી શકીએ"[૯] ગિજુભાઈનું શિક્ષક હૃદય, તેમની કલ્પનાશીલતા, દૂર દૂરના ભવિષ્યનો તાગ લેવાની તેમની સૂઝ અને વિરલ ભાષા પ્રભુત્વની અહીં ઝાંખી થાય છે.

'વાર્તા અને નાટ્યપ્રયોગ'માં શિક્ષણમાં નાટકનું મહત્ત્વ, જાત અનુભવના દૃષ્ટાંતો સાથે, વાર્તાને નાટ્યરૂપ આપવાની જરૂરત સાથે દર્શાવવામાં આવ્યું છે. બધાંને અભિનયશક્તિ વરી ન હોય, બધાંને નાટક જોવું ન પણ ગમે; નાટકમાં ઠઠારાની, વેશભૂષાની જરૂરત નહિ; શિક્ષકે શક્ય હોય તો બાળકોની સપાટીએ ઊતરી, એકરૂપ થઈ, મેનેજર વૃત્તિ-છોડી, ભારેખમતાનો અંચળો ઉતારી ભાગ લેવો જોઈએ

---

૬. દક્ષિણામૂર્તિમાં તેના પ્રયોગો થયા. 'દિવાસ્વપ્ન'માં આલેખાયા. ૭. પૃ. ૧૯૪

૮. પૃ. ૧૯૬. પૃ. ૨૦૦. આ પ્રકરણમાં નિર્દિષ્ટ ઘણા સંભવોને તેમણે 'બાળ-સાહિત્યમાળા' 'બાલસાહિત્ય ગુચ્છ' અને 'બાલસાહિત્ય વાટિકા'ની કેટલીક પુસ્તિકાઓમાં 'કપાટ' 'વાડીમાં', 'ઋતુના રંગ', 'ઋતુઓના રંગ', 'આકર્ષક વૃક્ષો', 'વનવૃક્ષો', 'ટેકરીની વનસ્પતિ' વ.માં વાસ્તવિક સ્વરૂપ આપ્યું છે

વગેરે બાબતોનો વિચાર થયો છે. સાંભળીએ ગિજુભાઈને–"શિક્ષક "અભિનય કરી શકતો ન હોય, તો તેણે તે કરવાની જરૂર નથી... શિક્ષકે એ ભ્રમણમાં પડવાનું નથી કે પોતે જો નાટકમાં સામેલ નહિ થાય તો બાળકોને રસ નહિ પડે. આ માન્યતા ભૂલભરેલી છે – એટલું જ નહિ પણ બાળકોને નુકસાનકારક છે. જ્યારે મોટાઓ નાનાં બાળકોમાં માછલાંના સમૂહોમાં મગર ફરે તેમ ફરે છે ત્યારે માછલાંની છૂટમાં અડચણ પડે છે."[૧૦]

'હિતોપદેશ', 'પંચતંત્ર', હિતોપદેશની વાતો'માં નીતિશિક્ષણની હિમાયત છે. પણ 'ગૂઢ બોધને સમજાવવા માટે વાર્તાનું પ્રયોજન નથી, વાર્તાનું પ્રયોજન વાર્તા કહેવામાં છે.'[૧૧] નીતિશિક્ષણ આપવાની વૃત્તિનો ગિજુભાઈ અભિનિવેશપૂર્વક વિરોધ કરે છે: "મા બાપ નીતિશિક્ષણની વાતો કરે છે, શિક્ષકો નીતિશિક્ષણ આપવા દોડે છે ને લેખકો નીતિશિક્ષણ આપવા પુસ્તકો લખી નાખે છે, તે બધા મોટે ભાગે પોતાની જાત સામે અને પોતાની જ અપૂર્ણતાઓ સામે બળવો ઉઠાવવા મહેનત કરે છે...નીતિશિક્ષણ વધતું જાય છે તેમ તેમ દંભ વધતો જાય છે ને દંભ એ નાગાઈ કરતાં વધારે ભયંકર છે. માંદલા દેશની વાર્તાઓમાં માંદા કેમ મટવું તેની અને તંદુરસ્તીના મહિમાની વાતો બહુ જોવામાં આવે છે. જે દેશને, પ્રજાને કે જે વ્યક્તિને જે રોગ થયો હોય તે દેશ, તે પ્રજા કે તે વ્યક્તિની વાર્તાઓમાં તેના રોગનું અસ્તિત્વ વ્યક્ત થાય જ છે. નીતિશિક્ષણ, નીતિશિક્ષણ, એવો પ્રચંડ ઘોષ કરનારી પ્રજાની નસોમાં કોઈ ભયંકરમાં ભયંકર અનીતિના તત્ત્વો પેસી ગયેલાં છે, ને એ જ એનું નિદાન છે."[૧૨]

અલબત્ત, એનો અર્થ એ નહિ કે અનીતિયુક્ત વાર્તા કહેવાની છે. ગ્રામ્ય વાર્તા કહેવામાં, વિનોદપૂર્ણ વાર્તા કહેવામાં કોઈ હરકત નથી. "વિનોદ એ ગંભીર સાગરમાં હસતી મીઠી વીરડી છે."

ચોથા અને સાતમા પ્રકરણની માફક આ નવમું પ્રકરણ પણ ખૂબ ખૂબ ધ્યાનપૂર્વક વાંચવું ગમે તેવું છે.

લોકવાર્તાના કથનથી કલ્પનાશક્તિ કેવી ખીલે છે તેની વાત કરતાં કરતાં ડૉ. મોન્ટીસોરીના વિચારનો વિરોધ કરી લે છે. તે કહે છે :

---

૧૦. પૃ. ૨૧૮ ૧૧. પૃ. ૨૨૧. ૧૨. પૃ. ૨૨૩.

"કલા ને કાવ્યમાં જે અદ્‌ભુત છે તે કલ્પનાની સૃષ્ટિ છે, ને છતાં એ કલ્પનાથી દુનિયામાં સત્યને હાનિ પહોંચતી નથી. વાર્તા સાંભળવાથી માણસ અસત્યાશ્રયી બની જાય તેવો ભય રાખવાનું કશું કારણ નથી"[૧૩] છતાં વહેમ ભરેલી લોકવાર્તાઓ સાંભળવાથી માણસ વહેમી બનવાનો સંભવ તે સ્વીકારે છે.[૧૪]

'લોકવાર્તાનું સાહિત્ય' અંગેના ૧૧મા પ્રકરણમાં લોકસાહિત્યનાં અંગો અને લોકવાર્તાના પ્રકારો વિશે વિચારવામાં આવ્યું છે. લોકસાહિત્ય અંગે તેમણે કરેલ મનનનો પરિચય થાય છે.[૧૫]

કહેવાતી અને લખાતી વાર્તામાં પડતો જતો ફેર, શાળામાં ખાસ વાર્તા-શિક્ષકની આવશ્યકતા, વાર્તાના-લોકસાહિત્યના જલસા, ઐતિહાસિક વાર્તાનું કથન - પરની અછડતી નોંધ બારમાં પ્રકરણમાં છે.[૧૬]

છેલ્લા પ્રકરણમાં વાર્તાના ભંડારો વિશે વાત કરી યાદી આપવામાં આવી છે.

પ્રકરણ આઠ, બાર અને તેરને બાદ કરતાં—આઠમું પ્રકરણ થોડું ઊભડક રહી જાય છે. બાર-તેરને પરિશિષ્ટરૂપે મૂકી શકાય હોત – નિરૂપણ પ્રાયઃ વિષયને વળગી રહેનારું અને તત્ત્વાભિનિવેશી છે. પોતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટપણે વ્યક્ત કરતાં તે કયાંય અચકાતા નથી. પ્રત્યેક બાળકે નાટકમાં ભાગ લેવો જોઈએ એવો આગ્રહ સેવનાર કિન્ડરગાર્ટન શાળાઓનો, કલ્પનાપ્રધાન વાર્તા અંગેના વિપરીત મંતવ્ય માટે પોતાના ગુરુ સમાન મેડમ મોન્ટીસોરીનો કે નીતિનાં બેરખાંઓનો વિરોધ કરતાં તે અચકાતા નથી.

કાકા સાહેબે નોંધ્યું છે તેમ આગળના થોડાં પ્રકરણો બાદ કરતાં, કયાંક અંગ્રેજીનું ભાષાંતર લાગે તેવી વાક્યરચના બાદ કરતાં કે વાયુના

---

૧૩. પૃ. ૨૪૩. ૧૪. પૃ. ૨૪૭.

૧૫. શ્રી પુષ્કર ચંદરવાકરના પુસ્તક 'લોકવાર્તા' સાથે તુલના કરવા જેવી : લોકસાહિત્ય ઉપાસક મેઘાણીભાઈને રણજીતરામ સુવર્ણચંદ્રક મળ્યો ૧૯૨૭માં, ગિજુભાઈને ૧૯૨૮માં. આ માત્ર યોગાનુયોગ નથી.

૧૬. શાળામાં ખાસ વાર્તા-શિક્ષકની વ્યવસ્થા થઈ નથી, વાર્તા કહેવાના સપ્તાહ યોજાય છે. લોકડાયરાઓ ખૂબ ખૂબ યોજાય છે ને લોકસાહિત્યની વિડંબના થાય છે. અર્થપ્રાપ્તિ માટે તેનો ઉપયોગ થાય છે.

વેગ માટે 'વાતપ્રવાહ' જળના પ્રવાહ માટે 'ઉદક પ્રવાહ', પથ્થરના પડ માટે 'પથ્થરના પૃષ્ઠ' જેવા અતિ સંસ્કૃત પ્રયોગો બાદ કરતાં, ભાષા એમને વશ છે; અર્થ વાણીને અનુસરે છે તેની પ્રતીતિ જે વાક્યો આ લેખમાં ટાંકવામાં આવ્યાં છે તે વાંચતા પણ થશે. વક્તવ્યને સચોટ બનાવવા તે કયારેક અલંકારનો, કયારેક સ્વાનુભવનો – આ નિરુપણ વાચકને વિશ્વાસમાં લેવામાં કામિયાબ નીવડે છે. – કયારેક વિનોદનો તો કયારેક, અલબત્ત, બહુ ઓછા પ્રમાણમાં તાર્કિકતાનો પણ આશ્રય તે લે છે. ભાષાનો મુખ્ય ગુણ હૃદય –ઉદ્રેકનો છે.

વાર્તામાં અવાન્તરતા ન પ્રવેશવી જોઈએ તેવા આગ્રહ સેવનાર ગિજુભાઈનાં આ પુસ્તકમાં કળા, સૌંદર્ય, કલ્પનાશક્તિ, નાટકમાં થતું અનુકરણ વગેરેની ચર્ચામાં, આ ચર્યા સ્વતંત્ર રીતે ગમે તેવી હોવા છતાં, લેખકના વાંચન-વિચાર-ચિંતનની પરિચાયક હોવા છતાં, અવાન્તરતા નજરે પડે છે. સ્વાનુભાવના નિરુપણ દ્વારા નિકટતા અનુભવાય છે, લેખક વાચક સાથે વાત કરતા હોય તેવું લાગે છે; પણ વાર્તા અને નાટચપ્રયોગવાળા પ્રકરણમાં તેમના અનુભવની વાત કેમ જાણે અપ્રસ્તુત લાગે છે.

વાર્તા શિષ્ટ, સંસ્કારી ભાષામાં કહેવાવી જોઈએ એવું ગિજુભાઈનું વિધાન ચિંત્ય કોટિનું છે. તેમની બાલવાર્તાઓમાં, બાલસાહિત્યમાળાની પુસ્તિકાઓમાં યોજાયેલ ભાષા સોરઠી રંગે રંગાયેલી છે. બાલસાહિત્યમાળાની આરંભની દસેક પુસ્તિકાઓ વિશે લખતાં શ્રી રસિકલાલ પરીખે આ મુદ્દો ઉપસ્થિત પણ કર્યો છે.[૧૭] ચરોતર, મધ્ય-ગુજરાત, દક્ષિણ ગુજરાત કે આદિવાસી વિસ્તારના બાળકો આ ભાષા ન સમજે. કદાચ, શિષ્ટ ભાષા પણ ન સમજી શકે. વાર્તા જે વિભાગમાં કહેવાની હોય તે વિભાગમાં બોલાતી ભાષામાં કહેવાય તો જ અસરકારક થાય ને?

સમગ્ર પુસ્તક બાળકોને કેન્દ્રમાં રાખી લખાયું છે. યુવાનો, પ્રૌઢો, વૃદ્ધોને સાંભળવાની વાર્તા વિશે તેથી જ કશું કહેવાયું નથી. ગિજુભાઈનો કોઈ આધ્યાત્મિક વારસ આ કાર્ય પૂર્ણ કરે તેવી અપેક્ષા.

ઉપર દર્શાવી તેવી થોડીક, ન જેવી, મર્યાદાઓ હોવા છતાં હજી

૧૭. પ્રસ્થાન. પોષ ૧૯૮૫ પૃ. ૧૯૮–૨૦૨

સુધી તો આ વિષયનું આ અદ્વિતીય પુસ્તક છે. પ્રત્યેક સંસ્કારી વ્યક્તિએ — લેખક, વાર્તા કહેનાર, શિક્ષક, વકીલ, ડોકટર, સંગીતકાર, સમાજ સેવક, — આ પુસ્તક વાંચવું જ જોઈએ, પ્રત્યેક માબાપે આ પુસ્તક વાંચવું જ જોઈએ. લેખક આ બધાં માટે શ્રદ્ધાપૂર્વક પ્રસ્તાવનામાં કહે છે : "આ પુસ્તક એક છેડાથી બીજા છેડા સુધી ધ્યાનપૂર્વક વાંચી જશે તો તેમણે લીધેલો શ્રમ નિષ્ફળ નહિ જાય." આ શ્રદ્ધા તેમના આત્મવિશ્વાસની દ્યોતક છે તેવી પ્રતીતિ વાચકને અવશ્ય થશે.

આ પુસ્તક જેટલું માહિતીપ્રદ છે તેટલું જ રસિક છે. તે જ લેખકની સિદ્ધિ.[૧૮]

---

૧૮. પ્રથમ બે આવૃત્તિઓમાં આપવામાં આવેલ 'શબ્દસૂચિ' અને 'વિશેષ નામોની સૂચિ' ત્રીજી આવૃત્તિમાં આપવામાં નથી આવી તેટલા પૂરતી ઉપયોગિતા ઘટી છે.

૩૭. આબાપ થવું આકરું છે!

-યશવંત ત્રિવેદી (આઈધાર)

ગિજુભાઈએ કશું કર્યું ન હોત અને માત્ર બાલમંદિરની સ્થાપના કરીને મોન્ટીસોરી પદ્ધતિના બાલશિક્ષણને ભારતીય સંસ્કૃતિના રસે રસી એને એક નવો લોકગમ્ય અવતાર આપ્યો હોત તો પણ ચિરંતન કાળ સુધી ગુજરાત એમનું ઋણી રહ્યું હોત. પણ ગિજુભાઈ માત્ર શિક્ષક ન હતા; કેળવણીકાર હતા. એમણે તખ્તેશ્વરની ટેકરી પર બાલમંદિર અને નૂતન બાલશિક્ષણ સંઘ અને પછી બાલઅધ્યાપન મંદિર સ્થાપીને અનેક નાના મોટા શિક્ષકો તૈયાર કર્યા, તથા સમગ્ર ગુજરાત અને જ્યાં જ્યાં ગુજરાતીઓ વસ્યા ત્યાં ત્યાં બાલમંદિરો ઊભાં કરાવ્યાં. એ સૌ શિક્ષકોને બાલ દેવો ભવ ના એક ધ્યેયમંત્રથી દીક્ષિત કરીને સતત માર્ગદર્શન અને જોઈતી પાઠ્ય સામગ્રી મળી રહે તે માટે એમણે બાલસાહિત્યનો ધોધ વહાવ્યો. દક્ષિણામૂર્તિની પ્રકાશન પ્રત્રિકા "દક્ષિણામૂર્તિ" તો ચાલતી જ હતી, પણ એમણે 'શિક્ષણ પત્રિકા'નું પ્રકાશન શરૂ કર્યું અને દર મહિને એનાં પાનાંઓ દ્વારા બાલશિક્ષકો અને બાળકોની જવાબદારી સમજનાર સંવેદનશીલ માતાપિતાઓને સતત મંથનમાં અને ચિંતન-મનનમાં ઉપયોગી સાહિત્ય મળતું રહે એવી વ્યવસ્થા કરી.

ગિજુભાઈ ૧૯૧૬માં દ. મૂ. માં જોડાયા. ૧૯૨૦માં બાલમંદિર શરૂ કર્યું અને ૧૯૩૭માં તો એમણે દ. મૂ. છોડી. પંદર-સત્તર વર્ષના ટૂંકા ગાળામાં એમણે શિક્ષકો અને માબાપો માટે ગુજરાતી બાલસાહિત્યનાં શૂન્યમાંથી અનોખું સાહિત્ય નિર્માણ કર્યું, જેનો જોટો હજીયે ગુજરાતમાં કે ભારતના અન્ય ભાષાપ્રદેશમાં મળવો દુર્લભ છે. ગિજુભાઈને કાકાસાહેબે બાલસાહિત્યના બ્રહ્મા કહ્યા છે. તેમણે એમનું જીવન વકીલ તરીકે શરૂ કરેલું. પણ જીવનપર્યંત તેઓ બાળકોનાં અને બાલજીવનની ઉદ્દાત્ત આકાંક્ષાઓના પ્રચારક અને વકીલ રહ્યા. બાળકોની સમસ્યાઓ અને એમની આશા-આકાંક્ષાઓ, એમના મંથનો અને મૂંઝવણો, એમની

લાચારી અને નિરીહતા. એમણે એવા શબ્દોમાં માબાપો અને સમાજ-ધૂરિણો સામે મૂક્યાં કે પ્રત્યેક સંવેદનશીલ વ્યક્તિ ક્ષુબ્ધ થઈ જાય. જે બાળકો કાં તો શોભાનાં ઢીંગલાં કે વૉર્ડરોની ફોજ વચ્ચે જીવતા જેલના કેદીઓ જેવાં ઘરમાં ઊછરતાં હતાં એ આપણા જેવાં જ વ્યક્તિત્વપૂર્ણ, લાગણીસભર સ્વતંત્ર આત્મા છે એ તરફ એમણે આપણું ધ્યાન દોર્યું.

'બાળકો એ સ્ત્રીપુરુષની જીવશાસ્ત્રીય આવશ્યકતાની ઉપપેદાશ માત્ર નથી, પણ રવીન્દ્રનાથ કહે છે તેમ, એક બાળકનો જન્મ એ પરમેશ્વરનો નવો અવતાર છે અને આ સૃષ્ટિ વિષે નવું કરવાની એની આકાંક્ષાનું એ પ્રતીક છે. પોતાના સાહિત્ય દ્વારા તેમણે એ વિચાર મૂર્તિમંત કર્યો અને બાળકોની દુનિયામાં આપણો નવો પ્રવેશ થયો. "માબાપ થવું આકરું છે" એ એમનું નાનકડું પુસ્તક છે. એમાં એમણે સમજાવ્યું કે બાળકો આપણાં રમકડાં નથી. એ ભલે નાનકડાં દેખાય, પોતાનાં મનને પણ એ કયારેક સમજી શકતાં ન હોય પણ આપણે એમના ચિત્તપ્રદેશમાં પ્રવેશી એમની ભાવનાઓને સમજી, એમનાં મનોઉડ્યનોમાં રસ લઈ એમને સહાનુભૂતિ આપી, સહાય કરી, એમના ઊછળતા બાલજીવનમાં આનંદ અને રસ પૂરવાનો છે.

૧૩૯ પાનાંનાં એ પુસ્તકમાં ગિજુભાઈ અનેક રૂપે પ્રગટ થાય છે. એમનું પહેલું રૂપ છે બાળકોના વકીલનું. માબાપો પોતાના અણઘડપણા અને અણસમજને કારણે બાળકોને જે તકલીફમાં મૂકે છે એના કેટલાક વાસ્તવિક પ્રસંગો એમણે પોતાની કલ્પના ઉમેરીને સચોટ રીતે રજૂ કર્યા છે. બાળક પોતાની મનગમતી પ્રવૃત્તિમાં મગ્ન થઈ ગયું હોય એ વખતે વડીલોની કંઈક આજ્ઞા આવી પડે, અને એનો ઇરાદો ન હોવા છતાં, પોતાના કામના આનંદમાં આજ્ઞાનો અમલ ન કરે તો આપણે એને નીંભર કહીએ છીએ. આપણી પાસે આજ્ઞા પળાવવા એક જ સાધન રહે છે અને તે ભય અને ધમકી. (એતો રોયો નીંભરો છે. પૃ. ૨૪)

બાળક જે કરવા ધારતું ન હોય તે આપણે તેને સૂચન (Suggestion) દ્વારા કરવા પ્રેરીએ છીએ. અને પછી એ જે કરે છે એની જવાબદારી એના પર નાખીએ છીએ! (હમણાં ગોળો ફોડશે.! પૃ.૨૯) માત્ર બાળકોની ભૂલો જ જોવાનું આપણને સૂઝે છે, પણ કયારેક એ સારું કામ કરે ત્યારે કદર કરવાનું આપણને સૂઝતું નથી.(આનું તે કરવું

શું ? પૃ. ૨૭). જે કામ બાળક સ્વાભાવિક રીતે કરી શકે, જે કામ કરવાની એની ઇચ્છા કે શક્તિ હોય, તે કામ કરતાં એને રોકીને આપણે એનામાં આજ્ઞાંકિતતા અને આત્મવિશ્વાસનો અભાવ પેદા કરીએ છીએ. મોટી ઉંમરે એવાં કામો માટે જ્યારે એની રુચિ અને શક્તિ રહી ન હોય ત્યારે આપણે એને ગાળ દઈએ છીએ કે તું આવડત અને શક્તિ વિનાનો છે! (માનતો નથી તે મરી જઈશ! (પૃ. ૩૧)

કોઈ જોખમકારક કામ બાળક કરે ત્યારે જોખમ સૂચવતી આપણી ભાષા અતિશયોક્તિપૂર્ણ હોવાથી એ બાળકને ગળે ઊતરતી નથી. આપણી ઇચ્છા વિરુદ્ધ એ કામ કરી દેખાડે છે, અને આપણે જૂઠું જૂઠું એને રોકતા હતા એમ એ સમજે છે. પછી એ આજ્ઞાંકિત રહેતો નથી. (વાણીમાં અતિશયોક્તિ પૃ. ૯૭) ઘરમાં લાડને કારણે જે ઘણાં કામો બાળક કરી શકે તે આપણે કરી દઈ આપણે એને પરાશ્રિત કરીએ છીએ. પછી બહાર જઈએ ત્યારે સમાજમાં આપણી મજાક થાય ત્યારે બાળકનો જ દોષ આપણે કાઢીએ. (શામજીભાઈને ઘેર પૃ. ૭૬)

બાળકો વિષેના આપણા ખોટા ખ્યાલોમાં બાળકને વ્યવસ્થા, શિસ્ત, કામ ગમતાં નથી એમ આપણે માનીએ છીએ. પણ એવું નથી. આપણે એમને એ શીખવાનો અવકાશ આપતા નથી. શીખતી વખતે થોડું મોળું-મીઠું થાય એ ચલાવી લઈ બાળકને પ્રોત્સાહન આપતા નથી. પણ એને દોષ આપી વઢીએ છીએ અને દુઃખી થઈએ છીએ. (બાળકોને શું ગમે છે ? પૃ. ૧૦૯)

આ વિભાગની વિશેષતા એ છે કે માબાપો પોતાની દોષો કે મર્યાદાઓ જોવાને બદલે એ દોષ બાળકને શિરે નાખી એને વઢે છે, તિરસ્કારે છે કે માર પણ મારે છે.

આ પાનાંઓમાં ગિજુભાઈનું બીજું સ્વરૂપ ઊભરાય છે તે સમાજ મનીષીનું. એમનાં મનમાં નૂતન સમાજનો એક આદર્શ છે. જેમાં બાળકોને મોટા માણસો જેમ સ્વતંત્રતા અને સમાનતા તથા ગૌરવનું સ્થાન હોય. બાળકો પૂર્ણ માનવ છે પણ પૂર્ણતા એમનામાં બીજ રૂપે રહેલી છે, જેમ ટેટામાં એક વિશાળ વટની બધી સંભાવનાઓ રહેલી છે તેમ. એટલે બાળક આપણા જેવું છે અને છતાં એના વિકાસ માટે આપણા તરફથી એક વિશેષ કાળજી અને વૈજ્ઞાનિક સહાનુભૂતિની જરૂર છે.

માબાપો ઘરમાં લડતાં હોય, કે પોતાના મતભેદોને બાળકો આગળ જ વરવા રૂપે વ્યક્ત કરતાં હોય; બીજા લોકો વિષે એમની હાજરીમાં એક અને ગેરહાજરીમાં બીજું એવું કંઈ બોલતા હોય, જૂઠું બહાનું બતાવીને એના મિત્રોથી જુદો પાડી છાનું છાનું એને બગડાવી લેતાં હોય; આ બધાંની બાળક પર એ અસર પડે છે કે આદર્શોની વાતો તો મોંએથી બોલવા માટે જ છે, બાકી માણસ સ્વાર્થી છે અને આપણે પણ એવા સ્વાર્થી–પેટુ થવાનું છે. ઘરમાં બાળકને અપાતું આવું ખોટું શિક્ષણ બૂમરેંગ થઈને માબાપને જ વાગે છે ત્યારે એમને બાળકને અપાયેલી ખોટી કેળવણી વિષે ખ્યાલ આવે છે. આ વિષે ગિજુભાઈ જુદાજુદા પ્રસંગોનું આલેખન કરી માબાપોને વિનવે છે, વિચારવા આગ્રહ કરે છે. (પણ એ મારું કચાં માને છે ! પૃ. ૨૨; કાળ ઘરમાં બોલાવે છે પૃ. ૭૪; આપણી વાતો પૃ. ૮૮; છોકરાઓને કાન છે ! પૃ. ૯૧)

આ સંક્ષિપ્ત પ્રસંગાલેખનમાં પ્રસંગો તો એક નાની ખીંટી જેવા છે. એના ઉપર વિચાર–ચિંતનને એમણે ટાંગ્યું છે. પણ એમાં ગિજુભાઈની બાળક વિષેની અને નૂતન જીવનઘડતર માટેની ચિંતા, એને યોગ્ય દિશામાં દોરવા માટેનું માર્ગદર્શન, અને બાળકોને વર્તન માટેનો યોગ્ય નમૂનો મળી રહે એ માટે માબાપોને આગ્રહ શબ્દબદ્ધ થયાં છે.

ગિજુભાઈનું બીજું રૂપ મનોવૈજ્ઞાનિક ચિકિત્સકનું છે. આ વિભાગમાં એમણે કેટલીક બાલસમસ્યાઓની મનોવૈજ્ઞાનિક ચિકિત્સા કરી એના ઉપચારાત્મક ઉપાયો સૂચવાય છે. ગિજુભાઈનું ચિંતક અને કેળવણીકારનું રૂપ આ વિભાગમાં બહુ સચોટ રૂપે પ્રગટે છે. એમાં "ટોકણી" (પૃ. ૪૫) "વહેમનું શિક્ષણ" (પૃ. ૫૮), "બીક" (પૃ.૬૨), "બચી" (ચુંબન) (પૃ. ૧૨૦) પરના એમના લેખો એમના ઉચ્ચ કોટિના ચિંતન અને મનોવૈજ્ઞાનિક ઊંડાણથી સભર છે.

ગિજુભાઈ 'ટોકણી'ને કોનિક પેશન્ટના દવા છતાં વધતા જતા રોગ સાથે સરખાવે છે. શરીરમાં રોગ ઘર કરી જાય ત્યારે દવા નિરર્થક કે રોગવર્ધક બની જાય છે. બાળકની કામ કરવાની સ્વાભાવિક વૃત્તિને વારંવાર રોકયા પછી એને એ જ કામ કરવાનું આપણે વારંવાર કહેવું પડે છે તે ટોકણી છે. એક વાર બાળકનો એ સ્વાભાવિક

જુસ્સો મર્યા પછી એને વારંવાર ઠપકો, માર કે દંડના ડોઝ આપવા પડે છે. ટોકણીના રોગ પર આ બધા બાહ્ય ઉત્તેજકોની કશી અસર થતી નથી. આથી બાબાપનો કલેશ વધે છે. આનો ઉપાય ગિજુભાઈ સૂચવે છે કે, "બાળકો જ્યારે સ્વાભાવિક રીતે આપણું કહ્યું કરવા અને સાંભળવા તૈયાર હોય ત્યારે તેમ કરવાની તેમની મરજી અને શક્તિ વધારીએ, જ્યારે તેમ કરવાની મરજી ન થાય ત્યારે તેમને છોડી જ દઈએ." (પૃ. ૪૭)

'વહેમનું શિક્ષણ' લેખમાં ગિજુભાઈ કહે છે તેમ, "વહેમી માણસ એટલે બીકણ માણસ; પ્રમાણ માગ્યા વિના ગમે તેવા ન સ્વીકારે એવો માણસ; નિર્મળ તર્કબુદ્ધિનો અસ્વીકાર કરનાર અશાસ્ત્રીય મનનો માણસ; અંધશ્રદ્ધાળુ મનનો માણસ." પૃ. ૫૯–૬૦. બાળકને વહેમનું શિક્ષણ વડીલો જ આપે છે. આપણે શીખવીએ છીએ એ કરતાં આપણે જે રીતે જીવીએ છીએ તેમાંથી તેઓ વધુ શીખે છે. આપણે આપણા જીવનમાંથી એ દૂર કરીએ એટલે આપણાં બાળકો વહેમમુક્ત થશે.

'બાળકો બીકણ કેમ થાય છે?' (પૃ. ૬૨) એ લેખમાં બીકની મીમાંસા છે. બાળક જગતથી અજાણ છે એટલે બીક સ્વાભાવિક છે. એ એની સલામતીની મનોવૃત્તિનો એક ભાગ છે. "જ્યાં ખરેખર બીકનું યોગ્ય કારણ ન હોય ત્યાં બી જઈને આપણે બાળકોમાં બીકનું આરોપણ કરીએ છીએ. જેની બીક રાખવી જોઈએ એવા સાપ કે વન્ય પ્રાણીઓની સામે પણ નીડરપણે થઈ શકાય છે. એમનાથી બીવા જેવું કશું નથી, માત્ર સાવચેતી રાખી રક્ષણની સંભાળ લઈ આપણે નિર્ભય વર્તન બતાવીએ તો બાળક ખરેખરા ભય વખતે પણ નિર્ભય રહી ઉપાય કરશે." (પૃ. ૬૬.)

બાળકોને બચી (ચુંબન) પૃ. ૧૨૦ લેવા વિષેનો એમનો લેખ મનોવૈજ્ઞાનિક સમજણ અને ઊંડાણ દર્શાવે છે. રૂપાળું બાળક જોઈને વહાલ કરવાનું મન કોને ન થાય? વહાલનો અતિરેક તે બચી છે. ગિજુભાઈ કહે છે કે તેમાં "આપણી પ્રીતિ કંઈ તે બાળકો પર નથી, એમના રૂપ પર છે."

પણ બચીની ઉપયોગિતા પણ છે. "બાબાપનો પ્રીતિનો ઉભળકો બચીથી શમે છે. બચી એ કુદરતી બક્ષિસ છે, ઊછળતા હૈયાનો આવિર્ભાવ

છે, પ્રેમથી હલમલી રહેલા જ્ઞાનતંતુઓનો વિરામ છે. પ્રેમના અંતરની શાંતિ છે, પ્રેમપાત્ર પર અંતરનો અભિષેક છે. ટૂંકમાં બચી એ અંતરને અંતરથી ઝીલવાનો પ્રકાર છે...મા પોતાના બાળકને હસતું રમતું જોઈ હર્ષઘેલી થતાં પોતાનો ઉમળકો બાળક પર બચી દ્વારા ઠાલવે છે, અને ન કહી શકાય તેવી અંતર-પ્રેમની ઊંડી કથા અને લાગણી બાળકને કહે છે. અને બાળક પણ જાણે કે સમજી જઈ તેને જાણે કે શેર લોહી ચડયું હોય એમ તે બચીનો આનંદ લઈ પાછું વધારે રમવા લાગે છે." (પૃ. ૧૨૨)

પણ, ગિજુભાઈ કહે છે, "કોઈના બાળકને બચી લેવાનો અધિકાર બીજાને નથી જ." તેમ, "માબાપ પણ બચીને જ્યારે ફેશન કરે છે, લાલચ કે લાંચ બનાવે છે, કે ખોટાં લાડનું રૂપ આપે છે, ત્યારે પણ તે ત્યાંજ છે. માબાપને રોગ હોય ત્યારે પણ તે ભયંકર ગુનો બને છે. પણ કચારેક બાળક પણ પ્રેમઘેલું બની બચી લેવરાવવા આવે છે. આપણે બચીની સખત વિરુદ્ધ થઈ બાળકની સાહજિક આપણા પર પ્રેમ ઠાલવવાની રીતે પ્રતિકાર કરીએ તો બાળકને ધક્કો લાગે છે, તે હિજરાય છે. હેતનો પ્રવાહ અટકાવવાથી માણસમાં મંદતા, ખિન્નતા, નિરાશા અને કોઈ વાર ખીજ અને તિરસ્કાર કે ધિક્કારની લાગણી જન્મે છે. બાળકને પણ માબાપને હેત કરવાનો કુદરતી હક છે. જે કુદરતે માબાપ અને બાળકનો સંબંધ જોડયો છે, જે સ્ત્રી પુરુષના પ્રેમાકર્ષણથી બાળકનું આગમન છે, તે કુદરતી આકર્ષણનો વિરોધ ન કરવો જોઈએ." (પૃ. ૧૨૪)

"પણ બાળકને હંમેશાં બચી લેવરાવવી કે લેવી ગમતી નથી. બાળકને કોઈ કોઈ વાર બચી લઈએ ત્યારે તે અત્યંત ત્રાસ પામે છે .. માટે પરસ્પર પ્રેમાકર્ષણને લીધે જ્યારે બચી લેવા પરસ્પર દોડે ત્યારે જ (બચી માટે) ખરો અવકાશ છે; ત્યારે જ માબાપને અને બાળકોને પોતાને આનંદ અનુભવ થાય છે," (પૃ. ૧૨૪)

"ભૂખલપણું" (પૃ. ૧૯), બાળકો અને મહેમાનો (પૃ. ૧૨૫) વગેરે બીજા ઘણા લેખોમાં એમનું મૌલિક ચિંતન વ્યક્ત થાય છે. પણ વિસ્તારભયે એમને છોડવા પડશે.

નાના બાળકોની એમની તરફદારી વકીલાત વિવેક ચૂકતી નથી. 'અપાવી દે' (પૃ. ૪૮) લેખમાં વધુ પડતું લાડકું બાળક માબાપો અને મોટેરાઓની હૂંફે ઘરમાં બીજાં બાળકોને ત્રાસ આપે છે એનો એમણે સખત વિરોધ કર્યો છે.

બધા પ્રસંગોના આલેખનમાં ગિજુભાઈ મોટે ભાગે એ 'વિષયના' આપણા ગૃહજીવનના વાસ્તવિક પ્રસંગો પ્રસ્તુત કરે છે. પછી એ વિષે એમનું ચિંતન ચાલે છે. એ ચિંતનમાં શાસ્ત્રીયતા તરફ ઝોક નથી. સામાન્ય માબાપો એમના પણ અનુભવમાં આવેલી વાતો વિષે વિચાર કરતાં થાય એ પ્રસંગ વિશ્લેષણ પાછળની એમની દૃષ્ટિ છે. એમાંથી તેઓ તારણ કાઢીને સમસ્યાનો ઉકેલ શો હોઈ શકે તે તરફ અંગૂલિનિર્દેશ કરે છે. પણ એ ચિંતન બોઝિલ બનતું નથી. વારંવાર એમાં કેટલીક એવી કંડિકાઓ મળે જે કવિતાની રમણીયતાનું દર્શન કરાવે એવી લલિત હોય. (બધીની ઉપયોગિતા વર્ણવતો ઉપર લેખિતફકરો એનું નિદર્શન છે.) પુસ્તકનું કોઈ પણ પાનું ખોલીએ તો એમાં થોડાં વાક્યો તો એવાં મળવાનાં જે કોઈક સાદા અલંકાર કે ભાવપૂર્ણતાને કારણે હૃદયહારી બની જાય. એ ઉપરાંત એમની શૈલીમાં પ્રસાદ ગુણ તો સાર્વત્રિક છે જ.

પણ કયાંક પ્રસંગાલેખન ટૂંકી વાર્તાની કલાત્મકતાને આંબી જતું હોય એટલું વૈચિત્ર્ય ધારણ કરતું હોય છે. "બાપાને કયારે મળશું ?" (પૃ.૬) લેખ એવો છે. સારો, બાળકોની જવાબદારી સમજનાર અને પ્રેમાળ, પણ પોતાના ધંધા અને રસના વિષયોમાં ખૂંપેલો પિતા બાળકોને અન્યાયો લાગે છે. બાળક સાથે વાત કરતાં જ બાપને પોતાની બેહૂદગી સમજાઈ ગઈ. "પોતે જે બાળકોને માટે આખો દિવસ કમાયા કરે છે, તેમને પૂરું મળાતું પણ નથી !.....મારાં પ્રિય ફરજંદોની સાથે રમવા ખેલવા અને તેમની સાથે આનંદ અનુભવવાનો લહાવો હું હાથે કરીને જ છોડી દઉં છું !" (પૃ. ૧૦)

લેખકે વાર્તાની પરાકાષ્ઠા બરાબર સાધી છે—"લક્ષ્મીદાસે કહ્યું, 'ત્યારે હું રોજ સાંજે આવું અને રોજ આપણે ગમત કરીએ તો ?'"

"રસિક (બાળક) ના ગાલ લાલ થઈ ગયા. તેણે ગળે બાઝી પડી કહ્યું, 'તો હું તમને રોજ રોજ એક ટીકડી આપીશ.!'

"સૌ હસી પડ્યાં. (પૃ. ૧૦)"

'અડધો દિવસ બગડ્યો' (પૃ. ૩)માં પણ એક અણઘડ માના ઉત્સવના દિવસને કેવો ગમગીન અને બેસ્વાદ બનાવી દે છે એની નાનકડી કથા છે. "મારી સાથે કેમ નહીં ?" (પૃ. ૧) લેખ પણ બાળકો પોતાની સાથે ગેલ કરે એવી ઇચ્છાવાળા પિતાની મૂંઝવણમાં માર્ગદર્શન છે.

ગિજુભાઈનું પ્રસંગલેખન મુખ્યત્વે સંવાદરૂપ છે. એમાં એમની તળપદી, જોમવંતી, મુહાવરેદાર કાઠિયાવાડી ભાષા બળ પૂરે છે, અને કથાને વાસ્તવિક ધરતીની કથા બનાવે છે. એમના લેખોના શીર્ષકો પણ કેવા સચોટ છે !

"એ તો રોયો નીંભરો છે !"

"આનું તે કરવું શું ?"

"માનતો નથી તે મરી જઈશ !"

"હમણાં ગોળો ફોડશે !"

"કાકી ઘરમાં બોલાવે છે !"

"છોકરાંને કાન છે !"

"વહેમોનું શિક્ષણ."

એમના કેટલાક શબ્દો આપણને અજાણ્યા લાગવાનો સંભવ છે. પણ વાંચનારને એના સંદર્ભમાં એની સ્વભાવિકતા અને સાર્થકતા વસી રહેવાની.

રેવામહેન **બોંસાયાં** (પૃ. ૧૨)

કયારેની કહું છું તે **સારતો** નથી ? (પૃ. ૧૨)

ભૂંડું **નવરોણું** મેં ! (પૃ. ૧૪)

હવે તો હું **હરવાળી** છું અને ચંદને તો માથું ફેરવી દીધું છે ! (પૃ. ૨૦)

પણ છોકરો ઊંધી ખોપરીનો. (રોજ નિતનવા **હાલાહલવે** (પૃ. ૩૦)

હું તો ઓકાને **નહા** થઈ ગઈ. (પૃ. ૫૯)

છોકરું કહેવું માનતું નથી અને બાંગરું થઈ ગયું છે. (પૃ. ૩૩)

ગિજુભાઈએ માબાપો તરીકે આપણને મિત્રભાવે ઉપદેશ દીધો છે. ક્યાંક ઠપકો આપ્યો છે, ક્યાંક આપણી દયા ખાધી છે, ક્યાંક એમના ચિંતનમાંથી નવી જ દિશા અભિવ્યંજિત કરી છે, તો ક્યાંક બાળકોને જોવાની આપણી દૃષ્ટિ ફેરવવા અનુરોધ કર્યો છે. પણ બધે ઠેકાણે એમનું લક્ષ્ય ઘરમાં બાળકોનું જીવન વધુ સભર, સાર્થક અને આનંદપ્રદ બને એ જ રહ્યું છે. આપણે બાળકોનાં માબાપો અને વડીલો બાળકોને વધુ સમજીએ, એમનાં સ્વપ્નાંઓનાં ભાગીદાર થઈએ અને એમનું જીવન પુષ્પ વધુ સૌરભવંતુ, વધુ મધુર અને સુફલિત થાય એ માટે સ્નેહપૂર્ણ સહાનુભૂતિથી એમની સાથે એકરસ થઈએ એવી ગિજુભાઈની આકાંક્ષા પૂર્ણ કરવાની જવાબદારી આપણ માબાપો ઉપર છે.

મોતીનાં વાવેતર

દાસભાઈ રામાનુજ

પાંચ દસકા પહેલાં પ્રગટ થયેલાં એક મન્નનાં પુસ્તકનો મેળાપ હમણાં થયો; પરિચિતને લાંબે સમયે મળ્યા જેટલો આનંદ અનુભવ્યો.

"બાલ લોકગીત સંગ્રહ" નામનાં આ પુસ્તકનું સંપાદન બાલ-માનસના મર્મજ્ઞ ગિજુભાઈએ કર્યું છે. બે ભાગમાં વહેંચાયેલા આ સંગ્રહમાં કુલ ૧૦૭ જેટલાં ગીતો સંચિત થયાં છે. પહેલા ભાગમાં ૫૦ અને બીજામાં ૫૭ ગીતો છે.

ગિજુભાઈએ આ પહેલાં અનેકવિધ બાળસાહિત્યનું સર્જન અને સંપાદન કર્યું છે. બાળકોને કિશોરોના મનનું આ સંઘેડાઉતાર સાહિત્ય તો આ. મનુભાઈ પંચોલી કહે છે તેમ "ગિજુભાઈ ફરી જન્મે તો જ બને," એવું એ માતબર છે.

આવા અધિકારી, દૃષ્ટિસંપન્નનાં વિણામણમાં ભાગ્યે જ કહેવાજણ રહ્યું છે. તેથી આ સંગ્રહ હોંશે હોંશે બાળકોના હાથમાં મૂકવા જેવો બન્યો છે.

સંગીત જેવું માધ્યમ, સંચિત ડહાપણ જેવું વિષય-વસ્તુ અને સમજણપૂર્વકનું સંપાદન આ સંકલનનું વૈશિષ્ઠ છે.

મેં શરૂઆતમાં કહ્યું તેમ જીવતરનાં મોંસૂઝણામાં જ આમાંનાં ઘણાંનો ભેટો મને થયેલો છે. અંધારિયા અજવાળિયાની ફરકાર કર્યા વિના કોઈક ને કોઈક શેરી કે ચોકમાં ટહુકતું જ હોય; એનો ટહુકો સાંભળી અમે બધાં ત્યાં દોડી જતાં અને મોડે સુધી એના હિંડોળમાં હિંચોળાતાં એની મધુરતા માણતાં.

આવા બાલગોઠિયાને મળવાનું થાય ત્યારે કોણ એ શીળાં સંભારણાંને વાગોળવાનું ચૂકે?

આ સંગ્રહમાં સ્થાન પામેલાં ઘણાં ગીતોએ અમને ભીનાં ભીનાં રાખી ભાવ વિભોર બનાવ્યાં છે, ફૂદતાં નાચતાં રાખી ધબકતાં રાખ્યાં

છે, ઊંચા માનવીય મૂલ્યોને ચૂપચાપ ગજવામાં મૂકયાં છે, આડા કેડાની ઓળખાણ કરાવી, વંકા વાટે સથવારો આપ્યો છે. આવું તો કંઈ કંઈ કાનમાં કહી પ્રેરણા ને પ્રકાશ બંધાવ્યાં છે. આથી આ સંગ્રહમાં સંચિત થયેલાં ગીતોનાં મૂલ્ય તરફ આંગળી ચીંધવાનાં પુણ્યકર્મ જેવો મારો પ્રયત્ન છે.

લોકગીતોની આગવી એક સૃષ્ટિ છે, સાહિત્યિક અને સાંસ્કૃતિક એક મૂલ્ય છે, એનાં લાઘવ અને લાલિત્ય, એની ભાતીગળ ભાવસંયોજના, એની સરળતા ને સચોટતા અને એની મોહક સ્વરમાધુરીએ આજ સુધી સૌને આકર્ષ્યાં છે.

આવું બળકટ સાહિત્ય અને સચોટ સાધન બાળકોનાં ઘડતરનું ઉત્તમ માધ્યમ બને, એ આ સંગ્રહનાં સંકલન પાછળની દૃષ્ટિ હોય તો નવાઈ ન કહેવાય!

જો કે ગિજુભાઈએ આ વાતનો કયાંય ઉલ્લેખ કે ઇશારો પણ કર્યો નથી, પણ તેઓએ જે ગીતો સંપાદન કર્યાં તેનું અવલોકન આ વાતની પ્રતીતિ કરાવે છે.

ગિજુભાઈને બાળકના સંપૂર્ણ વિકાસની ઝંખના છે. આ માટે તેમણે વૈવિધ્યપૂર્ણ સાહિત્ય સર્જન કર્યું છે તેમાં બાળલોકગીતોનું ઉમેરણ કરી એને રસવંતુ બનાવ્યું છે. લોકગીતોનો આ સંચય બાળપણને ઘડવા હાથે પંપાળી જિંદગીના અવનવા અનુભવો, અભિનવ ક્રિયાશીલતા, વૈવિધ્યસભર વિચાર-વસ્તુ અને સોજ્જા શીલ-સંસ્કાર સીંચી નરવાં માનવ મૂલ્યોની સ્થાપના કરે છે.

આ માટે બાલમાનસના પારખુ ગિજુભાઈએ ગીતના કરમી કેડે. મોતીનાં વાવેતર કર્યાં છે. સાચાં મોતી તો સ્વાતિનાં જલબિંદુ ઝીલી, કાળુ માછલીની કાળજીભરી માવજતથી પાકે. સંપાદકની આ ચીવટ ગીતોનાં વિણામણમાં વરતાય છે.

જળ રે જમનાનાં ઝીલતાં, સુણો શામળિયા;
મને મોતીડું જડિયું એક, નંદજીના નાનડિયા.
એક રે મોતીમાં શું વહેંચીએ, સુણો શામળિયા;
મોતી વાવ્યે ઘણેરાં થાય, નંદજીના નાનડિયા.

છે ને બાળકોનાં ગજા-માપનું ? છે ને રૂડી સહયોગી ભાવ સમૃદ્ધિથી છલકાતું ? છે ને વિકસતા રહેવાની મંગળ કામના પ્રેરતું ? આવાં ઘણેરાં મોતી પકવવાની મહેચ્છા આ સંગ્રહનાં સંકલનમાં જોવાં મળે છે.

આ માટે ગિજુભાઈએ બાળકોને આંગણામાં, ઘરમાં, શેરીમાં કે ચોકમાં કાને પડેલાં ગીતોનું વિણામણ કર્યું છે. આવાં પરિચિતો સાથે બેસી હાસ્ય-વિનોદ કરવો, રાસ-ગરબાની મોજ માણવી કે ભર્યાં ભર્યાં લગ્નગીતોની સૌરભમાં નહાવું આ ઉંમરે ગમતું હોય છે. આથી પરિચિત અને પ્રફુલ્લિત કરે તેવાં ગીતોને જ આ સંગ્રહમાં લીધાં છે.

નાચવું, કૂદવું, ગાવું એ તો બાળકોની મનગમતી પ્રવૃત્તિ. તેથી આ સંગ્રહમાં આવાં ગીતોને પ્રમાણમાં પ્રધાનતા મળી છે. બાળકોને નર્તન સાથે નાદવૈભવનો પરિચય થાય, એની પ્રાસાદિકતાની ઓળખાણ થાય અને એની ચેતના કેળવતી રહે તેવું સંયોજન થયું છે. 'તમે એકવાર મારવાડ જાજો રે મારવાડા', 'રે ભોળી જમના', 'લૂલિયો હાલ્યો હાલારમાં', "કાંગ ખેતર ગ્યાંતાં', 'હંબો હંબો વિંછૂડો' આનાં ઊજળાં ઉદાહરણો છે.

નાનાં બાળકો શેરીમાં એકઠાં મળી સમૂહનો નીતર્યો આનંદ માણે તેવી આ રચનાઓ આજેય અભિનય ગીતોનાં નામ-નેજા તળે બાલમંદિરોમાં ગવાય છે. હજી કોઈ એને ખસેડી શક્યું નથી. ક્રિયા સાથે નર્તનનો આનંદ-આપતી સૂર-તાલની સંવાદિતા બાળકને જીવનની સંવાદિતાની દીક્ષા અજાણપણે આપી જાય છે.

આવા જ અજ્ઞાત સંબંધોના તાંતણા સમગ્ર પ્રકૃતિ સાથે બંધાય એની કાળજી પણ આ પસંદગીમાં જોવા મળે છે. આ અંગે સંપાદક બહુ જાગૃત રીતે આ નાજુક સંબંધો વિકસે જ નહીં અતૂટ બને તેની ચિંતા સેવે છે. આ માટે આ સંપાદન અગાઉ 'કુદકતમાં,' 'વાડામાં,' 'કૂદાં-પતંગિયાં,' 'ટેકરીની વનસ્પતિ,' 'વનવૃક્ષો' જેવી પુસ્તિકાઓ લખી-લખાવી છે. આ પછી પણ અહીં ગીતો દ્વારા એ સંસ્કારને વિશેષ દૃઢ કર્યો છે.

'નીલીના ઘરમાં', 'પીલુડાં પાકયાં', 'વાડામાં રીંગણી', 'કણજર કાકો પરણે છે', 'હાલો કીડીબાઈની જાનમાં' જેવાં ગીતો સમગ્ર પ્રકૃતિ સાથે સંવેદનશીલ અને સંતુલિત સંબંધો બાંધે છે. આ બહુ મૂલ્યવાન સંસ્કાર છે. આ વાતનો અનુભવ સમગ્ર જગત કરી રહ્યું છે. અને

આપણે પણ 'પર્યાવરણ' અને 'ઇકોલોજી'ના અભ્યાસક્રમો શરૂ કરી આ જ સંસ્કારનું બીજારોપણ કરીએ છીએ.

બાળકોનાં જીવતરની જીવાળીનું જતન કરે તેવાં ગીતોનું સંકલન પણ અનુભવી હાથે થયું છે. 'જીવન એટલે સીધો સપાટ રાજમાર્ગ નહીં પણ આડા અવળા વાંક વાળા વાટ છે; એમાં ડૂંશ-થડકો, હરખ શોક આવે જ; પણ એથી હરેરી ન જવાય, ધીરજથી આગળ વધાય !' આ સમજ પણ બહુ હળવેક રહી મનમાં મૂકી દીધી છે.

'આજની ઘડી રળિયામણી', 'મારે ઘેર મહેમાન આવ્યા', 'શેરી વળાવી સજ્જ કરું', 'આશા ભર્યા અમે આવિયા', વગેરેના રળિયામણા આનંદ સાથે જિંદગીનાં રીસામણાં-મનામણાંનો પણ અનુભવ કરાવ્યો છે, 'રામને સીતા વાદ વદે', 'નંદલાલ નહિ રે આવું ઘરે કામ છે', 'અંબોલડાં શાનાં લીધાં રે', 'કાંતો રે મેરી છેલણ બીબિયાં' જેવાં ગીતોમાં વાદ, પ્રતિવાદ, સંવાદનો હસી-મજાક સાથે સંસ્પર્શ કરાવી, 'છપ્પનિયો', 'છત્રીસની સાલે' ના સમાજવ્યાપી જીવનસંઘર્ષની યાદ પણ આપી દીધી છે. અને વાંસે હાથ ફેરવતાં કહ્યું કે "ભાઈ, આવું તો આ ઘટમાળમાં આવ્યા જ કરે, બધું સમું-સૂતરું ચાલે તો પુરુષાર્થ પરવારી જવાય; પુરુષાર્થ તો જીવતરનો મેરુદંડ છે." આવી મહત્ત્વની વાતો દીવામાં દિવેલ પૂરે તેવી રીતે મૂકી છે.

કૃષ્ણગીતો આ સંગ્રહની વિશેષતા છે. કુલ ૧૦૭ ગીતોમાં ૩૪ જેટલાં આ ગીતો છે. કૃષ્ણ અને તેમાંય બાલકૃષ્ણ તો સૌનું પ્રીતિપાત્ર. લોક હૃદયનો રંગીલો રાજા. એ આ બાળલોકગીત સંગ્રહમાં પ્રાધાન્ય ન ભોગવે તો કોણ ભોગવે ? આપણા કવિ ઉશનસે કહ્યું છે કે

પ્રથમ શિશુ સૌ કાનો
માતા બધી જ જશોમતી

આવા મધુર ભાવોમાંથી પ્રગટતાં ગીતોમાં પણ વાત્સલ્યના જ ભાવો ટપકતાં હોય છે. અને એ સાથે સાથે સમાજની મેલી-ઘેલી પરંપરાઓ કે માન્યતાઓ પણ પ્રગટ થતી હોય છે. ગિજુભાઈએ સમાજની આવી કોઈ અવળી માન્યતાને પણ સુધારવા જેવી છે કહી બાળકો આગળ રજૂ કરી છે.

"છેટા છેટા રે નંદના છોકરા રે
મારા રાંધણિયા અભડાય રે."

આભડછેટના અવ્યવહારને અહીં નકારો અપાયો છે. ગોપ-ગોપીઓ વચ્ચે ઉછરેલા કૃષ્ણને આભડછેટ કયાંથી હોય? સમાજમાં પાછળથી પેઠેલી આ વાત આજના સમાજમાં નહીં ચાલે. આજે આનું બહુ મહત્ત્વ નથી પણ પચાસ વરસ પહેલાં આ જરૂરી હતું.

એવું જ 'પીર છે, પીર છે, પીર છે' માં રજૂ થતી સર્વધર્મ-સમભાવની વાત આજે પણ એટલા જ જરૂરી છે. સ્વસ્થ સમાજની એ આધારશિલા છે.

આ ઉપરાંત 'મોતીનાં વાવેતર' સંધ ભાવના, 'છલકાતું આવે એડલું' સહયોગી જીવન અને 'અંગરેજી ઝાડવું' મારફત પરદેશીઓનો પરિચય કરાવી બાળકોને સ્વસ્થ ને શાણા સમાજ તરફ આગળ વધવાની આ ગીતો પ્રેરણા આપે છે.

આ સંગ્રહમાં લગ્ન ગીતો જોઈ થોડું આશ્ચર્ય થાય તે સહજ છે. લગ્નજીવનના અવ્યક્ત ભાવે.ને બાળક કેવી રીતે આંબી શકે?

આહાહા ! મને દૈયણ-દોય-પંખી સાંભરે છે. સરુ કે બીજા કોઈ ઊંચામાં ઊંચા ઝાડની ઊંચી ડાચે બેસી દૈયડ અત્યારે એવું તો મધુર કોમળ ગાન કરતું હશે કે બસબસ, કમાલ, કમાલ થઈ રહ્યું હશે. કુદરત આખી ત્રણેયનાં ગાનો સાંભળી વાહવાહ કરતી હશે.

અને બીજા પંખીઓ પણ સવારના આ વૃંદવાદ્યમાં પોતાના સૂરો મેળવી રહ્યાં હશે. ડોમકાવાળો પોતાનો જડો અને શ્વેતાક્ષી પોતાનો ઝીણો સૂર સૂરગુંજનમાં મેળવી દેતાં હશે. મચ્છીમાર પોતાની સીટી અને દક્ષિણનું વાતરડિયું પોતાનું કરકરડરર, માખીમાર વળી પોતાનું સૂચી ગાન અને ડોલીઓ પોતાના ઘૂઘવાટ ! આમ, સૌ સહજીવનમાં સરખા સૂરો મેળવી રહ્યાં હશે અને આકાશમાં કેવા અદ્‌ભુત ભવ્ય રંગોની રંગોળી પુરાઈ હશે ! હું એ રંગોનો ગાલીચો જોતાં થાકતો જ ન હતો અને છતાં થાકી જાઉં તે પહેલાં તો તેઓ બદલાઈને નવાં નવાં ચિત્રો આલેખતાં. છેવટે, તેજરૂપી ફલકમાં સૌ સમાઈ જતાં હતાં.

અને પ્લેટો પાછળથી સૂર્યભગવાનનું દિવ્ય દર્શન થતાં હું સહસા બોલી ઊઠતો :- ॐ ભૂર્ ભુવઃ સ્વઃ ॐ તત્ સવિતુર્ વરેણ્યં, ભર્ગો દેવસ્ય, ધીમહિ ધીયો યોઃ નઃ પ્રચોદયાત્.'

આવાં જ સૂર્યદર્શનો જેમણે વારંવાર જોયાં હશે તેવા આપણા આર્યોના અંતરમાંથી ગાયત્રી મંત્ર સહસા નીકળી ગયો હશે.

અત્યારે તમારી બાજુની કિષ્ણાખીણમાં આવેલ કાંચળીવાળા સર્પ જેમ સૂતેલી કિષ્ણા નદીનો દેહ સૂર્ય કિરણોથી આછો ગુલાબી થઈ રહ્યો હશે. મંદ પવનમાં હળુહળુ હાલતાં તેનાં રંગીન જળો જોઈને તમને થતું હશે કે આ કિષ્ણા આજે કેવું મજાનું લહેરિયું પહેરીને સૂર્યને અર્ઘ્ય આપવા ઊઠી છે.

રામ, અહીંનું સવારનું સૌંદર્ય કેટલું બધું ફિક્કું લાગે છે ! અને છતાં એ પણ કેટલું સુંદર છે.

અત્યારની તાજગી, સૂર્યકિરણની કોમળતા, મંદ પવનની મધુરતા અને મારા બાગમાં ખીલેલાં ગુલાબો અને ડોલરની ખુશબુ ! આ બધું કેટલું ગમે એવું છે !

આ બધું જોતો અને ઈશ્વરની સૃષ્ટિનાં વખાણ કરતો આ પત્ર તમને લખી રહ્યો છું.

ચમનભાઈના ખબર જેમ મોકલ્યા તેમ જ મોકલતા રહેશો. થોડું કપાણી પાતાં એક ડોલર સંખ્યાબંધ ફૂલો આપે છે તેમ તમે એક પોસ્ટકાર્ડ લખશો તો આટલો લાંબો પત્ર લખીશ.

ચેલાજી કહેશે, ગુરુજી આજે લહેરમાં આવ્યા લાગે છે. પણ ચેલાજીને લખતાં તે કેમ ન આવે ? બિચારા ગુરુઓનું જીવન એટલે તો ચેલાઓ જ ના ! બધા ગુરુઓનું કેટલું બધું સદ્‌ભાગ્ય કે દુર્ભાગ્ય !

ચમનભાઈને આ પત્ર વંચાવશો. જરૂર. તેમને ખબર પૂછશો એમ લખવાની જરૂર નથી જ.

લિ. તમારા
ગિજુભાઈના આશીર્વાદ

(૫)

ભાવનગર
તા. ૩૦–૬–૩૩

પ્રિય રામ,

આજે જ એક પોસ્ટકાર્ડ મેં લખ્યું છે. મને એમ હતું કે હમણાં બીજો પત્ર નહિ લખું. પણ અત્યારે ધૂન આવી છે ને પત્ર લખી નાખવા બેઠો છું.

જ્યારે જ્યારે તમો સાંભરો છો ત્યારે ત્યારે મને પંચગનીનાં દૃશ્યો સાંભરે છે – મારી આંખ સામે ખડાં થાય છે; અને ત્યારે ત્યારે મને મન થઈ આવે છે કે રામને હું બધું લખી નાખું.

તમારે ત્યાં હમણાં જ ચોમાસું બેઠું. એકાદ ધૂમ્મસ તો આવી ગયું હશે જ; પણ એ રોજનું દૃશ્ય અને અનુભવ નહિ. રોજનું દૃશ્ય તો આગિયાનું છે. તમારા ધ્યાન પર આવ્યું છે ? અંધારી રાત્રે તમે બહાર આવી આજુબાજુના વૃક્ષોમાં ભરેલા અંધકારને જોવા માટે કદિ લલચાયા છો ? હમણાં જ અંધારિયું ગયું. તમારામાં થોડું કેય કાવ્ય હશે તો તો તમે એ જોવા બહાર નીકળ્યા જ હશો. કેવું ઘનઘોર અંધારું થાય છે ? અને એ અંધારામાં અણધાર્યો

નાનાં નાનાં ઊડતા તારાઓનો ચમકારો જોયો છે ? એ ચમકારો આગિયાનો છે. હજી સુધી ન જોયું હોય તો તમારી બારીમાં બેસીને જોજો. ગાઢ અંધકારમાં એકાએક જાણે કે જાદુઈ ડાબલીમાંથી હીરાના કણો ખરી પડતા હોય અગર દારૂખાનાની ફૂલઝરણીમાંથી ધોળાં ફૂલો ખરતાં હોય તેમ આગિયાઓ ઊડતા દેખાશે ! જરાક દેખાશે અને આંખને દેખાયા ન દેખાયા થયા ત્યાં તો નહિ દેખાય. વળી દેખાશે ને વળી નહિ દેખાય. ક્ષણમાં અંધકારના વાદળમાં તારાઓનો ચળકાટ થશે અને બીજી જ ક્ષણે એનો એ જ ગંભીર અંધકાર ફેલાશે. ખરતા તારાઓનો દેખાવ એક જાતનો છે. આકાશથી ઊતરતી હવાઈના ફૂલોનો દેખાવ બીજી જાતનો છે. અને આ ઊડતા આગિયાઓનો દેખાવ ત્રીજી જાતનો છે. આ તો બધા રમતા તારાઓ કે ફરતા તારાઓ જેવા લાગે છે. પોતાના તેજ અને અંધકાર સાથે સંતાકૂકડી રમતા આગિયાઓનો દેખાવ જોની તેની સાથે સરખાવવાની કલ્પના કરું છું અને એકેય કલ્પના જડતી નથી, પણ મારે એટલી બધી કલ્પના કરવી જ શા માટે ? મેં એ નજરે જોયું છે અને તમે એ જોશો એટલે આપણે બન્ને એ સમજી જઈશું. તમે એ દૃશ્ય ચમનભાઈને પણ બતાવશો. કલાપીએ લખેલું :—

'तुज पांख चळके पर्णना झुंडो महीं चकोरशी'

એ પંક્તિ તમને સજીવ લાગશે. તમને લાગશે કે કલાપીએ જો આટલા બધા આગિયા જોયા હોત તો તે વળી વધારે સુંદર કાવ્ય લખત અને જરૂર કલાપી કયારે ટીલડીની કલ્પના કરવાને બદલે ચૂંદડીએ હીરા જડવાની કે ઘાઘરીએ તારલા ગૂંથ્યાની કલ્પના અવશ્ય કરત.

આગિયાઓ તમારી બારીઓને જે અમારી બારીઓને ન હતા તેમ કાચ ન હોય તો અંદર આવશે અને તમે સૂતા સૂતા ઝબકે દીવડો જોઈ શકશો. હું તો ઊંઘ ખોઈને પણ ઝબકે દીવડો જોયા કરતો અને પ્રભુની લીલાની તારીફમાં જ ઊંઘી જતો. ઊંઘીને પાછો બહાર જતો તો આગિયાઓની રમત દેખાતી. એક સૂર્યના તેજે જે કરોડો આગિયાઓનાં તેજને હરી લીધું હતું તે આગિયાઓ સૂર્ય જતાં અંધારામાં તેના અનેક સૂર્યો થઈને રાતને અજવાળવા મથતા હતા અને છતાં એક એક પ્રયત્ન પછી રાત વધારેને વધારે કાળી થતી હતી. આ દૃશ્ય હું ક્ષણો સુધી

જોયા કરતો અને એકલો ને એકલો આનંદ માણતો. આટલા બધા આગિયાઓનું તેજછાયા નૃત્ય તો મેં ત્યાં જ પહેલવહેલું જોયેલું. અત્યારે આ લખતાં એમ થાય છે કે જાણે હું ત્યાં છું અને આસાન, સિલ્વર ઓક અને જાંબુડા વચ્ચે ઊડતા આગિયાઓને હું જોઉં છું. તમે જરૂર એ બધું જોશો. રાત્રિની ઊંઘ ખોઈને પણ જોશો. ઊંઘ તો અહીં આવીને મળશે પણ એ આગિયાઓ અહીં નહિ મળી શકે.

વારુ, રામ, મેં તમને રાત્રે આગિયાઓ દેખાડ્યા. હવે હું તમને દિવસે બુલબુલો દેખાડું. ત્યાં ત્રણ ચાર જાતનાં બુલબુલો જોવા મળશે. પણ એ તો તમારી પાસે પક્ષીની ચોપડી હોય તો જ તમે તેની બીજી જાતો પારખી શકો. પણ એક જાત તો તમારા જોવામાં કચારનીયે આવી હશે. અને એ તે પૂંછડી નીચે લાલ ટપકાંવાળી જાત. Red Vented Bulbul. આહા હા ! આ જાતનાં બુલબુલો ત્યાં કેટલાં બધાં છે. ડાળે ડાળે તેઓ કેટલી સુંદર બેઠકો કરીને બેઠેલાં છે ! બુલબુલમાં નર-માદા સાથે ઊડે છે. હમણાં તો ઈંડા મૂકવાનો સમય છે એટલે તો સાથેને સાથે જ રહે છે. દિ' બધો ગાયા કરે છે ને નવી નવી અને સુંદર સુંદર રીતિએ અહીં તહીં બેઠાં કરે છે. તેમને બેસતાં બહુ સરસ આવડે છે. જાણે કે ચિત્રકારને ચિત્ર આપવા ન બેઠાં હોય, એમ જ ડાળીઓ ઉપર ગોઠવાઈને બેસે છે. નજીક નજીક એવી સરસ રીતે બેસે છે અને વળી દરેક વખતે એવી નવી નવી બેઠક રચીને બેસે છે કે આપણે એની બેઠકો રચવાની શક્તિને જોયા જ કરીએ. તેમની બેઠકો રચતાં જાય છે અને પરસ્પરની લાગણી અને નાજુકપણું દેખાડતાં જાય છે. આમ તેમ નમણી ડોક નમાવતાં જાય છે અને એક બીજાં પ્રત્યેનું હેત ઠાલવતાં જાય છે. અમે એને જોડિયાં કહેતાં. અમે જોડિયાંને દિ બધો જોતાં. સાંજ પડયે તો તેઓ બેઠક રચવામાં વધારે રસિક બનતાં અને એક એક બેઠક સવા લાખની રચતાં.

જોડીઓને ગાવાનો બહુ શોખ છે. આખો દહાડો તેઓ 'પીકપેરા' 'પીકપેરા' લવ્યા જ કરે છે. બુલબુલોનો મીઠો અવાજ કાનને આનંદ આપે છે, ઘણાં બુલબુલો બોલે છે ત્યારે આપણને એમ થાય છે કે જાણે નાનું એવું ઝરણું ખળખળ વહી જાય છે. હજારો બુલબુલ એક સાથે બોલે તો ખળખળ નદી વહેતી હોય એવું જ સંભળાય. રામભાઈ અને

ચમનભાઈ, તમારે એકલી હવા નથી ખાવાની. આ બધું પણ જોવાનું છે. મનને અને શરીરને આ ઔષધરૂપ છે એમ સમજજો.

સવાર અને સાંજ તમારી આજુબાજુમાં કાગડકુંભાર નામનો મોટો કાગડો બોલતો સંભળાશે. ટુહૂક, ટુહૂક એવો અવાજ તે કાઢશે. ડાળામાં કયાંક સંતાઈને બેઠો હશે. અવાજ તરફ ધ્યાન રાખશો તો તેની શોધ કરી શકશો. વરસાદ પછી તે બહુ લહેરથી બોલે છે. એમાં કોયલ કે કસ્તુરા જેવી મીઠાશ નથી પણ અવાજની ગંભીરતા છે. અવાજનું ઊંડાણ છે. જેમને અવાજનું સૌંદર્ય સમજવું છે તેને જ કાગડકુંભારની બોલી સાંભળવી ગમશે જ.

આ તો હું પક્ષીઓ ઉપર આવ્યો. લ્યો ત્યારે હું એક બીજું પક્ષી ઓળખાવું. એનું નામ શ્વેતાક્ષી (**White eye**). આપણી ચકલીથી એ નાનું છે. પણ શું એની ચપળતા છે? ચટક ચટક, ઝડપ ઝડપ, ચડપ ચડપ તે એક ડાળેથી બીજીએ અને બીજીએથી ત્રીજીએ. એક પાંદડેથી બીજે અને બીજેથી ત્રીજે. એક પાંદડાને છેડેથી બીજે અને બીજેથી ત્રીજે ઊડયા જ કરે છે અને ઝીણાં જીવડાંને ખાય છે. એને એની આંખની ફરતું ધોળું કુંડાળું હોય છે. એ ઉપરથી એને શ્વેતાક્ષી કહેવામાં આવે છે. તેને વડના ટેટા, અંજીરના કૂંણાપાન વગેરે ભાવે છે એટલે એના ઝાડ ઉપર બહુ આવે છે. તમે એક આખો દિ' એની ઉપાસના કરજો એટલે એ કયારે આવે છે ને કયારે જાય છે તે જાણી જશો. ત્યાં મેં એવું જોયું છે કે જુદાંજુદાં પંખીઓનો આપણા ઝાડે આવવાનો જુદો જુદો સમય જ હોય છે. હું તેમને દરરોજ એ જ સમયે ભાળતો. તેઓ નિયમિતપણે જ આવતા. હું નિયમિતપણે બાયનોકયુલરમાંથી તેમને જોતો.

ત્યારે હવે આ પત્ર પૂરો કરું? એમ જ તો. અત્યારે જરા થાકી ગયો છું એટલે બંધ જ કરું છું. હજી મારી તબિયત એટલી બધી સુધરી નથી કે ધોધબંધ લખ્યે જાઉં.

અચ્છા, સલામ. સલામ લખતાં ગયા રવિવારે વાઘજીભાઈનું અહીં કરેલું નાટક સાંભર્યું. હમણાં તમારા વિના રંગભૂમિ ખાલી છે. હું મિયાં થતો નથી કેમકે લાયક ચેલો મળતો નથી. હું બડેમિયાં થતો નથી કેમ કે મિયાં સામે કોઈ વાઘજીભાઈ નથી. હું ગુરુજી થતો નથી કેમકે

લાયક ચેલો મળતો નથી. હું બડેમિયાં થતો નથી કેમ કે સો જલેબે સાપ ભાળનાર મિયાં ઉલ્લુ ફુસ્કી પંચગીનીમાં જઈને બેઠો છે.

વારૂ, સલામ. સર્વ ભાઇઓને સલામ બોલીયે.

તમારો ગિજુભાઈના યા રહીમ.

(૬)

બાલમંદિર
ભાવનગર
તા. ૧૦-૬-'૩૩

પ્રિય રામ,

તમારું પોસ્ટકાર્ડ મળ્યું. ચમનભાઈની તબિયતના આશાજનક સમાચારો વાંચી આશામાં ઉમેરો થયો. ચમનભાઈ આપણા કાઠિયાવાડ ગુજરાતનો કર્મવીર છે. એને ઈશ્વર જરૂર બચાવી લેશે. તેની હજી આપણને જરૂર છે.

પૂ. બાપુજીનું લખાણ હજી હું હાથ પર લઈ શકયો નથી. મારી તબિયત હજી મને યારી નથી આપતી. બીજો જે સ્થિતિમાં સૂઈ રહે અગર બૂંઝાય તે સ્થિતિમાં હું થોડું થોડું કામ કર્યા કરું છું અને મનનો આનંદ શોધી લઉં છું. તમારા ઉપર પત્ર લખવો એ પણ મારે મન આનંદ છે.

આજે જૂનની તા. ૧૦ મી થઈ. બરાબર ગયે વર્ષે અમે આ તારીખોમાં ત્યાં હતા. તમે જાણો છો, 'હિલ્ટન લોજ' અમારું મુકામ હતું. લગભગ આ જ દિવસોમાં ત્યાં બહુ ભારે વરસાદ થયો હતો. જૂનાપુરાણા હિલ્ટન લોજમાં અમે દોડાદોડ કરી મૂકી હતી. વરસાદ એટલો બધો જોરથી હતો અને લોજનું છાપરું એટલું બધું જળીવાળું હતું.

વરસાદ વરસી રહ્યા પછીનો દેખાવ કેટલો બધો સુંદર હતો ! તમે એવા જ દેખાવ આજકાલ જોઈ રહ્યા હશો અને હજી ઘણાયે જોશો. અમારા ઘરની સામે જ નીચેની ખીણ પાણી પાણી થઈ રહી હતી. તેની અંદર આવેલાં ત્રણચાર નાનાં ગામડાંનાં છાપરાં દૂરથી પાણીમાં તરતા તરાપા જેવાં લાગતાં હતાં. અને કૃષ્ણા ખીણમાં વહેતી કૃષ્ણા નદી તો

એ કાંઠામાં વહી જતી હતી અને ખળ ખળ વહી જતી હતી. છતાં દૂરથી તો તે એક લાંબા ધોળા છેડા વિનાના અજગર જેવી પડી હતી. પારસી પોઇંટથી એવી તો જોવા જેવી લાગતી હતી કે વાત કરો મા. અમારી પાસે એક બાયનોક્યુલર હતું. એમાંથી જોતાં અમને તેનાં ડોળાં પાણી દેખાતાં હતાં. તેના વાંકાચૂંકા કિનારા અને તે ઉપરનાં ઝાડો પણ દેખાતાં હતાં. નજીકથી દેખાતું એક પ્રકારનું દૃશ્ય અને દૂરથી દેખાતું બીજા પ્રકારનું દૃશ્ય બન્ને સુંદર દર્શનો હતાં. વરસાદ પછી આકાશમાં દેખાયેલું મેઘધનુષ્ય હજીયે આંખ આગળ તરે છે. બચુ, ટીકુ અને બબુ તો એને જોઈ નાચવા મંડી પડ્યાં હતાં. સુશીલા તો ચિત્રકાર રહી એટલે તે જોઈ તે થંભી જ ગઈ. મેઘધનુષ્ય આકાશને ચોટેલું ન હતું. તે બીણ અને આકાશ વચ્ચે અધ્ધર લટકતું હતું. મેઘ ધનુષ્ય એક ન હતું પણ બીજાં બે સાથે તે ત્રીજું હતું. એકની અંદર બીજું અને બીજાની અંદર ત્રીજું એમ ત્રણ ગોઠવાયાં હતાં. પશ્ચિમના સૂર્યનાં કિરણો પૂર્વમાંથી પડતા વરસાદના છાંટાને વીંધી આ ત્રણે મેઘધનુષ્ય બનાવતાં હતાં. પાંચ હજાર ફીટ ડુંગર ઉપર આવું મેઘધનુષ્ય પહેલવહેલું જ જોયું. આંખ ઠરી. અનેકરંગી કુદરતની લીલાના અનેક રંગોમાંનો એક રંગ આજે જોતાં મન મુગ્ધ થયું અને કુદરતની અકલતામાં લીન બન્યું.

આ જ દિવસોમાં એક સાંજે કાળું ધુમ્મસ મહાબળેશ્વરના ડુંગર ઉપરથી ઊતરી આવતું હતું. જોતજોતામાં તેણે કૃષ્ણા બીણને ભરી દીધી. બીણ કાળા ભૂરા રાખોડી ધુમ્મસનો સાગર બની ગઈ. બીણની પેલી પારના ડુંગરાઓ દેખાતા બંધ થયા. તેની પેલી પારનો સૂર્ય ધૂમ્મસમાં જ ડૂબી ગયો.

કાળું ધુમ્મસ આગળ ધસતું ધસતું અમારા મકાન તરફ આવતું હતું. ઓસરીમાં અમે બેઠાં બેઠાં તે જોઈ રહ્યાં હતાં. તે છેક જ નજીક આવ્યું. સામેનાં ઝાડોમાંથી પાસે આવતાં તેણે ઝાડોને પણ ઢાંકી દીધાં. આજુબાજુનાં મકાનોને પણ સંતાડી દીધાં અને ચોમેર ધુમ્મસ સિવાય કશું જ ન રાખ્યું. પછી તો તે છેક અમારી ઓસરીમાં આવ્યું અને અમને તેમાં ઢાંકયાં. અમે પાસે પાસે બેઠેલાં એકબીજાને જોઈ શકતાં હતાં પણ તે ધુમ્મસના પાતળા પડદામાંથી.

આ અનુભવ મધુ, ટીકુ, બચુ અને સુશીલાને પહેલવહેલો જ હતો. મેં આથી પણ વધારે વધુ ધુમ્મસ કરસિમોડા–દાર્જિલિંગ ઉપર જોયું હતું. તેઓ તો આશ્ચર્ય–આનંદમાં તલ્લીન હતાં. આ વખતે શું કરવું અને શું ન કરવું તે અમને સૂઝતું ન હતું. તેઓ ભવ્યદર્શનની ભવ્યતાનાં અનુભવમાં મૂક અને મૂઢ હતાં.

ધુમ્મસ ઘરમાં ન જાય માટે તમારાં ગુરુપત્નીએ ઘરનાં બારણાં બંધ કર્યાં હતાં અને કાચમાંથી તેઓ જોતાં હતાં; છતાં તૂટેલા કાચમાંથી ધુમ્મસ રસોડામાં પેસતું હતું અને એ જ પેસવા દેતાં હતાં. આ બધો વખત દામુકાકાનો ગામડાનો માણસ એકાએક મુંબઈમાં આવે ને આભો બની જાય, એમ આભાં બનીને ફાટી આંખે જોઈ જ રહ્યાં હતાં. અમારા વળામાં કે તમારા બોરુમાં કે નાનાભાઈના પચ્છેગામમાં એણે આવું કચાંથી જોયું હોય ! ભૂખડીબારસ જેમ ભાલમાં ભટકેલા તમે પણ આવું દૃશ્ય જોઈને ગાંડા બની જશો. આ લખું છું એ દિવસોમાં કદાચ ધુમ્મસનો એકાદ ધસારો તમારા ઉપર આવી ગયો હશે. ચમનભાઈને માટે એ સારી વસ્તુ છે. તેનાથી ગભરાયા વિના તેમાં જ તેમને બેસાડજો.

પછી તો ધુમ્મસને અમે પકડવા લાગ્યા. પણ એ શી રીતે પકડાય ! પછી ધુમ્મસ આગળ વધ્યું અને અમારા લોજને ઢાંકીને સડક ઉપર ગયું ને એમ ને એમ આગળ ચાલવા માંડ્યું.

ધુમ્મસમાં બેઠેલાં અમે ધુમ્મસ બની ગયાં હતાં. એટલામાં બીણુની પેલી પારની ટેકરીઓ દેખાઈ. તેની પેલી પાર અસ્ત થતા સૂર્ય ભગવાન દેખાયા. જાણે તેનાં કિરણો ધુમ્મસને હાંકી કાઢતાં હોય તેમ આગળ ધુમ્મસ અને પાછળ કિરણો ચાલ્યાં–દોડ્યાં આવતાં હતાં. ધીમે ધીમે બીણુ ધુમ્મસથી ખાલી થઈ ગઈ. વળી પાછાં બીણુનાં ગામડાંનાં છાપરાં, કૃષ્ણા નદી, છોડ જેવાં દેખાતાં ઝાડો સોનેરી તડકામાં સોનાનાં બનેલાં દેખાયાં. એમ કરતાં અમારી પાસે પણ કિરણો આવ્યાં અને ધુમ્મસને નસાડ્યું. ખરી રીતે ધુમ્મસ પોતે જ જતું હતું. પણ કિરણો નકામાં મનમાં મગરુબ બનતાં હતાં કે 'અમે એને કાઢીએ છીએ.' ફરી વાર અમારો બાગ રૂપેરી રંગી થયો, અમારા છાપરે રૂપાનાં નળિયાં થયાં. બાજુની નાની ટેકરીનું ઘાસ રૂપેરી બન્યું અને આખી કુદરત રજતમુખે હસવા લાગી; જાણે કે ધુમ્મસની રમત જોઈ રાજી થઈ હોય એમ તે હસવા લાગી. પછી તો સૂર્ય ટેકરી પાછળ ધીમે ધીમે ગયો. એની સાથે એનાં

કિરણો છેક જ અદૃશ્ય થયાં અને સંધ્યા ખીલી. અહો ! એ સંધ્યા ! અદ્‌ભુત દૃશ્ય અને દર્શન ! પહેલાં ધુમ્મસનો રજત અંધકાર યુગ, પછી સૂર્યનો રજતકાળ અને પછી, સંધ્યાનો સુવર્ણકાળ ! આ સુવર્ણ-કાળે સોનાની રજ વેરીને ચોમેરને પોતાના રંગથી રંગી દીધું અને આખી કુદરત સુવર્ણમય બની ગઈ. પછી તો રાત્રિનો અંધકાર ઊતર્યો અને ત્રણેય કાળને પોતાના કાળા રંગમાં સમાવી દીધા. બહાર કાળો રંગ એકલો જ રાજ કરતો રહ્યો અને અમે અમારા ઘરમાં પેસી વીજળીની બત્તી નીચે કાળા રંગની શક્તિને હરાવી રહ્યાં.

રામભાઈ, આવા પત્રો જો તમે ત્યાં ન ગયા હોત તો લખી શકાત ? તમને વાંચવાની મજા પડશે, નહિ ? ચમનભાઈને મજા પડે છે કે નહિ તે લખશો. મારા અક્ષર જરા તસ્દી તો આપશે પણ જેમ હું તમને પરિચિત છું તેમ જ મારા અક્ષરો તમને પરિચિત છે. જો કે મારા અક્ષર જેટલો હું તમને ત્રાસ આપું તેવો નથી.

અત્યારે તો આટલેથી જ બસ !

લિ. તમારા
ગિજુભાઈના આશીર્વાદ

(૭)

ભાવનગર
બાલમંદિર
૬–૧૧–૩૭

પ્રિય રામ તથા નર્મદાબેન,

તમારો પત્ર તા. ૧૨–૯–૩૭નો મળ્યો. જવાબ કેટલો બધો મોડો ! પણ હું તો કચ્છના કુરો, કીંડામાં હતો. ત્યાંથી ઝટ જવાબ શે લખાય !

મારે તો વાઘોરણ સુધી લાંબા થવું હતું પણ તમે તો સામે આવ્યાં ! હવે તો નજીકના ભવિષ્યમાં મળવું થશે.

જરૂર ગંભીરા સુંદર સ્થળ છે. અને તમને શાંતિ આપે તેવો ત્યાંનો સાથ છે.

તમો તથા નર્મદાબેન આનંદમાં હશો.

મારી તબિયત હવે ઘોડા જેવી તો નહિ પણ ગધેડા જેવી થઈ ગઈ છે. બાકી મગજ તો એવું જ ફાંટાબાજ છે.

તમારી નવી ચોપડીઓ છપાય છે તે જાણ્યું. સુંદર હશે. તમારી કલમમાં કાંઈ મોળું હોય ? અચ્છા સલામ.

લિ. તમારા બન્નેના
ગિજુભાઈના નમસ્કાર
નૂતન વર્ષાભિનંદન

પરિવારને પત્રો

સુશીલાબહેનને પત્ર

(૧)

આણંદ, તા. ૫-૧૨-૩૭

ચિ. સુશી,

તારો પત્ર મળ્યો હતો. ગંગાબહેન ઝવેરી સાથે મારે વાતચીત થઈ હતી. અને તેણે તારી માગણી પણ કરી હતી. તું ગંગાબહેન ઝવેરીને લખી નાખ કે તું આવવા અને કામ કરવા ખુશી છું, અને સાથે જ તું એમ લખ કે નંદબાબુના હાથ નીચે તને મૂકે જ. હું પણ ગંગાબહેનને તેમ લખીશ. સ્વયંસેવિકાને રેલ ખર્ચ વગેરે તેઓ આપે છે. તને ગંગાબહેન બોલાવે એટલે તું જઈ શકે છે. મને તે ખબર આપજે. ઠંડી છે એટલે, ગરમ કપડાં પાથરવાનું ઓઢવાનું બધું પૂરતું લેવું. આ બાજુ સખત ઠંડી છે અને રહેશે. ગરમ કોટ કે ઓવરકોટ કરાવી લેવો હોય તો કરાવી લેવો. સારો સ્વદેશી જ ગરમ કોટ કરાવવો. મહાસભામાં કામ કરવા જવાનું છે. સમજી ?

બીજું તે રાંજોળીની ચોપડીઓ તારે જોવે છે તે તું તુરત મંગાવી લે. નર્મદાશંકર મારફત ચોપડીઓના order રાજકોટવાળા મોહનલાલ બુકસેલરને આપી દેવો. નર્મદાશંકર કાગળ લખી નાખશે.

મહાસભાના કેમ્પોમાં શરીરની પૂરતી કાળજી રાખવી. માંદા ન પડાય તે જોવું. પૈસા વગેરે પાસે ન રાખવા વગેરે. સૂચના કરવાની જરૂર નથી.

ટીકુ, બબુ, મજામાં હશે. ટીકુને મુંબઈ બાળસંમેલનમાં આવવું છે કે નહિ તે મને ચોક્કસ કરીને જણાવ એટલે મને બબર પડે. તુરત. (ડાબા હાંસિયામાં)

લિ. ગિજુભાઈ

જવાબ આપવાનું સરનામું
C/o મોતીભાઈ ન. અમીન
મુ. વસો.

(૨)

શ્રી બાલ અધ્યાપન મંદિર
સેવાફેલમ, જગનાથ પ્લોટ,
રાજકોટ તા.

ચિ. સુશી, બબુ, ટીકુ,

તમારી બાને માલુમ થાય જે ટૂંકમાં હજી તાવ ઊતરતો નથી. બાકીની હકીકત પી.ડી.ના કાગળમાં છે. દેશી લાલીમલી કે બીજી ઊંચી જતની તદ્દન રેશમ જેવી સુંવાળી ફ્લેનલ લઈ તેના બે લાંબી બાયના પહેરણ કરાવી ટપાલથી રજીસ્ટર્ડ કરાવી મોકલશો. તારી બાએ મને રાજકોટ તેમ કરાવી લેવા કહ્યું હતું પણ મેં માન્યું નહિ. બંડીઓ કોટ વગેરે એકદમ બહુ ભારે પડે છે. તમે કશી વાતે મુંઝાશો નહિ. બાને બોલાવવાનું મન થાય છે પણ અહીં હવે આજકાલ વરસાદ થશે એટલે બા ઊલટાં માંદાં પડી જાય. બાકી કામકાજ અને ચાકરી તો પી. ડી. તથા શાન્તાબહેન ઉત્તમ પ્રકારે કરે છે. ટપાલ હિંદી સેનેટોરિયમને સરનામે મોકલશો. પોપટભાઈ ગઈ કાલે રાજકોટ ગયા છે. ભગવાનની દયાથી બધાં સારાં વાનાં થશે. મામા, મામી, માસી, માસા, મા ભાઈ સૌને તથા મસ્તરામભાઈ તથા ગુલાબબહેનને નમસ્કાર કહેશો.

એજ લિ.
ગિજુભાઈના આશીર્વાદ

ભાઈ શ્રી નર્મદાશંકર,

શિ.પ.નું તમામ કામ કરકસર અને હુશિયારીથી કરજો. બોટ જવા ન દેતા.

બબુબહેન (શ્રીમતી દિવ્યાબહેન ભટ્ટ)ને અંગ્રેજીમાં પત્રો

Vanku-Kutch
5–3–38

My dear Baboo,

Your letter undated reached me this evening. I am really glad to learn that you like my letters and think that they are useful to you. I am encouraged to write more and more to you and this lstter bears the proof of what I feel.

By grace of God my work progresses well and find myself occupied the whole day. I had classes twice a day. The morning classes commence from 8 A. M. and end by 11 A. M. Then there is a long interval of four hours. During the interval we lunch, rest, read & write. At 3–30 again the work begins terminating at 5.30 with a national song. The fatigue is removed by music after every heavy lecture or demonstrative lesson. In the evening we are out for a long walk. It is pleasant to walk in the open fields of Cutch under deep blue canopy of cloudless sky. The sunset if not gorgeous is in a way beautiful. Its beauty lies in its simplicity. No sudden changes of colour after colours. No rapid succession of bright lights and dark shadows. It is all steady slow glow of the yellow disk that sinks puietly at times behind the low hills or at times behind the dusky horizon of Cutch. I

have a liking for all types of sunsets. It is new and fresh everyday and that brings joy and freshness to me. Then it is a fit time to pray and I pray within.

Things here are going on O. K. A month will be soon over and I pitch my tent at vaso. You are busy with examination otherwise a visit to Cutch would be worth its while.

With love to all.

sd/-
Yours **Gijubhai**

p. s. Is mashi O. K. ? I like to hear her wonderful talks. They are always very interesting.

GB

Vanku
1-4-38

My dear Babu,

It appears that you are true to your faith and you do not reply to my letters. Never mind, I shall continue writing and would fulfill my promise.

Yesterday night, our party of teachers reached here safe and sound. We had to travel almost the whole day. The journey was rather tedious. On the way it was a great pleasure to see deer roaming in the open space of Cutch. I saw King-crows, patridges, sky-larks, and shrieks in particular. The route was barren and treeless and sandy.

We have begun our work from today. This place seems to be nice and pleasant. The atmosphers is good.

One should sec Cutch in order to know its back-word people, dry landscape, and peculiarly open space full of hills and hillocks and little shrubs and thorn trees. It is so very different from green Gujarat and nearer, somewhat, Kathiawar in some respects.

Bachoo is expected here in the last week of April. You all must see Cutch someday. It is worth the troble of travelling.

I hope you will excuse my bad hand this time.
With love to Tiku and Sushi.

Yours Gijubhai

Vanku-Cutuch
16-4-38

My dear Baboo,

I am expecting your letter every day but every post in the evening disappoints me. However I agree in your favour and say because the examination is drawing nearer Baboo must be very busy and hence she can't pen a line or two.

Two days back I had been to Ishwarnagar, an educational institution, on the annual festival of the same. It meant a journey by car of 100 miles – coming and going and it rather went difficult

with my health. By now of course the fatigue is gone and the pleasure of the trip remains.

To-morrow we are going to the sea side, four miles from here. I have been there once. The beach is pretty nice. It can be well compared with the Juhu site of Bombay. The Arabian sea roars there with so many lions' roars, and the waves of the sea dash towards the shore like mountain like horses with white foams in their mouths.

It is such a grand sight. The dashing waves ultimately break up on the shore and disappear into the beautiful sounds on the beach.

Lately it is foggey every day. I am reminded of our days at Panchgani. Every thing seems bathing in the white cloudy fog and it is really lovely.

I am not keeping very fit but with the aid of medicine I am going on well.

Tell Sushi and Tik that I am writing to her tomorrow.

It is 9.30 Kutchi which means 10.30 a. m. S. T. add it is growing hot. I don't think there is copper/smith about here to act as that whether worry as the Europeans put it.

This is enough for the present.

Yours Gijubhai
sd/—

Vaso, 9-5-38

My dear Bahu,

Leaving behind us the din and noise of the city life of Ahmedabad we are here in a comparatively quiet place. We are occupying one of the rooms of a newly built boarding house which is well ventilated and which allows full light from the sun. Our room is well furnished, and possesses all the necessary requirements that I would like. We have unpacked our things and the wall cupboards and writing tables are not without their occupants. If one comes here and sees our room one can hardly detect that three days back it was an empty space ouly inhabited by ants and other such insects.

We have begun our work right through. The drill bell dispels our morning dreams and suddenly throws us in the line of activities of the world: morning duties over we are at tea. It is one of the functions that remains constant; though the tea sets, tea quality etc. vary. Tea over, we run to the classes where educational activities commence from 7 a. m. to 10 a. m. with intervals in music.

It appears that the rooms are hotter here than in Cutch. It was soft waving of the sea wind that induced sleep at Vanku while here occasional hot gusts of wind drive away sleepishness that awaits us in our arm chairs and cots. Bnt I must say evenings are cool and pleasant. There is a fountain newly erected in our compound round which

we gather together for a quiet rest or aimless talks. At times I prefer to go out, for a little walk as well.

Before we left the village we paid our respectful visit to a religious place. There was neither an image to worship nor a masjid to pray to Allah; but there was a lamp burning in a nice little temple and that was the object of reverence and worship. There goes a story that a Bhakta after the name of Bhabharam thrived here and influenced both Mohmedans and Hindus in their spiritual uplift. Before he died there arose a dispute as to the disposal of his dead body. But as the story tells us, when Bhabharam expired there was nothing found in his room except a burning lamp and a heap of flowers. That ended a dispute, into raising of such a temple and a lamp worship. The little place is beautiful. It is worth a religious visit. The cult of Bhabharam still exists and it is known as Pirana after lhe memory of Bhabharam's Guru some Mohemedan Pir. The place is known as "Chichi Bai Ni Run". Chichibai was the female disciple of Bhabharam and lived and died as a yogini.

૬૦૦૨૫૦૩

We are planning two small trips : one to Pij and second to Vadtal. I.....

But the walks here are hot so very open ali horizon is blocked up with big trees and the lovely vision of the beautiful sunset in Kutch is wanting here.

It is noon that peeps forth from the cloudy

sky and sheds coll dim light over everything on earth. Nights are cool and bracing. We retire to bed at about 11.00 P. m. to rise again at 5 A. m. with the ding-dong of a bell that is both cruel and kind to the idle and the busy respectively.

This will do, Babu, for the present. Hope you all are O. K. I am O. K.

Yours ever
Gijubhai

12-8-38

My dear Baboo,

Thank you very much for your letter. It was full of details and it was interesting.

Our work is in rapid progress and I hope within a fortnight things will be very nicely arranged. Indeed, every day is full of new and varied experiences with respect to newly arrived students in a new situation. It naturally will take some time before they are adjusted thoroughly. I for myself am enjoying the time in understanding and guiding them.

My health is better and I feel it will soon improve and reach normal standard, and I get my Khana from the Kitchen twice a day and save both time and energy.

For the last three days the wind is blowing the whole day and night. It is indeed an unpleasant disturbance. The sky is not clear. This morning there was a poor drizzling for a short time.

Last night the full moon remained clouded the whole night.

Balmandir will open about the 30th of August. Somabhai Bhavsar will work as an Acharya of Bal–mandir. Shashiben of Ahmedabad will help her.*

Bachubhai is expected here on the 16th. He will deliver some lectures on birds and nature. Don't you think it is worth while coming here and passing some time here ? Just think about it.

I hope you all are O. K.

With B. R. to Mashi and all.

Yours Gijubhai

5–1–1939

My dear Babu Ben,

We reached here Ist morning and have resumed our work in right earnest. Students are pouring in from different places and the busy life here has once again revised. Lecturing work will commence from the 6th morning. The(n) we shall be working full speed. We have to make up for the loss of one month and tnere are many things to be done yet. However I shall keep to my word of writing to you regularly and you must be true to your creed of not replying to me.

Bachubhai was at the station to receive us. It was indeed a pleasant surprise to me. X'mas holidays had brought him here. He left for Jamnagar.

* him જોઇએ. સં.

I hope you are going pretty well in your studies. You must be following the same good routine of the day. While reading you must be coming out in the gallary to see the Kokhara hills and the effect of the light of the sun and the shades of the clouds on them. How pleasant it is to look at them ! You had well remarked once that they are the ideals of steadfastness in friendship and love. They are immovable and unchanging; two most essential qualities in love and friendship.

Batukbhai's comings and goings must be the same and as before. Evening visit to mama and mashi cannot be otherwise than usual. Ticku–a great scholar ! must be busy with paper cutting work and Sushi inter alias mot * must now have taken to some new work in painting seriously, mother must be alright and attending to all with affection.

I am O. K.

Yours ffectionately,
Gijubhai Badheka
Rajkot
18–1–39

My dear Babuben,

It is 5-45 in the morning and I am writing this letter to you. It is really pleasant to get up early in the morning and begin to work. After a good rest during the night, to work in the morning is wise.

In the morning all is quiet. There is no disturbance in the house, in the street or anywhere.

* મોટી

All is calm. Because of quiet you can easily apply your self to your work and you can put in two hours work in one hour.

Some people retire very late in the night. They also get up late in the morning. When they get up all are moving about and there is good deal of noise. Then it becomes difficult to read or write or do anything with concentration.

In the beginning it may be little difficult to rise early, but strong determination followed by quickly leaving the bed will soon dispel all unwillingness and laziness from all.

Now a days I get up early, take little exercise whille in bed and then commence work. I enjoy my work and find myself doing it in a short time comparatively. If you like you might try this.

Your preliminary is drawing nearer. You must be working hard. But please don't exhaust yourself out. Work but steadily and surely. No mere cramming. No anxiety or hurry worry. Read with understanding, then everything will be O. K.

Bachubhai left yesterday. He delivered three lectures this time. The lectures were impressive and useful.

I am O. K. and so you all must be.

With B. R. to Tiku, Sushi, Batukbhai and all concerned.

Yours affectionately,
Gijubhai

ખંડ : ૫

પરિશિષ્ટ : ૧

સ્વ. ગિજુભાઈ : જીવનસમયની પગદંડી

૧૫ નવેમ્બર ૧૮૮૫ : જન્મ : ચિતળ મુકામે
૧૮૯૭ : પ્રથમ લગ્ન હરિબહેન સાથે
૧૯૦૬ : દ્વિતીય લગ્ન જડીબહેન સાથે (સ્વ.)
૧૯૦૭ : પૂર્વ આફ્રિકા પ્રયાણ
૧૯૦૯ : સ્વદેશ આગમન
૧૯૧૦ : મુંબઈમાં કાયદાનો અભ્યાસ
૧૯૧૩ : હાઈકોર્ટ પ્લીડર : વઢવાણ કેમ્પ
—આજનું સુરેન્દ્રનગર
૧૯૧૩ : શ્રી નરેન્દ્રભાઈનો જન્મ (સ્વ.)
૧૯૧૫ : શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનના કાયદાના સલાહકાર
૧૯૧૬ : શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનમાં આજીવન સેવક તરીકે જોડાયા
૧૯૨૦ : બાલમંદિરની સ્થાપના
૧૯૨૨ : પૂ. કસ્તુરબાના શુભ હસ્તે ટેકરી પરના બાલમંદિરનું ઉદ્‌ઘાટન
૧૯૨૫ : પ્રથમ મોન્ટીસોરી સંમેલન, ભાવનગર
૧૯૨૫ : પ્રથમ અધ્યાપન મંદિર
૧૯૨૮ : દ્વિતીય મોન્ટીસોરી સંમેલન, અમદાવાદ
—પ્રમુખસ્થાન
૧૯૩૦ : રણજીતરામ સુવર્ણચંદ્રક. ૧૯૨૯નો
૧૯૩૦ : સત્યાગ્રહ સંગ્રામમાં : હિજરતી માંડવામાં નિવાસ : વાનર પરિષદ, સુરત.
૧૯૩૬ : શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનમાંથી મુક્ત થયા.
૧૯૩૬ : કરાંચી બાળ મેળાના પ્રમુખ : કચ્છનો પ્રવાસ
૧૯૩૭ : સન્માનથેલી અર્પણ
૧૯૩૮ : રાજકોટમાં છેલ્લું અધ્યાપન મંદિર.
૨૩ જૂન ૧૯૩૯ : મુંબઈમાં અવસાન.

પરિશિષ્ટ–૨

ગિજુભાઈનાં પુસ્તકો

[ગિજુભાઈનાં પુસ્તકોની યાદી ગ્રંથ અને ગ્રંથકાર–૧માં શ્રી હીરાલાલ પારેખે (૧૯૩૦) 'બાલ શિક્ષણ પ્રણેતા : ગિજુભાઈ'માં શ્રી રામનારાયણ ના. પાઠકે; ગ્રંથ, ઓકટો; ૧૯૮૫ના અંકમાં આ વિષયના તજજ્ઞ કહી શકાય તેવા પ્રકાશભાઈ વેગડે; 'પ્રત્યાયન'ના ફેબ્રુ–માર્ચ '૮૩ના અંકમાં શ્રી કિરીટભાઈ શુકલે આપી ગિજુભાઈ પ્રેમી વાચકો પર મોટો ઉપકાર કર્યો છે.

પણ, આ યાદીઓ કાં તો અધૂરી છે; કે 'ગ્રંથ' અને 'પ્રત્યાયન'માં બન્યું છે તેમ બીજા લેખકોની કૃતિઓ, જે તે ગ્રંથમાળામાં અંગભૂત હોવાથી, ગિજુભાઈના નામે દર્શાવાઈ છે, અથવા તો પ્રથમ સ્વતંત્ર પુસ્તિકા રૂપે છપાયેલ [શિક્ષણ વિશે ગિજુભાઈ જે કાંઈ લખતા તે, તે જમાનામાં દોઢ બે આનાની કિંમતે મળી શકે, બધાંને પરવડે તે રીતે દક્ષિણામૂર્તિ ભવન દ્વારા પ્રકાશિત થતું] પણ પાછળથી 'મોન્ટીસોરી શિક્ષણ પ્રસારમાળા' કે 'વસંત બાલશિક્ષણ પ્રચારમાળા–૧–૨'માં પુસ્તિકાઓનો સમાવેશ થઈ ગયો હોવા છતાં, 'ગ્રંથ અને ગ્રંથકાર,' 'ગ્રંથ' અને 'પ્રત્યાયન'ની યાદીમાં સમાવેશ થયો છે.

અહીં આપવામાં આવેલ યાદીમાં બાલ સાહિત્યમાળા, બાલ સાહિત્ય ગુચ્છ, બાલસાહિત્ય વાટિકા જેવી ગ્રંથમાળાઓમાં, ગિજુભાઈનાં હોય તે જ પુસ્તકોનો સમાવેશ કર્યો છે.

અપવાદ બાદ કરતાં ઘણાં ખરાં પુસ્તકો જાતે જોયાં છે. પુસ્તક સામે મળી શકી ત્યાં, પ્રથમ આવૃત્તિની સાલ દર્શાવી છે. જે પુસ્તક જોવા મળ્યું ન હોય કે જે તે પુસ્તક ગિજુભાઈનું છે તેની ખાતરી ન થઈ હોય તેનું નામ યાદીમાં દર્શાવ્યું નથી. સંભવ છે કે એ રીતે યાદી થોડી અપૂર્ણ હોય.

ગિજુભાઈ પ્રેમી વાચકોને આ યાદી ઉપયોગી થશે તેવી આશા છે...સં.]

બાલસાહિત્ય

('શ્રી દક્ષિણામૂર્તિ બાલ સાહિત્યમાળા'માંથી) ૧૯૨૮–૨૯

૧ ગણપતિ બાપ્પા
૨ ચૈલૈયો
૩ ઊભું હતું ઊભું હતું
૪ હજમંડી – નવું શીર્ષક પેટ ભરીને હસો
૫ કબાટ
૬ બાળકોનો ખીરબલ–૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો–૧
૯ હંસ અને હંસા
૧૦ તિરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં ?
૧૬ મકનો અને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભળ્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળ શાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ ભોં ભોં ભોં
૩૮ ગધેડું અને ઘોડું
૩૯ દાદા દશેરે
૪૦ બાળનાટકો–૨
૪૧ સવારથી માંડીને
૪૨ કુદરતમાં
૪૩ મોતિયો
૪૪ રામજીભાઈ પડી ગયા
૪૫ મંગેશનો પોપટ
૪૬ ધોબીડો ધુએ છે
૪૭ પીરૂ અને
૪૮ બાબાની જળ
૪૯ વાડામાં

૫૦ રોજનીશી
૫૧ બાળકોનો બીરબલ-૨
૫૨ ગિરિશિખરો
૫૩ ખળાવાડ
૫૪ પૂછું ?
૫૫ બુદ્ધચરિત્ર
૫૬ હરિશ્ચંદ્ર
૫૭ એમ કેમ ?
૫૮ વ્યાકરણ પેથી
૫૯ શિવાજી મહારાજ
૬૦ આપણે પોતે
૬૧ છેલ્લો પાઠ
(તારાબહેન સાથે)
૬૨ ગુજરાત-મહારાષ્ટ્ર
(તારાબહેન સાથે)
સંપાદન
૬૩ મારી ગાય
૬૪ જોડકણાં–ગુજરાતી–મરાઠી
(તારાબહેન સાથે)
૬૫ કહેવત સંગ્રહ
૬૬ વરત સંગ્રહ (થોડાં મૌલિક પણ ખરાં)
૬૭ દુહા અને સોરઠા
૬૮ વિનોદ ટુચકા (કેટલાક મૌલિક)
૬૯ કાવ્યસંગ્રહ [મધ્યકાલીન કાવ્યો]
['શ્રી દક્ષિણામૂર્તિ બાલ સાહિત્ય ગુચ્છ' : ૨૫ પુસ્તકોમાંથી] સં. ગિજુભાઈ –તારાબહેન :
૧૯૩૧–૩૩
૭૦ લાલ અને હીરા
૭૧ ભેંશના શીંગડામાં
૭૨ ગામડામાં ગયો હતો
૭૩ આંબો રોપ્યો
૭૪ વિલાયતી વાતો
૭૫ ટુચકાઓ : સંપાદન
૭૬ બે બાળનાટકો
૭૭ દાદાજીની તલવાર
૭૮ નવાં વરતો
૭૯ વસંત આવી
૮૦ જીવ–જંતુ
૮૧ ટેક
૮૨ મેડિયો
૮૩ સટર પટર વાતો
૮૪ ત્રેવીસમું પુષ્પ
૮૫ પંચામૃત
[બાલ સાહિત્ય વાટિકા : ૩૨ પુસ્તકોમાંથી]
સં. ગિજુભાઈ ૧૯૩૫-૧૯૩૮
૮૬ આશ્રમ વૃક્ષો
૮૭ ટપાલમાં
૮૮ મહમદ સેલ અને
૮૯ વનવૃક્ષો
૯૦ ગધેડાંના પરાક્રમો
૯૧ ટેકરીની વનસ્પતિ
૯૨ ઋતુના રંગ
૯૩ બાળ જોડકણાં
૯૪ સૌંદર્યની દૃષ્ટિએ
૯૫ સુશીલાને પત્રો–૧
૯૬–૧૦૫ ગિજુભાઈની બાળ-વાર્તાઓ ૧ થી ૧૦ ૧૯૨૨-૨૩
[મૂળમાં ૧–૫ સંપાદન ૧૯૩૯]

શિશુ સાહિત્યમાળા : સં. વજુભાઈ દવે

૧૦૬ આપણી વનસ્પતિઓ
૧૦૭ ફૂલોની સુગંધ
૧૦૮ કેમ રહેવાય ?
૧૦૯ નવી ઈસપનીતિ
૧૧૦ કેટલાંક પક્ષીઓ : ૧૯૪૪

ગિજુભાઈ સન્માન થેલી પ્રકાશનમાળા : ૧૯૪૪

૧૧૧ ઋતુઓના રંગ
૧૧૨ પ્રાણી પાઠો
૧૧૩ વનસ્પતિ પાઠો
૧૧૪ નવી વાતો
૧૧૫ આફ્રિકાની સફર
૧૧૬–૧૧૭ ગિજુભાઈના પાઠો ૧–૨
૧૧૮ હજીય મને સાંભરે છે : ૧૯૩૯ [ગિ. ની છેલ્લી પ્રસાદી]
૧૧૯ સુંદર વાતો
૧૨૦ કલમની પીંછીથી
૧૨૧ સુંદર ભેટ
૧૨૨ ઈસપના પાત્રો : ગધેડાં ૧૯૩૪
૧૨૩ બાલ સાહિત્ય સંગ્રહ : સં ગિજુભાઈ ૧૯૩૪
૧૨૪–૨૫ બાળ લોકગીત સંગ્રહ-૧–૨

કિશોર સાહિત્ય

૧૨૬–૧૨૭ કિશોર કથાઓ-૧-૨ [થોડી વાર્તાઓ અંગ્રેજી પરથી]
૧૨૮ રખડું ટોળી ૧–૨ [અંગ્રેજી પરથી]
૧૨૯ દિવાસ્વપ્ન ૧૯૩૧
૧૩૦ ધર્માત્માઓના ચરિત્રો ૧૯૨૩
૧૩૧ કૈલાસ–માનસરોવર દર્શન : ૧૯૨૩ (ભાષાંતર)
૧૩૨ ભગવાન બુદ્ધ

અક્ષરજ્ઞાન યોજના

૧૩૩ ચાલો વાંચીએ ૧૯૩૦
૧૩૪ આગળ વાંચો : પહેલી ચોપડી ૧૯૩૦
૧૩૫ આગળ વાંચો : બીજી ચોપડી ૧૯૩૦
૧૩૬ આગળ વાંચો : ત્રીજી ચોપડી ૧૯૩૨

વાંચનમાળા જુગતરામભાઈ સાથે

૧૩૭ ભેરુ
૧૩૮ મોટીબહેન
૧૩૯ આંબાવાડિયું

શિક્ષણ વિષયક પુસ્તકાઓ

૧૪૦ સ્વતંત્ર બાલશિક્ષણ
૧૪૧ નવા આચારો
૧૪૨ વાર્તા કહેનારને
૧૪૩ બાલ ક્રીડાંગણ
૧૪૪ બાળકોની અપૂર્ણતાઓ અને તેના ઉપાયો
૧૪૫ શહેરમાં મોન્ટેસોરી પદ્ધતિ

૧૪૬ વાચનમાળાના કેટલાક સિદ્ધાંતો
૧૪૭ શાસ્ત્રીય દૃષ્ટિ
૧૪૮ ઘરમાં બાળકે શું કરવું
૧૪૯ આપણે પાપે-૧૯૩૩
૧૫૦ કોને કહેવું ?
૧૫૧ કોને શીખવવું ?

શિક્ષણ વિષયક પુસ્તકો

૧૫૨ વાર્તાનું શાસ્ત્ર ૧૯૨૫
૧૫૩ મોન્ટેસોરી પદ્ધતિ ૧૯૨૭
૧૫૪ બાલશિક્ષણ મને સમજ્યું તેમ ૧૯૩૧
૧૫૫ પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષણ : ૧૯૩૧
૧૫૬ પ્રાથમિક શાળામાં શિક્ષણ પદ્ધતિઓ ૧૯૩૩
૧૫૭ પ્રાથમિક શાળામાં ચિઠ્ઠી વાચન ૧૯૩૩
૧૫૮ પ્રાથમિક શાળામાં શિક્ષક
૧૫૯-૧૬૦ પ્રાથમિક શાળામાં કલાકારીગરીનું શિક્ષણ ૧-૨ ૧૯૩૪
૧૬૧ હાલતા ચાલતા ૧૯૩૪
૧૬૨ મા બાપોને ૧૯૩૪
૧૬૩ આ તે શી માથાફોડ ૧૯૩૪
૧૬૪ મા બાપ થવું આકરું છે ૧૯૩૪
૧૬૫ મા બાપોના પ્રશ્નો
૧૬૬ શિક્ષક હો તો ૧૯૩૪
૧૬૭ મોન્ટેસોરી શિક્ષણ પ્રસાર-માળા ૧૯૩૩ (તારાબહેન સાથે)
૧૬૮-૧૬૯ વસંત બાલશિક્ષણ પ્રચારમાળા ૧-૨ ૧૯૩૪

મનન ચિંતન

૧૭૦ પ્રાસંગિક મનન ૧૯૩૪
૧૭૧ શાંત પળોમાં ૧૯૩૪

રાષ્ટ્ર પ્રીતિ

૧૭૨ મોરસદની વીરાંગનાઓ ૧૯૩૧
૧૭૩ બારડોલીની લડત ૧૯૩૧
૧૭૪ 'વાનરસેનાના ગીતો'માં કેટલાંક ગીતો ૧૯૩૧

આ ઉપરાંત 'વસંત' તથા 'જ્ઞાનસુધા'માં 'વિનાયક' નામે છપાયેલાં અગ્રંથસ્થ કાવ્યો, થોડી વાર્તાઓ, 'દક્ષિણામૂર્તિ' ત્રૈમાસિક, 'શિક્ષણપત્રિકા' માસિક, 'છાત્રાલય', 'પ્રસ્થાન', 'કૌમુદી' ત્રૈમાસિક અને માસિકમાં છપાયેલા પણ ગ્રંથસ્થ નહિ થયેલા લેખો, તેમજ અગ્રંથસ્થ સેંકડો પત્રો.

'ગિજુભાઈની બાળવાર્તાઓ', 'ગાય', 'દિવાસ્વપ્ને' અને શિક્ષણ વિષયક પંદર પુસ્તકોનાં હિંદી ભાષાંતર થયાં છે. 'દિવાસ્વપ્ન'નાં મરાઠી-અંગ્રેજી ભાષાંતર થયાં છે.

સંકલનો :

૧. ગિજુભાઈના લેખો : સં. મૂળશંકર ભટ્ટ : લોકમિલાપ ભાવનગર, 'આપણો સાહિત્ય વારસો' : ૧૯૭૩

૨. ગિજુભાઈ જયંતિ પ્રસંગે : દક્ષિણામૂર્તિ બાલમંદિર. ૧૯૭૬

૩. બાલ દેવો ભવઃ શિશુ વિહાર, પ્રત ૧૦,૦૦૦, ૧૯૭૯

૪. બાલદર્શન : પ્રવીણભાઈ શાહ, બાળકેળવણી મંદિર, બગસરા ૧૯૮૬

૫. મૈત્રી વિદ્યાપીઠ : [શૈક્ષણિક ત્રિમાસિક] જુલાઈ ઑક્ટોબર. ૧૯૮૬નો અંક

૬. कस्तुरबा दर्शन : बालशिक्षण विशेषांकः मइ १९८५

૭. बालदर्शन : गिजुभाई : सर्वसेवा संघ प्रकाशन, वाराणसी, जून १९८२ प्रतियां १०,०००/-

૮. Listen : What Gijubhai Has to say: Gijubhai's child's philosophy Gujarat samaj, Bikaner.

પરિશિષ્ટ-૩

સંદર્ભ-સૂચિ

પુસ્તકો-પુસ્તિકાઓ

૧. સ્મરણાંજલિ : સં. નાનાભાઈ ભટ્ટ, તારાબેન મોડક ૧૯૪૧

૨. મશાલી : સં. પ્રેમશંકર ના. ભટ્ટ; ઘરશાળા, પ્રકાશન, ભાવનગર. ૧૯૪૪

૩. બાલમિત્ર ગિજુભાઈ : સોમાભાઈ ભાવસાર, ૧૯૪૯, ૧૯૫૨, ૧૯૫૪ ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ.

૪. બાળકોના ગિજુભાઈ સોમાભાઈ, ભાવસાર, ૧૯૬૩, ૧૯૬૯, ૧૯૮૫ [ઉપરનું જ પુસ્તક] અનડા પ્રકાશન, અમદાવાદ.

૫. બાલશિક્ષણ પ્રણેતા ગિજુભાઈ : ૧૯૫૭, ૧૯૮૪ રામનારાયણ ના. પાઠક, સંસ્કાર સાહિત્ય મંદિર, ભાવનગર.

૬. મૂછાળી મા : ગિરીશ મ. ભટ્ટ ,, ૧૯૫૮, ૧૯૮૪

૭. ગિજુભાઈ : ધનવંત ઓઝા, રવાણી, અમદાવાદ. ૧૯૬૩

૮. બાળસાહિત્ય અને બાળનાટકમાં શ્રી ગિજુભાઈ બધેકાનું યોગદાન : પ્રો. નટવરલાલ જોષી. અનડા બુક ડીપો, અમદાવાદ. ૧૯૭૭

૯. ગિજુભાઈનું કેળવણીમાં પ્રદાન * ભારતલાલ પાઠક ૧૯૭૮ આર. આર. શેઠ. મુંબઈ–અમદાવાદ

૧૦. ગિજુભાઈ : આપણા બાલ સાહિત્યકારો : કુમકુમ પ્રકાશન, અમદાવાદ ૧૯૭૧

૧૧. ગિજુભાઈ : એક પરિચય : દીપક પ્ર. મહેતા ગિજુભાઈ જન્મ શતાબ્દી સમિતિ–વડોદરા. ૧૯૮૪

૧૨. ગિજુભાઈ અને બાળશિક્ષણ : [પરિચય પુસ્તિકા] રામનારાયણ ના. પાઠક ૧૯૮૫

૧૩. બાળકેળવણીનો ધ્રુવ તારો : નટુભાઈ બટાનપુરિયા

૧૪. શ્રી ગિજુભાઈના જીવન-કાર્યનો પરિચય : રવિશંકર રાવળ,
૧૫. ગુજરાતી બાળવાર્તાઓ : ડો. ભારતીબહેન ઝવેરી પૃ. ૫૧-૫૭; ૮૫-૯૯; ૧૩૩-૧૩૮;

સામયિકોમાં અવલોકનો-લેખો

પ્રસ્થાન

૧.	વાર્તાનું શાસ્ત્ર.	રા. વિ. પાઠક	પોષ ૧૯૮૨ પૃ. ૧૯૨
૨.	બાળવાર્તાઓ ભા. ૪	,,	જેઠ ૧૯૮૨
૩.	કિશોરકથાઓ	,,	માઘ, ૧૯૮૩
૪.	બાલ સાહિત્યમાળા-૨. છો. ૫ ભેરૂ વ.		પોષ ૧૯૮૫ પૃ. ૧૯૮-૨૦૨
૫.	બારડોલાની હિજરત	,,	ફાગણ ૧૯૮૭
૬.			૩૫૩-૫૪
૭.	પ્રાથમિક શાળામાં ભાષાશિક્ષણ :	રા. વિ પાઠક, કારતક ૧૯૮૮	૧૦૨
૮.	બાળ શિક્ષણ મને સમજ્યું તેમ :	,, ,,	૧૦૩
૯.	પ્રાથમિક શાળામાં શિક્ષણ પદ્ધતિઓ	રા. વિ. પાઠક આસો, ૧૯૮૦-૫૮૭	
૧૦.	પ્રાથમિક શાળામાં શિક્ષક	,, ,,	
૧૧.	હાલતા ચાલતા	,, ,,	
૧૨.	શાંત પળોમાં	,, ,,	
૧૩.	પ્રાસંગિક મનન	,, માગશીર્ષ	
૧૪.	પ્રાથમિક શાળામાં ચિઠ્ઠી વાચન	,, ૧૯૯૦-૧૯૪	
૧૫.	શિક્ષક હોવા તો	નવલરામ ત્રિવેદી ભાદ્રપદ ૧૯૦૧-૪૬	
૧૬.	માબાપ થવું આકરું છે	,, ,, ,,	

---

* હિન્દી ભાષાંતર : રામનરેશ સોની :

૧૭. ગિજુભાઈ સ્મૃતિ પ્રસંગ કાવ્ય 'સરોદ' અષાડ–૧૯૯૫ પૃ. ૨૬૬
૧૮. સ્વ. શ્રી ગિજુભાઈના સંસ્મરણો :
વિઠ્ઠલરાય આવસત્થી પૃ. ૨૬૭–૨૭૧.

કૌમુદી : માસિક

૧૯. શાંત પળોમાં, હાલતાં ચાલતાં વિ. ક. વૈદ્ય નવે. ૧૯૩૪ ૫૦૪–૫૦૬
૨૦. પ્રાથમિક શાળામાં ભાષાશિક્ષણ વિ. ક. વૈદ્ય ડિસે. ૩૪–૫૮૭
૨ખડુ ટોળી–?
૨૧. કચારે સમજીશું ? ટેક, મેડિયો, જીવજંતુ :
સટરપટર વાતો સપ્ટે. ઓકટો. ૩૩–પૃ. ૪૫૩
૨૨. પ્રાથમિક શાળામાં શિક્ષણ પદ્ધતિઓ :
નવે. ૩૩ ઓકટો ૪૬૭–૬૮
૨૩. ઘ. મૂ.ના બાલસાહિત્યના મણકા : ર.વિ. પાઠક ૧૯૨૯ના ગુજરાતી
સાહિત્યનું દિગ્દર્શન :
ર.વિ. પાઠક સાહિત્યવિમર્શ. ૧૯૩૯ પૃ. ૯૯
૨૪. ઈસપનાં પાત્રો : 'ગધેડાં' જ્યોતીન્દ્ર દવે
૧૯૩૪નું ગ્રંથસ્થ વાઙ્મય પૃ. ૯૬
૨૫. ઘ. મૂ. ના બાલસાહિત્યમાળાના મણકા : હીરાલાલ પારેખ
ગ્રંથ અને ગ્રંથકાર '૧૯૨૯નું ગ્રંથ પ્રકાશને
૨૬. ગિજુભાઈ : ગ્રંથ અને ગ્રંથકાર પૃ. ૪૭–૪૯

શિક્ષણ-પત્રિકા

૨૭. સ્વ. ગિજુભાઈ : ગિજુભાઈ સ્મારક અંક : અષાઢ ૧૯૯૫
૨૮. નોંધ : તારાબહેન મોડક : દ્વિતીય શ્રાવણ ૧૯૯૫–૧૦૩–૧૦૪, ૧૧૪
૨૯. શ્રી તારાબહેન મોડકનું પ્રારંભિક પ્રવચન :
દ્વિતીય શ્રાવણ ૧૯૯૫ ૧૧૪-૧૧૬
૩૦. નોંધ તારાબહેન મોડક : ભાદ્રપદ ૧૯૯૫ પૃ. ૧૧૮–૧૨૦

૩૧. બાલમિત્ર સ્વ. ગિજુભાઈ : કપિલાબહેન ખાંડવાલા શ્રા. ૧૨૧-૧૨૨
૩૨. બાલમંદિરની ઉદ્‌ઘાટન ક્રિયા : પોપટલાલ ચુડગર ,, પૃ. ૧૨૫
૩૩. સ્વ. ગિજુભાઈને અંજલિ : ખબરદાર : ભાદ્રપદ ૧૯૯૫ ૧૩૨
૩૪. સ્વ. ગિજુભાઈને અંજલિ : ચન્દ્રવદન મહેતા : ભાદ્રપદ ૧૯૯૫ ૧૩૨
૩૫. ગિજુભાઈ મૂકતા ગયા : કાન્તિલાલ ત્રિવેદી : અશ્વિન ૧૯૯૫ ૧૪૦
૩૬. અન્તિમ દર્શન : ચન્દુલાલ વ. ભટ્ટ અશ્વિન ૧૯૯૫ ૧૪૫-૧૪૭
૩૭. સ્વ. ગિજુભાઈ સ્મારક :
તારાબહેન મોડક કારતક ૧૯૮૬ ૧૫૧-૫૨
૩૮. સ્વ. ગિજુભાઈને (કાવ્ય) : જયશંકર પંડ્યા કારતક ૧૯૯૬-૧૬૪
૩૯. સ્વ. ગિજુભાઈને અપાયેલ
સ્મરણાંજલિઓમાંથી કેટલાંક અવતરણો :
માઘ-૧૯૯૬ ૨૦૪-૨૦૫
૪૦. સ્વ. ગિજુભાઈને અંજલિ : બાલસાહેબ ખેર ચૈત્ર ૯૬ ૨૧-૨૨
૪૧. બાલ શિક્ષણનો આદર્શ : પોપટલાલ ચૂડગર, ચૈત્ર ૯૬ ૨૨-૨૫
૪૨. સ્વ. ગિજુભાઈની આકાંક્ષા : તારાબહેન મોડક જેઠ ૧૯૯૬-૨૯
૪૩. સ્વ. પૂજ્ય ગિજુભાઈ : તારાબહેન મોડક જેઠ ૧૯૯૬-૩૦
૪૪. સ્વ. ગિજુભાઈની પુણ્યતિથિ :
પ્રભુભાઈ ઉપાધ્યાય અષાડ ૧૯૯૬-૬૭
૪૫. નૂતન બાલશિક્ષણ સંઘ : ૨૫ વરસનું સિંહાવલોકન :
તારાબહેન મોડક માર્ચ ૧૯૫૧ ૧-૧૬
૪૬. સંઘના આદ્યપ્રણેતા ગિજુભાઈ :
જમુભાઈ દાણી માર્ચ ૧૯૫૧ ૧૮-૧૯
૪૭. ગિજુભાઈ અને નૂતન બાલશિક્ષણ સંઘ :
સોમાભાઈ પટેલ જુલાઈ-૫૧ ૯-૧૦
૪૮. ગિજુભાઈ જયંતિ સપ્તાહ : મંત્રીઓ : ઓકટો. ૫૧ ૧-૨
૪૯. ગિજુભાઈની સાધના : જમુભાઈ દાણી નવે. ૫૧ ૧-૨
૫૦. ભક્તહૃદય ગિજુભાઈ : ગિરીશ એપ્રિલ ૫૨ ૪

૫૧. બાલસંસ્થાના પ્રખર પ્રવર્તક અને સંધ
સંસ્થાપક સ્વ. ગિજુભાઈ : શેષ નામલે નવે. ૫૨ ૧-૨

૫૨. ગિજુભાઈ જયંતી પ્રસંગે
પૂ. નાનાભાઈએ આપેલું મંગળ પ્રવચન ડિસે. ૫૭ ૩–૪–૫

૫૩. અમરપંથનો યાત્રાળુ :
પ્રો. જયંતીલાલ ભાઈશંકર દવે નવે. ૬૦ ૨૩–૨૪

પરિવાર

૫૪. ગિજુભાઈ અને હું : હરભાઈ ત્રિવેદી જૂન૬૫; જુલાઈ ૬૫; ઑકટો. નવે. ૬૫, માર્ચ '૬૬, એપ્રિલ, ૬૬.

૫૫. ગિજુભાઈ પરિચય : રવિશંકર રાવળ : જૂન ૬૫. પૃ. ૨૭

૫૬. સનાતન બાળક : પ્રજારામ રાવળ જૂન ૬૫, પૃ. ૨૭

૫૭. બાળકોના પેગંબર ર. ના. પાઠક ઑકટો નવે. ૬૫ ૧૧૩

૫૮. જોદડા અધ્યાપન મંદિર : વજુભાઈ દવે. ડિસે. ૬૫. ૩૩

૫૯. શ્રી ગિજુભાઈ અને વ્યાસ : શ્રી. પા. જૂન–૭૬–૫૮

૬૦. કોઈ ગિજુભાઈને બોલાવો : લાલચંદ વોરા સપ્ટે. ૬૭–૪૪

૬૧. ગ્રંથ : ઑકટોબર ૧૯૬૮

૬૨. ,, ,, ૧૯૮૫

૬૩. પરબ : બાળ સાહિત્ય વિશેષાંક : ઑગસ્ટ–સપ્ટે. ૧૯૮૫

૬૪. કોડિયું : જાન્યુ. ૧૯૮૩

૬૫. પ્રત્યાયન : ગિજુભાઈ અંક : ફેબ્રુ. માર્ચ ૧૯૮૬

૬૬. ગુજરાત : ગિજુભાઈ વિશેષાંક : ,, ૧૯૮૬

૬૭. 'બુદ્ધિપ્રકાશ' જૂન '૮૫; સપ્ટે. '૮૫

૬૮. ઉદ્‌ગાર : ઑગસ્ટ '૭૯

૬૯. જ્યોતિર્લોક નવે–ડિસે. ૭૯

૭૦. છેલ્લાં પચાસ વર્ષનું બાલસાહિત્ય : નવચેતન : ઑકટો. નવે. ૧૯૭૧

૭૧. બાલમૂર્તિ : ગિજુભાઈ જન્મશતાબ્દી વિશેષાંક : નવે. ૧૯૮૪

૭૨. ,, મે–જૂન ૧૯૮૫

૭૩. બાલમૂર્તિ : ગિજુભાઈ જન્મશતાબ્દી વિશેષાંક–૨ નવે. ૧૯૮૫

૭૪. પલાશ : ગિજુભાઈ વિશેષાંક જાન્યુ–ફેબ્રુ '૮૫

૭૫. શિવિરા : નવે. ૭૯, ફેબ્રુ. '૮૨, જુલાઈ '૮૫.

૭૬. નયા શિક્ષક : ગિજુભાઈ વિશેષાંક જાન્યુ.–માર્ચ ૧૯૮૫

૭૭. બાલદર્શન : ગિજુભાઈ અંક જૂન ૧૯૮૩

૭૮. ,, ,, નવેમ્બર '૮૫

૭૯. નંદન ઓક્ટો. ૧૯૮૪

૮૦. Writer and Illurtrator : Jan. March. 1986.

આ યાદી સંપૂર્ણ નથી. જે સામયિકો ઓછાં જાણીતાં છે, ઉપલબ્ધ નથી તેની જ વિગતો આપી છે.]

પરિશિષ્ટ : ૪

લેખકોનો આછો પરિચય

૧. વિમુબહેન બધેકા : શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિરના આચાર્યા, ગિજુભાઈના પુત્રવધૂ, શ્રી છગનલાલ જોષીનાં પુત્રી

૨. સ્વ. કિશોરલાલ મશરૂવાળા : સુખ્યાત ગાંધીવાદી ચિંતક : દાર્શનિક અનેક ચિંતન પરાયણ પુસ્તકોના લેખક.

૩, સ્વ. કાકાસાહેબ કાલેલકર : ગાંધીવાદી ચિંતક, કેળવણીકાર; પ્રકૃતિ પ્રેમી; સો ઉપરાંત પુસ્તકોના લેખક

૪. સ્વ. રામનારણ વિ. પાઠક : કવિ, વાર્તાકાર, વિવેચક, સ્વૈરવિહારી, છંદશાસ્ત્રી અને કેળવણીકાર.

૫. સ્વ. નાનાભાઈ ભટ્ટ : શ્રી દ. મૂ. વિદ્યાર્થીભવન, શ્રી ગ્રામ દક્ષિણામૂર્તિ, આંબલા; લોક ભારતી-સણોસરાના સ્થાપક : કેળવણીકાર : લેખક-ચિંતક.

૬. સ્વ. તારાબહેન મોડક : ગિજુભાઈનાં સહકાર્યકર : સહસંપાદક : મહારાષ્ટ્રમાં ગિજુભાઈનું કાર્ય પ્રસરાવનાર : પદ્મશ્રી.

૭. સ્વ. મોંઘીબહેન બધેકા : ગિજુભાઈનાં ભત્રીજી-સહકાર્યકર : બાલસાહિત્યના લેખિકા.

૮. સ્વ. હરભાઈ ત્રિવેદી : ગિજુભાઈના મિત્ર અને સાથી; દ. મૂ.ના આજીવન સેવક, ડોલ્ટન યોજનાના પુરસ્કર્તા : ગુજરાતી ભાષામાં મનોવિજ્ઞાનનાં અને શિક્ષણનાં, જાતીય વિજ્ઞાનનાં અનેક પુસ્તકોના લેખક; 'ઘરશાળા'ના સ્થાપક.

૯. સ્વ. વિઠ્ઠલદાસ ય. આવસત્થી: ગિજુભાઈના સહકાર્યકર : ભાવનગર રાજ્યના શિક્ષણ ખાતાના વડા : કવિ અને વિવેચક.

૧૦. સ્વ. સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ : ગિજુભાઈના બાળપણના સાથી; 'ઉત્થાન' માસિકના સ્થાપક.

૧૧. રામનારાયણ ના. પાઠક : ગિજુભાઈના સાથી : હરિજન કાર્યકર; નવલકથા, જીવનકથા અને વાર્તાઓનાં તેમ જીવનઘડતરનાં અનેક પુસ્તકોના લેખક : 'ગિજુભાઈ બાળશિક્ષણના પ્રણેતાના લેખક.

૧૨. સ્વ. ગિરીશભાઈ ભટ્ટ : ગિજુભાઈના સાથી; દ. મૂ. ના આજીવન સેવક : કવિ–વાર્તાકાર : 'મૂછાળી મા'ના લેખક.

૧૩. સ્વ. પોપટલાલ ચૂડગર : બૅરિસ્ટર : જાણીતા લોકસેવક : લેખક–અંગ્રેજી પુસ્તકો : ગિજુભાઈના મિત્ર; માંદગીમાં સેવા કરનાર.

૧૪. સ્વ. સોમાભાઈ ભાવસાર : ગિજુભાઈના વિદ્યાર્થી : બાલમંદિરના આચાર્ય તરીકે ઉત્તરાધિકારી : ગણનાપાત્ર કવિ. 'બાળમિત્ર ગિજુભાઈ'ના લેખક.

૧૫. નટવરલાલ પ્ર. ભૂચ : શ્રી દક્ષિણામૂર્તિ–ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલી, લોકભારતી–સણોસરાના શિક્ષક, કવિ હાસ્યકાર–'રામરોટી'ના લેખક.

૧૬. સ્વ. પ્રભુલાલ ધોળકિયા : ગિજુભાઈના વિદ્યાર્થી, કચ્છમાં બાલમંદિરની પ્રવૃત્તિ વિકસાવનાર.

૧૭. સ્વ. નર્મદાબહેન રાવળ : ગિજુભાઈના પ્રથમ સાથી : રવિશંકર રાવળનાં બહેન : નારીકાર્યકર; બાકોઈ તરીકે સુખ્યાત.

૧૮. શ્રી હેમુભાઈ રાજ્યગોર : ગિજુભાઈના વિદ્યાર્થી : અધ્યાપન મંદિરના આચાર્ય : આફ્રિકામાં ગિજુભાઈનું કાર્ય પ્રસારનાર; લેખક.

૧૯. શ્રી વીરસૂતભાઈ મહેતા : ગિજુભાઈના વિદ્યાર્થી : બાલમંદિરોના ચાલક. લેખક.

૨૦. શ્રીમતી વિજયાબહેન પંચોળી : શ્રી મનુભાઈ પંચોળીનાં ધર્મપત્ની. ગિજુભાઈનાં વિદ્યાર્થિની.

૨૧. શ્રી જયંતિલાલ ઓઝા : ગિજુભાઈના વિદ્યાર્થી : દેવલાલીમાં 'બાલઘર'ના સ્થાપક : ગિજુભાઈની માંદગી પ્રસંગે તેમની વ્યવસ્થા અને સેવા કરનાર : લેખક.

૨૨. સ્વ. પ્રભુભાઈ ઉપાધ્યાય : ગિજુભાઈના વિદ્યાર્થી : મુંબઈમાં બાલમંદિર ચલાવતા હતા.

૨૩. શ્રીમતી ધનુબહેન ઉપાધ્યાય : પ્રભુભાઈનાં ધર્મપત્ની.

૨૪. શ્રી નારાયણભાઈ ઉપાધ્યાય : આચાર્ય, શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર, ભાવનગર.

૨૫ શ્રી શેષ નામલે : ગિજુભાઈના વિદ્યાર્થિ : શિક્ષણપત્રિકાના તંત્રી તરીકે અનુગામી. મહારાષ્ટ્રમાં–મુંબઈમાં બાલમંદિર ચાલક.

૨૬. સ્વ. ચંદુલાલ વ. ભટ્ટ : ગિજુભાઈના ભાણેજ : વિદ્યાર્થી : ઇન્દોરમાં બાલ–શિક્ષણનું કાર્ય કરનાર. શ્રી. દ. મૂ. બાલ અધ્યાપન મંદિરના આચાર્ય : કેળવણીકાર : લેખક.

૨૭. શાન્તાબહેન પી. મિસ્ત્રી : ગિજુભાઈનાં વિદ્યાર્થીની : રાજકોટ અધ્યાપનમંદિરનાં, ભગિની છાત્રાલયનાં ગૃહમાતા; ગિજુભાઈની માંદગી સમયે ખૂબ સેવા કરી : તેમના પતિ સ્વ. પી. ડી. મિસ્ત્રી સાથે બાલ–શિક્ષણ; લોક–સેવા.

૨૮. કુ. શાન્તાબહેન ચૂડગર : પોપટલાલ ચૂડગરનાં પુત્રી : રાજકોટ અધ્યાપનમંદિરનાં સૌથી નાના વિદ્યાર્થિની : આજીવન બાલશિક્ષણકાર્ય કરનાર

૨૯. શ્રીમતી નલિનીબહેન પાઠક : ગિજુભાઈનાં સૌથી નાની પુત્રી : ટિકુબહેન : મહારાષ્ટ્રમાં શિક્ષિણકાર્ય

૩૦. હીરાલાલ અ. શાહ : ગિજુભાઈના મિત્ર : ટેકરી પરના બાલમંદિર માટે કોઈ પણ શરત વિના ૧૯૨૦–૨૧ માં રૂ. વીસ હજારનું દાન આપનાર તે પછી પણ દક્ષિણામૂર્તિને સદાય સહાયરૂપ.

૩૧. શ્રી ભરત ના. ભટ્ટ : નાનાભાઈ ભટ્ટના સૌથી નાના પુત્ર લોકભારતીમાં ગુજરાતીના અધ્યાપક : લેખક.

૩૨. પ્રો. હસમુખ પટેલ : રાજ્ય શિક્ષણ મંત્રી, ગુજરાત રાજ્ય

૩૩. સ્નેહરશ્મિ : શ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ : કવિ, વાર્તાકાર, નવલકથાકાર, આત્મકથા-લેખક : કેળવણીકાર : શેઠ ચી.ના. વિદ્યાવિહારના સ્થાપક : પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ.

૩૪. શ્રી યશવન્ત શુકલ : શિક્ષણકાર, ચિંતક, વિવેચક, શ્રી હ. કા. આર્ટસ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય; સૌરાષ્ટ્ર યુનિ. ના ભૂતપૂર્વ કુલપતિશ્રી; ગુજરાતી સાહિત્ય પરિષદના ભૂતપૂર્વ પ્રમુખશ્રી; ગુજરાત વિદ્યાસભાના નિયામક.

૩૫. શ્રી મનુભાઈ પંચોળી : દર્શક. પ્રથમ પંક્તિના નવલકથાકાર, ચિંતક, વિવેચક, લોકસેવક; લોકભારતીના નિયામક; શ્રી દ.મૂ.ના વિદ્યાર્થી અને કાર્યકર. ગુજરાતી સાહિત્ય પરિષદના ભૂતપૂર્વ પ્રમુખશ્રી.

૩૬. પ્રો. ડો. ધીરુભાઈ ઠાકર : વિવેચક, ચિંતક, મોડાસા ઉચ્ચ શિક્ષણ સંકુલના પ્રેરક.

૩૭. પ્રો. જયેન્દ્રભાઈ ત્રિવેદી : શ્રીમતી ન. ચ. ગાંધી મહિલા કૉલેજના દૃષ્ટિવંત આચાર્ય; શિક્ષણ તેમ જીવન પ્રશ્નોના મૌલિક વિચારક લેખક; હિંદી ગુજરાતી સાહિત્યના મર્મજ્ઞ

૩૮. સ્વ. નરેન્દ્ર બધેકા : ગિજુભાઈના પુત્ર : બાલ શિક્ષણ ક્ષેત્રે ગિજુભાઈને પ્રેરનાર; શાંતિનિકેતનના વિદ્યાર્થી; ગિજુભાઈના અનુગામી.

૩૯. કાશીનાથ ત્રિવેદી : ગિજુભાઈના વિદ્યાર્થી ગિજુભાઈના અનેક પુસ્તકોને હિંદીમાં અવતારનાર; બાલશિક્ષણ ક્ષેત્રે મધ્યપ્રદેશ–ઈન્દોર–રાજસ્થાનમાં મહત્ત્વનું કાર્ય કરનાર; મધ્યપ્રદેશના ભૂતપૂર્વ શિક્ષણમંત્રી, લોકસેવક; ૮૦ વર્ષના યુવાન.

૪૦. રામનરેશ સોની : ભારતભાઈ પાઠકનાં પુસ્તક "ગિજુભાઈનું કેળવણીમાં પ્રદાન"નું હિંદીમાં ભાષાંતર કરનાર; બાલશિક્ષણ ક્ષેત્રનાં બે હિંદી માસિક 'શિવિરા' અને 'પલાશ'ના તંત્રી વિભાગમાં : બાલ-શિક્ષણકાર; રાજસ્થાન, બિકાનેર.

૪૧. વિષ્ણુભાઈ જ. ભટ્ટ : ગિજુભાઈના વિદ્યાર્થી; સાથી; જુગતરામ-ભાઈના વર્ષો સુધી સાથી : મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્રમાં બાલશિક્ષણ ક્ષેત્રે સેવા; લેખક.

૪૨. શ્રી માધવજીભાઈ પટેલ : ગિજુભાઈના વિદ્યાર્થી, સાથી; ઘર-શાળાના શિક્ષક; 'ભીમના ટોડા' તથા અન્ય પુસ્તકોના લેખક.

૪૩. શ્રી ભારતલાલ પાઠક : 'ગિજુભાઈનું કેળવણીમાં પ્રદાન'ના લેખક. ઘરશાળા અધ્યાપન મંદિરમા અધ્યાપક.

૪૪. ડો. નટુભાઈ કે. જોષી : ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક. 'બાલ-સાહિત્ય અને બાળનાટકમાં ગિજુભાઈનું યોગદાન' તથા અન્ય પુસ્તકોના લેખક.

૪૫. શ્રી જયંતભાઈ શુકલ : બાલશિક્ષણ ક્ષેત્રે પ્રવૃત્તિ : શિક્ષણ વિચારક; દ. મૂ. ના વિદ્યાર્થી.

૪૬. શ્રી ગુલાબભાઈ જની : રાજકોટમાં 'સિસ્ટર નિવેદિતા સ્કૂલ'-સંકુલના સ્થાપક-નિયામક. શિક્ષણવિશે મૌલિક ચિંતન કરનાર.

૪૭. શ્રી જ્યોતિભાઈ દેસાઈ : વેડછીમાં જુગતરામભાઈના સાથી. દ. મૂ. ના અંગભૂત. શિક્ષણ પ્રશ્નોના મૌલિક ચિંતક.

૪૮. સ્વ. મૂળશંકર મો. ભટ્ટ : દક્ષિણામૂર્તિના વિદ્યાર્થી અને શિક્ષક; ઘરશાળા, ગ્રામ દક્ષિણામૂર્તિ, લોકભારતીના શિક્ષક; જૂલે વર્નનો ગુજરાતને પરિચય કરાવનાર; શિક્ષણ વિષયક નિબંધો અને પુસ્તકોના લેખક. મૌલિક ચિંતક, સંગીત ઉપાસક; જીવન મર્મજ્ઞ.

૪૯. શ્રદ્ધા ત્રિવેદી : લોકભારતીનાં વિદ્યાર્થિની. બાલસાહિત્યના અભ્યાસી.

૫૦. ડો. રમેશ ર. દવે : લોકભારતીના વિદ્યાર્થી; ગુજરાતી સાહિત્ય પરિષદમાં સંશોધન ક્ષેત્રે પ્રવૃત્તિ.

૫૧. ડો. બળવંત જની : સૌરાષ્ટ્ર યુનિ. ગુજરાતી વિભાગમાં રીડર. વિવેચક.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
આ પુસ્તક ચૌદ દિવસ રાખી શકાશે.
પુસ્તક પરત કરવાની તારીખ

મોડાઈ
રોજના
૦-૨૫ પૈસા

ગુરૂકુળ
વઢવાણ
૬૦૦૪૭

શ્રી. વિ. ગ્રંથાલય